અવસ્તાના ઝવાહીરો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]—મુંબઈ.



અવસ્તાના જવાહીરો

તથા

અન્ય ધર્મોની સરખામણીઓ.

પુસ્તક પહેલું.

રચનાર:

ફરેદુન કેરશાસ્પ દાદાચાનજી, બી. એ., એલ. એલ. બી.

સોલીસીટર.

પ્રગટ કરનાર:

ઇરાન લીગ.

શેઠ પેસ્તનજી ડોસાભાઇ મારકર

ધાર્મિક સાહિત્ય હારમાળા.

ઇ. સ. ૧૯૨૮. યજદજર્દી ૧૨૯૭.

(રચનારે સર્વ [illegible]ધિન રાખ્યા છે.)

પ્રગટ કરનાર :

કયખુસરો અર્દેશીર રીટર,
સેક્રેટરી, ઈરાન લીગ,
૪૮, નાનાભાઈ લેન, કોટ,-**મુંબઈ.**

છાપનાર :

હોશંગ તેહમુરસ અંકલેસરીઆ,
ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ,
નં૦ ૧, પારસી બઝાર સ્ટ્રીટ, કોટ,-**મુંબઈ.**

—:o:—

કીંમત રૂ. ૩-૮-૦

અનુક્રમણીકા.

પેશદાદીઅન અને જરથોશ્તિ આબીદો અને સંતો.

ભાગ બીજો.

જરથોસ્તી દીનના રૂહાની (આધ્યાત્મિક) વિષયો.

શેઠ પેસ્તનજી દોસાભાઇ મારકરનું

જરથોસ્તી ધાર્મિક સાહિત્ય હારમાળાનું

પહેલું આ પુસ્તક

ઇરાન લીગે પ્રગટ કર્યું છે.

શેઠ પેસ્તનજી દોસાભાઇ મારકર, જેઓ ઇરાન લીગનાં એક "પેટ્રન" છે અને જેઓએ કેળવણીની અનેક સંસ્થાઓ મોટે ખર્ચે ઇરાનમાં ઉભી કરી છે, તેઓએ એક સાહિત્ય ફંડની સ્થાપના "ઇરાન લીગ" હસ્તક કરી છે, જેની નેમો નીચે પ્રમાણે છે:—

૧. જરથોસ્તી દીનની બુલંદી અને ચઢીયાતાપણું દેખાડનારી કેતાબો બાહેર પાડવી;

૨. ઇરાનની કદીમ તવારિખ, સાહિત્ય, ફીલસુફી અને સુધારા દર્શાવનારૂં સાહિત્ય બાહેર પાડવું, અને તેનો ઇરાન ઉપરાંત હિન્દમાં પણ ફેલાવો કરવો. (ભાષાનો બાધ રાખવામાં આવ્યો નથી.)

પ્રસ્તાવના.

પરમ પવિત્ર, સૃષ્ટિ કર્ત્તા અહુરમજદની સહાયતાથી, જે કાર્ય ૧૬ વર્ષ ઉપર શરૂ કર્યું હતું, તે હાલ પુરૂં થયું છે. 'અવસ્તાના જવાહીરો' લખવાને લગભગ ૧૬ વર્ષ ઉપર આ લેખકને કારણ મળ્યું હતું. ઇંગ્રેજીમાં 'Light of the Avesta and the Gathas' નામનું એક પુસ્તક લખીને એક વિદ્વાન અને જાણીતા અથોર્નાન ભાઇને તેની પુસ્તક-પરીક્ષા લેવા આ લેખકે આગ્રહ કર્યો હતો. તેનો આ વિચીત્ર ઉત્તર મળ્યો કે "ભાઇ, જરથોશ્તિ ધર્મ સાહિત્યમાં, Sermon on the Mount એટલે ઇસુ ખ્રિસ્ત સાહેબના શીખર ઉપરથી આપેલા ઉપદેષ જેવા ઉંચ નૈતિક વિષયો કયાં મળે છે?" જ્યારે યુનીવર્સિટીની ડીગ્રી ધરાવનાર, એક કાલી પાઘડીવાળા આ અથોર્નાનનો ધર્મ સાહિત્ય પ્રત્યે અભિપ્રાય આવો ટુંક ભંડોળ્યો હોય, તો બીજા ઇંગ્રેજી ભણેલા પણ ધર્મથી અજ્ઞાન જરથોશ્તિઓની કેવી દશા હોવી જોઇએ, એ અનુમાન સહેજે કાઢીને, એનો ઉપાય કરવાને અમને પ્રેરણા થઇ. તે ઇલાજ આખી અવસ્તા વાણીનો અધ્યાત્મિક, નૈતિક અને ભક્તિભાવનો બોધ જરથોશ્તિઓ અને જગત આગળ ધરીનેજ પૂર્ણ રીતે થઇ શકે. તેવો પ્રયાસ અત્રે કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં જરથોશ્તી રૂહાની અથવા અધ્યાત્મિક (Spiritual) અને નૈતિક (Moral) ફીલસુફી ઘણીજ બારીકીથી અને બને એટલી પૂર્ણતાથી દર્શાવવામાં આવી છે. તેનું તોલ કરવાનું હવે સુજ્ઞ વાંચકની અધ્યાત્મિક અને મન શક્તિ ઉપર રહેશે.

સામાન્ય રીતે સર્વથી પુરાણા કાળમાં આર્યન પ્રજાએ અને ચીનની અને ઇજીપ્શયન પ્રજાઓએ જગતનો ઉદ્ધાર કર્યો હતો. પ્રાચીન કાળમાં કોઇ ઉત્તરના વિભાગમાં આર્યન પ્રજાઓ વાસો કરતી હતી. ત્યાંથી ઘણે લાંબે કાળે તેઓ દક્ષીણ ભણી ઉતરી આવી, અને તેઓ સઘળી એક વેળાએ એકજ ધર્મનું પાલન કરનાર હતી, એમ જણાય છે. એ આર્યનોમાં મતભેદ પડવે એક ભાગ 'ઇરાન' દેશ તરફ અને બીજો 'આર્ય વર્ત' અથવા હિન્દુસ્તાન તરફ નીકળી ગયો. તેમના મૂળ ધાર્મિક સિદ્ધાંતો બદલાયા હોય એમ જણાતું નથી; જો કે તેમના ધર્મનું સ્વરૂપ અને તેમની મનોવૃત્તિ જુદી હોવાથી, તેઓ બીજી દીશાઓમાં જુદા પડી ગયા. 'ઇરાની'ઓ માઝદયસ્ની ધર્મના અનુયાયીઓ રહ્યા; જ્યારે હિન્દુઓની ધાર્મિક માન્યતાઓ અનેક થઇ ગઇ, જેમાં વેદાન્ત સર્વોપરી ભોગવે છે. મોટે ભાગે હિન્દુઓ ૪ વેદો અને શ્રુતિ સ્મૃતિના માનનારા બન્યા અને મૂખ્યત્વે કરીને તેઓ 'જ્ઞાન'

માર્ગી થયા અને ઇરાનીઓ 'કર્મ' માર્ગી થયા. ઇરાનીઓ માજદયસ્ની એટલે એક ઇશ્વર (મહજ્ઞ) ના પૂંજારીઓ હતાજ, અને તેમના ધર્મના મહાગુરૂ અથવા પેગમ્બર, અષો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબ એકમતે સ્વિકારવામાં આવ્યા છે. તેમણે પોતાના મહાન ધર્મનો પાયો હુમત, હૂખ્ત અને હ્વરસ્ત, એટલે સદ્‌વીચાર, સદ્‌વચન અને સદ્‌વર્તન ઉપર રચ્યો અને જગતમાં ન જણાયેલું, વિશ્વનું જ્ઞાન 'નુસ્કો' મારફતે જગતના કલ્યાણાર્થે ફેલાવ્યું. પેગમ્બરોમાના સર્વથી જુનામાના એક, એ અષો સાહેબ સ્વિકારવામાં આવ્યા છે. કયા કાળમાં એમણે ધર્મોપદેષ દીધો તે નક્કિ કહિ શકાતું નથી. એમનો બહુ પ્રાચીન કાળ હતો એમ જરથોશ્તિઓ માન્ય રાખે છે, જો કે પાશ્ચાત્ય વિદ્વાનો તો કલ્પનાને આધારે, એમને માત્ર ઇસુ ખ્રિસ્તની આગળ ૫૦૦ થી ૧૫૦૦ વર્ષ ઉપર જીવતા હતા એવા ચિતાર્યા છે, જે યુનાની ઇતિહાસ પ્રમાણે સદંતર ખોટું ઠરે છે. યુનાનીઓ એમને પોતાના કરતાં પણ ૬૦૦૦ વર્ષ જુના લેખે છે, જ્યારે ઓછામા ઓછા ૯ થી ૧૦ હજાર વર્ષ ઉપર એમની જગતમાં પધરામણી થઇ હતી, એવી માન્યતા જરથોશ્તિઓ દંતકથાને આધારે રાખે છે. તે ખરેખર વધારે માનવા યોગ્ય છે.

અષો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબ જ્યારે 'ઇરાન'માં ધર્મ ફેલાવતા હતા, ત્યારે પણ 'ઇરાન'માં માજદયસ્નીઓ એટલે એક ઇશ્વર (મહજ્ઞ)ના પૂંજારીઓ હતા, કારણ કે 'ઇરાન' ભૂમી ઉપર, તેમજ કોહન કાળથી ઇરાનીઓના પૂર્વજોને, અનેક ધર્મગુરૂઓ પ્રાપ્ય હતા, જેમની સંખ્યા મોટી હતી. અષો જરથુશ્ત્ર સાહેબે માજદયસ્ની ધર્મની સંસ્કૃત્તિ કરી અને તેને ઉંચ પાએરી ઉપર ચઢાવ્યો અને ત્યારથી તે 'અહુરમજદી જરથોશ્તિ' ધર્મ લેખાવા માંડયો.

અષો જરથુશ્ત્ર મહાગુરૂએ જગતની ઉત્તપત્તિ કેમ થઇ, તેનું પાલન કેમ થાય છે, તેના રૂપોનો નાશ કેમ થાય છે અને થશે, અને છેવટની જડ જગતની અને ફ્રવષી (અથવા આત્મા)ની ગતી શી નિર્માણ થઇ છે, એ સઘળું સવીસ્તર 'નુસ્કો'માં પ્રગટ કર્યું, જે દુર્ભાગ્યે મહાન અને અપૂર્વ જરથોશ્તિ જગત શહેનશાહત અથવા ચક્રવતિ રાજ્યના પડી ભાગવા સાથે, બાળીને ભસ્મ કરવામાં આવ્યાં અને જેમની એકે નકલનો હજી પત્તો લાગતો નથી. આ 'નુસ્કો'નું સાંકળ્યું પહેલવી પુસ્તકોમાં જળવાઇ રહ્યું છે. તે ઉપરથી અનુમાન નીકળે છે, કે રીગ, યજુર, સામ અને આથર્વ વેદ જેવીજ મહત્વના એ લેખો હતા, અને તે દીવ્ય, એટલે

વહીથી[1] અહુરમજદની પાસેથી મેળવેલાં, પૂજ્ય જ્ઞાનને[2] વીષેના લેખો હતાં.

માનવીની સકળ સૃષ્ટિ સાથે ઓળખ કરાવવાનું અને જગતમાં વીચાર, વાણી અને વર્તણુંકને કેવી રીતે દોરવીને અહુરમજદની અનહદ શક્તિ, અપાર જ્ઞાન અને કાયમ સુખ પામી શકાય, એ શીક્ષણ આપવાનું કાર્ય ધર્મ બજાવે છે. ટુંકમાં સૃષ્ટિ અને પ્રાણી માત્ર અને માનવીની ઉત્તપત્તિ, સ્થિતી, વૃદ્ધિ, અને લય, અને ખાસ કરીને માનવીના કર્તવ્યનો ઉપદેશ, ધર્મ દે છે. આ કાર્ય જરથોશ્તિ ધર્મે એવી સંપૂર્ણતાથી બજાવ્યું હતું, કે હજારો વર્ષ સુધી, અષો જરથુશ્ત્ર સાહેબની પાછળના પરંપરા જરથોશ્તિ ધર્મગુરૂઓ અથવા જાયાનશીન જરથુશ્ત્રોતેમાઓએ, મહાભારત જરથોશ્તિ સલતનતના લાંબા કાળો પર્યંત, દુન્યાને ધાર્મિક નેતાઓ પુરા પાડીને, દુન્યાની રૂહાની અથવા અધ્યાત્મિક ઉન્નતિ કરી અને સંભાળી રાખી. જે મહાન ધર્મ શીખાડે છે કે અષોઇ એટલે સત્યતા[3] અને સાત્વિકપણું[4] એ સર્વથી શ્રેષ્ઠ સુખદાઇ સાધન છે અને એજ અપાર સુખ છે, અને એજ અહુરમજદની પોતાની મરજી દેખાડે છે,[5] જેને આધીનતા મોક્ષદાઇ છે, તેનેથી પર કોઇએ શીક્ષણ હોઇ શકે, એ અશકયજ છે. એ શીક્ષણ કેટલું અગત્યનું છે કે અવસ્તાનાં જે ભણતરો દરેક જરથોશ્તિ નર તેમજ નાર અહોનિશ, ઉઠતાં, બેસતાં, ધ્યાન કરતાં કે ક્રિયા કરતાં ઉચરે છે, તેમાં સર્વથી વધુ વેળાએ એની યાદ અને સ્મરણ થાય છે. તે ટુંક મહા મંત્રો 'અષેમ વોહુ' અને 'અહૂનવર'ના નામથી ઓળખાયાં છે.

સઘળા મૂખ્ય ધર્મો ઇશ્વરજીની ઓળખ કરાવે છે, અને માનવી છેવટે તેમને પામવાને સંપૂર્ણ યોગ્યતા મેળવવાને શક્તિમાન થાય છે, એવો આશાવાદી અને આનંદમય સંદેશો, સર્વ માનવ જાતને પહોંચાડવાને તીક્ષણ આકાંક્ષા ધરાવે છે. એવા પરમ પવીત્ર ધર્મોમાનો એક સર્વથી જુનો, અહુરમઝદી જરથોશ્તિ છે, એટલું જરથોશ્તિઓજ માત્ર અંધ શ્રદ્ધાથી માની ન લે, પણ ખરેખર પૂર્ણ બહારમાં આવેલી મન અને બુદ્ધિથી સમજી શકે, અને વળી અન્ય ધર્મોના અનુયાયીઓ, જેઓ એ ધર્મને તેના ટુકડા રૂપી રહિ ગયેલા લેખો ન સમજવાને

૧. Revelation.

૨. सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते (ભગવદ ગીતા ૪-૩૩.)

હે પાર્થ! સઘળા કર્મોનું છેવટ "જ્ઞાન"જ છે. એટલે જગતમાં જે પણ સત્કર્મ કરો તેમાંથી છેવટે બૌધંગ, ઉરવન અને ફ્રવષીનો પ્રકાશ, જે જ્ઞાન કેહવાય, તે પ્રાપ્ત થાય છે.

૩. Truth. ૪. Purity, Virtue, Ashoi. ૫. જુવો અહૂનવર.

લીધે, હજી સુધી ફળી શકયા નથી, તેઓ પણ એને માન અને સત્કારથી સ્વિકારે, એવા હેતુથી આ ગ્રંથમાં ભિન્ન, ભિન્ન વીષયો, વિસ્તીર્ણ સમાવ્યા છે. એ ગ્રંથના અધ્યયન અને અભ્યાસ ઉપરથી દરેક જરથોશ્તિ અંતઃકરણપૂર્વક રીતે કબુલી શકશે, કે એવા મહાન ધર્મમાં અવતરવા કેડે, તેણે માત્ર તેજ ધર્મનું પાલન કરીને, સદ્‌ગતી, સ્વર્ગ અને અષો અહુરમઝદની ભેટને માટે પ્રયત્ન કરવાનો છે. એજ ધર્મ તેને મોક્ષ પદે, ગરોનેમાનના છુટકારા, અપાર વિભૂતિ અને અનહદ આનંદને મેળવી આપશે. વળી એથી ઉલટું, જરથોશ્તિને બીજા ધર્મોદ્વારે તે કીરતારને પામવાની આશા ફળીભૂત થવી બહુ અસંભવીત છે, એટલું યાદ દેવાડવું હાલને સમયે પ્રસંગોપાત જણાય છે.

કારણ કે એકજ અહુરમઝદે આખી સૃષ્ટિ રચી એ નિર્વિવાદ છે. તેજ અહુરમજદે માનવીની પ્રજાઓ જગતમાં જુદે જુદે સ્થળે પેદા કીધી છે. તેજ અહુરમજદે પોતાના મહાજ્ઞાનના બળથી, અનેક વેળાએ, અન્યોઅન્ય ધર્મ સ્થાપકોને પોતાનું જ્ઞાન પ્રકાશ ભિન્ન, ભિન્ન પ્રકારે દઇને, જગદોદ્ધાર માટે સરજ્યા. તે અહુરમજદ અચુક છે. તો તેણે એક જરથોશ્તિને અષો જરથુશ્ત્ર સાહેબના ધર્મમાં જન્મ આપ્યો, તે (જો અહુરમજદ પ્રાણી માત્રનો પાતા અને પ્રેમાળ રક્ષક છે, એમ માન્ય રાખ્યે તો) એટલાંજ કારણ સારૂં હોઇ શકે, કે તે માનવીના પ્રકટીકરણ અને ઉન્નતિને માટે સર્વોત્તમ, તેજ ધર્મ અને સર્વથી ટુંકો તેજ માર્ગ છે. ત્યારે અચુક અને અનહદ જ્ઞાનના ભંડાર અષો અહુરમજદની ભુલ થયેલી સમજીને, જે જરથોશ્તિ નર કે નાર, જરથોશ્તિ ધર્મનો ત્યાગ કરે, તે ધર્મદ્રોહીનું કેવી ભયંકર મોહ જાળમાં ફસાણ થયેલું હોવું જોઇએ, તે સહેલાઇથી સમજાશે.

પણ આ સિદ્ધાંત માત્ર જરથોશ્તિનેજ લાગુ પડતો નથી. તે દરેક ધર્મના અનુયાયી પછી તે હિન્દુ, બુદ્ધિસ્ટ, ખ્રિસ્તી, મુસલીમ કે યાહુદી હોય, તેને એકસરખો લાગુ પડે છે. માનવીનો પોતાની જનેતા માનો, તેણીના માની લીધેલા દોષોને ખાતર, અસ્વિકાર જેટલો કઢંગો, અને અકુદરતી ગણાય છે, તેટલોજ સૃષ્ટિક્રમ વિરૂદ્ધ, પોતાના જન્મસિદ્ધ ધર્મનો અસ્વિકાર લેખાય છે.[1] માના દોષોને લીધે, કયો વિનયી અને ધાર્મિક પુરૂષ માને છોડીને, બીજી મા ગોતવા ધાય છે? ગમે એવી દોષિત માને પણ ચાહનાર અને નમન કરનાર, સકળ જગતના બંધારણ અનુસાર, આર્ય

---

૧. श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ (ભગવદ ગીતા ૩-૩૫.)

અને સદ્પુરૂષ ગણાય છે; અને તેવીનો પણ તીરસ્કાર કરનાર, રાક્ષસી અને આસુરી લેખાય છે. તેજ પ્રમાણે પોતપોતાના ધર્મને પૂર્ણ શ્રદ્ધા અને હૈયાંથી ચાહનાર હરેક ધર્મનો અનુયાયી, શ્રેષ્ઠ નર અને ભક્ત ગણાય છે. પ્રત્યેક ધર્મમાં જન્મ આપનાર મહજ્ઞ અહુરમઝ્દ છે, પછી શંકા અને શક શો છે, કે તે ધર્મ હરેક માનવીને માટે નિર્મિત છે, માટે ખરોજ છે.

હવે જરા ઉંડાણમાં ઉતરવાથી ધર્મનો મર્મ કેટલેક પ્રકારે ઉકેલી શકાશે. માનવી જડ (પ્રકૃત્તિ, અંગ્રેનુ[1] સ્વરૂપ) અને ફ્રવષી (આત્મા, સ્પેન્તનું સ્વરૂપ)ના મીશ્રણથી બન્યો છે. જડમાંથી છોડવીને, તેને અપાર શક્તિ, સુખ અને જ્ઞાનમાં ભેલી દેવા માટે બળના કરતાં કળ અને જ્ઞાનની વધુ જરૂર છે. જે જ્ઞાન એ મહાભારત કાર્ય બજાવવાને સામર્થવાન બનાવે તે 'જ્ઞાન' લેખાય છે; બીજું સઘળું 'અજ્ઞાન' છે.[2] એ 'જ્ઞાન'ના સમૂદ્રો ધર્મના મહા ગુરૂઓ થઇ ગયા છે. તેમણે ધાર્મિક જીવન, નિશ્ચલપણે, સાબેત કદમથી પ્રાપ્ત કરવા કાજે જે લક્ષણોની પ્રાપ્તિ અનિવાર્ય જણાવી છે તે ઇમાન—શ્રદ્ધા અને ભક્તિ[3] છે. જ્યારે અનંત ફ્રવષી એ બે પાંખો મેળવે છે, ત્યારે ફ્રવષી અનંત પોકલીમાં કાર્ય કરવાને સમર્થ બને છે.

આના સંબંધમાં થોડાંક ઇરાની ચિત્રો અને કોતરકામો જે વારંવાર આપણે પુસ્તકોમાં જોઇએ છિએ, તેમની તરફ લક્ષ પહોંચાડીશું. સાધારણ રીતે તેમનો અમુક ખુલાસો આપવામાં આવે છે. તેમનો અભ્યાસ કરવે તેમનામાંથી સુંદર પ્રકાશ મળે છે. આ પુસ્તકમાં આપેલાં ચિત્રોની અનુક્રમે અત્રે તપાસ લઇશું.

---

૧. અંગ્રે એટલે સંકોચિત, cabined, cribbed, confined, not liberated.

૨. अध्यात्मज्ञान नित्यत्वम् तत्त्वज्ञानार्थदर्शनम्
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ (ભગવત ગીતા, ૧૩-૧૨.)

રૂહાની જ્ઞાનમાં દ્રઢતા અને તત્વજ્ઞાનની પ્રાપ્તિ એ 'જ્ઞાન' લેખાય છે. બીજું સર્વ 'અજ્ઞાન' સમજવું.

૩. मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥ (ભગવદ ગીતા ૧૧-૫૫.)

મારૂંજ કર્મ કરતો, મનેજ સર્વથી શ્રેષ્ઠ ગણતો, સારો ભક્ત, જે અસંગી અને સઘળાં ભૂતો અને પ્રાણીઓ તરફ વેર રહિત છે, તે મને પામે છે.

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ (ગીતા ૧૨-૨.)


મારામાં મન પુરોવીને, જેપણ હમેશ મારી સાથે શ્રેષ્ઠ શ્રદ્ધાથી યોગ કરીને, મને ભજે છે, તેજ સર્વથી ઉત્તમપણે મારી સાથે યુક્ત થયા છે.

પ્રથમ માનવી (આદિ-માનવ; આદિ-મન, આદમ) (ગયો-મર્દ).



ચીત્ર નં૦ ૧.

ગયો-મર્દ મોટી પાંખવાળો
બન્યો.



મર્દ (માનવી)-(ગાય અને) ગરૂડની વિરૂધ્ધ.



મર્દ-(ગાય અને) સિંહની વિરૂદ્ધ.




અષો નર-મીનોઇ પાંખવાળો
(ગાય અને સિંહ ઉપર જીત પામેલો.)




ચીત્ર નં૦ ૫.

ફ્રોહર



ચીત્ર નં૦ ૬.

પ્રકટી કરણમાં પડેલું
બુદ્ધિમાન ફ્રોહર.



ચીત્ર નં૦ ૭.

માનવ ફ્રોહર.




ચીત્ર નં૦ ૮.


ઉંચ (ફ્રેશતાઇ) આબીદનું ફ્રોહર.



ચીત્ર નં૦ ૯.


પરમ પવીત્ર અહુરમજદનુ
મહોનેમાન.





અહુરમઝદ (અપોઉવીંમ)
અહુરમઝદ અમેષાસ્પંદ
વોહુ મન
અશ વહિશ્ત
યઝદો
સૂર્ય
(હ્વરે-ક્ષએત)
ફરોહર.
ૐ

ચિત્ર નં૦ ૧૧.



ચીત્ર નં૦ ૧૨.

૧. પરસીપોલીસના કોતરકામમાં ગોધો (ગાય) દુષ્ટ અથવા વિરોધી શક્તિ દર્શાવે છે, જેને બાદશાહ (અથવા ખરૂં જોતાં માનવી) લઢીને મારે છે.[૧]

માનવીમાં સ્પેનામીનોની શક્તિ (ફ્રવષી રૂપી) અને અંગ્રેમીનોની શક્તિ (હવસ, ક્રોધ ઇત્યાદી જે શરીરમાંથી નીકળે છે તે) પ્રથમ ભેળાયલી હોય છે, તે મનુષ્યનાં મોઢાં અને ગોધાના શરીર સાથનું ચિત્ર દેખાડી આપે છે. એને ગયો મર્દ, પ્રથમ માનવી (આદમ)[૨] લેખયો છે.

૨. એજ ગાય-ઓ-મર્દને પાંખ આવેલી જણાય છે, જે રૂહાની અને નૈતિક વૃદ્ધિની બહારની નીશાની છે.

૩. અને ૪. માનવી જ્યારે વીવેક (તમીઝ, discrimination) મેળવે છે, ત્યારે ભલું, ભુડું, શુભાશુભનું ભાન પ્રાપ્ત કરે છે. ત્યારે મનુષ્ય રૂપમાં તે દુષ્ટ વિકારો જે વિક્રાલ, ફાડી ખાનાર, હિંસક ગરૂડ અને સિંહરૂપી છે, તેમની સાથે યુદ્ધ કરતો દેખાય છે.[૩]

૫. જ્યારે નર અષો બને છે, ત્યારે એ લઢાઇ બંધ પડી ગયેલી જણાય છે; તેને બે સુંદર પાંખો આવેલી જણાય છે. તેનાં શીર (બ્રહ્મરંધ્ર) ની ઉપર ફુલ દેખાય[૪] છે, જે રૂહાની (અધ્યાત્મિક) વૃદ્ધિ દેખાડે છે. ભલે એ ચિત્ર સાઇરસનું ગણો કે કોઇપણ અષો માનવીનું ગણો. બહુ આગળ વધેલા માનવીની તાલકીમાં ફ્રવષીની શક્તિ રહે છે, તે બહારની હોય (અથવા તાજ હોય) એમ દેખાડયું છે. ખરૂં જોતાં એ શક્તિ ભિત્તરમાં હોય છે, શીવાય પેગમ્બરોમાં, જેમનામાં તે બહાર દેખાય છે.

અહે નર્શ્‌ અષઓનો ફ્રવષીમ્ યજમઇદે, યો અસ્મોખ્નવાઓ નાંમ. (અહુરમજદ યશ્ત.)

તે અષો ફ્રેરોહરને હમે ભજયે છિયે, જે અસ્મો ખ્નવન્ત્ નામવાળો હતો (એનું નામ સર્વથી પહેલું ફ્રવરદીન યશ્તમાં છે, તેથી બીજા

---

૧. જુવો કા. દી. કીઆસની કદીમ નક્ષે ઇરાન, પાન ૮૨.

૨. Old Adam (the beast) in man. The cloven hoof. The ape and tiger in man. (Angre-Mino.)

૩. કત્ અષવ મઝ્દ વનત્ દ્રવન્તેમ્, અષવ વનત્ દ્રુજિમ્, અષવ વનત્ દ્રવન્તેમ્ અહો અહુરમજદ ! શું અષો દ્રવંદ(પાપી)ને મારે ? (હા) દ્રુજને મારે, દ્રવંદને મારે છે. (અહુરમજદ યશ્ત ફ૦ ૨૮)

૪. બ્રહ્મરંધ્રમાંના સુંદર ફુલના ચિત્રને માટે જુવો Serpent Fire by Arthur Avalon (Mr. Justice Woodroffe).

સર્વ ફરોહરો એના નામમાં સમાઇ ગયાં.)

ફ્રદથાઇ નર્શ અષઓનો,

અષો નરની વૃદ્ધિને માટે. (અહુરમજદ યશ્ત.)

૬. ફરોહર, જે પવિત્ર અહુરમજદનો અંશ છે, તે અમર, અજર છે, તે O કુંડાળાંથી પરખાય છે. તેને સંયમ (સ્વકાબુ) અને સમતા (સુખ, દુઃખ વીગેરેમાં સમાનપણું) છે, તેની નીશાન ∩ આ છે. અને નીચેની પાંખ, તેની ઉંચ ગતિ દેખાડે છે.

૭. એજ ફરોહર રૂહાની શક્તિ મેળવીને, આગળ વધીને, બે વધુ પાંખો પ્રાપ્ત કરે છે. તે પ્રકટીકરણ કરી રહ્યું છે. 'ફરોહરો જે પરમાત્મા અહુરમજદનાં અંશોનાં બનેલા ફરેશ્તા છે, તેઓ જેમ ગેતીની વ્યક્તિઓમાં તેમજ મીનોઇ વ્યક્તિઓમાં પણ મળેલા છે.'[1]

૮. જ્યારે ચિત્ર ૫)માં જણાવેલાં માનવી સાથે 'ફરોહર'નું જોડાણ જીવતાં, જીવત, પૂરહોશથી થાય છે, ત્યારે ચિત્ર ૫)ના પગો અને નીચલો ભાગ ગુમ થએલા અને તેને બદલે એક પાંખ અને બે આરામ કરવાના પાયા જણાય છે. અષોનરનું માનવ ફરોહર, પગને બદલે ત્રીજી પાંખ મેળવે છે; વળી થોભવા માટે નીચલી ત્રીજી પાંખની બાજુમા બે પાયા છે. હાથમાં અમર જીવન અથવા હંમેશગીની O નીશાની છે. કમ્મરની નીચેનો ભાગ ચિત્રો ૧ થી ૫ માં હતો, તે લોપ અથવા ગુમ થયો છે, જે ઇન્દ્રિયજીતપણાની સાબેતી છે. માનવનો કમ્મર અથવા ડુંટીની ઉપરનો ભાગ જે ફરેશ્તાઇ છે, તે વૃદ્ધિગત બની, રૂહાની સ્વભાવનો થઇને 'ફરોહર' સાથે જોડાયો છે. માટે અહુરમજદ યશ્તની નીરંગમાં ભણયે છિયે કે,

અહેરેમન્ મરોચીનીહાર્ નેગુનમ્ દીવાન; બર્ બૂદને રસ્તાખીજ્ તન્ પસીન્ બીગુમાનમ્.

અર્થ:—નાશ કરનાર અહરેમન (ના હલકા ગુણો કામ, ક્રોધ ઇત્યાદી)ને તથા દૈત્યોને હું હરાવું. રસ્તાખીજ[2] (ફરીને જીવવા) તથા તનપસીન્ (નવાં શરીરવાળો)[3] થવા વીષે, હું શ્રધ્ધાળુ અને ઇમાનવાળો છું.

વળી તેથીજ અહુરમજદને "બોખ્તાર" પુખ્ત બનાવનાર, પૂર્ણ કરનાર, સિધ્ધિ દેનાર, અને "ફષગર",[4] ફરીને, નવેસરથી બનાવનાર

---

૧. જુઓ રીસ્તીસ્તાન, એરવદ શહેરયારજી દા. ભરૂચા, પાન ૩૬૮ અને બુંદહેશ.
૨. Resurrection. ૩. જેવું કે ચિત્રો ૮ અને ૯ માં દેખાડયું છે. ૪. Renovator.

લખ્યો છે, એ એનાં ૧૦૦ અને ૧૦૧ માં નામો છે.

માટે ખુરશેદ યશ્તમાં ભણયે છિયે:

યહ્મી સ્પેન્તા દ્વા મઇન્યૂ ઉર્વએસે જસો.

અર્થ:—જે છેવટે તારા કલ્યાણકારી મીનો (સ્પેના મીનો)ની સાથે તું આવનાર છે.

અવદુમ બુજેદ દ્રવંદાન્ચ અજ દોજખ્, ઓ અવીજેહા વીનારેદ વીસ્પ.

અર્થ:—છેવટે પાપીઓને દુજખ(દુષ્ટ હસ્તી)થી મુક્તિ મળશે; અને સકળ સૃષ્ટિને ખાલેસીથી સમારશે. (દોઆ નામ સેતાયશને.)

૯. એજ 'ફરોહર' હજી વૃદ્ધિગત પામીને, વીશાળ પાંખો મેળવે છે. તેના હાથમાં રાજ્યદંડ (અથવા યજશ્નેમાં વપરાતી સલીઓ) છે. ફરોહરનો નીચેનો ભાગ યજશ્નેમાં વપરાતા 'માહરૂ'ના જેવો હવે દેખાય છે. તે અર્થસૂચક છે. હવે 'ફરોહર' ગાવ–અંગ્રે–જાનવરી સ્વભાવથી મુક્તિ પામીને, ફરેશ્તાઇ (દૈવિક) પાંખો સંપાદન કરીને, સ્વતંત્રપણે વિશ્વમાં ફરી શકે છે. આ શક્તિની સાથે તે 'આનંદ' અને 'સર્વજ્ઞતા'ને પામે છે.

૧૦. આ ચિત્રમાં નીચે સ્થળ ભૂમી અને માનવીના ૬ વેરીઓથી અંધકારમાં મનુષ્ય ઘેરાયલો દેખાય છે. તે બંધનમાથી મોક્ષ પામવા અને ગરોનેમાનમાં દાખલ થવા માટે, પવિત્ર આતશ (અગ્નિ) અને આતશ-કદેહો (અગ્નિ–આગારો, અગ્યારીઓ), માથ્રવાણી અને નૈતિક અને રૂહાની લક્ષણો છે. અનપેઇમાંથી એ સાધનોને અંગે મુક્તિ પામીને, માનવી ખુરશેદ (હ્વરે ક્ષએત, સુર, ખુર–ક્ષએત, ખુર–શ્વેત) યજદ તરફ ચાલી, ફરોહર તેની અને બીજા યજદોની સહાયતાથી ખીલી (ચિત્ર ના૦ ૯ માં દેખાડયા પ્રમાણે બની)ને, ખુરશેદની મદદથી સતર પાયા, માહ પાયા, અને ખુરશેદ પાયાના સ્વર્ગો પામીને, ગરોનેમાનના છેવટના સર્વોત્તમ સ્વર્ગમાં હમેશને માટે વાસો કરે છે.

ચિત્રના સર્વથી નીચલા ભાગમાં સ્થૂળ ભૂમી (sublunar world) છે. ત્યાં અનપેઇનું વાતાવરણ રહે છે. માટે વારંવાર ભક્ત 'તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ્' એટલે અગ્રેમીનોનો તીરસ્કાર અને હાર થજો, એમ ભણે છે. જ્યારે હુમત, હૂખ્ત અને હ્વરશ્ત પાળે છે, ત્યારે ફરોહરની પાંખો ખુલેલી જણાય કે, અને ત્યારે 'ક્નઓથ્ર અહુરહે મજ્દાઓ'

(અહુરમજદને હું સંતોષું)ના ભણતરનું યોગ્ય પરીણામ આવેલું લેખાય છે.

યો યજાઇતે હવરે યત્ અમેષેમ્ રએમ્ અઉર્વત્-અસ્પેમ્, પઇતિશતાતેએ તેમંગ્રહાંમ્, પઇતિશતાતેએ તેમસ ચિથ્રનાંમ્ દએવનાંમ્, પઇતિશતાતેએ તાયુનાંમ્ચ હજસ્નાંમ્ચ, પઇતિશતાતેએ યાતુનાંમ્ચ પઇરિકનાંમ્ચ, પઇતિશતાતેએ ઇથ્યેજંગ્રહો મર્ષ્ઓનહે, યજઇતે અહુરેમ્ મજ્દાંમ્, યજઇતે અમેષે સ્પેન્તે, યજઇતે હ્ઓમ્ ઉર્વાનેમ્, ક્ષ્નાવયેઇતિ વીસ્પે મઇન્યવચ યજત ગએથ્યાચ, યો યજઇતે હવરે યત્ અમેષેમ્ રએમ્ અઉર્વત્-અસ્પેમ્.

અંધકાર (તમસ) ની વિરૂદ્ધ થવાને, તમસના દૈત્યોની સામે થવાને, ચોરો, લુટારાઓ, જાદુગરો, પરીઓ, (અને) મરણ લાવનાર નાશની સામે થવાને, જે માનવી અમર, પ્રકાશિત, તેજ ઘોડાવાળા સૂર્યને ઇજે છે, તે અહુરમજદને, અમેષાસ્પંદોને અને પોતાના રવાનને (પણ) ઇજે છે; જે માનવી અમર, પ્રકાશિત અને ઝડપી ઘોડાવાળા ખુરશેદને ભજે છે, તે સર્વ મીનો(પરલોક)ના તથા ગેતી(આ લોક)ના યઝદોને રીઝવે છે. (ખુરશેદ ન્યાયશ ફ૦ ૧૪.)

સ્રએશ્તાંમ્ અત્ તોઇ કેહ્રપેમ્ કેહ્રપાંમ્ આવએદયમહી, મજ્દા અહુરા, ઇમા રઓચાઓ બરેજિશ્તેમ્ બરેજેમનાંમ્ અવત્ યત્ હવરે અવાચી.

હે! અહુરમજદ! ઉચ (પ્રકાશો) માંની આ સર્વથી શ્રેષ્ઠ ઝળકાટ, (જેને) ખુરશેદ કહે છે તેને, શરીરોમાંનાં તારાં સર્વથી શોભાયમાન શરીર લેખે અમે પ્રગટ કર્યે છિયે. (હપ્તન યશ્ત, ૨-૬.)

યજત જઓત આસુ-યસ્નો બરેજિ-ગાથ્રો, બરેજત વચ, જઓત અહુરાઇ મજ્દાઇ, જઓત અમેષનાંમ્ સ્પેન્તનાંમ્.

(મહેર યઝદ) અહુરમઝદનો તથા અમેષાસ્પંદોનો જોતી, (તેણે) ઉચ સ્વરે (અહુરમઝદને) ઇજ્યો (યજ્ઞથી ભજ્યો.) (મહેર યશ્ત ફ૦ ૮૯.)

ફ્રા-હે અમેષાઓ સ્પેન્ત બેરેજ વેરેન્ત દએનયાઓ; ફ્રા-હે મજ્દાઓ હવાપાઓ રતુથ્વેમ્ બરાત્ ગએથનાંમ્; મોઇ-થ્વા વએનેન્ દામોહુ અહ્મ રતૂમ્ચ ગએથનાંમ્, યઓજ્દાતારેમ્ આઓગ્રહાંમ્ દામનાંમ્ વહિશ્તાંમ્.

અમેષાસ્પંદોએ દીનમાં સર્વથી વધુ હુશ્યાર (પારાંગત હતો માટે) તે (મહેર યઝદ) ને સ્વિકાર્યો. પુણ્યવંતા અહુરમઝદે, તેને (મહાન) જગ્યાઓની સરદારી દીધી. અમેષાસ્પંદોએ સર્વ વિશ્વ (સૃષ્ટિ)માંથી તને (મહેરને), જગ્યાઓના[1] ધણી તથા વડા તરીકે તથા આ સૃષ્ટિને સર્વોત્તમ સ્વચ્છતા (અષોઇ) દેનાર સમાન જોયો. (મહેર યશ્ત ફ૦ ૯૨.)

સૂર્યના પ્રકાશને મહેર ગણ્યો છે. ખુરશેદ અને મહેરની સાથેજ ભક્તિ થાય છે.

મહેર યજદની ભક્તિ એટલી અગત્યની છે, કે એક વખતે આખી જગતમાં મહેરની બંદગી ફેલાઇ જવાનો સંભવ હતો. ખ્રિસ્તી ધર્મ તે વેળાએ જાગ્યો ન હોત, તો આજે સઘળી પૃથિવ ઉપર મોટે ભાગે મહેરની બંદગી પ્રસરી રહિ હતે. મહેર માત્ર દરવાજો (the door, the path) ગણાય, જે યજદની સહાયથી, મહાજ્ઞાની અહુરમજદની પંક્તિએ, ગરો—નેમાનમાં પહોંચી શકાય.

મિથ્રેમ્ યિમ્ ફ્રદથત્ અહુરો મઝ્દાઓ ખરેનંઘ્ઉહસ્તેમેમ્ મઇ-ન્યવનાંમ્ યજતનાંમ્.

મિથ્ર જેને અહુરમજદે સર્વે મીનો યજતોમાં સર્વથી ઉત્તમ ખોરેહ (ઓજસ) વાળો સરજ્યો. (મહેર ન્યાયશ ફ૦ ૭.)

આય નો જમ્યાત્ અવંઘ્હે, રવંઘ્હે, રફ્નંઘ્હે, મર્જ્દિકાઇ, બએષજાઇ, વેરેથ્રઘ્નાઇ, હુવંઘ્હાઇ, અષવસ્તાઇ.

'મહેર! અમારી સહાય, આબાદી, આનંદ, દયા, તંદુરસ્તી, વેરીને મારવાના બળ, અંતઃકરણની શાન્તિ (સમાધાન) અને (સંપૂર્ણ) અષો-ઇને કાજે આવે!' (મહેર ન્યાયશ, ફ૦ ૧૪.)

આ દુઆ અને પ્રાર્થના દીવસમાં ત્રણ વેળાએ કરનાર જરથોશ્તિ, શા કારણસર એ ઉચરે છે, તે હવે સમજાશે! મહેર જે સત્ય વચન[3] ઉપર ખાસ અધિકારી છે, તે છેવટે 'અષોઇ' પણ દેનાર છે!

૧૧. આ ચિત્રમાં કેટલોક વધુ ખુલાસો મળે છે. આતશ (અગ્નિ) ની શીખા (શેઅલા) ઉપરથી, દેવાલયો અને મસજીદનો આકાર કેમ ઉપજ્યો એ દેખાઇ જાય છે. નીચે સ્થૂળ ભૂમીનો અંધકાર વ્યાપી

૧. શૂન્ય, દીગંતર, Vast spaces in the firmament (covered by sun-light). ૨. 'I am the way,' said Jesus Christ. ૩. વધુ માટે જુવો પ્રસ્તાવનાના પાન ૨૭ અને ૨૮.

રહ્યો છે. તેમાં ભૂમી આકર્ષણ ઉંધા ત્રીકોણ ▽ થી દર્શાવ્યું છે. બાળક જન્મે છે, તે વેળાએ પણ એવીજ આકૃતિ તેની બની રહેલી દેખાય છે.[1] એ અંધકારમાંથી જ્ઞાન પ્રકાશ મેળવવા માટે આતશ (અગ્નિ)નું પાત્ર છે. તે △ સિધા ત્રીકોણનું ભાન કરાવે છે, તેની જરૂર પડે છે. જમણા હાથ ઉપર આતશકદેહના ગુંબજમાં આતશનું બળતું પાત્ર દેખાડયું છે, તેનેજ મળતા હિંદુ અને ખ્રિસ્તી દેવાલયો જમણા હાથ ઉપર દેખાડયા છે. ડાબા હાથ ઉપર બુદ્ધિસ્ટ અને ઇસ્લામી દેવાલયો (મસજીદ) જણાય છે, જે સર્વેની આકૃતિ આતશના પાત્રને મળતીજ છે. માટે આતશ ન્યાયશમાં જણાવ્યું છે કેઃ—

વીસ્પએઇબ્યો સસ્તીમ્ બરઇતિ આતર્શ મઝ્દાઓ અહુરહે અએઇબ્યો અએમ હામ્—પચાઇતે ક્ષાફ્નીમ્ચ સૂઇરીમ્ચ.

અર્થ—જેમને માટે આતશ રાતનું તથા બપોરનું ભોજન પકાવે છે, તે સર્વ માટે અહુરમઝદનો આતશ શીખામણો (અને ઉપદેષ) લઇ જાય છે.

બીજી કેટલીક નીશાનીઓનો પણ અત્રે કાંઇક ખુલાસો દ્રષ્ટિએ પડે છે. જેવી કે ખ્રિસ્તી ક્રોસ, ॐ, ચંદ્રકલા અને તારો, ઉંધો ત્રીકોણ ઇત્યાદી. આતશ-બુરાઇને, આપણા અરીને ખરેખર મારનાર છે, અને માનવીને બુરાઇથી છોડવનાર છે, માટે આતશ—ચિથ્રા—અવંઘ્હેમ, અત્ મઝ્દા દઇબિશ્યન્તે જસ્તાઇશ્તાઇશ્ દેરેશ્તા અએનંઘ્હેમ—અનેક રીતે સહાયક અને સંપૂર્ણ બળને લીધે દ્વેષ કરનાર અને કીનો કપટ રાખનાર માનવીને, શીક્ષા દેનાર લેખ્યો છે.

૧૨ માં ચિત્રમાં આતશના પાત્રનો કેટલોક ભેદ આંખે પડે છે. શા માટે કેબલા તરીકે આતશના પાત્રને રાખ્યું છે, તે વધુ સ્પષ્ઠ થાય છે. 'ભસ્મ' શા માટે કપાળે ચોંટાડવામાં આવે છે તે પણ જણાય છે. જાનવરી સ્વભાવ ભસ્મ કરવો અને જીવનમાં (ભસ્મ જેવી) નમ્રતા રાખવી, એ પાઠ એટલો અવશ્યનો છે, કે દરેક વેળાએ આતશકદેહમાં દાખલ થતાં, તેની યાદ કરવા માટે કપાળે રાખનો ટીલો કરવામાં આવે છે. એ રાખનો ટીલો વળી મનમાં ઉપજેલા દુષ્ટ વીચારોને, કર્મમાં પ્રગટ થતા અટકાવે છે. ભસ્મ કેટલી કિમતિ છે, તે એટલાં ઉપરથી જણાય છે કે, આતશને જ્વલિત રાખવા માટે જો (નમ્ર અને અર્પણ કરેલાં સુખડની) ભસ્મ ન હોય, તો પાત્ર પોતે બળી જાય અને આતશ પણ રહિ ન શકે.

---

૧. જુવો કોઇ પણ વૈદક પુસ્તકમાં ગર્ભસ્થાનમાંનાં બાળકની આકૃતિ.

ચોખંડી પાત્ર માનવીનાંજ નીચલાં શરીરોનું ભાન કરાવે છે, તનુ, ઉશ્તાન, કેહર્પ અને તેવીષી. તેની ઉપર જળતી અગ્નિ શીખા (અથવા શોલો) અમર બઓધંગ, ઉરવન અને ફ્રવષીનું ચિન્હ છે. સુખડ, લુબાન આતશને અને શરીરને જડ ખોરાક, અને હુમત, હૂખ્ત અને હ્વરશ્ત બઓધંગ, ઉર્વન અને ફ્રવષીની ત્રગડી (trinity) ને મીનોઇ પોષણ પુરાં પાડે છે. બન્ને પોષણોથી, જડ જગતનું (ઉંધા ત્રીકોણથી જણાતું) આકર્ષણ ઉલટાઇ જાય છે અને આતશના શોલાની સમાન, માનવીને સીધો બનાવી, મીનોઇ તરફ પ્રેમી કરે છે. ત્યારે વખત આવવે ચિત્રમાં દેખાડયા પ્રમાણે એક પળવારમાં ફ્રવષી (ફ્રરોહર) વૃદ્ધિગત થઇને કાર્ય કરે છે.

ફ્રેરા વે રાહી, અમેષા સ્પેન્તા, યસ્નેમચા વહ્મેમચા, ફ્રેરા મનંગ્રહા, ફ્રેરા વચંગ્રહા, ફ્રેરા ષ્યઓથના, ફ્રેરા અંગ્રહુયા, ફ્રેરા તન્વસ્ચીત ખ્ખ્યાઓ ઉશ્તનેમ.

હે અમેશાસ્પંદો! યજશ્ને (યજ્ઞ) તથા ભક્તિ તથા મારાં પોતાનાં શરીરના પ્રાણને મનશ્ની, ગવશ્ની, કુનશ્નીથી અંતઃકરણપૂર્વક તમને અર્પણ કરૂં છું. (ખુરશેદ ન્યાયશ)

અત્ રાતાંમ્ જરથુશ્ત્રો તન્વસ્ચીત્ ખ્ખ્યાઓ ઉશ્તનેમ્ દદાઇતી, પઉર્વતાતેમ્ મનંગ્રહસ્યા વંગ્રહેઉશ મજ્દાઇ, ષ્યઓથનહ્યા અષાઇ-યાચા ઉખ્ધખ્યાચા સેરઓષેમ્ ક્ષથ્રેમચા.

અષો જરથુશ્ત્ર પોતાનાં શરીરનો પ્રાણ અને ભલાં મનની શ્રેષ્ઠતા અહુરમઝદને કાજે અર્પે છે. કાર્ય (કર્મ)ની સત્તા તથા શબ્દ (માથ્ર)ની તાબેદારી અષોઇને કાજે અર્પણ કરે છે.

(આતશ ન્યાયશ અને યજશ્ને ૩૩-૧૪.)

બેઠેલો મીત્ર આતશ, ફરતા મીત્ર (બઓધંગ, ઉર્વન અને ફ્રવષી) ને ભેટે છે અને

વીસ્પનાંમ્ પર-ચરેન્તાંમ્ આતર્શ જસ્ત આદિશ્વય, ચીમ્ હખ હષે વરઝતી ફ્રચરે-થ્વાઓ અર્મએષાઇધે. (આતશ ન્યાયશ, ક૦ ૮)

સર્વ (ભેંટવા) આવનારાઓના હાથો તરફ આતશ જુવે છે (અને) પુછે છે કે ચાલતો (ફરતો) મીત્ર, બેઠેલા મીત્રને કાજે શું (ભેટ) લાવે છે? કેટલું સુખડ, લુબાન, અગર (જડ ખોરાક) અને કેટલી હુમત, હુખ્ત, હ્વરશ્ત (મીનોઇ ખોરાક)? એ બન્ને ભેટો અર્પણ થાય, ત્યારે

આતશ ચિથ્રા-અવંઘ્હેમ્ લેખાયો છે, એટલે માનવીના પ્રકટીકરણમાં અજબ રીતે સહાયકર્ત્તા થઇ પડે છે.

હવે ચિત્ર નાં૦ ૧૦ માં જણાતી બે પાંખોને[1] ઉડવાને શક્તિમાન બનાવવા કાજે જે સ્નાયુ અને પરો જોઇએ તેનું બંધારણ કેવું છે? આ પુસ્તકમાં જે જે વિષયો ઉપર ઉલ્લેખ આપ્યો છે, તે તે ચારિત્રમાં ઉતારી, તે તે સંપૂર્ણ રીતે ગ્રહણ કરીને, તેમને પક્ષીના બચ્ચાંઓની પેઠે, ગતીમાં મુકવાને સારૂં ક્રમેક્રમે વાપરવામાં આવે, ત્યારેજ આ પાંખો ખીલે અને સ્થૂલ ભૂમીના આકર્ષણના જુલમમાંથી છુટકારો પામીને, 'બઓધંગ, ઉરવન અને ફ્રવષી'ના ઉચ્ચ, મીનોઇ ભુવનના જીવનમાં પેશી શકાય છે.

જગતના જરથોશ્તિ ધર્મ શીવાયના મોટા ધર્મોના માનનારાઓની સંખ્યા કરોડાની છે. તેઓ પોતપોતાના ધર્મોનાં સંખ્યાબંધ પુસ્તકોમાં રમી રહ્યા છે. તેમને મહાન જરથોશ્તિ ધર્મનો ઝાઝો ખ્યાલ હોતો નથી, જે ૯૦,૦૦૦ જેટલી નાની સંખ્યાના જરથોશ્તિઓ હાલ પાળે છે. તેઓ પોતાના ધર્મની ધૂનમાં મચી રહેલા છે, તો તેમને આટલા નાના ટોળાના ધર્મની શી પરવા? જો કે કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ એ પૂજ્ય ધર્મની પરીક્ષા કર્યા કેડે, તેને સર્વોત્તમ લેખ્યો છે, છતાં તેમનું પણ સાંભળનાર અબજો માનવીમાં કેટલા છે? ત્યારે ફરી ફરીને આપણને યાદ દેવાડવાની જરૂર છે કે, યહુદિ, ખ્રિસ્તી, બુદ્ધિસ્ટ અને ઇસલામિ ધર્મો, જે જગતના આજે (હિન્દુ ધર્મ શીવાયના) મૂખ્ય ચાર ધર્મો છે, અને જેના અનુયાર્યીઓ એક અબજથી વધુ સંખ્યામાં છે તેમણે આદિ જરથોશ્તિ ધર્મના ઘણાક સિદ્ધાંતો માન્ય રાખ્યાં છે, તે પોતાના ધર્મમાં સ્વિકાર્યાં છે,[2] અને તેમ કરીને એજ જરથોશ્તિ ધર્મનો સત્કાર

૧. સરખાવો 'મેરેઘહે કેહ્ર્પ વારઘ્નહે,' 'મેરેઘહે પેષો-પરેનહે વારેનજનહે પેરેનેમ', 'વીસ્પે તેરેસેન્તિ પેરેનિને' (બહેરામ યશ્ત કરદો ૭, ફકરો ૧૯; કરદો ૧૪, ફકરો ૩૫ કરદો ૧૪, ફકરો, ૩૮,) જયાં પેષો પરેન પક્ષી અને તેનાં પરનું વર્ણન આપ્યું છે. ખાસ જુવો કરદો ૭ ફકરો ૨૦ અને ૨૧ જેમાં એ પક્ષી તીરની જડપે પરોઢયામાં પ્રકાશ અને હથ્યાર ઈચ્છતું, (મહાન) પક્ષીઓ (ફરેશ્તાઓ)નો રાગ સાંભળવાની ઈચ્છા કરતું, પહાડોની ટેકરી ઉપર અને ખીણોની ઉંડાણમાં અને ઝાડોની ટોચ ઉપર, (દરેક દીશાએ) ઉડતું જણાવ્યું છે. ૨. જેવા કે એક ખુદાની માન્યતા, તેના યજદો અથવા ફરેશ્તાઓની માન્યતા, તેના પેગામ્બરોની મારફતે વહીથી મોકલેલા ધર્મોની માન્યતા, તેની દયા, મીત્રતા અને માનવીના 'પીતા' તરીકેનો તેનો પ્યાર, તેની માનવજાત તરફથી ચાલુ ભક્તિ અથવા બંદગીની માંગણી, પવીત્રાઈ અને સદગુણોની જરૂર્યાત ઈત્યાદી.

કર્યો છે અને કેટલેક અંશે ફેલાવો પણ કર્યો છે. તેથીજ પ્રોફેસર જેકસન વીગેરે પાશ્ચાત્ય લેખકોએ[1] જરથોશ્તિ ધર્મને આખી જગતના ઉદ્ધાર કરનાર મહા બળવાન સાધન અને આજના સુધારાને[2] જન્મ આપનાર, ગતિમાં મુકનાર અને ટકાવી રાખનાર શક્તિ સમાન લેખ્યો છે.

જરથોશ્તિ ધર્મની શ્રેષ્ઠતા એટલા ઉપરથી જણાય છે કે, આજે પણ પોતાના મહાન, અચળ (હૂમત, હૂખ્ત, હ્વરશ્તના જેવાં) શીક્ષણો ઉપર આધાર રાખીને, બીજા ધર્મોની નીંદા કરવાને બદલે, તે હિમાલયના શીખરની સમાન પોતાનું શીર ઉંચ ટકવી રાખીને બેઠો છે. જો કે પાછળના યહુદી ધર્મ[3] ઉપર ખ્રિસ્તીઓ અને બીજાઓ ફીદા છે, તેમને જો એટલુંજ જણાવીશું કે આ પુસ્તકના પાછળના ભાગમાં સમાવેલા પશ્ચાતાપ–પતેતના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે યહુદી ધર્મના દશે દશ "ફરમાનો" (Commandments) આપણી માત્ર "પતેત પશેમાની"માં સમાઇ જાય છે, તો જરથોશ્તિ ધર્મની પ્રૌઢતા આપોઆપ સમજાશે.

बडो बडाई न करे, बडा न बोले बोल,
हीरा मुखसे ना कहे, लाख हमारा मोल.

તે ધર્મ બીજા ધર્મોના અનૂયાયીઓ કરોડો હોવા છતાં, જગતમાં કેટલેક સ્થળે હાલ પૂર જોશથી ચર્ચાઇ રહ્યો છે અને દરેક ધર્મના તીવ્ર જીજ્ઞાસુઓનું હૈયું આકર્ષી રહ્યો છે. દાદાર અહુરમજદની કોઇપણ ઠેકાણે હદ બાંધવાનું જરથોશ્તિ ધર્મ અધર્મિ ગણે છે. બીજા ધર્મો ખોટા છે અથવા તેમના પેગમ્બરો તીરસ્કારને પાત્ર છે, એમ કહી ન જણાવતાં જરથોશ્તિ ધર્મ મૂળ અબોધ, જે સ્પેનામીનોની સૃષ્ટિનો પાયો છે, તે દેખાડીને સંતોષ માને છે, કે ધર્મ અને નીતિનું "સર્વોત્તમ"[4] જ્ઞાન તેણે જગતને દાન તરીકે આપ્યું છે. તે ધર્મ શીખાડે છે, કે સૃષ્ટિ રચના સમજીને, તેની સાથે રાત દીવસનો સહકાર કરો અને કુળ સૃષ્ટિનું બળ તમને દરેકને મળશે. ત્યારેજ આતશ, પાણી, જમીન, આકાશ, વાયુ, અને દયાળુ બેહમન અમેષાસ્પંદથી રક્ષણ પામેલાં પ્રાણી માત્ર અને માનવી સાથે ભાઇચારો રાખવાને અનેક બંદગીઓ, યશ્તો, અને ન્યાયશો તેણે ફરમાવી છે. એમની ભેગા થવાથી કેવો ચમત્કાર થાય

૧. જુઓ Enlightened Non-Zoroastrians on Mazdayasnism by J. J. Motivala ૨. Civilization. ૩. Old Testament. ૪. મજિશ્તાચા, વહિશ્તાચા, સ્રેશ્તાચા.

છે, તે જુવો; સમૂદ્રનું એક ટીપું, અહંકારને વશ થઇ, તેનેથી છુટું થઇને સ્વતંત્ર જીવન ગાળવાને મદમસ્ત અને મગરૂર થશે, તો તે સમૂદ્રથી જુદું પડીને, આખા સમૂદ્રનું બળ, ગંભીરતા અને વીશાળપણું ગુમાવી બેસીને, એક નીર્જીવ, દુર્બળ અને તુચ્છ પાણીનું ટીપું બનશે, જે હવાથી સુકાઇ જશે, અગ્નિથી અથવા ઉષ્ણુતાથી જલી જશે અથવા માટીમાં લોપ અને ગુમ થઇ જશે. જ્યારે તેજ ટીપું જ્યાંસુધી દર્યાના મહાભારત રોહમાં આધિન થઇને રેહવા સ્વિકારે છે, ત્યાંસુધી તે દર્યાની સમાન સુકાવા, બળવા અથવા પૃથ્વિથી ગુમ થવાના ભયથી દુર છે, કારણ કે તે સમૂદ્રના ગુણમાં અને હસ્તીમાં એકત્ર થઇને રહ્યું છે, માટે સમૂદ્રના ગુણો તેનાજ છે. તેથી ટુંકમાં જરથોશ્તિ ધર્મે સરોષ, નમ્રતા, આધિનતા, અને તાબેદારીને સર્વથી અનિવાર્ય ગુણ અને અષોઇનું સાધન લેખીને, સરોષ યજદની આરાધના હરેક ગેહમાં, હરેક ભણુતરની આદિ ફરમાવી દીધી છે. રમઝગો એટલે ગુપ્ત ભેદોમાં બોલનાર અષો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબે, આવી અપૂર્વ જ્ઞાનદ્રષ્ટિથી પોતાની બંદગીઓ રચી છે. આજે તેને સમજવાની પણ કોણની સામર્થ્ય અને શક્તિ છે?

જરથોશ્તિ ધર્મનો બીજો મહાભારત સિધ્ધાંત એ છે કે જ્યાંસુધી સ્પેના અને અંગ્રેમીનોના સામસામા યુદ્ધવાળાં આ જડ, જગતમાં આપણે રહિએ, ત્યાં સુધી 'કર્મ' માર્ગ પકડીને, રાત દિવસ અષોઇ તરફથી યુદ્ધ કરો, અત્રે શાન્તિ મેળવવાની આકાંક્ષા રાખવા માટે સૃષ્ટિ ક્રમને ઉત્તમ ગતિમાં રાખો, તેનેથી દુર જશો મા, તેને હિણશો મા, તેનેથી ડરશો મા, તેજ ઇશ્વરઇચ્છા તરીકે પ્રગટ છે, કારણ સૃષ્ટિ તેનીજ ઇચ્છાનુસાર બની છે. ત્યારે પોતાની દરેક ફરજ બજાવીને, તે સૃષ્ટિને મધ્યમપણે ભોગવો, પણ દરેક ભોગવટો ધર્માનુસાર જોઇયે. તમારે કદી અપવાસ ન પાળવો.[1] પણ તમારે આખી જીંદગીમાં મધ્યમપણાનો માર્ગ નજ

---

૧. नात्यश्नतस्तु योगोस्ति न चैकान्तमनश्नतः
न चाति स्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

(ભગવદ ગીતા ૬-૧૬-૧૭.)

હે અર્જુન ! જે ઘણું ખાય છે અથવા એકદમ અપવાસ કરે છે, જે બહુ ઉંઘે છે અથવા સમુળગો જાગૃત રહે છે, એ બન્ને માટે ખરેજ યોગ નથી. જેપણ ખાવામાં,

છોડવો. હવે આ ઉંડો પાઠ સમજવા જેવો છે. દાખલા તરીકે ઘણું ખાનારને અપવાસની જરૂર તો છે. પણ જેને ઘણું ખાવું એજ પાપ છે, એમ શીખાડયું હોય, તે ધર્માનુસાર વર્તન કરે, તો કદીપણ અજીરણ થાય એટલું ખાઇ ન શકે, અને તેથી તેવાને માટે 'અપવાસ' ફરમાવવો અયોગ્યજ છે. ત્યારે જરથોશ્તિ ધર્મ 'મધ્યમ ભોગવટા'ના ત્યાગને જરૂર

આરામમાં, કાર્ય કરવામાં, ઉંઘવામાં અને જાગવામાં મધ્યમપણું જાળવે છે, તેનું સકળ દુ:ખ યોગ ભસ્મ કરી નાખે છે.

આ શીક્ષણ અષો જરથુશ્ત સાહેબ પોતેજ આપી ગયા હતા, તે ફરીને શ્રી કૃષ્ણે પાછળા કાળમાં આખી હિન્દુ કોમને આપ્યું. તે ઉપરથી જરથોશ્તિ મધ્યમપણાના નીયમને કેવો ભારે ટેકો મળે છે, તે સ્વત:સિદ્ધ છે. સર્વે જરથોશ્તિઓ આપોઆપ યોગના માર્ગ ઉપર ધર્મ જાળવવે ચાલ્યાજ જાય છે, એ કેટલું સ્પષ્ટ થાય છે!

૧. વળી એક અત્યંત અગત્યનું શીક્ષણ જે અષો જરથુશ્ત્ર સાહેબે આપ્યું અને શ્રી કૃષ્ણે કબુલ્યું અથવા ફરીને આપ્યું તે એ છે કે, આ કલીયુગમાં ઘર છોડીને જંગલમાં જઇને **"સન્યાસ"** કરવાનો નથી, પણ દરેક માનવી બ્રહ્મચરી, ગ્રહસ્થી અથવા આબીદ, જે ફળની આશા વિના શાસ્ત્રે મુકરર કરેલી પોતાની ફરજ બજાવનાર છે, તે ખરો સન્યાસી છે. વાંચો!

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥

(ભગવદ ગીતા ૬-૧.)

नहि देहभृतां शक्यं त्यक्तुं कर्माण्यशेषतः
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते॥

(ભગવદ ગીતા ૧૮-૧૧.)

જે પણ ફળની આશા વિના નિર્મિત કર્મ (કર્તવ્ય) કરે છે, તેજ સન્યાસી અને યોગી બન્ને છે, અને નહિં કે જે અગ્નિ અને (ધર્મ) ક્રિયાનો ત્યાગ કરે છે. દેહધારીઓ (માનવીઓ, પ્રાણીઓ)થી કર્મ સંપૂર્ણ રીતે કદીએ ત્યજી શકાય નહિં. માટે કર્મના ફલનો ત્યાગીજ, ખરો ત્યાગી લેખાય છે.

આ કેવાં સાફ, સિધાં વચનો છે! ગ્રહસ્થાશ્રમનો એમાં તીરસ્કાર નથી; તે આશ્રમમાં અથવા કોઇએ આશ્રમમા રહિને ફળની આકાંક્ષા વિના કર્તવ્ય કરવું એજ પરમ ધર્મ છે. ત્યારે જરથોશ્તિ ગૃહસ્થી રાહ રિતી, રસમ સર્વે કેવાં શ્રેષ્ટ અને સરળ છે, તે પૂર્વના બન્ને મહાન ધર્મો, જરથોશ્તિ અને વૈદિક સ્વિકારે છે!

"Time is the gift of God, a boon of inestimable value. Wha pity it should be abused or trifled with! I say not that it is to b wholly employed in meditation and devotion. That man mistake religion who, under a notion of exalted piety, turns his back o the world and retires into obscurity. There is a time for everythin

ન લેખીને, ઘણું ખાવું અને પછી અપવાસથી ઉપાય કરવો,[1] એવી બાળબુદ્ધિ સદંતર છોડવાને, ગંભીરપણે નીયમિત અને પવિત્ર જીવન ગાળવાને જે શીક્ષણ આપે છે, તે પાળવું, "અપવાસ" વીગેરેથી કેટલું વધારે બીકટ છે, તેમજ કેટલું વધારે માનભર્યું, સાત્વિક અને ખુદાઈ છે, તે સમજવું સહેલ થઇ પડશે. જરથોશ્તિ ધર્મ શારીરિક અપવાસ, શારીરિક બેઅંદાઝ અને અનીયમિતપણાના ઇલાજ તરીકે ફરમાવતોજ નથી. જેમકે એક માનવી શરીર બગાડે અને પછી તેને માટે દવાખાનું બનાવવું, તેને બદલે તેને સર્વોત્તમ કેળવણી આપીને, (શારિરીક, માનસિક અને આધ્યાત્મિક) પવીત્રાઇ પળાવીને, હમેશ તંદુરસ્ત અને આરોગ્યતા-વાળો રાખવો, એ વધારે ઉત્તમ અને સૃષ્ટિક્રમાનુસાર છે. એટલે એ મહાન ધર્મ આગળ વધેલાઓ માટે બહુ અનુકુળ છે; બીજા ઘણાક ધર્મો, પાછળ પડેલા માનવીઓને વધુ અનુકુળ છે, જેઓ 'ભુલી અને સુધરવું', 'પડવું અને ઉઠવું' એ નીયમથી બંધાઇને ચાલવા રાજી છે. જરથોશ્તિ ધર્મ પડયા વિના, ચળ્યા વિના, એક સમાન નીયમ, ધર્મ, તરીકત અને પાકીઝગી જાળવીને, પ્રકટીકરણમાં અવિકારી અને સાબેત કદમ રહીને ચાલવાને, માનવી જાતને શીખાડે છે. તો એની શ્રેષ્ઠતા સમજવાને વાર લાગે એમ નથી. જરથોશ્તિ ધર્મ દરેક પાપથી,–મધ્યમતાના દરેક ત્યાગથી, "અપવાસ" કરવા કહે છે. આટલાંથી દરેક પાપ છુટીજ ગયું!

જરથોશ્તિ ધર્મના મૂળ ઉપાધ્યાઓએ તે સમજીને ચારિત્રમાં તેને કેમ ઉતારવો તેનો સરળમાં, સરળ અને સર્વોત્તમ પાઠ ટુંકમાંજ શીખાડયો. 'સત્ય બોલો, ઘોડેસ્વારી કરો, તીર ફેંકતાં શીખો' એટલા નીર્જીવ દેખાતા વ્યહુવારિક શીક્ષણમાં 'કર્મ'નો માર્ગ ઘણે સારે અંશે સમાવી દીધો. તે એટલા ઉપરથી સમજાશે કે આજના કાળ અને ઝમાનાના ઘણાખરા રોગો અને પાપોનું નીવારણ પણ, એ ત્રણ નીયમો પાળવે, થઇ

---

under the sun. A time for prudent consideration about our temporal interests; a time for honest labour to procure a subsistence and to acquire a competence; a time for food and sleep; a time for recreation and amusement. We may enjoy what God has given us, as well as labour for it." (S. Stennett).

These are words which the generality of men would do well to ponder over.

1. Feasting and fasting.

જશે. 'સત્ય' બોલવાનું કેટલું કઠીણ છે, અને તેવી સત્યવાણી માટે ઘણાખરા હરેક પાપથી, દુર્ગુણથી વેગળા રહેવું પડે છે, તે ટુંક મનનથી તમેજ જોઇ શકશો. માનવીના મૂખ્ય શત્રુઓ કામ (હવસ), ક્રોધ, લોભ, મોહ, મદ (અભિમાન) અને મત્સર (અદેખાઇ) છે. હવે "સત્ય" વચનનું પાલન કરનાર[1] "કામી" હવસી બની શકે કે? સત્ય બોલવા જાય તો 'કામ' ત્યજવોજ પડે. 'કામ' પકડે તો 'સત્ય'નો ત્યાગ કરવો પડે. 'સત્ય' બોલનાર ઘણો 'ક્રોધ' કરી ન શકે. 'ક્રોધી' જો અતિશયોક્તિ ન વાપરે, અને સત્ય વચની હોય, તો કોઇને પણ અયોગ્ય શબ્દો તો કહિ નજ શકે. ત્યાંજ ક્રોધનો અંત આવી ગયો. જરથોસ્તિ ધર્મ કદી શીખાડતો નથી કે પાપી અને દંડને પાત્ર હોય, તેની સાથે સખત વચનોનો ઉપયોગ કરશો નહિં. પણ અસત્યનો ત્યાગ કરવે 'ક્રોધ' આપોઆપજ શમી જાય છે. 'લોભી' ખરૂં બોલે, તો 'લોભ' પોષાયજ નહિં. આડું, અવળું બોલે, અને કરે, તોજ 'લોભી' ગણાય. સત્યાચરણી સ્પેનામીનોને શરણે રહીને, જગતમાંથી જે પણ સંપત્તિ, ધન, સનમાન, ગૌરવ, અથવા વિભૂતિ મેળવે તે સર્વે 'લોભ' નહિં, પણ ખરા અધિકારીનો યોગ્ય 'બદલો' ગણાય છે. તેમજ જ્યાં સત્ય વચન પાળવાનો ઠરાવ હોય, ત્યાં 'મોહ, અહંકાર અને અદેખાઇ' ટકી શકતાં નથી, એ જરાલગી મનન કરવે સિદ્ધ થાય છે. ત્યારે મહા કલેશો ઉત્પન્ન કરનાર અંગ્રેમીનોએ પેદા કરેલા શત્રુઓનો પરાજય કરવાનું સહરહુ સર્વોત્તમ હથ્યાર, આપણા હાથમાં મુકાયું, એ જરથોસ્તિઓનાં ઉંડાં વ્યહવારિક જ્ઞાનનો પુરાવો છે. ખાસ યાદ રાખવું જોઇએ કે 'વીચાર' પકડવો મુશ્કેલ છે અને વર્તન સન્માર્ગે રાખવું ભારી છે, પણ મધ્ય બીદું જે "વાણી" છે, તેનેજ સીધી રાંખવે "વીચાર અને વર્તન" બન્ને સુધરે છે. દુષ્ટ વીચારવાળો કદી પણ નિત્ય સત્યવાદી હોઇ શકેજ નહી; તેમજ સદાચારી પણ, ન હોય. વળી "વીચાર" પકડવું અત્યંત બીકટ છે, પણ વાણી સ્થીર રાખવાની "કળ" આવડી ગઇ, તો વીચાર પણ એકાગ્ર થઇ શકે છે. આ વિષય બહુજ ગૂઢ તેમજ સુંદર છે.

શારીરિક મબજતા, તાલીમ, હિમ્મત, ચપળતા, અને મરદાનગી મેળ-

---

૧. As a man speaketh so is he. Because if he is a truthful man, he speaketh what he thinketh and as a man thinketh so is he.

ચવાનું સાધન "ઘોડે સ્વારી અને તીર ફેંકવાનું" છે. અંગ્રે અને સ્પેનાર્ડીનો એ બેના નીરંતર યુદ્ધની વચમાં માનવી મેલાયો છે. ત્યારે શસ્ત્રો વિના જેપણ લડાઇમાં જાય, તે ગમારજ હોય. જીવનના યુદ્ધમાં અશસ્ત્ર ઉભો રહેનાર, માર ખાઇને હેઠો પડવોજ જોઇએ.[1] જીંદગી ગાળવા માટે, ગુજરાન અને પોષણ મેળવવા માટે, વૃદ્ધિ માટે, સખાવત, દયા અને સ્વભોગને માટે, આનંદ માટે, જ્ઞાન માટે, અષોઇને માટે, નૈતિક વર્તનને માટે, દરેક નાના, મોટા પ્રયત્નને માટે, શારીરિક આરોગ્યતા અને બળ અવશ્યનુંજ છે. તે વિના જીંદગી શ્રાપ સમાન થઇ પડે છે. મહાન પેગમ્બર સાહેબ અષો જરથુશ્ત્ર સર્વથી પેહલા આથ્રવન અને પેહલે દરજજેના રથેશતાર હતા. તેમનું શારીરિક બળ શાહ ફરેદુન અને પહેલવાન કેરશાસ્પ કરતાં પણ અધિક હતું.[2] તેમની પછી શ્રી કૃષ્ણ જે કલયુગમાં તેમના ભકતોના મત પ્રમાણે શ્રી વિષ્ણુના અવતાર હોઇને, કલયુગનો ધર્મ સ્થાપન કરવા આશરે ૫૦૦૦ વર્ષ ઉપર અવતાર લઇને ઉતર્યા હતા, તે પણ મહા બળયા હતા, જેમણે ૧૪ વર્ષની વયમાં, સર્વથી મોટા યોદ્ધાઓનો પરાજય કરીને, છેવટે ક્રુર, ખૂની અને રાક્ષસી મામા કંસ રાજાનો વધ કર્યો અને ઝેહેરી દુધવાળી પૂતના, અને વત્સાસુર, બટાસુર, અઘાસુર, ધેનુકાસુર, મલંભાસુર વીગેરે દૈત્યોનું અને કાલીય જેવા અપૂર્વ ઝેહેરી નાગનું મર્દન કર્યું. તેની પૂર્વે ત્રેતયુગમાં પણ વીષ્ણુ દેવતાએ હિન્દુ માન્યતા પ્રમાણે શ્રી રામનો અવતાર લીધો હતો, ત્યારે પણ લગભગ અજીત, લંકાના છત્રપતિ રાવણ અને તેનાં અસંખ્ય સૈન્યોનો ઉપસંહાર કર્યો હતો. વળી બૌદ્ધ ધર્મના સ્થાપક સિદ્ધાર્થ બુધ્ધે પણ કોમળ વયમાં એટલું બળ સંપાદન કર્યું હતું, કે તેમની સ્ત્રી રાજ્ય કુંવરી યશોદ્રાના સ્વયંવરમાં હિંદના સઘળા શૂરા અને વીરા રાજ્યપુત્રો કરતાં વધારે ચપળતા અને અદભૂત બળ, ઘોડેસ્વારી, તલવારના ખેલ તેમજ તીર ફેંકવાના હુન્નરમાં દેખાડીને, હિંદમાં પ્રથમ દરજજાની રાજપુત્રીનો હાથ મેળવવાને સામર્થવાન બન્યા હતા. ત્યાર કેડે ઇસલામી પેગમ્બર મહમદ શ.રીફ પણ એક યોદ્ધા તરીકે મશહૂર થયા હતા. સીખ ન્યાતના વડાઓ 'ગુરૂ' નાનક

---

૧. દંદનું કારણ. ૨. જુવો "અષો જરથુશ્ત્ર" વિષેનું પ્રકરણ, જે આ પુસ્તકના પાછળા ભાગમાં આવેલું છે. ત્યાં અવસ્તાના ઉતારાઓ ઉપરથી આ પુરવાર કરી આપ્યું છે. વળી હિન્દમાં આવનાર આપણા પૂર્વજોએ પોતાને "શૂરા, વીરા, ધીરા, ગોરા અને બાહુ (બાજુ) બળવાળા," એ પ્રકારના ઓળખાવ્યા હતા.

વીગેરે સર્વે વીર પૂરૂષો હતા, અને શારીરિક બળના સેવકો હતા. વળી ભગવદ્દગીતામાં સર્વથી મહાન માનવ વ્યક્તિ 'અર્જુન' પણ 'વીરલા' તરીકેજ ઓળખાયો છે. એ સર્વે ઐતિહાસિક કથન છે. તે ઉપરથી લગભગ એ સર્વેને માર્ગ દેખાડનાર અષો જરથુશ્ત્ર સાહેબની બુદ્ધિ કેટલી તીવ્ર અને સ્વચ્છ હતી અને તેમણે દેખાડેલો માનવ ધર્મ કેવો મહાન છે, તે આપોઆપ સમજાશે. એમને પગલે કાંઇક અપૂર્વ અવતારો અને પેગમ્બરો પણ ચાલી આવ્યા છે, જો કે તેઓના ઘણાક અનુયાયીઓએ તેમણે શીખાડેલી શારીરિક પ્રબળતાની આવશ્યકતા ન સમજવાને લીધે, અસહ્ય દુ:ખો અને પરાધિનતાના કલેશો હજારો વર્ષ સુધી સહન કર્યાં છે. આજનો એશ્યા ખંડ જો "ઘોડેસ્વારી અને તીર ફૂંકવા" શીખ્યા કર્યોજ હોત અને અસલ ઇરાની રૂઢી પ્રમાણે ચરો ખોદીને તેમા રહીને શત્રુઓ સાથે લડવાને જાણતો હોત, તો પાશ્ચાત્ય દેશોના હાથમાં તે જકડાઇને, સેંકડો વર્ષો પર્યંત ગુલામગીરી ન કરત. માત્ર "ઇરાન" દેશજ, ઇરાનીઓના બળ સાથ જો ઉભો રહ્યો હોત, તો એશ્યા અને યુરપના સંગમ ઉપર રહિને, પાશ્ચાત્ય હુમલાઓ તેજ પાછળ હઠાવીને, ગરવા પૂર્વ મુલકોનો રક્ષક બની શકયો હોત. ખેર! જે અહુરમઝદની ઇચ્છા હતી તે બની ચુકયું છે. પણ અફસોસ એટલોજ છે, કે પૂર્વ દેશોના મહાન નેતા અષો જરથુશ્ત્ર સાહેબે શીખાડેલા શારીરિક બળની આવશ્યકતાનો પાઠ, પૂર્વ ભુલ્યું છે, અને પાશ્ચાત્ય મુલક ભણ્યું છે. તેના પરીણામો[1] ઉપરથીજ જોઇ શકશો કે માનવ પ્રજાને આગળ વધારવાની રૂઢી જાણનાર અષો જરથુશ્ત્ર સાહેબ, કેવા અપૂર્વ બુદ્ધિશાળી હતા. રાજ્યનીતિના તેમજ શાશ્વત ધર્મના ગોપ્તા[2] અને રક્ષક તે મહા ગુરૂ હતા.

કુદરત પણ એજ પાઠ શીખાડે છે. આજનું જડવાદી શાસ્ત્ર અથવા પદાર્થજ્ઞાન પણ એને ટેકો આપે છે. શારીરિક વૃદ્ધિ, નૈતિક બળને પુષ્ટિ આપે છે, અને બળ્યો વીર, સ્વમાનવાળો, ધીરો, શુરો, સ્વચ્છ, નૈતિક આદર્શોવાળો હોય છે, એ સિદ્ધાંત સાબીત થઇ ગયો છે. સાધારણ દાખલો નાની છાતીવાળાં અને દુર્બળ કોહલાંનો છે, જે લુચ્ચાઇમાં અસાધારણ છે, અને તેની વિરૂદ્ધ પક્ષમાં મોટી છાતીવાળો અને રૂષ્ટપુષ્ટ ઘોડો અને વનનો રાજા જોરાવર સિંહ છે. સિંહ, પાછ-

---

૧. By their fruits, ye shall know them. ૨. અમર ધર્મના બચાવનાર.

ળથી આવીને મારતો નથી. સિંહ હલકાપણાથી નીરાળો છે. બળવાન સિંહ સર્વથી ઉત્તમ વીરો અને અમીરી વનપતિ છે. સિધો ચાલનાર, કુલીન, રાજ્યપદ શોભાવે એવો તે છે. તેનું મૂળ કારણ તેનું શારીરિક બળ છે, જે તેને નૈતિક ટેકો આપે છે. જીતને માટે તે સ્વબળ ઉપર મુસ્તાક છે અને તેને અવલંબીને તે રહે છે, અને હલકી ચાતુર્ય ઉપર તે કોલાહની મીસાલ આધાર રાખતો નથી. તેજ પ્રમાણે જગતના મહાન યોદ્ધાઓમાં 'ઇરાની' પહેલવાનો થઇ ગયા, જેમનું નામ લેતાં 'વીરો' કેવા, હોવા જોઇએ, તેનું સ્મરણ થાય છે. જગતમાં જહાં પહેલવાન 'રૂસ્તમ' એટલો પ્રસિદ્ધ થયો, કે તેની ફીકી નકલ યુનાનીઓએ કરીને એક કલ્પીત 'હરકયુલીસ' તેમણે ઉભો કર્યો. 'ઇરાની'-ઓએ જાણીતી જગત ઉપર હજારો વર્ષો સુધી રાજ્યદંડ રાખ્યો તેનું મૂળ કારણ, તેમનું મહાન બળ હતું, જેથી તેઓ નૈતિક, દયાળુ, મોટાં હૈયાંના, રૈયતની ઉપર માબાપ જેવા પ્રેમી, ઉદ્યોગી, સત્યવાદી, પરાક્રમી અને ધર્મિ બન્યા. તેમનો ઇતિહાસ પાકઝાદ ફીરદોસી તુસીએ 'શાહનામે'માં અમર કર્યો છે, જે નામું નિઃશંક જગતની 'વીર પોથી'-ઓમાં 'મહાભારત' સમાન સર્વથી શ્રેષ્ટ લેખાઇ ચુકયું છે, અને જેની સરખામણી કોઇ પણ પાશ્ચાત્ય વીર પોથી, ગમે એવી બડાઇ મારવા છતાં, કરી શકતી નથી.

ઇરાનીઓએ "ઘોડેસ્વારી"ને આટલી અગત્ય આપી છે તેનું એક ભેદી કારણ પણ છે. પ્રથમ કંઇક મહાન વીરોના નામો પણ ગુસ્તાસ્પ, કેરશાસ્પ, લોહરાસ્પ, પોઉરૂશસ્પ ઇત્યાદી છે, જેને છેડે અસ્પ, અશ્વ એટલે 'ઘોડા' એ શબ્દ આવે છે. 'રૂસ્તમ' પહેલવાન પણ તેના રખ્શ વિના નાચાર બનત. કૈખુશરૂ અને બેઝનના પણ જગખ્યાતિ પામેલા ઘોડાઓ હતા.[1] સોશ્યંત પણ છેવટે સફેદ, નકલંકી ઘોડા ઉપર સ્વારી કરીને આવનાર છે. સરોષ યઝદ ચાર, શુદ્ધ, શ્વેત[2] ઘોડાના રથમાં બેસીને પૂર્વે હીંદુસ્તાનથી પશ્ચીમ તરફ કુચ કરી જાય છે. સૂર્ય પણ "અઉર્વત-અસ્પેમ" તેજ ઘોડાવાળો લેખાયો છે. માટે ઘોડા શબ્દ અર્થસૂચક હોવો જોઇએ. 'રૂસ્તમ' વીરો થયો તેનું કારણ તેનું શારીરિક બળ તેમજ તેનો "મન"ના ઘોડા ઉપરનો

૧. ઘોડાનો જન્મ તેના સ્વારની સાથે એકજ વેળાએ થયો, તે અર્થસૂચક ઈશારો લેખવો. ૨. સફેદ.

મહદભૂત સંયમ અથવા કાબુ હતો. તેના નૈતિક ગુણો જો ન હોત, તો ા વીરો નહિં, પણ રાક્ષસ લેખાત.[1] નીતિ નિપૂણને બાજુએ મેલીને, બુદ્ધિમાન થવા ઇચ્છનાર જરથોશ્તિ, ધર્મ પ્રમાણે "જાદુગર" લેખાય છે. હિંદુ શાસ્ત્રોમાં પણ "મન"ના ઘોડાની ઉપર "બુદ્ધિ"ની લગામ ચઢાવવાને ઠેકેઠેક શીક્ષણ દીધું છે. શ્રી કૃષ્ણ પોતે રથવાન હતા. હાતમે તાઇની પાસે પણ પવન વેગે દોડતો ઘોડો હતો, એવું કથન છે. ખ્રિસ્તી Knights Templars (Crusaders), સેંટ જ્યોર્જ વીગેરે વીરો પણ ઘોડેસ્વારજ ચિતાર્યા છે. જરથોશ્તિ ધર્મનું મૂળ શીક્ષણ "હુમત" છે, અને મનના ઘોડાને લગામમાં દબાવી રાખીને, તેને ઉત્તમ સાધન તરીકે, વાહન તરીકે, અથવા માર્ગ કાપીને વૃદ્ધિગત કરાવનાર હથ્યાર તરીકે, વાપરવાથીજ માનવી જાત અંગ્રેમીનો સામે લડાઇ કરવામાં ફાવે છે, અને તેની ઉપર છેવટનો વિજય મેળવીને, સંસ્કારી બનીને, મોક્ષપદ અથવા ગરોનેમાનની સર્વોત્તમ ગતીને પામે છે. અષો જરથુશ્ત્ર સાહેબ 'રમ્ઝગો', 'ભેદી'[2] ગણાતા હતા, તેનું આ એક કારણ છે. ટુંકમાં બોલતા, પણ એકાદ વાકયને ઉકેલવાને પુસ્તક જેટલી લાંબી ટીકાઓ જોઇતી. મારા હિંદુ ભાઇઓને જણાવવાની આવશ્યકતા છે, કે પ્રથમ યોગપદે પહોંચનાર વીર "ક્ષત્રીયો" અને રાજાઓ હતા[3] અને બ્રાહ્મણો કરતાં પણ તેઓ આગળ વધી ગયા હતા, જો કે છેવટે રાજઋષી કરતાં બ્રહ્મઋષીઓએ પોતાની સાત્વિકતાને અંગે પ્રાધાન્યપદ મેળવ્યું.

કર્મ માર્ગ શીખાડનાર જરથોશ્તિ ધર્મ ઘોડેસ્વારી અને મનની સ્વારી ઉપર આટલો ભાર મુકે, એ સ્વાભાવિકજ છે. કલયુગનો ધર્મ કર્મ માર્ગજ છે, એ શ્રી કૃષ્ણે પણ જરથુશ્ત્ર સાહેબની પાછળ આવીને

---

૧ It is good to have a giant's strength, but tyrannous to use it as a giant.

૨. ભટક મુવા ભેદી બિના, કોન બતાવે ધામ
ચલતે, ચલતે યુગ ગયા, પાવ કોસ પર ગામ,

૩. एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः
स कालेनेह महता योगो नष्टः परंतप ॥

(ભગવદ ગીતા, ૪-૨.)

અર્થ—આ પ્રમાણે પરંપરા આ યોગ જે રાજરીષીઓ જાણતા હતા, તે મોટા કાળે પછિ નષ્ટ થયો.

ભગવદ ગીતામાં શીખાડયો[1]! ઉદ્યોગથી ખેતી કરવાનું શીક્ષણ જે જરથુશ્ત્ર સાહેબે આપ્યું, તે પણ કર્મ માર્ગને અનુસરતુંજ દીધું, અને "મન"ની ખેતી કરવાની, ધરતીની ખેતી કરવાથી અધિક શ્રેષ્ઠ છે, એ સહજ સમજાશે.

જરથોશ્તિ ધર્મ સાહિત્ય આજકાલ ધર્મપોથીઓના અનેક તરજુમાઓમાં સંકોચાઇ રહ્યું છે. તે ધર્મ સાહિત્ય ન કેહવાય પણ શબ્દ પાંડિત્ય લેખાવું જોઇએ. એની પણ હવે હદ થઇ ગઇ. આંકીટલ ડી પેરોનના વખતથી આજ દીવસમાં ડજનબંધ તરજુમાઓ થયા અને વીસરાયા. ઘણાક પાશ્ચાત્ય પંડિતોના તરજુમાઓ લુખા, સુકા, રસ રહિત હોઇને, તેમને વાંચતાં ઉંઘ પણ આવી જાય છે. એ તરજુમાઓનો મોહ અને લખ હવે ત્યજવોજ જોઇએ.

---

૧. कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥
योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यासिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥
दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥
कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबंधविनिर्मुक्ताः पदं गच्छंत्यनामयम् ॥

(ભગવદ ગીતા ૨, ૪૭-૫૧.)

"કર્મ સાથેજ તારૂં કામ છે, તેના ફળ સાથે કદી નહિં. માટે ફળની આશાથી કર્મ કરીશ નહિં અને અકર્મને વળગીશ મા, હે ધનંજય! પરમેશ્વર સાથે એકતાન થઇને કર્મ કર્યો જા; વળગણો ત્યજી દે અને હાર જીતમાં સમાન ભાવ રાખ; કારણ કે સમાનતાનેજ યોગ કહ્યો છે. બુદ્ધિ યોગ કરતાં કર્મ બહું ઉતરતું છે. હે ધનંજય! માટે બુદ્ધિ યોગ કર. જે પણ ફળના હેતુથી કર્મ કરે છે, તેઓની સ્થિતી દયાજનક છે. બુદ્ધિ યોગ કરનાર અત્રે સુકર્મ અને દુષ્કર્મ બન્ને છોડી દે છે (માત્ર ધર્મ કર્મજ કરતા રહે છે). માટે યોગમાં યત્ન કર, કર્મમાં કુશળતા એજ યોગ છે. ઉત્તમ બુદ્ધિવાળાઓ બુદ્ધિ યોગ કરીને, કર્મનું ફળ ત્યજે છે, અને જન્મ મરણમાંથી મુક્ત થઇને, આનંદમય સ્થળ (સ્વર્ગ) પામે છે." વળી જુવો બાલ ગંગાધર તીલકની શ્રીમદ ભગવદ ગીતા ઉપરની ટીકા.

पोथी पढपढ जग मुवा, पंडीत भया न कोय,
अढाइ अक्षर प्रेमका, पढे सो पंडित होय.

હવે પોથીઓ પઢવાનો અવસર ગયો છે. પોથીઓ સમજીને અમલ કરવાને વધુ વિલંબ થવો ન ઘટે.

'પ્રેમ' જે અઢી અક્ષરનો છે, તે જરૂર શીખવો જોઇએ. ખરેજ હૈયાંની કેલવણી આજદિન પર્યંત નિવારી મુકાઇ છે. 'મન'ની યાદદાસ્ત શક્તિની કેળવણીએ, એ જીગરની કેલવણીને ન્યાત બહાર મુકી છે. ખરા ધર્મના અભ્યાસીઓ અને ચેલાઓએ, મનને થોડોક વખત બાજુ મેલીને, હૈયાંને બહારમાં લાવવા, પ્રફુલ્લિત કરવાને મથન કરવું જોઇએ. તોજ "અષોઇ"નો માર્ગ હાથ આવશે, ત્યારેજ 'માથ્ર' અને 'મન્ત્ર'ની ભેદી શક્તિ બરપા થઇ શકશે. ત્યારેજ અરદીબહેશ્ત યશ્તમાં જણાવેલા "અષો અને માથ્રેમ સ્પેન્તેમ બએષજ્યો", એટલે અષોઇ અને માથ્ર સ્પેન્તથી દર્દ ટાળનારા વૈદો ફરીને આપણા ટોળામાં ઉભા થશે. છેવટના ૪૦) વર્ષના જડવાડ અરસામાં આપણા મોબેદ સાહેબોએ જે પણ ભેદી ધાર્મિક શક્તિઓ છે, તે ગુમાવી દીધી છે: અને તેઓ દુન્યવી લોભ અને લાલચને નિશદિન વધુ વશ થતા ચાલ્યા. ફરી તેમને 'અષોઇ'નો સાહયો પેહેરાવવાને કાજે, તેમને "હૈયાંની કેળવણી"થી નૈતિક અને ગુણી બનાવવાને સારૂં, કેળવાયલા "ગુરૂ"ઓની જરૂર છે. જરથોશ્તિઓમાં શબ્દો શીખાડવાની મદ્રેસાઓ બહુ થઇ ગઇ. હવે જરા આગળ વધીને મીનોઇમાં પ્રવેશ કરવાને માટે મન, વાણી અને વર્તન ઉપર જે કાબુ ("યમ અને નીયમ") અષોઇ કાજે જોઇએ, તે ખીલવવાને મદ્રેસાઓ ખોલવી જોઇએ. જે ફળ 'અષોઇ' પાળવાથીજ મળે છે, તે 'અષોઇ'ની પોથીઓ વાંચવાથી નથી મળતાં, તે માટે પોથી પંડીતો નારાજ થાય છે, ખફા થાય છે અને ઠઠા કરે છે. ખરૂં! પણ જો કેરીની ચામડીના લાખ ફોટો લ્યો, તેના સુંવાળાપણાનો ૧૦૦ વર્ષ અભ્યાસ કરો, તેના રંગ અને રસ ઉપર એક યુગ સુધી વીવેચન કરો, પણ કેરી મોઢામાં મુકીને, તેનો અનૂભવ લેવાની હિમત ન કરો અને સાદી સમજ ન બતાવો, તો કેરી કેવી છે તે કદી પણ ન જણાય, અને તે ખાધાથી કેવી શક્તિ આવે છે, કેવો સ્વાદ મળે છે, કેવું પોષણ મળે છે, અને શી ગતિ થાય છે, તે કહી[illegible] હજાર વર્ષ પર્યંત ધર્મપોથીઓ જે "અષોઇ"

પાળવા કેડેજ સમજાય, એવું સ્પષ્ટ શીક્ષણ છે,[૧] તેની સાથે માથું દુખવશો, તો "અષોઇ"ની ભિત્તરનું જ્ઞાન, શકિત અને સુખ (સચિદાનંદ) કદીએ જડશે નહિં.

'અષૅમ્ વૅાહૂ વહિશ્તૅમ્ અસ્તી; ઉશ્તા અસ્તી, ઉશ્તા અહ્માઇ હ્યત્ અષાઇ વહિશ્તાઇ અષૅમ્,' એ મહાવાકય માત્ર પઢી જવાને માટે જરથોશ્તિ ધર્મના પાયા લેખે આપ્યું નથી. ના, ના! અષોઇ પોતે સર્વો-તમ આશીષ અને આનંદ છે, અને આનંદ અને કલ્યાણ તેને મળે છે, જે સ્વાર્થરહિત બનીને, માત્ર અષોઇને કાજે અષોઇ પાળે છે, એટલું શીક્ષણ મન, વાણી અને વર્તનમાં અષોઇ ઉતારવાને કાજે, જગત્કર્તા અહુરમજદે મોકલ્યું છે. માથ્રવાણી ઉચરવે પણ માનવીની બુદ્ધિ કાંઇક અંશે સ્વચ્છ થાય છે ખરી. પણ જ્યારે તે શબ્દો ઉપર ચારિત્ર રચાય, પાપો હરાય, અને જીવન ગાળવામાં આવે, તોજ અષેમ વોહુનું મહામંત્ર ખરૂં કલ્યાણકારી બને.[૨] ત્યાં સુધી તે મહાવાકય સમજાશે નહિ અને પૂર્ણ કલ્યાણકારી કદીજ બનશે નહિં.

ત્યારે 'અષોઇ' પાળવાની મદ્રેસા ઉઘાડો[3] અને પાપ અને લાલચોમાંથી સંપૂર્ણ રક્ષણ મળે એવી વાતાવરણમાં, વધુ નહિં તો માત્ર ૨૫) યોજદાથ્રેગરોને ૨૦ વર્ષ પાળો. પછી જો અષોઇનો ચમત્કાર 'ઉરૂનએચ દરૅઘે હવંઘ્રહે'[૪] લાંબા કાળની ઉર્વનની પવીત્રાઇના ફળ

૧. "હઓમયો ગવ બરેસ્મન, હિઝ્વો-દંઘ્‌હંઘ્‌હ, માંથ્રચ, વચચ શ્યઓથ્નચ જઓથ્રાબ્યસ્ચ અર્ષુખ્ધઐઈબ્યસચ વાધ્રૂજિબ્યો", એટલે "હોમની ક્રિયા કબુલ કરનારા, દુધ, ઝાડની ડાંખલી, જીભની અક્કલ, માંથ્રવાણી, (અષો) **વાણી, વર્તન, ક્રિયાની ભેટ** અને **અષોઇથી** ઉચરેલા શબ્દથી, (અમુક) યઝદની હું ભક્તિ કરૂં છું," એ શબ્દો લગભગ દરેક યશ્ત, ન્યાયશમાં ભણાય છે.

૨. पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
(ભગવદ ગીતા ૬-૪૦.)

હે પાર્થ! ન આ જગતમાં કે ન પેલી (મીનોઈ)માં, તેવો નષ્ટ થાય; હે પ્રિય! જે અષો હોય, તે દુર્ગતિ અને દુઃખ કદી પામતો નથી.

૩. આ કાર્ય મોટાં જીગરના શેઠ મેરવાનજી મનચેરજી કામા પોતાના અથોર્નાન ઈન્સ્ટીટયુટનાં બાદશાહી ફંડની ઉપજમાંથી એકલે હાથે, સહેલાઈથી બનાવી શકશે. એ શેઠયા આ અત્યંત પુણ્યવંતુ કાર્ય પાર પાડે એવી દુઆ કરીશું.

૪. જુવો આતશ ન્યાયશ ફકરો ૬.

તરીકે ન બને, તો જરૂરજ ધર્મને મોહ જાળ માની લેજો. ક્યાં છે ધર્મદીપક, પ્રવીણ ધર્મગુરૂના નીયમાનુસાર ૨૦ વર્ષ સંપૂર્ણ અષોઇ પાળનારાઓ ? જ્યારે રૂહાની ધર્મગુરૂઓની ગરજ કોઇને ન રહિ, જ્યારે સર્વેએ અષોઇ મેલીને, 'મન'ની કેળવણી ઉપર મદાર બાંધ્યો, આધાર રાખ્યો અને પાયો રચ્યો, ત્યારે ખરા ભેદી, ધર્મગુરૂઓની માંગણી ન થવે, તેમની સંખ્યાનો અંત આવ્યો. 'Knock and it shall be opened unto ye. Seek and ye shall find.' ઠોકો અને બારણું ઉઘડશે. શોધો અને જરૂરજ મળશે, એ આશાવાદી વાક્યો પાછળા જમાનામાં ઇસુ ખ્રિસ્તે આપ્યાં છે, તે ભુલશો નહિં. જ્યારે પણ માનવી તૈયાર થઇને શોધશે, ત્યારે 'મીનોઇનો માર્ગ' જે પોતાની બેપરવાઇથી તેણે બંધ કીધો છે, તે ખુલી શકશે. અષો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબ નિગેહબાન અને રક્ષક છે, તે સાહેબ મીનોઇમાંથી આપણે માટે નિરંતર કાળજી કરે છે.[૧] તેમના મહાભારત બળ અને રક્ષણને અંગે આપણે હજી ધર્મ ધરીને બેઠા છિયે. જો કે તે ધર્મ આજે 'રસ' વિનાનો બની ગયો છે. એવા અમર મહાગુરૂની દયા અને પ્રેમની સીમાજ ન હોય. તેમના પ્રસિદ્ધ નીયમો પાળીને તેમને શરણે ધાવો. તેમને ચરણે પડો. તેમને આધિન થાવો. દરેક ફ્રવષી અમર, અજર છે. તો મહાગુરૂ સાહેબ, વક્ષૂરે વક્ષૂરાન અષો સ્પીતમાન જરથુશ્ત્ર શરીર છોડીને ગયા, તેથી ગુમ અને લોપ નથી થયા, એમ ખાત્રીથી માનજો, કારણકે અવસ્તામાં જણાવ્યું છે કે તે સાહેબ 'ગેતી'ના ચજદ છે. ત્યારે આ ભૂમીના રક્ષક હોઇને, તેમણેથી એ પૃથ્વિનું કાર્ય પુરૂં ન થાય ત્યાંસુધી તે ત્યજી દેવાયજ નહિં. એટલો વિશ્વાસ રાખી, સબુરી, આધિનતા અને અષોઇથી, તેમને શીખાડેલો માર્ગ ધરો, તો તેમના વચનો વ્યર્થ નથી,[૨] પણ સત્ય છે, એટલું તમે અનુભવથી સિદ્ધ કરી શકશો. વીરનો

૧. સુરી બાયઝીદે બસ્તામી કહિ ગયો છે કે ૩૦ લાંબા વર્ષ મેં ઇશ્વરજીને ગોત્યા. ત્યારકેડે આંખ ઉઘાડી. મને ત્યારે જણાયું કે ઈશ્વરજી તો મને શોધતા હતા ! જુવો પાછળ, પાન ૩૧૪. ૨. Heaven and earth shall pass away, but my words shall not pass away. (*Matthew 24-35.*)

During the last 2 or 3 centuries alone, upwards of thirteen fixed stars making each a planetary system, have disappeared, after they seemed to be on fire; so much so that one of them could be seen burning for days together by the naked eye, at mid-day. (*Biblical Encyclopædia.*)

વીર, કરોડો વીરોમાંથી એક વીરજ 'અષોઇ'નો મહા બીકટ પહાડ ચઢી શકે છે. છતાં હરેક નર, નાર પોતાની શક્તિ અનુસાર અષોઇ પ્રાપ્ત કરે છે અને તેટલે અંશે બુદ્ધિ, સુખ અને શક્તિ સંપાદન કરે છે. મોહ અને પાપનો માર્ગ છોડીને, ઝટ અષો જરથુશ્ત્ર સાહેબે શીખાડેલા માર્ગે હરેક જરથોશ્તિએ લાગી જવું, એજ એનુ કર્તવ્ય, એનો ધર્મ, એની ફરજ છે. તો જેજે જ્ઞાન, શક્તિ અને આનંદ હરેક ધર્મના મહાગુરૂએ શીખાડયું છે, તે હરેક જરથોશ્તિને સુલભ બનશે. પાક દાદાર અહુરમજદ તમને એ માર્ગે લાગવાની અમૂલ્ય બુદ્ધિ દે!

'અષોઇ' પ્રાપ્ત કરવાને શાસ્ત્ર શીખવું જોઇએ. તે શાસ્ત્ર આ પુસ્તકમાં જણાવેલા સદગુણો અને અધ્યાત્મિક લક્ષણો પ્રાપ્ત કરવે, ઉત્તમ પ્રકારે મેળવી શકાશે. મારા બંધુઓ આ લક્ષણો સંપૂર્ણ રીતે સમજી શકે, તેને માટે અન્ય ધર્મો અને સાહિત્યોની સરખામણી પણ આપવામાં આવી છે. સુજ્ઞ વાંચનારે જે જે ધર્મ અભ્યાસ કર્યો હોય, તેની સરખામણીથી તે જરથોશ્તિ ધર્મ વધારે રસપૂર્વક સમજી શકશે. વળી અન્ય ધર્મોના અનુયાયીઓ, જરથોશ્તિ ધર્મનું ઉંડાણ પોતપોતાના ધર્મના શ્લોકો ઉપરથી બહુ સ્પષ્ઠ રીતે અને ઉત્સાહથી પીછાણી શકશે, અને જરથોશ્તી ધર્મનો સત્કાર કરી શકશે. તે ઉપરાંત જે જરથોશ્તીઓ બાઇબલ, ભગવદગીતા વિગેરે પુસ્તકોમાં આવેલા નિતી બોધોથી અંજાઇ ગયા હોય અને જરથોશ્તિ ધર્મ શાસ્ત્રોમાં તેટલી મહત્વનું કાંઇ નથી એ પ્રમાણે અભ્યાસ વિના માની બેઠા હોય, તેમની ખાત્રી થશે કે પવિત્ર અવસ્તા વાણીમાં લગભગ તેવાંજ કીમતી શીક્ષણો સમાયલાં છે અને તે ભાષામાં થોડાં બચેલાં પુસ્તકોમાં પણ તેના ઢગલાઓ પડેલા છે. વધુ તેઓ જાણી શકશે કે પાછળથી પ્રગટ થયેલાં બીજાં કેટલાંક ધર્મ શાસ્ત્રોએ અવસ્તામાં આવેલા ઘણાક નૈતિક પાઠોની નકલ કરેલી દેખાય છે. વળી જરથોશ્તિઓ પણ બીજા ધર્મો માટે માન અને પ્રેમ જાળવતા રેહશે, કારણ કે અહુરમઝદ કીરતારે, બીજી પ્રજાઓ માટે પણ ઉત્તમ મહાગુરૂઓ મોકલ્યા છે, જેમણે જરથોશ્તિ ધર્માનુસાર ઉત્તમ બોધો જગકલ્યાણાર્થે દીધા છે, એ અન્ય ધર્મોની સરખામણી ઉપરથી સિદ્ધ થઇ શકશે. એકજ જગતમાં વસતા સર્વે માનવીઓ ભાઇબંધો છે, અને તેઓ એકજ પીતા ઇશ્વરનાં બેટા, બેટીઓ છે, અને તે હરેકને, દયા અને મહોબતથી પોતાની પાસે લેવાને, તે પરમકૃપાળુ પરમાત્માએ

જગતના ઉત્પતિ કાળથી અનેક પ્રયત્નો કર્યાં છે, અને તેનું અપાર જ્ઞાન તેણે અસંખ્ય શીક્ષકો અને ગુરૂઓ મારફતે માનવ-પ્રજા માટે મોકલ્યું છે, અને પ્રાણી માત્ર તરફ પ્રેમ બતાવી, તેમનો ઉધ્ધાર કરી, પોતાનું કર્તવ્ય[1] નિરંતર બજાવી, માનવી પોતાના પીતા ઇશ્વરની છાતિમાં ફરી જઇને વસી શકે છે, એ સિધ્ધાંત અંતઃકરણપૂર્વક માનવાને માટે પુરાવાઓની જરૂર છે. તે પૂરાવાઓ ભિન્ન, ભિન્ન ધર્મોની સરખામણી ઉપરથી સ્પષ્ટ મળી જાય છે. જેમ એક ચીનો રસાયણશાસ્ત્રી, જો જાપાની, હિન્દુ, પારસી, ખ્રિસ્તી, એશ્યાખંડ, યુરપખંડ કે અમેરીકા-ખંડ વાસીએ લખેલી રસાયણ શાસ્ત્રનો પ્રથમ દર્શકજ તીરસ્કાર કરે અને અમાન્ય રાખે, તો અજ્ઞાની અને મૂઢ લેખાય, તેમ જરથોશ્તિ "ધર્મ–શાસ્ત્રી", જો પોતાની આંખો મજબુતીથી બંધ રાખે અને બીજા ધર્મોનો અભ્યાસ કરવા ધર્માંધથી ના પાડે, તો તેપણ અજ્ઞાડી અને અપૂર્ણ લેખાય! વળી પ્રાણી માત્રની ઐકયતા જાળવે અને દરેક માનવીને કરણી પ્રમાણે મોક્ષ પદે પહોંચવાની આશા દે, ત્યારેજ 'ધર્મ' સત્ય છે એમ લેખવું. ટંટો, ફીસાદ, પાપ, ઝઘડાઓ, પૂર્વ અને પશ્ચીમ દેશોની લડાઇઓ, બળવાઓ, બખેડાઓ, ખુનામર્કિ, અન્ય ધર્મોનો તિરસ્કાર, માનવ ભાઇ બહેનોનું અપમાન અને અવગણના ત્યજીને, પ્રાણી માત્ર સાથે "ભાઇબંધી" જાળવીને, તેમના કલ્યાણાર્થે જીવન ગાળીને, નીતિનો પરમ પવિત્ર માર્ગ કાપનાર, જગતમાં નીડર, નિઃશંક બનીને, અમર શાન્તિ અને સુખધામ માટે અધિકારી બને છે. એટલું સમજીને ધર્મનું સેવન કરો અને કૃત્કૃતાર્થ બનો. એ કાર્યમાં કાંઇક સહાયતા આ પુસ્તકથી મળે, એવી અષો અહુરમઝદને આ લેખકની નમ્ર પ્રાર્થના છે.

આ પુસ્તક ધર્મોપદેષ (વાએજી) કરનાર, લેખક, વકતા, શીક્ષક, મનન કરનાર,[2] હૈયું કેળવનાર, તેમજ ધર્મોની સરખામણી કરનાર

---

૧. यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम्
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥

(ભગવદ ગીતા, ૧૮–૪૬.)

જેમાંથી સકળ પ્રાણીઓ અને ભૂતો બહાર પ્રગટયાં, જે સૃષ્ટિમાં પ્રસરી રહયો છે, તેને પોતપોતાની ફરજ બજાવવે પૂંજનાર, સિધ્ધિ (સંપૂર્ણતા, ખુરદાદને) પામે છે.

૨. Meditator, ધ્યાની.

સર્વેને ઉપયોગી થઇ પડે એવી ધારણાથી, લખવામાં આવ્યું છે. તેની ભાષા સરળ અને વિષયોને શોભે એવી રાખવામાં આવી છે. આ લેખક જાણે છે કે કેટલાક જરથોશ્તિઓ ઇચ્છશે, કે બહુ ફારસી શબ્દો વાપરીને, તે ઘરઘતુ બનાવવામાં આવી હોત. પણ વાંચક વર્ગ વધુ બહોળો રહેવાનો સંભવ છે, ત્યારે એમ કરવું સર્વે વાંચકોને તો ન જ પાળવે. છતાં એક સરળ ઉપાય છે. જેમની ઇચ્છા હોય, તેમણે ટાંકેલા ફકરાઓનો મન ચાહે તે પુસ્તકોમાંથી તરજુમો વાંચી લેવો. અને બીજું સર્વ છોડીજ દેવું! માટે તે પુસ્તકો હાથ આગળ રાખી છાંડવા. આ લેખક દ્રઢતાથી માને છે કે ગુજરાતી ભાષાનું ૭ માં પુસ્તક પર્યંતનું જ્ઞાન કોઇ પણ ગૂઢ, રમૂઝવાળા અને ઉંડા વિષયને સમજવા કાજે અવશ્યનું છે. એ સુંદર ભાષા સારૂં થોડાંક વર્ષો રોકવાનું અનિવાર્ય છે, કારણ કે સદીઓ થયાં તો ગુજરાતિજ જરથોશ્તિઓની માતૃભાષા બની રહિ છે. તો તેના વ્યહવારૂ અને યોગ્ય અભ્યાસ વિના, સ્પષ્ટ અને ઉંડા વિચાર કરવાનું લગભગ અશકય છે. ઇંગ્રેજી અથવા બીજી કોઇ પણ ભાષાનો ગમે એવો ઉત્તમ અભ્યાસ હોય, છતાં જો માતૃભાષા સંપૂર્ણ રીતે ન ભણી હોય, તો મન સંકોચિત થાય છે, અને વિચારો અસ્પષ્ટ રહિ જાય છે.

તે ઉપરાંત જેઓ માત્ર વ્યાકરણાભ્યાસી રહેવા ન માગતા હોય, એવા ધર્માભ્યાસીઓ સારૂં અવસ્તા, પહેલવી અને સંસ્કૃત ભાષા ભણવાની આવશ્યકતા છે, એ કદી ભૂલવું નહિં. ગમે એવા શુદ્ધ તરજુમાઓ વાંચવાથી કદીએ અસલ શીક્ષણનો ભેદી છાપ, હૈયાં અને બુદ્ધિ[1] ઉપર પડી શકતોજ નથી. વળી સુંદર અને મીઠી અવસ્તા, સંસ્કૃત વીગેરે જૂની ભાષાઓની મધૂરતા તો, તે અસલમાં સમજીને વાંચવેજ જણાય છે, એટલી ખાત્રી રાખનારને, તે ભાષાઓનો અભ્યાસ કરવાને ઉત્સાહ થશે. જેઓ એ ભાષાઓ અઘરી છે એવું બહાનું કાઢે છે, તેમને હિન્દના નેતા શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીજી, જેઓને અનેક બંધુઓ મહાત્મા લેખે છે, તેમના ટુંક શબ્દોમાં જવાબ વાળી શકાશે. એમણે સત્ય જણાવ્યું છે કે, જો ધર્માભ્યાસી, ભાષા શીખવા જેટલી ઉલટ અને મેહનત ન કરી શકે, તો ધર્મનું અનુકરણ, જે અત્યંત મુશ્કેલ છે, તે કદીએ કરી શકે એવો સંભવ નથી. ધર્મિષ્ઠ થવા ઇચ્છનારે, સમૂળગો

૧. ઉરવન અને બઓધંગ.

સાત્વિક બનીને રાત, દિન અભ્યાસ, મનન અને વર્તન કર્યાજ જવું જોઇએ. તેનું દ્રષ્ટિબીંદુ[1] "મોજ શોખ," "ભોગવવાના ભોગોના સેવન"[2] ઉપરથી ઉઠાડી લઇને, કર્તવ્ય, ધર્મ અને સેવા ઉપર સચોટ લાગવું જોઇએ. તેજ તેનું સર્વોત્તમ આનંદનું સાધન બની જવું જોઇએ. ત્યારેજ જેને ચિન્વત પુલ કહ્યો છે, અને જે તલવારની ધારથી પણ સૂક્ષ્મ છે, તેવા સાંકડા રસ્તાની[2] ઉપરથી, જીવતાં જીવત, સલામતીથી અને હસ્તે હૈયે અને મૂખડે ચાલી જઇ શકાશે! તેની પેલીપાર ખુરશેદ પાયા, મહાપાયા, સતર પાયા અને ગરોનેમાનના અનંત અને પૂર્ણાનંદ, પૂર્ણ જ્ઞાન, અને પૂર્ણ શકિતના ભૂવનો તેની મીનોઇ આંખો[3] આગળ ઉઘડા જશે.

ભક્તિમાં કંટાળો ન આવે, ભકિત સુખરૂપી બને, ભકિત મનની શંકાઓનું સમાધાન કરે, ત્યારેજ ભકિતરસનો પ્યાલો સારી પેઠે પીધેલો ગણાય. એવા હેતુથી આ પુસ્તકમાં અન્ય ધર્મો અને સાહિત્યોની

---

૧. ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥
शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात्
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥
योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥
लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः
छिन्नद्वैधा यतात्मनः सर्वभूतहिते रताः ॥

(ભગવદ ગીતા ૫-૨૨ થી ૨૫.)

હે કૌન્તેય ! સ્પર્શ (ઇંદ્રિ)થી ઉત્પન્ન થયેલા ભોગો, ખરેજ દુઃખની યોનીઓ છે. કારણ કે તેઓ આદિ, અન્તવાળા છે; માટે તેમનામાં બુદ્ધિમાનો મોજ મેળવતા નથી. આ પૃથ્વિ ઉપર જેપણ શરીરમાંથી છુટી જતા પેહલાં, ઈચ્છા (કામ) અને ક્રોધના વેગનું સહન કરી શકે છે (અને તેમને વશ થતો નથી), તેજ યોગી છે, તે (ખરો) સુખી છે. જે ભિત્તરમાં સુખી છે, ભિતરમાં મોજ મેળવે છે, ભિત્તરમાં જ્યોતિ (પ્રકાશ) પામ્યો છે, તે યોગી બ્રહ્મ (એટલે ઈશ્વર) બનીને, ઈશ્વરની નીર્વાણની શાંન્તિ પામે છે. ઋષીઓ, પાપો બાળીને, દુઈ (દ્વન્દ્વ) છોડીને, પોતાને કાબુમાં રાખીને, સઘળા ભુતો (પ્રાણીઓ) ના કલ્યાણર્થે યત્ન કરીને, ઈશ્વરની શાન્તિને અને નીર્વાણને પહોંચે છે.

૨. Straight is the path, narrow the gate, few there be that find it. ૩. દિવ્ય ચક્ષુઓ.

સરખામણીઓ દાખલ કરી છે, જેમા દરેક વાંચક મનવાંચ્છિત વધારો, પોતાના વાંચનાનુસાર કરી શકશે. નાટક, સીનેમા અને બગીચા, ગુલેસ્તાનો જોવામાં, કવિતા અને સાહિત્ય વાંચવામાં, સુંદર પુતળાંઓ જોવામાં, મધૂર ગાયન, વાદન સાંભળવામાં, ઉત્તમ મિષ્ટાનો જમવામાં, સુગંધીઓનો ભોગ કરવામાં, અને સુંવાળી વસ્તુના સ્પર્શમાં જેટલો મીઠાસ લાગે છે, તેટલોજ અથવા વધુ, ભકિત રસમાં જ્યારે લાગે, ત્યારેજ ભકિત સિધ્ધ થઇ અને દાદાર અહુરમજદને પહોંચવાને યોગ્ય તે બની, એમ જાણવું. ત્યાં સુધી તો ભકિત શીખો છો, એમજ માની લેજો. આવી કેળવણી લેવામાં આ પુસ્તક સહાયક થઇ પડશે, એવી આશા છે.

માથ્રવાણીનો વિષય સમજવા માટે, આજના પદાર્થ શાસ્ત્રમાં "અવાજ"નું[1] અને "ગાયન"નું વહેવારૂં જ્ઞાન મેળવવું જોઇએ. વળી હિન્દુ શાસ્ત્રમાં ધ્વનીનો વિષય અને ૐકાર અને "વાખ"નો વિષય સમજવાની જરૂર છે. માત્ર એકજ પુસ્તક જે ઇંગ્રેજીમાં છે, અને જે એક કુશળ અને હાઇ કોર્ટના ઇંગ્રેજી ન્યાયાધીશે લખ્યું છે,[2] તેની તરફ વાંચકનું લક્ષ ખેંચીને વિનંતી કરીશું, કે એ વિષય કેટલો ગૂઢ અને ચિત્તાકર્ષક છે, તેની ખાત્રી કરી લેવી. ધર્મનો અભ્યાસ કરવાને અધિકારી બનવા ઇચ્છનારે, ભલાં કર્મ અને અનેક શાસ્ત્રોના જ્ઞાનનો પાયો નાખવો જોઇએ.[3] સર્વોત્તમ "જ્ઞાન" જે મનનું નથી, પણ "આત્મા"ના જ્યોતિ પ્રકાશ પછિજ મળે છે, તે અત્યંત પ્રયાસ, અધ્યયન અને મનન અને અષો જીવન વિના, પામી શકાય જ નહિં. આજે તો "પૈસા"ની પૂંજા થઇ રહિ છે, ઇન્દ્રિય વિષયોનુંજ અબાધિત સેવન ચાલ્યું જાય છે, આળસ્યનો મહિમા ઉજવવાને નર, નાર તત્પર થયાં છે, એટલે સાત્વિકતા અથવા અષોઇના બારણાં બંધ થયાં અને 'મિનોઇ'નું જ્ઞાન નામ માત્ર જેવું થઇ ગયું છે, તેમાં નવાઇ શી? સર્વથી મહાભારત સાહસ જે ગાથામાં લેખાયું છે, તે માથે ઉઠાવવાને કોઇને ઉત્સાહ અથવા કાળજી નથી, તો પછિ "મીનોઇ" ભુવન ગુપ્ત

---

૧. Sound, timbre, tune. ૨. "Garland of Letters" by Arthur Avalon (Mr. Justice Woodroffe.)

૩. सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते।

(ભગવદ ગીતા ૪-૩૩).

પાર્થ! દરેક કર્મ, છેવટે જ્ઞાનમાં વિરામ પામે છે.

પડી રહ્યું છે, તેમાં ખોડ "મીનોઇ"ની નથી, પણ તે મેળવવાને જોઇતા પ્રયાસને 'ખીફ્ટ' ગણવાનીજ છે. "મીનોઇ ભૂવન" માત્ર એક મોહ-જાળ નથી. જે, જે વસ્તુ અથવા જ્ઞાન મેળવવા ઇચ્છો, તેને માટે દામ આપવું જ જોઇએ, તેને માટે યોગ્ય સાધનો, સામગ્રીઓ અને વિદ્યાઓ સંપાદન થવી જોઇએ. અંતઃકરણપૂર્વક, લાંબો, અખંડ અને પ્રેમી 'અષો' પ્રયાસ વિના "મીનોઇ"નો ભૂમી બંધ રહે છે એટલુંજ નહિં, પણ તેમાં પ્રવેશ કરવાનો દ્વાર પણ જડશે નહિં, એ ખાત્રીથી માનજો. પણ તેમાં "મીનોઇ"નો દોષ નથી; અપૂર્ણતાનો, અયોગ્યતાનો, અપાત્રતાનો છે. જગતની સર્વે ખટપટ ત્યજીને, મનને સમાધાન કરીને, ઇન્દ્રિઓને વશમાં[1] રાખીને, ફરજ બજાવતાં, જે માનવી થાકતોજ નથી, અને તેમાંજ સર્વોત્તમ સુખનું સાધન જોતાં શીખે છે, તેજ "મીનોઇ"માં પ્રવેશ કરવાને અધિકારી બને છે. બાકી જગતની દોલત, લાખ પુસ્તકો વાંચીને મેળવેલું મનનું પાંડિત્ય, ૧૦૦ વ્યાકરણો ભણીને ગોખેલા શબ્દો, લોકને દેખાડવાને દીવસની કલાકોની કરેલી ઢોંગી ભક્તિ, નામ, પદવી, ખેતાબ, ઉમર, સફેદ બાલ, તસબીહ, માલા, સફેદ સાદયો– એમની "મીનોઇ"માં કોડી, દમડી જેટલી કીમત થાય છે, જો કે એ સર્વનો સદુપ્યોગ ખરેજ આવકારદાયક છે. "મીનોઇ"માં ભાવના અને મતલબ કેવી છે, તેની ઉપરથી કસોટી થાય છે. માટે સરળ અને ખાલેસ સ્વભાવ વિના તે ભુમીને પહોંચી શકાતું નથી.

આ પુસ્તકની આ પહેલી આવૃત્તિ "ઇરાન લીગે" પ્રગટ કરી છે. શેઠ પેશોતન ડોસાભાઇ મારકર સાહિત્ય ફંડમાંથી આ ખર્ચ આપવા માટે "ઇરાન લીગ"નો આ લેખક અંતઃકરણપૂર્વક આભાર માને છે. આવાં ધાર્મિક પુસ્તકો ગમે એટલાં ઉપ્યોગી હોય છે, છતાં એમનો પ્રસાર કરવાનું કાર્ય જંજાળભર્યું છે. તેમાંથી મુક્ત થયાથી, આ લેખક શુક્રાના કરે છે. આ પુસ્તકની પહેલી આવૃત્તિની સઘળી આવક ઉપલ "ઇરાન લીગ"ના "મારકર સાહિત્ય ફંડને" અર્પણ કરવામાં આવી છે એજ પુસ્તકનો ફારસી, ઇંગ્રેજી ઇત્યાદી ભાષામાં તરજુમો કરાવવા કરવાની આ લેખકની નેમ છે. જરથોશ્તિ ધર્મ વિષે બીજા ધર્મ વાળાઓ જેવા કે હિંદુ, ખ્રિસ્તી, મુસલીમ, યહુદી અને બુધ્ધિસ્ટ બહુ

---

૧. યમ, નીયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યહાર, ધારણા, ધ્યાન, સમાધી, એટલાને હિન્દુ શાસ્ત્રમાં અષ્ટાંગ યોગ કહ્યો છે.

થોડું જ્ઞાન ધરાવે છે, તેમને આ મહાન ધર્મનો વધારે ઉત્તમ રીતે અભ્યાસ કરવાને જીજ્ઞાસા આ પુસ્તક વાંચવે થશે, એવી આ લેખક આશા રાખે છે. અવસ્તા અને વૈદિક ધર્મોની વધુ સરખામણીએ થવે, એ બન્ને ધર્મો ઉપર વધારે અજવાળુ પાડી શકાશે, એવું ખાત્રીપૂર્વક જણાય છે. એ સરખામણીઓ આ પુસ્તકની સહાયતાથી ચાલુ થશે, એવી પ્રાર્થના છે.

આજ પુસ્તકની ઢબ ઉપર "પહેલવી પુસ્તકોના જવાહીરો"નો સંગ્રહ, મુંબઇની જરથોશ્તિ જશન કમિટીના ધર્મ શીક્ષકો કરી રહયા છે, જો કે તે પાર પાડવાને કાંઇક વર્ષો વીતી જવાં જોઇએ.

આ પુસ્તકમાં આવેલા હજારો ઉતારાઓનું, એરવદ સાહેબ કાવસજી એદલજી કાંગાના તરજુમા અને પુસ્તકોમાંથી નકલ કરવાનું કાર્ય બહુ મુશ્કેલ હતું. તે કાર્ય મુંબઇની જરથોશ્તિ જશન કમિટીના માજી અથવા હાલના શીક્ષક સાહેબો એરવદો એદલજી ફરામજી માદન, સોહરાબ કાવસજી દસ્તુર મહેરજીરાણા અને દારબ ફરામરોજ કુટારે બહુ ખંતથી બજાવ્યું છે, જેથી તેમનો ભારે ઉપકાર થયો છે. તે ઉપરાંત મી૦ હોશંગ તેહમુરસ્પ અંકલેસર્યા, એરવદ દારબ ફરામરોજ કુટાર અને એરવદ બમનજી નસરવાનજી ધાભર (એમ. એ.) અવસ્તાના જવાહીરોમાં આવેલા સઘળા અવસ્તાના ઉતારાઓ સંભાળથી તપાસી ગયા છે, તેમને સુધાર્યા છે, અને તેમના ફકરાઓ ટાંકી બતાવ્યા છે. એ ઘણુંજ જંજાળનું કાર્ય એ સાહેબોએ સબુરીથી બજાવીને, પુસ્તક પ્રગટ કરવાના કાર્યમાં બહુ સહાય કરી છે. તેમનો આભાર ભુલાય એમ નથી. શેઠ મંચેરજી ફરામજી પીઠાંવાળા ચિત્રકારે આ પ્રસ્તાવનામાં આપેલાં ચિત્રો સરખાં ગોઠવી આપવામાં સહાય થયા છે. તેમનોએ આ લેખક ઉપકૃત થયો છે.

આ પુસ્તકમાં આવેલો તરજુમો ઘણે ભાગે એરવદ સાહેબ કાવસજી એદલજી કાંગાનો છે, જો કે ભાષા અને વિચારોમાં ઘણેક ઠેકાણે ફેરફાર કરવામાં આવ્યો છે. નવોજ તરજુમો કરીને જરથોશ્તિઓના મનમાં ધર્મ પુસ્તકોના અર્થો માટે હજી વધારે વસવસો અને શક ઉભો કરવા કરતાં, એરવદ સાહેબ કાવસજી એદલજી કાંગા જેવા ધાર્મિક વૃત્તિના, કુશળ ધર્મગુરૂનોજ તરજુમો બને તેટલે અંશે ચાલુ

રાખવાથી, અમુક ધોરણ[1] જાળવી શકાશે. તે ધારણાથી તેમના તરજુમાને અને તેમના ફકરાઓની આંકણીને આધારરૂપ લેખ્યો છે. આ પુસ્તકમા દર્શાવેલા વિચારો માટે "ઇરાન લીગ" જવાબદાર નથી. ટાંકેલા અસલ અવસ્તાના કલામો અને તેના તરજુમા શીવાય, જેપણ મથાળાની નીચે અથવા વિષયની પૂર્વે લખાણ કરવામાં આવ્યું છે, તેને માટે માત્ર આ લેખક જ જોખમદાર છે.

ચોપાટી, મુંબઈ ૪-૪-૧૯૨૮. ફરેદુન કેરશાસ્પ દાદાચાનજી.

---

૧ Standard. હવે સર્વાનુમતે સ્વિકારવામાં આવે એવો ધોરણરૂપી તરજુમો પ્રગટ કરવાનો સમય આવી પહોંચ્યો છે. સઘળા વિચારના જરથોશ્તિ વિદ્વાનોના ભેગા પ્રયાસથી તે બહાર પાડી શકાશે. આવું રચનાત્મક કાર્ય કરવાથી વિદ્વાનો કેમ પાછળ પડે છે, એ સમજવું મુશ્કેલ છે.

અવસ્તાના જવાહીરો

અને

અન્ય ધર્મોનો તેમની સાથ સરખામણીઓ.

ભાગ પહેલો

સર્વવ્યાપક.

-:o:-

અષો અહુરમજદ સર્વવ્યાપક છે. સકળ સૃષ્ટિમાં એવું એક પણ અણું અથવા બીંદુ નથી જ્યાં તે હાજર ન હોય. એટલે કે જ્યાં જ્યાં પ્રકૃતિ છે, ત્યાં ત્યાં તેની અંદર તે અંતરયામી વસે છે. આપણે તેને બહારના વ્યક્ત અને વીશ્વ સ્વરૂપમાં નીહાળ્યે છીએ, પણ તેનાં મીનોઇ એટલે અધ્યાત્મ રૂપમાં જોઇ શકતા નથી, કારણ કે જે દીવ્ય ચક્ષુ અષો જરથુશ્ત્ર સાહેબે ખીલવી અને તેથી તેને પોતાની આંખોમાં રાખી અને પ્રગટ જોયો, તે આપણે ઉઘાડી નથી. તે આંખો અથવા લોચનો ઊઘાડવા માટેજ, અષોઇનો અચલ અને ઝડપી માર્ગ જરથોશ્તિઓને અષો જરથુશ્ત્ર સાહેબે શીખાડયો છે.

અવિ-તન્યો સર્વત્ર (તણાયલો) પથરાયલો, વ્યાપેલો એ નામ અહુરમજદ યશતમાં અહુરમજદના ૨૦) નામોમાં ત્રીજું જણાવ્યું છે. **વીત નાંમ અહ્મિ**, સર્વવ્યાપક નામવાળો છું; **હર્વસ્તુમ**, સર્વમાં સર્વ; **મનો-તૂમ** સર્વથી વધુ અનહીઠ; **મીનો-નહબૂ** અદ્રષ્યમાં ગુપ્ત (મીનો); **નાશા** સર્વને સરખી રીતે પહોંચનાર; **વસ્પાંન** સકળ સૃષ્ટિને પહોંચી વળનાર[1], એવાં નામો, અહુરમજદના પરમ પવીત્ર ૧૦૧ નામોમાં આવી જાય છે.

હવે આ નામો, ઉપર ઉંડું મનન કરવાથી માનવી સૃષ્ટિની મધ્યે કેવો પાત્ર ભજવે છે, તે જણાશે. જ્યારે અહુરમજદ સર્વવ્યાપક છે, ત્યારે તે દરેક અણુંમા વાસો કરે છે. એટલે કે દરેક અણુ બહારથી દ્રષ્ય છે, છતાં, તેની અંદર ગુપ્ત રીતે અહુરમજદ રહ્યો છે. તો અહુર-

---

૧. વધુ માટે જુવો પાન ૫૧ થી ૬૦.

મજદને કયાં શોધવો, તે સમજાય છે. ભિત્તરમાં વસતા અહુરમજદને, ઇન્દ્રિયો અને બહાર જતાં મનથી શોધવું મીથ્યાજ છે. તે સર્વમાં તેને પીછાણવો એટલું યોગ્ય છે. પણ મન અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરી, તેમને શાન્ત બનાવી, તેમને ભટકતાં અટકાવીને, જો માનવી દર દીવસે થોડી ઘડી પણ અહુરમજદનું મનન કરવાને, તેના નામનું મનમાં ઉચ્ચારણ કરીને પ્રયાસ કરે, તો અન્તરના જ્યોતિ રૂપે, શોધનાર અષો નર, નારને તે દર્શન દે છે, જે દર્શનને માટે અષો જરથુશ્ત્ર સાહેબે ગાથા અને અવસ્તામાં ઠેકે ઠેક તીવ્ર ઇચ્છા બતાવી છે.[1] આટલું સમજવે પાશ્ચાત્યની ઉંધે માર્ગે દોરવનાર ફીલસૂફીનો ત્યાગ કરવાને શ્રદ્ધા આવે છે, કે અહુરમજદ 'ન જાણી શકાય'[2] એવો નથી, કારણ કે જે આપણી અંદરજ વસે છે, જે સર્વમાં સર્વ છે, તેજ ન પીછાણી શકાય, તો એ સઘળાં નામો[3] માત્ર મોહજાળ અને ફસાણ હોવાં જોઇએ. ખરેજ તમને પાશ્ચાત્ય ફીલસૂફો શીખાડશે કે અનૂભવ્યા વિના અહુરમજદ જગતકર્ત્તા છે, એવું પણ કબુલશો નહિ.[4] ત્યારે એ નાસ્તિકપણાના ભર દર્યામાં જીપલાવવાને બદલે, વિશ્વાસથી અને નમ્રતાથી મહા ધર્મગુરૂ સાહેબ જરથુશ્ત્રના શીક્ષણો સ્વિકારીને, પછિ તેમણે આપેલાં વચન કદી અસત્ય ન ઠરશે, એવો આશાવાદ રાખીને, રૂહાની શોધ[5] કરવા શ્રમ લેવાને, આ સુંદર "નામો" ખરા ભક્ત અને દીનદારને દોરવે છે. ત્યાર પછિ તે નામો અને સંપૂર્ણ અષોઇની સહાયતાથી "અહુરમજદ" અનૂભવાય છે.

વ દાંમ વયેમિ, યસ્ચ દથત્ સ્પેન્તો મઇન્યુશ, યસ્ચ દથત્ અંઘ્રો મઇન્યુશ. અપયતે નાંમ અહ્મિ, અષાઉમ્ જરથુશ્ત્ર; અવત્ અપયતે નાંમ અહ્મિ યત્ વ દાંમ અપયેમિ, યસ્ચ દથત્ સ્પેન્તો મઇન્યુશ, યસ્ચ દથત અઘ્રો મઇન્યુશ.

બે (જાતની) સૃષ્ટિ કે જે સ્પેનાર્મીનોએ બનાવી તથા જે અંગ્રેમીનોએ ઉપજાવી, તે બન્ને સૃષ્ટિમાં (હું) પંથરાએલો છું[6] હે અષો

૧. જુવો પાન ૧૩૪ થી ૧૪૯. ૨. The Unknowable. ૩. The Christ is as only the Word Incarnate or the word made flesh. Compare Sarosh with Body of Mithras. જુવો પાછળ નામ સ્મરણ મહિમા પાન ૧૦ થી ૧૫ અને દુઆ નામ સેતાયશ્ને. સરખાવો હિન્દુ શાસ્ત્રોમાં જપ, જાપ (जपयज्ञ)નો વિષય.
૪. Atheism नास्तिकपणुं ૫. Spiritual research.

૬. यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम ॥ (ગીતા ૧૦–૩૯.)

જરથુશ્ત્ર! પહોંચનાર નામવાળો હું છું. હું પહોંચનાર નામવાળો એટલા માટે છું, કે એ (જાતની) સૃષ્ટિ કે જે સ્પેનામીનોએ સરજી તથા જે અંગ્રેમીનોએ ઉત્પન્ન કરી તે બે સૃષ્ટિને હું પહોંચી શકું છું.
(રામ યશ્ત. ફ. ૪૩)

સર્વજ્ઞ.[૧]

મજ્દા-મહાજ્ઞાની (સાહેબ)

યે વાઍ મજ્દા અહુરા પઇરી-જસાઇ વોહૂ મનંઘ્હા.

એ મહાજ્ઞાની સાહેબ! સુમતિની મારફતે તારી નજદીક હું પહોંચું.
(હા. ૨૮ ફ. ૨)

અર્થ:-અને સકળ પ્રાણીઓનું જે બીજ, તે હું (પરમાત્મા) છું, હે અર્જુન! અને ન સ્થાવર કે ન હીલચાલ કરતું, કાંઈએ મારા વિના હસ્તિ ધરાવી શકે છે!

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥
(ગીતા ૧૦. ૪૨.)

અર્થ:-પણ તને, હે અર્જુન! એ સર્વ મારી વિભૂતિની વીગતો સાથે શું સંબંધ છે? આ સકળ બ્રહ્માંડ (સૃષ્ટિ) માં મારો એક નાનો અંશ સર્વે વ્યાપી રહ્યો છે, અને હું તો જેવોને તેવો રહ્યો છું.

बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥
(ગીતા. ૧૩. ૧૫.)

અર્થ:- હરેક સ્થાવર અને હિલચાલવાળાં પ્રાણીની અંદર અને બહાર તે છે; સુક્ષ્મતાને લીધે તે જોઈ જાણી શકાતો નથી; તે નજદીક છે તેમજ બહુ દુર છે.

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥
(ગીતા ૭. ૨૬)

અર્થ:-હું સર્વ પ્રાણીઓ જે ભુત, વર્તમાન તથા ભવિષ્યમાં હતાં, છે, અથવા થશે તેમને જાણું છું. પણ હે અરજુન! મને કોઈ ઓળખતું નથી.

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥
(ગીતા ૮. ૩.)

અર્થ:-બ્રહ્મ અક્ષર અને સર્વથી પર છે. તેનો સ્વભાવ અધ્યાત્મ (સ્વજ્ઞાન) છે. પણ જેનેથી ઉત્પત્તિ (જન્મ) થાય છે, તેને 'કર્મ' કહેલું છે.

દાઍસ્તૂ મઝ્દા ક્ષયાચા.

હે મહાજ્ઞાની તથા સત્તાધારી (સાહેબ) તું અનુગ્રહિ (મહેરબાન) થા. (હા. ૨૮ ફ. ૭)

અત્ એ વઑચત્ અહુરો મઝ્દાઑ વીદ્વાઑ વફૂશ વ્યાનયા.

તે ઉપરથી (અથવા) ત્યારે સર્વજ્ઞ (તથા) આબાદી કરનાર અહુરમજદે (પોતાના) અન્તરજ્ઞાનથી કહ્યું. (હા. ૨૯ ફ. ૬)

હ્વો ખ્રથ્વા દાંમિશ્.

જે પોતે (અહુરમજદ) પોતાની સર્વજ્ઞતાથી સકળ સૃષ્ટિ પેદા કરનાર (છે). (હા. ૩૧ ફ. ૭)

યેમ્ નએચિશ્ દાબયેઇતી.

(અહુરમજદનું ડહાપણ) જેને કોઇએ માનવી ભુલાવો ખવાડી ન શકે. (હા. ૪૩ ફ. ૬)

સર્વ શક્તિમાન—સમર્થ.[1]

ઍશ્વાઇશ્ તૂ ઉખ્ધાઇશ્ મઝ્દા જરથુશ્ત્રાઇ અઓજોંગ્હ્વત્ રફ્નો અહ્માઇબ્યાચા અહુરા યા દઇબિશ્વતો ત્બએષાઓ તઉર્વયામા.

હે અહુરમજદ! સાચી વાણીને અંગે જરથુશ્ત્રને તથા અમે (તેના શિષ્યો) ને જરૂર મોટો આનંદ (ઉપજે છે); જેથી દુષ્ટ માણસની ખરાબીઓને અમે હણ્યે. (હા. ૨૮ ફ. ૬)

અષિચા આર્મઇતી વહિશ્તા ઇષસા મનંઘ્હા, મઇબ્યો ક્ષથ્રેમ્ અઓજોનગ્હ્વત્, યેહ્યા વેરેદા વનએમા દ્રુજૅમ્.

અપોઇ, નમ્રતા તથા સર્વથી પવિત્ર સુમતિ (મનશ્ની) ની મારફતે મારે માટે બળવાન સત્તા હું યાચું[2] છું, જેથી દ્રુજને[3] અમે છિન્ન ભિન્ન કરી શકયે. (હા. ૩૧ ફ. ૪)

---

૧. यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ॥

(ગીતા ૧૦. ૪૧.)

(સૃષ્ટિમાં) જે જે યશસ્વી, નેક, અને મહાબળવાન છે, તે તે મારાં તેજના એક અંશમાંથી નીકળેલું છે એમ તું જાણ! ૨. માગું છું. ૩. દુષ્ટતાને.

અત્ થ્વા મેન્ગ્હી પૉઉર્વીમ્ મઝ્દા......અઘ્નંહેઉશ્ અહુરૅમ્ વ્યઓથનએષૂ.

આ દુન્યાના સઘળાં કાર્યો ઉપર સાહેબી ભોગવનાર સમાન, હે મજદ! (મેં) તને ગણ્યો છે. (હા. ૩૧ ફ. ૮)

મઝ્દાઑ અહુરો સારેમ્નો વૉહૂ મનંઘ્હા ક્ષથ્રાત્ હચા.

અહુરમજદ (જે) પોતાની સત્તાની રૂએ (સર્વ સૃષ્ટિ ઉપર) સાહેબી ભોગવનારો (છે). (હા. ૩૨ ફ. ૨)

હાતા-મરાને અહુરા વહિશ્તા વોઇસ્તા મનંઘ્હા...........
......મઝ્દા.

હે અહુરમજદ! (તારાં) સર્વોત્તમ મનોબળથી માણસો (નાં કરતુકો) નો હીસાબ લેવાને તું જાણે છે. (હા. ૩૨ ફ. ૬)

અત્ થ્વા મેંગ્હાઇ તખ્મૅમચા સ્પેન્તૅમ્ મઝ્દા.

ઓ અહુરમજદ! તને જરૂર સર્વ શકિતવાન (તથા) કલ્યાણકારી હું ગણતો રહીશ. (હા. ૪૩ ફ. ૪)

હ્યત્ દાઑ વ્યઓથના મીઝ્દવાંન્ યાચા ઉખ્ધા...........થ્વા હુનરા દામોઇશ્ ઉર્વએસે અપેમે.

સૃષ્ટિના સર્વથી છેવટના અંત સુધી તારી ન્યાયી રૂઢી પ્રમાણે, (માણસોને) (તેમનાં) કર્મ તેમજ વચન પ્રમાણે (તું) બદલો આપશે. (હા. ૪૩ ફ. ૫)

હ્યત્ ના ક્રયાઇ વએદમ્નો ઇસ્વા દઇદીત્ મઇબ્યો મઝ્દા તવા રફ્નો ફ્રાક્ષ્નૅનૅમ્, હ્યત્ થ્વા ક્ષથ્રા અષાત્ હચા ફ્રાંસ્તા.

તે જ્ઞાની (તથા) બળ્યો માનવી મને દોસ્તને, અએ અહુરમજદ! પુરતી રીતે તે ખુશાલી આપી શકશે, કે જે તારી સર્વ શક્તિ તથા અષોઇને લીધે તેં નિર્મિત કરી (છે). (હા. ૪૩ ફ. ૧૪)

અસ્ત્વત્ અષેમ્ ખ્યાત્ ઉશ્તાના અઑજોંઘ્વત્; ખેંગ્-દરેસોઇ ક્ષથ્રોઇ ખ્યાત્ આર્મઇતિશ્, અષીમ્ વ્યઑથનાઇશ્ વોહૂ દઇદીત્ મનંઘ્હા.

અષોઇ પુર તેજીથી જોરાવર (તથા) વિજયી થાય! (તારી) સુર્યના જેવી (પ્રકાશીત) બાદશાહીમાં (હે અહુરમજદ!) આર્મઇતિ (નમ્રતા) પોતાનો વાસો કરે (તથા) ભલાં મનની મારફતે (માણસોનાં) કાર્યાનુસાર (તેમને) આશીર્વાદ દે! (હા. ૪૩ ફ. ૧૬)

કે યા માઓ ઉક્ષયેઇતી નૅરૅફ્સઇતી થ્વત્.

તારા શીવાય (બીજો) કોણ (છે) જેનાથી ચંદ્રમા વધે છે (તથા) ઘટે છે ? (હા. ૪૪ ફ. ૩)

કથા-મોઇ યાંમ્ યઑશ્ દએનાંમ્ યઓજ્દાને, યાંમ્ હુદાનાઉશ્ પઇતિશૅ સખ્યાત્ ક્ષથ્રહ્યા, ઍરૅશ્વા ક્ષથ્રા થ્વાવાંસ્ અસીશ્તીશ્ મજ્દા હદૅમોઇ અષા વૉહુચા શ્યાંસ્ મનંઘ્રહા.

(આ) પવિત્ર દીન[1] (તથા તેનાં) ફરમાનો, જે (સૃષ્ટિના) શહેનશાહતના તારા જેવા જ્ઞાની માલેકે મને શિખાડયાં, (તે હું) કેવી રીતે પવિત્ર રાખું ? હે અહુરમજદ! (તારી) ન્યાય લક્ષણવાળી સત્તાને લીધે, અષ તથા વોહુ-મનો સાથે એકજ મુકામમાં તું રહે છે.[2] (હા. ૪૪ ફ. ૯)

તત્ થ્વા પૅરૅસા ઍરૅશ-મોઇ વઑચા અહુરા; યેજી અહ્યા અષા પોઇ મત્ ક્ષયેહી, હ્યત્ હેમ્ સ્પાદા અનઑચંઘ્રહા જમએતે, અવાઇશ્ ઉર્વાતાઇશ્ યા-તૂ મજ્દા દીદૅરૅજો; કુથ્રા અયાઓ કહ્માઇ વનનાંમ્ દદાઓ.

જો (તું) આ (દુન્યાં) માં અષો સાથે (સઘળાંઓનું) રક્ષણ કરનાર જેવો રાજ્ય કરે છે તો, અએ અહુરમજદ! તને હું પુછું છું તે (તું) મને સત્ય કેહજે, (તે એ કે) જ્યારે બે મુગાં મુગાં, (અથવા અવિનાશી) લશ્કરેં સાથે મળશે (ત્યારે), આ નિયમો જે તેં મુકરર કીધા છે તે પ્રમાણે, હે અહુરમજદ! આ બેમાંના કયાં (લશ્કર) ને તથા કેવી રીતે (તું) જય આપશે ? (હા. ૪૪ ફ ૧૫)

યસ્તા મન્તા પૉઉરૂયો, રઑચૅબીશ્ રોઇથ્વૅન્ ખાથ્રા.

જે (અહુરમજદ) સર્વથી આદિ વિચાર કરનાર (છે); (જેનો) ચળકાટ (આકાશના અનહદ) તેજો સાથે મળી ગયો છે.

(હા. ૩૧ ફ. ૭)

હ્વો ખ્રથ્વા દાંમિશ્.

જે પોતે પોતાની સર્વજ્ઞતાથી (સકળ સૃષ્ટિનું) ઉત્પત્તિસ્થાન (છે). **(હા ૩૧ ફ. ૭)**

---

૧. દએન, નીયમ, ધર્મ. ૨. અહુરમઝદનું ધામ, અષ અને વોહુમન સાથે છે.

થ્વૅ આ ગૅઉશ્ તશા અસ્–ખ્રતૂશ્ મઈન્યુશ મજ઼્દા અહુરા.

હે અહુરમજ઼્દ! દુન્યાંને બનાવવાની મીનોઇ (અદ્રષ્ય) અક્કલ તારી છે. (હા. ૩૧ ફ. ૯.)

કસ્ના જાંથા પતા અષહ્યા પૉઉરૂયો; કસ્ના ખ્વૅંગ્ સ્તરેમ્ચા દાત્ અદ્વાનૅમ; કે યા માઓ ઉક્ષ્યેઇતી નૅરૅફ્સઇતી થ્વત્.

શરૂઆતમાં અષોઇને। પેદા કરનાર તથા પીતા કોણ (હતો)? કોણે સુર્યને। તથા તારાઓને। માર્ગ મુકરર કીધો? તારા શીવાય (બીજો) કોણ (છે) જેનાથી ચંદ્ર વધે છે (તથા) ઘટે છે?

(જવાબ :– કોઇ નહીં). (હા. ૪૪ ફ૦ ૩)

કસ્ના દૅરૅતા જાંમ્ચા અદ્દ નબાઓસ્ચા અવપસ્તોઇશ; કે અપો ઉર્વરાઓસ્ચા; કે વાતાઇ દ્વાંન્મઇબ્યસ્ચા યઓગૅત્ આસૂ; કસ્ના વંઘ્હેઉશ્ મજ઼્દા દાંમિશ્ મનંઘ્હો.

ધરતિ તથા આસ્માનને નીચે પડી જવાથી કોણ ટેકવી રાખનાર (છે)? પાણી તથા વનસપતીને કોણે (સરજ્યાં)? પવનને તથા વાદળાંને કોણે વેગ દીધો? કોણ, હે અહુરમજ઼્દ! ભલાં મનને। સૃષ્ટા છે?

(હા. ૪૪ ફ૦ ૪.)

કે હ્વાપાઓ રઓચાઓસ્ચા દાત્ તેમાઓસ્ચા; કે હ્વાપાઓ ખ્વફ્નૅમ્ચા દાત્ જ઼એમાચા; કે યા ઉષાઓ અરેમ્–પિથ્વા ક્ષપાચા.

કયા કારીગરે તેજ તથા અંધકાર બનાવ્યાં? કયા કીસબીએ ઉંઘ તથા જાગૃતિ બનાવી? કોણે સહવાર, બપોર તથા રાત ઉત્પન્ન કર્યાં. (હા. ૪૪ ફ૦ ૫.)

અજ઼ેમ્ તાઇશ્ થ્વા ફ્રક્ષ્ને અવામી મજ઼્દા સ્પૅન્તા મઇન્યૂ વીસ્પનાંમ્ દાતારૅમ.

એ (વીષયો) થી માહીતગાર થવાને સકળ (સૃષ્ટિ) ના હે ઉપજાવનાર (તથા) સંપત્તિ દેનાર અદ્રષ્ય (પરમ) અહુરમજ઼્દ! (હું) તારેથી ઇચ્છું છું. (હા. ૪૪ ફ૦ ૭.)

અહ્યા ખ્રત્ દ્રો–મા સાસ્ત્ વહિશ્તા.

તેના પોતાના સર્વોત્તમ ડહાપણની મારફતે (તે) મને ઉપદેશ દેશે. (હા. ૪૫ ફ૦ ૬.)

ભલાં મનવાળો.[1]

થ્વા મેનગ્હી......વંઘ્હેઉશ્ પતરેમ્ મનંઘ્હો.

(હે અહુરમજદ) (મેં) તને ભલાં મન (સુમતિ) નો પીતા ગણ્યો છે. (હા. ૩૧ ફ૦ ૮.)

થ્વોઇ અસ્ આર્મઇતીશ્...મજ્દા અહુરા.

સંપૂર્ણ મનશ્ની, હે અહુરમજદ! તારી છે. (હા. ૩૧ ફ૦ ૯)

અથ્રા વાચેમ્ બરઇતી મિથહ્વચાઓ વા અરેષ્વચાઓ વા,
વીદ્વાઓ વા એવીદ્વાઓ વા, અહ્યા જરેદાચા મનંઘ્હાચા;
આનુશ-હક્ષ્ આર્મઇતીશ્ મઇન્યૂ પેરેસાઇતે યથ્રા મએથા.

તે દીશામાં જુઠું બોલનાર અથવા સત્યવાદી, ભણેલો અથવા અભણ, પોતાનાં અંતઃકરણથી તથા મનશ્નીથી અવાજ કાઢે છે. ત્યારપછી તાબડતોબ સંપૂર્ણ મનશ્ની બે મીનોને (એટલે સ્પેનામીનો તથા અંગ્રેમીનોને) જે દીશા ભણી (તેમની) જગ્યા (હોય તે સંબંધી) પ્રશ્ન કરે છે. (હા. ૩૧ ફ ૧૨.)

સારેમ્નો વોહૂ મનંઘ્હા...પઇતી-મ્રઓત્ અષા...ખ્શ્વાતા.

(સર્વ સૃષ્ટિનો) નાથ (છે તેણે), (પોતાના) વોહુમન તથા કીર્તિવંત અષ મારફતે (તેમને) પાછો ઉત્તર દીધો. (હા. ૩૨ ફ. ૨)

પતરેમ્ વંઘ્હેઉશ્...મનંઘ્હો......અત્ હોઇ દુગેદા હુષ્યઓથના આર્મઇતિશ્.

(જે) ભલાં મનનો પીતા (છે) તથા જેની છોકરી પવીત્ર કર્મ કરનારી આર્મઇતિ (છે). (હા. ૪૫ ફ. ૪)

યોઇ મોઇ અહ્માઇ સેરઓષેમ્ દાંન્ ચયસ્ચા,
ઉપા-જિમેન્ હઉર્વાતા અમેરેતાતા;
વંઘ્હેઉશ્ મન્યેઉશ્ ષ્યઓથનાઇશ્ મજ્દાઓ અહુરો.

---

૧. बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम्
(ગીતા ૭. ૧૦.)

અર્થઃ-સર્વ જીવોના આદિ (કાહન) બીજ તરીકે હે પાર્થ! મને જાણ! હું બુદ્ધિમાનોની બુદ્ધિ છું; તેજસ્વિઓનું તેજ છું.

જેઓ મારા પ્રત્યે સેવા તથા લક્ષ દેશે, તેમને તંદુરસ્તી તથા અમરપણું મળશે. (વળી) પવીત્ર મનશ્નીનાં (નૈતિક) કાર્યોને લીધે (તેવા માણસોને) અહુરમજદ (સાક્ષાત નજરે પડશે). (હા. ૪૫ ફ. ૫)

યેહ્યા વહો વૉહૂ ફ્ષી મનંઘ્રહા,
અહ્યા ખ્રતૂ હ્રૈ-મા સાસ્તૂ વહિશ્તા.

જેની આરાધના પવિત્ર મનશ્નીની મારફતે કરવામાં આવે છે, તેના પોતાના સર્વોત્તમ ડહાપણની મારફતે (તે) મને શીખાડશે.
(હા. ૪૫ ફ. ૬)

હ્યત હોઇ અષા વૉહુચા ચોઇશ્ત મનંઘ્રહા ક્ષથ્રોઇ હોઇ હુર્વાતા અમૅરૅતાતા.

અષોઇ અને પવિત્ર મનશ્નીની મારફતે પોતાના રાજ્યમાં તેને માટે (સદગુણીને સારૂં) સુખાકારી તથા અમરપણું મુકરર કીધું છે.
(હા. ૪૫ ફ. ૧૦)

સમાન દ્રષ્ટિવાળો.[1]

અત્ થ્વા મેંગ્હાઇ તખ્મૅમ્ચા સ્પૅન્તૅમ મઝ્દા, હ્યત્ તા ઝસ્તા ચા-ત્ હફ્ષી……… દ્રેગ્વાઇતે અષાઉનએચા.

હે અહુરમજદ! તને અવશ્ય સર્વ શકિતમાન (તથા) કલ્યાણકારી હું ગણતો રહીશ, કારણ કે (તારા) જે (હાથ)થી પાપી તેમજ અષો (માણસ) ને (તું) મદદ આપે છે, તેજ હાથથી (તું) આર્શીર્વાદ પાંથરે છે. (હા. ૪૩ ફ. ૪)

ન્યાયી.

ઑર્ઁવા ક્ષથ્રા……મઝ્દા હુદૅમોઇ અષા વૉહુચા ખ્યાંસ્ મનંઘ્રહા.

હે અહુરમજદ (તારી) ન્યાયી રાજ્યસત્તાને લીધે અષ તથા વોહુ-મનો સાથે એકજ મુકામમાં તું વાસો કરે છે. (હા. ૪૪ ફ. ૯)

---

૧ समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं य: पश्यति स पश्यति ॥
ગીતા ૧૩-૨૭.

સઘળાં પ્રાણીઓમાં, સર્વ નાશવંતમાં અક્ષય (નાશ રહિત), પરમેશ્વરને સમાન રીતે બેઠેલો જે જુવે છે, તેજ જોઈ શકે છે.

અમેષાસ્પંદો.

આ "અમેષાસ્પંદ" શબ્દનો અર્થ અમર પવીત્ર, વ્યક્તિ અથવા અમર વૃદ્ધિ કરનાર થાય છે. અમેષાસ્પંદો ૭ વર્ણવ્યા છે, તેમાં અહુરમજ્દ નામનો એક અમેષાસ્પંદ પણ છે, જેની પર અપઑઉર્વીમ, એટલે અપૂર્વ 'અહુરમજ્દ' જે સર્વમાં સર્વ છે, તે ગાથામાં જણાવેલો છે. દરેક અમેષાસ્પંદ એક મહાન દૈવિક શક્તિ (ફરેશ્તો) છે, અને તે દરેકની હકુમત મુખ્ય કરીને અમુક સદગુણ ઉપર છે, તેમજ બહારની જગતની એક ઉત્પત્તિ ઉપર છે. અહુરમજ્દ અમેષાસ્પંદ એક "પ્રાણનો પતિ અને મહજ્ઞ" એવા ભાવાવાચક ગુણનો છે, અને તે 'માનુષી' સૃષ્ટિ ઉપર અધિકારી છે. તેમજ "વોહુ મનો" ='સુમતિ' 'ગાય ઢોર, પશુ' ઉપર સત્તા ધરાવે છે; "અષ વહિષ્ત"='શ્રેષ્ઠ અષોઇ', 'અગ્નિ અથવા આતશની ઉપર મુવક્કલ છે; "ક્ષથ્ર વૈર્ય"='ઇચ્છા પ્રમાણે (સ્વતંત્ર) રાજ્ય', 'ધાતુ' પેદાયશની ઉપર અમલ ધરાવે છે; "સ્પેન્ત-આર્મૈતિ",='વૃદ્ધિકારક નમ્રતા', 'જમીન' ઉપર અધિકારી છે; "હઉર્વતાત",='સંપૂર્ણતા', 'પાણીઓ' ઉપર, તેમજ "અમેરેતાત" ='અમર્ગી', 'વનસ્પતિ' સૃષ્ટિ ઉપર અમલ કરે છે.

યસ્ન હપ્તનંઘહાઇતિ (હપ્તન યશ્ત) માં તેમની ઉત્તમ સીફાતો જણાવી છે. 'સ્પેન્તાર્મૈઇતિ' નારી શીકલ ધરાવે છે, બીજા અમેષાસ્પંદો નર શીકલ ધરાવે છે; જો કે 'હઉર્વતાત-અમેરતાત' શબ્દ રચના પ્રમાણે નારી અમેષાસ્પંદો લેખાય છે. તેઓ સર્વ એકજ વીચાર, વાણી અને વર્તનના છે; તેમનો સર્વેનો પીતા 'અપૂર્વ અહુરમજ્દ' છે; તેઓ પ્રત્યેકનું ઉરવન જોઇ શકે છે; તેમની હરેકની ફ્રવષી છે. તેમનો વાસો ગરોનેમાનમાં છે, જ્યાં તેઓ અહુરમજ્દની કીર્તિના ગાયનોમાં લીન રહે છે. તેમના નામોનું સ્મરણ અહુરમજ્દ યશ્ત પ્રમાણે સર્વથી વધુ હિમ્મત આપનાર, વેરીને મારનાર, ખુરેહ વધારનાર, તંદુરસ્તી દેનાર, દ્વેષને તોડનાર, આ સ્થૂળ ભૂમી ઉપર મનને સર્વથી વધુ ઝડપથી પહોંચીને સમાધાન કરનાર, અને આ સ્થૂળ ભૂવન ઉપર સર્વથી વધારે સ્વચ્છ અને અષો કરનાર છે! તેઓ સુંદર વદનના, સૃષ્ટિને બનાવનાર, ઘડનાર, પાલનહારો છે. તેઓ સૃષ્ટિનો ઉદ્ધાર કરનારા છે.

અને તે દરેકના વિરોધિઓ અનુક્રમે (૧) અંગ્રેમીનો (૨) અકોમન, (૩) ઇન્દ્ર, (૪) સઉર્વ, (૫) તરોમૈતિ અનનાંઓગૈશુ (૬ અને ૭) તૌવીં અને ઝઇરીચ એ નામ ધરાવે છે. દરેક અમેષાસ્પંદ સૃષ્ટિ ઉત્પત્તિથી તેનાં લય પર્યંત, પોતાના વિરોધી સામે બળત્વારીથી લડે છે અને છેવટે જય પામે છે. ટુંકમાં આ લડત ચાલે છે, ત્યાંસુધી સૃષ્ટિક્રમ રહે છે. દરેક માનવીમાં એજ યુદ્ધ ચાલુ રહે છે અને જ્યારે સાતે સદ્દગુણો ઇત્યાદી પ્રાપ્ત કરી, તેનેથી ઉલટા દુર્ગણુ ઇત્યાદીને તે સમૂળગે ઉખેડી નાખે છે, ત્યારે તેનો પણ જય થઇ, જગતક્રમમાંથી તે મુક્ત થઇને ગરોનેમાનમાં અહુરમજદનાં સાથે એકત્ર બને છે.

યહુદી, ખ્રિસ્તી, અને ઇસલામી ધર્મ પ્રમાણે પણ અમેષાસ્પંદોનુ અનુકરણ કરીને જબ્રાઇલ, માઇકલ, રેફાઇલ વીગેરે ઇશ્વરના તખ્તની નજદીકની શક્તિઓ છે. હિંદુશાસ્ત્રમા પણ સપ્તઋષિ છે,-કશ્યપ, અત્રિ વશિષ્ટ, વિશ્વામિત્ર, ગૌતમ, ભારદ્વાજ અને જમદગ્નિ, જેઓ બ્રહ્મ (અહુરમઝદ અમેષાસ્પંદ) ની સભાના મૂખ્ય સ્તંભો છે; જોકે અમે ષાસ્પંદોની પદવીના તેઓ ન કહેવાય કારણ કે અમેષાસ્પંદો તે સૃષ્ટિક્રમ ચાલુ કરનાર છે, જ્યારે આ ઋષિઓએ પોતાનું ઋષિપ સૃષ્ટિ ઉત્પત્તિ કેડે મેળવ્યું.

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।

मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥

ગીતા. ૧૦-૬

અર્થ:-સપ્ત મહઋષિઓ, ચાર (કુમારો) અને મનુઓ પણ મા ભાવમાંથી અને મનમાંથી ઉત્પન્ન થયા અને એ લોક તેમની પ્રજા છે

અમેષાસ્પંદોના નામો સ્મરણ કરવાં એ મહજ્ઞ અહુરમજદ નજદીક જવાનો ઘણોજ ઉત્તમ અને સહેલ માર્ગ અવસ્તામાં બતાવે છે. તે અજમાવી જોશો તો ખાત્રી થશે કે જરથોશ્તિ ધર્મમાં જણ વેલી મીનોઇ હસ્તિમાં તમે દાખલ થઇ શકો છો.[1] કવી પ્રીતમદાસે ના મહિમા ઉપર આ સુંદર કવિતા રચી છે. તેની ઉપર બહુ ઉંડું મન કરવાની આવશ્યકતા છે.

દુહા—રામનામ અમુલખ રતન, જતન કરે જે કોય;
સુખી રહે સંસારમાં દીન દુઃખી નવ હોય.

૧. ભગવદ ગીતાના શ્લોક (૧૦-૨૫) માં જણાવ્યું છે કે સર્વથી ઉત્તમ યજ્ઞ એટ યજશની, મનમાં ઈશ્વરનાં જપ છે. **यज्ञानां जपयज्ञोऽस्मि** એટલે યજ્ઞોમાં હું (શ્રી કૃષ્ણ પોતે જપયજ્ઞ છું.

રામનામ શંકર જપે, ચતુરાનન અહિરાજ;[1]
રામનામ સમરે સદા, સદ્ગુરૂ સંતસમાજ.

એવું હરિનામ જેહ, સદા સુખસગાર ઝીલે તેહ;
મીઠું હરિનામ સુધાથી સાર, જપે તેનાં જાયે કોટી[2] વિકાર.[3]
જેવો અંધકારમાં આદિત્ય[4] ભાસે, એવું કળીકાળમાં નામ પ્રકાશે;
ચિંતામણી[5] નામ સુરતરૂ[6] કહાવે, સેવે તેના તાપ અનેક સમાવે.
વિષય વ્યાળ કાળની જ્વાળ[7] ન લાગે, જેનું નામ લેતાં મહા અઘ[8] ભાગે.
નામ આધારે રહ્યું ત્રીલોક, જપે જીવ તેના ટળે સહુ શોક;
ભારે ભવરોગ નિવારણ નામ, નાહાને નિવાસ તણો વિશ્રામ.
નામ મહિમા કહયો નવ જાય, જેને વેદ શાસ્ત્ર નિરંતર ગાય;
ગૌ કોટી આપે ગંગામા દાન,[9] નાવે[10] ગોવિંદના નામ સમાન.
કરે જજ્ઞ સુરસરી તીરે હજાર, નાવે હરિનામ સમાન લગાર,
ખણાવે વાપી[11] કૂપ[12] તડાગ,[13] નાવે હરિનામને સહસ્રમે[14] ભાગ.
આપે ભૂમી, હેમ,[15] કન્યાનાં દાન, ન આવે ગોવિંદના નામ સમાન;
કરે તપ, તીરથ, વ્રત અનેક, નાવે હરિનામને તુલ્યે રેખ.
એવો હરિનામ મહિમા અપાર, જાણે મોટા મુનિ જે જાણનહાર;
અધમ ઉદ્ધારણ[16] નિર્મળ નામ, પતીતોને[17] આપે અવીચળ ધામ.
હેતે હરિ મંદિર કરે જે દીપ, તે તો વાસ પામે સદા સમીપ;[18]
કરે હરિ મંદિરમાં કીરતન, તેને બ્રહ્માદીક કરે ધન્ય ધન્ય.
ભાવે કરી પૂજે જે ભગવત દાસ, તે તો સદા પામે હરિપુર[19] વાસ;
એવું મહા દુર્લભ સુંદર નામ, ભજે તેને બેસે નહિં કાંઇ દામ.

દુહો:-સત્સંઘે સુખ ઉપજે, ભજનાનંદ આનંદ,
સેહેજે સેહેજે સૌ ટળે, મોહ માયાના ફંદ.
કળી કેવળ કીર્તન કથા, પુન્ય ભજન હરિનામ,
ગુરૂ ઇશ્વરની ઉપાસના,[20] એ કરવાનો ઠામ.

---

૧. નાગ. ૨. કરોડ. ૩. મનના ચલિત રંગો. ૪. સુર્ય. ૫. પારસમણી, Philosopher's stone. ૬. દૈવિક ઝાડ. ૭. ઈન્દ્રિયોનો બળતો અગ્નિ. ૮. પાપ. ૯. કરોડ ગાય ગંગાને દાનમાં આપે. ૧૦. નહિં આવે. ૧૧. વાવ. ૧૨. કુવા. ૧૩. તલાવ. ૧૪. હજારમે. ૧૫. સોનું. ૧૬. પાપીનો ઉદ્ધાર કરનાર. ૧૭. પડેલા પાપી. ૧૮. ઈશ્વરની નજીક જગ્યા પામે. ૧૯. બહેશ્ત. ૨૦. પુજા.

બ્રહ્માનંદજી પોતાના અમર ભજનોમાં નામ મહિમા માટે આ મનનીય ભજન ગાયું છે, તે જુવોને !

नाम नाम नाम जपो नाम रामका
काम काम काम[1] तजो काम धामका ॥ टेक
बिना हरिके नाम कबी सुख न पायगा
मरकरके अंतकालमे तुं नरक जायगा
मिलेगा तुझे तन गुलामका ॥
महेमान है यह पास तेरे आजकालका
पुतला बिखर जायगा तेरा हाड चामका[2] ॥
तप योग यज्ञ दान कर्म है बडे सही
कलियुगमें नामके समान दुसरा नहीं
मिलता है यतनसे बिना बिनाहि दामका[3] ॥
पाकर मनुजका तन जो हरिनाम ना लिया
चिंतामणीको मूढ काचसे बदल दिया[4]
ब्रह्मानंद भजनके बिना, जीना न कामका ॥

પાઝંદ :– સેપાસ્ ઓએ બુઝોર્ગ્ હસ્તીઆંન્ કે આફ્રીદ્ અવ-નીદ્, ઓ ૫ ખેશ્ અંગામબતી જોર્ દાનાઇ અવરૂતર્ શેશ અમેશા-સ્પંદાન.

હસ્તિ ભોગવનારાઓમાં તે મહાન (સાહેબ) નો (હું) આભારી (છું), કે જે (સકળ સૃષ્ટિનો) ઉત્પન્ન કરનાર છે (તથા) અંત આપ-નાર છે, (તથા) જેણે પોતાની જાતી શકિત તથા જ્ઞાનથી અધિક ચઢતી પંકિતના છ અમેષાસ્પંદો પેદા કર્યા. (નામ સેતાયશ્ને)

માઆઁઘ્રહૅમ ગઆૅચિથ્રૅમ અપવનૅમ અષહે રતૂમ યજમઇદે. તત્ માઆઁઘ્રહૅમ પઇતિ-વએનૅમ, તત્ માઆઁઘ્રહૅમ પઇતિ-વીસૅમ, રઆૅ-ક્ષ્નૅમ, માઆઁઘ્રહૅમ અઇવિ-વએનૅમ, રઆૅક્ષ્નૅમ માઆઁઘ્રહૅમ અઇ-

---

૧. દુન્યવી ઈચ્છાઓ, હવસો. ૨. શરીર રૂપી પુતળું વીખરી જશે. ૩. વિના પૈસે.
૪. પારસમણી મુકીને કાચ લીધો.

વિ-વીસૅમ, હિશ્તૅન્તિ અમૅષાઑ સ્પૅન્ત ખરૅનો દારયેઇન્તિ, હિશ્તૅન્તિ અમૅષાઑ સ્પૅન્ત ખરૅનો બક્ષૅન્તિ, જાંમ પઇતિ અહુરધાતાંમ.

ગાય ઢોરનું બીજ રાખનાર ચંદ્રમા (જે) અષો (તથા) અષોઇનો પતિ, (તેને) અમે વખાણીએ છીએ. (જ્યારે) (તે) અંધારીના ચંદ્રને હું જોઉં છું (તથા) (તે) અંધારીનાં ચંદ્રને કબુલ કરૂં છું, (જ્યારે) (તે) પ્રકાશિત ચંદ્રને હું નિહાળું છું, (તથા) (તે) પ્રકાશિત ચંદ્રને કબુલ કરૂં છું, (ત્યારે) અમેષાસ્પંદો ઉભા રેહ છે, (અને) (તેનાં) ખુરેહને ટેકવી રાખે છે; અમેષાસ્પંદો ઉભા રેહ છે, (અને) અહુરમજદની સરજેલી જમીન ઉપર (તેનાં) ખુરેહને[1] છાઇ દેછે. (માહ નિયાયશ ક૦ ૫)[2]

અમૅષેસ્ચ સ્પૅન્તે અષઑનાંમ યઝમઇદે..... અવત્ વ્યાખ્નેમચ હન્જમનૅમચ યઝમઇદે, યત્ અસ્તિ અમૅષનાંમ સ્પૅન્તનાંમ, બરેઝ્નવો અવંઘ્નહે અઝ્નો ઘિમનેમ્ જન્તુમહે રથ્વો યસ્નાઇચ વહ્માઇચ.

અષો અમેષાસ્પંદોને અમે નમન કર્યે છીયે, જન્તુમ (એટલે કસ્બાને લગતા) વડાની આરાધના કરવાને માટે (તથા) (તેની) ખુબીઓ ગાવાને માટે, અમેષાસ્પંદોની આ મિજલસ તથા આ સભા, જે આ આકાશની ઉંચાઇએ બનાવેલી છે, (તેને) અમે વંદયે છિયે.

(રપિથ્વન ગેહ ક૦ ૮)

પાઝંદ:- ફરાજ્ ઓએ શુમા રાદ્ હોમ્, કે અમશાસ્પંદ હેદ, યજશ્ને ઓ નીઆએશ્ને; ફરાજ્ પ મનશ્ને, ફરાજ્ પ ગવશ્ને, ફરાજ્ પ કુનશ્ને, ફરાજ્ પ ઓહ, ફરાજ્ પ તન્, ફરાજ્ પ આંનેચ ઇન્ ખેશ્ જાન્, તન્ ઓ જાન્ નામ્ રવાન્.

તમે જેઓ અમેષાસ્પંદો છો (તેમને) (મારે) મનશ્નીથી, ગવશ્નીથી, કુનશ્નીથી (સુમતિ, સદવચન અને સત્કર્મથી) (મારાં પોતાનાં) અંતઃકરણથી, (મારાં) તનથી (તથા) આ કે જે મારો પોતાનો આત્મા (તેને) થી, (તથા) આત્મા અને તન (જેનું) નામ રવાન (તેને) થી, (હે અમેષાસ્પંદો!) હું તમને ઇજશ્ને (યજ્ઞ) તથા પૂંજા અર્પણ કરૂં છું. (પતેત પશેમાની)

આએત્ પ્રઑત્ અહુરો મઝ્દાઑ અહ્માકૅમ નાંમ, સ્પિતમ જરથુશ્ત્ર, યત્ અમેષનાંમ સ્પૅન્તનાંમ. તત્ અસ્તિ માંથ્રહે સ્પૅન્તહે

---

૧. આજસ. Aura. ૨. સઘળા ફકરાઓ જીન્નતગુઝીન આબીદ સાહેબ એરવદ કાવસજી એદલજી કાંગા પ્રમાણે આંક્યા છે.

અમવસ્તૅમૅમ, તત્ વૅરૅથ્રવસ્તૅમૅમ, તત ખરૅનંઘ્રુહસ્તૅમૅમ, તત્ ચાસ્કૅરૅસ્તૅમૅમ, તત્ વારૅથ્રઘ્નયોતૅમૅમ, તત બએષજયોતૅમૅમ, તત્ ત્બએષો-તઉર્વયાંસ્તૅમૅમ દએવનાંમ્ મશ્યાનાંમચ; તત્ વીસ્પહે અંઘ્રુહે-ઉશ્ અસ્તવતો મન અસ્તિ વીજદ્યમિશ્તૅમ, તત્ વીસ્પહે અંઘ્રુહેઉશ્ અસ્તવતો અંઘ્રુહવાંમ્ અસ્તિ વીમરૅજિશ્તૅમ.

ત્યારે (પરમ કૃપાળુ) અહુરમજદે ઉત્તર દીધો કે, હે સ્પીતમાન જરથુશ્ત્ર! માંથ્ર સ્પેન્તનો તે (ભાગ) સર્વથી અધિક હિમ્મત દેનારો, સર્વથી અધિક જય આપનારો, સર્વથી અધિક ખુરેહવાળો, (તથા) સર્વથી વધારે અસરકારક, જયથી સર્વથી વધુ મારનાર, સર્વથી વધુ તંદોરસ્તી દેનાર, (તથા) દૈત્યોની તથા (દુષ્ટ) માણસોની ખરાબીનું સર્વથી અધિક ખંડન કરનાર છે; (માંથ્ર સ્પેન્તનો) તે (ભાગ) સઘળી જડ જગતમાં મનને સર્વથી વધુ પહોંચી વળનાર (એટલે મદદ અને સમાધાન અને શાન્તિ કર્તા) (તથા) સારી જડ દુન્યામાં જીવને ઘણોજ પવિત્ર કરનાર છે,--કે જે અમેશાસ્પંદોનાં નામો[1] (છે).

(હોરમજદ યશ્ત ફ૦ ૩-૪)

ઇથા આત્ યજમઇદે......સ્પૅન્તેન્ગ્ અમૅષેન્ગ્ યવએજયો, યવ-એસ્વો, યોઇ વંઘ્રુહેઉશ્ આ મનંઘ્રુહો બ્યેઇન્તી, યાઓસ્ચા ઊઇતી.

એ પ્રમાણે આ ઠેકાણે નિત્ય જીવનારા (અને) સર્વદા કલ્યાણ-કારી અમેશાસ્પંદોને અમે સ્તવ્યે છીયે જે (નર અમેશાસ્પંદો) તેમજ જે (નારી અમેશાસ્પંદો) ભલા મનમાં વાસો કરે છે.

(મોટી હપ્તન યશ્ત કરદો ૫; ૪)

હખય અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્ યજમઇદે.

અમેશાસ્પંદોના મીત્રોને[2] અમે ભજ્યે છીએ. (સરોશ હાદોખ્ત ફ૦ ૧૭)

કૅહ્રૅપૅમ્ અમેષનાંમ્ સ્પૅન્તનાંમ્ યજમઇદે.

અમેશાસ્પંદોનાં શરીરની અમે સ્તુતિ કર્યે છિયે.

(સરોશ હાદોખ્ત ફ૦ ૨૨)

સ્રઑષૅમ અષીમ........યજમઇદે. યો પઑઇરયો બરૅસ્મ ફ્રસ્તૅ-રૅનત થ્રયક્તીશ્ચ, પન્ચ-યક્તીશ્ચ, હપ્ત-યક્તીશ્ચ, નવ-યક્તીશ્ચ

---

૧. નામ સ્મરણનો અદભુત મહિમા અત્રે ચિતાર્યો છે તે અનુભવવા જોગ છે.

૨. ભકતો, અવલીયા, આબીદો, અહુરમઝદયારો.

આક્નૂશ્ચ મઇધ્યો-પઇતિશ્તાનાંસ્ચ, અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્ યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ, ફ્રસસ્તયએચ.

અષો સરોષ (યજદ) ને અમે યાદ કર્યે છીયે, જેણે અમેષાસ્પંદોની આરાધના કરવાને માટે, (તથા) (તેમની) ખુબીઓ ગાવાને માટે તથા (તેમને) રીઝવવાને સારૂં (તથા) (તેમની) વખાણ કરવાને કાજે, આદિ (બરસમની) ત્રણ ડાંખલી, પાંચ ડાંખલી, સાત ડાંખલી તથા નવ ડાંખલી, ઘુંટણની ઉંચાઇ જેટલી તથા પગના મધ્ય ભાગની ઉંચાઇ જેટલી, બરસમ[1] પાંથરી. (સરોશ યશ્ત વડી ફ० ૬)

મ્રઑત્ અહુરો મજ઼્દાઑ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ, આઅત્ યત્ મિથ્રૅમ્ યિમ્ વૉઉરૂ-ગઑયઑઇતીમ્ ફ્રાદધાંમ્, અજૅમ્ સ્પિતમ્, આઅત્ દિમ્ દધાંમ્ અવાઑન્તૅમ્ યેસ્‌ન્યત, અવાઑન્તેમ્ વહ્મ્યત, યથ માંમચિત્ યિમ્ અહુરૅમ્ મજ઼્દાંમ્.

યત્ કૅરૅનાઉન્ અમેષાઑ સ્પૅન્ત વીસ્પે હ્વરૅ-હુજ઼્ઑષ્, ફ્રઑરૅત્ ક્રિન અવિ મનો જરજ઼્દાતોઇત્ અંઘ્રઉહ્યત્ હચ; યો વીસ્પૅમ્ અહૂમ્ અસ્તવન્તૅમ્ આદિધાઇતિ, હરઇથ્યાત્ પઇતિ બરેજ઼ંઘહત્.

(દીન દયાળ) અહુરમજદે સ્પીતમાન જરથુશ્ત્રને કહ્યું કે, જ્યારે મેં, અહો સ્પીતમાન (જરથુશ્ત્ર)! બહોળાં ક્ષેત્રવાળા મહેર યજદને પેદા કર્યો, ત્યારે મેં તેને મારા અહુરમજદના જેટલો યજશ્ને (યજ્ઞ)ને લાયક (તથા) આરાધનાને લાયક સ્રજ્યો. (મહેર યશ્ત ફ० ૧.)

જે (મહેર યજદનું કામ) ખુરશેદ યજદની સાથે એકત્ર મરજી ધરાવનારા (એટલે એક દીલથી સાથે કાર્ય કરનારા) સઘળા અમેષાસ્પંદોએ અર્પણ કરેલાં હૈયાંના સંપૂર્ણ વિશ્વાસથી બનાવ્યું; જે (મહેર યજદ) અલબુર્જ પહાડ ઉપરથી સઘળી જડ જગત જુવે છે. (મહેર યશ્ત ફ० ૫૧)

કૅહ્ર્પસચ યાઑ રએથ્વયેઇતિ સ્રીરાઑ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્, વેરેજ઼્દાઑ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્; હ્વરૅ-ક્ષએતૅમ્ અઉર્વત્-અસ્પેમ્ યજ઼મઇદે.

અમેષાસ્પંદોનાં સુશોભિત (તથા) ખુબીવાળાં રૂપો, જે (અહુરમજદે)

---

૧. ક્રિયા કરવા સારૂં વનસ્પતિ.

(તે) અમેષાસ્પંદોને આપેલાં છે તે રૂપોને, (તથા) તેજ ઘોડાવાળા ખોરશેદને[1] હમે વંદયે છીએ. (ફરવરદીન યશ્ત. ફ૦ ૮૧)

યોઇ હુપ્ત હમો-મનંઘ્હો, યોઇ હુપ્ત હમો-વચંઘ્હો, યોઇ હુપ્ત હમો-શ્યોથ્નાઆઁઘ્હો. યએષાંમ્ અસ્તિ હમૅમ્ મનો, હમૅમ્ વચો, હમૅમ શ્યોથનૅમ; હમો પતચ ફ્રસાસ્તચ, યો દધ્વાઓ અહુરો મઝ્દાઓ.

જે સાત (અમેષાસ્પંદો) એકજ વિચારના, જે સાત એક વાણીના, જે સાત એકજ કાર્ય કરનારા (છે), જેમનો વિચાર એક સરખો, વાણી એક સરખી તથા કાર્ય એક સરખું છે. જેમનો પીતા તથા શીખાડનાર એકજ દાદાર અહુરમજદ (છે). (ફરવરદીન યશ્ત. ફ૦ ૮૩)

યિમ્ દઍન્ અમેષાઓ સ્પૅન્ત વીસ્પે હવરે-હજઓષ, ફ્રઑરેત્ ફ્રક્ષ્નિ અવિ મનો જરજદાતોઇત્ અંઘ્હુયત્ હચ.

જેને (અષો જરથુશ્ત્રને) ખુરશેદ યજદની સાથે એકત્ર મરજી ધરાવનારા, (એટલે એક દિલથી કાર્ય કરનારા) સઘળા અમેષાસ્પંદોએ અર્પણ કરેલાં હૈયાંની સંપૂર્ણ શ્રદ્ધાથી પસંદ કર્યો. (ફરવરદીન યશ્ત ફ૦ ૯૨)

યત્ વૉહૂ વૅરૅજયામિ, દથુષો અહુરાઇ મઝ્દાઇ, અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ.

(વાએ યજદ કહે છે કે) (હું) ભલું કરનાર નામવાળો એટલા માટે છું, કે અહુરમજદનું (તથા) અમેષાસ્પંદોનું ભલું કરૂં છું. (રામ યશ્ત ફ૦ ૪૪)

દુઘ્ધરૅમ્ અહુરહે મઝ્દાઓ, ખ્વંઘ્હરૅમ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ.

(જે અશીશવંઘ) (દીન નાથ) અહુરમજદની દીકરી (તથા) અમેષાસ્પંદોની બહેન (તે) ને (અમે નમ્યે છિયે). (અશીશવંઘ યશ્ત. ફ૦ ૨)

યત્ અસ્તિ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્, ક્ષ્એતનાંમ્ વૅરૅજિ દોઇથ્રનાંમ્, બૅરૅજન્તાંમ્ અઇવ્યામનાંમ્, તખ્મનાંમ્ આહૂઇર્યનાંમ્, યોઇ અઇથ્યેજંઘ્હો અષવનો.

જે (ખુરેહ) સત્તા ભોગવનારા, અસરકારક જોવાની શક્તિવાળા, ચઢતી પંક્તિના, ઘણી સહાય કરનારા, બળવંત, અહુરમજદના ધારા પ્રમાણે ચાલનારા અમેષાસ્પંદો, જેઓ અમર (તથા) અષો (તેમનું) છે. (જમ્યાદ યશ્ત, ફ૦ ૧૫)

---

૧. સૂર્યને.

યએષાંમ્ અન્યો અન્યેહે ઉર્વાનૅમ્ અઇવિવએનઇતિ મૅરૅથ્વૅન્તૅ હુમતએષુ, મૅરૅથ્વૅન્તૅમ હૂખ્તએષુ, મૅરૅથ્વૅન્તૅમ્ હ્વરશ્તએષુ, મૅરૅથ્વૅન્તૅ ગરોન્માનૅમ્, યએષાંમ્ રઑક્ષ્નાઑંઘ્રહો પન્તાનો આવયતાંમ્ અ જઑથ્રાઑ.

જે (અમેષાસ્પંદો)માંના એકનું (રવાન) બીજાના રવાનને પવિ વિચારોમાં મન લગાડતું, પવિત્ર શબ્દોમાં મન લગાડતું, પવિ કાર્યોમાં ચિત્ત ચોંટાડતું, ગરોઠમાન (બેહેશ્ત) ને યાદ કરતું જુવે ; (વળી) ક્રિયાની ભેટ તરફ આવવાના જેમના માર્ગો તેજસ્વિ (હોય છે

(જમ્યાદ યશ્ત, ક૦ ૧

યોઇ હેન્તિ આઑંઘ્રહાંમ્ દામનાંમ્ યત્ અહુરહે મઝ્દાર દાતરસચ મરૅક્તરસચ થ્વરૅક્તરસચ અઇવ્યાક્તરસચ નિપાતરસ નિશહરૅતરસચ.

જે (અમેષાસ્પંદો) (નોધારાના આધાર) અહુરમજદની (સઘળી) પેદાયશોના સૃષ્ટા, (તેની) જતન કરનારા, (તેમની) સંભ રાખનારા તથા (તેમની) રક્ષા કરનારા (છે). (જમ્યાદ યશ્ત ક૦ ૧

તએચિત્ યોઇ ક્રૅપૅમ્ વસ્ન અહ્મ્ દથૅન્ અજરૅષૅન્તૅમ્ અમરૅષૅન્તે અફ્રિથ્યન્તૅમ્ અપુયન્તેમ્ યવએજિમ યવએસુમ્ વસો-ક્ષથ્રૅમ્ ઇરિસ્ત પઇતિ ઉસૅહિશ્તાન્ જસાત્ જ્વયો અમૅરૅખ્તિશ દથઇતે ફ્ર વસ્ન અંઘ્રહુશ.

ખચીત તે (અમેષાસ્પંદો) (છે), કે જેઓ પોતાની ઇચ્છા પ્રમ (આ) દુન્યાને તરોતાજગીવાળી, જુની ન થતી, નાશ ન પામ કોહી ન જતી, સદા હસ્તિ ભોગવનારી, સર્વદા લાભકારી તથા સ્વેચ્ થી સત્તા ચલાવનારી કરશે; (અને તે વેળાએ) ગુજરેલાંઓ પ સજીવન થશે, જીવન (અને) અમરપણું આવશે, (તથા) (સદ જગત પોતાની ઇચ્છા પ્રમાણે રિદ્ધિસિદ્ધિવાળી થશે.

(જમ્યાદ યશ્ત. ક ૧

સ્પેન્તામૈન્યુ.

(સ્પેનામીનો.)

જરથોશ્તિ ફીલસુફીનો અભ્યાસ બહુ થોડો થયો છે. જરથોશ્તિઓએ હજુર ફીલસુફીનો ઉંડો અભ્યાસ કરવાને ના પાડી છે અને વીદેશી અને ખાસ કરીને પાશ્ચાત્ય દેશોના એકતરફી વિદ્વાનોના મતને માથે ચઢાવીને, હાથ જોડીને, બેશી રહ્યા છે; નથી પોતાનું મનોબળ વાપરતા, કે નથી બહેનપણી હિંદુશાસ્ત્રોનું અધ્યયન કરતા. પારકાઓ જે પ્રમાણે દોરવે તે પ્રમાણે દોરવાવા જેવી મનની ગુલાંમી હાલત કઇ હોઇ શકે ? કોઇ યુરોપવાસીએ કહ્યું કે જરતોશ્તિ ધર્મ દ્વૈત (દુઇ) શીખાડે છે, તો પારસી ભાઇઓ ઝટ બોલ્યા કે "હા ભાઇ, હા દ્વૈત !" બીજા કોઇ યુરોપવાસીઓએ, જેવા કે ડા૦ હાઉગે, એ ભુલ સુધારી કે ના તમે અદ્વૈત છો—એકજ ઇશ્વરને માનો છો, તો ફરીને કહે છે "હા, અમે અદ્વૈતવાદી છિએ !" ખરેજ પરાધિન જરતોશ્તિઓએ ધર્મનો અભ્યાસ હજુર ગંભીરપણે શરૂ કર્યોજ નથી. માત્ર અવસ્તા ભાષા અને શબ્દોનો અભ્યાસ આગળ વધારીને, તેમા પોતાનું સાર્થક થયેલું માનવું ન જોઇએ. જરતોશ્તિ અને હિંદુ ફીલસુફી અને ધર્મશાસ્ત્રો એકમેકને એટલાં સમાન છે, કે જગતમાં બીજા કોઇએ બે ધર્મ એટલા મળતા નથી. ત્યારે બન્ને ધર્મના અનુયાયિઓએ એકમેકના ધર્મનો ભેગો અને અંતઃકરણપૂર્વક અભ્યાસ કરીને, સમાનતા અને ઐકયતા ખોળવી અને વિરૂદ્ધતા કેમ ઉપજી તે સમજાવવું ઘટે છે. તેમા ભારે લાભતો થોડાંક ગણત્રીના પુસ્તકો ધરાવનાર જરતોશ્તિ ફીલસુફીનેજ થશે.

સ્પેનામીનો[1] કોણ છે, તે સમજવાને આપણ જરતોશ્તિઓની બુદ્ધિ ઘણે ભાગે કાર્ય કરતી નથી ! અહુરમજદ તેજ સ્પેનામીનો કે કોણ ? સ્પેન્તોતેમો મૈન્યુ અથવા સ્પેનીશ્તા મૈન્યુ એ પણ જુદા કે કેમ ?

અંગ્રેમીનોનું શું કર્તવ્ય છે અને ગુણ છે ? સ્પેનામીનો જો અપૂર્વ અહુરમજદ હોય, તો અંગ્રેમીનો તેનો વેરી હોવાને લીધે, જરથોશ્તિ ધર્મ દ્વૈત ઠરવો જોઇએ.

---

૧. જુવો Zoroastrian Theology by Dr. M. N. Dhalla, જ્યાં એ વિષે થોડુંક વિવેચન કર્યું છે. વળી જુવો એર્વદ શેહરયારજી દાદાભાઈ ભરૂચાની રીસ્તીસ્તાન, (Cosmogony), પાનું ૩૦૬.

સ્પેનામીનો અને અંગ્રેમીનો વિચાર, વર્તન, વાણી, બુદ્ધિ, શ્રદ્ધા, રવાન, આત્મા અને સર્વે વિષયોમાં પરસ્પર વિરોધીઓ છે. પહેલવી દીનકર્દ પુસ્તકમાં વધારે સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે. સ્પેનામીનોમાંથી ભલી સૃષ્ટિની ઉત્પત્તિ થઇ અને અંગ્રેમીનો, ગનામીનો અથવા અહરેમનમાંથી દુષ્ટતા ઉત્પન્ન થઇ. સ્પેનામીનોની સહાયતાથી માનવી અંગ્રેમીનોને મારી હઠાવી શકે છે; પણ જો તે પાપી બને છે, તો અંગ્રેમીનોની જાળમાં ફસે છે. છેવટે સ્પેનામીનો અંગ્રેમીનોની ઉપર જીત મેળવે છે. હવે આ વિષય ઉપર મનન કરવાને હિંદુ ફીલસૂફીનો અભ્યાસ કેટલો મદદ કર્તા થાય છે, તે જુવો. તેમણે અક્ષર, પરબ્રહ્મ, પરમાત્માને સર્વથી ઉંચ સ્થાન, જેવું કે આપણે અપઑઉર્વીમ અહુરમજદને ગાથામાં આપેલું જોઇએ છિએ, તે આપ્યું. તે નિત્ય, અવિકારી, અવ્યય અને બંધનોથી મુકતજ રહે છે અને અવ્યકત, અદ્રષ્ય રહે છે. અને તેનામાંથી 'પુરૂષ' અને પ્રકૃત્તિ (માયા) જે સ્પેનામીનો અને અંગ્રેમીનો સાથે સરખાવી શકાય છે—એ બે વ્યક્તિ ટાંકણે, સૃષ્ટિ ઉત્પત્તિને અવસરે પ્રગટ થાય છે. 'પુરૂષ'માંથી 'જીવાત્મા'ઓ નીસરે છે, અને તેઓ, પ્રકૃતિ ('માયા') માંથી 'પ્રકૃત્તિ'ના બનેલાં અસંખ્ય શરીરો અને રૂપો ધારણ કરીને, પ્રકટીકરણમાં પડે છે.[1]

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥
एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥
मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥

ગીતા ૭–(૪ થી ૭)

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥

---

૧. જુવો શ્રીમદ્ ભાગવત્ દ્વિતિય સ્કંધ, અધ્યાય ૧૦) મો, અને તૃતિય સ્કંધ અધ્યાય ૫) મો, ૬) ઠો, ૨૦) મો, ૨૬) મો અને ૨૭) મો.

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥
दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥
न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥

ગીતા ૭–(૧૨ થી ૧૫)

અર્થ:—ભુમી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર, એ મારી પ્રકૃતિના ૮) વિભાગો છે. આ પ્રકૃતિ ઉતરતી પંકિતની છે. મારી ઉંચ પ્રકૃતિ[1] બીજી છે, તે જાણ; તેનેથી હે માહાબાહો ! આ સૃષ્ટિ ધારણ થઇ રહિ છે; તે સર્વે પ્રાણીઓની યોની છે. સૃષ્ટિ ઉત્પત્તિનો હું (શ્રીકૃષ્ણ) મૂળ છું. અને મારામાંજ તેનો લય થાય છે. (વળી) મારાથી કાંઇપણ પર નથી, હે ધનંજય! આ સર્વે[2] દોરી ઉપર જેમ મોતી પરોવાયલાં હોય છે, તેમ મારી ઉપર પરોવાયલું છે. જે ભાવો સાત્વિક (અપો,) રાજસિક (વિષય વાસનાવાળા), અને તામસિક (અજ્ઞાન અને આળસુ) છે, તે મારામાંથી (મારી પ્રકૃતિમાંથી) ઉત્પન્ન થયા છે; તેમાં હું નથી, પણ તેઓ મારામાં છે ખરા. જગત આ ત્રણ સ્વભાવો અને ગુણોથી મોહ પામીને તેમા રચી, મચી, પચી રહીને, મને (પરમાત્માને), જે આ સઘળાથી પર છું, અને અવીનાશી છું, તેને પીછાણતા નથી. આ મારી માયા દૈવિક છે, જે પુર્વોક્ત ત્રણ ગુણોમાંથી ઉપજે છે, તેની પેલી પાર જવું અત્યંત કઠીણ છે; માત્ર જેઓ મને (પરમાત્માને) પામે છે, તેઓજ આ ત્રણ ગુણો ઉપર જીત મેળવી, તેમની પેલે પાર પહોંચે છે. (તેથી) જેઓ દુષ્ટ, મોહ પામેલા, અને પાપી મનુષ્યો છે, તેઓ મને પામતા નથી; તેઓની બુદ્ધિ તો માયાથી નષ્ટ થઇ છે, અને તેઓએ આસુરી, શેતાની સ્વભાવ અખત્યાર કર્યો છે.[3]

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

ગીતા ૧૫-૧૬

---

૧. દૈવિ પ્રકૃત્તિ. ૨. સૃષ્ટિ.
૩. વધુ સ્પષ્ટિકરણ માટે જુવો ભગવદ્ ગીતા, રાજવિદ્યારાજગુહ્ય નામનો, ૯ મો અધ્યાય.

અર્થ:— આ લોકમાં બે પૂરૂષો (પૂરૂષ પ્રકૃત્તિ) છે. એક નાશવંત, બીજો અમર. સઘળાં પ્રાણીઓ નષ્ટ થાય છે, જ્યારે જે અવિકારી છે, તેને અક્ષર, અમર કહે છે.

ટુંકમાં સ્પેનામીનો અને અંગ્રેમીનો આ પુરૂષ અને માયા (પ્રકૃત્તિ) સાથે સહેજે સરખાવી શકાય છે. ત્યારે અપૂર્વ અહુરમજદની સર્વોત્કૃષ્ટતા, તેની મહજ્ઞતા, તેની અપાર અને અખંડ શક્તિને એ બે મીનોથી જરાપણ ધોકો પહોંચતો નથી.

વળી 'આત્મા' અને 'પરમાત્મા'નો ભેદ સમજી શકાય એવો છે. તેજ પ્રમાણે સ્પેનામીનો અને સ્પેન્તોતેમા મૈન્યુ અથવા સ્પેનીશ્તા મૈન્યુમાં ફરક એ છે કે સ્પેનામીનો માત્ર સ્પેન્તોતેમો મૈન્યુની પેદાયશ છે, જે પોતે અપૂર્વ અહુરમજદનું એક નામ છે.

વળી માયા અને પ્રકૃત્તિ અને અંગ્રેમીનો કેટલેક દરજ્જે એક સમાન છે. પૂરૂષ અને પ્રકૃત્તિ એ બેના સંયોગથી સૃષ્ટિક્રમ ચાલે છે. આપણે વાંચ્યે છીએ કે

"યો નોઇત્ પસ્ચએત્ હુશખફ્, યત્ મઇન્ય દામાંન્, દઇધિતેમ્, યસ્ચ સ્પેન્તો મઇન્યુશ યસ્ચ અંધ્રો હિપારો અષેહે ગએથાઓ;" "યો પઓઇર્યો મઝ્દાઓ દામાંન્ ફ્રતૅરતાત્ પઇતિ અશ્રેસ્મન્ યજત અહુરેમ્ મઝ્દાંમ્, યજત અમેષે સ્પેન્તે, યજત પાય શ્વૉરશ્તાર. યા વીસ્પ શ્વૉરસ્તો દામાંન્." એટલે "જે (સરોષ) જ્યારથી બે મીનો જે સ્પેનામીનો તથા જે અંગ્રેમીનો (એમણે) પેદાયશો બનાવી ત્યારથી ખુશ ઉંઘાતો નથી. (જે) અપોઇની જગતનો રક્ષક છે." "જેણે (સરોષે) અહુરમજદની (સકળ) સૃષ્ટિમાં, પાંથરેલી બરસમથી, અહુરમજદને પ્રથમ આરાધ્યો, (જેણે) અમેષાસ્પંદોને આરાધ્યા, (તથા જેણે) બન્ને રક્ષકો અને ઘાટ ઘડનારાઓ, જેમણે સૃષ્ટિ રચી, (તેમને) આરાધ્યા."[1]

આ ટુંક ઇશારા ઉપરથી 'પુરૂષ અને માયા (પ્રકૃત્તિ)' સાથની સરખામણી દ્રઢ થાય છે. વળી 'અંગ્રેમીનો' જે પ્રકૃતિનો પીતા છે, તેમાંથી ત્રણ ગુણો ઉદભવે છે, સત્વ, રજસ અને તમસ; અને એ ત્રણે ગુણવાળી નીચ પ્રકૃત્તિ છે એમ આપણે 'ભગવદ ગીતા'ના ઉપલા શ્લોકો ઉપરથી જાણ્યું. એ ત્રણ ગુણોને લીધે 'ભલાઇ,' 'બુરાઇ,'

૧. જુવો સરોષ યશ્ત વડી, એર્વદ કાવસજી એ. કાંગાનો તરજુમો.

'સુખ,' ઇત્યાદી દ્વન્દ (દુઇ) પેદા થઇ છે, અને એની ઉપર જીત મેળવવે, સ્પેનામીનોનો જય થાય છે, અને માનવી એનેથી મુક્ત થઇને, ગરો-નેમાન જ્યાં અહુરમજદ પોતે છે, ત્યાં તેના અચલ ધામમાં એકતાન થાય છે (અને તેની સાથે એકત્ર બને છે). માટે અંગ્રેમીનો વિના સૃષ્ટિક્રમ થાયજ નહિં અને અંગ્રેને તાબે અથવા વશ કરીને ૩૦) વર્ષ તેહમુરસ્પે દીવબન્દ સમાન, તેની ઉપર સ્વારી કરવી,[1] એ કાંઇજ નહિં પણ તમસિ અને રજસિક સ્વભાવ ઉપર કાબુ મેળવીને સાત્વિક એટલે અષો બનીને, ફ્રવષીનું અહુરમજદ સાથની ઐકયતાનું ભાન મેળવવાનો માર્ગ પકડેલો લેખવો જોઇએ. આ સૃષ્ટિ ઉત્પત્તિ (cosmogony) નો વિષય બહુ ગૂઢ, વિશાળ અને ઉંડો છે, અને અત્રે વધુ ટીકાનો સમય નથી, માટે થાભીશું.

અએતત્ તે વયો યત્ તે અસ્તિ સ્પૅન્તો-મઇન્યઍામ્.

આ વાય યજદ! તારો (પવન) જે સ્પેનામીનોની સૃષ્ટિને લગતો છે તેની (મને મદદ પહોંચાડ). (જસ મે અવંઘહે મજદ.)

ફ્રદથાઇ વીસ્પનાંમ્ સ્પૅન્તહે મઇન્યેઉશ્ દામનાંમ્ અષઍાનાંમ્.

સ્પેનામીનોની સઘળી અષો સૃષ્ટિની વૃદ્ધી કરવાને માટે (આ સર્વ છે.) (હોશબામ.)

અવસો-ક્ષથ્રો ખ્યાત્ દ્રવાઓ ગતો હમિસ્તો, નિજ઼બૅરતો હચ સ્પૅન્તહે મઇન્યેઉશ દામબ્યો, વરતો અવસો-ક્ષથ્રો.

દ્રવંત (એટલે પાપી માણસ) દુઃખમાં પડેલો, સ્પેનામીનોની સૃષ્ટિમાંથી બહાર કહાડી મુકેલો, (પોતાની યુક્તિઓમાં) નિષ્ફળ નીવડેલો (તથા) પોતાની મરજી પ્રમાણે સત્તા ન ભોગવનારો (થાય)! (હોશબામ.)

યહ્મી સ્પૅન્તા થ્વા મઇન્યૂ ઉર્વઍસે જસો.

જે અંતમાં (ઓ અહુરમજદ !) તારા કલ્યાણકારી મીનો (સ્પેનામીનો)ની સાથે તું આવનારો (છે).

આઅત્ યત્ હ્વરે ઉજ઼ુક્ષ્યેઇતિ......બ્વત્ દાંમ અષવ યઍાજ઼દાથ્રેમ્, યાઓ હેન્તિ સ્પૅન્તહે મઇન્યેઉશ.

જ્યારે સૂર્ય ઉગે છે (ત્યારે) અષો સૃષ્ટિ કે જે સ્પેનામીનોની છે, (તેને) પવીત્રાઇ આપવાનું કારણ બને છે. (ખોરશેદ ન્યાયશ.)

---

[1] રામયશ્ત કરદો ૩, અને શાહનામું.

તિશ્ત્રીમ્ સ્તારૅમ્ રએવન્તૅમ્ ખ્વરેનંઘ્‌વઉહન્તૅમ્ યજમઇદે; યિમ્ વીસ્પાઇશ પઇતિશ્મરેન્તે, યાઇશ સ્પૅન્તહે મઇન્યેઉશ દામાંન્, અધઇરિ-જેમાઇશ્ચ, ઉપઇરિ-જેમાઇશ્ચ, યાચ ઉપાપ, યાચ ઉપસ્મ, યાચ ફ્રપ્તૅરૅજાંન્, યાચ રવસ્ચરાંન્, યાચ ઉપઇરિ તાઓ અકરન અનઘ્ર અષઑનો સ્તિશ આઇધિ.

ચળકાટવાલા (તથા) ખોરેહવાળા તેશ્તર સેતારાને અમે યાદ કરીએ છીએ, જેનું સ્પેનામીનોની સઘળી ઉત્પત્તિ, (જેવી કે) જમીનની અંદર રહેનારાં, જમીનની ઉપર રહેનારાં, પાણીમાં રહેનારાં, ભૂમીથી ઉપર રહેનારાં, ઉડનારાં (અથવા પાંખવાળાં), લાંબી ફલંગ મારનારાં, તથા એ ઉપરાંત અષો (અહુરમજદ)ની બીજી અનહદ (અને) ગણુત્રી વિનાની સૃષ્ટિ આતુરતાથી સ્મરણ કરે છે. (તીર યશ્ત ફ૦ ૪૮.)

સ્રઑષૅમ્ અષીમ્......યજમઇદે......યો...યજત પાયૂ થ્વૉરૅશ્તાર, યા વીસ્પ થ્વૉરૅસતો દામાંન્.

અષો સરોષ (યજદ) ને અમે યાદ કર્યે છીએ, જેણે બન્ને રક્ષકો (તથા) બનાવનારાઓ,[1] જેમણે સર્વ સૃષ્ટિ રચી (તેમને) આરાધ્યા. (સરોશ યશ્ત વડી ફ૦ ૨.)

યાંમ્ અષ્-અઑજસ્તૅમાંમ્ દ્રુજૅમ્ ફ્રચ કૅરૅન્તત્ અંઘ્રો મઇન્યુશ, અવિ યાંમ્ અસ્તવઇતીમ્ ગએથાંમ્, મહ્રકાઇ અષહે ગએથનાંમ્.

જે સર્વથી વધુ બળવાન દ્રુજને (એટલે ઝુહાકને) આ જડ જગત ઉપર, અષોઇના મુલકોના નાશને માટે, અંગ્રેમઇન્યુશે ઉપજાવ્યો. (બેહરામ યશ્ત ફ૦ ૪૦)

અધાત્ ઉઇતિ ફ્રવષત વૅરૅથ્રધ્નો અહુરધાતો, નોઇત્ નરો યેસ્ન્યો વહ્મ્યો, ગેઉશ-ઉર્વ દામિ-દાતો; યત્ નૂરૅમ્ વ્યામબુર દએવ મષ્યાક દએવયાજો વોહુનીમ્ વા તાચયેઇન્તિ, ફ્રષઑકૅમ્ વા ફ્રષિચન્તિ.

હે માણસો ! ડહાપણથી ઉત્પન્ન કરેલું જગતનું જવાહીર (એટલે સકળ સૃષ્ટિ) યજશ્નેને લાએક (તથા) આરાધનાને યોગ્ય નથી, કારણ કે હમણા વ્યામ્બુર (નામના) દૈત્યો (તથા) દૈત્યને ભજનાર માણસો, લોહી વેહતું કરે છે[2] અથવા દુષ્ટતાનો પ્રસાર કરે છે. (બેહરાંમ યશ્ત ફ૦ ૫૪.)

---

૧. સ્પેના અને અએમીનો. ૨. હિન્દુ ભાઇઓ એવાઓને વામ માર્ગી, પ્રાણીઓના ભોગ આપનારાઓ તરીકે લેખે છે.

તૂમ જેમર-ગૂજો આર્કૅનવો વીસ્પે દએવ જરથુશ્ત્ર, યોઇ પર અહ્માત વીશે-રઑધ અપતયૅન, પઇતિ આય જેમા; યો અઑજિશ્તો, યો તનજિશ્તો, યો થ્વક્ષિશ્તો, યો આસિશ્તો, યો અશ-વૅરૅથ્રજાંસ્તેમો અબવત મઇનિવાઑ દામાંન.

અએ જરથુશ્ત્ર! તું, બન્ને મીનોની પેદાએશમાં જે સર્વથી વધુ જોરાવર, જે સર્વથી અધિક દૃઢ, જે સર્વથી વધુ ચાલાક, જે સર્વથી વધુ ડહાપણવાળો, જે સર્વથી શ્રેષ્ટ ઝડપવાળો, (તથા) જે સર્વથી અધિક વિજયી (અથવા વેરીને મારનાર) પેદા થયો, તેણે સઘળા દેત્યો જેઓ હમણા સુધી આ ધર્તિ ઉપર માણસના રૂપમાં દોડતા હતા, (તેમને) જમીનમાં ઢંકાયલા કીધા. (મોટી હોમ યશ્ત કરદો ૧ ફ૦ ૧૫.)

પંચનાંમ અહ્મિ, પંચનાંમ નોઇત અહ્મિ. હુમતહે અહ્મિ, દુશ્મતહે નોઇત અહ્મિ, હૂખ્તહે અહ્મિ, દુઝૂખ્તહે નોઇત અહ્મિ. હ્વરૂશ્તહે અહ્મિ, દુઝ્વરૂશ્તહે નોઇત અહ્મિ, સ્રઓષહે અહ્મિ, અસ્રુશ્તોઇશ નોઇત અહ્મિ. અષઓનો અહ્મિ, દ્રવતો નોઇત અહ્મિ. અતચિત અહ્માત યથ અપૅમૅમ મનિવાએ અંઘ્રહત નિવાઇતિશ.

પાંચ વીષયોને હું (મલતો) છું. પાંચ વીષયોને હું (મલતો) છું નહી. પવીત્ર વિચારને હું (મલતો) છું, દુષ્ટ વિચારને હું (મળતો) નથી. પવીત્ર વાણીને હું (મલતો) છું, દુષ્ટ વચનને હું મલતો છું નહીં. પવીત્ર કાર્યને હું (મલતો) છું, દુષ્ટ કાર્યને હું (મલતો) નથી. ધર્મની તાબેદારીને હું (મલતો) છું; અધર્મની તાબેદારીને હું (મલતો) નથી. અષો માણસને હું (મલતો) છું. દ્રવંત (પાપી માણસ) ને હું (મલતો) નથી. જ્યાં સુધી (સ્પેનામીનો તથા અંગ્રેમીનો) (એ) બે મીનોની સર્વથી છેવટે હરીફાઇનો અંત આવશે, ત્યાં સુધી (હું સદર રૂઢીએ વર્તીશ.) (મોટી હોમ યશ્ત કરદો ૨. ફ૦ ૧૬.)

યતચિત અહિ રષ્નૂવો અષાઉમ, ઉપ અવે સ્તારો યોઇ સ્પેન્તો-મઇન્યવ, જ્બયમહિ ફ્રીનામહિ.

જો (તું), અએ રશ્ને રાસ્ત ! આ તારાઓ જે સ્પેનામીનોની સૃષ્ટિને લગતા (છે તે) ભણી હોય તો, (ત્યાંથી) અમે તારાં નામનું સ્મરણ કર્યે છીએ (તથા) તને વંદયે છીએ. (રશ્ને યશ્ત ફ૦ ૩૨.)

નોઇત્ પસ્ચએત વનો-વન્તાઇ ઉપ-દયાત્ અંઘ્રો મઇન્યુશ્ સ્પેન્તાઇ મઇન્યિવે.

ત્યારપછી ફરહેત્તમંદ તથા પ્યારા સ્પેનામીનોને અંગ્રેમેન્યુશ તાબે ન થાત. (ફરવર્દીન યશ્ત ફ૦ ૧૩)

યત સ્પેન્તો મઇન્યુશ વીધારયત્ અસ્મનેમ્ યત આપેમ્ યત જામ યત્ ગાંમ્ યત ઉર્વરાંમ્, યત બરેથ્રિવ્ય પુથ્રે વીધારયત પઇતિ-વેરેતે અપર-ઇરિથેન્તો, આદાતાત્ વીધાતઓત્. વ્યાહ્વ ઉર્વત્-ચયત્ અસ્તિચ ગઓનચ દ્રેવૃદ્ચ ઉરૂથ્વાંસ્ચ પઇત્યાઓસ્ચ, ક્ર્વાક્ષસ્ચ.

જે (ફરોહરોની સહાય)થી સ્પેનામીનો આસ્માનને, પાણીને, જમીનને, ગાય ઢોરને, ઝાડપાનને તથા વીધાતુ (નામના દેત્ય)ના હુમલાથી માતાઓ (નાં પેટ)માં બચ્ચાંઓને રક્ષણ પામેલાં (તથા) મરણ ન પામતાં ટેકાવી રાખે છે. (વળી) (પેટમાંના બચ્ચાંના) હાડકાં, રૂપ, સ્નાયુ, આતરડાં, પગ તથા છુપા ભાગોને બચાવે છે.

(ફરવર્દીન યશ્ત ફ૦ ૨૮)

વીધારયત્ સ્પેન્તો મઇન્યુશ, યાઓ......ઉપ-દારયેન અસ્મનેમ.

સ્પેનામીનો આસમાનને ટેકાવી રાખે છે (તથા) ફરોહરો ટેકાવી રાખવામાં સહાય દે છે. (ફરવર્દીન યશ્ત ફ૦ ૨૯)

અઓમ્ જઇધ્યત અવત્ આયપ્તેમ્ દજદિ-મે વયુશ યો ઉપરો-કઇર્યો, યથ...નઓચિશ અવત્ યો સ્પેન્તાહે.

(ત્યારે) તેણેથી (વાએ યજદથી) માંગ્યું કે, અહો! બળવાન વાય યજદ! આ (નીચે જણાવેલી) મારી અભીલાષા પુરી પાડ. તે એ કે (હું) સ્પેનામીનોની, આ (સૃષ્ટિ)ને કોઇએ માનવી ન (મારે).

(રામ યશ્ત ફ૦ ૩)

અએતત્ તે વયો યજમઇદે, યત્ તે અસ્તિ સ્પેન્તો-મઇન્યઓમ્

વાય યજદ! તારો તે (પવન) જે સ્પેનામીનોને લગતો છે (તેને) અમે યાદ કર્યે છીએ. (રામ યશ્ત. ફ૦ ૪)

અવનયેનિ સ્પેન્તેમ મઇન્યૂમ્ હચ રઓક્ષ્ન ગરો-ન્માન.

સ્પેનામીનોને ઝળકતાં ગરોટમાન (સ્વર્ગ)માંથી હું નીચે લઇ જાઉં. (જમ્યાદ યશ્ત ફ૦ ૪૪)

પઇતિ-શે અઓખ્ત અહુરો મજ્દાઓ, સ્પેન્તત્ હચ મઇન્ય-ઑત્ જરથુશ્ત્ર અએષાંમ્ ચિથ્રેંમ્ વહિશ્તાઅતચ મનંઘ્રહુત.

અહુરમજદે તેને (અપો પેગમ્બરને) જવાબ દીધો કે, અહો જરથુશ્ત્ર ! તેઓનું જાહેર (થવું) (જગતના) કલ્યાણકર મીનો તરીકે તથા સર્વોત્તમ શકિત તરીકે (છે). (હાદોખ્ત નુશ્ક. ફ૦ ૪૦)

ફ્રા મે સ્પેન્યાઓ મનિવાઓ વવચ. વીસ્પાંમ્ અષઓનો સ્તીમ્ હુઇતીમચ બવઇન્તીમચ બૂષ્યેઇન્તીમચ શ્યઓથ્નો-તાઇત્ય શ્યઓથનનાંમ્ અંઘ્રહેઉશ્ મજ્દાઇ.

અહુરમજદ (ની કીર્તિ જાહેર કરવા)ને માટે (આ) દુન્યાના કાર્યોનાં નમુના સમાન બે મીનોમાંના વધારે વૃદ્ધી કરનાર (મીનોએ), અપો (અહુરમજદ)ની સકળ સૃષ્ટિ જે હમણા છે, જે થઇ ગઇ તથા જે હવે પછી થશે, તે વિષે મને જાહેર કીધું હતું. (હા. ૧૯ ફ૦ ૯)

હિશ્વત્ એકો અબવત્ અન્તરેચ ક્રવન્તેંમ્ આગ્રત. અચ અન્તરેઉખ્ત. નોઇત્ ના મનાઓ નોઇત્ સંઘહ્ નોઇત્ ખ્રતવો નએઘ વરેન નોઇત્ ઉખ્ધા નએઘ શ્યઓથન નોઇત્ દએનાઓ નોઇત્ ઉર્વાનો હચઇન્તે.

જ્યારે આ (નીચે જણાવેલી) દુ:વાહોથી (અહુરમજદે) અહરેમનને કહ્યું, ત્યારે (તે) દુષ્ટ (રૂહ) વ્હેલો જતો રહ્યો: આપણા બન્નેના વિચાર, શીખામણ, જ્ઞાન, નીયમો, વચનો, કાર્યો, ધર્મ તથા રવાન એક બીજા સાથે મળતાં ન થાય. (હા. ૧૯. ફ૦ ૧૫)

પાયુચા થ્વોરેશ્તારા યજમઇદે.

બન્ને પાળનારા તથા ઘાટ ઘડનારાઓને[1] અમે વખાણ્યે છીએ.

યો નોઇત્ પસ્ચએત હુશાખ્ફ યત્ મઇન્યૂ દામાંન્ દઇધીતેમ્ યસ્ચ સ્પેન્તો મઇન્યુશ્ યસ્ચ અંગ્રો.

જે (સરોષ યજદ) જ્યારથી બે મીનો જે સ્પેનામીનો તથા અંગ્રે મીનો (એમણે) (સૃષ્ટિ) બનાવી, (ત્યારથી) ખુશ ઉંઘતો નથી. (હા. ૫૭ ફ૦ ૧૭)

હમિસ્તયએચ નિજ્ર્બેરેતયએચ અન્ઘ્રહે મન્યેઉશ્ મત્-દામનો દુજ્-દામનો પોઉરૂ-મહરકહે.

---

૧. સ્પેના અને અંગ્રેમીનો.

(પોતાની) સૃષ્ટિ સાથના, દુષ્ટ ઉત્પત્તિવાળા તથા પુર મરકીવાલા અંગ્રેમઇન્યુશની સામે થવાને તથા (તેને) બહાર કાઢી નાખવાને (અમે યથા અપેમ અને યેંઘહે હાતામને પુરતી રીતે આશકારા કર્યે છીએ). (હા. ૬૧ ફ૦ ૨)

અથ જી ને હુમાયોતરચ ઇઝ્યોતરચ આઆઁથ્રહામ યાઇશ્ સ્પૅન્તહે મઇન્યેઉશ્ દામાંન્.

વળી (હાવનીમની, હોમની, અહુનવરની સત્ય બોલેલા વચનોની, પયગમ્બર જરથુશ્ત્ર સાહેબની વાણીની, કરેલાં પવીત્ર કાર્યોની, અષોઇથી પાંથરેલી બરસમની, અષોઇથી કુટેલા હોમની, સ્તોત યસ્નયની, માઝ્દયસ્ની દીનના વિચારોની, વચનોની, કાર્યોની એ સઘળાંની ખુબીઓ) અમારે માટે ખરેજ વધુ લાભકારક (થાય), (જેથી) સ્પેનામીનોની જગતનું વધુ કલ્યાણ કરનાર અમે થઇએ.

(વીસ્પરદ ક૦ ૧૨ ફ૦ ૪)

અષા યેચા યા રઓચેબીશ્ દર્રૅસતા ઉર્વાઝા.

એ (વીષયો)ને (તેના) આત્મબોધને લીધે શીખવાને યોગ્ય (તથા) લાભકારક હું માનું છું. (હા. ૩૦ ફ૦ ૧)

અત્ તા મઇન્યૂ પૉઉર્યે યા યેમા ખ્ફ્રેના અસ્રૂવાતૅમ;
મનહ્યિચા વચહ્યિચા શ્યોથનોઇ હી વહ્યો અકૅમચા.

તે બે મીનો જેઓ જોડયા છે, તેમણે પ્રથમ પોતપોતામાં વાત કીધી. એ બે (મીનો) વિચારમાં, વાણીમાં તથા કાર્યોમાં વધારે સારા તથા નરસા (એ પ્રમાણે છે). (હા. ૩૦ ફ૦ ૩)

અતચા હ્યત્ તા હેમ્ મઇન્યૂ જસએતૅમ્ પઓઉર્વીમ્, દઝ્દે
ગએમચા અજ્યાઇતીમચા, યથચા અંઘ્રહત્ અપૅમૅમ્ અંઘ્રહુશ્.

જ્યારે તે બે મીનો (સ્પેનામીનો તથા અંગ્રેમીનો) પહેલાં સાથે મળ્યા, (ત્યારે તેમણે) જીવન અને નાશ પેદા કીધાં, અને જ્યાં સુધી દુન્યાનો અંત આવશે ત્યાં સુધી (એ પ્રમાણે ચાલ્યા કરશે).

(હા. ૩૦. ફ૦ ૪).

અયાઓ મનિવાઓ વરતા યે દ્રૅગ્વાઓ અચિશ્તા-વૅરૅઝયો,
અષૅમ્ મઇન્યુશ્ સ્પેનિશ્તો, યે ખ્રઓઝ્દિશ્તેંગ્ અસેનો વસ્તે.

તે બે મીનોમાંથી જે બુરો (મીનો તેણે) સર્વથી દુષ્ટ પસંદ કીધું; સર્વથી આબાદી કરનાર મીનો, જે સર્વેથી બળવાન આકાશ તરફ રહે છે, (તેણે) અષોઇ સ્વિકારી. (હા. ૩૦. ફ૦ ૫.)

અયાઓ નોઇત્ ઍરેશ વીષ્યાતા દએવાચિના, હ્યત્ ઇશ આ-દબઓમા

પૅરેસ્મનેંગ્ ઉપા-જસત્, હ્યત્ વૅરેનાતા અચિશ્તેમ્ મનો

અત્ અએષૅમૅમ્ હેનદ્વારૅન્તા, યા બાંનયૅન્ અહૂમ્ મરૅતાનો.

દૈત્યની દીશાએ ઢળેલાઓ, આબે (મીનો)ની યોગ્ય વિરોધતા સમજી ન શકયા, જો કે જ્યારે તેઓ (ધર્મના વીષયમાં) પ્રશ્નોત્તર કરવાને આવ્યા, ત્યારે તેમનો આપણે પરાજય કર્યો હતો. તે છતાંએ (તેમણે) સહુથી બુરો વિચાર સંપાદન કર્યો, તથા એશમ દૈત્યની સાથે મળી ગયા, જેથી જગતમાં માણસોને તેઓ ઇજા કરે. (હા. ૩૦. ફ૦ ૬.)

આનુશ-હક્ષ્ આર્મઇતીશ્ મઇન્યૂ પૅરેસાઇતે યથ્રા મએથા.

ત્યારપછી તુરતજ સંપૂર્ણ મનશ્ની (આધિનતા) બે મીનોને, જે દીશાએ (તેમની) વલણ (હોય છે, તે વીષે) પુછે છે. (હા. ૩૧. ફ૦ ૧૨.)

વાઓ અકા મનંઘ્રહા યેંગ્ દએવેંગ્ અકસચા મઇન્યુશ

અકા શ્યઓથનૅમ્ વચંઘ્રહા યા ફ્રચિનસ્ દ્રૅગ્વન્તૅમ્ ક્ષયો.

અકોમન નામનો દુરાચાર દૈત્ય દુષ્ટ વિચાર, વચન તથા કાર્યથી તમ દૈત્યોને તેમજ દુષ્ટોને સત્તા આપે છે. (હા. ૩૨. ફ૦ ૫.)

યહ્મી સ્પૅન્તા થ્વા મઇન્યૂ ઉર્વએસે જસો, મઝ્દા ક્ષથ્રા અહ્મી વોહૂ મનંઘ્રહા, યેહ્યા શ્યઓથનાઇશ્ ગએથાઓ અષા ફ્રાદૅન્તે.

જે છેવટે, અહુરમજ્દ ! તારા કલ્યાણકારી મીનો (સ્પેનામીનો) ની સાથે તથા શહરેવર અને બહમનને લીધે તું આવશે; (તું) કે જેનાં કાર્યોથી દુન્યાની પ્રજાઓ, અષોઇને અંગે, રીદ્ધીસીદ્ધીમાન થાય છે. (હા. ૪૩. ફ૦ ૬.)

અત્ અહુરા હ્વો મઇન્યૂમ્ જરથુશ્ત્રો વૅરૅન્તે મઝ્દા, યસ્તે ચિશ્ચા સ્પેનિશ્તો.

અહો સર્વથી વધુ આબાદી કરનાર અહુરમજદ! જરથુશ્ત્ર પોતે (તારા) મીનોને માનની નજરથી જુવે છે, તથા કોઇપણ માનવીએ (તેમ કરવાને) પોતાની બનતી કોશેષ કરવી જોઇયે. (હા ૪૩. ફ૦ ૧૬.)

અત્ ફ્રવક્ષ્યા અંઘ્હેઉશ્ મઇન્યૂ પૉઉરૂયે, યયાઑ સ્પન્યાઑ ઊઇતી મ્રવત્ યેમ્ અંગ્રેમ્, નોઇત્ ના મનાઑ, નોઇત સેંગ્હા, નોઇત ખ્રતવો, નએદા વરના, નોઇત્ ઉખ્ધા, નએદા શ્યઓથના, નોઇત દએનાઓ, નોઇત ઉર્વાનો હચઇન્તી.

(અએ વાંચકો) આરંભમાં (હું તમને) દુન્યાના બે મીનો વિષે જાહેર કરૂં છું, જેમાના વધુ સંપત્તિ દેનારે (મીનો એ) નાશ કરનાર (મીનો)ને આ પ્રમાણે કહ્યું,— નથી આપણા વિચારો, નથી આપણી શીખામણો, નથી આપણી સમજ, નથી આપણી રીતભાત, નથી આપણાં કાર્યો, નથી આપણાં અંતઃકરણો, નથી આપણા રવાંન (આત્માઓ) એક બીજાંને મળતાં (અથવા અનુસરતાં). (હા. ૪૫. ફ૦ ૨.)

સ્પૅન્તા મઇન્યૂ સ્રઓત્ મજ્દાઑ અહુરો, યેહ્યા વહ્મે વોહૂ ફ્રષી મનંઘ્હા, અહ્યા ખ્રત્ ક્રે-મા સાસ્તૂ વહિશ્તા.

કલ્યાણ કરનાર મીનોને અંગે અહુરમજદ (આપણી ભકિત) સાંભળશે; જેની આરાધના સુમતિથી કરવામાં આવે છે, તેની પોતાની સર્વોત્તમ અક્કલની મારફતે (તે) અમને શિખાડશે. (હા. ૪૫. ફ૦ ૬.)

અહ્યા મન્યેઉશ સ્પૅનિશ્તહ્યા વહિશ્તૅમ, હિજ્વા ઉખ્ધાઇશ્ વંઘ્હેઉશ્ એઑઆનૂ મનંઘ્હો, આર્મતોઇશ્ જસ્તોઇબ્યા શ્યઓથના વૅરૅજ્યત્.

(કોઇપણ) (પોતાની) જીભ (તથા) મોઢાંની મારફતે (બોલેલા સદ) વચનોને લીધે, (તથા) (પોતાની) ભલી સુમતિના (તથા) નમ્રતાના બે હાથથી (કરેલાં) કાર્યને લીધે, તે સર્વથી મહાન કલ્યાણ-કારી મીનોની સર્વોત્તમ મીત્રતા (દોસ્તી) મેલવી શકે છે. (હા. ૪૭. ફ૦ ૨.)

અહ્માત્ મન્યેઉશ્ રારૅશ્યેઇન્તી દ્રૅગવન્તો, મજ્દા સ્પૅન્તાત નોઇત્ ઇથા અષાઉનો.

હે! અહુરમજદ! સ્પેનામીનો (ના પ્રતાપ)થી પાપી માણસો દુઃખી થાય છે, પણ અષો (દુઃખી) નથી (થતા). (હા ૪૭ ફ૦ ૪)

આઅત્ યત કાંમચિત વા તઓખ્મનાંમ પર ઇરિથ્યેઇતિ યથ અન્યો તકએષ, સ્પેંન્તહે મઇન્યેઉશ્ દામનાંમ હાંમ્ રએથ્વયેઇતિ અત્ પઇતિ રએથ્વયેઇતિ.

જ્યારે કોઇપણ બીજનો (ન્યાતનો), જેવો કે જુદી શ્રદ્ધાવાળો (તથા) અન્ય ધર્મવાળો મરી જાય, ત્યારે સૃષ્ટિમાંની સ્પેનામીનોની કેટલી (ઉત્પત્તિને તે) હમરીત કરે છે (તથા) કેટલી (પેદાયશને) (તે) પતરીત કરે છે ?

(વંદીદાદ પરગ. ૧૨. ફ૦ ૨૧.)

મઇર્યો ફ્વાઓ બિજંગ્રો અવથ અપેમઓઘો અનષવ સ્પેંન્તહે મઇન્યેઉશ્ દામનાંમ્, હાંમ્ રએથ્વયેઇતિ જવો પઇતિ રએથ્વ-યેઇતિ.

(તે) બે પગવાળો સાંપના સ્વભાવનો દરવંદ તેમજ અપવીત્ર આશ્મોગ જીવતાં જીવત પેદાયશોમાંની સ્પેનામીનોની (પેદાયશને), હમરીત કરે છે (તથા) જીવતાં જીવત પતરીત કરે છે.

(વંદીદાદ પરગ. ૧૨. ફ૦ ૨૨.)

અંગ્રે મીનો

તાઓ હે સ્નઇથિશચ વરૅથસ્ચ પરૂતસ્ચ પઇરિ-વારસ્ચ વીસૅન્તે, પઇરિ મઇન્યઓયાત દ્રુજત, વરૅન્યયાતચ દ્રવાંઇથ્યાત, જિજિયૂષતચ પઇરિ કયધાત વીસ્પો-મહર્કાઅતચ પઇરિ દ્રવતત યત અંઘ્રાત મઇન્યઓત.

તે (ફ્રેહરે) તેને માટે મીનો દરૂજ તથા ગીલાનના દ્રવંદ તથા નુકસાન પહોંચાડનાર પાપી માણસની વિરૂધ્ધ, તથા સઘળી મરકીવાળો દ્રવંદ જે અંગ્રેમેન્યુશ (તેની) સામે હથ્યાર, ઢાલ, ટેકા તથા રક્ષણ તરીકે થાય છે. (ફરવર્દીન યશ્ત. ફ૦ ૭૧)

તાઓ હે તઉર્વયતૅમ તબએષાઓ અંઘ્રહે મઇન્યેઉશ દ્રવતો, યત નોઇત આપો તકાઇશ સ્તયત, નોઇત ઉર્વરાઓ ઉરૂધ્મિબ્યો.

તેમણે બુરા અંગ્રેમીનોની દુષ્ટતા તોડી નાંખી, જેથી (અંગ્રેમીનો) પાણીઓને વેહવાથી (તથા) ઝાડપાનોને ઉગવાથી અટકાવી ન શક્યો. (ફરવર્દીન યશ્ત. ફ૦ ૭૮)

અઓમ જઇધ્યત અવત આયપ્તૅમ દ્રુજદિ મે વયુશ યો ઉપરો-કઇર્યો, યથ અજૅમ નિજનાનિ અંઘ્રહે મઇન્યેઉશ દામનાંમ.

(ત્યારે) તેની (વાએ યજદ) પાસેથી (અહુરમજદે) માગ્યું કે, અહો બળવાન વાએ યજદ! આ મુરાદ મને તું બક્ષ તે એ કે (હું) અંગ્રેમેન્યુશની સૃષ્ટિને મારૂં. (રામ યશ્ત. ફ૦ ૩.)

યત બરાનિ અંઘ્રૅમ મઇન્યૂમ ક્રમિતૅમ અસ્પહે કેહ્રપ, થ્રિસતૅમ અઇવિ-ગામનાંમ, વ પઇરિ જેમો કરન.

હું (તેહમુરસ્પ) અંગ્રેમીનોને વશ કરીને, ત્રીસ વર્ષ લગી પૃથ્વિના બે છેડાની આસપાસ, (તેની ઉપર) ઘોડાનાં રૂપમાં સ્વારી કરૂં. (રામ યશ્ત. ફ૦ ૧૨)

યત વ દાંમ વયેમિ, યસ્ચ દથત સ્પૅન્તો મઇન્યુશ, યસ્ચ દથત અંઘ્રો મઇન્યુશ.

કારણ કે બે (પ્રકારની) સૃષ્ટિ કે જે સ્પેનામીનોએ બનાવી તથા જે અંગ્રેમીનોએ ઉત્પન્ન કરી, તે બન્ને સંસર્ગને હું પહોંચી શકું. (રામ યશ્ત. ફ૦ ૪૩.)

થ્વાંમ્ નોઇત્ તઉર્વયાત્ અંઘ્રો મઇન્યુશ્ પૉઉરૂ-મહ્રૂકો, નોઇત્ યાતવો, નોઇત્ યાતુમાઑ, નોઇત્ દએવો, નએધ મષ્યો.

(અવસ્તા વાણીના આર્શીવાદથી) પુર મરકીવાળો અંગ્રેમીનો (અથવા) જાદુગર, (અથવા) જાદુમાં માનનારો (અથવા) દૈત્ય (અથવા) (કોઇ બુરો) માનવી તને ઇજા ન પહોંચાડે. (રામ યશ્ત. ફ૦ ૫૬.)

ઉઇતિ દવત હો યો દુજ્દાઓ અંઘ્રો મઇન્યુશ્ પૉઉરૂ-મહ્રૂકો, નોઇત માંમ્ વીસ્પે યજતાઓંઘ્રહો અનુસૅન્તૅમ્ ફ્રઑરૅચિન્ત; આઅત્ માંમ્ અએવો જરથુશ્ત્રો અનુસૅન્તૅમ્ અપયેઇતિ.

જઇન્તિ માંમ્ અહુન વઇર્ય, અવવત સ્નઇથિષ યથ અસ્મ કતો-મસાઓ; તાપયેઇતિ માંમ્ અષ વહિશ્ત, માંનયૅન્ અહે યથ અયૉક્ષુસ્તૅમ્; રએકો મે હચ અંઘ્રહાઓ જૅમત વંઘ્રહો ફૅરૅનઑઇતિ, યો માંમ્ અએવો જામયેઇતિ, યો સ્પિતામો જરથુશ્ત્રો.

જે, દુષ્ટ જાણનાર, પુરતી મરકીવાળો, અંગ્રેમીનો, તે આ પ્રમાણે બોલ્યો :—

સર્વ યજદો મારી મરજી વિરૂધ્ધ મને હણી ન શકયા; પણ જરથુશ્ત્ર એકલો મારી મરજી વિરૂધ્ધ મને પહોંચી શકયો (એટલે મારી ઉપર ફાવીને મારો પરાજય કર્યો.)

(અંગ્રેમીનો કહે છે) કે અહુનવઇર્ય (જે) કત (માપના) જેટલા મોટા પત્થર જેવું હથ્યાર, (તે)ની મારફતે (પેગમ્બર જરથુશ્ત્ર), મને મારે છે; ધાતુ (ને પીગળાવી નાખે તે) પ્રમાણે અષ વહિશ્ત (એટલે અષેમ્ વોહૂ)ની મારફતે (તે) મને બાળી નાંખે છે. આ પૃથ્વી ઉપરથી (મારૂં) ચાલી જવું, મારે માટે (તે પેગમ્બર જરથુશ્ત્ર) વધુ સારૂં કરે છે. માત્ર તેજ સ્પીતમાન જરથુશ્ત્ર (અને ન બીજો કોઇ) મને (આ ભુમિ ઉપરથી) હઠાવી શકે! (અશીશવંઘ યશ્ત. ફ૦ ૧૯—૨૦.)

યાંમ્ અપૂ-અઑજસ્તૅમાંમ્ દુજૅમ્ ફ્રચ કૅરૅન્તત્ અંઘ્રો મઇન્યુશ્, અવિ યાંમ્ અસ્તવઇતીમ્ ગએથાંમ્, મહ્રૂકાઇ અષહે ગએથનાંમ્.

જે સર્વથી બધુ પ્રબળ દ્રુજને (ઝુહાકને) (આ) જડ જગતની ઉપર અષોઇના સંસ્થાનોના નાશને કાજે અંગ્રેમેન્યુશે સરજ્યો. (અશીશવંઘ યશ્ત. ફ૦ ૩૪)

તઉર્વયેઇતિ અંઘ્રૅમ મઇન્યૂમ પૉઉરૂ-મહ્રકૅમ.

(તે આર્યન ખુરેહ) પુર મરકીવાળા અંગ્રેમીનોને તોડે છે.

(આસ્તાદ યશ્ત. ફ૦ ૨)

ઉસ-પતયેનિ અંઘ્રૅમ મઇન્યૂમ ઍરૅઘત હચ દુઝંઘ્રહ.

(એરેજો-ષમન નામનો રાક્ષસ બોલે છે) અંગ્રેમેન્યુશને દુર્ગંધિ દોજખમાંથી¹ ઉંચ ઘસડી લઇ જાઉં. (જમ્યાદ યશ્ત. ફ૦ ૪૪)

યહ્નિ પઇતિ પરૅખ્સાઇથે સ્પૅન્તસ્ચ મઇન્યુશ અંઘ્રસ્ચ......અંઘ્રો મઇન્યુશ અશ્તૅમ ફ્રંઘ્રહરૅચયત અકૅમચ મનો, અએષૂૅમચ ખ્રૂવી-દ્રૂમ, અઝ્રીમચ દહાકૅમ સ્પિત્યુરૅમચ યિમો-કૅરૅન્તૅમ.

જે (યજદી તેજ) ને માટે સ્પેનામીનો તથા અંગ્રેમીનોએ એક બીજા સાથે યુધ્ધ મચાવ્યું...અંગ્રેમીનોએ (પોતાના) દૂત તરીકે અકોમનને, ઘાતકી હથ્યારવાળા એશમ (દૈત્ય) ને, ઝોહાકને (તથા) જમશેદ (પાદશાહ) ને કાપી નાખનાર સ્પિત્યુરને મોકલ્યા.

(જમ્યાદ યશ્ત. ફ૦ ૪૬)

આઅત માંમ મઇર્યો ફ્રાકૅરૅનઑત અંઘ્રો મઇન્યુશ પૉઉરૂ-મહ્રકો નવચ યસ્કે નવઇતિશ્ચ નવચ સત નવચ હજંઘ્ર નવસેસ્ચ બએવાંન.

(આ જડ જગતમાટે કહે છે કે):— ત્યારે (તે) સાંપે (અંગ્રેમેન્યુશે) મારી તરફ નજર કીધી; ત્યારે (તે) સાંપ કે જે પુર મરકીવાલો અંગ્રેમઇન્યુશ, (તેણે) મારે માટે ૯૯,૯૯૯ દર્દો પેદા કીધાં. તેટલા માટે, અએ પુર ખોરેહવાળા માંથ્ર સ્પેન્ત! તારે મને તનદરોસ્તી આપવી (નીરોગી બનાવવો) જોઇએ. (વંદ. ૨૨. ફ૦ ૯)

ગાથામાં નીચલા વધુ ફકરાઓમાં "બે મીનો અને સ્પેન્તોતેમો" વીષે ઇશારાઓ છે તે જુવો.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૩૦	૩-૪-૫-૬.	૪૫	૨-૬
૩૧	૩-૧૨.	૪૭	૧-૨-૩-૫-૬.
૪૩	૬-૧૫-૧૬.	૪૮	૧૦.
૪૪	૭-૧૨.	૫૧	૭.

---

૧. પતમાંથી, નર્કમાંથી.

ફરોહર, ફ્રવષી અને રવાન.

પ્રથમ અષો અહુરમજદે જગત ઊત્પત્તિ કરી ત્યારે સ્પેનામીનો અને અંગ્રેમીનો સરજ્યા. તેમણે પોતપોતાની ભલાઇ અને વૃદ્ધિ અને બુંડાઇ અને અંધકારની જગત પેદા કરી. તે જગતો ઘણો વખત નિશ્ચલ પડી રહિ. પછી પોતાનો મહિમા આગળ વધારવા માટે, હંમેશગી સુધી રવાનો અને તેમના ફરોહરો સરજીને, અનંતપોકર્લીમાં, "મિસ્વાન ગાતુ ખદાત"માં રાખ્યા. આમ કરવે મીનોઇ સ્રષ્ટિ સંપૂર્ણ થઇ. એઓ સરજાયાં ત્યારે સૂર્ય, ચંદ્ર, તારાઓ હજુર બન્યા ન હોતા. ત્યાર કેડે ગેતીની (પ્રકૃતિની Material) સ્રષ્ટિ ઉત્પન્ન કરી. એકનું નામ 'સ્તિ,' 'ગએથા' અથવા 'જેમ', અને બીજીનું નામ 'વ્હ' અથવા 'ચ' અથવા 'મઇન્યુ' અથવા 'અસ્મન' સરજ્યાં. તેમાનું પ્રથમવાળું, મીલકત, બાયડી, હલકું એવા ગુણવાળું ગણ્યે અને બીજું માલેક, મરદ, ભારી અને મીનો એ ગુણવાળું ગણ્યે, એવાં એકમેક સાથે મળીને કાર્ય કરે એવાં બનાવ્યાં.[1] એમને એર્વદ શહેરયારજી દા. ભરૂચા 'પુરૂષ' અને 'પ્રકૃતિ' તરીકે ઓળખે છે; જો કે આપણે 'રવાન' અને 'ફરોહરો'ને 'પુરૂષ'ની ચીંગારીઓ તરીકે પીછાનવાં જોઇએ. 'ફરોહર' સર્વથી ગુપ્ત અને શ્રેષ્ઠ શક્તિ છે, જે 'રવાન' રૂપી અતિ સૂક્ષ્મ શરીરમાં કાર્ય કરે છે.

ગેતીની સ્રષ્ટિ ઊત્પન્ન કર્યા કેડે 'રવાન' અને 'ફરોહરો'ને ગેતામાં એક તરફ સ્પેનામીનો અને બીજી દીશાએ અંગ્રેમીનો એ બેના વિરૂદ્ધ આકર્ષણની વચમાં, રફતે રફતે ઉતાર્યાં અને એમના કાર્યથી સ્રષ્ટિક્રમ ગતીમાં આવ્યો.

પહેલવી પુસ્તકોમાં જણાવ્યું છે કે અહુરમજદે 'ફરોહરો'ની ઉત્પત્તિ પછી તેમને સવાલ કર્યો કે "તમે શું ઇચ્છો છો? તમને હું મારી છાતીમાં રાખી અને હમેશગી પર્યંત સંભાળું કે તમે 'ગેતી'ની સ્રષ્ટિમાં જઇને, અગ્રેમીનો સામે લડીને, પુશ્કળ દુઃખ ખમીને, તેને હરાવીને, અત્યંત શક્તિવાળાં બનીને, મારામાં પાછાં આવીને મળો?" ત્યારે મોટા ભાગે નમ્રતાથી જવાબ વાળ્યો કે "અમે રાજી છિયે

૧. જુવો એર્વદ શહેરયારજી દા. ભરૂચાનું રીસ્તીસ્તાન પાનું ૩૦૭-૮.

કે ગેતીમાં જઇને ત્યાં અંગ્રેમીનોની સામે યુદ્ધ કરીને, તારે લાયકના સામર્થવાન થઇને પાછા તારામાં ભેળાઇયે." આ તેમનો જવાબ સાંભળીને જે 'ફ્રેોહરો'એ નીચે ઉતરી આવવા ચાહ્યું, તેમને ગેતીમાં ઉત્પન્ન કર્યાં અને બાકીનાં અહુરમજદના રક્ષણમાં અને આશ્રય હેઠળજ રહ્યાં છે, તેઓ આ ગેતીમાં ઉતર્યાં નથી.[1]

નીચે ઉતરવાને સ્વિકાર કરનારાં ફ્રેોહરો આપણે અત્રે પેદા થયાં છિયે અને સ્પેનામીનોના રક્ષણમાં રહિને, અંગ્રેમીનો અને તેના આકર્ષણો, હિંદુશાસ્ત્ર પ્રમાણે ટુંકમાં–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર– સામે લડયે છિયે. એ અંગ્રેમીનોની લાલચો અને હવસોને વશ કરવાને સારૂં આપણને માજદયસ્ની જરથોશ્તિ દએન (ધર્મના નીયમ અથવા શાસ્ત્ર)માં 'અષોઇ' શીખાડી છે. એ 'અષોઇ' 'હુમત, હુખ્ત અને હવરશ્ત'થી મેળવાય છે. અને એ 'હુમત, હુખ્ત અને હવરશ્ત' શું છે, તે સમજવાને માનવી લાયક થાય, તે માટે તેને હૈયાનું શીક્ષણ મેળવવુંજ જોઇએ. અને તે હૈયાં (અંતઃકરણ)ને કેળવવુંજ જોઇએ. અને તે કેળવણી 'મન' અથવા 'મગજ'થી સદંતર જુદી છે. તેમાં 'ફ્રેોહર'ની ખાસ શક્તિની સહાયતા જોઇએ. અને એ શીક્ષણ અને કેળવણી (સ્વકાબુ, સંયમ, નિગ્રહ) મેળવી આપવાને 'દએન' હાજર છે અને એ 'દએન' પ્રમાણે 'હુમત, હુખ્ત અને હવરશ્ત' કેમ અને કયારે મેળવાય, તેની ફીલસુફી સમજનારજ 'અષો' થઇ શકે છે. તે સમજાવવાને સારૂં આ પુસ્તક "અવસ્તાના જવાહીરો" લખ્યું છે. તેમાં "હુમત, હુખ્ત અને હવરશ્ત" કેમ અને કયારે મેળવાય, તે જુદા જુદા વિષયોમાં વહેંચી અને વિભાગો કરીને દેખાડયું છે. જે સદ્ગુણો આ પુસ્તકમાં દેખાડયા છે, તે સર્વે એકપણ અપવાદ શીવાય, જ્યારે હૈયું ગ્રહણ કરે, અને સ્વકાબુથી માનવી તેમને અમલમાં મુકે–જેને છરીની ધાર જેવો બીકટ માર્ગ લેખ્યો છે–ત્યારે 'અષોઇ' પ્રાપ્ત થાય છે. અને 'અષોઇ' 'સ્પેનામીનોની મીનોઇ' સૃષ્ટિમાં દાખલ થવાનો પટો (Pass-port) છે. 'અંગ્રેમીનો'ની મીનોઇ સૃષ્ટિમાં પેવશ થવાનું સહેલ છે અને તે 'અનષોઇ'થી થવાય છે.

આ પ્રમાણે 'મન'ની કેલવણી અને 'ધર્મ'ની કેલવણી એ બે અત્યંત જુદાં પડે છે. 'ધર્મ'ની કેલવણી મેળવવા સારૂં, 'હૈયું' કાબુમાં મેળવવા

---

૧. જુવો Sacred Books of the East, Pahalvi Texts, Vol V; Bundahis, Ch. II, 10 & 11.

માટે 'દએન', ભક્તિ, ભણતરો અને ક્રીયાઓ અને જગતમાં સદાચાર અને કુટુંબ, સ્નેહી, અને જન સમાજ તરફ અખંડ અને નિઃસ્વાર્થિ પ્રેમ દેખાડયા છે. પૂર્વમાં આ કેલવણીને મનની કેલવણી કરતાં ઘણીજ ચઢતી લેખી છે; કારણ કે 'મન' દુન્યવી વીષયો સમજી અને દુન્યવી લાભો મેળવી આપે છે. જ્યારે 'હૈયાં'ની કેળવણીથી અનંત સચ્ચિદાનંદ, સુખ, જ્ઞાન અને શક્તિના પીતા અહુરમજદની નઝદીક પહોંચીને માનવી હંમેશગી સુધી પરમાનંદ, પરમશક્તિ અને મહાજ્ઞાન પ્રાપ્ત કરે છે. સમજવું સહેલ છે કે પૂર્વની કેલવણી સાથે પાશ્ચાત્ય કેલવણી સરખાવી શકાય નહિં, અને પૂર્વનો સૂધારો 'રવાન બોખ્તગીનો છે' તેથી સર્વોત્તમ હતો અને પાશ્ચાત્ય સૂધારો 'મન'નો છે, તેથી ચલિત અને દમવિનાનો છે.

અએતત્ અષઓનાંમ્ ફ્રવષીશ.

આ (નમન) અષો (લોકો)નાં ફરોહરોને (પહોંચો) !

(ખોરશેદ નિયાયશ ફ૦ ૧.)

હવાંમ્ ફ્રવષીમ્ યજમઇદે.

પોતાનાં ફરોહરને અમે વખાણ્યે છિયે. (ખોરશેદ નિયાયશ ફ૦ ૮)

અષઓનાંમ્ વંઘુહીશ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો યજમઇદે.

અષોનાં ભલાં, જોરાવર તથા વૃદ્ધી કરનારાં ફરોહરોને અમે વખાણ્યે છિયે. (ખોરશેદ નિયાયશ. ફ૦ ૮.)

ઇરિસ્તનાંમ્ ઉર્વાનો યજમઇદે, યાઓ અષઓનાંમ્ ફ્રવષયો.

અષોનાં ફરોહરોવાળાં જે ગુજરી ગએલાંઓનાં રવાનો, (તેમની) સાથે અમે એકતાન થઇયે છિયે. (હાવન ગેહ ફ૦ ૯.)

અષઓનાંમ્ ફ્રવષિનાંમ્ ઘેનાંનાંમચ વીરો-વાંથ્વનાંમ્......યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રૂતે.

અષોનાં તથા પેહેલવાનોનાં ટોળાંવાળી ઓરતોનાં ફરોહરોની આરાધના કરવાને, (તેમની) ખુબીઓ ગાવાને, (તેમને) રીઝવવાને, તથા (તેમની) સ્તુતી કરવાને જોતી મારી આગળ યથા અહૂ વઇરયો (ના મંત્રની ખુબીઓ) દર્શાવે. (અઇવિસ્રૂથ્રેમ ગેહ ફ૦ ૨.)

યજએષ માંમ્ જરથુશ્ત્ર. પઇતિ અસ્નિ પઇતિ ક્ષફ્ને, યસો-બૅરેતા-બ્યો જઑથ્રાબ્યો..... જસાઑન્તિ તે અવંઘ્રહએચ રફ્નંઘ્રહએચ યાઓ આપો, યાઑસ્ચ ઉર્વરાઑ, યાઑસ્ચ અષઑનાંમ્ ફ્રવષયો.

અહો જરથુશ્ત્ર! ઇજશ્નને કરવાને માટે લઇ ગયેલી ભેટોથી, દીવસ અને રાત (એટલે હરપળે) (તારે) મને ભજવો જોઇએ, (કે જેથી) પાણીઓ તથા વનસ્પતિ તથા અષોનાં જે ફ્રેોહરેો, (તે) તારી મદદને માટે તથા તારા આનંદને કાજે આવશે. (હોરમજદ યશ્ત ફ૦ ૯.)

અષઑનાંમ્ વંઘ્રુહીશ્ સૂરાઑ સ્પેન્તાઑ ફ્રવષયો સ્તઑમિ જ઼ૂયેમિ ઉફ્યેમિ યજમઇદે. ન્માન્યાઑ વીસ્યાઑ જન્તુમાઓ દખ્યુમાઓ જરથુશ્ત્રોતૅમાઓ.

અષોનાં ભલાં, શૂરાં (તથા) (દુનિયાંના) વૃદ્ધિ કરનારાં ફ્રેોહરેોનું હું સ્તવન કરૂં છું, તેમની યાદ કરૂં છું, (તથા) (તેમની) કીર્તિ ગાવું છું. ઘરને લગતાં, મોહલ્લાને લગતાં, કસ્બાને લગતાં, દેશને લગતાં (તથા) વડા દસ્તુરેોને લગતાં (ફ્રેોહરેોને) અમે માન સાથે યાદ કર્યે છિયે. (ફરવર્દીન યશ્ત ફ૦ ૨૧.)

વીસ્પનાંમ્ અપૅરૅનાયૂકનાંમ્ દહ્મો-કૅરૅતનાંમ્ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે, આદખ્યુનાંમ્ચ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે, ઉજ઼દખ્યુ-નાંમ્ચ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે, નરાંમ્ચ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે, નાઇરિનાંમ્ચ અષઑનિનાંમ્ ફ્રવષયો યજમઇદે, વીસ્પાઑ અષઑનાંમ્ વંઘ્રુહીશ્ સૂરાઓ સ્પેન્તાઑ ફ્રવષયો યજમઇદે.

સઘળાં પુણ્યવતાં અષો, નહાની વયનાઓનાં ફ્રેોહરેોને અમે માન સાથે યાદ કર્યે છિયે. આ દેશમાં વસનારાઓમાંના અષોનાં ફ્રેોહરેોને અમે વંદયે છિયે. દેશની બહારના (એટલે પરદેશનાં) વસ-નારાઓમાંના અષોનાં ફ્રેોહરેોને સ્તવ્યે છિયે. અષો નરેોનાં ફ્રેોહરેોની સાથે અમે એકાકાર થઇયે છિયે. અષો નારીઓનાં ફ્રેોહરેો સાથે અમે એકતાન થઇયે છિયે. અષોના સઘળાં ભલા, શૂરાં, (તથા) (જગતનું) કલ્યાણ કરનારાં ફ્રેોહરેો, જે ગયોમર્દથી (તે) વિજયી સોશ્યોસ પર્યં-તના (છે), (તે સર્વેની) સાથે અમે એકાકાર થઇયે છિયે.

(સતુમનો કરદો યજશ્ને હા. ૨૬. ફ૦ ૯, ૧૦.)

ઞ્રઑત્ અહુરો મજ઼દાઑ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ, અએવ તે જાવરે અઑજસ્ચ ખરૅનો અવસ્ચ રફ્નસ્ચ ફ્રઞ્રવ, ઑરૅજ઼વો સ્પિતમ,

યત્ અષઑનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિ–થૂરનાંમ્, યથ મે જર્સેન્ અવંઘ્રહે, યથ મે બર્ન્ ઉપસ્તાંમ્, ઉગ્રાઑ અષઑનાંમ્ ફ્રવષયો.

(હાદાર) અહુરમજદે સ્પીતમાન જરથુશ્ત્રને કહ્યું કે, હે અષો સ્પીતમાન! અષોનાં જોરાવર (તથા) પ્રબળ ફ્રોહરોનાં જોર, ખુબી, ખુરેહ, મદદ, તથા ખુશાલી સંબંધી આ રીતે અષોનાં જોરાવર ફ્રોહરો મારી મદદે આવ્યાં, (તથા) એવી રીતે (તેમણે) મને ટેકો આપ્યો.

(ફરવર્દીન યશ્ત ક૦ ૧.)

તાઑ ઉગ્રાહુ પૅષનાહુ ઉપસ્તાંમ્ હૅન્તિ દાહિશ્તાઑ, યાઑ ફ્રવષયો અષાઉનાંમ્; તાઑ ફ્રવષયો અષાઉનાંમ્ અઓજિશ્તાઑ હૅન્તિ સ્પિતમ, યાઑ પઑઇર્યનાંમ્ ત્કએષનાંમ્, યાઑ વા નરાંમ્ અજાતનાંમ્ ફ્રષોચરૅથ્રાંમ્ સઑષ્યન્તાંમ્. આઅત્ અન્યએષાંમ્ ફ્રવષયો જવનાંમ્ નરાંમ્ અષઑનાંમ્ અઑજયેહોશ્ જરથુશ્ત્ર, યથ ઇરિસ્તનાંમ્ સ્પિતમ.

ભયંકર યુધ્ધોમાં અષોનાં ફ્રોહરો, સહાયતા વીષે ઘણાંજ બળવંત હોય છે. અહો સ્પીતમાન! અષો પઓઇરયોત્કશોનાં જે ફ્રોહરો તેઓ, અથવા હવે પછી જન્મ પામનારા, નરો (જે) દુન્યાંને નવેસરથી તાજી કરનારા સોશ્યન્તો (તેઓ) નાં ફ્રોહરો ઘણાજ બળ્યાં હોય છે. વળી બીજાં (શરીરોમાં) જીવતાં અષો માણસોનાં ફ્રોહરો, અહો સ્પીતમાન જરથુશ્ત્ર! ગુજરેલાંઓનાં ફ્રોહરો કરતાં અધિક જોરાવર હોય છે.

(ફરવર્દીન યશ્ત. ક૦ ૧૭.)

આઅત્ યો ના હીશ્ હુબૅરતાઑ બરાત્ જત્, અષઑનાંમ્ ફ્રવષયો સાસ્ત દઇંઘ્રહેઉશ્ હમો–ક્ષથ્રો, હો અંઘ્રહાઇતિ જઝુશ્તૅમો ક્ષયો કસ્ચિત્ મષ્યાનાંમ્.

જો કોઇ દેશનો સ્વતંત્ર નૃપતિ, જીવતાં જીવત અષોનાં આ ફ્રોહરને માટે સારી ભેટો લઇ જાય તો તે, માણસોમાં એક ઘણોજ સબળ રાજકર્ત્તા થાય છે. (ફરવર્દીન યશ્ત ક૦ ૧૮.)

ઇથ તે જાવરે અઑજસચ ખરૅનો અવસચ રફ્નસચ ફ્રગ્રઑમિ, ઑરૅજવો સ્પિતમ, યત્ અષઑનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિથૂરનાંમ્; યથ મે જર્સેન્ અવંઘ્રહે, યથ મે બર્ન્ ઉપસ્તાંમ્ ઉગ્રાઓ અષઑનાંમ્ ફ્રવષયો.

અષોનાં જોરાવર (તથા) વિજયી ફ્રોહરોનાં બળ, ખુબી, ખુરેહ, મદદ તથા ખુશાલી વીષે, અહો ખાલેસ સ્પીતમાન! એ પ્રમાણે તને મેં જાહેર કીધું (તથા) જેવી રીતે અષોનાં (તે) બળવંત ફ્રોહરો મારી મદદે પહોંચ્યાં (તથા) જે પ્રમાણે (તેમણે) મને કુમક આપી.

(ફરવર્દીન યશ્ત ક૦ ૧૯.)

અષઑનાંમ્ વંઘ્રુહીશ્ સૂરાઑ સ્પેન્તાઑ ફ્રવષયો સ્તઑમિ જ્બયેમિ ઉફ્યેમિ. યજમઇદે ન્માન્યાઑ વીસ્યાઑ જન્તુમાઑ દખ્યુમાઑ જરથુશ્ત્રોતેમાઑ. હાઇતિશ્ હાતાંમ્, હાઇતિશ્ આઑંઘ્હુષાંમ્. હાઇતિશ્ બૂષ્યન્તાંમ્ અષઑનાંમ્. વીસ્પાઑ વીસ્પનાંમ્ દખ્યુનાંમ્, જેવિશ્તયાઑ જેવિશ્તયનાંમ્ દખ્યુનાંમ્.

અષોનાં ભલાં, શૂરવીર (તથા) કલ્યાણકારી ફ્રોહરોને હું વખાણું છું, આરાધું છું, (તથા) (તેમની) કીર્તિનું ગાન કરૂં છું. ઘરને લગતાં, મોહલ્લાને લગતાં, કસ્બાને લગતાં, દેશને લગતાં (તથા) વડા દસ્તુરોના ફ્રોહરોને અમે માન સહિત યાદ કર્યે છિયે. હાલ હસ્તિ ભોગવનારાં અષો (માણસો) નાં જીવંત (ફ્રોહરો) ને, આગળ થઇ ગયેલાં અષોનાં જીવંત (ફ્રોહરો) ને, (તથા) હવે પછી જન્મ પામનારાં અષો (માણસો) નાં જીવંત (ફ્રોહરો) ને અમે ભજ્યે છિયે. તમામ દેશો (ની પ્રજાઓ) નાં સર્વ (ફ્રોહરો) ને (તથા) મિત્રાચારીવાળાં (ફ્રોહરો)ને અમે ભજ્યે છિયે. (ફરવર્દીન યશ્ત ક૦ ૨૧)

અષઑનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિથૂરનાંમ્, ઉગ્રનાંમ્ વારેથ્રઘ્નિનાંમ્, પઑઇર્યો-તકએષનાંમ્ ફ્રવષિનાંમ્, નબાનજ્દિશ્તનાંમ્ ફ્રવષિનાંમ્, ફ્રવષયો ક્ષ્નૂતાઑ અયન્તુ અહ્મ્ય ન્માને, ક્ષ્નૂતાઑ વીચરેન્તુ અહ્મ્ય ન્માને.

પોરયોદકેશોમાંના (તથા) નબાનજ્દિશ્તોમાંના અષો (લોકો) નાં બળવાન (તથા) હરાવનારાં, પ્રબળ (તથા) વિજયી ફ્રોહરો આ સ્થળમાં ખુશી થયેલાં આવે! (તથા) આ મુકામમાં આનંદમાં ફરહર કરે.

(ફરવર્દીન યશ્ત ક૦ ૧૫૬.)

પઇતિ-ષે અઑખ્ત અહુરો મજ્દાઑ, સ્પેન્તત્ હચ મઇન્યેઉત્ જરથુશ્ત્ર અએષાંમ્ ચિથ્રંમ્ વહિશ્તાઅતચ મનંઘ્હત્.

અહુરમજદે તેને (તે અષો પયગમબરને) ઉત્તર દીધો કે, હે

જરથુશ્ત્ર! તેમનું જાહેર (થવું) કલ્યાણકારી મીનો તરીકે તથા સર્વોત્તમ શક્તિ તરીકે (છે). (હાદોખ્ત નુસ્ક ફ૦ ૪૦)

વીસ્પએષાંમ્ યજતનાંમ્ અષઑનાંમ મઇન્યવનાંમ્ ગએથ્યનાંમ્ અષઑનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિથૂરનાંમ્ પઑઇર્યો-ત્કએષનાંમ્ ફ્રવષિનાંમ્ નબાનઝ્દિશ્તનાંમ્ ફ્રવષિનાંમ્ અઑખ્તો-નામનો યજતહે.

સઘળા મીનોને[1] લગતા (તથા) ગેતીને[2] લગતા અષો યજદોની, અષો (લોકો) નાં જોરાવર (તથા) જીતનાર ફ્રેોહરોની, પોરયોદકેષીના ફ્રેોહરોની, નબાનજદીસ્તનાં ફ્રેોહરની, (તથા) મખ્યાત નામવાળા યજદની (ખુશાલીને સારૂં તમામ વસ્તુઓને હું યજશ્નેમાં અર્પણ કરૂં છું). (હા. ૨૨ ફ૦ ૨૭.)

આયેસે યેશ્તિ અવંઘ્રહાઑ ફ્રવષયો યાઑ પઑઇર્ય આઑઘ્રહરે ન્માનનાંમચ વીસાંમચ જન્તુનાંમચ દખ્યુનાંમચ. યાઑ અસ્મનૅમ્ વીધારયૅન્ યાઑ આપૅમ્ વીધારયૅન્ યાઑ જાંમ્ વીધારયૅન્ યાઑ ગાંમ્ વીધારયૅન્ યાઑ બરૅધ્રિબ્વ પુથ્રે વીધારયૅન્ પઇતિ-વૅરૅતે અપરઇરિથૅન્તો.

આયેસે યેશ્તિ આફ્રવષિ અહુરહે મઝ્દાઑ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્ મત્ વીસ્પાબ્યો અષઑનિબ્યો ફ્રવષિબ્યો યાઑ મઇન્યવનાંમ્ યજતનાંમ. આયેસે યેશ્તિ આફ્રવષિ ગયેહે મરથ્નો જરથુશ્ત્રહે સ્પિતામહે કવોઇશ્ વીશ્તાસ્પહે ઇસત-વાસ્ત્રહે જરથુશ્ત્રોઇશ્ મત્ વીસ્પાબ્યો અષઑનિબ્યો ફ્રવષિબ્યો યાઑ પઑઇર્યનાંમ્ તકએષનાંમ્.

આયેસે યેશ્તિ વીસ્પય અષવને ફ્રવષે કે અસ્નિ ફ્રવચિત્ અઘ્રહાઑ જૅમો પર-ઇરિસ્નિ દહ્મિ નાઇરિકે અપૅરનાયૂકે કઇનિકે વાસ્ત્રયાવરેજિ ઉપષએતિ હચ અહ્માત્ ન્માનાત્ ઇજયેન્તિ યાઑ પઇતિશ્-મરેન્તિ યાઑ અઇવિ-નાસેન્તે વંઘ્રહૂશ્ યસ્નાંસ્ચ વહ્માંસચ.

આ ફ્રેોહરો જે પ્રથમ ઘરો, મોહલ્લાઓ, કસ્બાઓ, તથા દેશો (માં વસનારાં) ના હતાં (તેમનું) યજશ્નેમાં હું સ્મરણ કરૂં છું; જે (ફ્રેોહરો) આકાશને ટકાવી રાખે છે, જે પાણીને ટકાવી રાખે છે, જે જમીનને ધરી રાખે છે, જે ગાય ઢોરોને ટકાવે છે, (તથા જે

---

૧. અદ્રષ્ય. ૨. દ્રષ્ય.

(ફ્રોહરો) મા (નાં પેટ) માં બાળકોને ટકાવી રાખે છે, (જે બાળકો) ન મરતાં, (અને) રક્ષણુ પામેલાં (રેહ છે.)

અહુરમજદના (તથા) અમેષાસ્પંદોના ફ્રોહરોને (તેની) સાથે મીનો યજદોના સર્વ અષો ફ્રોહરોને યજશનેમાં હું ઇજાું છું. ગયો-મર્દના, સ્પીતમાન જરથુશ્ત્રના, કયગુશ્તાસ્પના (તથા) જરથુશ્ત્રના (વડા દીકરા) ઇસદ વાસતરના ફ્રોહરને (તેની) સાથે પોઇર્યોત્કેષોના, સકળ અષો ફ્રોહરોને યજશનેમાં હું ભજાું છું.

સદગુણી સ્ત્રી (તથા) મહેનતુ નાની વયની કન્યા કે જે આ વર્તિના કોઇપણુ ભાગમાં ગુજરી ગઇ હોય, (અથવા) રેહતી (હોય) (અથવા) આ ઘરથી (પોતાની) ઇચ્છા માંગતી (હોય), (તથા) જે (સ્ત્રી તથા કન્યા) (અહુરમજદની તથા મીનો યજદોની) ભલી ઇજશને તથા આરાધના (કરવાને) યાદ કરે (તથા) (તે) અમલમાં લાવે, (એવી સ્ત્રી તથા કન્યાનાં) દરેક અષો ફ્રોહરને યજશનેમાં હું ભજાું છું.

(હા. ૨૩ ફ૦ ૧, ૨, ૩.)

આઅત્ દીશ્ આવએ'ચ્યર્માહુ જરથુશ્ત્રહે સ્પિતામહે અષ્ઑનો ......ફ્રસસ્તયએચ. અંગ્રહુયર્ઑશ્ અષ-ચિનંગ્રહો મત્ વીસ્પાબ્યો અષઑનિબ્યો ફ્રવષિબ્યો યાઑ ઇરીરિથુષાંમ્ અષઑનાંમ્ યાઑસ્ચ જ્વન્તાંમ્ અષઑનાંમ્ યાઑસ્ચ નરાંમ્ અજાતનાંમ્ ફ્રષો-ચર્થ્રાંમ્ સઑશ્યન્તાંમ.

સ્પીતમાન અષો જરથુશ્ત્રના ફ્રોહરને આ (સદર ભેટો) અમે અર્પણુ કર્યે છિયે. (તેની) આરાધના કરવાને, ખુબીઓનું ગાન કરવાને (તેને) રીઝવવાને તથા (તેની) વખાણુ કરવાને, (એ સર્વ) અમે અર્પણુ કર્યે છિયે. બન્ને દુન્યામાં અષોઇની અપેક્ષા રાખનારના (ફ્રોહરને), (તે) સાથે મૃત્યુ પામેલાં અષો (માણુસો)ના, જીવતાં અષો (માણુસો)નાં (તથા) હવે પછી જન્મ પામનારા આગલ વધનારા (તથા) (જગતને) લાભકારી નરો (એ સર્વેના) સકળ અષો ફ્રોહરોને (હોમ,[1] મ્યજદ,[2] બોર,[3] ગોશદો,[4] જીવામ[5] વિગેરે અમે અર્પણુ કર્યે છિયે.)

(હા. ૨૪ ફ૦ ૫.)

---

૨. સોમ પાલાનું પીણું. ૨. ફળ, ફળાદી. ૩. સુગંધી બળતણ. ૪. ગાયનાં દુધનું બનાવેલું ખાન. ૫. દુધ.

હુઑમ્ ઉર્વાનેમ્ યજમઇદે.

પોતાનાં રવાનને અમે વંદયે છિયે. (ખોરશેદ નિયાયશ ફ૦ ૮.)

ઇરિસ્તનાંમ્ ઉર્વાનો યજમઇદે, યાઓ અષઑનાંમ્ ફ્રવષયો.

અષોનાં ફ્રોહરોવાળાં જે પરલોકમાં ગયેલાંઓનાં રવાંનો (તેમ)ને અમે ભજ્યે છિયે. (હાવન ગેહ ફ૦ ૯.)

અઑઉર્વતાંમ્ ઉરૂને અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે.

રવાનને માટેની પૂર્ણતા (જે) અષો (તથા) અષોના મૂખી (તેને) અમે વખાણ્યે છિયે. (અઇવિસ્રૂથ્રેમ્ ગેહ ફ૦ ૫.)

અશાહી વેહ્ રવાંને દ્દશારમરા આવાએશનીતર્ વેહેશ્ની હોમ.

(મારાં પોતાનાં) રવાંનનાં આનંદ સારૂં, ભલી અષોઇને, વધારે લાયક રીતે હું સ્વિકારૂં છું. (પતેત પશેમાની ક૦ ૧૨.)

યજમઇદે.....અહ્માકૅન્ગ્ આઅત ઉરૂનો પસુકનાંમ્ચ... દઇતિ-કનાંમ્ચ અઇદયુનાંમ્ યત્ ઉરૂનો યજમઇદે; અષઑનાંમ્ આઅત્ ઉરૂનો યજમઇદે, કુદો-જાતનાંમ્ચિત્ નરાંમ્ચ નાઇરિનાંમ્ચ, દએષાંમ્ વહેહીશ્ દએનાઓ વનઇન્તી વા, વંગ્હૅન્ વા. વઑનરે વા.

અમારાં તેમજ પશુઓનાં રવાંનોનો અમે સત્કાર કર્યે છિયે. મુસાફરોનાં તથા સ્વારોનાં રવાંનોને અમે નમ્યે છિયે. કોઇએ કાળમાં જન્મેલાં અષો નર તથા નારી (જેઓ) વધારે ભલા નિયમને માન આપે છે, અથવા માન આપશે, અથવા માન આપી ગયાં તેમનાં રવાંનોને આ સ્થળે અમે વંદયે છિયે. (ફરવર્દીન યશ્ત ફ૦ ૧૫૪.)

ઉરૂનસ્ચા અષઑનાંમ્ યજમઇદે.

અષોના રવાંનોનુ અમે સ્તવન કર્યે છિયે. (મોટી હપ્તન યશ્ત ક૦ ૮. ફ૦ ૪.)

કહ્માઇ અજેમ્ દધાંમ્ હુવહેચ ઉરૂનો યઑજ્દાથ્રૅમ.

(તીર યઝદ પુછે છે કે) કોણુને હું પોતાનાં રવાંનની પવિત્રાઇ અર્પુ ?

(તીર યશ્ત ક૦ ૬.)

સરોશ્ અશો..... દસ્તગીરે રવાંન્.

અષો સરોષ (યજદ) રવાંનોનો રક્ષક (છે). (સરોષ યશ્તની નીરંગ.)

યથ ખઍન્તે વહિશ્તો, ઉરૂનએચ પાથ્મઇન્યોતૅમો.

જેમ (તે હોમ) પીનારને માટે સર્વોત્તમ (છે), (તેમ) રવાંનને માટે સર્વથી મીનોઇ (સૂક્ષ્મ) માર્ગ પ્રદર્શક (દેખાડનાર છે).

(મોટી હોમ યશ્ત ક૦ ૧. ફ૦ ૧૬)

ગેઉશ્ હુધાઑંઘ્રહો ઉર્વાનૅમ્ યજમઇદે.

સારી સૃષ્ટિના ગોધાના (ગાવ્યોદાદના) રવાનને અમે નમન કર્યે છિયે.

(સતુમનો કરદો ફ૦ ૪.)

કહે વો ઉર્વ ફ્રાયેજ્યાત.

તમારામાનું કોણનું રવાન (અમને) આરાધશે? (ફરવર્દીન યશ્ત. ફ૦ ૫૦.)

યેંઘ્રહે ઉર્વ માંથ્રો સ્પેન્તો, અઉરૂષૉ રઑક્ષ્નો ફ્રાદૅરૅસ્રો.

જેનું રવાન કલ્યાણકારી (અથવા પવિત્ર) માંથ્રવાની (છે), (અને તે) સફેદ, તેજસ્વિ (તથા) સોહામણું (છે.) (ફરવર્દીન યશ્ત ફ૦ ૮૧.)

યએષાંમ્ અન્યો અન્યેહે ઉર્વાનૅમ્ અઇવિ વએનઇતિ.

(વળી) જેમાંનો એક, બીજાનાં રવાનને જુવે છે (એટલે અમેશાસ્પંદો એક બીજાના રવાંનને નિહાળી શકે છે). (ફરવર્દીન યશ્ત. ફ૦ ૮૪.)

અહિ જરથુશ્ત્ર......દાતૅમ્..ઉરૂનએચ દરૅઘૅમ્ હુવંઘ્રહૅમ.

અહો! જરથુશ્ત્ર (તારાં) રવાનને માટે લાંબા કાળ પર્યંતની સુખાકારી (બ્રહ્માનંદ) નિર્મિત (છે). (અશીશવંઘ યશ્ત. ફ૦ ૨૨.)

યએષાંમ્ અન્યો અન્યેહે ઉર્વાનૅમ્ અઇવિવએનાઇતિ, મૅરૅથ્વૅન્તૅમ્ હુમતએષુ, મૅરૅથ્વૅન્તૅમ્ હૂખ્તએષુ, મૅરૅથ્વૅન્તૅમ્ હ્વર્શ્તએષુ, મૅરૅથ્વૅન્તૅમ્ ગરો-ન્માનેમ્; યઍષાંમ્ રઑક્ષ્નાઑંઘ્રહો પન્તાનો આવયતાંમ્ અવિ જઑથ્રાઓ.

જે (અમેષાસ્પંદો)માના એકનું (રવાંન) બીજાનાં રવાનને, નેક વિચારોમાં મન લગાડતું, નેક વાણીમાં લક્ષ લગાડતું, (તથા) નેક કાર્યમાં ચિત્ત ચોટાડતું, ગરોથમાન (સ્વર્ગ)ને યાદ કરતું જુવે છે. (વળી) ક્રિયાની ભેટ તરફ આવવાના જેમના માર્ગો તેજોમય (હોય છે).

(ફરવર્દીન યશ્ત ફ૦ ૮૪.)

અએષો જી વાક્ષ્ જરથુશ્ત્ર ઍરૅઝૂખ્ધો ફ્રશ્રવાંનો આ વચો અહુનો વઇર્યો ફ્રઑખ્તો અમહેચ વૅરૅથ્રઘ્નહેચ ઉરૂનચ દએનચ સ્પન્વન્તિ.

કારણ કે, અહો જરથુશ્ત્ર! તે સત્ય ઉચરેલો (અષેમ્ વોહૂનો) મંત્ર (અથવા) સ્પષ્ટ રીતે ભણેલી અહુનવર (નામની) બંદગી, તે ભણનારના રવાંનમાં તથા તેના ધર્મ વીષેની શ્રદ્ધામાં હિમ્મતનો તથા જયનો વધારો કરે છે. (હાદોખ્ત નુસ્ક ૫ર. ૧. ફ૦ ૪.)

ઉપ અએતાંમ્ ક્ષપનૅમ્ અવવત્ પાતોઇશ્ ઉર્વ ઇષઇતિ, યથ વીસ્પૅમ્ ઇમત્ યત્ જુયો અંઘ્રહુશ્.

જેટલું (સુખ) સઘળી દુન્યાની પ્રજાઓ મેળવે છે, તેટલું સુખ (તે અષો માણસનું રવાન) તે રાતે (એટલે મૃત્યુ થયા કેડેની પ્રથમ રાત્રીએ) મેળવે છે. (હાદોખ્ત નુસ્ક ૫ર. ૨. ફ૦ ૨.)

SOUL.

There is a divinity within our breast. *(Ovid.)*

A single soul is richer than all the worlds. *(A. Smith.)*

The soul on earth is an immortal guest, compelled to starve at an unreal feast. *(Hannah More.)*

Some men[1] have a Sunday soul, which they screw on in due time, and take off again every Monday morning. *(R. Hall.)*

The soul is a temple; and God is silently building it by night and by day. Precious thoughts are building it; disinterested love is building it: all-penetrating faith is building it. *(H. W. Beecher.)*

We all dread a bodily paralysis and would make use of every contrivance to avoid it, but none of us is troubled about a paralysis of the soul. *(Epictetus.)*

Our immortal souls while righteous, are by God Himself beautified with the title of His own image and similitude. *(Sir W. Raleigh.)*

---

1 Christians are meant of course.

"No doubt" replied Scipio "those are alive who have broken loose from the chains of the body as from a prison; it is yours, that is called life, that is really death." *(Cicero.)*

The soul is the fire that darts its rays through all the senses; it is in this fire that existence consists. *(Madame de Stael.)*

Beautiful spirit, with thy hair of light and dazzling eyes of glory! *(Byron.)*

Spirituality is seeing God in common things and showing God in common tasks. *(M. Babcock.)*

And to love Him (God) with all the heart, and with all the understanding and with all the soul, and with all the strength, and to love his neighbour as himself, is more than all whole burnt offerings and sacrifices. *(St. Mark, XII-33.)*

Now the just shall live by faith; but if any man draw back, my soul shall have no pleasure in him. But we are not of them that draw back unto perdition; but of them that believe to the saving of the soul. *(Hebrews, X-38 & 39.)*

For what is profited if he shall gain the whole world and lose his own soul? Or what shall a man give in exchange for his soul? *(St. Matthew, XVI—26.)*

O keep my soul, and deliver me; let me not be ashamed; for I put my trust in Thee. *(Psalm, XXV—20.)*

Preserve my soul; for I am holy: O Thou my God save Thy servant that trusteth in Thee. *(Psalms, 86-2.)*

યઝદો.

અમેષાસ્પંદોથી ઉતરતે દરજ્જે 'યઝતો' જરથોશ્તિ દએન પ્રમાણે સૃષ્ટિમાં કાર્ય કરી રહ્યા છે. 'યઝત'નો અર્થ "ઇજવા, ભજવા, પુંજવા લાયક." તેમની સંખ્યા લાખોની છે. પણ હાલની જાણીતી અવસ્તામાં ૪૦) યઝતોના નામો મળે છે. ઘણા ખરા યઝતોને માટે ખાસ યશ્ત કે ન્યાયશ છે. તે જોવાથી તે દરેકના ખાસ ગુણો અને તેમની સહાયતા કેમ મળે છે, તે જણાય છે. માટે હવે પછિ જે જે યઝદો માટે કાંઇક લખાણ આ પુસ્તકમાં પ્રગટ કર્યું છે, તેમાં એ યશ્તો અથવા ન્યાયશોનો સાર આપવામાં આવ્યો નથી, કારણ કે તે વાંચવી સહેલ છે.

અહુરમઝદ પોતે એક અમેષાસ્પંદ છે અને તેને પણ સર્વોત્તમ યઝદ તરીકે અવસ્તામાં ઓળખ્યો છે. જરથોશ્તિ ધર્મમાં એ યઝદોની આરાધના, સ્તુતી અને પુંજા અવશ્યની ફરમાવેલી છે. મોટે ભાગે ધર્મમાં એ યઝદોની સ્તુતી આવે છે અને તરીકત પ્રમાણેની ૫) વખતની ફરમાવેલી બંદગી અથવા નીમાઝમાં એ મહાન શક્તિઓની આરાધનાજ છે. માત્ર ગાથામાં અમેષાસ્પંદો અને સરોષ, આદર અને અષી શીવાય બીજી યઝદી શક્તિઓ નામથી નથી વર્ણવેલી. કેટલાક યઝદો હિન્દુ ધર્મમાં પણ આજે પુંજાય છે, જેમકે ઐર્યમન, વેરેથ્રઘ્ન, હોમ, મીથ્ર, નૈર્યોસંઘ, અપાંમ નપાત, ઉષ, વાયુ, અને રત.

યઝદો અમુક ગુણો ઉપર પ્રધાનપણું ધરાવે (મુવક્કલ) છે. તેમજ કુદરતની અમુક દ્રવ્ય વસ્તુ અથવા ઉત્પત્તિ ઉપર રખેવાલ હોય છે. તેઓની પુંજા કરવે, યજશ્ને (યજ્ઞ યાગ) કરવે, તેમને દુધ, હોમ, દરૂન, મ્યઝદ, સુખડ, લુબાન, ફુલ, વીગેરે અર્પણ કરીને તેમની સહાયતા માગવે, તેઓ માનવીને લડાઇમાં અને શાન્તિના કાળમાં મદદ પહોંચાડે છે.[1]

१. सहयज्ञा : प्रजा : सृष्ट्वा पुरोवाच प्रजापति : ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥
देवान्भावयतानेन ते देवा भावयन्तु व : ।
परस्परं भावयन्त : श्रेय : परमवाप्स्यथ ॥

(ગીતા ૩. ૧૦ અને ૧૧.)

કેટલાક યઝદો નારી રૂપ ધરાવનાર છે, જેમકે અર્દ્વિસૂર, દ્રવાસ્પ, દએન, ચિસ્તિ, અર્શતાત, અષીષવંઘ, પારેન્દી, રત. બીજા ઘણાખરા નર રૂપના છે.

યઝદો મીનોના અને ગેતીના એ પ્રમાણે વહેંચી નાખવામાં આવ્યા છે. સૂર્ય, ચંદ્ર, તેશ્તર તીર, વનંન્ત, સતવસ, હપ્તોઇરીંગ, સેતારાઓ, આસમાન, ઉષ, વાયુ, આતર, અર્દ્વિસૂર, અપાંમ નપાત્ અને ગ્રામ દ્રવ્ય છે, તેથી ગેતીને લગતા ગણાયા છે. અષો જરથુશ્ત્ર સાહેબને પણ ગેતીના યઝદ તરીકે યશ્તમાં ઓળખાવ્યા છે. બીજા ઘણાખરા મીનોઇ યઝદો ગણાયા છે. હિન્દુશાસ્ત્રમાં એમને 'દેવો' ગણ્યા છે અને 'દેવ' શબ્દનો અર્થ "દીવ" એટલે પ્રકાશિત, એ ઉપરથી "તેજસ્વી" થાય છે. પણ જરથોશ્તિઓ અને હિન્દુઓ જે એક વેળાએ એકજ ધર્મ પાળતા હતા, એમ મનાય છે, તેમની વચમાં વાંધો અને અદાવત પડવાથી હિન્દુઓના 'દેવો'ને જરથોશ્તિઓ 'દૈત્ય,' અથવા 'રાક્ષસો' ગણે છે અને હિન્દુઓ તેજ પ્રમાણે 'અહુર,' 'અસુર'ને (જો કે વેદમાં ઉચ્ચ પદવી આપી છે, છતાં) 'દૈત્ય' તરીકે લેખે છે. ભાઇઓ વઢી પડયા ત્યારે દૈવિક શક્તિઓને પણ હિણવા લાગ્યા. અને તે દીવસથી તડ પડયું, તે આજની ઘડી પર્યંત છે! ભીત્તરમાં તો બંન્ને ધર્મોના મૂળ તત્ત્વો, નીતિ, ભજન, પુજન, યજ્ઞ, યાગ, જન્મ, લગ્ન, મરણ ક્રિયાઓ, અને છેવટની નેમ, આજે પણ લગભગ એકજ હોય એવા જણાય છે. પરસ્પર વિશ્વાસ રાખીને અન્યોઅન્યનો ધર્મ હજુર પણ જરથોશ્તિઓ અને હિન્દુઓ ખોળશે, તો બહુ નવું અજવાળું પોતપોતાના ધર્મ ઉપર પાડી શકશે.

અર્થ: પુરાતન કાળમાં સૃષ્ટિકર્ત્તા (પ્રજાપતી)એ પ્રજાઓને યજ્ઞ (યજશ્ને)થી સ્રજી અને ફરમાવ્યું કે "એ (યજ્ઞ)થી તમે પ્રજા ઉત્પન્ન કરી શકશો; એજ તમારી "કામધેનૂ" (ઈચ્છા પુરી પાડનાર) બને એ (યજ્ઞ, યજશ્ને)થી તમે દેવો (ફરીશતાઓ)ને પોષો, દજો, રીઝવો અને તેઓ તમ પ્રજાઓને સહાય થાય અને પોષે; આ રીતે અન્યોઅન્ય (એકમેક)ને રીઝવતાં તમે સર્વોત્તમ આશીષ પ્રાપ્ત કરશો.

વીસ્પેંમચ અષવનેમ્ મઇન્યવ્યઓંમ્ યજતેમ્ યજમઇદે, વીસ્પેંમચ અષવનેમ્ ગએથીમ્ યજતેમ્ યજમઇદે.

દરેક અષો મીનો (અદ્રષ્ય) યજદની અમે સ્તુતી કર્યે છિયે, તથા દરેક અષો ગેતીના યજદનું અમે સ્તવન કર્યે છિયે. (ખોરશેદ નિયાયશ. ફ૦ ૮.)

યેધિ જી હ્વરે નોઇત્ ઉજુસ્યેઇતિ, અધ દએવ વીસ્પાઓં મૅરેન્-ચિન્તિ, યાઓં હેન્તિ હપ્તોકર્ષ્વોહ્વ, નવ ચિશ મઇન્યવ યજત અંઘ્ર-હ્વ અસ્તવઇતિ પઇતિ-દ્રાંમ્, નોઇત્ પઇતિશ્તાંમ્ વીર્વેન્તિ.

કારણ કે સૂર્ય ન ઉગે તો અત્રે જગતના સાત વિભાગ (હફ્તે-કેશ્વર)માં જે સર્વ (પ્રાણીઓ) છે, (તેમને) દૈત્યો મારી નાખે, (અને પછી) (આ) જડ જગતમાં કોઇપણ મીનો યજદ બચાવ (અથવા) સ્થિર થવાનુ ન મેળવે. (ખોરશેદ નિયાયશ ફ૦ ૧૩.)

દસ્ત અમેમ વૅરેથ્રઘ્નેમચ, દસ્ત ગેઉશ્ ખાથ્રો-નહીમ્, દસ્ત નરાંમ્ પૉઉરૂતાતેમ્, સ્તાખ્રનાંમ્, વ્યાખનનાંમ્, વનતાંમ્, અવનૅમ્નનાંમ્ હથ્ર-વનતાંમ્ હમૅરેથે, હથ્ર-વનતં ૧ દુશ-મઇન્યૂશ, સ્તૅ-રપતાંમ્, ચિથ્ર-અવંઘ્રહુાંમ્. યજત પૉઉરૂ-ખરેનંઘ્રહ, યજત પૉઉરૂ-બએષજ, ચિથ્ર વો બુયારેશ મસાંનાઓં, ચિથ્ર વો જ્વનો-સવો, ચિથ્રેમ્ બોઇત્ યૂર્જેમચિત્ ખરેનો, યર્જમ્નાઇ આપો દાયત.

અહો સંપૂર્ણ ખુરેહવાળા યજદો ! અહો પુર તંદોરસ્તી આપનારા યજદો ! (તમે) (મને) હિમ્મત તથા જય દિયો, ગાય ઢોરની વૃદ્ધિ અર્પો. મજબુત, સભામાં બેસનારા, (દુષ્ટોને) મારનાર, હાર ન ખાય એવા, હરીફોનો ઝટ પરાજ્ય કરનારા, શત્રુઓને તાબડતોબ હણુનારા, નિત્ય આનંદ આપનારા, (તથા) જાહેર રીતે સહાયક માણસોનું ટોળું (મને) આપો. તમારેથી મોટાઇ પ્રગટ થજો ! ક્રિયા (ભક્તિ)ના લાભો તમારેથી પ્રગટ થજો ! (હે યજદો !) પાણીઓને ભજનારને માટે જાહેર રીતે (અને) જરૂર તમે ખુરેહ આપો. (માહ નિયાયશ ફ૦ ૧૦.)

મઇન્યવચ યજત યજમઇદે, યોઇ વંઘ્રહજદાઓં અષવનો.

અદ્રષ્ય યજદો જેઓ અષો તથા અધિક ભલી (આશીષ) દેનારા (તેમ)ને અમે પૂજ્યે છિયે. (રપિથ્વન ગેહ ફ૦ ૬.)

ઇમાંમ્ આઅત્ જાંમ્ ગેનાબીશ્ હથ્રા યજમઇદે, યા નાઓં બરઇતી;

યાઓસ્ચા તાઇ ગેનાઓ અહુરા મઝ્દા, અષાવ હુચા વઇર્યાઓ, તાઓ યઝમઇદે.

આ મૂર્તિ જે આપણુને પોષણ દે છે (તેને), (તથા) તેની સાથે નારી રૂપાંતરના ફરેશ્તા તથા નીતિના ગુણોને અમે વંદયે છિયે. હે અહુરમઝ્દ! તારા નારી રૂપના ફરેશ્તા તથા નીતિના ગુણો જે અષોઇને લીધે પસંદ કરવા યોગ્ય (છે) તેમને અમે સ્તવ્યે છિયે.

(મોટી હપ્તન યશ્ત ક૦ ૪. ફ૦ ૧.)

હખય વીસ્પએષાંમ્ યજતનાંમ્ યઝમઇદે.

સર્વે યજ્દોના મીત્રોને યાદ કર્યે છિયે (સરોશ હાદોખ્ત ક૦ ૪. ફ૦ ૧૭.)

કેહ્ર્પૅમ્ વીસ્પએષાંમ્ યજતનાંમ્ યઝમઇદે.

સર્વે યજ્દોનાં શરીરોને અમે વખાણ્યે છિયે.

(સરોશ હાદોખ્ત ક૦ ૫. ફ૦ ૨૨.)

યઝ્દાંને મીનોઆંન્, યઝ્દાંને ગેતીઆંન્, હફ્ત અમેશાસ્પંદાંન્. મ્યઝ્દ રેશન્ હમ્ બેરસાદ.

મીનો (અદ્રષ્ય) યજ્દો (તથા) (આ) જગતના યજ્દો (તથા) સાત અમેષાસ્પંદો (એ) બધાએ (આ) ઉમદા બળીદાન (આહુતિ અથવા મ્યજ્દ) તરફ આવે! (દોઆ તનદરોસ્તી)

ઉર્વથો બવાહિ યજતનાંમ્ યથ જ્રૅનૅમ્ મશ્યાનાંમ્.

માણસોના વડાની સમાન યજ્દોનો પ્રિય તું થજે!

(આફ્રીને જરથોશ્ત ફ૦ ૪.)

યદા અષૅમ્ જૅવીમ્ અંઘ્ર્હૅન્ મઝ્દાઓસચા અહુરાઓંઘ્ર્હો, અષિચા આર્મઇતી વહિશ્તા ઇષસા મનંઘ્રહા; મઇબ્યો ક્ષથ્રૅમ્ અઓજોનગ્ર્હવત્, યેહ્યા વરૅદા વનએમા દ્રુજૅમ્.

જ્યારે મઝ્દ તથા (તેના હાથ તળેના) નાયકો પુરતી રીતે અનુગ્રહિ હોય, (ત્યારે) અષોઇ, નમ્રતા તથા સર્વથી પવિત્ર સુમતિ (મનશ્ની) થી મારે માટે દ્રઢ સત્તા હું માગું છું, જેની કુમકથી (દુષ્ટતા) ને અમે હણ્યે. (હા. ૩૧ ફ૦ ૪)

અષો દાદાર અહુરમજ્દ.

——(૦)——

અહુરમજ્દ યશ્તમાં અહુરમજ્દના નામો.

(ક) ૨૦) નામો.

(અવ્યક્ત સ્વભાવ)	હસ્તિ (आस्मि = અહ્મિ) (૧) - અષોમાં શ્રેષ્ઠ (૪)	સર્વવ્યાપક. (૩)	અજિત (૧૫) શત્રુ વિનાનો (૧૪)	સર્વજ્ઞ (૨૦) જ્ઞાન (૬) જ્ઞાની (૭) ડહાપણ (૮) ડહાપણવાળો (૯) હિસાબ (તોલ) કરનાર (૧૬) સર્વ જોનાર (૧૭)

(વ્યક્ત ગુણો)	સુષ્ટા (૧૯) પ્રાણ પતિ (દેનાર) (૧૨)	પ્રાણીઓનો રક્ષક (૨) વૃદ્ધિ (૧૦) વૃદ્ધિ કરનાર (૧૧) અષોઈની (સાત્વિક) સકળ આશીષો (૫) સર્વથી અધિક કલ્યાણકારી (૧૩) આરોગ્યતા (તંદુરસ્તિ) દેનાર (૧૮)

(ખ) ૫૨) નામો.

અષો શ્રેષ્ઠ અષો અષોઇ ન ઠગનાર ન ઠગાનાર ઠગનારથી વેગળો આથ્રવન, શ્રેષ્ઠ આથ્રવન વૃદ્ધિમાન માંથ્ર ખુરેહ, શ્રેષ્ઠ ખુરેહ (ઓજસ)વાળો પ્રકાશ (આનંદ) પુર્ણ પ્રકાશ પ્રકાશમાન	સર્વવ્યાપક	(સર્વશક્તિમાન) ઈચ્છાનુસાર રાજ્યકરનાર સર્વથી શ્રેષ્ઠ રાજ્ય કર્તા કીર્તિથી રાજ્ય કર્તા ,, શ્રેષ્ઠ ,, ,, ઊચ્ચ શૂરો રાજ્ય રાખનાર શ્રેષ્ઠ રાજ્ય રાખનાર	સર્વજ્ઞ જ્ઞાની અને વૃદ્ધિ કરનાર મીનો મહજ્ઞ સર્વદ્રષ્ટા (જોનાર) શ્રેષ્ઠ દ્રષ્ટા છેટે જોનાર શ્રેષ્ઠ છેટે જોનાર જાણનાર શ્રેષ્ઠ જાણનાર ડાહ્યો શ્રેષ્ઠ ડાહ્યો

સૃષ્ટા
સર્વનો સૃષ્ટા
પ્રાણુપતિ

રક્ષક
લાંબા કાળ સુધી કલ્યાણકારી–દાની
જતન કરનાર
પાળનહાર
રક્ષા દેનાર
વૃદ્ધિ કરનાર
સમાન રક્ષા કરનાર
દાતા
શ્રેષ્ઠ દાતા
આરોગ્યતા (તંદુરસ્તિ) દેનાર
શ્રેષ્ઠ આરોગ્યતા દેનાર

સર્વ હર (સર્વને મારનાર)
દુષ્ટતા હરનાર
સર્વ જીતનાર (ઝટ મારનાર)

અહુરમજ્દના પરમ પવિત્ર નામો.

૧૦૧ નામો.[1]

સર્વ શક્તિમાન.

હૈયાતીનો માલીક. સૃષ્ટિનો માલીક.

સરજવામાં સર્વથી શ્રેષ્ઠ. સર્વથી અદ્રષ્ય સૃષ્ટા. અદ્રષ્ય રીતે સૃષ્ટિ સરજનાર. સૃષ્ટિ રચનાનું મૂળ. સૃષ્ટિની અસલ્યાત જાળવવાની સર્વથી શ્રેષ્ઠ શક્તિ રાખનાર. ગુહ્ય(મીનોઇ)માં ગુપ્ત.

સકળ સૃષ્ટિને સરજનાર અને પહોંચનાર. એકતાન (એકાકાર, તદાકાર) થવાને યોગ્ય.

કારીગરોનો કારીગર. ન્યાયી સરજનાર.

સર્વનો સાહેબ. અદ્વૈત (અદુઇ). જેની સમાન કોઇ નથી.[2]

આતશ (અગ્નિ) ની હવા કરનાર. તેનું પાણી કરનાર. તેનું જવાહીર કરનાર.

હવા (વાયુ) નો આતશ કરનાર. તેનું પાણી કરનાર. તેની માટોડી કરનાર. હરેક દીશામાં હવા ફેરવનાર.

પાણીને સર્વથી વધુ સરજનાર.

–પૃથ્વિનો આતશ કરનાર. તેની હવા કરનાર. તેનું પાણી કરનાર. માનવીનો સરજનાર.

---

૧. ગાથામાં અહુરમજ્દ, મજ્દ અહુર, અહુર અને મજ્દ કયે કયે સ્થળે વપરાયા છે તે માટે જુવો આ લેખકના Light of the Avesta and the Gathas નામના ગ્રંથની Appendix A.

૨. અપ્રતિમ.

સર્વ શક્તિમાન.

ચારે અનાસરો[1] સરજનાર. તારાઓના અરકાનનો સરજનાર.
શ્રેષ્ઠ કારણ. કારણ વિનાનો. કારણનું પણ કારણ.
વધારે ઉચ્ચ. ઘણોજ ઉચ્ચ.
શરૂઆત (આદિ), અંત વિનાનો. સર્વનો બહોળો અંત. કાળ વિનાનો.
સર્વથી અસંગી (અલગ). સર્વ સાથે સંબંધ ધરાવનાર. સર્વને પકડી રાખનાર.
જેની હૈયાતિ વીષે શંકા ન હોય. અમર.
આભારથી સ્તુતિ (શુક્ર) કરવાને યોગ્ય.
વિજયી. પરાજય (હાર) દેનાર. અવશ. સ્વતંત્ર ઇચ્છાનો માલીક. ઇચ્છા તેજ તેનો હુકમ.
પ્રકાશિત ખુરેહ (ઓજસ) થી પૂર્ણ. સકળ શુભ પ્રકાશ. નિરાકાર.

સર્વજ્ઞ.

મહજ્ઞ. હુશ્યાર. ન ભુલનાર. ન ઠગાનાર.
પિછાણવાને યોગ્ય. (Knowable !)
કોઇથી પામી ન શકાય એવો—સર્વેને પામી જનાર.
હિસાબ રાખનાર.

સર્વ વ્યાપક[2] (વાસના)

સર્વમાં સર્વ. સર્વથી અનદીઠ. અદ્રશ્યમાં ગુપ્ત (મીનો).
સર્વને સરખી રીતે પહોંચનાર.

અષોમાં અષો

નિત્ય સમાનકૃત્તિનો (ચકસાન).
ખાલેસ(સ્વચ્છ)માં ખાલેસ.
અવિકારી (કળા, ફેરફાર વિનાનો). દ્રઢમાં દ્રઢ. નીડર.
સકળ ઉત્તમ સ્વભાવ સરજનાર. સમાનતા (સમતોલપણું) રાખનાર. સદાચારનો સરજનહાર. પુણ્યનો માલીક. ન્યાયી. ન્યાયથી કૃપાળુ. દયાળુ (ખાવર). ક્ષમા (માફી) કરનાર. ન ઠગનાર.
દુઃખ રહિત.

---

૧. પંચ મહાભૂતોનો સૃષ્ટા (અત્રે ચાર જણાવ્યાં છે).

૨. सर्वं विष्णुमयं जगत्=સર્વ જગત વિષ્ણુમય છે. વિષ્ણુ શબ્દનો અર્થ સર્વત્ર વાસો કરનાર, એવો છે.

વૃદ્ધિ કરનાર:
- સર્વનો ઊદ્ધાર કરનાર.
- પોષનાર. સૃષ્ટિનો રક્ષક. દર્દ હરનાર (દુર કરનાર).
- દુષ્ટતાથી, જતન કરનાર. નિત્ય સંભાળનાર.
- દાની (સખી). ઘણોજ મેળવી આપનાર. સર્વ મેળવી આપનાર.
- મનોર્થ પૂર્ણ કરનાર. ઇચ્છા પૂર્ણ કરનાર.
- ઊરવન (જીવ)નો ઊદ્ધાર (ક્રૂષોગર્દ) કરનાર.
- મુક્તિ દેનાર (બોખ્તાર).

અહુરમજ્દ.

—:o:—

અએતત્ દિમ્ વીસ્પનાંમ્ મજિશ્તેમ્ દજદૂયાઇ, અહૂમચ રતૂમચ યિમ્ અહુરેમ્ મજદાંમ...... ફ્રદથાઇ અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘ્રઉહતો.

સર્વથી શ્રેષ્ટ તે અહુ (ધણી) તથા રતુ (સરદાર) કે જે અહુરમજ્દ તેને અર્પણ કરવાને માટે આ (સર્વ એટલે અમારાં નમન, ભક્તિ વિગેરે છે). ખજાનો રાખનાર (તથા) પ્રકાશિત અહુરમજદની વૃદ્ધીને માટે (આ સઘળું છે.) (હુરાબાંમ.)

અજ્ હમોઇન્ હર્ આઇન ગુનાહ્, હર્ આઇન્ મર્ગર્જાન્, હર્ આઇન્ ફ્રોદ્ માન્દ્, હર્ આઇન્ માનીદ્, હર્ આઇન્ ગુનાહ્ અજ્ ગુનાહ્, ઑએમ્ અંદર્ અહુરમજ્દ, મર્દુમ્, મર્દુમ સર્દગાંન્ જસ્ત્, પ પતેત્ હોમ્ .

સર્વ પ્રકારનુ (તથા) દરેક જાતનું પાપ, દરેક જાતનું મર્ગરજાન (એટલે મોતની શીક્ષાને યોગ્ય પાપ), દરેક પ્રકારનું સાબેત થએલું (પાપ), પ્રત્યેક ભાતભાતનું (પશ્ચાતાપ કર્યા વિના રહિ ગયેલું પાપ), (તથા) હરેક પ્રકારનાં (એક) પાપથી (ઉત્પન્ન થતું) (બીજું) પાપ, કે જે મારેથી અહુરમજ્દ, (તથા) માણસો (અને) માણસોની (જુદી જુદી) જાત સાથે થયું હોય (તે સઘળાં પાપો) થી હું પશ્ચાતાપ કરીને પ્રાયશ્ચિત કરૂં છું. (પતેત પશેમાની ક. ૮.)

અષાઅનૃચા હચા વંઘ્રહેઉશ્ચા મનંઘ્રહો, વંઘ્રહેઉશ્ચા ક્ષથ્રાત્, સ્તઑતાઇશ થ્વાત્ અહુરા સ્તઑતોઇબ્યો, અઇબી ઉખ્ધ્વા થ્વાત્ ઉખ્ધૉઇબ્યો, યસ્ના થ્વાત્ યસ્નૉઇબ્યો.

અહો અહુરમજ્દ! તારી અષોઇ, ભલી મનશ્ની તથા સારી રાજ્યસત્તાને લીધે, તારી સ્તુતિ બીજી સર્વ સ્તુતિ કરતાં અધિક ચઢતી છે, તારી કીર્તિનાં ગાનો બીજાં બધાં કીર્તિનાં ગાનો કરતાં વધુ ચઢતાં છે, તથા તારી આરાધના બીજી સઘળી આરાધના કરતાં વધુ શ્રેષ્ટ છે. (મ્હોટી હપ્તન યશ્ત ક૦ ૧. ફ૦ ૧૦.)

તૅમ્ અત્ આહૂઇર્યા નામેની મજ્દા-વરા સ્પૅન્તોતૅમા યજમઇદે, તૅમ્ અહ્માકાઇશ્ અજ્ઞ્દિબીશ્ચા ઉશ્તાનાઇશ્ચા યજમઇદે, તૅમ્ અષાઉનાંમ્ ફ્રવષીશ નરાંમચા નાઇરિનાંમ્ચા યજમઇદે.

અહુરમજ્દી, મજ્દ પસંદ (તથા) સર્વથી અધિક વૃદ્ધી કરનાર (એવાં) નામોથી (અમે) તેને આરાધ્યે છિયે. અમારાં શરીર તથા જાનથી તે (અહુરમજ્દ) ને અમે ભજ્યે છિયે. તે (અહુરમજ્દ) નું (તથા) અષો નર અને નારીઓનાં ફ્રોહરોનું અમે સ્મરણ કર્યે છિયે.

(મ્હોટી હપ્તન યશ્ત ક. ૩. ફ. ૩.)

ઇથા આત્ યજમઇદે ગેઉશ ઉર્વાનેમ્ચા તષાનૅમ્ચા.

એ પ્રમાણે આ સ્થળે દુનિયાંનાં જોહરને (અને) (તેના) બનાવનારને અમે વંદયે છિયે. (મ્હોટી હપ્તન યશ્ત ક ૫. ફ, ૧.)

આહુ અત્ પઇતી અદાહુ, મજ્દા અહુરા, મજ્દાંમ્ચા બૂઇરિચા કૅરૅશ્વા; રાઇતી તોઇ ખ્રપઇતી અહ્મત્ હાત્ અઇબી, હાત્ મીજ્દૅમ્ મવએથૅમ્ ફ્રદદાથા દએનાબ્યો, મજ્દા અહુરા. અહ્યા હ્વો ને દાઇદી, અહ્માઇચા અહુયે મનખ્યાઇચા; તત્ અહ્યા યા તત્ ઉપા-જમ્યામા, તવચા હખ્મા અષખ્યાચા વીસ્પાઇ યવે. દાઇદી અત્ નેરાંશ્, મજ્દા અહુરા અષાઉનો અષ-ચિનંઘ્રહો અઇદ્દ્યૂશ્ વાસ્ત્રયેંગ્ દરૅગાઇ, ઇજાઇ બૅજ્વઇતે હખ્મઇને, અહ્મઇબ્યાચા અહ્મા રફ્નંઘ્રહો. અથા ખ્અૅતૃશ્, અથા વૅરૅજેના, અથા હખ્મા ખ્યાત્ યાઇશ્ 'હિશ્ચમઇદે અથા વે ઉતા ખ્યામા મજ્દા અહુરા અષવનો અૅરૅષ્યા, ઇશ્તેમ્ રાઇતી.

અહો અહુરમજ્દ! આ પેદાએશોમાં મહાન જ્ઞાન તથા આશીર્વાદનું ઉત્પન્ન કર. હે અહુરમજ્દ! તારી અનુગ્રહથી મારા જેવા ધર્મિષ્ટોને

જે બદલો તેં આપ્યો છે તેટલોજ, અહો જ્ઞાનના પતિ! (તું અમને આપ). તથા અદ્રષ્ય જગતને માટે, (હે અહુરમજ્દ!) (તે આશીષ) તું પોતે અમને દે, કે તેને લીધે સદા માટે તારી તથા અષોઇની દોસ્તીને અમે પહોંચ્યે. લાંબા કાળ સુધી ચાલે તેવી સંપત્તિને માટે (તથા) દ્રઢ મિત્રાચારીને કાજે, અહો અહુરમજ્દ! અષોઇની આકાંક્ષા રાખનારાં, ચાલાક તથા મેહેનતુ અષો માણસો અમને, તથા અમને ખુશાલ કરનારાઓને તું દે. એજ પ્રમાણે (અમારાં) સગાંઓને, તેમજ ધંધાદારીઓને, તેમજ (અમારા) મીત્રોને (પણ) થાય. અહો અહુરમજ્દ! એ (સર્વ) તારેથી અમે માંગ્યે છિયે. વળી (અમે) અષો (તથા) ખાલેસ બન્યે; (તથા) દાનની મારફતે (તને) પસંદ પડેલા (અમે થઇયે). (મોટી હફ્તન યશ્ત ક. ૬. ફ. ૧. ૨. ૩. ૪.)

અજ્ઁમ દધાંમ્, સ્પિતમ જરથુશ્ત્ર, અઁઓમ્ સ્તારૅમ્ યિમ્ તિશ્ત્રીમ્, અવાઓન્તૅમ્ યેસ્ન્યત, અવાઓન્તૅમ્ વહ્મ્યત અવાઓન્તૅમ્ ક્ષ્નઓથ્વત અવાઓન્તેમ્ ફ્રસસ્તત, યથ માંમચિત્ યિમ્ અહુરૅમ્ મજ્દાંમ્.

અહો સ્પીતમાન જરથુશ્ત્ર! આ તેશ્તર તારાને હું અહુરમજ્દના સમાન એટલો યજશ્ની (યજ્ઞ) ને લાયક, એટલો સ્તુતીને લાયક, એટલો ખુશાલ કરવાને લાયક (તથા) એટલો કીર્તિને લાયક મેં પેદા કીધો. (તીર યશ્ત ફ. ૫૦.)

યેધ્રિ જી અજૅમ્ નોઇત દઇધ્યાંમ્, સ્પિતમ જરથુસ્ત્ર, અઓમ્ સ્તારૅમ્ યિમ્ તિશ્ત્રીમ્, અવાઓન્તૅમ્ યેસન્યત અવાઓન્તૅમ્ વહ્મ્યત, અવાઓન્તૅમ્ ક્ષ્નઓથ્વત, અવાઓન્તૅમ્ ફ્રસસ્તત યથ માંમ્-ચિત્ યિમ્ અહુરૅમ્ મજ્દાંમ્.

અવંઘ્રહાઓ પયરિકયાઓ પઇતિશ્તાતયએચ, પઇતિસ્ચપ્તયએચ, પઇતિતરૅતયએચ, પઇત્યઓગૅત્-ત્બઅએષઘાઇચ, યા દુજ્યાઇર્યિ, યાંમ્ મશ્યાક અવિ દુજ્વચંઘ્રહો હુયાઇર્યાંમ્ નાંમ અઓજઇતે. હમહે જી મે ઇધ અયાંન હમયાઓ વા ક્ષપો, હાઓ પઇરિક યા દુજ્યાઇર્ય વીસ્પહે અંઘ્રહેઉશ્ અસ્ત્વતો પરેઇત પઇરિથ્નેમ્, અંઘ્રહ્વાંમ્ અવ હિસિધ્યાત્, આચ પઇરિય દ્વરઇતિ.

કારણકે, હે સ્પીતમાન જરથોશ્ત ! આ દુજ્યાઇર્ય (નામની) પરી, જેને દુષ્ટ માણસો હુયાઇર્યને નામે ઓલખે છે, (તે) પરીની વિરૂધ્ધ

ચવાને સારૂં, (તેનો) નાશ કરવાને કાજે, (તેને) હાંકી કહાડવાને માટે તથા તેની દુષ્ટતાને અટકાવવાને માટે, આ તેશ્તર તારાને મારા અહુરમજદની સમાન એટલો યજશ્નીને લાયક, એટલો આરાધનાનો લાયક, એટલો ખુશાલ કરવાને લાયક, (તથા) એટલો કીર્તિને લાયક મેં ન પેદા કીધો હોત તો, જરૂર દર દિવસના (તથા) દર રાત્રીએ (એટલે નિત્ય) તે દુજ્યાઇરય (નામની) પરી (અત્રે) મારી સક જડ જગતમાં લડાઇ (અથવા ઝઘડો) ઉભો કરત, અને બધી દીશાએ દોડીને જાનને હાની પહોંચાડત. (તીર યશ્ત ફ. ૫૨. ૫૩. ૫૪.)

અથ દએનય ફ્રઑરન્ત અહુરો મજ઼્દાઓ અષવ.

અષો અહુરમજ઼્દ આ દીનથી રાજી થયો.

(સરોશ યશ્ત વડી ક. ૧૦)

વીસ્પનાંમચ આઓંઘ્રહાંમ્ પઑઇસ્યનાંમ્ ફ્રવષિનાંમ્ ઇધ યજ઼મઇદે ફ્રવષીમ્, અવાંમ્ યાંમ્ અહુરહે મજ઼્દાઓ, મજ઼િશ્તાંમચ વહિશ્તાંમચ સ્રએશ્તાંમચ ખ્રઑજ઼દિશ્તાંમચ ખ્રથ્વિશ્તાંમચ હુકેરેપ્તેમાંમચ, અષાત્ અપનોતેમાંમચ.

આ તમામ ફરોહરોમાંથી સર્વથી પ્રથમ (પરમાત્મા) અહુરમજ઼્દનું ફરોહર જે સર્વથી ઉંચ દરજ્જેનું, સર્વથી શ્રેષ્ટ, સર્વથી સોહામણું, સર્વથી અધિક હિમ્મત આપનારૂ, ઘણુંજ અક્કલમંદ, ઘણુંજ પુણ્યવંતું, તથા અષોઇમાં સર્વની ઉપર, તેને આ ઠેકાણે અમે માન સાથ સ્તવ્યે છિયે. (સતુમનો કરદો)

અહુરાઇ મજ઼દાઇ વંઘ્રહવે વોહુમઇતે, વીસ્પા વૉહૂ ચિનહ્મી. અષાઉને રએવઇતે ખ્રરેનંઘ્રઉહઇતે. યા જી ચીચા વહિશ્તા; યેંઘ્રહે ગાઉશ, યેંઘ્રહે અષેમ્ યેંઘ્રહે રઑચાઓ, યેંઘ્રહે રઑચેબીશ રોઇથ્વેન્ ખ્નાથ્રા.

સઘળી વસ્તુઓ ભલા (તથા) ભલાઇવાળા, અષો, રિદ્ધિસિદ્ધિવાળા (તથા) ખુરેહવાળા અહુરમજ઼્દને હું લાગુ પાડું છું; કારણ કે જે કાંઇ સર્વથી શ્રેષ્ટ (છે) (તે સર્વ તેનુંજ છે); જેની (આ) દુનિયાં (છે), જેની અષોઇ (છે), જેની (આકાશની) (સર્વ) તેજો (છે), તથા જેનો ચળકાટ (આકાશના અમાપ) તેજો સાથે ભળી ગયો છે.

(દીનના કલમો અવસ્તામાં.)

હુકત્ સૂરહે દથુષો ક્ષયતો અહુરહે મજ઼દાઓ ફ્રતચિન્ આપો ...તેવિશ્તાઓ, ઉઝ઼ુક્ષ્યાંન્ચ ઉર્વરાઓ.

સર્વ શકિતમાન, પેદા કરનાર (તથા) (સર્વોત્તમ) સત્તા ભોગવ...ાર અહુરમજ઼દનાં સર્વથી વધુ ખુબીવાળાં પાણીઓ તુરતજ વેહેતાં ...યાં (તથા) ઝાડપાનો ઉગવા લાગ્યાં. (ફરવરદીન યશ્ત ફ૦ ૭૮.)

કેહ્રપ્સચ યાઓ રએથ્વયેઇતિ સ્રીરાઓ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્, ...રેંજ઼દાઓ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્; હ્વરે-ક્ષએતેમ્ અઉર્વત્-અસ્પેમ્ ...જ઼્મઇદે.

અમેષાસ્પંદોનાં સુશોભિત (તથા) ખુબીવાળાં રૂપો, જે (અહુર...જ઼દે) (તે) અમેષાસ્પંદોને આપ્યા છે તે રૂપોને, (તથા) તેજ ઘોડા...ળા ખુરશેદને અમે વખાણએ છિયે. (ફરવર્દીન યશ્ત ફ૦ ૮૧.)

યોઇ હપ્ત હમો-મનંઘ્નહો, યોઇ હપ્ત હમો-વચંઘ્નહો, યોઇ હપ્ત ...મો-શ્યઓથ્નાઓંઘ્નહો. યએષાંમ્ અસ્તિ હમેમ્ મનો, હમેમ્ વચો, ...મેમ્ શ્યઓથ્નેમ્; હમો પતચ ફ્રસાસ્તચ, યો દધ્વાઓ અહુરો ...જ઼દાઓ.

જે સાત (અમેષાસ્પંદો) એકજ વિચારના, જે સાત એકજ ...ચનના, જે સાત એકજ કાર્ય આટોપનારા (છે). જેમનો વિચાર ...ક સરખો, વાણી એક સરખી (તથા) કાર્ય એક સરખું છે, જેમના ...તા તથા શિખવનાર એકજ, એટલે કિરતાર અહુરમજ઼દ (છે). (ફરવર્દીન યશ્ત ફ૦ ૮૩.)

દથત અહ્માઇ તત્ અવત્ આયપ્તેમ્ વયુશ યો ઉપરો-કઇર્યો, ...થ તા ઉપંઘ્નહુચત યો દધ્વાઓ અહુરો મજ઼દાઓ.

સબળ વાય યજ઼દે તેને તે મુરાદ દીધી, જેથી સૃષ્ટા અહુરમજ઼દે ...તાની નેમ પ્રાપ્ત કરી. (રામ યશ્ત ફ૦ ૪.)

વાહૂ વરેંજયામિ, દથુષો અહુરાઇ મજ઼દાઇ, અમેષનાંમ્ સ્પેન્તનાંમ્.

(વાય યજ઼દ કેહ છે કે) દાદાર અહુરમજ઼દનું (તથા) અમેષા...દોનું (હું) ભલું કરૂં છું. (રામ યશ્ત ફ૦ ૪૪.)

દુઘ્ધરેમ્ અહુરહે મજ઼દાઓ, ખંઘ્નહરેમ્ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્.

(જે અશીશવંઘ) અહુરમજ઼દની દીકરી (તથા) અમેષાસ્પંદોની

બહેન (તે) ને (અમે વંદયે છિયે). (અશીશવંધ યશ્ત ફ. ૨.)

પિત તે યો અહુરો મજ્દાઓ, યો મજિશ્તો યજતનાંમ.

અહુરમજ્દ જે (બધા) યજ્દોમાં સર્વથી ચઢતો (તથા) જે (સઘળા) યજ્દોમાં સર્વોત્કૃષ્ટ (તે) તારો પિતા (છે). (અશીશવંધ યશ્ત ફ. ૧૬)

શ્વાંમ્ જસાઇતિ અહુરો મજ્દાઓ પઇતિષાઓ દામાંન્ દથાનો.

(પણ) અહુરમજ્દ, કે જે સૃષ્ટિનો પેદા કરનારો (તથા તે બનાવવા-ને કાજે) ઘણો ખુશાલ (છે) તે, તારી વિરૂદ્ધ જશે.

(જમ્યાદ યશ્ત ફ. ૫૮.)

નિવએધયેમિ હનકારયેમિ દથુષો અહુરહે મજ્દાઓ રએવતો ખરેનંઘ્રઉહતો મજિશ્તહેચ વહિશ્તહેચ સ્રએશતહેચ ખ્રઓજદિશ્તહેચ ખ્રથ્વિશ્તહેચ; હુકૅર્પ્તેમહેચ અષાત્ અપનોતૅમહેચ હુધાઓમનો વોઉરૂ-રફ્નંઘ્રહો યો નો દધ યો તતષ યો તુથ્રુયે યો મઇન્યુશ્ સ્પૅન્તોતૅમો.

રિદ્ધિસિદ્ધવાળા ખુરેહવાળા, સર્વથી ચઢતે દરજ્જેના, સર્વોતમ, સર્વથી સોહામણા, સર્વથી વધુ હિંમત આપનાર, સર્વથી વધુ જ્ઞાની અક્કલમંદ, સર્વથી વધુ પુણ્યવંત તથા અષોઇમાં સર્વોપર, સર્વથી શ્રેષ્ટ ડહાપણવાલા, તથા બહોળો આનંદ આપનારા અહુરમજ્દને હું આમંત્રણ કરૂં છું તથા સભામાં આદર સત્કાર કરૂં છું. જેને આપણુ-ને પેદા કર્યાં, જેણે આપણને બનાવ્યા, (જે આપણું) રક્ષણ કર્યો જાય છે, (તથા) જે સર્વથી મહાન વૃદ્ધી કરનાર મીનો (છે).—

(હા. ૧, ફ. ૧.)

ગાથામાં "અહુરમજદ" "અહુર," "મજદ" અને "મજદ અહુર" શબ્દો નીચલા કોઠા પ્રમાણે જુદા જુદા ફકરાઓમાં મળી આવે છે.

મજદ.	**અહુર.**	**મજદઅહુર.**	**અહુરમજદ.**
૨૮. (૧, ૭.)	૨૮. (૮.)	૨૮. (૨, ૩, ૪. ૬, ૧૦, ૧૧.)	૨૮. (૫, ૯.)

ચજદ.	અહુર.	મજદ અહુર.	અહુરમજદ.
૯. (૪, ૫, ૬, ૮, ૧૦.)	૨૯. (૨, ૪, ૫, ૬, ૧૦.)		૨૯. (૬.)
૦. (૮, ૧૦, ૧૧.)	૩૦. (૧, ૫, ૮.)	૩૦. (૯.)	
૧. (૧, ૨, ૩, ૬, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૯.)	૩૧. (૨, ૮, ૧૦, ૧૪, ૧૫, ૧૯.)	૩૧. (૪, ૫, ૭, ૯, ૧૬, ૧૭, ૨૧, ૨૨.)	
૨. (૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩.)	૩૨. (૬.)	૩૨. (૨, ૪, ૧૬.)	૩૨. (૧, ૭.)
૩. (૪, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪.)	૩૩. (૩, ૧૩.)	૩૩. (૫.)	૩૩. (૨, ૬, ૧૧.)
૪. (૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫.)	૩૪. (૩, ૪, ૧૩, ૧૪, ૧૫.)	૩૪. (૧)	૩૪. (૧૦.)
૩. (૧, ૨, ૩, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, (૧૮, ૨૦.)		૪૩. (૧, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫.)	૪૩. (૩, ૧૬.)
૫. (૪.)	૪૫. (૪.)	૪૫. (૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧.)	
૬. (૨, ૩, ૪, ૭, ૧૮, ૧૯.)	૪૬, (૨, ૩, ૬, ૭, ૯, ૧૫.)	૪૬. (૧, ૫, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭.)	
૭. (૨, ૩, ૪.)		૪૭. (૧, ૫, ૬.)	
૮. (૨, ૩, ૪, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨.)	૪૮. (૧, ૨, ૩, ૭, ૮.)	૪૮. (૬.)	
૯. (૧, ૨, ૩, ૫, ૬, ૧૦.)	૪૯. (૩, ૬, ૭.)	૪૯. (૮, ૧૨.)	
૦. (૨, ૩, ૬. ૭, ૮, ૯, ૧૧.)		૫૦. (૧, ૪, ૫, ૧૦.)	
૧. (૧, ૩, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૯, ૨૦.)	૫૧. (૩.)	૫૧. (૨, ૧૫, ૧૬, ૧૭, ૨૧, ૨૨.)	૫૧. (૬, ૧૮.)
૩. (૨, ૩, ૯.)	૫૩. (૨, ૯.)	૫૩. (૪.)	૫૩. (૧.)

વોહુ મન.

——(०)——

વોહુમન એટલે ભલું મન અથવા વહિષ્ત મન, સર્વોત્તમ મન. 'ઇથ્ર અસૂતિ વોહુ મનો, મન હાંમિ જરથુશ્ત્ર', એટલે એ વોહુ મન! હે જરથુશ્ત્ર મારી ઉત્તપત્તિ છે, એવું અષો અહુરમજ્દ પ્રગટ કરે છે.[1]

ભલાં મનમાં નર અને નારી અમેષાસ્પંદો રેહે છે. "આત્ ઇથા યજમઇદે વંઘ્હૂશ્ચા ઇત્ વંઘ્હઉહીશ્ચા ઇત્; સ્પેન્તેંગ્ અમેષેંગ્ યેવએજયો યવએસ્વો, યોઇ વંઘ્હેઉશ્ આ મનંઘ્હો ષ્યેઇન્તિ યાઓસચા ઉઇતી," એટલે "એ પ્રમાણે આ સ્થળે ભલા નરો અને ભલી સ્રીઓને (તથા) અમર (અને) નિત્ય કલ્યાણકારી અમેષાસ્પંદોની સાથ અમે એકતાર થઇયે છિયે, જે (નર) તેમજ જે (નારી અમેષાસ્પંદો) ભલાં મનમાં રેહછે !"

જરથોસ્તિ ધર્મનો પાયો હૂમત ઉપર રચાયો છે, અને એ હૂમત વોહુમનોની સહાયથી પ્રાપ્ત થાય છે. હૂમતના પ્રતાપથી હુખ્ત અને હ્વરશ્ત બન્ને આપોઆપ જડે છે. વોહુમનો સાથે નીરંતર ઝઘડો કરવા માટે અકોમનો હામ ભીડે છે. અને માનવી આ બેના આકર્ષણ-માં સદગતિ અને દુર્ગતિના વમળમાં વિંટાયાજ કરે છે. અંતે વોહુમન, અકોમનને હરાવશે.

વોહુમનો એટલે ભલાં મનથી, સંપૂર્ણતા (સિદ્ધિ) અને અમરપણું સંપાદન થાય છે.

વોહુમનો પ્રાણીમાત્રનો રક્ષણકર્તા છે.[2]

વોહુમનોએ અષો જરથુશ્ત સાહેબના જન્મથી માંડીને ઉમરે પહોંચ્યા ત્યાં તુલીક અનેક સહાયતા આપી, અને છેવટે બીજા અમેષા-સ્પંદો ભેગા પોતાનો સાક્ષાત્કાર કરીને, અષો જરથુશ્ત સાહેબને સંપૂર્ણ જ્ઞાની બનાવ્યા.

વંઘ્હેઉશ્ દજ્દા મનંઘ્હો ષ્યઓથનનાંમ્ અંઘ્હેઉશ્ મજ્દાઇ.

બહમનની આશીષ આ દુનિયાંનાં, અહુરમજ્દને માટેનાં, કાર્યો કરનારાઓને (નિર્મિત છે.) (અહુનવર.)

---

૧. જુવો હોરમજ્દ યશ્ત ફકરો ૨૫.

૨. એ હિન્દુ શાસ્રોમાં જણાવેલા શ્રી વિષ્ણુનો પાત્ર કેટલેક અંશે બજવે છે.

વોહૂ મનંઘ્રહા ફ્રૅસૅરત્રૂમ્ દસ્વા.

(અએ અહુરમજ્દ!) (મારી) નેક મનશ્ની (સુમતિ)ને લીધે (તું) (મને) આધિપત્ય આપ. (આતશ નિયાયશ.)

રફ્ધ્રાઇ વૉઉરૂ–ચષાને દાઇષો,
મોઇ યા–વે અબિફ્રા.
તા ક્ષથ્રહ્યા અહુરા યા,
વંઘ્રહેઉશ અષિશ મનંઘ્રહો.

અહો અહુરમજ્દ! (મારા) આનંદને માટે, (તથા) પુરતી રીતે દીનનું જ્ઞાન સંપાદન કરવાને કાજે, શેહરેવરની તથા બહમનની જે આશીર્વાદ પામેલી બક્ષીસો તે અચુક રીતે (તું) મને દે.
(આતશ નિયાયશ.)

વૉહૂ મનો યજમઇદે.

બહમન (અમેષાસ્પંદ) ને અમે વંદયે છિયે. (ફરાહીન ગેહ. ક. ૫)

અજ્ હમોઇન્ હર્ આઇન્ ગુનાહ્, હર્ આઇન્ મર્ગરૂજાંન્, હર્ આઇન્ ફરૂદ માન્દ્, હર્ આઇન્ માનીદ્, હર્ આઇન્ ગુનાહ્ અજ્ ગુનાહ્, આએમ્ અંદર્ બેહ્મન્, ગાઓ ગોસ્પંદ્ ગોસ્પંદ્ સર્દગાંન્ જસ્ત્, પ પતેત્ હોમ્.

સર્વ પ્રકારનું તથા હરેક જાતનું પાપ, દરેક જાતનું મરગરજાંન (મૃત્યુની શીક્ષાને પાત્ર પાપ), હરેક પ્રકારનું સાબેત થયેલું (પાપ), દરેક ભાતભાતનો (પશ્ચાતાપ કર્યા વિના) રહિ ગયેલું (પાપ), (તથા) દરેક જાતનું (એક) પાપથી (ઉત્પન્ન થયેલું) (બીજું) પાપ, કે જે મારેથી બહમન (અમેષાસ્પંદ), (તથા) ગાય ઢોર (અને) ઢોરોની (ભિન્નભિન્ન) જાત સાથે થયું હોય, (તે તમામ પાપ)થી હું પતેત કરી પશ્ચાતાપ કરૂં છું. (પતેત પશેમાની ક. ૮.)

ઇધ અસ્તિ વૉહૂ મનો, મન દાંમિ જરથુશ્ત્ર.

અત્રે, અહો જરથુશ્ત્ર! બહમન (અમેષાસ્પંદ) મારી પેદાયશ છે.
(હોરમજદ યશ્ત ક. ૨૫.)

અય દએનય ફ્રૉરૅન્ત......ફ્રા વૉહુ મનો.

બહમન (અમેષાસ્પંદ) આ ધર્મથી રાજી થયા.
(સરોશ યશ્ત વડી ક. ૧૦.)

આઅત્ આહ્વ પઉર્વતાહ્વ પોઉરૂ-સરેધો વીરઑંઘહે, હુઑંમો ગઑંમ જઇરિ-ગઑંનો; આતે બએષજ઼ ઇરીરથરૅ વઘ્રહેઉશ્ મનં-ઘ્રહો મયાઅ્યો. આઅત્ મે અહે દુશ-સંઘ્રહહે પરાચ વએપય મનો; આઅત્ અહે ની મનો મનો યો મે દુશ્સંઘ્રહો હિશ્તઇતે.

હે લેહજતદાર તથા સોનેરી રંગના હોમ! જ્યારે આ ઉંચ સ્થળો ઉપર પુષ્કળ જાતમાં તું ઉગે છે, બહમનની ખુબીઓ (અથવા કરામતો) થી તંદોરસ્તી આપનારા ગુણો તારામાંથી ઉત્પન્ન થાય છે, ત્યારે મારી તે નીંદા કરનારની વિચાર શક્તિનો તું નાશ કર; તથા જે (માનવી) મારી નીંદા કરનાર સમાન ઉભો રહે છે, તેની વિચાર શક્તિને (તું) દાબી નાખ. (હા. ૧૦. ફ. ૧૨.)

નૅમો હુઑંમાઇ, યત કૅરેનઑાઇતિ દ્રિઘઑાશ્ હ્વત્-મસો મનો, યથ રએવસ્તૅમહેચિત્; નૅમો હુઑંમાઇ, યત્ કૅરેનઑાઇતિ દ્રિઘઑાશ્ હ્વત્-મસો મનો, યત ઉસ્નાંમ્ અએઇતિ વએધ્ય.

હોમને નમન (હોજો)! કે જે ફકીર (સન્ત) નાં મનને સર્વથી તવંગર (માણસ) નાં જેટલું મોટું[1] કરે છે. હોમને નમન (હોજો)! કે જે ફકીરનાં મનને એટલું મહાન કરે છે, કે (તે) વિદ્યાને લીધે ઉંચ જાય છે.[2] (મોટી હોમ યશ્ત હા. ૧૦—ફ. ૧૩.)

યત્ તિતરત્ અંઘ્રો મઇન્યુશ્ દાહીમ્ અષહે વંઘ્રહેઉશ્, અન્તરે પઇરિ-અવાઇતૅમ્ વોહુચ મનો આતર્શ્ચ.

વળી જ્યારે અંગ્રેમીનો ભલી અષોઇની સર્જનમાં એકદમ ધસારો કરીને દાખલ થયો, (ત્યારે) (તેમની) મધ્યે બહમન (અમેષાસ્પંદ) તથા આદર (યજ઼દ) ગયા. (ફરવર્દીન યશ્ત ફ ૭૭)

સ્પૅન્તો મઇન્યુશ્ અશ્તૅમ્ ફ્રંઘ્રહરેચયત્ વૅાહુચ મનો, અષેમ્ચ વહિશ્તેમ્, આતરેમ્ચ અહુરહે મજ઼દાઓ પુથ્રૅમ્.

સ્પેનામીનોએ (પોતાના) દૂત તરીકે બહમનને, અરદીબહેશ્તને તથા અહુરમજ઼દના પુત્ર (અથવા પવિત્ર કરનાર) આતર (એટલે આદર યજ઼દ) ને મોકલ્યા. (જમ્યાદ યશ્ત ફ. ૪૬).

વનઇતિ અકેમ્ચિત્ મનો, વૅાહૂ મનો તત્ વનઇતિ.

અકોમનો (નામનો દ્રુજ) મારશે, (પણ અંતે) વોહુમનો તેને

1. Large-hearted. 2. Transcendental thinking.

(અકોમનોને) મારશે. (જમ્યાદ યશ્ત ફ. ૯૬.)

નિવએધયેમિ હનકારયેમિ વંઘ્નહવે મનંઘ્નહે.

બહમન (અમેષાસ્પંદ) ને હું ઇજન કરૂં છું તથા સભામાં (તેનો) સત્કાર કરૂં છું. (હા. ૧. ફ. ૨.)

આઅત્ દીશ્ આવએધયમહી અમેષએઇબ્યો સ્પેન્તએઇબ્યો હુક્ષથ્રએઇબ્યો હુધાબ્યો યવએજિબ્યો યવએસુબ્યો. યોઇ વંઘ્નહેઉશ્ આ મનંઘ્નહો શ્યન્તિ યાઓસ્ચ ઉઇતિ.

સારી સત્તાવાલા, નેક ડહાપણવાલા, શાશ્વત જીવનારા, તથા સદા કલ્યાણકારી અમેષાસ્પંદોને એ (સર્વ) અમે જાહેર કર્યે છિયે. જે (નર અમેષાસ્પંદો) તેમજ જે (નારી અમેષાસ્પંદો) ભલાં મનમાં રહે છે. (હા. ૪ ફ૦ ૪.)

પઇરિ-વે અમેષા સ્પેન્તા હુક્ષથ્રા હુધાઓંઘ્નહો દધાંમિ તન્વસ્ચીત્ ખ્વખ્યાઓ ઉશ્તનેમ્, પઇરિ વીસ્પાઓ હુજીતયો.

અહો સારી આધિપત્યવાળા (તથા) સારાં ડહાપણવાળા અમેષાસ્પંદો! (હું) તમને મારાં પોતાના તનનો આત્મા (તથા) (મારૂં) સઘળું સુખ અર્પણ કરૂં છું. (હા. ૧૪ ફ૦ ૨.)

ગાથામાં "વોહુમન" શબ્દ નીચે જણાવેલે ઠેકાણે વપરાયો છે.

યસ્ન.	ફકરો.
૨૮	૧-૨-૩-૪-૫-૭-૮-૧૦-૧૧.
૨૯	૭-૧૦-૧૧.
૩૦	૧-૭-૮-૧૦.
૩૧	૪-૫-૬-૭-૧૦-૧૧-૧૨-૧૭-૧૯-૨૧-૨૨.
૩૨	૨-૪-૬-૯-૧૫.
૩૩	૩-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫.
૩૪	૨-૩-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪.
૪૩	૧-૨-૪-૬-૭-૮-૧૧-૧૩-૧૫-૧૬.
૪૪	૧-૪-૬-૮-૯-૧૩-૧૬.
૪૫	૪-૫-૬-૮-૯-૧૦.
૪૬	૨-૩-૬-૯-૧૦-૧૨-૧૩-૧૪-૧૬-૧૮.
૪૭	૧-૨-૬.

યસ્ન.	ફકરો.
૪૮	૧-૩-૪-૬-૭-૮-૯-૧૦-૧૨.
૪૯	૧-૨-૩-૫-૬-૭-૧૦-૧૨.
૫૦	૧-૨-૪-૬-૭-૮-૯-૧૦-૧૧.
૫૧	૨-૩-૪-૭-૧૧-૧૫-૧૬-૧૮-૨૦-૨૧.
૫૩	૨-૩-૪-૫.

ગાથામાં "ગેઉષ ઉર્વ અને તષ્ને" ને માટે નીચલા ફકરાઓમાં ઇશારો છે.

યસ્ન	ફકરો.	યસ્ન.	ફકરો.
૨૮	૧.	૩૧	૯.
૨૯	૧-૫-૯.	૪૬	૯.

અષ વહિશ્ત.

અષ શબ્દનો અર્થ કોઇ પણ ભાષામાં સંપૂર્ણ રીતે થઇ શકતો નથી. એ બહુ માર્મિક વચન છે. અવસ્તા અભ્યાસીઓ એ શબ્દને અરત, ઍરત, ઋત્ (વૈદિક), સત્ય એની સાથે ભેળે છે, અને બન્ને એકજ છે એમ જણાવે છે. જો એ તર્ક ખરી હોય તો અષ વહિશ્તનું રૂપાંતર ઋતશ્રેષ્ઠ, રીર્શાશ્રેષ્ઠ થઇ શકે. પહેલવીમાં અર્ત વપરાયો છે, તેથી આ તર્કને ટેકો મળે છે.

જેમ વોહુમનો, તેજ પ્રમાણે હરેક અમેષાસ્પંદ, અહુરમજદ અમેષાસ્પંદથી સરજાયો છે.

સર્વોત્તમ અષોઇથીજ ભલું મન અને આ જહાનમાં સંપત્તિ અને મીનોઇ જહાનમાં સર્વોત્તમ ગતિ (ગરે-નેમાન, મોક્ષપદ ઇ.) મેળવી શકાય છે. 'અષેમ વોહુ' નાં મહા વાકયને અષ વહિશ્ત સાથે નિકટ સંબંધ છે. સર્વથી શ્રેષ્ઠ નૈતિક વર્તન અષોઇ જાળવવામાંજ સમાયલું છે. જરથોશ્તિ દએન પ્રમાણે અષોઇની જતનને કાજે અનષોઇ, દુષ્ટતા, અકોમન, દૈત્યો, વીગેરે સામે પળેપળ યુદ્ધ મચાવવું જોઇએ. અષોઇ તેને પ્રાપ્ત છે, જે સ્પેનામીનોની પક્ષમાં રહિને અંગ્રેમિનોની સાથે નિશદિન લડત કરે છે.

જગતમાં અષ વહિશ્તની છબાની અગ્નિ છે, જે સર્વથી શુદ્ધ, પ્રકાશિત અને પવિત્ર કરનાર તત્ત્વ જણાયલું છે. જેમ બહારના આતશનું રક્ષણ કરવા માટે ઘણો શ્રમ લેવો પડે છે, અને તેને સુગંધીઓ અર્પણ કરવી પડે છે, તેમજ અન્તરના ફ્રવષીના પરિશુદ્ધ અગ્નિની જાળવણી કરવા માટે પુષ્કળ માનસિક અને અધ્યાત્મિક (રૂહાની) મહેનત લેવી પડે છે, અને તેને માટે પણ વાક, તન, મનથી નીપજતાં સદ્‌વાણી, સત્કૃત્યો અને સત્ વિચારની સુગંધીઓ હરકાળમાં અર્પણ કરવાં ઘટે છે.

અગ્નિને હેરાન કરવે, તેને કોઇપણ રીતે અપમાન કરવે, માનવી પોતાના પ્રકટીકરણમાં ભારે નડતલ નાખે છે.

અષ વહિશ્તનો વેરી 'ઇંદર' છે, જેને છેવટે એ જીતશે.

પાકીએ તન અને અષોઇએ રવાન, એ ટુંકમાં જરથોશ્તિ માર્ગ છે, જે કાપવે અષો અહુરમજદના ચરણ કમળને પામી શકાય છે.

વોહુ ઉક્ષ્યા મનંઘ્હા ક્ષથ્રા અષાચા ઉશ્તા તનૂમ.

પવિત્ર મનશ્ની, અષોઇ, જોર (અથવા સત્તા) તથા સંપત્તિથી, (અહો અહુરમજદ !) (મારાં) તનને તુ મજબુત બનાવ.

(ખોરશેદ નિયાયશ ક. ૫.)

અત્ તોઈ આતરૅમ્ અહુરા અઓજોંઘ્હ્વન્તૅમ્ અષા ઉસૅમહી.

ઓ અહુરમજદ! (અમે) તારા બળવંત અગ્નિ (આતશ) ને અષ (એટલે અરદીબેહસ્ત અમેષાસ્પંદ) ની મારફતે ઇચ્છયે (અથવા પસંદ કરીએ) છિયે.

(આતશ નિયાયશ)

અજ઼્ હમોઇન્ હર્ આઇન્ ગુનાહ્......ઓઑમ્ અંદર્ અર્દીબેહેશ્ત્, આતશ્, આતશ્ સદ્ગાંન્ જસ્ત્, પ પતેત્ હોમ્.

સઘળી પ્રકારનું (તથા) દરેક જાતનું પાપ કે જે મારેથી અરદીબેહસ્ત (અમેષાસ્પંદ) (તથા) આતશ અને (ભિન્નભિન્ન) જાતના આતશોની સાથે થયું હોય, તે (સર્વ પાપ)થી પતેત કરી પશ્ચાતાપ કરૂં છું.

(પતેત પશેમાની ક. ૮.)

અષેમ વહિશ્તેમ સ્રએશ્તેમ અમેષેમ સ્પેન્તેમ યજમઇદે.

અર્દીબેહશ્ત (જે) સર્વથી વધુ સુશોભિત અમેષાસ્પંદ (તેને) અમે વખાણયે છિયે. (અર્દીબેહશ્ત યશ્ત.)

ઇધ અષેમ વહિશ્તેમ, મન દાંમિ જરથુશ્ત્ર.

અહો જરથુશ્ત્ર! અત્રે અરદીબેહશ્ત (અમેષાસ્પંદ) મારી સૃષ્ટિ (છે). (હોરમજદ યશ્ત ફ. ૨૫.)

મ્રઓત્ અહુરો મજ્દાઓ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ આઅત્ યત્ અષ વહિશ્ત ફ્રદઇથીષ સ્પિતમ જરથુશ્ત્ર, સ્તઓતરેચ, જઓતરેચ, જબાતરેચ, માંથનચ, યશ્તરેચ, આફ્રીતરેચ, અઇબિજરેતરેચ, વંઘ્રહાંન્ ક્ષઍત રઓચાઓ, ખ્વન્વઇતીશ્ચ વેરેજો, અહ્માકેમ યસ્નાઇચ વહ્માઇચ યત અમેષનાંમ સ્પેન્તનાંમ.

(સરજનહાર) અહુરમજદે સ્પીતમાન જરથુશ્ત્રને કહ્યું, અહો સ્પીતમાન જરથુશ્ત્ર! અમ અમેષાસ્પંદોની આરાધનાને માટે તથા ખુબીઓનુ ગાન કરવાને માટે, અરદીબેહશ્ત (અમેષાસ્પંદ) ને ભલી (અને) ચલકતી પ્રકાશોનો (તથા) પ્રકાશીત (અથવા ચમત્કારીક) કાર્યોનો સ્તુતિ કરનાર તથા કીર્તિ ગાનાર તથા વંદન કરનાર તથા પ્રખ્યાત કરનાર તથા ભજનાર તથા સ્તવન કરનાર તથા વખાણ કરનાર તરીકે તું ઠરાવ (અથવા ગણ). (અરદીબેહશ્ત યશ્ત ફ૦ ૧.)

અય દએનય ફ્રઓરેન્ત......ફ્રા અષેમ વહિશ્તેમ.

અરદીબેહશ્ત (અમેષાસ્પંદ) આ ધર્મથી રાજી થયા. (સરોશ વડી ક૦ ૧૦.)

ઉર્વથેમ સ્તઓરેમ વંઘહુંઘ્રહેમ દધો અઓખ્ત અહુરો મજ્દાઓ, યથ અષેમ યત્ વહિશ્તેમ.

અહુરમજદે, સ્નેહિ સ્તુતિ કરનારને, અષ વહિશ્તના કરતાં વધારે ભલી સંસર્ગ ગણેલી છે. (મોટી હોમ યશ્ત ક૦ ૨. ફ૦ ૯.)

નિવએદયેમિ હનકારયેમિ અષહે વહિશ્તહે આથ્રસ્ચ અહુરહે મજ્દાઓ.

અષ વહિશ્ત તથા અહુરમજદના આતશને હું ઇજન કરૂં તથા સભામાં સત્કાર કરૂં છું. (હા. ૧ ફ૦ ૪.)

અશૅમ્ અષ વહિશ્તૅમ્ યઝમઇદે હુયત્ સ્રએશ્તૅમ્ હુયત્ સ્પૅન્તૅમ્ અમૅશૅમ્ હુયત્ રઓચોંઘ્રહુવત્ હુયત્ વીસ્પા વૉહુ.

અરદીબહેસ્ત જે સર્વથી સુંદર તથા પ્રકાશિત અમેશાસ્પંદને (તથા સરજનહાર અહુરમજદની) સર્વે આશીષોને અમે સ્તવ્યે છિયે.

(હા. ૩૭ ફ૦ ૪.)

સ્તૂતો ગરો વહ્મૅન્ગ્ અહુરાઇ મઝ્દાઇ અષાઇચા વહિશ્તાઇ દદૅમહિચા ચીષ્મહિચા આચા આવએદયમહી.

(સરજનહાર) અહુરમજદને તથા અરદીબહેસ્તને વખાણ સાથની તથા માન સાથની આરાધના અમે અર્પણ કર્યે છિયે, અમે સ્વિકાર્યે છિયે તથા અમે જાહેર કર્યે છિયે. હા. ૪૧ ફ. ૧.)

ગાથામાં "અષ વહિશ્ત" "અષ" અથવા "અષવન" નીચલા ફ્કરાઓમાં વપરાયા છે.

ચસ્ન.	ફ્કરો.
૨૮	૩-૫-૬-૭-૮-૯-૧૦-૧૧.
૨૯	૨-૩-૭-૮-૧૦-૧૧.
૩૦	૧-૫-૭-૮-૯-૧૦-૧૧.
૩૧	૧-૨-૩-૪-૫-૬-૭-૧૩-૧૬-૧૭-૧૯-૨૦-૨૧-૨૨.
૩૨	૨-૪-૬-૯-૧૦-૧૧-૧૨-૧૩.
૩૩	૧-૩-૫-૬-૭-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪.
૩૪	૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૨-૧૩-૧૪-૧૫.
૪૩	૧-૨-૪-૬-૮-૯-૧૦-૧૨-૧૪-૧૬.
૪૪	૨-૩-૬-૮-૯-૧૦-૧૨-૧૩-૧૪-૧૫-૧૭-૧૮-૨૦.
૪૫	૪-૬-૭-૮-૧૦.
૪૬	૨-૩-૪-૫-૬-૭-૮-૧૦-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯.
૪૭	૧-૨-૪-૫-૬.
૪૮	૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૧-૧૨.
૪૯	૧-૨-૩-૫-૬-૭-૮-૯-૧૦-૧૧.
૫૦	૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧.
૫૧	૧-૨-૩-૪-૫-૮-૧૦-૧૧-૧૩-૧૫-૧૬-૧૭-૧૮-૨૦-૨૧-૨૨.
૫૩	૧-૩-૪-૫-૯.

ક્ષથ્રવૈર્ય.

ક્ષથ્રવૈર્યનો અર્થ સ્વર્ગનું (મરજી પ્રમાણેનું, સ્વતંત્ર) રાજ્ય, એવો થાય છે.

અહુરમજદની રાજ્યસત્તા પૃથ્વિ ઉપર સ્થાપવાને માટે સૃષ્ટિક્રમ રચાયો છે. The Kingdom of Heaven, જેને માટે બાઇબલમાં ઠેકેઠેકે અભિલાષા બતાવવામાં આવી છે, તેજ આ ક્ષથ્રવૈર્યના કબજામાં છે. વૈર્ય એટલે મરજી, will થાય છે. અને જો 'મરજી' દ્રઢ હોય એટલે એકાગ્રચિત્તપણું થાય તો, આ જગત અને મીનોઇ જગતમાં માનવી સ્વેચ્છાથી વૈભવ અને મહિપતિપણું ભોગવી શકે છે. મનને વશ કરવે, સૃષ્ટિ વશ થાય છે. મન વશ કરવા માટે અમેષાસ્પંદો અને યજદોને રાજી રાખવા જોઇએ. તેમને સંતોષવા માટે તેઓ જે જે સદગુણો માનવી પ્રત્યેથી ઇચ્છે છે, તે માનવીએ પોતાના જીવનમાં અહોનિશ દેખાડવા જોઇએ. તે સદગુણો કયા, તેનું દરેક યશ્ત, ન્યાયશમાં સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે.

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥

ભગવદ ગીતા ૫-૧૯.

તેઓથી આ ભૂમી ઉપરજ સૃષ્ટિ જીતાઇ છે, જેમનું મન સ્થિર થયું છે. બ્રહ્મ દોષરહિત અને સમ છે માટે તેઓ તેનેજ વળગી, અવલંબીને રહ્યા છે.

આ ભૂમીના પદાર્થો અને નાણાંઓ ઉપર એ સત્તાધારી છે. નિર્ધનને ધન દેનાર છે, માટે એને 'દયાળુ' ગણ્યો છે.

એનો શત્રુ સોવર છે, જેનો છેવટે એ અમેષાસ્પંદ પરાજય કરશે.

રફ્ધ્રાઇ વૉઉરૂ—ચષાને દોઇષી,
મોઈ યા વે અબિફ્રા.
તા ક્ષથ્રહ્યા અહુરા યા,
વંઘ્રહેઉશ્ અષિશ્ મનંઘ્રહે.

ઓ અહુરમજદ! (મારા) આનંદને માટે, તથા પુરતી રીતે દીનનું જ્ઞાન સંપાદન કરવાને કાજે શેહરેવરની તથા બહમનની જે આશીર્વાદ પામેલી આશીષો, તે ચોક્કસ રીતે (તું) મને આપ. (આતશ નિયાયશ.)

એજ હુમોઇન્ હર્ આઇન્ ગુનાહ્......ઓએમ્ અંદર્ શેહરેવર્ અર્યૉખ્શસ્ત્, અર્યૉખ્શસ્ત્ સર્દગાંન જસ્ત્, પ પતેત્ હોમ.

સર્વ પ્રકારનું (તથા) દરેક જાતનું પાપ કે જે મારેથી શેહરેવર (અમેષાસ્પંદ), (તથા) ધાતુ અને (ભાતભાતની) જાતની ધાતુઓ સાથે થયું હોય, (તે સર્વ પાપથી) હું પતેત કરીને પશ્ચાતાપ કરૂં છું (પતેત પશેમાની ક૦ ૮.)

ઇધ ક્ષથ્રૅમ્ વઇરીમ્ મન દાંમિ જરથુશ્ત્ર.

અહો જરથુશ્ત્ર ! અત્રે શેહરવર (અમેષાસ્પંદ) મારી સર્જન છે. (હોરમજદ યશ્ત ફ. ૨૫.

અય દએનય ફ્રઑરૅન્ત......ફ્રા ક્ષથ્રૅમ્ વઇરીમ.

આ દીનથી શેહરેવર (અમેષાસ્પંદ) રાજી થયા. (સરોશ યશ્ત વડી.

વૉહૂ ઉખ્શ્યા મનંઘ્હા ક્ષથ્રા અષાચા ઉશ્તા તનૂમ.

બહમન, શેહરેવર અને અરદીબેહસ્તથી મારાં તનને નીરોગ અને બળવાન કરૂં. (હા. ૬૮ ફ૦ ૨૩

વૉહૂ ક્ષથ્રૅમ્ યજમઇદે ક્ષથ્રૅમ્ વઇરીમ્ યજમઇદે. અયઑખ્શુસ્તેમ્ યજમઇદે.

વૉહૂ ક્ષથ્ર (ગાથા) નું અમે વંદન કર્યે છિયે. શહરેવરને અમે યાદ કર્યે છિયે. ધાતુને અમે વખાણ્યે છિયે. (વીસ્પરદ ક. ૨૦ ફ. ૧

ગાથામાં "ક્ષથ્રવૈર્ય" શબ્દ અથવા "ક્ષથ્ર" નીચલા ફકરાઓમાં વપરાયા છે.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૨૮	૯.	૪૪	૬-૭-૯-૨૦.
૨૯	૧૦-૧૧.	૪૫	૭-૯-૧૦.
૩૦	૭-૮.	૪૬	૪-૧૬.
૩૧	૪-૬-૧૫-૧૬-૨૧-૨૨.	૪૭	૧.
૩૨	૨-૬-૧૨-૧૩	૪૮	૫-૮-૧૧.
૩૩	૫-૧૩-૧૪.	૪૯	૫-૮-૧૦.
૩૪	૫-૧૦-૧૧-૧૫.	૫૦	૪.
૪૩	૬-૮-૧૩-૧૪-૧૬.	૫૧	૧-૨-૪-૬-૧૬-૧૮-
		૫૩	૮-૯.

સ્પેન્તાઆર્મૈતિ.

આર્મૈતિ અવસ્તા અને વેદમાં ભક્તિ અને નમ્રતા ઉપર સત્તા રાખનાર લેખાઇ છે. 'સ્પેન્ત' એટલે વૃદ્ધિ કરનાર. માટે સ્પેન્તાઆર્મૈતિનો અર્થ વૃદ્ધિગત કરનાર, ભક્તિ અથવા નમ્રતા થાય છે.

નમ્રતાની સહાય વિના અષો અહુરમજ્દના નિયમો પળાતા નથી, તેના અવ્યય ધામમાં પહોંચી શકાતું નથી, ભક્તિ વિના તેની પ્રેમ-દ્રષ્ટિ આકર્ષાતિ નથી, અને તેની પરમ કૃપાદ્રષ્ટિ વિના માનવી કદીએ તેના અમર ચરણને પામતો નથી. નમ્રતા, સરોષના ગુણો સાથે સર્વથી વધારે સમાનતા ધરાવે છે.

ત્યારે બંદગી,[1] યજ્ઞ એટલે બળીદાન, અને દાન એ સર્વે અવશ્યના લેખાયાં છે.

'તરોમત' દૈત્ય એનો વિરોધી છે, જે છેવટે એનેથી હારશે. સ્થૂલ જગતમાં ધર્તિમાતાની ઉપર સ્પેન્તાઆર્મૈતિ સત્તાધીશ છે.

અજ્ હમોઇન્ હર્ આઇન્ ગુનાહ...ઓઑમ્ અંદર્ સપંદાર્મદ્, જમીન્, જમીન્ સર્દગાંન્ જસ્ત્, પ પતેત્ હોમ્.

સર્વ પ્રકારનું (તથા) પ્રત્યેક જાતનું પાપ જે મારેથી અસપંદાર-મદ (અમેષાસ્પંદ), (તથા) જમીન (અને) (ભિન્ન ભિન્ન) ભાતની જમીન સાથે થયું હોય તે (સર્વ પાપ)થી હું પતેત કરી પશ્ચાતાપ કરૂં છું. (પતેત પશેમાની ક. ૮.)

ઇધ સ્પૅન્ત આર્મઇતિશ્ મન દાંમિ જરથુશ્ત્ર.

અહો જરથુશ્ત્ર! અત્રે અસપનદાદ (અમેષાસ્પંદ) મારી સંસર્ગ (છે). (હોરમજદ યશ્ત ક. ૨૫.)

---

૧. यज्ञदानतपःकर्म न त्याज्यम् कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥
(ભગવત ગીતા ૧૮–૫.)

યજ્ઞ, દાન અને તપ એ સર્વે કદી ત્યજવાં નહી, પણ ખરેજ કરવા યોગ્ય છે, કારણ કે એમણેથી જ્ઞાનીઓ પવિત્ર બને છે.

આર્મઇતિશ સ્પેન્તય અએષાંમ્ ૯બએષો સ્ચિનદયધ્વેંમ; પઇરિ ઉષિ વારયધ્વેંમ્ હાંમ્ ગવ નિઇર્જયધ્વેંમ; હાંમ્ જન્વ જ્રૅમ્બયધ્વેંમ.

અસપંદારમદની મારફતે તેમની (એટલે દુષ્ટ માણસોની) ખરાબીને તમે કાપી નાખો, (તેમનાં) અક્કલને આસપાસ ઢાંકી નાંખો, (તેમના) બે હાથને સાથે બાંધો, (તેમનાં) ઘુંટણોને સાથે છુંદો (તથા તેમાં) બેડી ઘાલો. (હોરમજદ યશ્ત ફ. ૨૮.)

અય દએનય ફ્રઑરેન્ત ફ્રા...સ્પેન્ત આર્મઇતિશ.

અસ્પંદાદ (અમેષાસ્પંદ) આ દીનથી રાજી થયાં.(સરોશ યશ્ત વડી ફ. ૧૧.)

યિમ્ મજ્દાઑ વસ્તે વંઘ્રહુનૅમ્ સ્તૅહ્રપએસંઘ્રહેમ્ મઇન્યુ તાશ્તેમ્, હચિમ્નો મિથ્રો રષ્નુચ આર્મઇતિચ સ્પૅન્તય, યહ્માઈ નોઇત્ ચહ્માઇ નએમનાંમ્ કરન પઇરિ-વએનોઇથે.

મેહેર યજદ, રશ્ને યજદ તથા અસપંદારમદની સાથે મલીને (જે) (આકાશ) ને (સરજનહાર) અહુરમજદે તારાથી શૃણગારેલું (તથા) મીનોથી બનાવેલું વસ્ત્ર પેહરાવેલું છે, તેના બે છેડા (કોઇપણ માણસની) (બે આંખ) જોઇ શકતી નથી. (ફરવરદીન યશ્ત ફ૦ ૩.)

માત આર્મઇતિશ સ્પૅન્ત.

(તારી અશીશવંઘની) માતા અસફંદારમદ (અમેષાસ્પંદ) (છે.) (અશીશવંઘ યશ્ત ફ૦ ૧૬.)

યજમઇદે થ્વાંમ્ મએથનૅમ યાંમ્ આરૂમઇતીમ્ સ્પૅન્તાંમ.

તું અસપંદારમદ (જમીન) જે (અમારૂં) રેહઠાણ (તેને) અમે નમ્યે છિયે. (હા. ૧૬ ફ૦ ૧૦.)

ગાથામાં "સ્પેન્તાઆર્મૈતિ" શબ્દ નીચલા ફકરાઓમાં વપરાયો છે.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૨૮	૧-૩-૭.	૪૪	૬-૮-૧૦-૧૧.
૩૦	૭.	૪૫	૪-૭-૧૦.
૩૧	૪-૯-૧૨.	૪૬	૧૨-૧૬.
૩૨	૨.	૪૭	૧-૨-૩.
૩૩	૧૧-૧૨-૧૩.	૪૮	૧-૫-૧૧.
૩૪	૯-૧૦-૧૧.	૪૯	૨-૫-૧૦.
૪૩	૬-૧૦-૧૬.	૫૧	૨-૪-૧૧-૨૦.
		૫૩	૩.

હઉર્વતાત-અમેરેતાત.

આ બે અમેષાસ્પંદો સિદ્ધિ, સંપૂર્ણતા[1] અને અમરપણાં ઉપર સત્તા ધરાવે છે.

એ બન્નેની જોડયા તરીકેજ ઉપાસના થાય છે.

જડ જગતમાં હઉર્વતાત પાણીની અને અમેરેતાત વનસ્પતીની ઉપર અમલ ધરાવે છે.

સાતે અમેષાસ્પંદોની સ્તુતી યસ્ન-હપ્તનંઘહાઇતિ એટલે હપ્તન યશતમાં કરવામાં આવી છે, જે યશ્તોમાં નૈતિક અને આધ્યાત્મિક (રૂહાની) શીક્ષણથી ખાસ ભરપૂર છે. ઠેકેઠેક એ યશતમાં અપો અહુર-મઝદનું પરમ પદ કેમ પામવું તેનો ઉપદેશ આપવામાં આવ્યો છે, અને સાધનો દેખાડયાં છે. હઉર્વતાત અમેરેતાતની વિરૂદ્ધ દૈત્યોનું નામ તઉર્વિ અને ઝઇરીચ છે, જેઓનો એમણે હાથ છેવટે પરાજય થશે.

હઉર્વતાતેંમ્ અષવનેમ્ અષહે રતૂમ્ યઝમઇદે; અમેંરેતાતેંમ્ અષવનેંમ્ અષહે રતૂમ્ યઝમઇદે.

અષોઇના વડા અષો ખોરદાદને અમે સ્તવ્યે છિયે; અષોઇના અધિકારી અષો અમરદાદનું અમે વંદન કર્યે છિયે. (હાવન ગેહ ક. ૫.)

અઝ્ હમોઇન્ હર્ આઇન ગુનાહ્, હર્ આઇન્ મર્ગ્ર્જાંન્..... આએમ્ અંદર્ ખોર્દાદ્, આવ્, આવ્, તોખ્મગાંન્ જસ્ત્, ૫ પતેત્ હોમ્.

હરેક પ્રકારનું (તથા) દરેક જાતનું પાપ, પ્રત્યેક જાતનું મૃત્યુ શીક્ષાને લાયક (મગરજાંન) પાપ કે જે મારેથી ખોરદાદ (અમેષાસ્પંદ),

---

૧. ભગવદગીતામાં ટુંકમાં શ્રેષ્ટ જ્ઞાન આપ્યું છે કે શાસ્ત્રવિધિ, દએનના નિયમનું ઉલંઘન કરનારને નથી સંપૂર્ણતા કે નથી સુખ; વળી તે નથી ગરોથ્માન મેલવતો.

યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥

(ગીતા ૧૯ થી ૨૩)

જે પણ શાસ્ત્રે દેખાડેલી વિધિ (તરીકત) છોડીને, સ્વેચ્છાને આધિન થઇને વર્તે છે, તે સિદ્ધિ, સુખ અને પરમગતિથી વેગળોજ રહે છે.

(તથા) પાણી (અને) (ભિન્ન ભિન્ન) જાતનાં પાણી સાથે થયું હોય, તે (સર્વ પાપો)થી પતેત કરીને, હું પશ્ચાતાપ કરૂં છું.

(પતેત પશેમાની ક૦ ૮.)

અજ હમોઇન્ હર્ આઇન્ ગુનાહ......ઓઍમ્ અંદર્ અમર્દાદ્, ઉર્વર્, ઉર્વર્ સર્દગાંન્ જસ્ત્ પ પતેત્ હોમ.

સઘળા પ્રકારનું (તથા) દરેક જાતનું પાપ જે મારેથી અમરદાદ (અમેષાસ્પંદ), (તથા) ઝાડપાણ (અને) (ભાત ભાત) ની વનસ્પતી સાથે થયું હોએ, તે (સર્વ પાપ) થી હું પતેત કરી પશ્ચાતાપ કરૂં છું.

(પતેત પશેમાની ક૦ ૮.)

ઇથ્ર હઉર્વત અમૅરતાત, યોઇ સ્તો મિજ્દૅમ્ અષાઉનાંમ્ પરો-અસ્તિ જસૅન્તાંમ, મન દાંમિ જરથુશ્ત્ર.

અત્રે ખોરદાદ તથા અમરદાદ (અમેષાસ્પંદ) જેઓ બીજી હસ્તિમાં જનારા અષો (લોકો) નો બદલો છે, (તેઓ પણ) અહો જરથુશ્ત્ર! મારી ઉત્પાદન (પેદાયશ) (છે).

(હોરમજદ યશ્ત ક. ૨૫.)

અય દએનય ફ્રઑરન્ત..... ફ્રા હઉર્વતાસ્, ફ્રા અમૅરતતાસ.

આ દીનથી ખોરદાદ તથા અમરદાદ અમેષાસ્પંદ બન્ને રાજી થયા.

(સરોશ યશ્ત ક૦ ૧૦.)

મજે અવઋયાઈ મજે રફ્રેનોઋયાઇ દાઇદી હઉર્વાતાઓ.

અહો ઊચ પંક્તિના (અહુરમજ્દ)! (અમારી) સહાયતાને માટે તથા આનંદને કાજે હઉર્વતાત તથા અમેરેતાત (અમને) તું આપ.

(હા. ૫૮. ક૦ ૭.)

હઉર્વતાતૅમ્ અષવનેમ્ અષહે રતૂમ્ યજમઇદે. અમૅરતતાતૅમ્ અષવનેમ અષહે રતૂમ્ યજમઇદે.

અષોઇના અધિકારી અષો ખોરદાદને અમે સ્તવ્યે છિયે. અષોઇના વડા અષો અમરદાદની અમે સ્તુતિ કર્યે છિયે. (હા. ૭૧. ક૦ ૧૨.)

સરોઇ બૂજદ્યાઈ હઉર્વાતા અમૅરતાતા.

હઉર્વતાત્ (આ દુન્યાનું સુખ) તથા અમેરેતાત્ (પરલોકમાં અમરપણું) (મારા) અધિકારમાં હું મેળવું. (હા. ૪૪ ક૦ ૧૭.)

યત્ મોઇ મઝ્દા અપિવઇતી હઉર્વાતા અમેરેતાતા.

અહો અહુરમજદ! હઉર્વતાત્ અને અમેરેતાત્‌ની મારફતે મને જણાએલું છે. (હા. ૪૪ ફ. ૧૮.)

ગાથામાં "હઉર્વતાત" નીચલા ફકરાઓમાં વપરાયો છે.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૩૧	૬–૨૧.	૪૪	૧૭–૧૮.
૩૩	૮.	૫૫	૫–૧૦.
૩૪	૧–૧૧.	૪૭	૧.
		૫૧	૭.

ગાથામાં " અમેરેતાત " નીચલા ફકરાઓમાં વપરાયો છે.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૩૧	૬–૨૧.	૪૪	૧૭–૧૮.
૩૨	૫.	૪૫	૫–૧૦.
૩૩	૮.	૪૭	૧.
૩૪	૧–૧૧.	૫૧	૭.

આદર.

અહુરમજદ પોતે પ્રકાશ છે.[1] અગ્નિની પૂજા સઘળા આર્યોમાં ચાલુ છે. જેમ અવસ્તામાં તેમજ વેદમાં એને એક 'અગ્ર દેવતા', પ્રથમ દરજ્જેના યજદની ઉપમા આપી છે.

'અનઘ રઓચાઓ ખવાતાઓ' એટલે સૃષ્ટિના અનહદ તેજોને પણ વારંવાર નમન કરવામાં આવે છે, અને કેટલાક તારાઓ, તિશ્તર,

૧. तेजस्तेजास्विनामहम् (ગીતા ૧૦–૩૬.)
વિભૂતી યોગમાં શ્રીકૃષ્ણે પોતાને "તેજેવાળાનાં તેજ" એ રીતે ઓળખાવ્યો છે.
यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोऽशसम्भवम् ॥
અર્થ:–જેપણ યશસ્વિ, નેક, સુંદર અને મહાન છે, તે સર્વ મારાં તેજના એક અંશમાંથી સૃષ્ટિમાં પ્રગટ થયું છે.

વનંન્ત, સતવએસ, હપ્તોઇરિંગ, ઇત્યાદીનો પણ નમસ્કાર કરવામાં આવે છે, કારણ કે એ સર્વે ચળકાટવાળા છે.

જરથોશ્તિઓ 'આતશ' ને અત્યંત પૂજ્ય ગણીને, તેને આતશ-કદેહમાં સ્થાપન કરીને સેંકડો, હજારો વર્ષો પર્યંત પ્રજવલીત ચાલુ રાખે છે, અને તેના સાધનથી મીનોઇ જગતમાં ભક્તિ અને માગ્ર સીધાં મોકલી શકે છે, અને મીનોઇમાંથી અસંખ્ય આશીષો ઉતારી લાવે છે. કારણ કે અષવહિશ્તની એ ઇધાણી છે અને અષ વહિશ્ત ભજનાર, સ્તૂતી કરનાર, ઇજનાર (યજ્ઞોયાગ કરનાર) તરીકે અહીં બહેશ્ત યશ્તમાં વર્ણવ્યો છે.

"અહ્યા થ્વા આથ્રો વેરેજેના પઓઉરૂયે પઇરિ-જસામઇદે મજ્દા અહુરા થ્વા થ્વા મઇન્યૂ સ્પેનિશ્તા" અને "યત્ વા તોઇ નામ નાંમ્ વાજિશ્તેમ્, આતરે મજ્દાઓ અહુરહ્યા, તા થ્વા પઇરિ-જસામઇદે" એ પ્રમાણે હપ્તન યશ્તમાં આપણે પ્રાર્થના કર્યે છિયે. એટલે, આ આતશ (અગ્નિ) ના સાધનથી સર્વથી આદિ (અમે) સર્વથી ઉત્તમ વૃદ્ધિગત કરનાર મીનો (અવ્યક્ત) અહુરમજદ, તને પામ્યે છિયે. અને 'હે અહુરમજદના આતશ! નામોમાંનું તારૂં (એક) વાજિશ્ત[1] (છે), તે (નામ) ના સાધનથી તને (હે અહુરમજદ!) અમે પામ્યે!'

આતશની મારફતે માનવીને આનંદ મળે છે. તેને સર્વથી વધુ વેગવાળો, હિમત અને સુખ દેનાર, અદભૂત પ્રકારે સહાયતા દેનાર, દ્વેષી અને કીનાખોરને મજબુત દંડ અથવા શીક્ષા કરનાર લેખે અવસ્તામાં ગણેલો છે.[2] તે ઝટ આસાની, પોષણ, મોટાઇ, વાકચાતુરી, ઉરવનનું ડહાપણ, જાગૃતિ, દ્રઢતા, સદગુણી, અને દેશભક્ત સંતતી, અને ઉત્તમ બોધ દે છે.

અહુરમજદ પોતે પણ છેવટે અષો અને દ્રુષ્ટો સંબંધી ચુકાદો આપશે તે સ્પેનામીનો અને આતશની મારફતે આપશે; અને ઉત્તમ ફળ અને શીક્ષા એ પણ તેમને આતશના સાધન વડેજ પહોંચશે. કારણ કે આતશ એજ અષોઇનું સાક્ષાત સ્વરૂપ છે.

આતશની સુંદર ન્યાયશમાં તેની સ્તુતી અને તેનેથી નીપજતા

૧. એનો અર્થ તેજ, પ્રકાશ એવો થાય છે. ૨. જુઓ યજશ્ને હા. ૩૪. ૪.

મહાન લાભો દર્શાવ્યા છે, તેમાં સર્વોત્તમ સાત્વિક મન, સદગુરૂની લાંબા કાળની અષોઇને અંગે પ્રાપ્તિ, અને આત્માનંદ છે.

અંગ્રેમિનો જ્યારે અષોઇના સંસ્થાનો ઉપર ધસારો કરે છે ત્યારે, આદર યજદ અને વોહુમનો બન્ને, તેની સામે યુદ્ધ કરીને તેને મારી હઠાવે છે. આતશની ઉપર મુદડાં બાળવાનું મોતની સજાને પાત્ર કૃત્ય ગણાય છે. અને જરથોશ્તિઓ એ ઘણાંજ નામાંકિત આતશકદેહો બંધાવીને, તેની જાળવણી કરતા રહ્યા છે, જેમકે શાહ જમશીદ, શાહ કૈખુશરૂ અને શાહ ગુસ્તાસ્પે આતશકદેહો આદર ફ્રોબા, ગુશસ્પ અને આદર બુરઝીન મહેરનાં સ્થાપ્યાં હતા. તેઓના વંશજો આજ બેધડક બીડી ફુંકે અને ક્રીમેટોર્યમો બંધાવા નીકળે એ કળયુગનો ખરો જુહાકી દોરજ ગણાવો જોઇએ.

કેમ્ ના મઝ્દા મવઇતે પાયૂમ્ દદાત્, હ્યત્ મા દ્રેગ્વાઓ દીદરેષતા અએનંઘ્હે, અન્યેમ્ થ્વહ્માત્ આથ્રસ્ચા મનંઘ્હસ્ચા, યયાઓ શ્યઓથનાઇશ્ અષેમ્ થ્રઓશ્તા અહુરા, તાંમ્ મોઇ દાંસ્ત્-વાંમ્ દએનયાઇ ફ્રાવઓચા.

જ્યારે કોઇ દુષ્ટ માણસ કીનો લેવાને (અથવા દુઃખ દેવાને) મારી ઉપર ડોળા કકડાવે (ત્યારે), અએ અહુરમજદ! મને તથા મારા લગતાઓને માટે કયો શખ્સ બચાવ આપશે! આતશનો તથા મનનો (એટલે ઘરબારને લગતાં સુખનો તથા મનની શાન્તિનો) (બચાવ) તું સિવાએ (બીજો કોણ આપશે)? જે બેહુનાં કામથી, અએ અહુરમજદ! અષોઇ વધે છે. દીનને માટે તે જ્ઞાન (અએ અહુમજદ!) મને તું જાહેર કર. (કેમ્ના મઝ્દા.)

નેમસે-તે આતર્શ્ મઝ્દાઓ અહુરહે હુધાઓ મઝિશ્ત યજત.

અએ સારૂં આપનારા અહુરમજદના આતશ, સહુથી ચઢતા યજદ! તને નમાજ (હોજો)!

ગોરૂજે ખોરેહ્ અવજાયાદ્.
આતશ્ બેહેરાંમ્ આદર્ ફ્રા,
આતશ્ આદરાંન્ આદર્ ફ્રા.
આતશ્ દાદગાહ્ આદર્ ફ્રા.

મહાન આતશ બેહરાંમના આતશનો મતાપ તથા ખોરેહ જીઆદે થાઓ !

બુજોરગ આતશ આદરાનના આતશનો મતાપ તથા ખોરેહ જીઆદે થાઓ!

બુજોરગ આતશ દાદગાહના આતશનો મતાપ તથા ખોરેહ જીઆદે થાઓ !

અત્ તોઇ આતરૅમ્ અહુરા
અર્ઓજોંઘ્નહ્વન્તેમ્ અષા ઉસૅમહિ
અસીશ્તૅમ્, એમવન્તમ્, સ્તૅાઇ
સ્પૅન્તૅમ્, ચિથ્રા-અવંઘ્નહેમ્;
અત્ મજ્દા દઇબિષ્યન્તે જસ્તા-
ઇશ્તાઇશ્ દૅરૅશ્તા અએનંઘ્નહૅમ્.

ઓ અહુરમજદ! (અમે) તારાં જોરાવર, સહુથી તેજીવાલા, હિમ્મત આપનારા, હંમેશાં ખુશી કરનાર, ઘણી રીતે (અથવા અજબ રીતે) મદદ કરનારા આતશને અષ (ઇઆને અરદીબેહસ્ત અમેશાસ્પંદ)ની મારફતે ઇચ્છિયે (અથવા પસંદ કરીએ) છિયે. ઓ અહુરમજદ! (આતશ) (પોતાનાં) પુરતાં કૌવતથી દ્વેષ રાખનાર (તથા) કીનો રાખનાર માણસને મજબુટ પકડનારો (એટલે શીક્ષા કરનાર) (છે).

(આતશ નિયાયશ.)

અહ્યા થ્વા આથ્રો વૅરૅજેના પઓઉરૂયે પઇરિ-જસામઇદે, મજ્દા અહુરા થ્વા થ્વા મઇન્યૂ સ્પૅનિશ્તા, યે આ અખ્તિશ્ અહ્-માઇ યેમ્ અખ્તાયો દાઔંઘ્નહે.

(ભણનાર કહે છે) આ આતશની મારફતે, અએ હોરમજદ સહુથી વૃદ્ધી કરનારા મીનો! સહુથી પેહલાં (અમો) તને (અને) તને (જ) પહોંચીએ છીએ. જેને ગલીચી (લાગેલી હોય છે) (તે) ગલીચીને તે (આતશ) લઇ લે છે. (હા. ૩૬ ફ. ૧.)

ઉર્વાજિશ્તો હ્વો ના યા તાયા, પઇતિ-જમ્યાઓ આતરૅ મજ્-દાઓ અહુરહ્યા, ઉર્વાજિશ્તહ્યા ઉર્વાજયા નાંમિશ્તહ્યા નેમંઘ્નહા નાઓ; મજિશ્તાઇ યાઓંઘ્નહાંમ્ પઇતી જમ્યાઓ. આતર્શ વોઇ મજ્દાઓ

અહુરહા અહી; મઇન્યેઉશ્ વોઇ અહ્યા સ્પેનિશ્તો અહી, હાત્ વા તોઇ નામનાંમ્ વાજિશ્તૅમ્, આતરૅ મઝદાઑ અહુરહ્યા, તા થ્વા પઇરિ-જસામઇદે.

(તે) માણસ પોતે (આ) શકિતથી (એટલે આતશની મારફતે, હોરમજદને પોંહચ્યાથી) ઘણોજ ખુશાલ (છે). અએ હોરમજદના આતશ! ઘણીજ ખુશાલીવાળાની ખુશાલીથી (તથા) ઘણીજ નામાંકિતની બંદગીથી (તું) અમને પોંહચ; કામોમાંના સહુથી મોટાં (કામ) ને માટે તું (અમને) પોંહચ. અએ આતશ! હોરમજદની (તું) એક નિશાન છે. (અએ આતશ!) (તું) તે મીનોની (દાદાર હોરમજદની) સહુથી વૃદ્ધી કરનાર નિશાન છે. અએ હોરમજદના આતશ! નામોમાંનું તારૂં (એક નામ) વાજિશ્ત (છે). તે (નામ)ની મારફતે તને (અએ હોરમજદ!) અમે પોંહચીએ. (હા. ૩૬ ફ. ૨-૩.)

હાવનીમ્ આરતૂમ્ આ હઑમો ઉપાઇત્ જરથુશ્ત્રેમ્ આતરેમ્ પઇરિ-યઓઝદથેન્તૅમ્, ગાથાઑસ્ચ સ્રાવયન્તેમ્.

હાવન ગેહમાં હોમ (પેગમ્બર) જરથોશ્તની નજદીક આવ્યો, (જે અશો જરથોશ્ત) આતશને આસપાસથી પાક કરતા (હતા) તથા ગાથા ગાઇને ભણતા (હતા.) (હા. ૯ ફ. ૧.)

સ્રઑચિનવન્તેમ્ બવાહિ યથ આતરૅમ્.

આતશના જેવો (તું) ચળકાટવાળો થજે ! (આફ્રીને જરતોશ્ત ફ. ૬.)

નિક્ષ્ત અહ્માત્ વજત આતર્શ્ યો ઉપ-સુખ્તો ઉગ્રૅમ્ યો કવએૅમ ખરૅનો.

તેની (મેહેર યજદની) પછવાડે ચળકાટવાળો આદર યજદ (તથા) જોરાવર કેઆની ખોરેહ જાય (છે). (મેહેર યશ્ત ફ. ૧૨૭.)

યત્ તિતરત્ અંઘ્રો મઇન્યુશ્ દાહીમ્ અષહે વંઘ્હેઉશ્, અન્તરે પઇરિ-અવાતૅમ્ વૅાહુચ મનો આતર્શ્ચ.

જ્યારે અંગ્રેમીનો ભલી અશોઇની પેદાએશમાં એકદમ ધસારો કરીને દાખલ થયો, (ત્યારે) (તેઓની) વચ્ચે બહમન (અમેષાસ્પંદ) તથા આદર (યજદ) ગયા. (ફરવર્દીન યશ્ત ફ. ૭૭.)

સ્પેન્તો મઇન્યુશ અશતેંમ ફ્રંઘ્નહુરેંચયત્ વોહુચ મનો, અર્ષેમચ વહિશ્તેમ, આતરેંમચ અહુરહે મઝ્દાઓ પુથ્રેમ.

સપેનામીનોએ (પોતાના) કાસદ તરીકે બેહમનને અરદીબેહશ્તને તથા હોરમજદ (ની તરફ) ના (સઘળી ચીજોને) પાક કરનાર આતર (આદર યજદ) ને મોકલ્યા. (જમ્યાદ યશ્ત ક. ૪૬)

અધાત્ ફ્રષ હાંમ્-રાઝયત આતર્શ મઝ્દાઓ અહુરહે, ઉઇતિ અવથ મંથ્રહાનો અઍતત્ ખરેનો હંગેરેંફ્શાને યત્ અખરેતેમ.

ત્યાર પછી હોરમજદનો આદર યજદ આ પ્રમાણે (નીચે મુજબ) વિચાર કરતો સીધો આગળ ચાલ્યો:—

તે અખુટ ખોરેહનો હું સંગ્રહ કરીશ. (જમ્યાદ યશ્ત ક. ૪૭.)

તુમ......યજેમ્નો, આતરેંમચ અહુરહે મઝ્દાઓ.

(તે કેરદાર રાસ્ત માણસનાં રવાનને કહે છે) તું હોરમજદના આતશને વખાણતો હતો. (હાદોખ્ત નુસ્ક ૫૨-૨. ક. ૧૩.)

નિવએધયેમિ હન્કારયેમિ, આથ્રો અહુરહે મઝ્દાઓ યએ-તુશ્તેંમાઇ.

ઘણાજ મદદે પહોંચનાર હોરમજદના આતશને હું ઇજન કરૂં છું તથા મીજલસમાં આદરમાન આપું છું. (હા. ૧. ક. ૨.)

નિવએધયેમિ હન્કારયેમિ તવ આથ્રો અહુરહે મઝ્દાઓ પુથ્ર મત્ વીસ્પએઇબ્યો આતરેંબ્યો.

હોરમજદની તરફના (સઘળી ચીજોને) પાક કરનાર આતશ તને (તે) સાથે તમામ આતશોને હું ઇજન કરૂં છું તથા મીજલસમાં આદરમાન આપું છું. (હા. ૧. ક. ૧૨.)

અષય દધાંમિ અએસ્મ બઓઇધિ ક્ષ્નુમઇને જરથુશ્ત્રહે સ્પિતઃ-મહે અષઓનો ફ્રવષએ.

હોરમજદની તરફના (સઘળી ચીજોને) પાક કરનાર (અથવા અહુર-મજદના પુત્ર) તું આતશની ખુશાલીને માટે અએસમ તથા બોય પવિત્રાઇથી હું આપું છું. (હા. ૭. ક. ૨.)

ફ્રયેહે વાજિશ્તહે અસ્તોઇશ રતૂમ આશ્રુયે આતરેમ અહુરહે મઝ્દાઓ.

પ્યારી (તથા) સહુથી તેજવાલી હેયાતીના સરદાર હોરમજદના આતશને હું યાદ કરૂં છું. (હા. ૧૩ ફ. ૨.)

અહ્યા થ્વા આથ્રો વેરેજેના પઓઇરૂયે પઇરિ જસામઇદે મઝ્દા અહુરા થ્વા થ્વા મઇન્યૂ સ્પેનિશ્તા યે આ અખાતિશ અઘ્માઇ યેમ અઘ્તોયો દાઓંઘ્હે.

ઉર્વાજિશ્તો હ્વો ના યા તાયા પઇતી-જમ્યાઓ આતરે મઝ્-દાઓ અહુરહ્યા ઉર્વાજિશતહ્યા ઉર્વાજયા નાંમિશ્તહ્યા નેમંઘ્હ્યા નાઓ મજિશતાઇ યાઓંઘ્હાંમ પઇતી જમ્યાઓ.

આતર્શ વોઇ મઝ્દાઓ અહુરહ્યા અહી મઇન્યેઉશ વોઇ અહ્યા સ્પેનિશ્તો અહી યત વા તોઇ નામનાંમ વાજિશ્તેમ આતરે મઝ્દાઓ અહુરહ્યા તા થ્વા પઇરિ-જસામઇદે.

(ભણનાર બોલે છે) અએ સહુથી વૃદ્ધી કરનાર હોરમજદ આ આતશની મારફતે સર્વથી પેહલાં (અમે) તને પહોંચ્યે છિયે. જેને ગલીચાઇ (લાગેલી હોય છે) તે ગલીચાઇ તે (આતશ) લઇ લે છે.

(તે) માણસ પોતે એ શકિતથી ઘણોજ ખુશાલ છે. અએ હોરમ-જદના આતશ! ઘણાંજ ખુશાલીવાલાની ખુશાલીથી (તથા) ઘણાંજ નામાંકીતની બંદગીથી (તું) અમને પહોંચ. કામોમાંના સૌથી મોટાં (કામ)ને માટે તું (અમને) પહોંચ.

અએ આતશ! હોરમજદની (તું) એક નિશાન છે. અએ આતશ! (તું) તે માંનોની સૌથી વૃદ્ધી કરનાર નીશાન છે. અએ હોરમજદના આતશ નામોમાંનું તારૂં (એક નામ) વાજીસ્ત છે. તે નામ (ની મારફતે) તુંને અએ હોરમજદ અમે પહોંચ્યે. (હા. ૩૬. ફ. ૧, ૨, ૩.)

વીસ્પેસ્ચ સ્ત્રેઉશ્ચ માઓંઘ્હેમચ હ્વરેચ યજમઇદે. વીસ્પ અનઘ્ર રઓચાઓ યજમઇદે.

તમામ સેતારાઓને, ચંદ્રમાને તથા ખોરશેદને અમે વખાણ્યે છિયે. તમામ બેહદ રોશનીને અમે વખાણ્યે છિયે. (હા. ૭૧. ફ. ૯.)

વચાંમચ વારેથ્રધ્નિનાંમ્ ફ્રવાકાઇ આથ્રસ્ય અહુરહે મઝ્દાઓ.

હોરમજદના આતશની (નૈયતે) ફ્તેહમંદ કલામો ભણવાને માટે (તાબેદારી હોજો.) (વીસ. ક. ૧૫. ફ. ૩.)

થ્વા આથ્રા સુખ્રા મઝ્દા વંઘહાઉ વીદાતા રાંનયાઓ.

ઓ હોરમજદ! તારા રોશન આતશની મારફતે (તે મનુષ્ય) (જીંદગીના) ભલા સંસારમાં મશગુલ થાએ છે. (હા. ૩૧. ફ. ૧૯.)

અત્ તોઇ આતરેમ્ અહુરા અઓજોંધ્વહ્વન્તેમ્ અષા ઉસેમહી, અસીશ્તંમ એમવન્તેમ્ સ્તોઇ-રપેન્તેમ્ ચિથ્રા-અવંધ્વહેમ; અત મઝ્દા દઇબિષ્યન્તે જસ્તા-ઇશ્તાઇશ્ દેરેશ્તા અએનંધ્વહેમ.

ઓ હોરમજદ! (હમે) તારા જોરાવર, સહુથી તેજીવાળા, હિમ્મત આપનાર, હમેશાં ખુશી કરનાર, ઘણી રીતે (અથવા અજબ રીતે) મદદ કરનાર આતશને અષ (અર્થાત અર્દીબેહસ્ત અમેશાસ્પંદ)ની મારફતે ઇચ્છીએ (અથવા પસંદ કરીએ) છિયે. ઓ હોરમજદ! (આતશ) (પોતાનાં) પુરતાં કૌવતે કરીને (તેની તરફ) દ્વેષ રાખનાર તથા કીનો રાખનાર શખ્સને મજબુત પકડનારો (અર્થાત શિક્ષા કરનાર) (છે). (હા. ૩૪. ફ. ૪.)

થ્વહ્યા ગરેમા આથ્રો અપા-અઓજંધ્વહો હ્યત મોઇ વંઘહેઉશ્ હજે જિમત મનંધ્વહો.

અશોઇનું કૌવત રાખનારા તારા આતશના પ્રતાપની મારફતે ભલાં મનનું કૌવત મને મળે! (હા. ૪૩. ફ. ૪.)

અત્ આ થ્વહ્માઇ આથ્રે, રાતાંમ્ નેમંધ્વહો અષહ્યા મા યવત્ ઇસાઇ મન્યાઇ.

જ્યાં સુધી મારામાં તાકાત રહેશે (ત્યાં સુધી), (અએ હોરમજદ!) તારા આતશને માટે નમાજની (તથા) અષોઇની ભેટને ખચીત હું કીમતી ગણીશ (અથવા માનથી જોઇશ.) (હા. ૪૩. ફ. ૧૯.)

અન્યેમ્ થ્વહ્માત્ આથ્રસ્ચા.

આતશનો (વધારો) તું સિવાએ (બીજો કોણ આપશે)?

(હા. ૪૬. ફ. ૭.)

તા દાઑ, સ્પૅન્તા મઈન્યૂ મજ઼્દા અહુરા, આથ્રા વંઘ્હાઉ વીદાઇતે રાનોઇબ્યા આર્મૅતોઇશ્ દૅબાંજંઘ્હા અપખ્યાચા; હા-જી પઑઉરૂશ્ ઇષેન્તો વાઉરાઇતે.

અએ આબાદી કરનાર અનદીઠ હોરમજદ! (તારા) આતશની મારફતે તે બે હરીફોને, (તેઓની) સંપૂર્ણ મનશ્ની તથા અપોઇના વધારા મુજબ, ભલા ચુકાદામાં (એટલે વાજબી ઇનસાફ કરીને) તે (ઉપર જણાવ્યા પ્રમાણેનો બદલો) તું આપે છે; અને (તારો) તે (વાજબી ચુકાદો) ઉમેદવારોને પુરતી રીતે ખચીત પસંદ પડે છે.

(હા. ૪૭. ફ. ૬.)

જ્વો આત્રેમ્ ફ્રાવયેઇતિ.

(તે નાપાક આશમોગ) જીવતાં જીવત આતશને બુજાવી નાંખે છે.

(વંદી. ૫રગ. ૧૨. ફ. ૨૩.)

અવંઘાદે ન્માનહે ન્માનો-પઇતિ ઉસૅહિશ્ત. અઇવિ વસ્ત્ર યા-ઑંઘ્હયંઘ્ઉહ ફ્રા જસ્ત સ્નયંઘ્ઉહ આ અએસ્માં યાસંઘ્ઉહ અવ માંમ્ બર પઇતિ માંમ્ રઑચય અએસ્મનાંમ્ યઑજ઼્દાતનાંમ્ ફ્રસ્નાતએઇબ્ય જસ્તએઇબ્ય અવિ મે આજ઼િશ દઍવો-દાતો પરોઇત પઇરિ-ધ્નેમ્ અંઘ્હ્વાંમ્ અવર્દૅરનાંમ્ સદયેઇતિ.

ત્યારે રાતના પેહલા ત્રીજા ભાગને માટે (એટલે રાતના પેહલા પહોરમાં) હોરમજદનો આતશ ઘરના ઘરધણીને (નીચે પ્રમાણે) બોલાવે છે:–

"અએ ઘરના ઘરધણી! (મારી) મદદને માટે તું ઉઠ, (આંગ) ઉપર કપડાં તું પેહેર, (તારા) બે હાથો તું ધો, કાઠી તું શોધ (અને) મારી નજ઼્દીક લાવ. દેવની રૂઢી પ્રમાણે ચાલનાર આજીશ (નામનો) દેવ મારી જીંદગીના મોતને માટે આવી પહોંચે, તેની આગળ બે ધોયેલા હાથે કરીને પાક કીધેલી (અથવા સોજી) કાઠીઓમાંની (કાઠી) (મુકીને) મને રોશન કર. (વંદી. ૫રગ. ૧૮. ફ. ૧૯.)

"તારે ત્યાં (એટલે તારા કબીલામાં) ગાએ ઢોરનું ટોળું જીઆદે થજો! (તારે ત્યાં) માણસોનો જથ્થો (થજો)! તને કામ કરતું મન થજો! તારી જીંદગી કામ કરતી થજો! જેટલી રાત તું જીવતો રહે તેટલી (રાત) ખુશાલી ભરેલી જીંદગીના જીવ સાથ તું (તારી) જીંદગી ગુજારજે."

જે કોઇ તે (આતશ) ને માટે સુકી, રોશનીમાં પરીક્ષા કીધેલી તથા પાક કીધેલી કાઠી અશોઇની આશીર્વાદથી લઇ જાએ છે, તેને માટે આતશની આ (ઉપર કહેલી) દુ:વા (છે). (વંદી. પરગ. ૧૮. ફ૦ ૧૯.)

આથ્રે જ઼્ઓથ્રાઓ ફ્રબરોઇશ્ ખ્રુજ઼્દ્રનાંમ્ અએસ્મનાંમ્ આથ્રે ફ્રબરૅાઇશ્ વૅાહુ-ગઓનનાંમ્ બઓઇધિનાંમ્ આથ્રે ફ્રબરૅાઇશ. આતરૅમ્ વાજ઼િશ્તૅમ્ ફ્રાયજ઼એશ દએઉમ્ જનૅમ્ સ્પૅનજ઼્ઘ્રીમ્

આતશને માટે ભેટ તને લઇ જવી જોઇએ; આતશને માટે સુક્કાં લાકડાંઓમાંનાં (લાંકડાં) તારે લઇ જવાં જોઇએ; આતશને માટે વોહુગઓન (નામની) ખુશબોમાંની (ખુશબો) તારે લઇ જવી જોઇએ. (વંદી. પરગ. ૧૯. ફ૦ ૪૦.)

યો આતરૅમ અઓન્યત્ હચ પરો-બૅરૅજ઼્યાત દાઇતીમ્ ગાતૂમ્ અવી અવબરઇતિ અત્ અહ્‌માઇ નઇરે મીજ઼્દૅમ અંઘ્રહ્‌ત્ પસ્ચ અસ્તસ્ચ બઓધંઘ્રહસ્ચ વી-ઉર્‌વીશ્તીમ. આઅત્ મ્રઓત્ અહુરો મજ઼્દાઓ યવત્ અહ્‌માઇ પઇતિનાંમ્ ઉર્વરનાંમ્ અએતવત્ આતરે સઓકનાંમ્ હાંમ્-બૅરૅત દાઇતીમ્ ગાતૂમ્ અવિ અવબરઇતિ.

અએ દાદાર ! જે (કોઇ શખ્શ) પિત્તલ (અથવા ત્રાબું) સાથે કલ્લાઇની મેળવણીથી બનેલી મીશ્રિત ધાતુનાં (કારખાનાંમાંથી) આતશને તેની લાએક જગાએ લઇ જાએ છે, (તે શખ્સના) શરીરનું તથા બુદ્ધીનું (એક બીજાથી) છુટું પડયા પછી, (એટલે તેના ગુજરવા પછી), તે માણસને માટે પેલી જેહાંનમાં કેટલો બદલો હોય ? ત્યારે હોરમજદે કહ્યું કે જેટલાં ઓરવર (હોય) તેટલાં બલતાં લાકડાંને સાથે લઇને તેની લાએક જગાએ લઇ જાય તેટલો. (વંદી. પરગ. ૮. ફ૦ ૮૬.)

ગાથામાં "આદર" નીચલા ફકરાઓમાં વપરાયો છે.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૩૧	૧૯	૪૬	૭-૮
૩૪	૪	૪૭	૬
૪૩	૪-૯	૫૧	૯

સૂર્ય–મેહેર.

સૂર્યને અવસ્તામાં હ્વરે-ક્ષએત (અઉર્વત્-અસ્પ્) એ નામે ઓળખ્યો છે. હ્વરે--હુર--સ્વર, સુર, એ સર્વે એકમેકને મળતા શબ્દો છે, તેથી એ નામનું ઇરાની અને વેદીક[1] સમાનપણું જણાય છે. એના પ્રકાશને લીધે 'સુર', દેવગણો, હિન્દુ દેવોનું નામપણ દર્શાવે છે.

તેને અઉર્વત્-અસ્પ એટલે વેગવાળા અશ્વો અથવા ઘોડાવાળો, એવી ઉપમા આપી છે. એનાં કીરણો જે દર સેકંડે ૯૬ લાખ માઇલ આજના પદાર્થજ્ઞાનને હિસાબે દોડે છે, તેને માટે એ નામ કેટલું યોગ્ય છે, તે સમજવું સહેલ છે.

ખુરશેદ--મેહેરની ન્યાયશ દર દીવસમાં ત્રણ પહર અથવા ગેહોમાં કરવાની વિધી આપણી જરથોશ્તિ તરીકતે દેખાડી છે, તે જણાવે છે, કે એ મહાન જીવન શક્તિના રક્ષક સૂર્ય અને તેના યઝદની અગત્ય કેટલી ભારી છે. સૂર્યમાંથી સર્વ ગરમી અને જીવન શક્તિ, સર્વે જ્ઞાનતંતુઓને સજીવન કરવાનું બળ, પ્રાણીઓ અને વનસ્પતીની વૃદ્ધિગત કરવાની શક્તિ પ્રવાહરૂપી નીકળીને, લીલાલહેર કરે છે. સૂર્ય જો એક મિનીટ સૂર્યમંડળમાંથી લોપ અથવા અદ્રશ્ય થાય, તો હરેક પ્રાણી ઠંડીને લીધે અકડી અને પ્રાણ મુકી દે. તેથી એ યઝદને સર્વોત્તમ મહાત્મા લેખી, તેમનો નમસ્કાર ત્રણ વેળાએ હર દિને કરવાનો આદેશ અથવા હુકમ છે.

સુંદર ખુરશેદ ન્યાયશમાં બહુ ગુપ્ત મર્મના વિષયો છે; પ્રથમ અહુરમઝદની એને અને ચંદ્રમાને બે આંખો લેખીને[2], એ સાક્ષાત અહુરમઝદને નમસ્કાર થાય છે. પછિ ગેઉશ-ઉર્વન, ગોમાતા એટલે ધર્તિ માતા જેને

---

૧. ज्योतिषां (अहं) रविरंशुमान् ।

(ભગવદ ગીતા. ૧૦–૨૧.)

પ્રકાશ કરનારાઓમાં હું કીરણોવાળો **રવી** છું.

૨. अनादिमध्यान्तमनन्तवीर्यमनन्त बाहुं शशिसूर्यनेत्रम् ॥

(ભગવદ ગીતા. ૧૧–૧૯.)

(તું શ્રી કૃષ્ણ) આદિ, મધ્ય, અંતરહિત, અપાર બળવાળો, અનંત બાજુઓવાળો, ચંદ્ર, સૂર્ય જેની આંખો છે, (એવો જણાય છે).

ખુરશેદ યઝદ ટેકવી રાખીને, પોતાની આસપાસ બારે માસ નૃત્ય[1] કરાવે છે, તેને અને આદિ પૂરૂષ ગયોમર્દ જેની પ્રજા ધરતીને મનુષ્યોથી ભરપુર કરી રહિ છે, તેના ફ્રોહરને અને તેને સનમાર્ગે ચઢાવનાર અષો જરથુશ્ત્ર સાહેબની ફ્રવષીને, અને અષો સકળ પ્રાણી માત્ર, જેનો ધર્તિમાતા ઊધ્ધાર કરી રહિ છે તેને, નમન કરવામાં આવે છે. ત્યાર કેડે નીરોગી (તંદરૂસ્ત) થવાનો મહામંત્ર બતાવ્યો છે. સુમતિ, અષોઇ, સમાર્ગે વાપરેલું બળ[2] અને આનંદ એ ચાર જો બરોબર મેળવ્યાં હોય તોજ સંપૂર્ણ આરોગ્યતા મળે, એવું ભેદી લખાણ કરવામાં આવ્યું છે; જે સમજાવવા માટે પોથાઓ લખી શકાય. વળી છેવટે સ્પેનામાનોની સાથે રવાન-ઓખ્તગી મેળવનાર અથવા યોગ સાધનાર ભેટશે, એ પણ ગુહ્ય વચન તેમાં આવ્યું છે. ખુરશેદ પાયાની હોશ અથવા ચૈતન્યમાં હરેક આબાદે ભેળાઇને, તેના સાધનવડે, ગરો-નેમાનની મુક્તિ અથવા મોક્ષની દશામાં પસાર થવાનો ઇશારો અત્રે આપ્યો છે. વળી બીજી ન્યાયશોમાં નથી, તે મહાન શક્તિઓ-તીશ્તર, વનન્ત, આકાશ, જરવાને અકરને અને જરવાને દરેઘો-ખધાત, આનંદી (ધર્મનો) માર્ગ, અષોઇનાં (દૈત્યોને સારૂં) ભયંકર હથ્યાર,[3] સઓકન્ત પહાડ, ભક્તનું ઊરવન અને ફ્રોહરને યાદ કરવામાં આવે છે.

વળી સૂર્યના કીરણથી જગતની સ્વચ્છતા થાય છે, અને તે કીરણો ઝીલી લઇને પૃથ્વિ ઊપર માંનો ચઝદો ફેલાવો કરે છે, તેનો ઇશારો કરીને તેનેથી જડ જગતની વૃદ્ધિ થાય છે, તેમજ ખુરશેદ યઝદને તમસથી ઊત્પન્ન થતા દૈત્યો (અજ્ઞાન, આળસ, ઊધ્ધતપણું ઇત્યાદી) ને વશ કરવા આરાધનાર ભક્તને, તામસિક સ્વભાવમાંથી તે છુટકારો દે છે, એવું સ્પષ્ટ જણાવ્યું છે. વળી ખુરશેદ યઝદને ભજનાર પોતાના રવાન, અમેષાસ્પંદો અને અહુરમઝદ એ સર્વેને ભજે છે, તૃપ્ત કરે છે, એમ જણાવ્યું છે. તે ઉપરથી દીવાની જોત સમાન જણાય

---

૧. નચાડે છે, ફેરવે છે. ૨. અંગબળની કસરતો, અન ભરણ, પોષણ, પરમાર્થાદિ માટે ઉદ્યોગથી વપરાતું શારિરીકબળ, પ્રજા ઉત્પત્તિ માટે વપરાતું શારિરીક બળ, ઇત્યાદી. ૩. જેવું કે ઇંદ્રનું વજ્ર, શ્રી કૃષ્ણનું સુદર્શન ચક્ર, રૂસ્તમનો નામચીન ગુરજ, ઇત્યાદી.

दिव्यानेकोद्यतायुधम् ।

(તે વિશ્વ રૂપે) અનેક દૈવિક શસ્ત્રો હાથમાં ધર્યાં હતાં.

(ભગવદ ગીતા. ૧૧-૧૦.)

છે, કે પુર્વોક્ત ખુરશેદ-પાયા જેમાંથી હોશ અથવા ચૈતન્યને દરેક ઉરવને પસાર કરવાનું છે, તેમાં ખુરશેદની ન્યાયશ ઉત્તમ મદદ કર્ત્તા થાય છે; તેથી રવાન, અમેશાસ્પંદો અને અહુરમઝદ સર્વે આનંદ પામે છે.

કેટલાકો ખુરશેદના બાહ્ય, દ્રષ્ય પ્રકાશને મહેરનું નામ આપે છે. એનીપણ સ્તુતી ખુરશેદ યશ્તના મોટા ભાગની સમાન છે. છેવટમાં મહેરના વિભાગો અન્તરે-દખ્યૂમ, આ-દખ્યૂમ, ઉપઇરિ-દખ્યૂમ, અધઇરિ-દખ્યૂમ, પઇરિ-દખ્યૂમ અને અઇપિ-દખ્યૂમ છે, એમ જણાવીને, એને મહાન ક્ષત્રોને આનંદ આપનાર લેખ્યો છે. તેનું ભક્તજનો પોતાના નીરોગ, નિત્યાનંદ, ખુશાલી, ઊન્નતિ, કૃપા, વિજય, અંતઃકરણની શાન્તિ અને અષોઇ (ચિત્ત શુદ્ધિ) ને માટે સ્તવન, દીવસમાં ત્રણ વેળાએ કરે છે. તે શરો ગણાયો છે. અસત્યનો ખરો કટ્ટો વેરી છે.

તેને મહેર દાવર લેખ્યો છે. કારણ કે સૂર્યના કીરણોની મારફતે માનવીના પાપોની અને પુણ્યની તે શુદ્ધ, અચુક ગણત્રી રાખે છે. જેમ માનવી ફોટોગ્રાફો ઉતારીને રાખેછે, તેમ સૃષ્ટિમાં હરેક પ્રાણીના કૃત્યોનો અચુક હિસાબ સૂર્યમંડળમાં રહે છે. પછિ દુષ્ટોના પાપોની તે શીક્ષા અત્રે કીરણો મારફતે, અને ઊરવનને મરણાંતરે, યઝદી શક્તિની મારફતે તે મોકલી આપે છે. તેજ ક્રમાનુસાર પુણ્યવંતાઓને રક્ષણ, આરોગ્યતા અને ઉત્તમ હોશ આ ભૂમિ ઊપર અને મીનોઇમાં તે દે છે. માટે તેને ક્રોધાયમાન કરવાનું બહુજ ભયંકર છે, એમ મહેર યશ્ત જે એક સર્વથી લાંબી યશ્ત છે, તેમાં જણાવ્યું છે. મહેર એટલો પ્રતાપી છે, કે જગતના ઇતિહાસમાં એક એવો કાળ આવી ગયો હતો કે અડધું યુરપ 'મહેર'ની આરાધના કરતું હતું. ખ્રિસ્તી ધર્મ તે ટાંકણે ઊભો ન થયો હોત, તો આખાં જગતમાં 'મહેર'ની પૂંજા આજે પણ સર્વથી મોટા ભાગને માન્ય રહિ હત.

મહેરને હજાર કાનવાળો અને દશ હજાર આંખવાળો અલંકારી રીતે લેખ્યો છે. તેનો મર્મ ઊપર જણાવ્યો તેજ છે, કે હરેક વાણી અને વિચાર[1] અને કૃત્ય તે સાંભળે છે અથવા જોઇને નોંધે છે. અને તેની આંખ, કાંનની શક્તિને કોઇપણ ઠગી અથવા ભુલાવી શકતું

૧. વિચાર પણ વાંચી શકાય છે, એ સાધારણ યોગબળ મેળવનાર સારૂ પુરવાર કરી શકે છે.

નથી. માટે તે અત્યંત શુદ્ધ રીતે ન્યાય આપી શકે છે.[1] મરણાંતરે, છેવટના ન્યાય માટે તેની સાથે સરોષ અને રષ્ને યઝદો સહકાર કરે છે.

ખોરશેદ અમર્ગ રયોમંદ અઉર્વદ-અસ્પ બેરસાદ.

અમર, ચળકાટવાળો (તથા) તેજ ઘોડા રાખનાર ખોરશેદ (યજદ)[2] (મારી મદદે) પહોંચો!

હ્વરે-ક્ષએતમ્ અમેષમ્ રએમ્ અઉર્વત્-અસ્પેમ્ યજમઇદે. આઅત યત્ હ્વરે રઓક્ષ્નિ તાપયેઇતિ આઅત યત્ હ્વરે-રઓચો તાપયેઇતિ, હિશ્તેન્તિ મઇન્યવાઓંઘ્રહો યજતાઓંઘ્રહો સતેમચ હજંઘ્રેમચ; તત્ ખરેનો હાંમ-બારયેઇન્તિ, તત્ ખરેનો નિપારયેઇન્તિ, તત્ ખરેનો બક્ષેન્તિ જાંમ પઇતિ અહુરધાતાંમ, ફ્રાધતિચ અષહે ગએથાઓ, ફ્રાધતિચ અષહે તનુયે, ફ્રાધતિચ હ્વરે યત અમેષમ્ રએમ્ અઉર્વત્ અસ્પેમ.

અમર, પ્રકાશિત (તથા) તેજ ઘોડાવાળા ખોરશેદને અમે વંદયે છિયે. જ્યારે ખોરશેદનો ચળકાટ તપે છે, જ્યારે ખોરશેદની રોશણી પ્રકાશે છે, (ત્યારે) સેંકડો તથા હજારો મીનો યજદો ઉભા રહે છે. (તે યજદો) તે રોશણીને એકઠી કરે છે (તથા) તે રોશણીને નીચે મોકલે છે, (અને ત્યાર પછી) અહુરમજદની જમીન ઉપર પાંથરી નાખે છે. અમર, પ્રકાશિત (તથા) તેજ ઘોડાવાળો ખોરશેદ વૃદ્ધી કરે છે, અપોઇની જગતની ઉન્નતિ કરે છે, (તથા) અપોઇની સૃષ્ટિને આગળ વધારે છે. (ખોરશેદ નીયાયશ ફ૦ ૧૧.)

સ્તેરેશચ માઓંઘહેમચ હ્વરેચ રઓચાઓ યજમઇદે.

તારાઓ તથા ચંદ્રમા તથા ખોરશેદ તથા રોશણીઓની સાથે અમે એકતાન થઇયે છિયે. (ઉજીરન ગાહ ફ૦ ૬.)

સ્રએશ્તાંમ્ અત્ તોઇ કેહ્રપેમ્ કેહ્રપાંમ્ આવએદયમહી, મઝ્દા અહુરા, ઇમા રઓચાઓ બરેજિશ્તેમ બરેજેમનાંમ, અવત્ યાત્ હ્વરે અવાચી.

હે અહુરમજદ! ચઢતિ (રોશણીઓ)માંની આ સર્વથી ઊંચ રોશણી (જેને) ખોરશેદ કહે છે તેને, શરીરોમાંનાં તારાં સર્વથી સોહમણાં શરીર તરીકે અમે જાહેર કર્યે છિયે. (મોટી હપ્તન યશ્ત ક. ૨. ફ૦ ૬.)

---

૧. વધુ માટે જુવો મહેર યશ્ત. ૨. સૂર્ય નારાયણ.

આઅત્ મે અએમ્ પઇતિ-અઑખ્ત હુઑમો અષવ દૂરઑષો, વીવંઘ્હાઓ માંમ્ પઑઈરયો મશ્યો અસ્તવઇથ્યાઈ હુનૂત ગએથયાઇ; હા અહ્માઈ અષિશ ઍરૅનાવિ, તત્ અહ્માઇ જસત્ આયપ્તેમ્; યત હે પુથ્રો ઉસ્-જયત યો યિમો ક્ષઍતો હવાંથ્વો, ખ઼રેનંઘઉહ-સ્તેંમો જાતનાંમ, હ્વરૅદરૅસો મશ્યાનાંમ.

ત્યારે તે અષો (તથા) દર્દને પાછળ નાખનાર હોમે મને વળતો ઉત્તર દીધો કે, વીંઘામ પહેલો માણસ (હતો), (જેણે) (આ) જડ જગતમાં મને (ક્રિયાના કાર્યમાં અર્પણ કરવાને માટે) નીચવ્યો; તેને આ આશીર્વાદ પ્રાપ્ત થઇ, તેને આ લાભ સંપાદન થયો, તે એકે તેને માટે એક છોકરો પ્રભાવથી જન્મ પામ્યો, જે જન્મ પામેલાઓમાં સર્વથી અધિક ખોરેહવાળો (તથા) માણસોમાં સૂર્યની તરફ જોનારો, (તથા) રૈયતની સારી પેઠે રક્ષા કરનાર જમશેદ પ્રજાપતિ (હતો.).

(મોટી હોમ યશ્ત ક. ૧. ફ઼૦ ૩)

અઉર્વત્-અસ્પૅમ બવાહિ યથ હ્વરે.

ખોરશેદના જેવો (તું) તેજ ઘોડાવાળો થજે!

(આફ્રીને જરથોશ્ત ફ઼૦ ૬.)

યત્ કૅરૅનાઉન્ અમૅષાઑ સ્પૅન્ત વીસ્પે હ્વરે-હજ઼ઑષ, ફ્રઑરૅત્ ફ્રશ્નિ અવિ મનો જરજ઼દાતોઇત્ અંઘ્ઉહિત્ હચ.

જે (સ્થળ) ખોરશેદ યજદ સાથે એકજ મરજી રાખનારા (એક દિલથી ભેગા કાર્ય કરનારા) સઘળા અમેષાસ્પંદોએ અર્પણ કરેલાં દિલની સંપૂર્ણ શ્રદ્ધાથી બનાવ્યું. (મેહેર યશ્ત. ફ઼૦ ૫૧.)

અવત્ હ્વરૅ-ક્ષએતૅમ્ તરસચ હરાંમ બૅરૅજ઼ઇતીમ્ ફ્રચ આઇતિ અઇવિચ વજ઼ઇતે.

આ ખોરશેદ અલબુર્જ (પહાડ)ની પેલી પારથી આવીને ઊંચાઇથી આગળ વધે છે. (મેહેર યશ્ત. ફ઼૦ ૧૧૮.)

સ્રઍશ્તાઇશ્ હ્વાગ્ય ક્ષઍતાઈ.

(મેહેર યજદ) ઘણો સુશોભિત, સૂર્યના (જેવા) ચળકાટવાળો (તથા) પ્રકાશિત (છે). (મેહેર યશ્ત. ફ઼૦ ૧૪૩.)

પઇતિષ હૂ અસ્વનૅમ, જઋ્યમહિ ફ્રોનામહિ ચાંમ યિમ અહુ-રૅમ મજ઼દાંમ.

સૂર્યના માર્ગ પ્રત્યે (એટલે દક્ષિણ દીશાએ) (મોઢું કરીને), અહુર-મજદને અમે વંદયે છિયે. (રશ્ને યશ્ત. ફ૦ ૩.)

ઉપ તએરૅમ હરઇથ્યાઓ બરૅજો, યત્ મે અઇવિતો ઉર્વિસૅન્તિ ......હ્વરૅચ.

અલબુર્જ (પહાડ)ની તએર (નામનીં ટોંચ) જેની આસપાસ...... સૂર્ય મારે માટે ફરે છે. (રશ્ને યશ્ત. ફ૦ ૨૫.)

આઓંઘહાંમ રય ખરૅનંઘહ્ચ, હ્વરૅ અવ પથ અએઇતિ.

તેઓનાં (ફરોહરોનાં) તેજ તથા પ્રતાપથી ખુરશેદ (પોતાનાં) માર્ગ તરફ જાય છે. (ફરવર્દીન યશ્ત. ફ૦ ૧૬.)

અપોઇશ બએષજ હચિમ્નાઓ,.. ...હ્વરૅ-બરૅજંઘહ.

(અપોનાં ફરોહરો) ખુરશેદની ઉંચાઇ જેટલા, અપોઇના ઉપાયો પોતાની સાથે લાવનારાં છે. (ફરવર્દીન યશ્ત ફ૦ ૩૨.)

હ્વરૅ-ક્ષએતૅમ અઉર્વત-અસ્પૅમ યજમઇદે.

તેજ ઘોડાવાળા ખુરશેદની અમે સ્તુતી કર્યે છિયે. (ફરવર્દીન યશ્ત. ફ૦ ૮૧.)

યિમ ઇસૅન અમૅષાઓ સ્પૅન્ત વીસ્પે હ્વરૅ-હજ઼ઓષ......પઇતિ-ફ્રક્તારૅમચ દએનયાઓ યત હઇતિનાંમ વહિશ્તયાઓ.

જે (પેગમ્બર જરથુશ્ત્ર) ને ખુરેશેદ (યજદ)ની સાથે એકજ મરજી રાખનારા (એક સંપથી કાર્ય કરનારા) સઘળા અમેષાસ્પંદોએ ..... હાલ(ની સર્વ દીનો) માંની (જે) સર્વોત્તમ દીન (તે)ના સમજાવનાર તરીકે સ્વિકાર્યો. (ફરવર્દીન યશ્ત. ફ૦ ૯૨.)

બવાનિ......હ્વરૅ-દરૅસૅમ મષ્યાનાંમ.

માણુસોમાં સૂર્યની તરફ જોનારો થાવું. (રામ યશ્ત ફ૦ ૧૬.)

હ્વરૅ-રઓચો યજમઇદે. હ્વરૅ બરૅજિશતૅમ બરૅજિમનાંમ યજ-મઇદે હ્વરૅચ અમૅષ સ્પૅન્તે યજમઇદે.

ખુરશેદની રોશનીને અમે નમ્યે છિએ. ખુરશેદ (જે) વડાઓમાં

સર્વથી ઊંચ (તે) ને અમે વખાણ્યે છિયે. ખુરશેદ (યજદ) ને અને અમેષાસ્પંદોને અમે સ્તવ્યે છિએ. (વીસ. ક૦ ૧૯. ફ૦ ૨.)

ગાથામાં "ખુરશેદ" નીચલા ફકરાઓમાં વપરાયો છે.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૩૨	૧૦	૪૪	૩
૪૩	૧૬	૫૦	૨–૧૦

તિઘ્નિનવન્તૅમ્ બવાહિ યથ મિથ્રૅમ.

મેહર (યજદ)ના જેવો (તું) તેજીવાળો (અથવા તીક્ષ્ણ) થજે! (આફરીને જરથોશ્ત.)

મ્રઑત્ અહુરો મજ્દાઓ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ, આઅત્ યત્ મિથ્રેમ યિમ્ વૉઉરૂ-ગઑયઑઇતીમ્ ફ્રાદધાંમ, અજ઼ॅમ સ્પિતમ, આઅત્ હિમ્ દધાંમ્ અવાઑન્તૅમ્ યેસન્યત, અવાઑન્તૅમ્ વહ્મ્યત, યથ માંમચિત્ યિમ્ અહુરૅમ્ મજ઼્દાંમ.

(સરજનહાર) અહુરમજ્દે સ્પીતમાન જરથુશ્ત્રને કહ્યું કે, જ્યારે મેં હે સ્પીતમાન (જરથુશ્ત્ર)! બોહલાં ક્ષેત્રવાળા મેહેર યજદને સરજ્યો, ત્યારે તેને અહુરમજ્દના જેટલો યજશ્નેને લાયક તથા આરાધનાને લાયક પેદા કીધો. (મેહર યશ્ત ફ૦ ૧.)

મા–નો અન્તો અઇપિ-જન્યાત્ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ્; યો અઑજિશ્તો યજતનાંમ્, યો તન્ચિશ્તો યજતનાંમ્, યો થ્વક્ષિશ્તો યજતનાંમ્, યો આસિશ્તો યજતનાંમ્, યો અસ્ વૅરૅથ્રજાંસ્તૅમો યજતનાંમ્, ફ્રક્તાઇતે પઇતિ આય જ઼ॅમા મિથ્રો યો વૉઉરૂ-ગઑય ઑઇતિશ્.

(તે) બોહળાં ક્ષત્રવાળો ક્રોધાયમાન મેહર યજદ અમને ન મારે! જે (બધા) યજદોમાં સર્વથી વધુ બળવાન, જે (સઘળા) યજદોમાં સર્વથી વધુ દૃઢ, જે (સઘળા) યજદોમાં સર્વથી વધુ ચાલાક, જે (સઘળા) યજદોમાં સર્વથી વધુ ઝડપવાળો, (તથા) જે (સઘળા) યજદોમાં સર્વથી વિજયી (અથવા વેરીને મારનાર) (એવો) જે બોહોળાં ક્ષેત્રવાળો મહેર યજદ (તે) આ પૃથ્વી ઉપર સત્તા ભોગવે છે. (મેહર યશ્ત ફ૦ ૯૮.)

યિમ્ મજ્દાઓ વસ્તે વંઘ્રહુનૅમ્ સ્તૅહ્ર્ પએસંઘ્રહૅમ મઇન્યુ-તાશ્તેમ્, હચિમ્નો મિથ્રો રષ્નુચ આર્મઇતિચ સ્પૅન્તય, યહ્માઇ નોઇત્ યહ્માઇ નએમનાંમ્ કરન પઇરિ-વએનોઇથે.

મેહર યજદ, રશ્ને યજદ તથા અસપંદારમદની સાથે મલીને જે (આકાશ) ને અહુરમજદે તારાઓથી શૃણગારેલું (તથા) સ્પેનામીનોથી બનાવેલું વસ્ત્ર પેહરાવેલું છે, તેના બે છેડા (કોઇએ માણસની બે આંખ) જોઇ શક્તિ નથી. (ફરવદીંન યશ્ત ક૦ ૩.)

યો વોહુ-બૅરેતાંમ્ બરઇતે મિથ્રેમ્ યિમ્ વોઉરૂ-ગઓયઓઇતીમ્, અરૂશ્તાતૅમચ ફ્રાદત-ગએથાંમ્ વરેદત-ગએથાંમ્

જે (રાજા) બોહળાં ક્ષેત્રવાળા મેહેર યજદને તથા દુન્યાની વૃદ્ધિ કરનાર અને દુન્યાનું કલ્યાણ કરનાર આશ્તાદ યજદને માટે, સારી ભેટ લઇ જાય છે (તે પણ પ્રબળ દેશપતિ થાય છે). (ફરવદીંન યશ્ત. ક૦ ૧૮.)

બ્રાત તે યો વંઘ્રહુશ સ્રઓષો અષ્યો, રષ્નુશચ બૅરજો અમવાઓ, મિથ્રસ્ચ વૉઉરૂ-ગઓયઓઇતિશ, યો બએવરૅ-સ્પસનો હજંઘ્ર-ગઓષો.

તારો ભાઇ ભલો સરોશ અશો, ચઢતી પદવીનો, (તથા) હીમ્મતવાન રશ્ને (યજદ) (તથા) બોહોળાં ક્ષેત્રવાળો દશ હજાર આંખવાળો તથા હજાર કાનવાળો મેહર યજદ (છે.) (અશીશવંઘ યશ્ત. ક૦ ૧૬.)

અઓમ્ ખરેનો હંગેઉર્વયત મિથ્રો યો વૉઉરૂ-ગઓયઓઇતિશ, યો સ્રુત-ગઓષો હજંઘ્રા-યઓક્ષતિશ.

બોહોળાં ક્ષેત્રવાળા, સાંભળતા (એટલે તીક્ષ્ણ) કાનવાળા (તથા) હજાર યુક્તિવાળા મેહર યજદે તે ખુરેહને લીધું. (જમ્યાદ યશ્ત. ક૦ ૩૫.)

આચ-નો જમ્યાત્ અવંઘ્રહે, અશ-ફ્રાયશ્તિચ જઓથ્રનાંમ્ હુફ્રાયશ્તિચ, અશ-ફ્રૅરૅતિચ જઓથ્રનાંમ્ હુફ્રૅરૅતિચ, યથ ષ્વા અઇવિ-પયમ્ન દરેઘ અઇવિ-ષયન હુષિતેમ્ બૅરૅઘ્મ્ય-ત્રએતેમ.

(તે મેહર યજદ) અમારી સહાયને સારૂં આવે! જેથી (અમે) (હે મેહર યજદ!) તારામાં રહીને (તારી મીત્રતામાં રહીને) લાંબા કાળ પર્યંત સાહેબી ભોગવનારા, સારૂં રેહઠાણ રાખનારા બન્યે (તથા) પ્રકાશિત દેશપતિ મેહર યજદ અમારી મદદને માટે આવે!

(મેહર યશ્ત ક૦ ૭૭.)

સરોષ.

સ્રુ એટલે અવસ્તામાં સાંભળવું, તાબેદારી થાય છે. એ મૂળ ઊપરથી સ્રઓષ શબ્દ નીકળ્યો છે. કેટલાકો 'સ્રઓષ'ને યઝદ ન ગણતાં એક અમેષાસ્પંદની પંક્તિમાં મુકે છે, કારણ કે તેના ગુણો અદભૂત છે.

દરેક ભક્તિ પેહલાં કુશ્તિ, પાદયાબ કરીને સર્વથી પ્રથમની અવશ્યની ભક્તિ સરોષ બાજની વિધીયુક્ત[1] ગણાય છે. તેને 'અહુરમઝદની સૃષ્ટિનો સેનાપતિ' લેખ્યો છે. તે જગતનાં રક્ષણાર્થે દીવસ અને રાત્રીના ૨૪) કલાકમાં ૩) વખતે હાથમાં તીક્ષણ આયુધ એટલે હથ્યારથી સજ્જ થઇને ઊતરી આવે છે, દૈત્યોનાં દુષ્ટ શીરોની ઊપર તે મારે છે અને એમ પ્રાણી માત્રનું જતન કરી રહ્યા છે. જ્યારથી સૃષ્ટિ પેદા થઇ ત્યારથી તેના રક્ષક તરીકે, આ પ્રમાણે, તે દૈત્યોને હણે છે અને ઉંઘયા વિના પોતાનું બચાવનું કૃત્ય કરે છે.

સરોષનું નીરંતર વંદન અને ભજન કર્યાથી તેના ગુણો જરથોશ્તિ ભક્ત સંપાદન કરે છે—અહુરમજદની આધિનતા, તેના આપેલા ધર્મનું અનુકરણ, હુશ્યારીથી પ્રાણી માત્રનું જતન, (પરમાર્થ), પોષણ. સરોષના નામનું સ્મરણ, દીવસમાં તેની બાજ ઉપરાંત 'સરોષ યશ્ત હાદુખ્ત'ની ભક્તિ અને પ્રત્યેક રાત્રીએ 'સરોષ યશ્ત વડી'ની અનિવાર્ય ભક્તિથી, તેના ગુણો, તેની દયા, તેના પ્રેમનું સંપાદન અને આકર્ષણ થાય છે.

સરોષને વળી "માથ્રના તનવાળો" (તન્ ફ્રર્માન) લેખે અવસ્તામાં નિત્ય યાદ કર્યો છે. એટલે કે 'માંથ્રવાણી' એનું તન છે. ત્યારે હરેક માંથ્રના ઉચ્ચારણ કરવાની સાથેજ આપણે 'સરોષ'ની સાથે ત્વરાથી, ઝટપટ સમાગમમાં આવ્યે છિયે, એ ગુપ્ત વિષયને સમજવા કાજે "શબ્દ બ્રહ્મ"ના વિષયના ઉંડાણમાં ઊતરવું જોઇએ. 'અહુરમઝદ' જડ જગતમાં વાસો કરે છે, તેમજ અમુક પવિત્ર વાણીમાં પણ તે રહે છે. માનવી જ્યારે ઉરવનની વૃદ્ધિ ઇચ્છે છે, ત્યારે અહુરમઝદને પામવા, તેની સાથ ઐકયતા કરવાને તીવ્ર આકાંક્ષા[2] ધરાવે છે. તે

---

૧. ફરમાવેલી. ૨. ખાહેશ.

વેળાએ તેને ઘણાક માર્ગો મહાત્માઓ અને પેગમ્બરોએ દેખાડયા છે, તેમાનો ટુંક, સુલભ અને કળયુગમાં પણ અચુક માર્ગ ભક્તિ અને મન્ત્રનો પણ એક છે. તે મન્ત્રો (માંથ્ર)ની જપ, ઉચ્ચારણ, ભજન અથવા બંદગી કરવે, માનવીની પ્રથમ ચિત્ત શુદ્ધિ થાય છે, જેથી તેનું દર્યાની સમાન ઉછળતું, જગતમાં ભટકતું, સંકલ્પ વિકલ્પવાળું[1], મન સરોવરના સ્થિર પાણીઓ જેવું એકાગ્ર, નિર્મળ અને શાન્ત બને છે. અને બળ કરીને[2] જો તે માનવી અહુરમજ્દના અનેકનામો માનું એક, અથવા અમેષાસ્પંદોનું કોઇપણ નામમાં સંપૂર્ણ લીન થઇ જાય છે, તો અષો અહુરમજ્દ[3] સાથે એકાકાર, તદાકાર, અનુસંધાન થઇ જાય છે.' હવે ત્યારે 'સરોષ' અથવા તેના માંથ્ર (જે તેનું તન છે તે)ની સહાયતાથી, આ મહાભારત મુક્તિ, મોક્ષ સંપાદન અથવા ગરોત્માનની સર્વોત્તમ હસ્તિ (વહિશ્તેમ અહુમ) મળે છે. કારણ કે માંથ્ર તેમજ માંથ્રવાણીમાં દર્શાવેલાં અમેષાસ્પંદોના અવસ્તાના નામોમાં આવો અદભુત પ્રભાવ અને અસર છે.

ત્યારે ગાથા વીગેરે અવસ્તામાં[4] સદા સરોષને વહિ દેનાર, પ્રેરણા કરનાર, ભક્તજનોને અહુરમઝદ સાથે મેળાપ કરવનાર, "દએનો-હિસો દએનયાઓ, અહ્માઇ દએનામ્ દએસયાત્ અહુરો મજદાઓ અષવ," ધર્મનો શીક્ષાગુરૂ જેને અષો અહુરમજદે ધર્મ (બ્રહ્મ) જ્ઞાન અર્પણ કર્યું, જેની હિમત, જય અને મહાન બ્રહ્મજ્ઞાનની સહાયતાથી અમેષાસ્પંદો પોતેપણ સૃષ્ટિને જાળવી શકે છે, જેને અષો, અષાઇનો દાતા, દુષ્ટો અને દૈત્યોને હરનાર, જગતનું કલ્યાણ કરનાર-એવો ચિતાર્યો છે. ત્યારે ખરેજ તે નિત્ય જાગૃત યજદને મહેર અને રષ્નુ ભેગો મનુષ્યના મરણ કેડે, તેના કૃત્યો અને કર્મનો ન્યાય કરનાર લેખે અષો જરથુશ્ત્ર સાહેબે ઓળખાવ્યો છે. વળી એ 'દસ્તગીરે રવાન' એટલે 'રવાનો'નો માર્ગ દર્શક પણ ગણાય છે. અને તેથી મરણ પછિ સરોષની યજશ્ને ઇત્યાદી કરવામાં આવે છે.

સકળ સૃષ્ટિનું જતન મહાન સરોષ યઝદ કરી રહ્યો છે, માટેજ સરોષ યશ્ત વડીની અતિ સુંદર નીરંગમાં 'દસ્તગીરે રવાન, હમાં તન્

---

૧. દુન્યવી વૃત્તિઓ અને વિચારોમાં લપટાયલું, ઘેરાયલું, દોરાયલું, દટાએલું, જકડાયેલું. ૨. The kingdom of Heaven is won by violence. ૩. શબ્દ બ્રહ્મ. ૪. જુવો અહુરમજ્દ યશ્તના પ્રથમના બે ફકરામાં આજ સુંદર, સરળ માર્ગ દેખાડ્યો છે. ૫. જુવો 'કેમના મજ્દા'નું ભણતર.

પાસખાંન્, અષોઆંન અષો નેગેહદાર' એને ગણીને 'નીકાંનો પાકાંને હફ્તકેશ્વર ઝમીન સરોષ યઝદ પનાહ બાદ' એટલે સાતે કેશ્વર (પૃથ્વિના વિભાગો)ના (હરેક ધર્મના) પવિત્ર માનવીઓ, નર, નારીઓ સરોષની સહાયતા પામો એવી આશીષ દેવામાં આવે છે.

તેજ યઝદે સર્વથી આદિ અહુરમઝદ, અમેષાસ્પંદો, અને બન્ને સૃષ્ટિના બનાવનારા (સ્પેના અને અંગ્રેમીનો)ની સ્તુતી કરી, જરથુશ્ત્ર સાહેબના ૫) ગાથાઓનું સર્વથી પ્રથમ તેણે ગાન કર્યું.[1]

લાલચો અને દુષ્ટતામાંથી બચાવનાર એ અષો સરોષ યઝદની કીર્તિ માનવી કેમ પરિપૂર્ણતાથી વર્ણવી શકે?

સ્રઓષેમ અષીમ......યજમઇદે યો પઓઇર્યો ગાથાઓ ફ્રસ્રાવયત્, યાઓ પન્ચ સ્પિતામહે અષઓનો, જરથુશ્ત્રહે, અફ્રસ્મનિવાંન્ વચસ્તશતિવત્, મત્-આઝઇન્તીશ્ મત્-પઇતિ-ફ્રસાઓ, અમેષનાંમ્ સ્પેન્તનાંમ્ યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસસ્તયએચ.

અષો સરોષ (યજદ)ને અમે યાદ કરીએ છિયે જે (સરોષ યજદે) અમેષાસ્પંદોની આરાધનાને માટે, તથા (તેમની) ખુબીઓ ગાવાને માટે, તથા (તેમને) ખુશી કરવાને માટે, (તથા) તેમની વખાણ કરવાને સારૂં, પ્રથમ અષો સ્પીતમાન જરથુશ્ત્ર (સાહેબ)ના જે પાંચ ગાથા, (તેમને) કડીઓ, ફકરાઓ તથા (તેમની) ટીકાઓ સાથે પ્રશ્નોત્તર ભેગા ગાયા (અથવા ગાઇને ભણ્યા). (સરોશ યશ્ત વડી ક. ૩.)

યો વીસ્પએઇબ્યો હચ અરેઝએઇબ્યો વવન્વાઓ પઇતિ-જસઇતિ વ્યાખ્મ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્.

જે (સરોષ યજદ) (દૈત્યો સાથની) સર્વ લડાઇઓમાંથી જય સાથે અમેષાસ્પંદોની સભામાં જાય છે. (સરોશ યશ્ત વડી ક. ૫.)

યેંઘ્રહે અમચ વેરેથ્રઘ્નચ, હઓજાંદ્વચ વઓધ્યાચ અવાન્ અમેષાઓ સ્પેન્ત અવિ હપ્તો-કર્શ્વઇરીમ્ જાંમ્.

જે (સરોષ યજદ)ની બહાદુરી, તથા ફતેહ તથા સારાં ડહાપણ

1. વધુ માટે જુવો સરોષ યશ્ત હાદુખ્ત અને વડી; અને જુવો આ લેખકના 'અવસ્તા વાણી અને ગાથાની રોશની'ના ગ્રંથ પાછળ 'સરોષ' ઉપરનો લેખ.

તથા વિદ્યાને લીધે અમેશાસ્પંદો જગતના સાત વીભાગ (હફ્તે કેશ્વર જમીન) ઉપર જતન કરે છે. (સરોશ યશ્ત વડી ક. ૧૦)

યજદાંને મીનોઆંન્, યજદાંને ગેતીઆંન્, હફ્ત્ અમેશાસ્પંદાંન્ મ્યજ્દ રોશન્ હુમ ઍરસાદ,

મીનો યજદો (તથા) ગેતીના[1] યજદો (તથા) સાત અમેશાસ્પંદો, (એ) સર્વે આ ઉમદા આહુતિ (મ્યજ્દ) તરફ આવે !

(દોઆ તંદોરસ્તી પાજંદમાં.)

અત હોઇ વૅાહૂ સેરઑષો જન્તૂ મનંઘ્રહા, મજ્દા અહ્માઇ યહ્માઇ વષી કહ્માઇચીત.

જે કોઇને તું ચાહે છે તેને માટે, હે અહુરમજદ ! ભલાં મનને અંગે (અથવા બહમનની મારફતે) સરોષ (યજદ) જાય. (કેમના મજ્દા.)

સરોશ અશો, તગી, તન્ ફરમાન્, શેકફ્ત જીન્, જીન્ અવજાર, સાલારે દામાને અહુરમજ્દ ઍરસાદ.

સરોષ (યજદ) (જે) અષો, જોરાવર, માંથ્રનાં તનવાળો (એટલે જેનું તનજ માંથ્રવાની,) (દૈત્યો તથા ખરાબ માણસોને મારવાને માટે) અસરકારક હથ્યાર રાખનાર, (તથા) વિજયી હથ્યાર રાખનાર, (તથા) અહુરમજદની સૃષ્ટિનો મૂખી (તે મારી મદદે) પહોંચો ! (સરોશ બાજ.)

વઇનીત અહ્મિ ન્માને સ્રઑષો અસ્રુશ્તીમ્, આખ્તિશ અનાખ્તીમ્, રાઇતીશ અરાઇતીમ્, આર્મઇતિશ તરોમઇતીમ્, અર્શુખ્ધો વાખ્શ મિથ્ઑખ્તૅમ વાચિમ્ અષ-ઉજૅમ્. યથ અહ્મ્ય અમૅષાઓ સ્પૅન્ત સ્રઑષાચ અષ્યાચ પઇતિષાંન્ વંઘ્રહૂશ યસ્નાંસ્ચ વહ્માંસ્ચ, વૅાહૂ યસ્નૅમચ વહ્મૅમચ, હુઑરૅતીમચ, ઉશ્ત-ઑરૅતીમચ, વન્ત-ઑરૅતીમચ.

આ ઘરમાં તાબેદારી આજ્ઞાના અનાદરને મારે ! સલાહ સંપજ કજીઆ કંકાસને (મારે) ! દાન કંજુસાઇને (મારે) ! નમ્રતા ગર્વને (મારે) ! સત્ય ઊચરેલો શબ્દ અષોઇનો ભંગ કરનાર જુઠા બોલેલા શબ્દને (મારે) ! કે જેથી આ (સ્થળ)માં અમેષાસ્પંદો અષો સરોષ (યજદ)ની મારફતે ભલી યજશનેઓ, તથા આરાધનાઓ, સારી યજશ્ને

---

[1] ઊંચ ભૂવન અને જડ જગત ઊપર કાર્ય કરનારા યઝદો.

તથા આરાધના, સારી ભેટ, તંદોરસ્તી આપનારી ભેટ, તથા મીત્રાચારી ભરી ભેટ ઇચ્છે (અથવા માંગે). (દોઆ તંદોરસ્તી અવસ્તામાં.)

હુરઑધ્રૅમ વૅરેથ્રાજનૅમ બવાહિ યથ સ્રઑષૅમ અષીમ.

અષો સરોષ (યજદ)ના જેવો (તું) સુશોભિત તથા વિજયી થજે! (આફ્રીને જરથોશ્ત ક૦ ૬.)

સ્રઑષો અષ્યો વીસ્પઑઇબ્યો નઐમઐઇબ્યો હાંમ-વાઇતિ.

અષો સરોષ યજદ અને તે બે (મેહેર અને રશ્ને) રક્ષણકરનાર યજદ તરફ, બધી દીશાઓથી વેગથી પવન ફુંકે છે. (મેહેર યશ્ત. ક૦ ૪૧.)

સ્રઑષસચ અષ્યો સૂરો......યુઝ્યેઇંતિ વાષૅમ.

શુરો અષો સરોષ યજદ પોતાની ગાડી જોડે છે, (એટલે ગાડી જોડીને બુરા માણસની વિરૂદ્ધ જાય છે.) (મેહેર યશ્ત. ક૦ ૫૨.)

દષિનૅમ હે ઉપ અરેધ્રૅમ વઝઇતે, યો વંઘ્રહુશ સ્રઑષો અષ્યો.

તેની(મેહેર યજદની) જમણી બાજુ તરફ ભલો (તથા) અષો સરોષ યજદ જાય છે. (મેહેર યશ્ત. ક૦ ૧૦૦.)

યાંમચ સ્રઑષહે અષ્યેહે તખ્મહે તનુ-માંથ્રહે દરષિ-દ્રઑશ આહુઇર્યેહે.

અષો સરોષ (યજદ) (જે) જોરાવર, માંથ્રનાં તનવાળો, (દૈત્યોને મારવાને માટે) બળવંત હથીઆર રાખનાર (તથા) અહુરમજ઼દના વારાનુસાર ચાલનાર (એવા સરોષ યજદના ફ્રોહરને અમે યાદ કર્યે છિયે.) (ફરવર્દીન યશ્ત. ક૦ ૮૫.)

અઑઍ્ન અહુર મજ઼દ, સ્રઑષચ અષ્ય સૂર માંથ્રચ સ્પૅન્ત વીદુષ.

(અષોના ફ્રોહરો) અહુરમજ઼દની મારફતે, અષો સરોષ અને વિદ્વાન માંથ્ર સ્પેન્તની મારફતે (અમને) મદદ કરનારાં (થાય)! (ફરવર્દીન યશ્ત. ક૦ ૧૪૬.)

બ્રાત તે યો વંઘ્રહુશ સ્રઑષો અષ્યો.

તારો (અરીશવંઘ યજદનો) ભાઇ ભલો સરોષ અષો, ઊંચ પંક્તિનો (છે.) (અશીશવંઘ યશ્ત. ક૦ ૧૬.)

અષય દધાંમિ ખરેથૅમ મ્યજ઼દૅમ હઉર્વત અમૅરેતાત ગાઉશ

હુધાઓ ક્ષ્નૂમઇને સ્રઓષહે અષ્યેહે તખ્મહે તનુ-માંથ્રહે દરૂષિ-દ્રઓશ આહૂઇર્યેહે. અઓખ્તો-નામનો યજતહે.

શક્તિવાન, માંથ્રના તનવાળા, (દેત્યોને મારવાને માટે) સખળ હથ્યાર રાખનાર, અહુરમજ્દના નીયમાનુસાર વર્તનાર તથા પ્રખ્યાત નામ વાળા અષો સરોષ યજ્દની ખુશાલી માટે ખોરાક, આહુતિ (મ્યજ્દ), પાણી, વનસ્પતી તથા દુધમાંથી બનાવેલું મીષ્ટાન (ગોશદો) પવિત્રાઇથી હું આપું છું. (હા. ૭. ફ૦ ૨૦.)

વિશ અપાંમ્ ઇથ પતન્તુ વીદએવાઓંઘ્રહો, વીદએવયો. વંઘ્રહુશ સ્રઓષો મિતયતુ.

હવે પછી અત્રેથી દેત્યો (નર તથા નારી દેત્યો) દૂર નાહસી જાય! વળી આજ્ઞાનું પાલન (અથવા ભલો સરોષ યજ્દ) (અત્રે) રેહઠાણુ કરે. (હા. ૧૦. ફ૦ ૧.)

સ્રઓષો ઇધા અસ્તુ અહુરહે મજ્દાઓ યસ્નાઇ સેવિશ્તહે અષઓનો યે નાઓ ઇશ્તો હ્યત પઓઉર્વીમ્ તત્ ઉસ્તૅમૅમ્ચીત્ અવથાત્ ઇધા સ્રઓષો અસ્તુ અહુરહે મજ્દાઓ યસ્નાઇ સૅવિશ્તહે અષઓનો યે નાઓ ઇશ્તો.

આ જગ્યાએ સરોષ (યજ્દ) સર્વથી અધિક લાભકારી (તથા) અષો અહુરમજ્દની યજશનેને માટે હાજર થાય, જે અમને પ્રથમથી તે છેડે સુધી પ્રીય થાય! એ પ્રમાણે સરોષ (યજ્દ) સર્વથી વધુ કલ્યાણકારી (તથા) અષો અહુરમજ્દની યજશનેને સારૂં હાજર થાય! જે અમને પ્રીય (છે.) (હા. ૧૫. ફ૦ ૩.)

ઇમાં હઓમાંસ્ચ મ્યજ્દાંસ્ચ જઓથ્રાઓસ્ચ બરૅસ્મચ અષય ફ્રસ્તરૅતૅમ્ ગાંમચ હુધાઓંઘ્રહૅમ્. ઇમાંમચા ગાંમ્ જીવ્યાંમ્ અષય ઉજ્દાતાંમ્ ઇમાંમચા ઉર્વરાંમ્ હધાનએપતાંમ્ અષય ઉજ્દાતાંમ્.

આઅત્ દીશ આવએથયમહિ અહુરાઇચ મજ્દાઇ સ્રઓષાઇચ અષ્યાઇ.

આ હોમ, આહુતિ (મ્યજ્દ) જોર, અષોઇથી [illegible]પાથરેલી બરસમ, ગોશદો[1] તથા આ દુધ (જે) અષોઇથી ઉચ ધરેલું તથા આ હધાનપત,

---

૧. ગાયના દુધનું પકવાન અથવા બનાવટ.

આડ (જે) અષોઇથી ઉચ ધરેલું એ સર્વ અમે અષો સરોષ યજદને અર્પણ કર્યે છિયે. (હા. ૨૪. ફ० ૧, ૪.)

સ્રઓષો ઇધા અસ્તૂ અહુરહે મજ્દાઓ યસ્નાઇ સૅવિશ્તહે અષઓનો યે નાઓ ઇશ્તો હ્યત્ પઓઉર્વીમ તત્ ઉસ્તૅમૅમચીત. અવથાત્ ઇધા સ્રઓષો અસ્તૂ અહુરહે મજ્દાઓ યસ્નાઇ સૅવિશ્તહે અષઓનો યે નાઓ ઇશ્તો. સ્રઓષો ઇધા અસ્તૂ અપાંમ્ વંઘુઉહિનાંમ્ યસ્નાઇ અષાઉનાંમચ ફ્રવષિબ્યો યાઓ નો ઇશ્તાઓ ઉર્વાઇબ્યો. હ્યત પઓઉર્વીમ તત્ ઉસ્તૅમૅમચીત. અવથાત ઇધા સ્રઓષો અસ્તૂ અપાંમ્ વંઘુઉહિનાંમ્ યસ્નાઇ અષાઉનાંમચ ફ્રવષિબ્યો યાઓ નો ઇશ્તાઓ ઉર્વાઇબ્યો. સ્રઓષો ઇધા અસ્તૂ અપાંમ્ વંઘુઉહિનાંમ્ યસ્નાઇ વંઘુહુશ વંઘુઉહિનાંમ્ અમૅષનાંમચ સ્પેન્તનાંમ્ હુક્ષથ્રનાંમ્ હુધાઓંઘહાંમ્ વૉહુનાંમચા વંઘુઉહ્યાઓસ્ચા અષોઇશ યસ્નાઇ યા ને આરએચા ઍરૅન્વતએચા અષંઘુહાક્ષ. સ્રઓષસ્ચા ઇધા અસ્તૂ અપાંમ્ વંઘુઉહિનાંમ્ યસ્નાઇ વંઘુહુશ અપિત્રાઓ હ્યત પઓઉર્વીમ તત્ ઉસ્તૅમૅમચીત.

સર્વથી અધિક લાભકારી અષો અહુરમજ્દ જે અમને વહાલો (છે તેની) આરંભથી તે અંત સુધી યજશને (કરવા)ને સારૂં, આ રેહેઠાણમાં તાબેદારી થજો! વળી સર્વથી વધુ કલ્યાણકારી અષો અહુરમજ્દ જે અમને વહાલો (છે તેની) યજશને કરવાને માટે આ સ્થળમાં આજ્ઞાપાલન થજો.

ભલાં પાણીઓની વખાણ કરવાને કાજે તથા અષોના ફરોહરો જે અમને પ્રિય (છે તેમને માટે), (તથા) (ગુજરેલાંઓનાં) રવાનોને સારૂં, આરંભથી તે આખર સુધી યજશને (કરવા) સારૂં, આ રેહેઠાણમાં આજ્ઞાનુસરણ થજો.

બન્ને હસ્તીઓમાં હૈયાતોમાં હે સર્વથી અધિક જ્ઞાનિ, મહેશ્વર! અમ નરો તથા નારીઓ માટે (તું) નેક રાજ્યકર્ત્તા છે.

અહો! અહુરમઝદ! તારાં ભલાં રાજ્યને[1] અમે સદાકાળ પર્યંત પામીયે. બન્ને હસ્તીઓમાં[2] હૈયાતોમાં હે સર્વથી અધિક જ્ઞાનિ! અમારે માટે તું જીવન તથા શરીરના અવયવો તરીકે થા!

(મોટી હપ્તન યશ્ત કં૦ ૭. ફ૦ ૨–૩.)

હુનએમાચા જ્યએમાચા મજ્દા અહુરા, થ્વાહ્મી રફ્નહી દરેગાયૂ અઑષાચા થ્વા ઍમવન્તસ્ચા બુયમા; રપોઇશચા તૂ ને દરેગૅમચા ઉશતાચા, હાતાંમ્ હુદાસ્તૅમા.

હે અહુરમજદ! તારી અંદર આનંદ ભોગવવા માટે લાંબી આયુષ્યને અમે લાયક બન્યે, તથા (અમે) ફતેહ પામીયે. તારી ઉપર પ્રીતિ કરનાર તથા હિમત બાંધનાર (શ્રદ્ધાળુ) અમે બન્યે. હૈયાતિમાં હે! મહજ્ઞ! લાંબા કાળ સુધી તારે અમને સંપત્તિથી, આનંદમય કરવા જોઇએ.

(મ્હોટી હપ્તન યશ્ત કં૦ ૭, ફ૦ ૪)

અહ્યા હ્વો ને દાઇદી, અહ્માઇચા અહુયે મનઝ્યાઇચા; તત્ અહ્યા યા તત્ ઉપા–જમ્યામા તવચા સરૅમ[3] અષઝ્યાચા વીસ્પાઇ યવે.

અહા! અહુરમજદ! મારા જેવા ધર્મિષ્ટોને જે બદલો તેં આપ્યો છે, (તે) અદ્રષ્ય (માંનોઇ) જગતને માટે તું અમ (સર્વ ભક્ત મંડળ) ને દે, કે તેનેથી સદા કાળ પર્યંત તારી તથા અષોઇની સરદારીને[3] અમે પામીયે!

(મોટી હપ્તન યશ્ત, કં૦ ૭ ફ૦ ૬.)

ગરો–ન્માનૅમ અહુરહે હ્વાયઓનૅમ. ગરો–ન્માનૅમ નૅરૅયો અસતિ અષાવઑયો. નએચિશ્ ફ્રવતાંમ્ અયેને પઇતિશ્ ગરો–ન્માનૅમ્, રવોહુ અષાયઓનૅમ ચિથ્રેમ અહુરૅમ મજ્દાંમ.

ગરોદમાન[4] અહુરમજદનું પોતાનું ધામ છે. ગરોદમાન અષો માણસો માટે (પણ) છે. અષોઇનું ધામ (જે) ગરોદમાન તે તરફ

---

1 Kingdom of Heaven. ૨ આ જગતમાં અને મરણ પછીની હસ્તીમાં. ૩ બીજે ઠેકાણે "હખેમા", મીત્રાચારી, શબ્દ એજ યશ્તમાં વપરાયો છે. ૪ સર્વોત્તમ સ્વર્ગ.

જવામાં (તથા) આરામથી જાહેર રીતે અહુરમજદ ભણી (જવામાં) દુષ્ટ માનવીઓમાનો કોઇપણ નથી. (અરદીબહેશ્ત યશ્ત ક૦ ૩, ૪.)

આચ-નો જમ્યાત અવંઘ્રહે, અશ-ક્રાયશ્તિચ જઓથનાંમ હુક્રાયશ્તિચ, અશ-ક્રઍર્ર્તિચ જઓથનાંમ હુક્રઍર્ર્તિચ, યથ થ્વા અઇવિષયમ્ન દરેઘ અઇવિષયન હુષિતૅમ ઍરેઘ્ય-ષએતૅમ.

ભેટોમાની પૂર્ણ આરાધનાવાળીથી તથા સારી ભક્તિથી, તે (મહેર યજદ) અમારી સહાયને કાજે આવે! જેથી તારામાં (મહેર યજદમાં) રહીને, લાંબા કાળ સુધી સત્તા ભોગવનાર, સારૂં ધામ રાખનાર (તથા) ઇચ્છા પ્રમાણે સંપત્તિ ભોગવનાર (અમે બન્યે).

(મહેર યશ્ત, કરદો ૧૯. ક. ૭૭.)

નૅમંઘ્રહ અથ્વર-દાત આજસાનિ ઉપરદાત.

આ જગતને કાજે ઠેરવેલી (તથા) પેલી જગત માટે નિર્મિત ભક્તિથી (હે! અહુરમજદ) તને હું પામું. (મહેર યશ્ત, કરદો ૨૯. ક૦ ૧૧૮.)

યજએપ માંમ્ જરથુશ્ત્ર, પઇતિ અસ્નિ પઇતિ ક્ષફ્ને, યસો-ઍર્ર-તાબ્યો જઓથ્રાબ્યો.

હે! જરથુશ્ત્ર! યજશ્ને કરવાને સારૂં ધરેલી ભેટોથી, દીન, રાત (તારે) મને ભજવો જોઇએ; (ત્યારે) હું જે અહુરમજદ (તે) તારી સહાયને કાજ તથા આનંદને સારૂં આવીશ. (અહુરમજદ યશ્ત ક૦ ૯.)

અએતત્ તે જસાનિ અવંઘ્રહે અજૅમ્ યો અહુરો મજ઼દાઓ, અવિ અવત્ વરો ઉજ઼દાતૅમ.

હું અહુરમજદ તે તૈયાર કરેલી ભેટ ભણી,......આવીને તારી સહાયે વળીશ. (રશ્ને યશ્ત, કરદો ૧, ૪.)

અએતત્ તે જસાઇતિ અવંઘ્રહે રશ્નૂશ ઍર્રજો યો અમવાઓ, અવિ ઇમત્ વરો ઉજ઼દાતૅમ.

ઉચ્ચ પદવિનો તથા બહાદુર રશ્ને યજદ આ તૈયાર કરેલી ભેટ ભણી (આવીને), તારી મદદે વળશે. (રશ્ને યશ્ત, કરદો ૧, ૬.)

ઓઆત્ અહુરો મજ઼દાઓ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ, અએવ તે જાવરે અઓજસ્ચ, ખરૅનો અવસચ, રફ્નસ્ચ, ક્રથ્રવ, ઍર્રજવો સ્પિતમ,

યત્ અષઑનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિ-થૂરનાંમ્, યથ મે જસૅન્ અવંઘ્રહે, યથ મે બરૅન્ ઊપસ્તાંમ્, ઉગ્રાઓ અષઑનાંમ્ ફ્રવષયો.

આઑંઘ્રહાંમ્ રય ખરેનંઘ્રહચ, વીધારએમ્ જરથુશ્ત્ર અઑમ્ અસ્મનૅમ્, યો ઉસચ રઓક્ષ્નો ફ્રાદૅરસો, યો ઇમાંમ્ જાંમ્ આચ પઇરિચ બવાવ. માંનયૅન અહે યથ વીશ, અએમ યો હિશ્તઇતે મઇન્યૂ-સ્તાતો હંદ્રખ્તો દૂરએકરનો, અયંઘ્રહો કૅહ્રપ ખ્રએનહે રઑચહિનો અવિ ધ્રિષ્વ.

તે (ફ્રવષીઓ) ના તેજ અને પ્રતાપને લીધે, આ આસ્માન જે ઉચ્ચ, ચળકાટવાળું, સોહામણું (અને) જે આ પૃથ્વિને (ચોમેર) ઘેરે છે, (તેને) હું ટકાવી રાખું છું. (આસ્માન) એક મહેલ સમાન (છે); જે આ જગત ઉપર મીનો (અદ્રશ્ય ચજદો) થી ઉભું કરેલું, દ્રઢ, છેટે પર્યંત લંબાતા છેડાવાળું, હિરાની બનાવટનું, તથા પ્રકાશિત છે. (ફરવરદીન યશ્ત ક૦ ૧. ફ૦ ૧, ૨.)

યથ મે જસૅન્ અવંઘ્રહે, યથ મે બરૅન્ ઉપસ્તાંમ્, ઉગ્રાઓ અષઑનાંમ્ ફ્રવષયો.

જે (એવી) રીતે અષોની બળવાન ફ્રવષીઓ મારે મદદે ધાઇ આવી, જની (એવી) રીતે મને સહાય થઇ. (ફરવરદીન યશ્ત ક૦ ૧. ફ૦ ૧.)

આઑંઘ્રહાંમ્ રય ખરૅનંઘ્રહચ, વીધારએમ્ જરથુશ્ત્ર અર્જૅમ્ બરૅધ્રિષ્વ પુથ્રે પઇતિ-રૅરેતે અપર-ઇારથિન્તો આદાતાત્ વીધાતઑત્, વ્યાહ્વ ઉર્વતચએમ્ અસ્તિચ, ગઑનચ દ્રેવ્દચ, ઉરૂથ્વાંસચ, પઇત્યાઑસ્ચ ફ્રવાક્ષસ્ચ.

યેઇધિ જી મે નોઇત્ દઇધીત્ ઉપસ્તાંમ્ ઉગ્રાઓ અષાઉનાંમ્ ફ્રવષયો, નોઇત્ મે ઇધ આઑંઘ્રહાતૅમ્ પસ્વીર, યા સ્તો સરૅધનાંમ્ વહિશ્ત. દ્રુજો અઑગરે, દ્રુજો ક્ષથ્રૅમ્, દ્રુજો અસ્તવાઓ અંઘ્રઉશ્ આઑંઘ્રહાત્.

ની અન્તરે જાંમ્ અસ્મનૅમચ, દ્રુજાઓ મનિવાઓ હજ઼ધાત, ની અન્તરૅ જાંમ્ અસ્મનૅમચ, દ્રુજાઓ મનિવાઓ વઑન્યાત્; નોઇત્ પસ્ચએત વનો-વન્તાઇ ઉપ-દયાત્ અંઘ્રરો મઇન્યૂશ્ સ્પૅન્તાઇ મઇન્યવે.

તે (ફ્રવષીઓ) ના પ્રકાશ અને પ્રતાપથી હું (અહુરમજ્દ) બાળકોને મા (ના પેટો) માં વીધોતુ (દૈત્ય) ના હુમલાથી રક્ષાયલાં અને

મૃત્યુ વશ ન થતાં ટકાવી રાખું છું. તે (પેટો) માં બાળકોના હાડ, રૂપ, સ્નાયુ, આંતરડાં, પગ અને ગુપ્ત ભાગોને હું બનાવું છું. કારણ કે અષોની બળવાન ફ્રવષીઓ મને સહાય ન થાત, તો મારાં પશુઓ તથા માનવીઓ જે ઉત્તમ જાતના છે (તેઓ) અત્રે હૈયાત ન હોત; (પણ ઉલટું) દ્રુજનું બળ, રાજ્ય તથા દ્રુજની અસ્થિની[1] જગત હોત; પૃથ્વી તથા આકાશની મધ્યે દ્રુજ તથા (અંગ્રે) મીનોની (સત્તા) હોત; પૃથ્વી તથા આકાશની મધ્યે દ્રુજ તથા (અંગ્રે) મીનોની (સત્તા) હોત; પૃથ્વિ તથા આકાશની મધ્યે દ્રુજ તથા (દુષ્ટ) મીનોનું (બળ) ફાવતે; (અને) ત્યાર કેડે વિજયી અને પ્રિય સ્પેના મીનોને અંગ્રેમીનો વશ ન થાત. (ફરવરદીન યશ્ત ક૦ ૧, ૧૨, ૧૩.)

યત્ ઉપંઘ્રહુચત્ સચ્ઑબ્યન્તાંમ વૅરેથ્રાજનૅમ્ ઉત અન્યાઑસચિત્ હખયો. યત્ કૅરૅનવાત્ ફ્રૅષમ અહ્મ અજરેષૅન્તૅમ્ અમરૅષન્તૅમ અક્રિથ્યન્તૅમ અપુયન્તૅમ યવએજિમ યવએસુમ વસો–ક્ષથ્રૅમ યત ઇરિસ્ત પઇતિ ઉસૅહિશ્તાત્ જસાત્ જવયો અમૅરૅખ્તિશ્ દથઇતે ફ્રૅષમ વસ્ન અંઘ્રહુશ્.

જે (દૈવિક ખુરેહ) વિજયી સોશ્યોશ (પેગમ્બર) તથા અન્ય (અહુરમજ્દના) મિત્રો સાથે જોડાશે. જ્યારે (એટલે ત્યારે) જગતને તાજી, અજર, અમર, નષ્ટરહિત, દુર્ગંધરહિત, નિત્ય જીવતી, નિત્ય સંપન્ન, કામના પ્રમાણે રાજ્ય ભોગવતી[2] બનશે. જ્યારે મૃત્યુ પામેલાંઓ પાછાં ઉઠશે, (અને તેમનામાં) જીવન અને અમરપણું આવશે (અને) સૃષ્ટિ ઇચ્છાનુસાર તાજી બનશે. (જમ્યાદ યશ્ત ક૦ ૧૫, ફ૦ ૮૯.)

અહ્યા હવો ને દાઇદી અહ્માઇચા અહુયે મનખ્યાઇચા, તત્ અહ્યા યા તત્ ઉપા–જમ્યામા તવચા સરૅમ અષખ્યાચા વીસ્પાઇ યવે.

(તેટલો બદલો) આ અને અદ્રષ્ય જગતને સારૂં અમને તું અર્પણ કર, કે તેથી સદાકાળ પર્યંત તારી તથા અષોઇની રાજ્યસત્તાને અમે પામ્યે. (યજશ્ને હા. ૭, ૨૫; ૪૦, ૨.)

ફ્રા તે વીસાઇ ઉર્વથો સ્તઑત, ઉર્વથેમ સ્તઓતારૅમ વંઘહુંઘ્રહૅમ દધો અઑખ્ત અહુરો મજ્દાઑ યથ અષેમ યત્ વહિશ્તૅમ.

(હે! હોમ) તારો અર્પણ થયેલો, સ્તુતિ કરનાર હું બનીશ,

---

૧. હાડમંદ ૨ Kingdom of Heaven.

(કારણ કે) અહુરમજદે વંદન કરનારને અષવહિશ્ત કરતાં અધિક ભલી ઉત્તપત્તિ લેખી છે. (યજશ્ને હા ૧૦, ૯)

યા-વરનાઓ આપો, યા-વરનાઓ ઉર્વરાઓ, યા-વરના ગાઉશ હુધાઓ, યા-વરનો અહુરો મજ્દાઓ, યે ગાંમ્ દધા,.....યા-વરનો અસ્ જરથુશ્ત્રો......તા વરેનાચા તકએષાચા.

જેવી દબના પાણી (છે), જેવી દબના ઝાડપાન (છે), જે પ્રકાર-ના સારી સૃષ્ટિના પશુઓ (છે), જે પ્રકારનો અહુરમજદ છે, જેણે (આ) જગત સરજી,... જે પ્રકારનો જરથુશ્ત્ર હતો..... તે પ્રકારનો તથા ધર્મનો (હું છું). (યજશ્ને હા. ૧૨, ૭.)

વંઘહેઉશ્ ખએતેઉશ્ ખએતાતા, વંઘહેઉશ્ અષહ્યા, થ્વા પઇરિ-જસામઇદે, વંઘહુયાઓ ફ્સૅરત્વો, વંઘહુયાઓ આર્મતોઇશ.

(હે અહુરમજદ!) ભલાં સગપણ, ભલી અષોઇ, ભલા ફ્સરેતુ[1] (તથા) ભલી સ્પેન્તાર્મૈતિના સગપણથી તારી સમીપ અમે આવ્યે! (યજશ્ને હા. ૧૩, ૯; ૩૯, ૫.)

ઇમા આત્ ઉખ્ધા વચાઓ, અહુરા મજ્દા, અષેમ્ મનયા વહેહ્યા ફ્રવઓચામા; થ્વાંમ્ અત્ અએષાંમ્ પઇત્યાસ્તારેમ્ચા ફ્રદક્તા-રેમ્ચા દદેમઇદે.

અહો! અહુરમજદ! અષોઇને લક્ષમાં (ધરીને), અધિક શ્રેષ્ઠ રીતે, આ પ્રખ્યાત માંથ્રો અમે પ્રગટ કર્યે છિયે. તે (માંથ્રો) ના સાંભળનાર તથા શિખાડનાર લેખે તને અમે ઠેરવ્યે છિયે.[2] (યજશ્ને હા. ૩૫, ૯.)

અહ્યા થ્વા આથ્રો વરેજેના પઓઉરૂયે પઇરિ-જસામઇદે, મજ્દા અહુરા થ્વા થ્વા મઇન્યૂ સ્પેનિશ્તા, યે આ અખ્તિશ્ અહ્માઇ યેમ્ અખ્તોયો દાઓંઘહે.

હે સર્વથી અધિક વૃદ્ધિમાન અહુરમજદ! આ અગ્નિના સાધનથી સર્વથી આદિ (અમે) તને, તને પામ્યે છિયે. જે અપવિત્રાઇ (ચોંટી હોય છે) તે અપવિત્રાઇ તે (અગ્નિ) હરિ લે છે. (યજશ્ને હા. ૩૬, ૧.)

---

૧. એટલે ખુરદાદ અને અમરદાદ.

૨. અહુરમજદ શીક્ષાગુરૂ તેમજ પૂજ્યમાન બન્ને છે.

સરઓષે બ્ધા અસ્ત્ અહુરહે મઝ્દાઓ યસ્નાઇ સૅવિશ્તહે અષ્ઓનો યે-નાઓ ઇશ્તો હાત્ પઓઉર્વીમ્ તત્ ઉસ્તમૅમ્ચીત્; અવ-થાત્ બ્ધા સ્રઓષો અસ્ત્ અહુરહે મઝ્દાઓ યસ્નાઇ સૅવિશ્તહે અષ્ઓનો યે-નાઓ ઇશ્તો.

સર્વોત્તમ શ્રેયસ્કર અષો અહુરમજદ જે અમને પ્રિય (છે, તેની) આદિથી અંત પર્યંત યજશ્ને (યજ્ઞ કરવા) કાજે, આ કુટુંબમાં આધિનતા ઉત્પન્ન થજો! વળી અત્યંત શ્રેયસ્કર અષો અહુરમજદ જે અમને વહાલો (છે, તેની) યજશ્ને, પુંજા કરવા કાજે આ કુટુંબમા આધિનતા રેહેજો! (યજશ્ને હા. ૫૬, ૧.)

નેમસે-તેઇ આતરે અહુરહે મઝ્દાઓ મઝિશ્તાઇ યાઓંઘહાંમ્ પઇતી જમ્યાઓ મઝે અવઙ્યાઇ મઝે રફ્નોઙ્યાઇ દાઇદી હઉર્વાતાઓ અમૅરૅતાતાઓ.

હે અહુરમજદના આતશ (અગ્નિ)! તને નમસ્કાર! કાર્યોમાનું સર્વથી મહાભારત (કરવા) કાજે તારે આવવું ઘટે! હે! ઉચ્ચ પદવી-ના (અહૂર મજદ!), (અમારી) સહાય તથા આનંદને અર્થે (અમને) ખુરદાદ અને અમરદાદ તું દે! (યજશ્ને હા. ૫૮, ૭.)

તાં યજાઇ તેમ્ પઇરિ-જસાઇ વન્તા યાંન્ અમેષે સ્પેન્તે હુક્ષથ્રે હુધાઓંઘહો અએશ અમ્ઋી-ગૅરૅન્તે; તૅમ્ બધૅમ્ તૅમ્ રતૅમ્ યજમઇદે યિમ્ અહુરૅમ્ મઝદાંમ્ દ્વાઓંઘહૅમ્ સ્પેન્તૅમ્ તઙ્વાઓંઘહૅમ્ વીસ્પ વૅહૂ; તૅમ્ રતૅમ્ યજમઇદે યિમ્ જરથુસ્ત્રૅમ્ સ્પિતામૅમ્.

તા નો દાતા તા ઍરૅઝ્વાન ફ્રવઓચામ ફ્રચ વઓચા યા અહુરહે મઝ્દાઓ યા વંઘહેઉશ મનંઘહો યા અષહે વહિશ્તહે યા ક્ષથ્રહે વઇર્યેહે યા સ્પૅન્તયાઓ આર્મતોઇશ યા હઉર્વતાઓ અમૅરૅતાતાઓ યા ગેઉશ તશ્ને ગેઉશ ઉરૂને યા આથ્રે અહુરહે મઝ્દાઓ.

એમનું હું સ્મરણ કરૂં છું. અંતઃકરણથી તે (અહુરમજદ) ને (તથા મહાન) નેક સત્તાવાળા (અને) ભલા જ્ઞાની અમેષાસ્પંદોને હું પામું! તે મહેશને (અમારી) ભક્તિથી અમે વંદયે છિયે. તે સહુથી વડો અહુરમજદ જે સૃષ્ટા, આનંદદાયી, સકળ જગતનું ઉત્પત્તિસ્થાન (તેની) અમે સ્તુતિ કર્યે છિયે. (આ પૃથ્વીના) તે સરદાર સ્પીતમાન જરથુશ્ત્રનુ અમે સ્તવન કર્યે છિયે. અમે જાહેર (માંગણી) કર્યે છિયે

તથા હું (ભકત પણ) તે (માંગણી) પ્રગટ કરૂં છું કે, તે સત્ય અમને અર્પો જે અહુરમજદનું, બેહમનનું, અરદીબહેસ્તનું, શહરેવરનું ખુરદાદ અને અમરદાદનું, જગતના આત્માનું (તથા) અહુરમજદના અગ્નિનું (છે)! (યજશ્ને હા. ૭૦-૧, ૨.)

યે વાઓ મજ્દા અહુરા
પઈરી-જસાઇ વોહૂ મનંઘ્હા.

હે મહજ્ઞ પ્રાણપતિ! શુધ્ધ મતિથી તને હું પામું! (ગાથા હા ૨૮-૨.)

યે આઇશ અષેમ નિપાઓંઘહે
મનસ્ચા વોહૂ યવએતાઇતે
ત્વેમ્ મજ્દા અહુરા ફ્રો-મા
શીષા થ્વહ્માત વઓચંઘહે,
મન્યેઉશ હચા થ્વા એએઆઓંઘહા
યાઇશ આ અંઘ્હુશ પોઉર્યો બવત.

આ (મન્ત્રોની શીખ) થી અપોઇ તથા સુમતિને નીરતર હું જાળવીશ. પ્રજાને જાહેર કરવા સારૂં હે અહુરમજદ! તારાં અદ્રષ્ય[1] (મીનોઇ આસન) ઉપરથી તારે મોઢેથી તું મને ઉપદેશ દે કે સૃષ્ટિ પ્રથમ (કેમ) સરજાઇ? (ગાથા હા ૨૮-૧૧.)

અદા-જી અવા દ્રજો અદો
બવઇતી સ્કૅન્દો સ્પયથ્રહ્યા,
અત્ અસિશ્તા યઓજન્તે
આ-હુષિતોઇશ વંઘહેઉશ મનંઘહો
મજદાઓ અષક્યાચા, યોઇ
જર્જૅન્તી વંઘ્હાઉ સ્રવહી.

જેઓ શુભ કીર્તિમાં જન્મયા છે, (તેઓ) જ્યારે અહુરમજદ, બેહમન તથા અષના ઉત્તમ ધામમાં એકત્ર થાય છે, ત્યારે જુટ નાશવંત દ્રુજનો ટેકો (જોર) ભાગી જાય છે. (ગાથા હા ૩૦-૧૦.)

અત્ વાઓ વીસ્પેંગ્ આયોઇ
યથા રતૂમ્ અહુરો વએદ

---

૧ અવ્યકત.

મજ઼્દાઓ અયાઓ આંસયાઓ
યા અષાત્ હચા જ઼્વામહી.

અહો અહુરમજદ ! તને સહુનો સરદાર સ્વિકારીને પ્રત્યેક માનવી તારી નજદીક પહોંચશે. આપણી ભલાઇ તથા આપણું જીવન અહુરમજદથીજ છે. (ગાથા હા ૩૧-૨.)

ને મજ઼્દા વીદ્રનોઇ વઓચા
હિજ઼્વા થ્વહ્યા આઓંઘ્નહો, યા
જ઼્વન્તો વીસ્પેંગ્ વાઉરયા.

અમારા જ્ઞાન માટે હે અહુરમજદ! તારાં મુખની જીભથી તું કહે, જેથી પ્રાણીઓને હું ધર્મ ઉપર આસ્થાળુ અને શ્રદ્ધાવંત બનાવું. (ગાથા હા ૩૧-૩.)

પૅરૅસા અવત્ યથા હ્વો
યે હુદાનુશ દૅમનહ્યા ક્ષથ્રૅમ્
ષોઇથ્રહ્યા વા દખ્યેઉશ વા અષા
ફ્રદથાઇ અસ્પૅરૅજ઼્તા;
થ્વાવાંસ્ મજ઼્દા અહુરા યદા હ્વો
અંઘ્હત્ યા શ્યઓથ્નસ્ચા.

જે સુજ્ઞ પૂરૂષે અષોઇથી, ઘર, શહેર અથવા દેશની સત્તાની (દેશભક્તિથી) વૃધ્ધિ સારૂં પ્રયત્ન કર્યો હોય, તે પોતે કેવો (લેખાય) તે વિષે તને હું પ્રશ્ન કરૂં છું. તે પોતે હે અહુરમજદ! તારી પંક્તિનો કયારે થાય ? તથા (તેનાં) કૃત્યો કેવાં હોય (તે તને) પુછું છું. (ગાથા હા ૩૧-૧૬.)

યે જ઼્ઓતા અષા ઍરૅજુશ હ્વો
મન્યેઉશ આ વહિશ્તાત્ કયા,
અહ્માત્ અવા મનંઘ્હા યા
વૅરૅજ઼્યેઇદ્યાઇ મન્તા વાસ્ત્રયા,
તા-તોઇ ઇજ઼્યા અહુરા મજ઼્દા
દૅરૅશ્તોઇશ્ચા હૅમ-પરશ્તોઇશ્ચા.

ધર્મ ક્રિયા કરનાર લેખે અષોઇ અને શ્રેષ્ટ (નિર્મળ) મન (હૈયાં) થી, હું પોતે (હે અહુરમજદ! તારૂં) સ્મરણ[1] કરૂં છું, જેથી ઇચ્છિત,

---

૧. નામ સ્મરણનો મહિમા અહુરમજદ યશ્તમાં ઉત્તમ દર્શાવ્યો છે. જુવો પાન ૧૧.

મન કામના પ્રમાણેનું કાર્ય હું સિધ્ધ કરૂં. હે અહુરમજદ! તારી કનેથી આ બે વરદાનો માગું છું, તારાં દર્શન અને ધર્મ વિષેની (તારી) સલાહ (ઊપદેશ અથવા બ્રહ્મજ્ઞાન.) (ગાથા હા ૩૩-૬)

થ્વા ચીચીથ્વા સ્પૅનિશ્તા મઇન્યૂ મઝ્દા.
યા દાઓ અષા વંઘ્હેઉશ માયાઓ મનંઘ્હો.
વીસ્પા અયારે દરૅગો-જ્યાતોઇશ ઉર્વાદંઘ્હા.

હે! સર્વથી શ્રેષ્ટ કલ્યાણકર મજદા! તું તારો સાક્ષાત્કાર દે! (અમારી) આનંદમય, દીર્ઘાયુશના સઘળા દીવસો (પર્યંત) અષોઇને લીધે પવિત્ર (શુધ્ધ), મન (ચિત્ત)ની આશીષ તું અમને અર્પ!
(ગાથા હા ૪૩-૨.)

તત્ થ્વા પૅરૅસા ઍરૅશ-મોઇ વઓચા અહુરા......
મઝ્યાઓ ચિસ્તોઇશ થ્વા
ઇશ્તીશ ઉસેન મઝ્દા!

હે અહુર! તને હું પ્રશ્ન કરૂછું. તેનો સત્ય ઉત્તર વાળજે! મારાં ચિત્તને તને લક્ષ્યબિંદુ[1](બનાવીને કેમ) રાખું! (ગાથા હા ૪૪-૧૦.)

તત્ થ્વા પૅરૅસા ઍરૅશ-મોઇ વઓચા અહુરા;
કથા મઝ્દા જરૅમ્ ચરાની હચા ક્ષ્મત્.
આસ્કૅતીમ્ ક્ષ્માકાંમ્ હ્યત્ચા
મોઇ ખ્યાત્ વાક્ષ્ અએષો.
સરોઇ બૂઝ્દ્યાઇ હઉર્વાતા અમૅરૅતાતા.
અવા માંથ્રા યે રાથૅમો અષાત્ હચા.

અહો અહુર! તને હું પ્રશ્ન કરૂં છું, તેનો સત્ય ઉત્તર દેજે! હે મજદ! તારો પ્રેમ આકર્ષવા કાજે હું કેવું વર્તન કરૂં? તારી સંપૂર્ણતાને હું કેમ પામું, કે જેથી મારી વાણી સફળ થાય? આ માંથ્ર (મંત્ર) જે અષોઇને અંગે ઉત્તમ માર્ગદર્શક છે, તેના સાધનવડે

૧. આદર્શ, છેવટની નેમ, ideal.

હઉર્વતાત અને અમેરેતાત[1] (ને હું) સરદારીમાં મેળવું.[2]

તેમ્ ને સ્તઓતાઇશ્ નેમંઘ્રહો આ વીવરેષો;
નૂ-ઈત્ ચશ્મઇની વ્યાદરેસેમ,
વંઘ્રહેઉશ મન્યેઉશ શ્યઓથનહ્યા ઉખ્ધખ્યાચા
વીદુશ અષા યેમ્ મઝ્દાંમ્ અહુરેમ;
અત્ હોઇ વહ્માઁગ્ દેમાને ગરો નિદામા.

ભક્તિના ગાનોથી તે (અહુરમજદ) ની સ્તુતી કરવાની અમને અભિલાષા છે, કારણ કે જ્ઞાન પ્રાપ્ત થવે, (હવે) જરૂર હું અષોઇને પ્રતાપે ભલાં મન, વાણી અને કાર્યોવાળા મહજ્ઞ પ્રાણપતિ (અહુરમજદ) ને સાક્ષાત નીરખું છું. તેનાં કીર્તનો અમે ગરોથ્માન (કૈલાસ) માં (સુધી) પહોંચાડીશું. (ગાથા હા. ૪૫, ૮.)

હ્યત્ ઉસ્ અષા નપ્તયએષ્ નફ્ષુચા
તૂરહ્યા ઉઝ્જેન્ ફ્રયાનહ્યા અઓજયએષૂ,
આર્મતોઇશ્ ગએથાઓ ફ્રાદો થ્વક્ષંઘ્રહા;
અત્ ઇશ વૉહૂ હેમ
  અઇબી-મોઇસ્ત્ મનંઘ્રહા,
અએઇબ્યો રફેધ્રાઇ મઝ્દાઓ સસ્તે અહુરો.

પણ તૂરાની ફ્રયાનના પ્રકાશિત કુલ અને વંશમાથી (નરોએ) હાલમાં ઉચ્ચ જન્મ લીધો છે, (જેઓ) અષોઇથી નમ્રતા (ભગવદ ભક્તિ) નાં સંસ્થાનોની પોતાની દક્ષતા (ચપળતા) થી ઉન્નતિ કરે છે. (તેમનાં) ભલાં મનને પ્રતાપે અહુરમજદ તેમની સાથે એકતાર થયા

૧. બન્ને અમેષાસ્પંદો જેઓ કૃતાર્થ કરે છે અને અમરપદ દે છે, કારણ કે સંપૂર્ણતા અને અમરપણાના દાતા છે.

૨. यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम्।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः॥
(ગીતા ૧૮, ૪૬.)

જેમાંથી સર્વ ચરાચર પ્રાણીઓ બહાર આવ્યાં, જેનેથી આ અખિલ જગત તણાયું છે, તેને પોતાના ધર્માચરણ કરવાથી ભજવે, માનવી સંપૂર્ણતા (સિધ્ધિ) સંપાદન કરી લે છે.

છે, (તથા તેમના પરમ) આનંદને કાજે અહુરમજદ (પોતે) તેમને જ્ઞાનોપદેશ કરી રહ્યા છે. (ગાથા હા ૪૬-૧૨.)

યેંગ્સ્તૂ મજ્દા હુદેમોઇ મિનશ્ અહુરા,
તેંગ્ જ્બયા વંઘ્હેઉશ્ ઉખ્ધાઇશ્ મનંઘ્હો.

જેમને હે અહુરમજદ! તેં તારાં ધામમાં (પ્રવેશ કરવાને) પાત્ર લેખ્યા છે, તે (મહાત્મા)ઓનું, પવિત્ર મનના (મનથી ઊચરેલા) વચનોથી, હું સ્મરણ કરૂં છું. (ગાથા. હા. ૪૬. ૧૪.)

થ્વાવાંસ્ મજ્દા વંઘ્હેઉશ્ ખ્રથ્વા મનંઘ્હો.

ભલાં મનનાં ડહાપણથી (દરેક માનવી) હે અહુરમજદ! તારા (પોતાના) જેવો (બની જાય છે)[૧]! (ગાથા. હા. ૪૮. ૩)

યે દાત મનો વહ્યો મજ્દા અષ્યસચા,
હ્વો દએનાંમ્ શ્યઑથનાચા વચંઘ્હાચા;
અહ્યા જ્ઑષેંગ્ ઉશ્તિશ્ વરેંનેંગ્ હચઇતે;
થ્વહ્મી ખ્રતાઑ અપેમંમ્ નના અંઘ્હત્.

હે અહુરમજદ! જે (નર, નાર) પોતાના મનને વધારે શ્રેષ્ટ અને અષો રાખે છે, તે પોતે વાણી અને વર્તનથી ધર્મને જાળવે છે. તેની

---

૧. मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥
(ગીતા ૯, ૩૪.)

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥
(ગીતા ૧૨, ૨.)

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥
(ગીતા ૧૮, ૬૫)

મારામાં મન પુરોવ, મારો ભકતજન થા, મારી પૂંજા અને મારો નમસ્કાર કર, તો યોગી થઇને, મને અર્પણ થએલો, તું મને પામશેજ. મારામાં મન રોકીને, યોગી બનીને મને જે નિત્ય શ્રદ્ધાથી ભજે છે, તે મારી સાથે સર્વથી વધારે જોડાયલો (એકત્ર) છે. તારૂં લક્ષ મારાંમાં ચોંટાડ, મારો ભકત થા, મારૂં પૂંજન, અર્ચન કર, મારો નમસ્કાર કર, તો તું જરૂર મને પામશે, તું મને પ્રિય છે! (સરખાવો ક્રાઈસ્ટ સાહેબની વાણી I and my Father are one.)

ઇચ્છા, તેની શ્રધ્ધા અને (મેળવી ચુકાયલા) આનંદને અનુસરે છે; (તેનો) અંત (અહો અહુરમજદ!) તારાં જ્ઞાન (ખ્રતુ)માં સ્પષ્ટ રીતે હોય છે.
(ગાથા, હા. ૪૮. ૪.)

અત્ હ્વો મજ્દા ઇજાચા આજાુઇતિશ્ચા,
યે દએનાંમ વોહૂ સાર્શતા મનંઘ્હા;
આર્મતોઇશ્ કસ્ચીત્ અષા હુજેન્તુશ્,
તાઇશ્ચા વીસ્પાઇશ્ થ્વહ્મી ક્ષથ્રોઇ અહુરા.

જે કોઇ ધર્મને શુદ્ધ મનથી ઉત્તમ માન્ય રાખે છે, તે પોતે હે અહુરમજદ! રિદ્ધિ સિદ્ધિ અને સંપત્તિનું મૂળ છે. આર્મિનતા (અને) અષોઇને બળે કોઇ પણ ખરો જ્ઞાની[1] (બને છે), (તેનું) હે! અહુરમજદ! સર્વસ્વ તારી રાજ્ય સત્તામાં[2] (પ્રવેશ કરેછે.) (ગાથા હા ૪૯-૫.)

મત્ વાઓ પદાઇશ્ યા ફ્રસૂતા ઇજ્યાઓ
પઇરિ-જસાઇ મજ્દા ઉસ્તાનજસ્તો,
અત્ વાઓ અષા અરેદ્રખ્યાચા નેમંઘ્હા
અત્ વાઓ વંઘ્હેઉશ્ મનંઘ્હો હુનરેતાતા.
તાઇશ્ વાઓ યસ્નાઇશ્ પઇતી સ્તવસ્ અયેની,
મજ્દા અષા વંઘ્હેઉશ્ શ્યઓથનાઇશ્ મનંઘ્હો.

મારાં ભક્તિનાં કાવ્ય ભજનો જે પ્રખ્યાત (છે, તેમનેથી) ભેગા, બે હાથો નમસ્કારમાં ઉચ્ચ ધરીને હે અહુરમજદ! તને હું પ્રાપ્ત કરૂં! અષોઇ અને ક્રિયાની ભેટ સાથેના કીર્તન (ભજન, પૂજન, અર્ચન) થી તથા ચિત્ત શુદ્ધિથી, તને, તનેજ અવશ્ય હું પામું! (હું) ભગવદ્ ભક્ત, આ યજન, અષોઇ, અને શુદ્ધ ચિન્તના (સાત્વિક) કૃત્યોથી[3] હે મજદા! તને હું પામું. (ગાથા હા ૫૦. ૮-૯.)

૧. અન્તર જ્યોતિ પ્રકાશ જેણે મેળવ્યો હોય તે જ્ઞાની છે; માત્ર પોથિપંડીત 'જ્ઞાની' ન હોય. ૨. તારી સાથે એકતાન થાય છે.

૩. શુદ્ધ ચિત્તનું કાર્ય કર્યું હોય તેનું વર્ણન આ માર્મિક શબ્દોમાં આપ્યું છે,

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥
(ભગવદ ગીતા ૧૮-૨૩.)

શાસ્ત્રોમાં નિર્મિત કરેલું, સંગવિનાનું, ઈચ્છા દ્વેષ રહિત, ફળની આકાંક્ષા વિનાનું કરેલું કૃત્ય સાત્વિક લેખાય છે.

આ વે ગેઉષા હૅમ્યન્ત, યોઇ
વે શ્યઍાથનાઇશ સારૅન્તે,
અહુરો અષા હિઝ્વા
ઉખ્ધાઇશ વંઘહેઉિશ મનંઘ્હો,
યએષાંમ્ તૂ પૅાઉરૂયો
મઝ્દા ક્રદક્તા અહી.

જેઓ સુકૃત્યોથી, અષો વાણીથી અને શુધ્ધ ચિત્તની ભક્તિથી, હે અહુરમજદ! તને સરદાર (મહેશ્વર) લેખે છે, (તથા) જેમનો હે મજદ! તું સર્વથી પ્રથમ ગુરૂ છે, તેઓ (પોતાની) કીર્તિને લીધે (અંતે) તારી અંદર એકાકાર (અનુસંધાન)[1] પામશે! (ગાથા હા. ૫૧, ૩.)

અન્ય ધર્મોની સરખામણી.

पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥
गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥

(ગીતા ૯–૧૭, ૧૮.)

હું જગતનો માતપિતા, ધરનાર અને દાદો છું. હુંજ જાણવા યોગ્ય છું, હું રીગ, સામ અને યજુર વેદ પણ છું. હુંજ માર્ગ, ભર-

---

૧. यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥

(ગીતા ૧૦–૩.)

यो मामेवसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥

(ગીતા ૧૫–૧૯.)

જે મને આદિ અને જન્મ વિનાનો, મહેશ્વર તરીકે પિછાણે છે, તે મૃત્યુઓમાં જ્ઞાની, સઘળાં પાપોમાથી મુક્ત થાય છે. જે જ્ઞાની મને પુરૂષોત્તમ લેખે માન્ય રાખે છે, તે સર્વ જાણનાર, મને સર્વ ભાવથી ભજે છે.

નાર (ભર્થાર), પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણુ, મિત્ર (પ્રેમિ), જગતની ઉત્પત્તિ, પ્રલય સ્થાન, ખજાનો, અવ્યય બીજ છું.

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥

(ગીતા ૯-૨૪.)

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः

(ગીતા ૯-૨૯, ૩૦.)

સઘળા યજ્ઞો (યજશ્નેઓ) નો ભોગવનાર અને પ્રભુ હું છું. જેઓ મને તત્ત્વથી પિછાણુતા નથી, તેઓ હેઠળ પડે છે. સઘળાં પ્રાણીઓ તરફ હું સમદ્રષ્ટિવાન છું. નથી કોઇને હું ધિક્કારતો, કે કોઇ ઉપર હેત કરતો. પણ જેઓ મને પ્યારથી ભજે છે, તેઓ મારામાં અને હું તેમનામાં છું! ગમે એવો પાપી જો મને એક ભાવે પૂજે, તો તેને નેક ઠરાવ કર્યો છે, (માટે) તે સાધૂ લેખાવો જોઇએ.

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान्।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥

(ગીતા ૧૦-૧૨.)

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥

(ગીતા ૧૦-૧૫.)

તું પરબ્રહ્મ, પરં ધામ, પવિત્ર અને શ્રેષ્ઠ છે. તું અમર પુરૂષ, દિવ્ય, આદિદેવ, અજન્મા, મહેશ્વર છે. તું પોતેજ હે પુરૂષોત્તમ! પોતાના આત્માને ઓળખી શકે છે. તું જીવોનું મૂળ, જીવોનો પતિ, પ્રકાશિત દેવોનો દેવ, જગદ્પતિ છે.

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम्।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ॥

(ગીતા ૧૧-૧૮.)

त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम्।
वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनंतरूप ॥

(ગીતા ૧૧-૩૮,)

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान्।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥
तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीड्यम्।
पितेव पुत्रस्य सखेव सख्युः प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥

(ગીતા ૧૧-૪૩, ૪૪.)

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥

(ગીતા ૧૧-૫૪.)

તુ અવ્યય, જાણવા માટે સર્વોત્તમ, તુ વિશ્વનો પરમ આશ્રો છે, તુ અમર, સદા કાળનો ધર્મ ધરાવનાર, આદિ (કોહન) પુરૂષ છે, એવું મારૂં (અરજુનનું) મત છે. તુ આદિ પ્રભુ, સર્વથી પુરાણો પુરૂષ છે, જે વિશ્વનો આશ્રો છે. જે પણ જાણવા યોગ્ય છે, તે સર્વ તું જાણે છે. તું પરમ ધામ છે. તારેથી અપાર રૂપનું જગત (તણાયું) રચાયું છે. સર્વ લોકો (ભુ, ભુવર, સ્વ, જના, તપા, મહા, સત્યં એવાં સાત ભૂવન)માં જે હાલતાં અથવા જડ છે, તેમનો તુ પિતા છે. ગુરૂ કરતાં અધિક સત્કાર અને પૂજાને તુ પાત્ર છે. તારા સમાન કોઇ નથી, તો તારેથી વિશેષ કોણ હોય? ત્રણ લોકમાં અપ્રતિમ (સરખાવી ન શકાય એવા) પ્રભાવવાળો તુ છે. માટે શરીર નમાવીને, તને પ્રણામ (નમન) કરીને, હે પૂજ્ય ઇશ્વર! તને રીજવું. જેમ પિતા, પુત્રને, મિત્ર સખાને, પ્રીત કરનાર પ્રિયાને સબુરીથી વેઠી લેછે, તેમ તારે મારે પ્રત્યે સહન શીળતા દેખાડવી જોઇએ!

હે અર્જુન! એકાગ્રચિત્ત ભકિતથી (જે પ્રમાણે તારેથી થયું તેમ), હું (શ્રી કૃષ્ણ) જાણી, દેખી, અને તત્વથી પ્રવેશ થઇ શકું છું.

ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन्गता न निवर्तंति भूय: ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥

(ગીતા ૧૫-૪.)

તે પદ શોધવું જોઇએ, જેમાં ભળી જવાથી, ફરીને (જન્મમાં) આવવું ન પડે; હું તેજ આદિ (કોહન) પૂરૂષ ને પામું છું, જેમાંથી પુરાણા કાળમાં વ્યક્ત[1] ઉત્તપન્ન થયું.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्ररूढानि मायया ॥
तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

(ગીતા ૧૮-૬૧, ૬૨.)

હે અર્જુન! ઇશ્વર સર્વ ભૂતોના હૃદયમાં સ્થાપિત છે. સર્વે પ્રાણીઓ (ચર અને અચર) માયાના યંત્રની ઉપર ચઢીને, ભ્રમણ કર્યા કરે છે. તારા જીવજાન (ભાવ) થી તેને શરણે ધાવ. હે ભારત! તેના પ્રસાદ અને મ્હેરથી સર્વોત્તમ શાન્તિ અને અચલ ધામ તુ પ્રાપ્ત કરશે.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥

(ગીતા ૧૮-૬૬, ૬૭.)

સઘળા ધર્મો છોડીને, માત્ર મારૂં એકલા (ઇશ્વર) નું શરણુ તુ ધર, તો અવશ્ય તારાં સર્વ પાપોમાંથી હું તને મુક્ત કરીશ, જરા પણ ચિંતા કરીશ મા. પણ આ ગુઢ વચનો તારે કોઇપણ તપ અને ભક્તિ વિનાનો, અથવા સાંભળવાને તીવ્ર ઇચ્છા રહિત અથવા જે મારી તરફ કપટભાવવાળો હોય, તેને કેહવાં નહિં.[2]

૧ સૃષ્ટિ માત્ર.

૨. શ્રીમદ ભગવદ ગીતાનો આ સર્વથી ગુહ્ય અને સર્વોત્તમ, છેવટનો ઉપદેશ છે.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥

(ગીતા ૫-૨૯.)

હું સર્વ યજ્ઞ અને તપસનો ભોક્તા અને મહેશ્વર છું; વળી હું પ્રત્યેક ભૂત (પ્રાણી) નો હિતેચ્છુ સ્નેહિ છું એમ જાણીને, (જ્ઞાની) મારી પરંશાન્તિને પામે છે.

નીચલા શ્લોકોમાં ભગવદ્ ગીતામાં પણ ઉપલા અવસ્તામાં જણાવેલોજ આદર્શ દેખાડયો છે, તેની સરખામણી કરી જોવાથી કાંઇક પ્રકાશ મળશે.

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥

(ગીતા ૧૧-૩, ૪)

અરજુન કહે છે: હે પરમેશ્વર, જે પ્રમાણે તું પોતાનું વર્ણન આપી ગયો છે, તેજ પ્રમાણે તારૂં પરમ રૂપ, અહો સર્વોત્તમ પુરૂષ[1]! હું જોવાને તરસું છું. હે યોગેશ્વર! જો તું ધારતો હોય કે તે મારેથી દેખી શકાશે, તો તે અવ્યય[2] પરમાત્મા મને દેખાડ.

આ મહાકાંક્ષાનો શ્રી કૃષ્ણ ઊત્તર દે છે:

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥
न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥

(ગીતા ૧૧-૭, ૮.)

---

૧. પુરૂષ એટલે પરમાત્મા, પ્રકૃતિની વિરૂદ્ધ, એવા અર્થે વપરાયો છે
૨. Imperishable.

અત્રે, આજે, મારાં શરીરમાંજ, હે ગુડાકેશ! સકળ ચરાચર[1] જગત અને બીજું જેપણ જોવાની ઇચ્છા હોય તે જોઇ લે. પણ આ તારી શારીરિક આંખોથી તું મને નીહાળી ન શકિશ, માટે હું તને દીવ્ય આંખો દઊં છું; હવે તું મારો ઐશ્વરી યોગ જો!

આ પ્રમાણે પોતાનું રૂપ દેખાડયું, ત્યારે અરજુન આનંદ પામ્યો અને અનંત મોઢાંઓ, હાથો, આંખો, વીગેરે જોઇને તેનું મન બહુ ગભરાવા લાગ્યું ત્યારે તેણે શ્રી કૃષ્ણ પાસે માંગી લીધું કે

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनो मे।
तदेव मे दर्शय देव रूपं प्रसीद देवेश जगन्निवास ॥

(ગીતા ૧૧-૪૫)

જે પણ (રૂપ) કોઇએ આગળ ન જોયું હતું, તે નીહાળી હું આનંદમય બન્યો; પણ મારૂં મન ડરે છે, માટે હે ઇશ્વર! હવે તું પાછું તારૂં બીજું (માનુષિ) રૂપ દેખાડ; હે પરમેશ્વર, જગતના આશ્રય, દયા કર!

આ સાંભળીને તે દયાળુ શ્રી કૃષ્ણ ભગવાને પોતાનું મનુષ્ય રૂપ ફરીને ધારણ કર્યું, અને આ મહાન સાક્ષાત્કાર અરજુન વીરલાને કેમ થયો, તેનું કારણ આ સુંદર શ્લોકોમાં સ્પષ્ટ રીતે દેખાડયું છે.

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥
मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ॥
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥

(ગીતા ૧૧-૫૩-૫૫)

જે પ્રમાણે તેં મને જોયો છે, તે સમાન વેદો ભણવે, તપ કરવે, દાન દેવે અથવા ઇજવે (યજશ્ને કરવે) હું કદી જોઇ શકાતો નથી.

---

૧. Moving and motionless, હાલતી ચાલતી અને હીલચાલ રહિત.

કેવળ મારી અનન્ય ભકિતથી, હે અર્જુન એ રીતે હું જોઇ, જાણી શકાઉં છું, અને મારા તત્ત્વમાં માનવીથી પ્રવેશ થઇ શકે છે. હે પાંડવ! જે ભકત મારે માટેજ કાર્યો કરે છે, જેનો હુંજ સર્વોતમ છું, તે મારો ભકત, સંગ રહિત, સર્વપ્રાણીઓના વેર રહિત, મને પોતાને નિશ્ચય પામે છેજ !

હવે જુનું Testament યહુદીઓનું ધર્મશાસ્ત્ર છે, તેમાં આ પ્રમાણે વાંચયે છિયે.

And the angel of the Lord appeared unto him (Moses) in a flame of fire[1] out of the midst of a bush: and he looked and beheld the bush burned with fire and the bush was not consumed... And when the Lord saw that he (Moses) turned aside to see, God called unto him out of the midst of the bush and said Moses, Moses. And he said, Here *am* I... Moreover He said, I *am* the God of thy father, the God of Abraham, the God of Isaac, and the God of Jacob. And Moses hid his face ; for he was afraid to look upon God.

(*Exodus, III, 2, 4, 6.*)

And Moses alone shall come near the Lord: but they shall not come nigh ; neither shall the people go up with him. And Moses came and told the people all the words of the Lord[2] and all the judgments: and all the people answered with one voice and said, All the words which the Lord hath said will we do.

(*John, X, 30*).

ખુદાને પોતાના બાપ તરીકે ઓળખાવીને બાઇબલમાં ઇસુ ક્રાઇસ્ટ કહે છે, કે I and my Father are One.

Then answered Jesus and said unto them, Verily, verily, I say unto you. The Son can do nothing of

---

૧. अग्नि अग्रेदेवता; આતશ સર્વોત્તમ ગણાયો છે. ૨. વહિ.

himself, but what he seeth the Father do: for what things soever he doeth, these also doeth the Son likewise....He that honoureth not the Son honoureth not the Father which hath sent him.

(*John, V, 19, 23.*)

All things are delivered unto me of *my* Father and no man knoweth the Son, but the Father: neither knoweth any man the Father, save the Son, and he to whomsoever the Son will reveal Him. Come unto me, all *ye* that labor and are heavy laden and I will give ye rest[1]! (*St. Matthew, XI, 27-28.*)

He that abideth in the doctrine of Christ, he hath both the Father and the Son. (*II John, 9.*)

Jesus saith unto him, I am the way, the truth and the life: no man cometh unto the Father, but by me. If ye had known me, ye should have known my Father also: and from henceforth ye know him, and have seen him. Believe me that I am in the Father and the Father in me. (*John, XIV, 6, 7 & 11.*)

And truly our fellowship is with the Father and with his Son Jesus the Christ. (*I John, I, 3.*)

સૂફીઓની ખુદાએપાક તરફની મહોબત, ખેંચાણ અને ભક્તિ કેવા અપૂર્વ મીઠાશથી ગવાઇ છે, તે નીચલી બૈતો ઉપરથી જગ પ્રસિદ્ધ છે.

دیده ام در پوست بوی دوست من   کی ستانم جامهٔ جز پوست من[2]

تو جهان داري دلی افروخته   عشق را باید چو من دل سوخته

---

૧. શાન્તિનું ધામ; प्रसीद देवेश जगन्निवास.

૨. જુવો ફરીદુદ્દીન અત્તારની મુન્તકુતેર.

وصل را چندان چه سازي کار و بار هجر را گر مرد عشقی پایدار

این بگفت و بود جانیش از جهان داد جان را بر روی جانان در زمان
گفت چو بر دست من شد کشته یار در قصاص او کشندم زار زار

پس بود اینجا و آنجا کام من سوخته یا کشتهٔ او نام من

چون بجان دادن بود فرمان مرا نیم جو ارزد جهان جان مرا
در دوعالم کي دهم من جان بکس تا که او گوید سخن اینست وبس

رهبر جانت درین تاریک جای جوهر علمست وعلم جان فزای[1]
تو درین تاریکی بی پا و سر چون سکندر مانده بی راه بر

بشب مخسپ و روز هم چیزی مخور این طلب[2] را تو پدید آید مگر

گر بخفتد عاشقی جز در کفن عاشقش گویم ولی بر خویشتن[3]

گفت مرد پاسبان را خواب نیست روي عاشق را بجز اشك آب نیست
پاسبان را خوی بی خابی بود عاشقان را روي بی آبی بود

---

૧. બ્રહ્મજ્ઞાન. ૨. બ્રહ્મજ્ઞાનની તીવ્ર ઇચ્છા. ૩. તે અહંકારમાં ડુબેલો છે.

هر کرا شد ذوق عشق او پدید   زود یابد هر دوعالم را کلید
گر زنی باشد شود مردي شگرف   ور بود مردي شود دریاي ژرف

هست موری را هم اینجا ای عجب   قوت صد پیل آخر بی سبب [1]

گر بریخت افلاک و انجم لخت لخت   در جهان کم گیر برگی از درخت [2]
گر ز ماهی در عدم شد تا بماه   پاي موري لنگ شد در قعر چاه

مشکلاً کاري که افتادت چه سود   کار سخت و نیست استادت چه سود [3]

هم بترک کار کو هم کار کن   کار خود اندك کن و بسیار کن [4]

دیده ام صاحب جمالی کز کمال   پی نه بردش هیچ کس در هیچ حال
چیست پیش چهرهٔ او آفتاب   ذرهٔ والله اعلم بالصّواب [5]

خویش را اوّل ز خود بی خویش کن   پس براقی از عدم در پیش کن [6]

(منطق الطّیر)

---

૧. આપોઆપ સીદ્ધીઓ પ્રાપ્ત થાય છે. ૨. પ્રલય કાળે સકળ સૃષ્ટિ અદ્રષ્ય થાય છે, ત્યારે પણ ઝાડનું માત્ર એકજ પાદડું કમ થયું એમજ સમજ. ૩. ફરજ બજાવ; પણ ગુરૂ વિના તું શું કરશો? ૪. કર્તવ્ય કર, પણ તેના ફળની આકાંક્ષા-ના રાખ.એ પ્રમાણે કતવ્ય કમ કરશો, તો બહુ કર્યું લેખાશે.

૫. दिवि सूर्य सहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भा: सदृशी सा स्याद्भासस्तस्य महात्मन: ॥
(ગીતા ૧૧-૧૨.)

૬. અહંકાર ત્યજીને, ફળની આશા ત્યાગીને, જીવાત્માને ઝટ अहमूब्रह्मास्मि નો ચમત્કાર દેખાડ.

ابتدای کارها نام خدا است   هر که بی نامش بود کارش تباست[1]

સૂફીઓ ખુદાની શોધ અને મુલાકાતની હકીકત નીચલા સુંદર શબ્દોમાં ગાય છે.

Thou art but an atom, He the great whole; but if for a few days,
Thou meditatest with care on the whole, thou becomest one with it.

(*Jami.*)

Shout aloud, my friends ! for one person has separated himself from the body :
Out of a hundred thousand bodies, one person has become identified with God.
Dost thou out of a truth desire Him the Hidden to discover ?
Then, go look for Him, O seeker, with the longing of a lover;
Go not groping in the dark with learning's horny lantern dim,
Borrow eyes of those[2] who love Him ; thus, O seeker look for Him.

(*Jalaludin Rumi.*)

Thou that wouldst find the Lost One, lose thyself,
For nought but *self*[3] divides thyself from Him.
Ask ye how I o'erpassed the dreary void ?
One little step beyond myself was all.

(*Akhlaq-i-Jalali.*)

---

૧. નામ સ્મરણ. ૨. ભક્ત જનો, સન્તો, સોશ્યન્તો. ૩. અહંકાર, જે આપણો સર્વથી મોટો, શત્રુ, અંએમાનો પોતેજ છે.

عقل درسوداي عشق استاد نیست　　عشق کار عقل مادرزاد نیست[1]
گر ز غیبت دیدهٔ بخشنده راست　　اصل عشق انجا ببین کز کجاست
گر ترا آن چشم غیبی باز شد　　با تو ذرّات جهان همراز شد

મહુમદ પેગમ્બર સાહેબે કુરાનમાં ફરમાવ્યું છે કે,

Praise to God, Lord of the worlds, Merciful, Compassionate, King on the Judgment Day! Thee, we worship and Thee we ask for help. Guide us on the straight path—the path of those to whom Thou

---

૧. કબીરજી કહે છે :—

पढत गुनत रोगी भये, बध्या बहोत अभिमान,
भित्तर ताप जगतकी, घडी न पडती शान.

पंडित पढते बेदही, पुस्तक हंसति लाद;
भक्ति न जानी रामकी, सब परिक्षा बाद.

संसकृतहि पंडित कहे, बहोत करे अभिमान,
भाषा जानके तर्क करे, सो नर मूंढ अज्ञान.

चतुराई चुले पडो, ज्ञानको जमरा खाओ.
भाव भक्ति समजे नहिं, जानपनो जल जाओ.

ज्ञानी गाथा बहु मिले, कवि पंडित अनेक;
राम रता और इंद्रि जीता, कोटी मधे एक.

पोथी पढ पढ जग मुवा, पंडित भया न कोय;
अढाई अक्षर प्रेमका, पढेसो पंडित होय.

मन मथुरा, दिल द्वारकां, काया काशी जान;
दसमें द्वारे द्दय देहरा, तामे जोत पयछान.

માત્ર શબ્દ પંડિતો, philologists માટે અસલના જમાનાથી શું ધારવામાં આવે છે, તે શ્યાણાઓ સમજી શકશે. The letter killeth. શ્રી કૃષ્ણ કહે છે,

दिव्यम् ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ।

art gracious, with whom Thou art not angry, and such as go not astray. (*Koran, Surah I, 1 to 7.*)

God's is the east and the west, then which way soever ye turn, there is the face of God. Surely God is omnipresent, omniscient. (*Koran, II, 109.*)

Whoso desires the reward of this world, verily with God is the reward of this world and the Hereafter, and God both hears and sees. (*Koran, IV, 133.*)

Ye believers, fear God, and desire to draw near to Him, and strive in the way of God, that ye may be happy. (*Koran V, 39.*)

And He it is who has made you from one soul and set a term and a resting place. (*Koran, VI, 99.*)

God will gather us together, and to Him shall we return. (*Koran, XLII, 14.*)

Verily we are from God and to Him we return.

We (God) created man, and We knew what his soul whispers within him; and We are nearer to him than his jugular vein. (*Koran, Surah, 21, 15.*)

પયગામ્બર સાહેબ મહુમદે કહ્યું છે કે, God is a hidden treasure and desired to be known; therefore He created man. He who knows himself, knows God. There are 70,000 veils between God and His creatures. (*Sayings of Mahomed.*)

ઇશ્વરજીની ભેટ વિષે કબીર નીચે પ્રમાણે કહે છે:—

सर्वोपर सत् पुरुष हय, सबके जीवन आप;[1]
प्रथम वंदना ताहिको, नाश होत सब पाप.

ऐसा कोई ना मिला, घटमे अलख लखाय;
बिन बत्ति बिन, तेल बिन, जलती जोत दिखाय.

---

१. In Thee we live and move and have our being.

साहेब तेरी साहेबी, सब घट रही समाय;
ज्युं मेहदीके पातमे, लाली लखी न जाय.

ज्युं नैननमे पुतली, युं खालेक घट मांहे;
भुलां लोक न जान हि, बाहेर ढुंढन जाये.

कस्तुरी कुंडल बसे, मृग धुंडे वन मांहि;
अैसे घट घट राम हय, पर दुनियां देखे नाहि.

बाहेर भित्तर राम हय, नैननका अभिराम;[1]
जित देखु तित राम हय, राम बिना नहिं ठाम.

पावक रुपी राम हय, सब घट रहा समाय;
चित्त चकमक लागे नहिं, धुंवा बहिं बहिं जाय.

मे जानुं हरि दुर हय, हरि हृदय मांहि;
आडी त्रोडी कपटकी, तासे दीसत नांहि.

कोइ एक पावे संत जन, जा के पांचो हाथ;[2]
जाको पांचो वश नहिं, ताको हरि संग न साथ.

मनखा जतन पायके, भजीयो न रघुपति राय;
तेली केरा बेल ज्युं, फिर फिर फेरा खाय.[3]

जैसे माया मन रमे, तैसे राम रमाय;
तारा मंडळ छांडके, जहां केशव तहां जाय.

---

૧. ખુશાલી, આનંદ. ૨. પાંચે ઇન્દ્રિ; ઇન્દ્રિયજીત. ૩. ઈશ્વર ન ભજવે, પુનર્જન્મના ચક્કર ખાય છે.

ભાગ બીજો.

જરથોસ્તી દીનના રૂહાની (આધ્યાત્મિક) વિષયો.

સકળ સૃષ્ટિ રચના.[1]

અજ઼્ હુમોઇન્ હર્ આઇન્ ગુનાહ્......ઑએમ્ અંદર્ દામે અહુરમજ઼્દ જસ્ત્, ચુન સતર્, માહ્ ઓ ખોર્શેદ્, આતશ્ સોહર્

---

૧. જરથોસ્તી ધર્મ પુસ્તકોનો બદકાર સીકંદર રૂમીએ નાશ કરેલો હોવાથી, આ વિષય બરોબર ઊકેલવો અશકય છે. છતાં પહેલવી બુન્દેહેશમાં સૃષ્ટિ ઉત્પત્તિનું કેટલુંક વર્ણન છે. વળી ફરવર્દીન યશતમાં અવસ્તામાં અષો ફરોહરે તે મહાન કાર્યમાં કેટલી સહાયતા આપી તે જણાવ્યું છે. તે ઉપરથી એમ સિદ્ધ નથી થતું કે બીજી યઝદી શકિતઓએ તેમાં સહાયતા કમ આપી છે. છતાં અવસ્તામાં વધુ ઇશારાઓ ન હોવાથી નીચલાં પાનોમાં ફરોહરોએ ભજવેલો ભાગ વધુ જણાઈ આવે છે. આ ફરોહરો સાથે પુર્વકાળની વ્યકિતમાં રીશીપદે પહોંચેલા મનુષ્યો પ્રલયકાળ પછી જગદુત્પત્તિમાં કરેલો મહાભારત ભાગ, હિંદુ શાસ્ત્ર પ્રમાણે ભજવે છે, તે સરખાવી જોવું જોઇએ. પાઝંદ અને અવસ્તા પુસ્તકોમાંથી, રીસ્તીસ્તાનના ભાગ બીજામાં એર્વદ શેહરયારજી દાદાભાઇ ભરૂચાએ જગદુત્પત્તિ (cosmogony), તેનું સ્વરૂપ અને જગતની વ્યકિતઓનું વર્ગીકરણ એ વીષયો ઉપર પાન ૩૦૬ થી ૩૨૮ સુધીમાં કેટલુંક વર્ણન આપ્યું છે, જો કે આ લેખકના અભિપ્રાય મુજબ તેમાં ઘણી ભુલો છે. એમણે એ પુસ્તકમાં જે જે ધર્મપુસ્તકોનો આધાર લીધો છે, તે વાંચી જુવો. હિંદુ માન્યતા શું છે તે જાણવા માટે શ્રીમદ્ભાગવતમાં મહત્તત્વાદિકથી થયેલી સૃષ્ટિનું વર્ણન, વિરાટ્ પુરૂષની ઉત્પત્તિ તથા અધિદૈવાદિકના ભેદ, ભગવાનના નાભિકમળમાંથી બ્રહ્મા જન્મયા, પ્રાકૃતાદિક દશ પ્રકારની સૃષ્ટિ ઈત્યાદિ ૫, ૬, ૭, ૮ અને ૧૦ માં અધ્યાયો અધ્યયનને પાત્ર છે. વળી જુવો ભગવદ્ ગીતામાં વિભૂતિ યોગ અને વિશ્વરૂપ દર્શનયોગ અધ્યાય ૧૦ અને ૧૧ મા. તેની સાથે બાઈબલની Genesis માં દેખાડેલું ચિત્ર પણ મુકી જુવો. આપણા ધર્મપુસ્તકોની કમભાગ્ય ગેરહાજરીમાં બીજા ધર્મોમાં આ ચિત્તાકર્ષક વિષય માટે શું લખ્યું છે, તે ખરેજ જાણવું અગત્યનું છે.

સોજા, સગ્, વએ, ગોસ્પંદ્ પંજ્ આઇન્, ઓ અવરે ગવહે દેહેશનાંન્ ઇન્ અહુરમઝ્દ ખેશ્, ચુન્ અંદર્ગ્ જમીન્ ઓ આસ્માંન્, ચુન્ મન્ અંદર્ ગુનેહ્ગાર્ બુદ્ ઍસ્તેદ્ હૅામ્, અઝ્ આંન્ ગુનાહ્......પ પતેત્ હૅામ.

સઘળી પ્રકારનું (તથા) દરેક જાતનું પાપ, કે જે મારેથી અહુરમજદની સંસર્ગ[1] સાથે થયું હોય, જેમકે તારા, ચંદ્ર, તથા આફતાબ સાથે, (તથા) રાતા (અને) બળતા આતશ સાથે, (તથા) કુતરા, પક્ષી, અને પાંચ જાતનાં જાનવરો સાથે, તથા (એ ઉપરાંત) જમીન અને આકાશની મધ્યે બીજી સારી ઉત્પત્તિની, કે જે અહુરમજદની પોતાની (છે તેની) સાથે જો હું પાપી થયો હોવું, તો તે સર્વ પાપોથી પતેત કરીને પશ્ચાતાપ કરૂં છું. (પતેત પશેમાની ક. ૮.)

અષો જરથુસ્ત્ર સાહેબથી માંડીને જરથુસ્ત્રોતેમો સાહેબો અને આબીદ સાહેબો 'દએન' નું મહાન શાસ્ત્ર જાણતા હતા. તે શાસ્ત્ર સાથે આજની પદાર્થ શાસ્ત્ર (Western Science) ની શી સરખામણી? 'દએન' શાસ્ત્ર, ફ્રવાષીની અનદીઠ અને અનહદ શકિતઓ ખીલવે છે, જે રફતે, રફતે ખુદાઈ શકિતને પહોંચી વળે છે.

આ શકિતઓ આપણા અવસ્તા નુસ્કોના ગુમ થવા સાથે લોપ થઇ છે ખરી. પણ તેવીજ શકિતઓ જગતમાં આજે પણ અષોઈ અને મન અને ઈન્દ્રિઓ ઉપરની જીતથી મેળવી શકાય છે. તેની યાદ આજે પણ હિન્દુ શાસ્ત્ર આપેછે. નીચલી શકિતઓ હિન્દુ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, જો કે તે શકિતઓ મેળવવા કરતાં પણ વધારે, તો તેમને છોડી દઈને, દાવરે દાદગર સાથે હમેશગી માટેનો મેલાપ અને એકયતા છે, એમ સર્વથી શ્રેષ્ઠ આબીદ સાહેબો જગતને જણાવતા આવ્યા છે.

अणिमा लघिमा प्राप्तिः प्राकाम्यं महिमा तथा।
ईशित्वं च वशित्वं च तथा कामावसायिता ॥

આ જાતની ૮ સિદ્ધિઓ હિન્દુ શાસ્ત્રમાં જણાવેલી છે. अणिमा એટલે માનવીએ માત્ર આણુ જેટલા ઝીણા બની જવું; लघिमा એટલે હવા કરતાં પણ ઓછા વજનનું મરજી પડે ત્યારે બની જવું; प्राप्ति એટલે મન ચાહે તે વસ્તુ પ્રાપ્ત કરવી; प्राकाम्यं ઈચ્છા શકિતથી જે ખાહેશ હોય તે બનાવી શકવું; महिमा એટલે, શરીરને ગમે એટલું મોટું (આકાશને પણ લાગે એટલું) બનાવી દેવું; ईशित्वं એટલે મહાત્મય પામવું; वशित्वं એટલે સામેવાળાનું વશીકરણ કરી દેવું, પોતાની ઈચ્છાને તાબે કરી દેવું; कामावसायिता કામ અથવા હવસને દાબી દેવું.

૧. સૃષ્ટિ.

વીસ્પાંમ્ અષઑનો સ્તીમ્ યજમઇદે, મઇન્યેવીમ્ચા ગએથ્યાંમ્ચા, ઑરેજા વંઘ્રહેઉશ્ અષહે, ઑરેજા દએનયાઑ વંઘ્રહુયાઑ માજ્દય-સ્નોઇશ્.

ભલી અષોઇની આકાંક્ષાથી[1] (તથા) ભલી માજદયસ્ની દીનની ઇચ્છાથી અષો (અહુરમજ્દ) ની મીનોને લગતી તથા ગેતીને લગતી સંસર્ગને અમે વખાણીયે છિયે. (મોટી હપ્તન યશ્ત ક. ૧ ફ૦ ૧.

ઇથા આત્ યજમઇદે ગેઉશ્ ઉર્વાનેમ્ચા તષાનેમ્ચા, અહ્‌માકેનગ્ આઅત્ ઉરુનો પસુકનાંમ્ચા.

એ પ્રમાણે આ સ્થળે જગતનાં જવાહિરને અને (તેના) બનાવનારને (તથા) અમારાં તેમજ પશુઓનાં રવાનને અમે વંદયે છિયે.

(મોટી હપ્તન યશ્ત ક. ૫. ફ. ૧

તિશ્ત્રીમ્ સ્તારેમ્ રએવન્તેમ્ ખરેનંઘ્વઉહન્તેમ્ યજમઇદે; યિ વીસ્પાઇશ્ પઇતિ-શ્મરેન્તે યાઇશ્ સ્પેન્તહે મઇન્યેઉશ્ દામાંન્, અપઇરિ-જેમાઇશ્ચ, ઉપઇરિ-જેમાઇશ્ચ, યાચ ઉપાપ, યાચ ઉપસ્મ, યાચ ફ્રપ્તેરેજાંન્, યાચ રવસચરાંન્, યાચ ઉપઇરિ તાઓ અકરન અનઅષઑનો સ્તિશ્ આઇધિ.

ચળકાટવાળા (તથા) ખુરેહવાળા તેશ્તર તારાને અમે યાદ કરીયે છિયે, જેને સ્પેનામીનોની સઘળી ઉત્પત્તિ (જેવી કે) જમીનની અંદર રહેનારાં, ભમીની ઉપર રહેનારાં, પાણીમાં રહેનારાં, પાણી ઉપર રહેનારાં, ઉડનારાં (અથવા પાંખવાળાં), લાંબી ફલંગ મારનારાં, તથા એ ઉપરાંત અષો (અહુરમજ્દ) ની બીજી અપાર (અને) અનહદ સંસર્ગ આતુરતાથી યાદ કરે છે. (તીર યશ્ત. ક. ૧૫. ફ. ૪૮

હખ્ય વીસ્પયાઑ અષઑનો સ્તોઇશ્ યજમઇદે.

અષો અહુરમજ્દની સઘળી સૃષ્ટિના મીત્રોને અમે યાદ કર્યે છિયે

(સરોશ યશ્ત હાદોખ્ત ફ. ૧૭

કેહ્રપેમ્ વીસ્પયાઑ અષઑનો સ્તોઇશ્ યજમઇદે.

અષો (અહુરમજ્દ) ની સર્વ પેદાએશની મુખ્ય બાબદોને અમે વખાણયે છિયે. (સરોશ યશ્ત હાદોખ્ત ફ. ૨૧

---

૧. ઈચ્છાથી.

અહુરાઇ મજ્દાઇ વંઘુહવે વૉહૂમઇતે, વીસ્પા વૉહૂ ચિનહ્મી, અષાઉને રએવઇતે, ખરૅનંઘ્વઉહઇતે યા જી ચીચા વહિશ્તા; યેંઘ્નહે ગાઉશ, યેંઘ્નહે અષૅમ, યેંઘ્નહે રઑચાઑ, યેંઘ્નહે રઑચૅબીશ રેઇથ્વૅન્ ખાથ્રા.

(જગતની) સઘળી વસ્તુએ ભલા (તથા) ભલાઇવાળા, અષો રિદ્ધિ સિદ્ધિવાળા[1] (તથા) ખુરેહવાળા અહુરમજ્દને હું લાગુ પાડું છું; કારણ કે જે કાંઇ સર્વથી શ્રેષ્ઠ (છે) (તે સર્વ તેનુંજ છે).[2] (જે અહુરમજ્દની) (આ) દુનિયાં (છે), જેની અષોઇ (છે), જેની (આકાશની) પ્રકાશો (છે); (તથા) જેનો ચળકાટ (આકાશના અસંખ્ય) દીપકો સાથે મલી ગયો છે. (દીનનો કલમો, ફ. ૧ અવસ્તામાં.)

યત્‌ચિત્ અહિ રપ્ન્વો અષાઉમ્, ઉપ અવે સ્તારો યોઇ સ્પૅન્તોમઇન્યવ, જઅયમહિ ફ્રીનામહિ.

(તું) અએ સત્ય રશ્ને! આ તારા જે સ્પેનામીનોની સૃષ્ટિને લગતા છે, તેમની દીશાએ હોય તો, (ત્યાંથી) હમે તારાં નામનું સ્મરણ કર્યે છિયે. (રશ્ને યશ્ત, ફ૦ ૩૨.)

યત્ તિતરત્ અંઘ્રો મઇન્યુશ દાહીમ અપહૅ વંઘ્નહેઉશ, અન્તરે પઇરિ–અવાઇતૅમ્ વૉહુચ મનો આતર્શ્ચ.

(વળી) જ્યારે અંગ્રમીનોએ ભલી અષોઇની સંસર્ગમાં એકાએક ધસારો કરીને પ્રવેશ કર્યો, (ત્યારે) તેમની મદદે બહમન (અમેષાસ્પંદ) તથા આદર (યજદ) ગયા. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૭૭.)

તાઑ જી હૅન્તિ યાસ્કૅર્સ્તૅમાઑ વયાઑ મનિવાઑ દામાંન્, યાઑ અષાઉનાંમ્ વંઘ્નઉહીશ સૂરાઑ, સ્પૅન્તાઑ ફ્રવશયો, યાઑ તધ ઑર્ષ્વાઑ હિશ્તેન્ત, યત્ મઇન્યૂ દામાંન્ દઇધીતૅમ્, યસ્ચ સ્પૅન્તો મઇન્યુશ યસ્ચ અંઘ્રો.

---

૧. સંપત્તિવાળા. ૨. ભગવદગીતામાં જણાવ્યું છે કે :—

> यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
> तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥

(વિભૂતિયોગ અધ્યાય ૧૦–૪૧.)

જગતમાં જે પણ મહાન, શ્રદ્ધાળુ, આબાદ અને પરાક્રમી છે, તે સૌ મારા અંશથી ઉત્પન્ન થયું છે. (આ અધ્યાય ૧૦ મો આખો જાણવા જોગ છે.)

તેઓ અષોનાં ભલાં, શુરાં (તથા) (જગતનાં) કલ્યાણકારી ફરોહરો એ મીનોની સંસર્ગમાં જરૂર ઘણાંજ અસરકારક છે.

જ્યારે બે મીનો જે સ્પેનામીનો તથા જે અંગ્રેમીનો (એમણે) સૃષ્ટિ રચી હતી, (ત્યારે) તેઓ (ફરોહરો) ત્યાં મદદ દેવાને સારૂં દ્રઢ ઉભાં હતાં. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૭૬.)

યાંમ્ચ ગયેહે, યાંમ્ચ સ્તઑયો અષાવઑયો.

જીવન (જાન)નાં ફરોહરને તથા અષો સૃષ્ટિનાં ફરોહરને (અમે ભજ્યે છિયે). (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૮૯.)

અઇરયનાંમ્ દખ્યુનાંમ્ નરાંમ્ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે; અઇરયનાંમ્ દખ્યુનાંમ્ નાઇરિનાંમ્ અષઑનિનાંમ્ ફ્રવષયો યજમઇદે; તૂઇરયનાંમ્ દખ્યુનાંમ્ નરાંમ્ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે; તૂઇરિયનાંમ્ દખ્યુનાંમ્ નાઇરિનાંમ્ અષઑનિનાંમ્ ફ્રવષયો યજમઇદે; સઇરિમનાંમ્ દખ્યુનાંમ્ નરાંમ્ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે; સઇરિમનાંમ્ દખ્યુનાંમ્ નાઇરિનાંમ્ અષઑનિનાંમ્ ફ્રવષયો યજમઇદે.

ઇરાની (આર્યન) દેશોનાં અષો નરોનાં ફરોહરોનું અમે સ્તવન કર્યે છિયે; ઇરાની દેશોની અષો નારીઓનાં ફરોહરોને અમે આરાધ્યે છિયે; તુરાની દેશોના અષો નરોનાં ફરોહરોનું અમે વંદન કર્યે છિયે; તુરાની દેશોની અષો નારીઓના ફરોહરોનું અમે વંદન કર્યે છિયે. સઇરિમ દેશોના અષો નરોનાં ફરોહરોને અમે પુજ્યે છિયે; સઇરિમ દેશોના અષો નારીઓનાં ફરોહરોને અમે ભજ્યે છિયે. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૪૩.)

સાઇનિનાંમ્ દખ્યુનાંમ્ નરાંમ્ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે; સાઇનિનાંમ્ દખ્યુનાંમ્ નાઇરિનાંમ્ અષઑનિનાંમ્ ફ્રવષયો યજમઇદે; દાહીનાંમ્ દખ્યુનાંમ્ નરાંમ્ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે; દાહીનાંમ્ દખ્યુનાંમ્ નાઇરિનાંમ્ અષઑનિનાંમ્ ફ્રવષયો યજમઇદે.

સાઇનિ દેશોના અષો નરોનાં ફરોહરોને અમે સ્તવ્યે છિયે; સાઇનિ દેશોની અષો નારીઓનાં ફરોહરોનું અમે પ્રેમથી સ્તવન કર્યે છિયે; દાહી દેશોનાં અષો નરોનાં ફરોહરોને અમે માન સાથ યાદ કર્યે છિયે; દાહી દેશોની અષો નારીઓના ફરોહરોનો અમે સત્કાર કર્યે છિયે. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૪૪.)

વીસ્પનાંમ્ દખ્યુનાંમ્ નરાંમ્ અષઑનાંમ્ ફ્રવષયો યજમઇદે; વીસ્પનાંમ્ દખ્યુનાંમ્ નાઇરિનાંમ્ અષઑનિનાંમ્ ફ્રવષયો યજમઇદે; વીસ્પાઑ અષાઉનાંમ્ વંઘુઉહીશ્ સૂરાઑ સ્પેન્તાઑ ફ્રવષયો યજમઇદે; યાઑ હચ ગયાત્ મરેથ્નત્ આ–સઑષ્યન્તાત્ વૅરેથ્રઘ્નત.

તમામ દેશોના અષો નરોના ફ્રોહરોને અમે ભજ્યે છિયે; સર્વ દેશોની અષો નારીઓનાં ફ્રોહરોને અમે પૂજ્યે છિયે. ગયોમર્દથી તે ફ્તેહમંદ સોસ્યોશ પર્યંત અષોનાં સર્વ ભલાં, શરાં (તથા) (જગતનાં) કલ્યાણકારી ફ્રોહરને અમે વંદયે છિયે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૫.)

વીસ્પનાંમચ આઁઘ્રહાંમ્ અષઑનાંમ્ અષઑનિનાંમચ ઇધ યજમઇદે ફ્રવષીમ.

સર્વ અષો (નરો)નાં તથા અષો (નારીઓ)નાં ફ્રોહરોને આ જગ્યાએ અમે માન સાથે યાદ કર્યે છિયે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૮.)

પઓઇર્યનાંમ્ ત્કએષનાંમ્ પઓઇરયનાંમ્ સાસ્નો-ગૂષાંમ, ઇધ અષઑનાંમ્ અષઑનિનાંમચ, અહૂમચ દઍનાંમચ બઑધેસચ ઉર્વાનૅમચ ફ્રવષીમચ યજમઇદે, યોઇ અષાઇ વઑનરે. નબાનજદિશ્તનાંમ ઇધ અષઑનાંમ્ અષઑનિનાંમચ, અહૂમચ દઍનાંમચ બઑધેસચ, ઉર્વાનૅમચ ફ્રવષીમચ યજમઇદે. યોઇ અષાઇ વઑનરે.

પોઇર્યોદકેશોમાંનાં (તથા) પ્રથમ દીન સ્વિકારનારાઓમાંના અષો (નરો) તથા અષો (સ્ત્રીઓ), જેઓ અષોઇને કાજે ફ્તેહથી લડયાં, (તેમના) આત્માને, અંતઃકરણને, બુદ્ધિને, રવાનને તથા ફ્રોહરને આ સ્થળે અમે ભજ્યે છિયે. નબાનજ્દિશ્તોમાંના અષો (માણસો) તથા અષો (બાઇડીઓ), જેઓએ અષોઇને સારૂં જય સાથ યુદ્ધ મચાવી, (તેમના) આત્માને, અંતઃકરણને, બુદ્ધિને, રવાનને તથા ફ્રોહરોને અમે ભજ્યે છિયે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૯.)

અવત અપયતે નાંમ અહ્મિ, યત વ દાંમ અપયેમિ, યસચ દથત સ્પેન્તો મઇન્યુશ, યસચ દથત અંગ્રો મઇન્યુશ.

(હું) પહોંચનાર નામવાળો એટલા માટે છું; કારણ કે બે (જાતનાં) સંસર્ગ કે જે સ્પેનામીનોએ બનાવી તથા જે અંગ્રેમીનોએ ઉપજાવી, તે બન્ને સંસર્ગને હું પહોંચી શકું છું. (રામ યશ્ત, ફ૦ ૪૩.)

ઉર્વ્રેમ્ કવઍમ્ ખરૅનો મજદધાતૅમ્ યજમઇદે;......તરધાતૅમ્ અન્યાઇશ દામાંન.

બીજી પેદાયશોનાં કરતાં વધુ ચઢતાં ઉપજાવેલાં, (એ સઘળા ગુણો ધરાવનાર), અહુરમજદના સરજેલાં બળવાન કયાની ખોરેહને અમે ભજયે છિયે. (જમ્યાદ યશ્ત ફ૦ ૯.)

ઇમાંમચ જાંમ્ યજમઇદે, અઑમચ અસ્મનૅમ્ યજમઇદે; તાચ વૉહૂ યજમઇદે, યા અન્તરેસ્તા યેસન્યાચ વહ્મ્યાચ ક્રાયશત્વ નઇરે અષઑને.

આ પૃથ્વીને અમે યાદ કર્યે છિયે; આ આકાશને અમે યાદ કર્યે છિયે, (તથા) (જમીન અને આકાશની) મધ્યે આવેલી આરાધનાને યોગ્ય તથા સત્કારને લાયક આ (સર્વ) સારી સંસર્ગ (જે) અષો માણસને માટે આરાધનાને યોગ્ય, (એ) સઘળાને અમે યાદ કર્યે છિયે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૫૩.)

માર્ગ.

પથાંમ્ ખાસ્નાઇતીમ્ યજમઇદે.

માર્ગોમાંનો જે પસંદ કરવા યોગ્ય (માર્ગ, તેને) અમે વખાણયે છિયે. (ગાહ્ગ્ગાહ નિયાયશ ફ૦ ૮.)

આફ્રઇરીમ્ તકઍપૅમ્ અપવનૅમ્ અપહૅ રત્મ્ યજમઇદે.

અપોઇના પતિ, પવિત્ર અહુરમઝદા ધારાને (અથવા દીન) ને અમે વખાણયે છિયે. (હાવન ગેહ ફ૦ ૫.)

ઑઍમ્ ગૅરફ્તેહ્ હૅામ હરૅવૅસ્પ રાહે રાસ્તી ફ્રરાઝ્ન બૅહૅશ્તની દેહૅામ હરૅવૅસ્પ રાહે અરાસ્તી અવાઝ્ન.

સઘળી અપોઇનો (તથા) પવીત્ર માર્ગ મેં પકડયો છે; અપવીત્રાઇનો (તથા) દુષ્ટ માર્ગનો હું ત્યાગ કરૂં છું. (પતેત પશેમાની ફ૦ ૧૨.)

પથાંમચા વીચરનાઑ યજમઇદે; પથાંમચા હનજમનાઑ યજમઇદે.

રસ્તાઓમાંના અન્યોઅન્ય[1] માર્ગોને અમે વખાણ્યે છિયે; રસ્તાઓ-માંના ભેગા થયેલા રસ્તાઓને અમે સ્તવ્યે છિયે.

(મોટી હપ્તન યશ્ત. ક. ૮. ફ૦ ૧.)

કુથ પર અષઑનાંમ પથ ઉર્વઍસઇતિ, કુથ દ્રવતાંમ. આઅત્ અઑત્ અહુરો મજ્દાઑ યેજિ મે માંથ્રંમ ફ્રશ્રવ, મરાઑ વા, દ્રેન્જયાઑ વા, ફ્રા-વા શ્રવ કર્ષાઇમ્ કારયેઇતિ, હઑમ તનૂમ ગઑ-જઇતિ.

અષોનો માર્ગ (તથા) દુષ્ટનો માર્ગ (પરસ્પર)[2] કેવી રીતે જુદો પડે છે? ત્યારે અહુરમજ્દે કહ્યું કે જો (કોઇ માણસ) મારા માંથ્ર મોટે સ્વરે ભણે, (તથા તે માંથ્રને) યાદ કરનારો તથા ભણનારો (થાય) અથવા ભણતાં ભણતાં કશ ખેંચે તો, (તે માનવી) પોતાનાં તનનું (દૈત્ય દરૂજના હુમલાથી તથા પાપી માર્ગથી) પાલન કરે છે.

(ખોરદાદ યશ્ત. ફ૦ ૪.)

અર્શ-તકઍષમ્ બવાહિ યથ રશ્નૂશ.

(સત્યવાદી) રશ્ને (યજદ) ના જેવો સત્યનીયમ પ્રમાણે વર્તનારો તું થજે!

(આફ્રીને જરથોશ્ત.ફ૦ ૭.)

યેંઘ્રહે દએન માજ્દયસ્નિશ ખ્વાતે પથો રાધઇતિ.

જેનો (મેહર યજદની ગાડીને) જવાનો માર્ગ માજદયસ્ની (જરથુશ્તિ) દએન પોતે દેખાડે છે.[3]

(મેહેર યશ્ત, ફ૦ ૬૮.)

યેંઘહે વાક્ષ ગૅરજાનહે ઉસ્ અવ રઑચાઑ અજ્નઑઇતિ, અવ પઇરિ ઇમાંમ્ જાંમ જસઇતિ, વી હપ્ત કરષ્વાંન્ જસઇતિ, યત્-ચિત્ નૅમંઘ્રહ વાચિમ્ બરઇતિ યત્ ગઑશચિત્.

જેનો કાલાવાલાનો અવાજ (તે) નમ્રતાથી ધીમે અવાજે અથવા મ્હોટે સાદે બોલે, (તોપણ) (તે અવાજ) આકાશ સુધી ઉંચે જાય છે, આ જમીનની આસપાસ પહોંચે છે (તથા) જગતના સાત ખંડ (હફ્તે કેશવર) તરફ ફેલાય છે.

(મેહેર યશ્ત, ફ૦ ૮૫.)

---

૧. જુદા જુદા. ૨. એકમેકથી. ૩. ખુરશેદ, મહેરની ન્યાયશ ઉપરથી માલમ પડે છે કે દએન, ખુરશેદ મારફતે, માનવીના ફરોહરને પાએરી ઉપર પાએરી ચઢાવીને, અહુરમજદ સાથે મુલાકાત કરાવે છે. ખુરશેદપાયા બહેશ્ત પણ એજ અનુ-માનને ટેકો આપે છે.

ચિથ્રાઓ મિથ્રહે ફ્રયનાઓ.

મેહર યજ્દના માર્ગો જાહેર (છે). (મેહેર યશ્ત ફ૦ ૧૧૨.)

મજ્દધાતॅમ્ પઇતિ પન્તાંમ્, બઘॅા-બખ્તॅમ્ પઇતિ યઓનॅમ.

અહુરમજદના સરજેલાને સારો માર્ગ (પાણીઓ) દેખાડે છે.

(ફ્રવર્દીન યશ્ત. ફ૦ ૫૪.)

યાઓ પર અહ્માત્ હિશ્તॅન્ત ફ્રધાતાઓ અફ્રઓક્ષયેઇન્તીશ્, હમય ગાત્વો દરॅઘॅમચિત્ પઇરિ જ્રૂવાનॅમ.

જે (ઝાડો) તે (મદદ) ની આગમજ લાંબા કાળ સુધી એકજ સ્થળે અને સ્થિતિમાં વધ્યા વિના રેહેલાં હતાં.[1] (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૫૫.)

ફ્રવક્ષયેઇન્તિ મજ્દધાતॅમ્ પઇતિ પન્તાંમ્ બઘા-બખ્તॅમ્ પઇતિ યઓનॅમ્, ફ્રાથ્વરૂશ્તॅમ.

અહુરમજદના પેદા કરેલા માર્ગમાં, ઇશ્વરના બનાવેલા માર્ગમાં (તથા) નિર્મિત સમયે વધે છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૫૬.)

આઇનિવ નાંમ્ અહ્મિ.

માર્ગદર્શક નામવાળો હું છું. (રામ યશ્ત, ફ૦ ૪.)

હ્વો ને મજ્દા વશ્તી અષાઇચા, ચરॅકॅરॅથ્રા સ્રાવયેંધ્રહે.

જે (પેગમ્બર જરથુશ્ત્ર) પોતે અહુરમજદની મારફતે અષોઇ (નો પ્રસાર કરવા) ને માટે (તથા) જગતની ખરી ફરજો અમને પ્રગટ કરવાને ઇચ્છે છે. (હા. ૨૯, ફ૦ ૮.)

યે-મોઇ અષાત્ હઇથીમ્ હચા વરેષઇતી જરથુશ્ત્રાઇ, હ્યત્ વસ્ના ફ્રષॅાતॅમॅમ્, અહ્માઇ મીજ્દॅમ્ હનॅન્તે પરાહૂમ, મને વીસ્તાઇશ મત્ વીસ્પાઇશ ગાવા અજી; તાચીત્ મોઇ સાંસ્ ત્વॅમ મજ્દા વએદિશ્તો.

જે કોઇ હું જરથુશ્ત્રને માટે ખરેખર અષોઇથી (તથા) પોતાનાં ખરાં હૈયાંની ઇચ્છાથી કાર્ય કરશે, તે (નર) (આ) ફરતી પૃથ્વિ

૧. હિન્દુશાસ્ત્ર પ્રમાણે જ્યારે પ્રલયકાળ પછી બ્રહ્માએ (જે અહુરમજ્દ અમેષાસ્પંદની માફક જગતકર્ત્તા છે, તેણે) સૃષ્ટિ ઉત્પન્ન કરવાને પ્રયત્ન કર્યો, ત્યારે મહા કષ્ટ ભોગવ્યું. દરેક ક્રિયા આગળ વધારવામાં તેને મુશ્કેલી નડયા કરી અને તેણે પરબ્રહ્મન અથવા વિષ્ણુ ઇત્યાદી (અપુર્વ અહુરમજદ ઇત્યાદી) ની મદદ માંગી અને તેમની સહાયતાથીજ સૃષ્ટિ ઉત્પન્ન કરી શકયો.

ઉપર પૂર્ણ આબરૂની દોલત સાથે, પરલોકમાં બદલાને અધિકારી ગણાશે. એ હે સર્વજ્ઞ અહુરમજદ! તેં મને શીખાડયું.

(હા. ૪૬, ફ૦ ૧૯.)

અત્ યસ્તેમ્ નોઇત્ ના ઇસેંમ્નો આયાત્, દ્રુજો હ્વેં દામાંન્ હુઇથ્યા ગાત્, હ્વો જી દ્રેગ્વાઓ યે દ્રેગ્વાઇતે વહિશ્તો, હ્વો અષવા યહ્માઇ અષવા ફ્રયો; યત્ દએંનાઓ પઓઉરૂયાઓ દાઓ અહુરા.

જે માણસ પ્રબળ હોવા છતાં, (તે દુષ્ટ માનવને) (શિક્ષા કરવાને) તેની સમીપ[1] જતો નથી, તે પોતે ખરેખર દરૂજની સંસર્ગનો ગણાય. કારણ કે જે કોઇ દુષ્ટ (માણસ) ને માટે ઘણો સારો તે પોતે દુષ્ટ (છે). (એથી ઉલટું) જેને માટે અષો માણસ પ્યારો, તે પોતે અષો (છે).[2] એ પ્રમાણે સર્વથી પ્રથમ દએનના કાયદા, અહો! અહુરમજદ તેં મુકરર કીધા.

(હા. ૪૬, ફ૦ ૬.)

અહ્માત મન્યેંઉશ રાશ્યેઇન્તી દ્રેગ્વન્તો, મજ્દા સ્પેન્તાત નોઇત ઇથા અષઓનો; કસેઉશ્ચીત ના અષઓને કાથે અંઘઇત, ઇસ્વાચીત હાંસ્ પરઓશ અકો દ્રેગ્વાઇતે.

અએ અહુરમજદ! સ્પેનામીનો (ની સંભાળ) ને લીધે પાપી માણસો દુઃખી થાય છે, પણ અષો માણસો નહીં. અષો માણસને રાજી રાખવા સારૂં કોઇપણ માનવી થોડી (વસ્તુ) ની હાજતમાં હોય છે. દુષ્ટ માણસને (રાજી રાખવા) સારૂં એક ભુંડા માનવી, બલીન (હોવા છતાં), પુષ્કળપણાંની જરૂરીઆત વરાવે છે.

(હા. ૪૭ ફ૦ ૪.)

નોઇત એરેશ-વચાઓ સરેમ્ દદાંસ્ દ્રેગ્વાતા; હ્યત દએંનાઓ વહિશ્તે યૂજેન્ મીજ્દે, અષા યુખ્તા યાહી દે—જામાસ્પા.

સત્ય બોલનારે દુષ્ટ માણસની મારફતે (અથવા સાથે) સરદારી ન લેવી. ભક્તજનો સર્વથી શ્રેષ્ઠ બદલામાં[3] સાથે મળી જાય છે, (જેમકે) અષાઇને લીધે બહાદુર (ગુશ્તાસ્પ) અને જામાસ્પ હકીમ (ત્યાં) જોડાયલા (છે).

(હા૦ ૪૯ ફ૦ ૯.)

અત્ તા વક્ષ્યા ઇષેન્તો યા મજ્દાથા હ્યતચીત્ વીદુષે સ્તઓ-તાચા અહુરાઇ યેસ્ન્યાચા વંઘ્હેઉશ મનંઘ્હો હુમાંજ્દા અષા યેચા

---

[1] નઝદીક. [2] જરથોશ્તિ ધર્મના આ ઘણોજ અર્થસુચક અને જાણીતો નીયમ છે. દુષ્ટતાને કદી, કોઈપણ પ્રકારે મદદ ન દેવી. [3] અહુરમઝદના ગરોનમાનમાં.

યા રચ્યોચેબીશ્ દરેસતા ઉર્વાજા.

હએન જાણવાને માટે હે ઉત્સુકો! ઇશ્વરી બે શક્તિ, અહુરમજદને માટે ભજન, પૂજન, ભલાં મનની આરાધના તથા અપોઇને અંગે (મળેલા) ખુબીવાળા માંથ્ર, (એ વિષે) (તમને) હું ઉપદેશ દઇશ. એ (વીષયોને) (તેમના) આત્મબોધને લીધે શિખવાને યોગ્ય (તથા) લાભકારક હું ગણું છું. (હા૦ ૩૦ ફ૦ ૧)

તાચીત્ મજ્દા અહુરા યા નોઇત્ વા અંઘ્રહેત્ અઘ્રહઇતી વા.

અએ અહુરમજદ! જે કાંઇ ન થશે અથવા જે કાંઇ થશે (તે વિષે તું મને માહિતિ દે.) (હા૦ ૩૧ ફ૦ ૫.)

તા થ્વા પૅરેસા અહુરા યા જી આઇતી જેનગ્હતિચા.

જે કાંઇ હમણા બને છે, તથા હવે પછી બનશે તે સંબંધી અહો અહુરમજદ! તને હું પુછું છું. (હા૦ ૩૧ ફ૦ ૧૪.)

મોરેન્દત્, હ્વો જ્યાતૅઉશ્ સૅંગ્હનાઇશ ખ્રતૂમ;......ઇશ્તીમ્ અપયન્તા બૅરૅખ્ધાંમ્ હાઇતીમ્ વંઘ્હેઉશ્ મનંઘ્હો.

તે (પોતાની) (બુરી) શિખામણોથી માણસની અક્કલને આડે માર્ગે દોરવે છે, (એવા માનવો) (મારી) પવીત્ર દાનતની અભીલાષા તથા ખરી ઇચ્છા મારી કનેથી છીનવી લે છે. (હા૦ ૩૨ ફ૦ ૯.)

તા મજ્દા મઇન્યૂ ઉક્ષ્યો, યે આ નૂરેમ્ચીત્ અહુરા હામો.

હે અદૃષ્ય[1] મજ્દ જેઓ નિત્ય એકસમાન (છે) તેમને તું સંપત્તિ દે છે. (હા૦ ૩૧ ફ૦ ૭.)

હ્યત્ અખ્યાઇ દદાઓ પથાંમ્ વાસ્તર્યાત્ વા આઇતે, યે વા નોઇત્ અંઘ્રહેત્ વાસ્ત્ર્યો.

જે મનુષ્ય ઉદ્યોગથી પોતાનું જીવન ગાળે, અથવા જે ઉદ્યોગી ન હોય, તેને માટે (ઘટતો) માર્ગ તેં મુકરર કર્યો છે.[2]

(હા૦ ૩૧ ફ૦ ૯.)

---

૧. અનદિઠ. ૨. વધુ માટે જુવો "માઝદયસ્ની દર્શન"નો પાછળનો વિષય અને દીન ચરત.

સરખામણીઓ.[1]

जैसे माया मन रमे, तैसे राम रमाय,
तारा मंडळ छांडके, जहां केशव तहां जाय.

જેટલું મન સંસારી માયામા રમે છે, તેટલુંજ જો ઇશ્વરમાં લીન થઇ જાય, તો સૂર્ય મંડળ છેદીને જ્યાં દાદગરની દરગાહ, ઇશનુ સ્થાન છે, ત્યાં પહોંચી જાય.

आप खोये हरि मीले, हरि मीलत सब जाय;
अकथ कहांनी रामकी, कहे सो कोन पतियाय?

હુંપણાનું ભાન બુજાઇ જાય ત્યારે ઇશ્વર મળે. ચજદાન મળવે સંસાર વેગળો ચાલી જાય છે. એ વચનથી ન કહેવાય, એવી અજબ ઇશ્વરની વાત છે, તે કહિયે તો માને કોણ ?

राम—कबीरा अेक हय, कहेन सुननको दोय,
दो कर जो जानसी, जाहु गुरु मीला न होय.

ઇશ્વર અને કબીર બન્ને એકજ છે. કહેવા અને સાંભળવા માટે એના નામ માત્ર જુદાં છે. જે રામ અને કબીર બન્ને જુદા છે એમ માને છે, તેઓને સદગુરૂ પ્રાપ્તિ નથી, માટે અજ્ઞાન રહિ ગયા છે.

---

૧. અબોઈનો માર્ગ સમજવો અત્યંત કઠીણ છે. 'અબોઇને ખાતર અબો બનવું" એ માર્મિક મહાવાકયનો ભેદ ઉકેલવો એજ દર્શનનું શાસ્ત્ર સમજવા બરાબર છે. કબીરજીનાં નીચલાં વચનો એ બિકટ કાર્યમાં કિંચિત અંશે પણ સહાયક થઈ પડે, માત્ર એવાજ હેતુથી એમના કેટલાક શ્લોકો અત્રે ટાંકયા છે, જો કે એમને બરાબર અનુસરતાજ અવસ્તા ઉપર ટાંકયા નથી, એટલું જણાવવું જોઈએ. હિંદુ ધર્મનો 'દર્શન' કેવો છે, તેટલું અત્રે ટુંકમાં દેખાડયું છે. જો આ વિષય પુર્ણ રીતે સમજવો હોય તો વેદો, ઉપનિષદો, ભગવદ ગીતા, જુનું Testament, બાઈબલ, બુધ્ધિસ્ટ ધમ્માપદ અને અન્ય પુસ્તકો અને કુરાન ઈત્યાદીનો બહોળો અભ્યાસ કરવો જોઇએ, એટલી સુચના કર્યા ઉપરાંત અત્રે વધુ લખવાનો સમય નથી. વધુ માટે ભાગ ૩) અને અંતે જુદા જુદા ધર્મોમાં શીખાડેલા સદગુણો, જે માર્ગ કાપવા માટે અવશ્યના છે, તે વિષય જુવો.

कोइ एक पावे संतजन, जाके पांचो हाथ;
जाको पांचे वश नहिं, ताको हरि सग न साथ.

ફરીમે કારસાઝનો મેલાપ તે ભક્તનેજ થાય છે, જેણે પાંચે ઇન્દ્રિઓ જીતી છે. જેને એ પાંચ ઇન્દ્રિઓ વશ નથી, તે ઇશ્વર સાથે એક થઇ શકેજ નહિં.

हदमें रहे सो मानवि, बेहद रहे सो साध;
हद बेहद दोनो तजे, ताका मता अगाध.

સાધારણ મનુષ્ય હદ્દવાળું ભાન ધરાવે છે અને વસ્તુઓમાં ગુંટાઇ રહે છે. જે અનહદ્દનું ધ્યાન કરી શકે છે તે સાધૂ સમજવો. પણ હદ્દ અને અનહદ બન્નેનું ભાન છોડી જનાર જે હોય છે, તેની મતિ કોઇ કળી અથવા સમજી શકતું નથી, એટલી અપાર થઇ જાય છે.

हम वासी वहां देशके, जहां गाज रहा ब्रह्मांड,
अनहद बाजा बाज्या, अविचल जोत अखंड.

અમે તે દેશના રહેવાશી છિયે, જ્યાં બ્રહ્માન્ડનું ગાયન (શબ્દ બ્રહ્મ[1] કે અહૂરનવર) સંભળાયા કરે છે. ત્યાં વગર હદ્દે અથવા થોભ વિના તે ગાયન વાગ્યાજ કરે છે, અને ત્યાં આત્મજ્યોતિ જરા પણ હાલ્યા અથવા ઓલવાયા વિના નિત્ય પ્રકાશે છે.

मनखा जनम पाय के, भज्यो न रघुपति राय,
तेली केरा बेल ज्युं, फिर फिर फेरा खाय.

મનુષ્ય જન્મ ધરવા છતાં જો તેં ઇશ્વર ભજન ન કર્યું, તો ઘાંચીના બલદની માફક તારે જન્મ મરણના અનેક ફેરાઓ ખાયા કરવા પડશે.

हरि कृपा तब जानिये, जब दे मानव अवतार,
गुरु कृपा तब जानिये, जब छोडावे संसार,

યઝદાનની મહેર ત્યારે પ્રાપ્ત થઈ ગણાય, જ્યારે માનવ અવતાર અથવા જન્મ તે આપણને દે છે. (માર્ગ દેખાડવાની) ગુરૂની કૃપા ત્યારે જાણવી કે જ્યારે તે સંસારની જંજાળમાંથી મનને છોડવી દે છે.

---

૧. ब्रह्म શબ્દના રૂપમાં; માથ્રના પ્રભાવનું કારણ.

માઝદયસ્ની દએન.

આસ્તુયે દએનાંમ્ વંઘુહીમ્ માઝ્દયસ્નીમ્ ફ્રસ્પાયઓખ્ધ્રાંમ્, નિધા-સ્નઇથિષેમ્, ખએત્વદથાંમ્, અષઓનીમ્. યા હાઇતિનાંમ્ચા, બુષ્યેઇન્તિનાંમ્ચા મજિશ્તાચા, વહિશ્તાચા, સ્રએશ્તાચા, યા આહૂઇરિશ્ જરથુશ્ત્રીશ્.

ભલી માઝદયસ્ની દએન ઝઘડો મટાડનારી, હથ્યાર છોડવનારી, સ્વતંત્રપણું આપનારી, (તથા) અષો (ને) હું વંદુ છું. હાલમાં જેટલી (દીનો) પ્રચલીત છે તથા જેટલી હવે પછી થશે, તેઓમાં સર્વથી મોટી, સર્વથી ઉત્તમ તથા સર્વથી શ્રેષ્ઠ જે (દીન) તે અહુરમજદી જરથુશ્તિ છે. (જસ મે અવંઘહે મજ્દ.)

હક્ષય અજેમચિત્ યો જરથુશ્ત્રો ફ્રતેંમાં ન્માનનાંમચ વીસાંમચ જન્તુનાંમચ દખ્યુનાંમચ, અઘ્હાઓ દએનયાઓ અનુમતયએચ, અનુખ્તયએચ, અનુવર્શ્તયએચ, યા આહૂઇરિશ્ જરથુશત્રિશ. યથ નો આઓઘ્હાંમ્ પાતો મનાઓ, વહિશ્તો ઉર્વાનો, ખાથ્રવઇતીશ્ તન્વો હેન્તો વહિશ્તો અંઘ્હુશ્.

આ દએન કે જે અહુરમજદી જરથુશ્તી (છે) (તેનાં) મત પ્રમાણે તથા (તેનાં) વચન પ્રમાણે તથા (તેનાં ફરમાવ્યા) કાર્યો પ્રમાણે ઘરોના, મોહલ્લાઓના, કસ્બાઓના તથા દેશોના આગેવાનોને હું જે જરથોશ્ત (તે) માર્ગદર્શક બનીશ, જેથી અમારાં મન ખુશ (તથા) (અમારાં) રવાન સર્વથી શ્રેષ્ઠ (થાય), તથા (અમારાં) તન ઝળકતાં હોવાથી સર્વથી ઉત્તમ (પર) લોક લાયક (બને). (હોશબામ.)

૫ ફ્રર્માને તો ખાવર, ૫ ફ્રર્માને તો ખાવર, ૫ ફ્રર્માને તો ખાવર, પદીરમ્ એ મીનમ્ એ ગાયમ્ એ વર્જમ્ દીન્ અવીજેહ્.

એ જતન કરનાર સાહેબ! એ ભૂલોની ક્ષમા કરનાર સાહેબ! એ પાપોના માફ કરનાર સાહેબ! તારા આદેશ પ્રમાણે, તારા હુકમાનુસાર (તથા) તારી આજ્ઞાને અનુકુળ થઇને (તારી મોકલેલી) ખાલેસ (જરથુશ્તી) દીનને હું સ્વિકારૂં છું, મનમાં રાખું છું, કહું છું (જાહેર રીતે બીજાઓને શીખાડું છું) તથા કબુલ છું.

(નામ સેતાયશ્ને.)

વૅરજીમ્ અષવનૅમ્ અષહૅ રતૂમ યજમઇદે, વૅરૅજ વંઘ્રહેઉશ અષહે, વૅરૅજ દઍનયાઓ વંઘ્રહુયાઓ માઝદયસ્નોઇશ, ન્માન્યેહે રથ્વો યસ્નાઇચ વહ્માઇચ.

ભલી અષોના આશીર્વાદથી (તથા) ભલી માજદયસ્ની દએનની આશીર્વાદથી ઘરના વડા સરદારની આરાધના કરવાને માટે, તથા (તેની) ખુબીઓ ગાવાને માટે, અષોઇના વડા અષો બેરેજયનું અમે સ્તવન કર્યે છીએ. (ફ્રરાહેન ગેહ. ફ૦ ૬)

અવ્વલ્ દીન્ જરથુશ્તી પાક.

સઉથી પેહેલ્લે દરજજેની દીન (તે) પાક જરથોશ્તી (દીન) (છે). (અરદીબેહસ્ત યશ્તની નીરંગ.)

દએન માઝ્દયસ્નીશ વીસ્પએષુ વંઘ્રહુષુ, વીસ્પએષુ અષો-ચિથ્રએષુ, હુઇથ્યદાતૅમ્ અથ દાતૅમ્ જરથુશ્ત્રી.

માજદયસ્ની દીન તેમજ જરથુશ્તી કાયદો સઘળી ભલી ઉત્પત્તિઓમાં (તથા) સર્વ અષોઇના બીજવાળી વસ્તુઓમાં, સત્યતાને સર્વથી વધુ ટેકો આપનાર (છે). (સરોશ હાદોખ્ત ફ૦ ૩.)

ફ્રા તે મજ્દાઓ બરત્ પઉર્વનીમ્, અઇવ્યાઓંઘ્રહુનેમ્ સ્તૅહર્-પઅસંઘ્રહેમ્ મઇન્યુ-તાશ્તેમ્, વંઘ્રઉહીમ્ દઍનાંમ્ માઝ્દયસ્નીમ્.

(અએ હોમ!) અહુરમજદ તારાઓથી શૃણગારેલી (તથા) મીનોની બનાવેલી કુશ્તી (તથા) ભલી માજદયસ્ની દએન પ્રથમ તારે કાજે લાવ્યા. (મોટી હોમ યશ્ત ફ૦ ૨૬.)

કુ શેકનમ્, ઓ વાએનુમ્, ઓ નેજાર્ કુનમ કાલ્બુદે શુમા દીવાંન્, ઓ દરૂજાંન્ ઓ જાદુઆંન્, ઓ પરીઆંન્, પ હોમ્ વ બર્સમ્, વ દીને રાસ્ત વ દોરોસ્ત્ વેહ્, કે દાદાર્ અહુરમજ્દ ઑઑ મન્ ચાશીદ્.

હોમ તથા બરસમ વડે, તથા સત્ય અને સંપૂર્ણ (અને) ભલી દીન, કે જે અહુરમજદે (પેગમ્બર જરથુશ્ત્રની મારફતે) મને શીખાડી (તે દીન) થી, તમે દેત્યો તથા દ્રુજો તથા જાદુગરો તથા પરીઓનાં હાડ, માંસને હું તોડું તથા મારૂં તથા તેમનો પરાજય કરૂં. (હોમ યશ્તની નીરંગ.)

હઍધા-ક્રતેમથ્વેમચ અંઘ્રહાઑ દઍનયાઑ યત્ આહુરોઇશ જરથુશ્ત્રોઇશ્.

આ અહુરમજદી જરથુશ્તી દીનનું લાંબા કાળ સુધી ઉત્તમપણું (અથવા શ્રેષ્ટતા) પ્રકાશતી રહેજો! (દોઆ તંદોરસ્તી અવસ્તામાં ફ૦ ૧.)

હમે અંદર્ કસાંરા જરથુશ્તી દીન્ શાદ્ બાદ્.
સર્વ માણસોમાં જરથુશ્તી દીન ખુશાલી હોજો.

(દોઆ તંદોરસ્તી પાજંદમાં.)

યાવરનો અસ્ જરથુશ્ત્રો, યાવરનો કવા વીશતાસ્પો, યાવરના ફ્રૅરષઓશ્ત્રા જામાસ્પા, યાવરનો કસ્ચીત્ સઑષ્યન્તાંમ્ હુઇધ્યાવરૅજામ્ અષાઉનાંમ્, તા વરેનાચા તકએષાચા.

જેવી રીત ધરાવતો (પેગામ્બર) જરથોશ્ત હતો, જેવી રૂઢીવાળો કએ ગુશ્તાસ્પ (હતો), જેવી પદ્ધતિ ધરાવતો ફ્રશોશ્ત્ર (અને) જામાસ્પ (હતા), (તથા) જેવો ધારો ધરાવતો અષો પવીત્ર કાર્ય કરનારા (અને) દુનિયાંને ફાયદો આપનારાં (માણસો) માંનો કોઇએ શખ્સ (હતો), તેવીજ રીતનો તથા ધર્મનો (હું છું.) (દીનનો કલમો અવસ્તામાં ફ૦ ૭)

યહ્નિ વ્યાને દએનયાઇ સ્રીરયાઇ પૅરૅથુ-ફ્રાકયાઇ, મજ અમવ નિધાતૅમ્.

જેનામાં (મેહેર ઇજદમાં) સોહામણી (તથા) પુરતી રીતે પ્રસરેલી (માજદયસ્ની) દીનને માટે બહોળી (તથા) દ્રઢ, તિક્ષ્ણ બુદ્ધિ મુકેલી (છે.) (મેહેર યશ્ત ફ૦ ૬૪.)

અય દએનય ફ્રઑરૅન્ત અહુરો મજદાઑ અષવ, ફ્રા વૉહુ મનો, ફ્રા અષેમ વહિશ્તૅમ ફ્રા ક્ષથ્રૅમ વઇરીમ, ફ્રા સ્પૅન્ત આર્મઇતિશ, ફ્રા હઉર્વત અમૅરૅતાત.

અષો અહુરમજદ, બહમન, અરદીબેહેશ્ત, શહેરેવર, અસ્પંદાદ, ખોરદાદ, (તથા) અમરદાદ આ દીનથી રાજી થયા.

(મેહેર યશ્ત ફ૦ ૯૨)

મિથ્રૉ યો દઍનયાઑ માજદયસ્નોઇશ, અત્ હચઇતે અમહે અયાંન અથ અંઘ્રહાઇતિ વૅરૅથ્રઘ્નહે.

(સદગુણી માણસની) માજદયસ્ની દીન સાથની માત્રતા દશ હજાર ઘણી હોય છે, (કારણ કે) તે (માજદયસ્ની દીન) શૂર (તથા) જયનું (જોર) પોતાની સાથે લાવે છે. (મેહેર યશ્ત ફ૦ ૧૧૭.)

સ્પએંત દએંનયાઓ માઝ્દયસ્નોઇશ ઉપમનેંમ.

સફેદ (પોષાક) માઝ્દયસ્ની દીનની નિશાન (અથવા ઉપમા) (છે).

(મેહેર યશ્ત ફ૦ ૧૨૬.)

ઇથ્ર અપાંમ્ વીજસાઇતિ વંઘઉહિ દએન માઝ્દયસ્નિશ્ વીસ્પાઇશ્ અવિ કર્પ્વાંન્ યાઇશ હફ્ત.

હવેથી ભલી માઝ્દયસ્ની દીન અત્રે સઘળા ૭ ખંડો (હફ્તે કેશ્વર) ઉપર ફેલાશે. (ફ્રવર્દીન યશ્ત ફ૦ ૯૪.)

પઇતિ-ફ્રક્ષ્તારેંમચ દએનયાઓ યત્ હઇતિનાંમ્ વહિશ્તયાઓ.

(મહર્ષિ જરથુશ્ત્ર) હાલ (ની સઘળી દીનો) માંની (જે) સર્વોત્તમ દીન (તે) નો ઉપદેષક (હતો.) (ફ્રવર્દીન યશ્ત ફ૦ ૯૧.)

યો બાજુશચ ઉપસ્તચ વીસત અહુંઇરહાઓ દએંનયાઓ યત્ આહુરોઇશ જરથુશ્ત્રોઇશ.

યો હીમ સ્તાતાંમ્ હિતાંમ્ હઇતીમ્ ઉજ્વજત્ હચ હુનૂઇવ્યો નીહીમ્ દસ્ત મઇધ્યોઇપાથ્રેંમ્ બેરજિ-રાજેમ અફ્રકધવઇતીમ્ અષઓનીમ્.

(વળી) જે (ગુશ્તાસ્પ પાદશાહ) આ અહુરમજ્દી જરથુશ્તિ દએનની બાજુ તથા (તેના) ટેકા સમાન થયો.

જેણે (ગુશ્તાસ્પ પાદશાહે) (તે) દ્રઢ, મચલીત, પવિત્ર દીનને ભુંડા માણસોથી છુટી પાડી અને તેને ઉંચ પદવીની, રાજ્ય કરતી, ચોમેર ફેલાતી, નીતિની રચનાવાળી, વચમાં વીરાજતી સ્થાપી.

(ફ્રવર્દીન યશ્ત ફ૦ ૯૯-૧૦૦.)

વનેન્તાંમ્ વંઘ્રહેન્તાંમ્ વઓનુષાંમ્ દએનોસાચાંમ્, ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમચ, અહૂમચ દએંનાંમચ બઓધસચ ઉર્વાનેંમચ ફ્રવષીમચ યજમઇદ, યાઇ અષાઇ વઓનરે.

(દીનના કાયદાઓને) માન આપનારા, હવે પછી સત્કાર કરનારા (તથા) જેઓ આદરમાન આપી ચુકયા તેમનાં, (તેમજ) દીન (નું શાસ્ત્ર) શિખનારા અષો (નરો) તથા અષો (નારીઓ), (એ સઘળાં) જેઓ અષોઇને સારૂં ફત્તેહથી લડયાં, (તેમના) આત્માને, અંતઃકરણને, બુદ્ધિને, તથા ફરોહરને આ ઠેકાણે અમે વંદયે છિએ. (ફ્રવર્દીન યશ્ત ફ૦ ૧૫૫)

હુપથ્રમઇન્યાંમ્ હુઅઇવિ-તચિનાંમ્ નિમરૅજિશ્તાંમ્ બરજ્-જઑથ્રાંમ્ અષઑનીમ્ હુનરવઇતીમ્ ક્રગ્નતાંમ્ આસુ-કઇર્યાંમ્ મોષુ-કઇર્યાંમ્ હુવાયઑનાંમ્ હુવાયઑજ્દાંમ્ યાંમ્ વંઘુઉહીમ્ દઍનાંમ્ માજ્દયસ્નીમ્.

ભલી માજદયસ્ની દીન જે પવીત્ર માર્ગદર્શક, (પોતાની આકાં-ક્ષામાં) વ્હેલી ચાલનારી, (બુરા વિચારોને) ઘણાજ સાફ કરનારી, ક્રિયાની ભેટ લઇ જનારી, અષો, સદગૂણી, ખ્યાતિ પામેલી, ચાલાકીથી કાર્ય કરનારી, ઝટ કાર્ય કરનારી, પુરતું બળ ધરાવનારી, પુરતી રીતે પવીત્ર કરનારી-(એ સર્વ ગુણોવાળી) ભલી માજદયસ્ની દીનને અમે વખાણ્યે છિએ. (દીન યશ્ત ક૦ ૧.)

ખંઘ્રહ દએન માજ્દયેસ્નિશ્.
(તારી) (અશીશવંઘની) બ્હેન માજદયસ્ની દીન (છે).
(અશીશવંઘ યશ્ત ક૦ ૧૬.)

આઅત્ હીમ્ જઇધ્યત્ અવત્ આયપ્તૅમ્, દજ્દિ-મે, અષિશ્ વંઘ્રઉહિ યા બેરેજઇતિ, યથ અજૅમ હાચયેને વંઘુઉહીમ્ આઝાતાંમ્ હુતઑસાંમ્, અનુમતેએ દએનયાઑ, અનૂખ્તેએ દએનયાઑ, અનવરૂશ્તેએ દએનયાઑ, યા મે દએનાંમ્ માજ્દયસ્નીમ્ જરસ્ચ દાત્, અપએચ અઑતાત્.

ત્યારે તેણી પાસેથી માંગ્યું કે, અહો બુલંદ પદવીની અશીશવંઘ! (તું મને આ વર દે, તે એ કે સદગુણી (તથા) ઉમરાવ (કુલીન) હુતોસને દીનનાં મત પ્રમાણે, (તથા) દીનનાં કાર્યો પ્રમાણે હું ચલાવું, (તથા) જે (હુતોસ) મારી માજદયસ્ની દીન ઉપર (પોતાનું) હૈયું ચોંટાડે, (તથા) પોતાની ઇચ્છા જાહેર કરે. (અશીશવંઘ યશ્ત ક૦ ૪૬.)

તત્ મોઇ વીચિધ્યાઇ વઑચા હ્યત્ મોઇ અષા દાતા વહ્યો.
અષોઇ (તથા) (દીનના) કાયદા વીપે (જાણવાનું) મારે માટે જે વધારે પવીત્ર (હોય, તે) પસંદ કરવાને (હે અહુરમજદ!) મને કહે.
(હા. ૩૧ ક૦ ૫.)

નોઇત્, મજ્દા, અવાસ્તર્યો દવાંસચિના હુમૅરેતોઇશ બક્તા.
ઓ અહુરમજ્દ! ઠગનાર, આળસુ માણસ, દીનના ઊત્તમ નીયમોનો લાભ મેળવનાર (હોતો) નથી. (હા. ૩૧ ક૦ ૧૦.)

મજ્દા પઑઉર્વીમ્ ગઍથાઑસ્ચા તષો દઍનાઑસ્ચા.

ઓ અહુરમજદ! આદિમાં (તારી) વિચાર શક્તિથી (સકળ પ્રાણીઓ તથા તેમને માટે) ધારાઓ બનાવ્યા. (હા. ૩૧ ફ૦ ૧૧).

ક્રો સ્પેન્તા આર્મઇતે અષા દએનાઓ ફ્રદક્ષયા.

ઓ સ્પેન્ત આર્મઇતિ! અષોઇ વડે, (તું મને) દીનનાં કાનુનો શિખાડ. (હા. ૩૩ ફ૦ ૧૩.)

યોઇ વંઘ્હેઉશ વએદ્દના મનંઘ્હો સઁગહૂશ રઍખેનાઓ અસ્પેન્ચીત સાદ્રાચીત ચખ્રયો ઉર્વઉરૂ.

કે જેઓ પવીત્ર મનશ્નીને હૈયે ધરીને, દીનના નીયમોને ખરી દોલત સમાન (ગણીને), સુખ તેમજ દુ:ખમાં પુરતી હુશ્યારીથી પાળે. (હા. ૩૪ ફ૦ ૭.)

હ્યત અસ અઓજાઓ નાઇધ્યાઓઘ્હૅમ થ્વહ્યા મજદા આંસ્તા ઉર્વાતહ્યા.

અહો અહુરમજદ! તારી દીનના નીયમોનો ઇનકાર કરનાર માનવી વધારે નબળા (અથવા કંગાલ) ઉપર ફાવી શકે છે. (હા. ૩૪ ફ૦ ૮.)

દઍનાઓ સઓષ્યન્તાંમ યા હૂકૅરૅતા અષાચીત ઉર્વાક્ષત.

સઓષ્યન્તોનાં ધારાઓ, જે (પ્રમાણે ચાલ્યા) થી, પવીત્ર કાર્ય કરનાર નર, પોતાનાં અષોઇ ઇત્યાદીને લીધે, સુખ ભોગવે છે. (હા. ૩૪ ફ૦ ૧૩.)

કત તોઇ રાજરૅ,...મજદા.

અએ અહુરમજદ! તારા નિયમો શું (છે)! (હા ૩૪ ફ૦ ૧૨.)

અએઇબ્યો રતૂશ સઁગહુઇતી આર્મઇતીશ, થ્વહ્યા ખ્રતેઉશ.

આર્મઇતિ (નમ્રતા) તે મને તારા ડહાપણના ઠેરવેલા કાયદા શિખાડશે. (હા ૪૩ ફ૦ ૬.)

કથા અયરે દક્ષારા ફૅરસયાઇ દીષા અઇબી થ્વાહૂ ગઍથાહૂ તનુષિચા.

(દીન વીષે) પુછપરછ કરવાને સારૂં (દીનનું શાસ્ત્ર પઢવા કાજે) તારા મુલકોમાં (અએ અહુરમજદ!) (માણસોનાં) દિલમાં (જોઇતું) અજવાળું તથા તેને લગતી નીશાનીઓ (હું) કેમ દેખાડીશ? (હા ૪૩ ફ૦ ૭.)

હ્યત્ મા વોહૂ પઇરિ-જસત્ મનંઘ્હા.

જ્યારે (તારો સંદેશો લાવનાર સરોષ યજદ) બહમનની મારફતે મારી પાસે આવ્યો. (હા ૪૩ ફ૦ ૧૧.)

કથા-મોઇ યાંમ્ યઓશ્ દએનાંમ્ યઓજ્દાને, યાંમ્ હુદાનાઉશ્ પઇતિશ સખ્યાત્ ક્ષથ્રહ્યા, એરેશ્વા ક્ષથ્રા થ્વાવાંસ્ અસીશ્તીશ્

(આ) પવીત્ર દીન (તથા તેના) કાયદાઓ, જે (સકળ સૃષ્ટિની) બાદશાહીના તારા જેવા જ્ઞાની માલીકે મને ભણાવ્યા, (તે હું) કેવી રીતે પવિત્ર રાખું? (હા ૪૪ ફ૦ ૯.)

તત્ થ્વા પેરેસા એરેશ્-મોઇ વઓચા અહુરા; તાંમ્ દએનાંમ્ યા હાતાંમ્ વહિશ્તા, યા-મોઇ ગએથાઓ અષા ફ્રાદોઇત્ હચેમ્ના, આર્મ-તોઇશ ઉખ્ધાઇશ્ શ્યોથના એરેશ્ દઇદયત મખ્યાઓ ચિસ્તોઇશ થ્વા ઇશ્તીશ્ ઉસેન્ મઝ્દા.

આ દીન કે જે હાલની સઘળી ચાલુ (દીનો) માં સર્વોત્તમ (છે), (તથા) જે (દીન) અષોઇનું અનુકરણ કરવાને લીધે, મનશ્ની (સુમતિ)ના મંત્રોને અંગે, (આપણાં) કાર્યોને સદાચારી કરી શકે છે (તે દીન વિષે), અએ અહુરમજ્દ! તુને હું પુછું છું, તે (તું) મને સત્ય કેહેજે. અએ અહુરમજદ! મારા ડહાપણની (સઘળી) અભિલાષાઓ તારી તરફજ દોરવાય, (એમ હું ઇચ્છું છું.) (હા ૪૪ ફ૦ ૧૦.)

કથા તેંગ્ આ વીજેમ્યાત્ આર્મઇતિશ્, યએઇબ્યો મઝ્દા થ્વોઇ વઓચેતે દએના.

જેમને, અએ અહુરમજ્દ! તારી દીન પ્રગટ કરવામાં આવશે, તેમને આર્મઇતિ (નમ્રતા)[1] કેવી રીતે અસર કરે? (હા ૪૪ ફ૦ ૧૧.)

અત્ ફ્રવક્ષ્યા હ્યત્ મોઇ મ્રઓત્ સ્પેન્તોતેમો, વચે સ્રુઇદ્યાઇ હ્યત્ મરેતએઇબ્યો વહિશ્તેમ.

(દીનની) વાણી જે સર્વથી વધુ રિદ્ધિસિદ્ધિ દેનાર છે (તે અહુરમજ્દે) મને કહી, (તથા) જે (વાણી) સાંભળવાને માણસોને સારૂં સર્વથી વધુ કલ્યાણકારી, તે વિષે હું તમને ઉપદેશ કરૂં છું. (હા ૪૫ ફ૦ ૫)

તાંમ્ મોઇ દાંસ્તવાંમ્ દએનયાઇ ફ્રાવઓચા.

---

૧. નમ્રતા ભક્તિનો અને વિજયનો પાયો છે.

દીન માટે તે જ્ઞાન (હે અહુરમજ્દ!) મને તું જાહેર કર.

(હા ૪૬ ફ૦ ૭.)

હએચત્-અસ્પા વક્ષ્યા વે સ્પિતમાઓંઘ્હો દ્યત્ દાથેંગ્ વીચયથા અદાથાંસ્ચા; તાઇશ્ યૂશ્ શ્યઑથનાઇશ્ અષૅમ્ ક્ષ્મઇબ્યા દદુયે, યાઇશ્ દાતાઇશ્ પઑઉર્‌યાઇશ્ અહુરહ્યા.

અએ સ્પીતમાન કુળના હએચતૂ-અસ્પના વંશજો! તમને (હવે) હું (દીનનાં કાયદાઓ) પ્રગટ કરીશ. કારણ કે ખરૂં અથવા ખોટું તમે પારખો છો (તમે વિવેકી છો); અહુરમજ્દના આદિ નીયમાનુસાર આ (તમારાં) કાર્યોને લીધે તમે તમારે માટે અષોઇ ઠેરવી છે.

(હા ૪૬ ફ૦ ૧૫.)

અત્ વએદ્દ્નાઇ વહિશ્તા સાસ્નાંમ્, યાંમ્ હુદાઑ સાસ્તી અષા અહુરો, સ્પૅન્તો વીદ્વાઓ, યએચીત ગૂઝ્રા સૅંગ્હાઑંઘ્હો; થ્વાવાંસ્ મઝ્દા વંઘ્હેઉશ્ ખ્રથ્વા મનંઘ્હો.

સારી આર્શીર્વાદો દેનાર, આબાદી કરનાર (તથા) સર્વજ્ઞ અહુરમજ્દ, (પોતાની) ઉત્તમ શિખામણ કે જે ભેદી મંત્રો છે (તે), સમજુ માણસને (તેની) અષોઇને લીધે શિખાડે છે. (હા ૪૮ ફ૦ ૩.)

યે દાત્ મનો વહ્યો મઝ્દા અશ્યસ્ચા. હ્વો દએનાંમ્ શ્યઑથનાચા વચંઘ્હાચા.

જે કોઇ, અએ અહુરમજ્દ! પોતાની મનશ્નીને વધારે પવીત્ર તથા વધારે સ્વચ્છ રાખે છે, તે પોતે વચનથી તથા કર્મથી દીનને (પણ) (તેમજ) રાખે છે. (હા ૪૮ ફ૦ ૪.)

અત્ તોઇ અંઘ્હૅન્ સઓશ્યન્તો દખ્યુનાંમ્, યોઇ ક્ષ્નૂમ્........ શ્યૉથનાઇશ્ અષા.

તે, દેશોના સઓશ્યન્તો છે, જેઓ......દીનના શાસ્ત્રને જરૂર વળગાં રહેશે. (હા ૪૮ ફ૦ ૧૨.)

અહુરા કે અઇશ્યમા,......દાતાઇશ્ અંઘ્હૅત્.

અએ અહુરમજ્દ!...ધારાનુસાર (મને) મદદ કરનાર કોણ થશે? (હા ૪૯ ફ૦ ૭.)

હ્વો તત્ ના......અહ્માઇ દઝ્દે, દએનયા વએદ્દ્નો યે...... મઝ્દાઑ દાતા પ્રઑત્.

જે કોઇ દીન વડે પારાંગત[1] થઇને (દીનના શાસ્ત્રમાં વિદ્વાન થઇને),.....અહુરમજ્દના નીયમો જાહેર કરે છે તે માનવ પોતે અમને અર્પણ થયેલો (અથવા વળગેલો) ગણાય છે. (હા ૫૧ ફ૦ ૧૯.)

અતચા હોઇ સ્ચન્તૂ મનંઘ્હા ઉખ્ધાઇશ શ્યોથનાઇશ્ચા ક્ષ્નૂમ મજ્દાઓ વહ્માઇ આ ફ્રઓરેત યસ્નાંસ્ચા, કવચા વીશ્તાસ્પો જરથુશત્રિશ સ્પિતામો ફેરષઓશ્ત્રસ્ચા, દાઓંઘ્હો એરેજ્જુશ પથો યાંમ દએનાંમ અહુરો સઓશ્યન્તો દદાત.

હવે જ્યારે મનશ્નીથી, ગવશ્નીથી તથા કુનશ્નીથી (સુમતિ, સદવાણી તથા સત્કર્મથી) દીનના શાસ્ત્ર તથા ક્રિયા સાથની આરાધનાઓ ઉપર, શ્રદ્ધા રાખીને અહુરમજ્દની કીર્તિ (ગાવા)ને કાજે (તેઓ તત્પર છે), (ત્યારે તો) સ્પીતમાન જરથુશ્તની દીન કબૂલ કરનારા કએ ગુશ્તાસ્પ તથા દીનમાં પ્રવીણ ફરશોસ્તર તે દરેકને અષોઇના માર્ગો (એટલે) સઓશ્યન્તની દીન[2] જે અહુરમજ્દે બનાવી, તે શિખાડશે. (હા ૫૩ ફ૦ ૨.)

દાતરે ગએથનાંમ અસ્તવઇતિનાંમ અષાઉમ કા અવથ દએનાંમ માજ્દયસ્નીમ વી-બરત અઅૅતઅૅઓવ વરેફ્લ્વ યો યિમો કેરેનઓત. આઅત અઓખ્ત અહુરો મજ્દાઓ વીશ કરિપ્ત સ્પિતમ જરથુશ્ત્ર.

જડ મુલકોના અએ અષો સ્રજનાર! આ ગોફાઓ જે જમશેદે બનાવ્યા (તેઓમાં) તે તરફ માજદયસ્ની દીન કોણે ફેલાવી? ત્યારે અહુરમજ્દે કહ્યું કે, અહો સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! વીશકરિપ્ત (નામના) માનવીએ ફેલાવી. (વંદીદાદ પર. ૨ ફ૦ ૪૨.)

ફ્વ અએવ. યેજિ અંઘ્હત આસ્તૂતો વા અઇવિસ્ત્રવનો વા દએનાંમ માજ્દયસ્નીમ આઅત યેજિ અંઘ્હત અનાસ્તૂતો વા અનઅઇવિ-સ્રવનો વા દએનાંમ માજ્દયસ્નીમ. અઅૅતાચિત અએઇબ્યો સ્પાઓંઘ્હઇતે આસ્તવનએઇબ્યો દએનાંમ માજ્દયસ્નીમ અૅવરેજનબ્યો પસચએત અરથ્વય શકયઓથ્ન.

કેમ (અથવા શી રીતે)? એમ (અથવા આ રીતે), (પ્રાયશ્ચિત ન થઇ શકે એવાં કાર્યોનો કરનાર) જો કોઇ માજ્દયસ્ની દીનની

1. સંપૂર્ણ જ્ઞાન પામીને. 2. બંદી યોગ માર્ગ. તૈયાર શાષ્યને ગુરૂ ગુપ્ત શીક્ષણ અર્પે છે.

વખાણ કરનાર અથવા સાંભળનાર હોય (તેને માટે પશ્ચાતાપ નથી.) પણ જો (કોઇ માનવી) માઝ્દયસ્ની દીનની વખાણ ન કરનારો અથવા ન સાંભળનારો હોય, (અથવા માઝ્દયસ્ની છતાં ફલાના ગુનાહ પ્રાયશ્ચિત કીધાથીબી સારૂં ન થઇ શકે, એવું તેના જાણવામાં ન આવ્યું હોય તો), આ (માણસો કે જેઓ) માઝ્દયસ્ની દીનને વખાણ કરનારા (છે) તેઓથી તે (ન જાણનારો માનવી) શિખે. (એમ કીધાથી એટલે માઝ્દયસ્ની દીનની ખુબી સમજવાથી તે નર) ત્યાર પછી નાલાયક કાર્ય ન કરનારો (થાય છે), (તેનું કારણ નીચેના ફકરામાં જણાવે છે.)

(પર. ૩. ફ૦ ૪૦.)

સ્પયેઇતે જી સ્પિતમ જરથુશ્ત્ર દએન માઝ્દયસ્નિશ નરશ આસ્તવનહે બન્દેમ, સ્પયેઇતે દ્રઓઁષેમ, સ્પયેઇતે અષવઘ્નીમ, સ્પયેઇતે નસુસપએમ, સ્પયેઇતે અનાપૅરૅથેમ શ્કયૉથ્નેમ, સ્પયેઇતે દૅરૅજાનૉ-પૅરૅતેમ પારેમ, સ્પયેદતે વીસ્પ તા શ્કયૉથ્ન યા-ચિચ વૅરૅજયેઇતિ.

કારણ કે, હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! માઝ્દયસ્ની દએન તે દીન ઉપર વિશ્વાસ રાખનારા માણસની બેડીને કાઢી નાંખે છે, ઠગાઇ હરી લે છે, જાદુ ચલાવવાના કાર્યને હરે છે, અષોને મારવાના કાર્યને દુર કરે છે, નસો દાટવાનું કાઢી નાંખે છે, પુલની પેલેપાર જવાય એવાં પાપના કાર્યોને વેગળાં કરે છે, મુશ્કેલીથી ફેરી શકાય એવાં કાજને નષ્ટ કરે છે, (તથા) સર્વ પાપી કાર્યો જે કોઇ કરે છે તે દુર કરે છે. (પર ૩. ફ૦ ૪૧.)

માંનયેન અહે સ્પિતમ જરથુશ્ત્ર દએન માઝ્દયસ્નિશ નરશ અષઓનો ફ્રમૅરૅજઇતિ વીસ્પેમ દુશમતેમચ દુઝુખ્તેમચ દુઝવર્શ્તેમચ યથ વાતો દૅરૅજિ-તકથ્રો શ્વાષેમ દષિનાત પઇરિ ફ્રમૅરૅજાઇત. વોહુ ઇધ જરથુશ્ત્ર હ્વર્શ્તેમ શ્કયઓથ્નેમ વૅરૅજિશ્તેમ, વંઘ્ઉહિ દએન માઝ્દયસ્નિશ પૅરૅનાયુશ ચિથાંમ થ્વૅરૅસઇતિ.

અહો સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! જે પ્રમાણે સખ્ત ફુંકતો પવન દક્ષિણ દીશાથી (વાઇને), વાતાવરણને બધી તરફથી સ્વચ્છ કરી નાંખે છે, તે પ્રમાણે માઝ્દયસ્ની દીન અષો માણસના સર્વ ખરાબ વિચાર તથા દુષ્ટ વચન તથા દુરાચારને સ્વચ્છ કરે છે. અએ જરથુશ્ત્ર! અહ્યાં (આ દુન્યાંમાં) પવિત્ર કાર્ય કીધેલુંજ ભલું, ભલી માઝ્દયસ્ની દીન પુરતી રીતે શીક્ષાને કાપી નાંખે છે. (પર. ૩. ફ૦ ૪૨.)

વીસ્પે દ્રવન્તો તનુ-દ્રુજો યો અદૅરૅતો-હ્કૅષો વીસ્પે અદૅરૅતો-હ્કૅષો યો અસ્રઑષો વીસ્પે અસ્રઑષો યો અનષવનો વીસ્પે અનષવનો યો-તનુ-પૅરૅથો.

જેઓ (જરથુશ્તિ) ધર્મને માન ન આપનાર (હોય છે), તેઓ પોતાના તનને દ્રુજના તાબામાં રાખનારા તમામ દ્રવંદો (છે) જેઓ (જરથુશ્તિ) ધર્મના (હુકમને) ન સાંભળનારા (હોય છે), તેઓ સઘળા (જરથુશ્તિ) દીનનો સત્કાર ન કરનારા (ગણાય). જેઓ અપવિત્ર (હોય છે) તેઓ સઘળા (જરથુશ્તિ દીનના ધારાને) ન સાંભળનારા (ગણાય). જેઓ તનાફુર (હોય છે), તેઓ સઘળા નાપાક (ગણાય.)

(પર. ૧૬ ફ૦ ૧૮.)

...કુથ હ્રાંમ-રએથ્વૅમ કુથ પઇતિ-રએથ્વૅમ કુથ-નસુશ અપયસાને હચ અવંઘ્રહાત્ વીસત યત માઝ્દયસ્નોઇત.

આ માઝ્દયસ્ની મોહલ્લામાંથી કેમ હમરીતને, કેમ પતરીતને (તથા) કેમ નસાને હું નાશ કરીશ !

(પર. ૧૯ ફ૦ ૧૨.)

આઅત ઑઑત અહુરો મઝ્દાઑ નિઝ્બયંઘ્રઉહ્ત જરથુશ્ત્ર વંઘ્રઉહીમ દઍનાંમ માઝ્દયસ્નીમ..

ત્યારે અહુરમજ્દે કહ્યું કે, હે જરથુશ્ત્ર! તું ભલી માઝ્દયસ્ની દીનની સ્તુતી કર !

(પર. ૧૯ ફ૦ ૧૩.)

વૃદ્ધી અને આબાદી.

નૅમસ્ચા યા આર્મઇતિશ ઇઝાચા.

ભલા વિચાર તથા આબાદીને નમન (હોજો)! (કેમના મઝ્દા.)

અહુરમઝ્દ ખોદાએ, અવઝૂની.

અહુરમજ્દ (જે) (સૃષ્ટિના) સાહેબ તથા વૃદ્ધી કરનાર (છે).

(સરોશ બાજ.)

અએતત્...ક્રદથાઇ અહુરહે મઝ્દાઑ રએવતો ખરૅનંઘ્રઉહતો, ક્રદથાઇ અમૅષનાંમ સ્પૅન્તનાંમ, ક્રદથાઇ તિશ્ત્રયેહે સ્તારો રએવતો

ખ્રૅનંઘ્રઉહતો, ફ્રદથાઇ નર્શ અષઓનો, ફ્રદથાઇ વીસ્પનાંમ સ્પૅન્તહે મઇન્યેઉશ દામનાંમ અષઑનાંમ.

આ (સઘળીં ક્રિયાની ભેટો ઇત્યાદી બળીદાન) ભંડાર રાખનાર (તથા) ચળકાટવાળા હોરમજદની વૃદ્ધી કરવાને માટે (છે); (આ) અમેષાસ્પંદોની વૃદ્ધી કરવાને સારૂં, ખજાનો રાખનાર (તથા) ઝળકતા તેશતર તારાની વૃદ્ધી કરવાને માટે, અશો નરની વૃદ્ધી કરવાને માટે, (તથા) સ્પેનામીનોની સઘળી અષો પેદાયશોની વૃદ્ધી કરવાને માટે (છે).

(હોશબામ.)

યહ્મી સ્પૅન્તા થ્વા મઇન્યૂ ઉર્વએસે જસો.

જે છેવટને કાળે (અહુરમજદ!) તારા આબાદી કરનાર મીનો (સ્પેનામીનો)ની સાથે તું આવનારો (છે).[1] (ખોરશેદ નિયાયશ)

વાતૅમ સ્પૅન્તૅમ હુધાઑંઘ્રહૅમ યજમઇદે......અષાઉનાંમ વંઘ્રઉહીશ સૂરાઓ સ્પૅન્તાઓ ફ્રવષયો યજમઇદે.

વૃદ્ધી કરનાર (તથા) સારી સૃષ્ટિના પવનને (અથવા ગોવાદ યજદને) અમે વખાણ્યે છિયે. અષોનાં ભલાં, બળવાન તથા વૃદ્ધી કરનારાં ફ્રરોહરોને અમે વખાણ્યે છિયે. (ખોરશેદ નિયાયશ)

અહુરમજદ ખોદાએ, અવજૂનાએ મરદુમ, મરદુમ સર્દગાંન, હમા સર્દગાંન, હમબાયસ્તે વેહાંન, ઓઍમ બેહેદીન માજદયસ્નાંન આગહી આસ્તવાની નેકી રસાનદ અએદૂન બાદ.

હે (તમામ વિશ્વના) પતિ (સરજનહાર) અહુરમજદ! માણસ અને માણસ જાતની (તથા બીજી) સઘળી જાત (ની ઉત્પત્તિ)ની વૃદ્ધી કરનાર! સઘળા ભલી દીનના ભાગ્યાઓની વૃદ્ધી કરનાર (ધણી)! હું માજદયસ્નોમાંના બેહેદીનને, (દીનનું) જ્ઞાન, દીન ઉપર શ્રદ્ધાળુ રહેવાનું, (અને) નેકી પહોંચાડું! એ પ્રમાણે થાવું! (જે દુઆ મેં માગી તે મને આમીન થાય!) (ખોરશેદ નિયાયશ.)

યજાઇ માઑંઘ્રહૅમ ગઑચિધ્રૅમ, બઘૅમ, રઍવન્તૅમ, ખ્રૅનંઘ્રઉહન્તૅમ, અફ્નંઘ્રઉહન્તૅમ, તફ્નંઘ્રઉહન્તૅમ, વરેચંઘ્રઉહન્તૅમ, ક્ષતા-

૧. એટલે તું આવશે. જરથોશ્તિ દએન આશાવાદી છે. તે નીરાશા અને વિષાદ શીખાડતીજ નથી, કારણ કે સહુ સારૂં જેનું છેવટ આવું સારૂં.

વન્તૅમ્, ઇશ્તિવન્તૅમ્, યઍાક્ષિતવન્તૅમ્, સઍાકવન્તૅમ્, જઇરિમ્યા વન્તૅમ્, વોહ્વાવન્તૅમ્, બઘૅમ્ બઍષજૅમ્.

ગાય ઢોરોનું બીજ રાખનાર માહ યજદ (જે) બખશેશ દેનાર (અથવા નસીબ આપનાર), ચળકાટવાળો, ખોરેહવાળો, પાણીવાળો ગરમીવાળો, રોશણીવાળો, સહાયક, સંપતિ દેનાર, જોર ધરાવનાર લાભ કરનાર, લીલોત્રી આપનાર, સારી વસ્તુ (અથવા આબાદી આપનાર (તથા) તંદોરસ્તી આપનારા બઘ[1] (તે)ને હું વખાણું.

(માહ બોખ્તાર નિયાયશ ફ૦ ૭

દસ્ત અમૅમ્ વૅરેથ્રઘ્નૅમચ, દસ્ત ગેઉશ્ ખાથ્રો-નહીમ્......યજત પૅાઉરૂ-ખરૅનંઘ્રહ, યજત પૅાઉરૂ-બએષજ.

અહો પુર ખોરેહવાળા યજદો! અહો પુર તંદોરસ્તી આપનાર યજદો! (તમે) (મને) બહાદુરી તથા જય આપો, ગાય ઢોરની વૃદ્ધી આપો. (માહ બોખ્તાર નિયાયશ ફ૦ ૧૦

યજએષ મે હીમ્ સ્પિતમ જરથુશ્ત્ર, યાંમ્ અરૅદ્વીમ્ સૂરાં અનાહિતાંમ્ ... .. આછ્-ફ્રાધનાંમ્ અષઍાનીમ્, વાંથ્વો-ફ્રાધનાં અષઍાનીમ્, ગએથો-ફ્રાધનાંમ્ અષઍાનીમ્, ષએતો-ફ્રાધનાં અષઍાનીમ્, દંઘ્હુ-ફ્રાધનાંમ્ અષઍાનીમ્.

હે સ્પીતમાન જરથુશ્ત્ર! મારી અરદ્વિસૂર (નામની નદી) જે નિર્મલ, જીંદગી (અથવા ચાલાકી) થી વૃદ્ધી કરનારી અષો, ટોળાંની વૃદ્ધી કરનાર અષો, જગતને આબાદ કરનારી અષો, દોલતની વૃદ્ધી કરનારી અષો (તથા) દેશોને આબાદ કરનારી અષો, તેને તું ભજ.

(અરદ્વિસૂર નિયાયશ ફ૦ ૨

યાંમ્ અજૅમ્ યો અહુરો મજદાઍા હુજ્વારૅન ઉજ્બઇરે, ફ્રદથાઇ ન્માનહેચ વીસસ્ચ જન્તેઉશ્ચ દંઘ્હેઉશ્ચ.

જે (અરદ્વિસૂર)ને હું જે અહુરમજદ (તેણે) ઘરની, મોહલ્લાની કસ્બાની તથા દેશની સંપત્તિ માટે સારાં બળથી પેદા કીધી.

(અરદ્વિસૂર નિયાયશ ફ૦ ૭.

ઉસ્ મોઇ ઉજારૅશ્વા અહુરા......સ્પેનિશ્તા.

---

1. પતિ.

અહો સર્વથી મહાન વૃદ્ધી કરનાર અહુરમજ્દ! તું મને પવિત્ર કર.
(આતશ નિયાયશ.)

વક્ષથે બુયે અહ્મ્ય ન્માને, દરેઘેમચિત્ અઇપિ જરૂવાનેંમ...આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ.

અહો અહુરમજ્દના પુત્ર આતશ! આ ઘરમાં લાંબા કાળ પર્યંત તું વધારામાં રહેજે! (આતશ નિયાયશ ફ૦ ૩.)

દાયાઓ મે આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ......ફ્રજન્તીમ... યા મે ફ્રાધયાત્ ન્માનેંમચ, વીસેંમચ, જન્તૂમચ, દખ્યૂમચ, દંઘ્રહુ-સસ્તીમચ.

અહો અહુરમજ્દના પુત્ર આતશ! તું મને (એવું) સંતાન દે જે મારાં ઘરને, (મારાં) કુલને, (મારા) કસ્બાને, (મારા) દેશને તથા (મારા) દેશના ધર્મને આબાદ કરે. (આતશ નિયાયશ ફ૦ ૫.)

આતરેંમ સ્પેન્તેંમ યજમઇદે.

વૃદ્ધી કરનાર આતશને અમે વખાણયે છિયે. (આતશ નિયાયશ ફ૦ ૮.)

ઉપ-થ્વા હક્ષોઇત્ ગેઉશ વાંથ્વ, ઉપ-વીરનાંમ પોઉરૂતાસ. ઉપ-થ્વા વેરેજવતચ મનો, વેરેજવતિચ હક્ષોઇત્ અંઘ્રુહે. ઉર્વાક્ષ્-અંઘ્રુહે ગય જિયઐસ, તાઓ ક્ષપનો યાઓ જવાહી.

તારે ત્યાં (તારા કુટુંબમાં) ગાય ઢોરનું ટોળું વધો! (તારે ત્યાં) બહાદુર માણસોની વૃદ્ધી થજો! તને કાર્ય કરતું મન (થજો)! (તારૂં) જીવન કાર્ય કરતું થજો! જેટલી રાત્રી તું જીવે તેટલી (રાત્રી), આનંદમય જીવનના જીવ સાથે તુ (તારી) જીંદગી ગાળજે!
(આતશ નિયાયશ ફ૦ ૧૦.)

વાસ્ત્રીમ ફ્રુયન્તેંમ અષવનેંમ અષહે રતૂમ યજમઇદે.

અષોઇના મૂખી, અષો વૃદ્ધી કરનાર ખેડુતને અમે વંદયે છિયે.
(અઈવિસ્રૂથ્રેમ ગેહ ફ૦ ૭.)

સઓષહે અષ્યેહે અષિવતો વેરેથ્રાજનો ફ્રાદત્-ગએથહે, રશ્નઓશ રજિશ્તહે, અરૂશ્તાતસચ ફ્રાદત્-ગએથયાઓ વરેદત્-ગએથયાઓ......

---

૧ જરથોશ્તિ ધર્મ દેશભકતો અને સર્વ સેવકો અને ધર્મોપદેષકોને માટે કેટલું મહાન માન દેખાડે છે, તે આ રાત, દીવસની પ્રાર્થના ઉપરથી જણાય છે.

યસ્નાઇચ, વહ્માઇચ, ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇરયો જઑતા ફ્રા-મે મ્રૂતે

પવિત્ર અષોઇવાળા, વિજયી તથા જગતની વૃદ્ધી કરનાર સરોષ (યજ્દ) ની, સર્વથી સત્ય રશ્ને (યજ્દ) ની, તથા દુનિયાંની વૃદ્ધી કરનાર અને દુનિયાની આબાદી કરનાર આસ્તાદ (યજ્દ) ની આરાધના કરવાને, ખુબીઓ સુણાવવાને, (તેમને) ખુશી કરવાને તથા (તેમની) સ્તુતી કરવાને સારૂં જોતી મારી સમક્ષ યથા અહૂ વઇર્યોના (મંત્રની ખુબીઓ) જાહેર કરે. (ઉશહેન ગેહ ક૦ ૨.)

દસ્મો યત્ અહ્મિ સ્પાનો; અએવનદસો સ્પનંઘ્રઉહાઑ.

(મારૂં) દશમું (નામ) એ (છે) કે (હું પોતે) વૃદ્ધી છું; (મારૂં) અગીઆરમું નામ વૃદ્ધી કરનાર. (હોરમજદ યશ્ત ક૦ ૮.)

જ્નાતાચ મઇન્યુશ્ચ અહ્મિ સ્પેન્તોતેમો.

(હું) જ્ઞાની તથા સર્વથી વરિષ્ઠ વૃદ્ધી કરનાર મીનો છું. (હોરમજદ યશ્ત ક૦ ૧૨.)

ફ્શુઑનીમ્ વાંથ્વાંમ્ યજમઇદે; અસ્પિનાચ યેવીનો યજમઇદે.

(ગાય ઢોરનાં) ટોળાંની આબાદીને અમે વખાણ્યે છિયે; અનાજના વધારાને અમે વખાણીએ છિયે. (માટી હમન યશ્ત ક૦ ૮.)

ગવોઇ અદાઇશ્ તાઇશ્ શ્યઑથનાઇશ્ યાઇશ્ વહિશ્તાઇશ્, ફ્રએશ્યામહી રામાચા વાસ્ત્રેમચા દજ્દ્યાઇ, મુરૂન્વતસ્ચા અમુરૂન્વતસ્ચા, ક્ષયન્તસ્ચા અક્ષયન્તસ્ચા.

(અમે) દીનનું જ્ઞાન સંપાદન કરનાર તથા ન કરનાર, શકિતવાળા તથા શકિતહીન (છિયે તેઓ), દાન તથા ઉત્તમ કાર્યોથી (અમારે માટે) સુખ (તથા) (અમારાં) ગાય, ઢોરને ઘાસચારો આપવાને માટે ઇચ્છા રાખ્યે છિયે. (માટી હમન યશ્ત ક૦ ૧ ક૦ ૪.)

વંઘ્રઉહીમ્ આજ્નૂઇતીમ્...યજમઇદે.

ભલી સંપત્તિનું અમે વંદન કર્યે છિયે.

(માટી હમન યશ્ત ક૦ ૪ ક૦ ૨.)

આહુ અત્ પઇતી અદાહૂ, મજ્દા અહૂરા, મજ્દાંમચા બૂઇરિચા કેરેશ્વા.

હે અહુરમજ્દ! આ પેદાએશોમાં મોટું ડહાપણ તથા આશીષ તું ઊત્પન્ન કર. (મોટી હપ્તન યશ્ત ક૦ ૬ ફ૦ ૧.)

આઅત્ તાઓ આપો ફ્રષાવયેઇતિ સતવએસો અવિ હપ્તો-કર્ષ્રે-વઇરીશ. વી આહુવ યત્ જસઇતિ, સ્રીરો હિશ્તઇતિ રામઇનિવાઓ હુયાઇરયાઓ અવિ દંઘ્હુશ.

ત્યારે સતવએસ (નામનો તારો) તે પાણીઓને હફ્તે કેશ્વર (જમીન) તરફ વેહતાં કરે છે. (પછી તીશ્તર) તે (કેશ્વરો) માં ફરી વળે છે, (તથા) ફળદ્રુપ દેશોને આબાદી આપતો (તથા) રામશ્ની[1] દેતો ઉભો રહે છે. (તીર યશ્ત ક૦ ૫ ફ. ૯.)

ઉશ્તતાતેમ નિશ્રઇતે તિશ્ત્રયો રએવાઓ ખરેનંઘ્ઉહાઓ. ઉશ્ત મે અહુરમજ્દ, ઉશ્ત આપો ઉર્વરાઓસ્ચ, ઉશ્ત દએને માઝદયેસ્ને, ઉશ્ત વો આબવાત્ દંઘહવો, ઉસ વો અપાંમ્ અથ્વો અપઇતિ-અરે-તાઓ જસાઓન્તિ, અશ-દાનુનાંમ્ચ યવનાંમ્, કસુ-દાનુનાંમ્ચ વાસ્ત્રે-નાંમ્ ગએથનાંમ્ચ અસ્તવઇતિનાંમ્.

(ત્યારે) (તે) ચળકાટવાળો (તથા) ખોરેહવાળો તેશ્તર પોતાની મેળવેલી ફતેહને જાહેર કરે છે. હે અહુરમજ્દ! મારી જયજયકાર (થઇ)! હે! પાણી તથા વનસ્પતિ (મારી) જયજયકાર (થઇ)! અહો માજ્દયસ્ની દીન! (મારી) ફતેહ (થઇ)! અહો દેશો! (હવે) તમને આબાદી થશે! હવે પછી પુષ્કળ પાણીથી ઉગતા અનાજનો તથા થોડાં પાણીથી ઉગતી ભાજી તરકારીનો (તથા) (સકળ) જડ સ્થળોનો ખોરાક, અડચણ વિના ઉગી નીકળશે. (તીર યશ્ત ફ૦ ૨૯.)

કથ-નો અવિ ઉજયરાત્ તિશ્ત્રયો રએવાઓ ખરેનંઘ્ઉહાઓ. કથ ખાઓ અસ્પો-સ્તઓયેહીશ્ અપાંમ્ ઘ્જારાંમ્ અઇવિઘ્જારેમ્ સ્રીરાઓ-સ્ચ અસો-પોઇથ્રાઓસ્ચ ગઓયઓઇતીશ્ચ આતચિન્તીશ્, આ વરેપજીશ્ ઉર્વરનાંમ્ સૂર વક્ષ્યેન્તે વક્ષ.

ચળકાટવાળો (તથા) ખોરેહવાળો તેશ્તર અમારે માટે કયારે ઉગશે? વેહતાં (તથા) વધારે વેહતાં પાણીના, ઘોડાના કરતાં વધારે મોટા ઝરા, સુંદર જગા તથા શેહરો તરફ, તથા ક્ષેત્રો તરફ કયારે

---

૧. આનંદ.

વેહતા (થશે), (કે જેથી) ઝાડપાનોના થડો મજબુત વધારા સાથે વૃદ્ધિ પામે ? (તીર યશ્ત ક૦ ૪૨.)

વર્ઝદ્રિશ ઉક્ષ્યેઇન્તિ વિસ્પાઓસે તાઓ દામાંન્ બએષજયતિચ સેવિશ્તો, યેજિ અએમ્ બવઇતિ યશ્તો ક્ષ્નૂતો ફ્રિથો પઇતિ-જન્તો.

જ્યારે તે (તેશ્તર) આરાધના પામેલો, ખુશી થયેલો, પ્રિય, (તથા) માન પામેલો હોય છે, (ત્યારે) (તે) બળવાન (તથા) ઘણોજ કલ્યાણકારી (તેશ્તર) આ સર્વ સૃષ્ટિને આબાદ કરે છે તથા સજીવન કરે છે. (તીર યશ્ત ક૦ ૪૩.)

યત્ જી સ્પિતમ જરથુશ્ત્ર, અઇર્યાઓ દંઘહાવો તિશ્ત્ર્યેહે રએવતો ખરેનંઘ્રુઉહતો અઇવિ-સચ્યારેશ દાઇતીમ્ યસ્નેમચ, વહ્મેમચ, યથ હે અસ્તિ દાઇત્યોતેમો યસ્નસ્ય વહ્મસ્ય, અષાત્ હચ યત્ વહિશ્તાત્, નોઇત્ ઇથ અઇર્યાઓ દંઘહાવો ફ્રાંશ હ્યાત્ હએન, નોઇત્ વોઇઘ્ન, નોઇત્ પાંમ, નોઇત્ કપસ્તિશ, નોઇત્ હએન્યો રથો, નોઇત્ ઉજ્ગેરેપ્તો દ્રફ્શો.

અહો સ્પીતમાન જરથુશ્ત્ર! સર્વથી ઉત્તમ અષોઇથી (થયેલી) સર્વથી લાયક યજશ્ને તથા આરાધના, તે (તેશ્તર) ને માટે જેમ (યોગ્ય) છે તેમ, જો ઇરાની દેશો ચળકાટવાળા (તથા) ઓરેહવાળા તેશ્તરની લાયક યજશ્ને તથા આરાધના જરૂર કરે તો, એ તરફ, ઇરાની દેશો તરફ, ન લશ્કર, ન સંકટ, ન દર્દ, ન કપટ, ન (દુશ્મનનાં) લશ્કરને લગતા લડાઇના રથો, (અથવા) ન (શત્રુનો) ઉંચો પકડેલો વાવટો ધસારો કરી શકે. (તીર યશ્ત ક૦ ૫૬.)

દ્રવાસ્પાંમ સૂરાંમ મજદધાતાંમ અષઓનીમ યજમઇદે.

આબાદી આપનાર અહુરમજ્દના સર્જેલા શૂરા (તથા) અષો દ્રવાસ્પને અમે યાદ કર્યે છિયે. (ગોશ યશ્ત ક૦ ૧.)

દજ્દિ મે વંઘ્રુઉહિ સેવિશ્તે દ્રવાસ્પે તત્ આયપ્તેમ્, યથ અઝેમ્ ક્રૂપઓનિ વાંઘ્વ, અવ-બરાનિ, અવિ મજદાઓ દામબ્યો, યથ અઝેમ્ અમેરેખ્તીમ્ અવ-બરાનિ, અવિ મજદાઓ દામબ્યો.

અહો ભલી તથા ઘણીજ લાભકારી દ્રવાસ્પ! (તું) મને આ વર[1] દે, તે એ કે અહુરમજ્દની સૃષ્ટિ તરફ આબાદી (તથા) ગાયઢોરની

---

1. વરદાન, ઉમેદ, boon.

વૃદ્ધી હું લાવું (કરૂં), તથા અહુરમજ્દની પેદાયશ તરફ અમરપણું હું લાવું. (ગોશ યશ્ત ક. ૨ ફ૦ ૯.)

હુખય અરૂશતાતો ફ્રાદત્-ગએથયાઓ વરેદત્-ગએથયાઓ સવો-ગએથયાઓ યજમઇદે.

દુનિયાની વૃદ્ધી કરનાર, જગતની આબાદી કરનાર (તથા) જગતને કલ્યાણકારી આસ્તાદ (ઇજદ) ના મીત્રોને, અમે મીતથી વંદયે છિયે. (સરોશ હાદોખ્ત ક. ૪ ફ૦ ૧૯.)

સઓક અહ્મિ સઓકવસ્તેમો......આઅત ત્બએષાઓ તઉર્વયેનિ વીસ્પનાંમ્ ત્બએષવતાંમ્, ત્બએષાઓ દએવનાંમ્ મશ્યાનાંમચ, યાથ્વાંમ્ પઇરિકનાંમચ, સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમચ.

(બેહરાંમ યજ્દ કહે છે કે) લાભમાં હું ઘણોજ લાભકારી છું. ત્યારે સર્વ દુ:ખ દેનારાઓની ખરાબીઓને (તથા) દેત્યોની, માણસોની, જાદુગરોની, પરીઓની, જુલમગારોની, ફીફોની તથા કરપોની ખરાબીઓને હું તોડીશ. (બેહરાંમ યશ્ત ક. ૧ ફ૦ ૩-૪)

ગવે વરેજયાતાંમ્ તાંમ્ ને ખરેથાઇ ફ્શુયો.

ગાય ઢોરને માટે (આપણે) મેહનત કરવી જોઇયે, (કારણ કે) તેઓ આપણા ખોરાકને માટે વૃદ્ધી કરનારાં (છે).

(બેહરાંમ યશ્ત ક. ૨૦ ફ૦ ૬૧.)

ઉસ્ નૂં અંઘ્રહાઇ વીસે જમ્યાત્ અષેમચ, ક્ષથ્રેમચ, સવસ્ચ, ખરેનસ્ચ, ખાથ્રેમચ.

હવે આ કુટુંબને માટે અષોઈ, સત્તા, સંપત્તિ, કીર્તિ તથા આનંદ ઉત્પન્ન થાય! (દોઆ તંદોરસ્તી અવસ્તામાં ફ૦ ૨.)

અસિરત નૂં અંઘ્રહત હચ વીસત્ ગાઉશ બુયાત.

હવે આ કુળમાંથી નિત્ય ગાય ઢોરની વૃદ્ધિ થજો!

જમ્યાંત્ ઇથ અપાઉનાંમ્ વંઘઉહીશ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો, અષાઓનાંમ્ અએપજ હચિમ્નાઓ જેમ-ફ્રથંઘ્રહ દાનુ-દ્રાજંઘ્રહ, હ્વરે-બરેજંઘ્રહ; ઇસ્તેએ વંઘ્રહુંઘ્રહાંમ્, પઇતરશતાતેએ આતરનાંમ્, ફ્રષ-વક્ષયાઇ સ્યાંમચ ખરેનંઘ્રહાંમચ.

અષોનાં ભલાં, વિજયી, તથા (દુન્યાનું) કલ્યાણ કરનારાં ફ્રેરોહરો જમીનની પહોળાઇ જેટલા, નદીની લંબાઇ જેટલા, અને સૂર્યની

ઉંચાઈ જેટલા અષોઇના ઉપાયો પોતાની સાથે લઇને અધિક ભલાં (માણસો) ની ઇચ્છા (પૂર્ણ કરવા) ને સારૂં, દુષ્ટ (માણસો) ની વિરૂદ્ધ થવાને કાજે, તથા ધન તથા જશની વૃદ્ધીને માટે આ રેહેઠાણમાં આવે. (દોઆ તંદોરસ્તી અવસ્તામાં.)

યા બારી ખોદા! ખોદાવંદે આલમરા, હમે અંજુમનરા (ફલાનરા) બા ફરજંદાન, હજાર્ સાલ્ દેર્ બેદાર્, શાદ બેદાર્, તંદોરસ્ત બેદાર્.

અહો સરજનહાર પ્રભુ! વિશ્વના માલીક, સર્વ અંજુમનને (ફલાનાને) (તેના) પુત્ર, પૌત્રો ભેગો હજાર વર્ષ પર્યંત જારી રાખ, આનંદમાં રાખ, તનની સુખાકારી ભર્યો રાખ. (દોઆ તંદોરસ્તી પાજંદ.)

સાલ્ ખોજસ્તેહ્ બાદ, રોજ ફરૂરોખ્ બાદ, માહ્ મુબારક બાદ. ચંદ સાલ્,ચંદ રોજ, ચંદ માહ્, બેસ્યાર સાલ્ અરૂજાનીદાર, યજશ્ને વ નીઆએશ્ને વ રાદી વ જોર્ બરૂશ્ને અશાહીદાર્ અવરે હમા કારો કેર્ફેરા ; તનદોરોસ્તી બાદ, નેકી બાદ, ખુબ્ બાદ ; અએદૂન બાદ, અએદૂનતરજ બાદ.

વર્ષ ભાગ્યશાળી હોજો! રોજ ભાગ્યશાળી હોજો! (તથા) મહિનો મુબારક હોજો! કેટલાંક વર્ષો, કેટલાક દહાડાઓ, કેટલાક મહિનાઓ (તથા) ઘણાંક વર્ષો ઇજશ્ને (યજ્ઞ) તથા નીયાયશ (ભજન) તથા દાન (દેવામાં), (તથા) (ક્રિયાની) ભેટ લઇ જવામાં લાયક[1] રાખ. સર્વ કાર્યો તથા પુણ્યની ઉપર (તું) અષોઇ રાખ. (તને) તનની આરોગ્યતા હોજો! (તને) નેકી હોજો! (તને) સારૂં થજો! (તને) એ પ્રમાણે થાય! એ કરતાં પણ અધિક થાય![2] (દોઆ તંદોરસ્તી પાજંદ.)

પૉઉરૂ-ગો બવાહિ યથ આથવ્યાનોઇશ પૉઉરૂ-અસ્પૅમ બવાહિ યથ પૉઉરૂષસ્પૅમ.

આથવ્યાનનાં કુળવાળાની પેઠે (તું) ગાય ઢોરથી ભરપુર થજે! પોઉરૂષસ્પના જેવો (તું) ઘોડાઓથી ભરપુર થજે!

(આફ્રીને જરથોશ્ત ફ૦ ૪.)

જયાઑન્તે હચ વો દસ પુથ્ર, થ્રાયો બવાહિ યથ અથઉરૂનો થ્રાયો બવાહિ યથ રથએશતારહે, થ્રાયો બવાહિ યથ વાસ્ત્રયોહે

૧. તેજ, ઊત્સુક. ૨. વધુ માટે જુવો લગ્નના આશીર્વાદ.

ફ્રુયન્તો, અએવ તે બવાહિ યથ વીશ્તાસ્પાઇ.

તમારાથી (અથવા તમારે પેટે) દશ છોકરા જન્મ પાંમજો! (તેમનામાંના) ત્રણ (છોકરા) આથ્રવનના જેવા; ત્રણ, રથએશ્તારના જેવા; ત્રણ, (દેશની) આબાદી કરનાર ખેડુતના જેવા; (અને) એક, (તું) ગુશ્તાસ્પના જેવો (દેશપતિ) થાય! (આફ્રીને જરથોશ્ત.)

ક્ષનૂતાઓ આફ્રીનંન્તુ અહ્મ્ય ન્માને વંઘ્રઉહીમ્ અષીમ્ ખાપરાંમ્.

(ફરોહરો) ખુશનુદ થઇને આ રહેઠાણમાં જતન કરનારી અશીશવંઘને માટે આશીષ માંગે (લક્ષ્મીને તેડે)! (ફ્રવર્દીન યશ્ત ફ૦ ૧૭૫.)

આઅત્ હીમ્ જઇધ્યત, અવત્ આયપ્તૅમ્ દઝ્દિ મે, વંઘ્રઉહિ સૅવિશ્તે અરૅદ્વી સૂર અનાહિતે, યથ અઝૅમ્ ઉપૅમૅમ્ ક્ષથ્રૅમ્ બવાનિ, વીસ્પનાંમ્ દઃખ્યુનાંમ્ દએવનાંમ્ મશ્યાનાંમ્ચ યાથ્વાંમ્ પઇરિકનાંમ્ચ, સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમ્ચ યથ અઝૅમ્ ઉજબરાનિ હ્ચ દએવએઇબ્યો ઉયે ઇશાતિશ્ચ સઓકાચ, ઉયે ફ્ષઓનીશ્ચ વાંથ્વાચ, ઉયે થ્રાંફ્સચ ફ્રસસ્તિશ્ચ.

ત્યારે (જમશેદ પાદશાહે) તેણી પાસથી માંગ્યું કે, હે ખુબીવાળી, સર્વથી ઘણો લાભ કરનારી (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તું) મને આ વરદાન આપ તે એ કે હું સકળ દેશોના દૈત્યો, (બુરા) માણસો, જાદુગરો, પરીઓ, જુલમગારો, કીકો તથા કરપોની (ઉપર) સર્વથી ચઢતી હાકેમી મેળવું. વળી દૈત્યો (ના અત્યાચારમાં) થી દોલત અને લાભ બન્ને, સંપત્તિ અને (ગાય-ઢોરની) વૃદ્ધિ (એ) બન્ને, તૃપ્તિ (અથવા મનની મુરાદ) અને યશ બન્ને છીનવી લઉં.

(આવાં યશ્ત ફ૦ ૨૬.)

આઅત્ હીમ્ જઇધ્યત અવત્ આયપ્તૅમ્ દઝ્દિ મે વંઘ્રઉહિ સૅવિશ્તે અરૅદ્વિ સૂર અનાહિતે, યથ અઝૅમ અમશ્યાં કૅરૅનવાનિ વીસ્પાઇશ્ અવિ કર્ષ્વાંન્ યાઇશ્ હપ્ત.

નોઇત્ અહ્માઇ દથત્ તત્ અવત્ આયપ્તૅમ્ અરૅદ્વિ સૂર અનાહિત.

ત્યારે તેણી પાસેથી તેને (ઝોહાકે) માંગ્યું કે, હે ખુબીવાળી, સર્વોત્તમ લાભકારી (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તું) મને આ (નીચે જણાવેલું) વરદાન દે, તે એ કે સાત વિભાગો (કેશ્વરો) ને હું માણસ રહિત (ઉજ્જડ) કરૂં.

નિર્મલ અરદ્‌વીસૂરે તે (ઝુહાક) ને એ (તેની માંગેલી) મુરાદ ન દીધી.
(આંવાં યશ્ત. ફ૦ ૩૦-૩૧.)

યજાઇ હુકઈરીમ બરૅજો વીસ્પો-વંહ્વોમૅમ જરનએનૅમ, યહ્મત્ મે હચ ફ્રજ્ગધઇતે અરૅદ્વિ સૂર અનાહિત, હજંઘ્રાઇ બરૅશ્ન વીરનાંમ; મસો ક્ષયેને ખરૅનંઘ્રહો, યથ વીસ્પાઓ ઇમાઓ આપો, યાઓ જ઼ૅમા પઇતિ ફ્રતચિન્તિ, યા અમવઇતિ ફ્રતચઇતિ.

તમામ માનને યોગ્ય (તથા) લીલોત્રીથી ભરપુર હુકર પહાડને હું વખાણું છું, જેમાંથી મારી નીર્મળ અરદ્‌વીસૂર હજાર માણસની ઉંચાઇથી (એટલે હજાર માણસના જેટલી ઉંચાઇથી) વહે છે; (તથા) પૃથ્વિ ઉપર જેટલી આ સઘળી નદીઓ વહેછે (તેટલી) (જે એકલી) ખોરેહની મ્હોટાઇ ભોગવે છે, (તથા) જે જોશથી વહે છે. (આવાં યશ્ત ફ૦ ૯૬.)

યહ્મ્ય સાસ્તારો અઉર્વ પઓઇરીશ ઇરાઓ રાજયેન્તે; યહ્મ્ય ગરયો બૅરૅજન્તો પોઉરૂ-વાસ્ત્રાઓંઘ્રહો આફૅન્તો થાતઇરે ગવે ફ્રાધયેન્તે; યહ્મ્ય જફ્રવસ્યો ઉર્વાપાઓંઘ્રહો હિશ્તૅન્તે; યહ્મ્ય આપો નાવયાઓ પૅરૅથ્વીશ ક્ષઓંધંઘ્રહ થ્વક્ષૅન્તે આઇશ્કતૅમ પૉઉરૂતૅમચ, મૉઉરૂમ્ હરોયૂમ ગઓમચ, સુઘ્ધૅમ ખ઼ાઇરિજૅમચ.

જે તરફ બહાદુર રાજ્યકર્તાઓ (પોતાનાં) પુષ્કળ સૈન્યોની હારો ખેંચેછે; જે તરફ પુર ઘાસવાળા (તથા) પાણીથી ભરપુર ઉંચ પહાડો ગાય ઢોરને માટે પોષણ (ચારો) વધારે છે; જે તરફ બહોળાં પાણી-વાળા, ઉંડા સરોવરો આવેલા છે; જે તરફ પહોળી વહેતી નદીઓ મ્હોટા જથ્થામાં આઇશ્કત, પોઉરૂત, મર્વ, હરોયું, સોગ્દીયાનાં રાજ્ય-ધાનીવાળું ગવ તથા ખારજ઼્મ (નામના મુલકો) માં વહેછે. (મેહર યશ્ત. ફ૦ ૧૪)

અવિ અરૅજહિ, સવહિ, અવિ ફ્રદધફ્ષુ વીદધફ્ષુ, અવિ વોઉરૂ-બરૅશતિ વૉઉરૂ-જરૅશતિ, અવિ ઇમત કર્ષ્વરૅ યત્ ખ઼નિરથૅમ બામીમ્ ગવપયનૅમ્ ગવપિતીમચ બઐષજયાંમ મિથ્રો સૂરો આદિધાઇતિ.

શૂરો મેહર યજદ અરેજહિ તથા સવહિ (કેશ્વરો) તરફ, ફ્રદધફ્ષુ તથા વીદધફ્ષુ (કેશ્વરો) તરફ, વોઉરૂ-બરેશતિ તથા વોઉરૂ-જરેશતિ (કેશ્વરો) તરફ, (તથા) ચળકાટવાળું (અને) તંદરોસ્તીવાળું (સુખવાસી) આ (આપણુ) ખનિરથ (નામનું) કેશ્વર, (જે) ગાય-ઢોરનું મૂખ્ય મથક (તથા) ગાય-ઢોરનું રેહવાનું સ્થળ (છે, તે) તરફ નજર કરે છે.
(મેહર યશ્ત. ફ૦ ૧૫.)

યો સ્ટુનાઓ વીધારયેઇતિ બરૅજિમિતહે ન્માનહે, સ્તવરાઓ આંદથ્યાઓ કૅરેનઓઇતિ, આઅત્ અહ્માઇ ન્માનાઇ દધાઇતિ ગેઉશચ વાંથ્વ વીરનાંમચ, યહ્વ ક્ષ્નૂતો બવંઇતિ ઉપ અન્યાઓ સ્ચિન્દયેઇતિ યાહ્વ ત્બિશ્તો બવઇતિ.

જે (મેહર યજદ) ઉંચ બાંધેલા ઘરના થામલાઓને ટેકાવી રાખેછે, (તથા) તે (થામલાઓને) મજબૂત (તથા) નાશ ન પામે એવા કરે છે. વળી જે (ઘર) માં (તે) ખુશી થયેલો હોય છે, તે ઘરમાં ગાય–ઢોર અને માણસોની વૃદ્ધિ બક્ષે છે. (પણ) બીજા (ઘરો) જેમાં (તે) દુઃખી થયલો હોય છે, (તેમને) તે પાયમાલ કરી નાખે છે. (મેહર યશ્ત. ક૦ ૨૮.)

ત્મ સ્ઓર્ગનાઓ સ્ઓરથાઓ નિશ્તરૅતો–સ્પયાઓ નિધાતો–બરૅજિશ્તાઓ ન્માનાઓ મસિતાઓ દધાહિ; ત્મ સ્ઓર્ગનૅમ્ સ્ઓરથેમ્ નિશ્તરૅતો–સ્પઅૅમ્ નિધાતો–બરૅજિશ્તૅમ્, ન્માનૅમ્ દધાહિ બૅરૅજિબિતૅમ્, યસ–થ્વા અઓખ્ત–નામન યસ્ન, રથ્વ્ય વચ યજઇતે બરો જઓથ્રા અપવ.

ક્રિયાની ભેટ લઇ જનાર જે અષો (માણસ) તને, મખ્યાત નામની યજશ્ને વડે (તથા) ઘટતા અવસ્તાના મંત્રોથી, (હે મેહર યજદ!) ઇજે છે, (તે માનવીને) ખુબસુરત ઓરતવાળાં, મખ્યાત ગાડી સાથનાં, મજબૂત પાયાવાળાં, ઉચ બાંધણીનાં (તથા) ઉચ ઉભરણીના છાપરાં સાથનાં ઘરો તું દે છે. (વળી) (તારે માટે ક્રિયાની ભેટ લઇ જનાર અષો માણસને) ખુબસુરત ઓરતવાળું, મખ્યાત ગાડી સાથનું, મજબૂત પાયાવાળું, ઉચ બાંધણીનું તથા ઉંચી ઉભરણીનાં છાપરાં સાથનું ઘર તું દે છે. (મેહર યશ્ત. ક૦ ૩૦.)

યથ વઅૅમ્ હુમનંધ્રહો ક્રમનંધ્રહસ્ય ઉર્વાઝૅમ્ન હઓમનંધ્રહુમ્ન, વનામ વીસ્પે હમૅરેથે યથ વઅૅમ્ હુમનંધ્રહો ક્રમનંધ્રહસ્ય ઉર્વાઝૅમ્ન હઓમનંધ્રહુમ્ન, વનામ વીસ્પે દુશ્મઇન્યુશ યથ વઅૅમ્ હુમનંધ્રહો ક્રમનંધ્રહસ્ય ઉર્વાઝૅમ્ન હઓમનંધ્રહુમ્ન, વનામ વીસ્પાઓ ત્બએષાઓ તઉર્વયમ દઅેવનાંમ્ મષ્યાનાંમચ, યાથ્વાંમ્ પઇરિકનાંમચ, સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમચ.

જેથી અમે નેક મનશનીવાળા, મીત્રાચારી ભર્યા વિચારના, આનંદી તથા સારા વિચારના (હોવાથી), સઘળા હરીફોને મારીએ, જેથી અમે નેક મનશ્નીવાળા મીત્રાચારી ભર્યા વિચારના (હોવાથી) સર્વ દુશ્મનોને

મારીએ, જેથી અમે નેક મનશ્નીવાળા, મીત્રાચારી ભર્યાં વિચારના, આનંદી તથા સારા વિચારના (હોવાથી), હેત્યોની, (બુરા) માણસોની, જાદુગરોની, પરીઓની, જુલમગારોની, કીકોની તથા કરપોની સઘળી દુષ્ટતા તોડીએ. (મેહર યશ્ત. ક૦ ૩૪.)

ફ્રત્-આપૅમ્ જવનો-સ્રૂતૅમ્ તચત્-આપૅમ્ ઉક્ષ્યત્-ઉર્વરૅમ.

(મેહર યજદ) (જે) પાણીની આબાદી વધારનાર, સહાયને માટે કીધેલી અરજને સાંભળનાર, પાણીને વહેતું કરનાર, ઝાડપાનને ઉગાડનાર, (તેનું) (અમે સ્તવન કર્યે છીએ). (મેહર યશ્ત. ક૦ ૬૧.)

યો ફ્રક્ષિત-દાઓ, યો આઝૂઇતિ-દાઓ, યો વાંથ્વો-દાઓ, યો ક્ષથ્રો-દાઓ, યો પુથ્રો-દાઓ, યો ગયો-દાઓ, યો હુવંઘહો-દાઓ, યો અષવસ્તો-દાઓ.

જે વૃદ્ધિ કરનારો, જે આબાદી કરનારો, જે ગાય ઢોરની વૃદ્ધિ દેનારો, જે રાજ્યાધિકાર આપનારો, જે છોકરાં દેનારો, જે જીવન આપનારો, જે સુખાકારી અર્પનારો (તથા) જે પવિત્રાઇ દેનારો (છે). (મેહર યશ્ત. ક૦ ૬૫.)

બુયમ તે પોઇથ્રો-પાનો.

(હે મેહર યજદ!) તારાં ક્ષેત્રને આબાદ કરનારા (અથવા રક્ષણ કરનારા) અમે થઇયે! (મેહર યશ્ત. ક૦ ૭૫.)

ત્વમ્ તા ફ્રસ્ચિન્દયેહિ યા રાંક્ષ્યેઇતીશ દઇંઘહુવો, આચ-થ્વા જભયાઇ અવંઘહે.

જે દુ:ખ દેનારા (અથવા પાપી) દેશો, તેઓને તું તોડી નાંખે છે. મદદને માટે (અહો મેહર યજદ!) તું રક્ષણ દે છે. (મેહર યશ્ત ક૦ ૭૮.)

યિમ્ યજત હુઓમો ફ્રાઈમશ

(મેહર યજદ) જે પવિત્ર, આબાદી કરનાર (તેને) હોમ યજદે ઇજીયો[1]? (મેહર યશ્ત. ક૦ ૮૮.)

કહ્માઇ ઇશ્તીમ્ પોઉરૂશ-ખ્વાથ્રાંમ્ અઝૅમ્ બક્ષાનિ ક્ષયમ્નો.

હું (જે) હકુમત કરનાર (તે) કોણને પુરતાં સુખવાળી દોલત (અથવા વર) દઉં? (મેહર યશ્ત. ક૦ ૧૦૮.)

---

૧ ક્રિયા સાથે ભજ્યો.

ઉશ્ત અહ્માઇ નઇરે મઇન્યાઇ, ઉઇતિ મ્ર્ઑત્ અહુરો મજ઼્દાઑ, આઇ અષાઉમ્ જરથુશ્ત્ર.

તે માણસને આબાદી (હોજો) એમ હું વિચારૂં. અહો અષો જરથુશ્ત્ર! એ પ્રમાણે હોરમજ઼્દે કહ્યું. (મેહર યશ્ત. ફ૦ ૧૩૭.)

યો પઓઇરિશ વએઇધિશ સૂરૅમ ફ્રાધાઇતિ સ્પૅન્તહે મઇન્યૅઉશ દામાંન્.

જે (મેહર યજ઼દ) પુર જ્ઞાની (હોવાથી), સ્પેનામીનોની સૃષ્ટિને મજબુતીથી વધારે છે. (મેહર યશ્ત. ફ૦ ૧૪૨.)

યા વીસ્પૅમ્ અહૂમ્ અસ્તવન્તૅમ્ બરઇતિ, જ્યુમચ ઇરિસ્તૅમચ ગરયમચ યોઇ ઍરૅજ઼ન્તો પોઉરૂ-વાસ્ત્રાઑંઘહો આફ્રૅન્તો.

જે સર્વે જડ દુન્યા(નાં માણીઓ)ને જીવતાં તેમજ મરણ પામેલાંને (તથા) ઘાસ ચારાથી ભરપુર (તથા) પાણીથી આબાદ ઉંચ પહાડોને, પોતાની ઉપર ધરી રાખે છે. (ફ્રવર્દીન યશ્ત. ફ૦ ૯.)

અષાઉનાંમ્ વંઘુહીશ સૂરાઑ સ્પૅન્તાઓ ફ્રવષયો યજ઼મઇદે યાઑ અવાંમ્ ક્ષુદ્રૅમ્ અઇવ્યાક્ષયેઇન્તિ, યાંમ્ સ્પિતામહે અષઑનો જ઼રથુશ્ત્રહે, નવચ નવઇતીશચ નવચ સત નવચ હજંઘ્રર નવસૅસ્ચ બઍવાંન્.

અષો (લોકો) નાં ભલાં, શૂરાં (તથા) (દુન્યાંની) આબાદી કરનારાં ફ્રોહરોને અમે માન સાથે યાદ કર્યે છીએ, જે (ફ્રોહરો) નવાણું હજાર નવસો નવાણું (ની સંખ્યામાં) સ્પીતમાન અષો જરથુશ્ત્રનાં આ બીજને સંભાળે છે. (ફ્રવર્દીન યશ્ત. ફ૦ ૬૨.)

યત કૅરૅનવાનિ માવોય ક્ષથ્રાધ અમરૅષિન્ત પસુ વીર, અંઘ્રુઑષૅમ્ને આપ ઉર્વઇરે, ખ઼ઇરયાંન્ ખ઼રૅથમ અજયમ્નૅમ.

(બીજું) એ કે મારી (જમશેદ) ની રાજ્યસત્તાથી (હું) પશું (તથા) માણસોને અમર, પાણી (તથા) ઝાડપાનને નહિ સુકાતાં (તાજાં), (તથા) ખાવાનો ખોરાક વાસી નહિ થઈ જતો (અથવા અખુટ) કરૂં. (રામ યશ્ત. ફ૦ ૧૬.)

તાઑસચ મે નાંમ જ઼અયએષ, અહ્મિ અષાઉમ્ જરથુશ્ત્ર, યિમ્ અષૅમઓઘૅમ્ અનષવનૅમ........પઇતિષૅન્તૅમ્ થ્રિમહે.

જ્યારે કોઇ અપવિત્ર આશ્મોગ તારી સંપત્તિની અદેખાઇ કરતો (આવે), તે (વખતે) હે અષો જરથુશ્ત્ર! આ મારાં નામો તારે યાદ કરવાં જોઇએ, કે હું (પ્રત્યક્ષ હાજર થયેલો) છું (એમ જાણવું).[1] (રામ યશ્ત. ફ૦ ૫૧.)

ઉશ્ત બા યિમ્ હચહિ.

જે (નર) ની સાથે (હે અશીશવંઘ!) તું ચાલે છે (તેને) જરૂર આનંદ (હોય છે.) (અશીશવંઘ યશ્ત. ફ૦ ૮)

યથ અઝ઼ેમ ફ્રપઍાનિ વાંથ્વ અવ-બરાનિ, અવિ મઝ઼દાઓ દામબ્યો, યથ અઝ઼ેમ અમેરેંબ્તીમ્ અવ-બરાનિ. અવિ મઝ઼દાઓ દામબ્યો.

(જમશેદ પાદશાહે અશીશવંઘને પ્રાર્થના કરી) તે એ કે હોરમજદની સૃષ્ટિ તરફ આબાદી (તથા) ગાય-ઢોરની વૃદ્ધિ હું લાઉં, (તથા) હોરમજદની સૃષ્ટિ તરફ અમરત્વ હું લાઉં. (અશીશવંઘ યશ્ત ફ૦ ૨૯.)

ઉત અઝ઼ેમ્ અપ-બરાનિ, વ શુદેમચ તરેષ્નેમચ, હચ મઝ઼દાઓ દામબ્યો, ઉત અઝ઼ેમ્ અપ બરાનિ, વ જઉર્વામચ મેરેથ્યુમચ, હચ મઝ઼દાઓ દામબ્યો, ઉત અઝ઼ેમ્ અપ-બરાનિ વ ગરેમેમચ વાતેમ અઓતેમચ, હચ મઝ઼દાઓ દામબ્યો, હઝ઼ંઘ્રેમ્ અઇવિ ગામનાંમ.

વળી હોરમજદની સૃષ્ટિમાંથી ભુખ અને તરસ (હું) (જમશેદ શાહ) દૂર લઇ જાઉં (અથવા કાઢી નાખું); વળી હોરમજદની સૃષ્ટિમાંથી બુઢાપો અને મૃત્યુ, એ હું દૂર લઇ જાઉં; વળી હોરમજદની સૃષ્ટિમાંથી હજાર વર્ષ સુધી ગરમ પવન તથા ઠંડો પવન બન્ને હું દૂર લઇ જાઉં. (અશીશવંઘ યશ્ત ફ૦ ૩૦.)

અએપાંમ ઉશ્ત્રાઑાગ્રહા બયેન્તે સએનિ-ક્ઓફ અશ-મનંઘહ અઓજયેનિ જેમત્ પેરેતમ્ન વધઠસ્યંવા, યાઇ હચહિ, અષિશ વંઘ્રઉહિ.

જેમની સાથે, હે અશીશવંઘ! તું ચાલે છે તેમનાં ઉંચ ખુંધવાળાં, ચાલાક મગજનાં, ઝડપથી સફર કરનારાં, (તથા) ભારબરદાર ઉંટો (પોતાના દબદબા ભરેલા દેખાવથી) ભય ઉત્પન્ન કરે છે. (અશીશવંઘ યશ્ત ફ૦ ૧૩.)

હઝ઼ંઘ્રેમ્ અસ્પાઓ બવઇતિ, હઝ઼ંઘ્રેમ વાંથ્વાઓ બવઇતિ, ઉત આસ્નાંમચિત ફ્રજઇન્તીમ્ હામો યઓઆજઇતિ તિશત્રીમ સ્તારેમ, હામો વાતો દરેષિશ મઝ઼દધાતો, હામો અઇસ્યનેમ્ ખરેનો.

---

૧. નામ સ્મરણ મહિમા આ પ્રમાણે દેખાડયો છે જુવો દુઆ નામ સેતાયશને.

(જે માણસ ઉપર અશીશવંઘ પ્રસન્ન થાય છે તેને) હજાર ઘોડા, હજાર ગાય-ઢોરનાં ટોળાં (તથા) જાતી અક્કલના પુત્રો પ્રાપ્ત થાય છે. (વળી) તેશ્તર તારો, હોરમજદનો પેદા કીધેલો સખત પવન (તથા) ઇરાની ખોરેહ એક સરખી રીતે (તે માનવી સાથે) મલતા થાય છે.[1]

(આસ્તાદ યશ્ત ક૦ ૫.)

ઉત બર્ેન્તિ ક્રદથૅમ્ વીસ્પાઓ બરૅઝ્નવો ગઇરિનાંમ્, વીસ્પાઓ જાંફ્નવો રઓનાંમ્, ઉત બરૅન્તિ ક્રદથૅમ્ વીસ્પનાંમ્ ઉર્વરનાંમ્ ફ્રાઉરૂસ્તનાંમ્ સ્રીરનાંમ્ જ્રઇરિ-ગઓનનાંમ. ઉત બરૅન્તિ ક્રદથૅમ્ હામ્સ્તૅરૅતૅમ્ અએખૅમ્, ઉત બરૅન્તિ મહ્રકથૅમ્ દએઉમ્ અપઓર્ષૅમ.

વળી (તેઓ) પહાડોનાં મથાલાં ઉપર તથા ખેતીના તમામ ઉંડાણોમા આબાદી લાવે છે; વળી (તેઓ) સઘળા સોહમણાં, લીલાં રંગનાં, મોહટાં ઝાડોની આબાદીને ટેકો આપે છે. વળી (તેઓ) પંથરાઇ ગએલી બીમારીને દૂર લઇ જાય છે. વળી (તેઓ) અપઓશ (પાણીની તંગી ઉત્પન્ન કરનાર) દૈત્યોને (તથા) મર્કીને દૂર કરે છે.

(આસ્તાદ યશ્ત ક૦ ૬.)

માંથ્ર સ્પેન્ત ... યજમઇદે.

આબાદી કરનાર (અથવા પવિત્ર) માંથ્રવાણીને અમે વખાણીએ છીએ.

(આસ્તાદ યશ્ત ક૦ ૮.)

દામાંન્ દથત અહુરો મજદાઓ પૉઉરૂચ......ફ્રચ.

હોરમજદે પુષ્કળ અને સંપત્તિની ચઢતી કરનારી સૃષ્ટિ બનાવી.

(જમ્યાદ યશ્ત ક૦ ૧૦.)

તૅમ્ હ્યાત અષિશ પૉઉરૂશ-ખાથ્ર સ્પાર દાશ્ત સૂર ગેઉશચ વાસ્ત્રેહ્ય.

પુરતું સુખ આપનારી, હાલ રાખનારી તથા ગાયઢોરની અને ઘાસચારાની આબાદી કરનારી અશીશવંઘ, તે (માનવી)ને મળે.

(જમ્યાદ યશ્ત ક૦ ૫૪.)

મહ્રક અપ દ્વરત.

હે (કવખતના) મોત! તમે નાબુદ થઇ જાઓ.

(અર્દીબેહશ્ત યશ્ત ક૦ ૭.)

યત્ કૅરૅનઓત્ અંઘ્રહે ક્ષથ્રાઘ અમરૅષિન્ત પસુ વીર, અંઘ્રહઓષૅમ્ને આપ ઉર્વઇરે; ખઇરયાંન્ ખરૅથૅમ્ અજયમ્નૅમ્. યિમહે ક્ષથ્રે અઉર્વહે,

1. પતિવ્રતા અને પતિવ્રતાથી અશીશવંઘ અને લક્ષ્મી પ્રસન્ન થાય છે.

નોઇત્ અઓતૅમ્ આઑંઘ્રહ, નોઇત્ ગરૅમૅમ્, નોઇત્ જઉર્વ આઑંઘ્રહ, નોઇત મૅરૅથ્યુશ્, નોઇત્ અરસ્કો દએવો-દાતો.

જેણે (જમશેદે) આ (દુનિયાંમાં) (પોતાની) પાદશાહીથી પશુ તથા માણસને અમર કીધાં, પાણી તથા વનસ્પતીને ન સુકાતાં કીધાં, (લોકો) તાજો ખોરાક ખાતાં હતાં. ખ્યાતિ પામેલા જમશેદની પ્રભુત્વમાં (અતિશય) ઠંડી નહોતી, (અતિશય) ગરમી નહોતી, બુઢાપો નહોતો, મોત નહોતું, દૈત્યની રૂચેલી ઇર્ષા નહોતી. (મોટી હોમ યશ્ત ફ૦ ૪-૫.)

આચ નો જમ્યાત્ હવંઘ્રહાઇ.

(મેહેર યજદ) અમારાં કુટંબની વૃદ્ધિને માટે આવે!

(મહેર યશ્ત. ફ૦ ૫.)

નિવએધયેમિ હન્કારયેમિ ખરૅનંઘ્રહે સવંઘ્રહે મજદધાતહે.

હોરમજદના પેદા કીધેલાં ખોરેહ (તથા) આબાદીને હું ઇજન કરૂં છું તથા સભામાં (તેનો) સત્કાર કરૂં છું. (હા ૧ ફ૦ ૧૪.)

આઅત્ દીશ આવએધયમહિ ક્રાયેહીશ્ અહે ન્માનહે ફ્રદથાઇ અહે ન્માનહે પસ્વાંમચ નરાંમચ જાતનાંમચ જાંઘ્યનનાંમચ અશઑનાંમ્ યેંઘ્રહે અએમ હૅન્તિ.

આ ઘરની આબાદી માટે તથા આ ઘરના પશુઓની તથા જન્મ પામેલાં તથા હવે પછી જન્મ પામનારાં માણસો તથા અષો (માણસો), જેઓ હાલમાં એ (ઘર) માં છે, (તેમની) આબાદીને માટે આ (બરસમ, ગોશદો, પાણી, હોમ, અએસમ, બોય વિગેરેની ભેટો) વધારેને વધારે અમે જાહેર કર્યે છીએ. (હા ૪ ફ૦ ૫.)

રવસ્ચ ખાથ્રૅમચ આફ્રીનામિ વીસ્પયાઑ અષઑનો સ્તોઇશ. આંજસ્ચ દુઝાથ્રૅમચ આફ્રીનામિ વીસ્પયાઑ દ્રવતો સ્તોઇશ.

અષો (હોરમજદ)ની સકળ સૃષ્ટિની વૃદ્ધિને તથા સંપત્તિને હું વખાણું છું, દ્રવંદની સઘળી સૃષ્ટિના તંગીને તથા વિપત્તિને હું વખાણું છું. (હા ૮ ફ૦ ૮.)

યો નો અએવો અત્ તે ઉયે થ્રાયોઇદયાઇ તૂરહે મૅન્દાઇદયાઇ ખ્શવીદૅમ્ હપ્તાઝ્દયાઇ નવ દસૅમે યોઇ વે યએથેમ.

પઇરિ-તે હઑમ અષાઉમ્ અષવાજો દધાંમિ ઇમાંમ્ તનૂમ્ યા મે વએનઇતે હુરઑધ. ખ્વખ્પાઇ હઑમાઇ મધાઇ હવંઘ્રહાઇ અપવસ્તાઇ.

(રાસ્પી જોતીના જમણા હાથમાં હોમનું ફુલ્યું આપે છે, ત્યારે જોતી તે રાથવીને કહે છે:–) જે કાંઇ અમારે માટે એક (હોય) તે તારે માટે બેવડું, ત્રણ ગણું, ચાર ગણું, પાંચ ગણું, છ ગણું, સાત ગણું, આઠ ગણું, દશ ગણું (થાય); (તથા) જે (સર્વ) તને મદદ સમાન (થઇ પડે.)

(જોતી બોલે છે) અહો અષોઇનું બળ આપનારા અષો હોમ! ડહાપણ, કુટુંબની આબાદી, (તથા) પવિત્રાઇ (મેળવવા) ને માટે, આ (મારૂં) તન જે મને ખુબસુરત દેખાય છે (તે) તું તેજી દેનાર હોમને, હું અર્પણ કરૂં છું. (હા ૧૧ ફ૦ ૯–૧૦.)

યસ્નાઇચ વહ્માઇચ યત અમેષનાંમ સ્પેન્તનાંમ. અહ્માકેંમ હ્વંઘ્રહ્રાઇચ અષવસ્તાઇચ યત સઓષ્યન્તાંમ અષઓનાંમ.

(દુન્યાને) કૃતકૃત્ય[1] કરનારા અષો (લોકો) ના કુટુંબની આબાદી (અથવા સુખ) તથા પવિત્રાઇને માટે, તમે અમેષાસ્પંદો તથા યજદોની આરાધના (કરવા) ને માટે, અમે કબુલ કર્યે છીએ. (હા ૧૪ ફ ૧.)

તા નો હ્મ તા ફ્રદથ તા વરેદથ.

તે (ગાથા) અમારે માટે હિંમત, વૃદ્ધિ તથા આબાદી (છે). (હા ૫૫ ફ૦ ૩.)

ફ્રપ્રમાઓ અસ્તી અષવા વેરેથ્રજાઓ વહિશ્તો ફ્રપ્રે ચરેકરેમહી. હે પ્તા ગેઉશ્ચા અપંઘ્રહ્રાચા અપઓનસ્ચા અષાવદ્ગ્યાગોસ્ચા સ્તોઇશ. દદથ્યો વંઘ્રહુદાઓ યંઘ્રહે વે મસાનસ્ચા વંઘ્રહાનસ્ચા સ્રયનસ્ચા ચરેકરેમહી. હેચા ના ફ્રપ્રમાઓ નિશંઘ્રહસ્તૂ હે અદ્બ્યાક્ષયત્ હદા અપાચા વાસ્રાચા ફ્રારાઇતિચા વીદીબ્યાચા અદ્દનિતિચા આથ્રાચા અહુરહે મજદાઓ.

અષો (માણસ) (જગતનું) કલ્યાણ કરનાર, વિજયી તથા સર્વોત્તમ છે; (તે પ્રમાણે) (દુન્યાની) આબાદી અમે પણ કર્યે. તે (અષો માણસ) અષોઇની પુઠે ચાલવાથી ગાય ઢોરનો (તથા) અષો (હોરમજદ)ની અષોઇની મરજી પ્રમાણે ચાલનારી સૃષ્ટિનો પીતા (છે).[2] (અષો માણસ) ખરેખર ભલું આપનારો (છે) જેની મોહટાઇ, ખુબી

---

૧. સઓષ્યન્તો. ૨. અષોઈની મહત્વતાના હવે વિચાર બાંધી શકાશે.

તથા શોભાને તમારે માટે અમે ઇચ્છીયે છીએ. વળી તે (અષો) માણસ અષોઇથી, ઉદ્યોગથી, દાનથી, જ્ઞાનથી, મોટાઇથી તથા હોરમજદના આતશથી દુન્યાની આબાદી તે નિત્ય જાળવશે. (હા ૫૮ ફ૦ ૪.)

ખ્રુવીધએચ આજાૂતયએચ માવયચ જઍાથે પઇતિ-જમ્યાઍા.

(મારાં) પોષણને માટે તથા આબાદીને માટે, (હે અર્દવીસુર) મારા જેવાની કીંમતિ ભેટમાં તું આવે તો સારૂં. (હા ૬૮ ફ૦ ૨.)

દાયાઍા મે અહુરાને અહુરેહે નઇર્યાંમ્ આસ્નાંમ્ ફ્રજન્તીમ્ યા મે ફ્રાધયાત્ ન્માનેંમચ વીસેંમ્ચ જન્તૂમચ દખ્યૂમચ દંગ્હુ-સસ્તીમચ.

હે અહુરમજદને લગતી અહુરમજદની (અર્દવીસુર)! જાતી અક્કલના તથા પોહેલવાનના જેવાં બળવાન સંતાનો મને તું આપ, જે મારાં ઘરને, કુલને, કસ્બાને, દેશને અને દેશના ધર્મને આબાદ કરે. (હા ૬૮ ફ. ૫.)

હુપિતિ રામો-પિતિ દરેંઆ-પિતિ ઇને વીસે આફ્રીનામિ યહ્મત્-હચ ઇમાઍા જઍાથ્રાઍા હુ-પિતિ રામો-પિતી દરેંઆ-પિતે વીસ્પય વીસે માજદયસ્ને આફ્રીનામિ.

જે (કુલ) માંથી આ ક્રીયાની ભેટો (થાય છે) તે કુટુંબને માટે સારૂં મુકામ, આનંદમય મુકામ તથા પોખાલ મુકામ (થાય), (એવી) હું દુઆ માંગું છું. દરેક માજદયસ્ની કુળને માટે સારૂં મુકામ, આનંદમય મુકામ તથા પોખાલ મુકામ (થાય), (એવી) હું દુઆ કરૂં છું. (હા ૬૮ ફ૦ ૧૪.)

યથ ઇઝ્ વાચિમ્ નાપીમ યથ વા સઍાષ્યન્તો દગ્યુનાંમ્ સુયમન વાચિમ્ બરેંન્ત બુયમ્ સઍાષ્યન્તો બુયમ વેરેંથ્રાજનો બુયમ અહુરહે મજદાઍા ફ્રય વાજિશ્ત અસ્તયો યોઇ નરો અષવનો હુમતાઇશ મઇનિમ્ન હુખ્તાઇશ ઓવતો હુવર્ષ્તાઇશ વેરેંજયન્તો.

દેશોને ચઢતિ કળા દેનારા તરીકે (દીનના) વચનોને પુરતી રીતે અમે પંહોચાં શકયે, (તથા) (દીનના) વચનોનો લાભ મેળવીને (તેનો) પ્રસાર કરનારા અમે થઈએ. તથા (દુન્યાનું) કલ્યાણ કરનારા અમે થઇએ, અને (એ પ્રમાણે કીધાથી) નેક વિચાર વિચારનારા, નેક વાણી બોલનારા (તથા) નેક કાર્ય કરનારા અષો માણસોની સમાન, હોરમજદના પ્યારા તથા સર્વથી ચાલાક દૂતો અમે થઇએ. (હા ૭૦ ફ૦ ૪.)

નિવએધયેમિ હન્કારયેમિ યાઇર્યએઇબ્યો, અષહે રતુબ્યો મઇધ્યોજરૅમ્યેહે પયંઘ્રહો અષઑનો અષહે રથ્વો નિવએધયેમિ હન્કારયેમિ મઇધ્યોષ્મહે વાસ્ત્રો-દાતએન્યેહે અષઑનો અષહે રથ્વો.

ગાહમબારો (જે) અષોઇનાં અવસરો, (તેમ) ને હું ઇજન કરૂં છું તથા સભામાં માન આપું છું. (સઘળી) કુદરતને (તાજી કરનાર) અષો મઇધ્યોજરેમ (જે) અષોઇનો અવસર, (તે) ને (હું) ઇજન કરૂં છું તથા સભામાં આદરમાન દઉં છું. ખેતરને અનાજ તથા ઘાસચારાથી ભરપુર કરનાર અષો મઇધ્યોષહેમ, (જે) અષોઇનો સમય (તે) ને હું ઇજન કરૂં છું તથા સભામાં આદરમાન આપું છું.

(વીસ૦ ક૦ ૧ ફ૦ ૨.)

નિવએધયેમિ હન્કારયેમિ હદિષહેચ વાસ્ત્રવતો વાસ્ત્રો-બૅરૅતહેચ ગવે હુધાઑઘ્રહે ગઑદયેહેચ નરશ અષઑનો.

ઘાસચારાથી ભરપુર મુકામ રાખનારને, સારી સૃષ્ટિવાળાં ગાય ઢોરને માટે ઘાસચારો ઉત્પન્ન કરનારને તથા ગાય ઢોરનું પોષણ કરનાર અષો માણસને, ઇજન કરૂં છું, (તથા) સભામાં (તેનો) સત્કાર કરૂં છું.

(વીસ૦ ક૦ ૧ ફ૦ ૯.)

હમ્ય જઑઘ્રે બરૅસ્મનચ રથ્વાંમ ફ્રમરૅતારૅમ આયેસે યેશ્તિ યિમ નરૅમ અષવનૅમ દધરાનૅમ હુમતૅમચ મનો હુખ્તૅમચ વચો હવર્શ્તૅમચ શ્યૉથનૅમ સ્પૅન્તાંમચ આરમઇતીમ દરેતૅમ યોઇ માંથ્રૅમ સઑષ્યન્તો યેંઘ્રહે શ્યૉથ્નાઇશ ગએથાઑ અષ ફ્રાદૅન્તે.

આ જોર તથા બરસમથી સરદારોને પૂજનાર અષો મરદ, જે નેક વિચારેલા વિચારને, નેક ઊચરેલા શબ્દને, તથા નેક કરેલાં કાર્યને મજબુત પકડનારો, તથા જે આબાદી કરનાર નમ્રતાને તથા સ્યોષ્યન્તનાં માંથ્રને માન આપનાર (એવા ગુણોવાળા અષો મરદને), યજશ્નેમાં હું યાદ કરૂં છું, જેના કાર્યોથી પવિત્રાઇને અંગે મુલકો આબાદ થાય છે.

(વીસ૦ ક૦ ૨ ફ૦ ૫)

ફ્રા ગવે વૅરૅન્દ્યાઇ મઝ્દયસ્ન જરથુશત્રયો આ હીમ વએધયમહિ રથ્વએચ મ્યઝ્દએચ રથ્વએચ રતુફ્રિતયએચ વીસ્પયાઑ સાંચત્ય અષઑનો સ્તોઇશ યસ્નાઇચ વહમાઇચ ખ્ષનઑથ્રાઇચ.

અહો જરથુશ્તિ માઝ્દયસ્નો! જગતની સંપત્તિને માટે અષો (હોરમજ્દ) ની દરેક સૃષ્ટિની આરાધના કરવાને, ખુબીઓ ગાવાને,

(તેને) રીઝવવાને તથા (તેની) વખાણ કરવાને માટે, વેળાસરની, યોગ્ય ભક્તિમાં, તે (ડહાપણ, અષોઇ ઇત્યાદી)ને અમે જાહેર કર્યે છીએ.

(વીસ૦ ક૦ ૪ ફ૦ ૨.)

આઅત્ દીશ્ આવએધયમહિ ક્રાયેહીશ્ અહે ન્માનહે ફ્રદથાઇ અહે ન્માનહે સવંઘહો અહે ન્માનહે વખ્ષત્ અહે ન્માનહે વીતરાંજો અહે ન્માનહે વીતરે-ત્મએપો અહે ન્માનહે પસ્વાંમચ નરાંમચ જાત-નાંમચ જાંઇઅનનાંમચ. અષઑનાંમ યેંઘ્હે અએમ અંઘ્હેન યેંઘ્હે અએમ હેન્તિ યેંઘ્હે વએમ્ મહિ યોઇ સઑઇયંન્તો દખ્યુનાંમ.

યત્ વૉહુ-વરૅજાંમ્ અષઑનાંમ્ યત વૉહુ-વરૅજિનાંમ્ અષઑ-નિનાંમ્ યત્ હુઇથ્યાવરૅજાંમ્ અષઑનાંમ્ યત્ હુઇથ્યાવરૅજિનાંમ્ અષઑનિનાંમ્ યત્ હ્વરૂશ્તાવરૅજિનાંમ્ અષઑનિનાંમ.

આ ઘરની આબાદીને માટે, આ ઘરના લાભને માટે, આ ઘરની ચઢતી કળાને માટે, આ ઘરની તંગી દુર કરવાને સારૂં, આ ઘરની પીડા દુર કરવાને કાજે, (તે સાથે વળી) આ ઘરના ગાય ઢોર તથા માણસો (જેઓ) જન્મેલાં (છે) તથા હવે પછી જન્મવાના તેમના તથા અષો (લોકો) જેઓ આગળ હતાં તથા હમણાં છે, તથા અમે જેઓ દેશોની આબાદી કરનારા છીએ, (એ સર્વેની) સંપત્તિને માટે તથા તેમની પીડા દુર કરવાને માટે, (હોરમજદ તથા યજદોને) આ (ભેટો) વધારે ને વધારે અમે અર્પણ કર્યે છીએ.

ભલાઇ કરનારા અષો (માણસો)ની, ભલાઇ કરનારી અષો (સ્ત્રીઓ)ની, અષોઇના કાર્ય કરનારા અષો (માણસો)ની, અષોઇનાં કાર્ય કરનારી અષો (સ્ત્રીઓ)ની, નેક કાર્ય કરનારા અષો (માણસો)ની, પવિત્ર કાર્ય કરનારી અષો (સ્ત્રીઓ)ની, (આબાદી તથા ચઢતી કળાને માટે તથા તેમની ઉપર આવી પડતી પીડાને દુર કરવાને માટે દાદાર હોરમજદ તથા યજદોને અમે ભેટ અર્પણ કર્યે છીએ).

(વીસ૦ ક૦ ૧૧ ફ૦ ૧૩-૧૪.)

વીસ્પાયૂમચ ઉશ્તતાતૅમ યજમઇદે, યા નરૂશ્ સાદ્રા દ્રૅગ્વતો. ઉશ્તતાતૅમ અકરૅનૅમ યજમઇદે.

સંપૂર્ણ આનંદ* જે દુષ્ટ માણસની પીડા (છે), (તેને) અમે યાદ કર્યે છીએ. અનંત આબાદીને અમે યાદ કર્યે છીએ. (વીસ૦ ક૦ ૧૮ ફ૦ ૨.)

---

* હિંદશાસ્ત્રમાં ઈશ્વરજીને 'સચ્ચિદાનંદ' નામથી ઓળખ્યો છે.

સ્પૅન્તૅમ અહુરૅમ મજ઼્દાંમ્ યજમઇદે, સ્પૅન્તૅમ અમૅષે સ્પૅન્તૅ યજમઇદે, સ્પૅન્તૅમ્ નરૅમ્ અષવનૅમ્ યજમઇદે, સ્પૅન્તૅમ્ પરસ-પ્રથ્વૅમ્ યજમઇદે, સ્પૅન્તાંમ્ વંઘ્રઉહીમ્ આરમઇતીમ્ યજમઇદે, સ્પૅન્તો-દાતાઇશ્ દામાંન્ અષવનો યજમઇદે.

આબાદી કરનાર હોરમજ઼્દને અમે યાદ કર્યે છીએ, આબાદી કરનાર અમેષાસ્પંદોને અમે યાદ કર્યે છીએ, આબાદી કરનાર અષો નરને અમે યાદ કર્યે છીએ, આબાદી કરનાર ભવિષ્યવેત્તાની બુદ્ધીને અમે વખાણ્યે છીએ; આબાદી કરનાર ભલી આર્મઇતીને અમે યાદ કર્યે છીએ. (દુન્યાની) આબાદીને માટે પેદા કરેલી અષો સૃષ્ટિને અમે વખાણ્યે છીએ. (વીસ૦ ક૦ ૧૯ ફ૦ ૧.)

હા જી ને હુષોઇથેમા, હા-ને ઉતયૂઇતીમ્ દાત તેવીષીમ્, વંઘ્રહેઉશ્ મનંઘ્રહો બૅરૅખ્ધે.

કારણ કે તે (ગાય ઢોર) આપણી કીંમતિ મતા (છે), (તથા) નેક ધ્યાનતની ઇચ્છામાં તે આપણને બળ (તથા) જોર આપે છે.

(હા ૪૮ ફ૦ ૬.)

અત હ્વો મજ઼્દા ઇજ઼ાચા આહ્નૂઇતિશ્ચા, યે દએનાંમ્ વોહૂ સારૅશ્તા મનંઘ્રહા.

જે કોઇ (આ માજ઼્દયસ્ની જરથુશ્તિ) દીનને નેક મનશ્નીથી શ્રેષ્ઠ ગણે છે તે પોતે, હે હોરમજ઼્દ! પુષ્કળપણું તથા આબાદી (નું મૂળ) (છે.)

(હા ૪૯ ફ૦ ૫.)

તએચા મજ઼્દા થ્વહ્મી આદાંમ નિપાઑહ્રહે, મનો વાહૂ ઉરૂનસ્ચા અષાઉનાંમ્, નૅમસ્ચા યા આર્મઇતિશ્ ઇજ઼ાચા.

નેક મનશ્ની, અષો (લોકો)નાં રવાંનો તથા ભક્તિ જેને લીધે નમ્રતા તથા આબાદી (હોય છે) (તે), અહો હોરમજ઼્દ! તારા આશ્રયમાં હું સોંપું છું (અથવા અર્પણ કરૂં છું.) (હા ૪૯ ફ૦ ૧૦.)

કથા મજ઼્દા રાન્યો-સ્કૅરૅતીમ ગાંમ્ ઇપસોઇત, યે-હીમ્ અહ્માઇ વાસ્ત્રવઇતીમ્ સ્તોઇ ઉસ્યાત.

(આ) આનંદમય જગતને, અહો હોરમજ઼્દ! (તે માણસ) કેવી રીતે ચાહે, કે જે તેને સદા આબાદીથી ભરપુર ઇચ્છે?

(હા ૫૦ ફ૦ ૨.)

વોહૂ ક્ષથ્રૅમ્ વઇરીમ્ બાગૅમ્ અઇબી–બઇરિશ્તૅમ્ વીદીષેમ્નાઇશ્ ઇજાચીત્ અષા અન્તરે–ચરઇતી શ્યઑથનાઇશ્.

સારી સત્તા (જે) પસંદ કરવા જોગ તથા ઘણીજ મદદ આપનારી દોલત (છે તે), અષોઇને લીધે તથા પવિત્ર કાર્યોને લીધે, (દુન્યાંનાં લોકોમાં) આબાદી, સુખ ઇત્યાદી સ્થાપે છે. (હા ૫૧ ફ૦ ૧.)

વીસ્પા–તા પૅરૅસાંસ્, યથા અષાત્ હચા ગાંમ્ વીદત્ વાસ્તર્યો શ્યઑથનાઇશ્ ઍરૅશ્વો હાંસ્ હુખ્રતુશ્ નેમંઘ્રહા.

The turn of a sentence has decided the fate of many a friendship, and for aught that we know, the fate of many a kingdom. (*J. Bentham.*)

Words are the only things that last for ever. (*W. Hazlitt.*)

All human speculations have alloy about them—that Word is perfect. All human speculations fail—that Word abideth. (*Punshon.*)

The words of his mouth were smoother than butter, but war was in his heart; his words were softer

---

૧. Logos, અહુનવર, પ્રણવ ઈત્યાદી.

than oil, yet were they drawn swords. (*Psalm, LV, 21.*)

"The word of the spirit which is the word of God." (*St. Paul.*)

Prayer is the pillar of religion and the key of paradise. (*Mahomed*).

પ્રાર્થના-બંદગીનું બળ અને પરાક્રમ.

યેંઘ્રહે હાતાંમ આઅત યેસ્ને પઇતિ વંઘ્રહો મજ઼દાઓ અહુરો વએથા અષાત હચા, યાઓંઘ્રહાંમચા તાંસચા તાંઓસ્ચા યજ઼મઇદે.

હસ્તી ભોગવનારાઓમાં જે કોઇ આરાધના કરવામાં વધારે ભલો (છે), (તેનો) જાણનાર અષોઇને લીધે અહુરમજદ (પોતે છે); તેમનામાંનાં નર તથા નારીઓને અમે વખાણીએ છીએ. (હાવન ગેહ ક૦ ૧૦.)

નૅમસે-તે અહુર મજ઼દ, નૅમસે-તે અહુર મજ઼દ. નૅમસે-તે અહુર મજ઼દ, થ્રીશચિત પરો અન્યાઇશ દામાંન નૅમો વે અમેષા સ્પૅન્તા વીસ્પે હવરે-હજ઼ઓષાઓ. અએતત જ઼ઓત અહુરૅમ મજ઼દાંમ, અએતત અમેષે-સ્પૅન્તે, અએતત અષઓનાંમ ફ્રવષીશ, અએતત વયાંમ દરેઘો-ખધાતૅમ.

હે અહુરમજદ! (તારી) બીજી સૃષ્ટિની પૂર્વે ત્રણ વેળાએ તને નમન (હોજો)! હે અમેષાસ્પંદો! તમને નમન (હોજો)! તમે (જે) સઘળા ખુરશેદ યજદની સાથે એકજ મરજી રાખનારા[1] (છો). આ (નમસ્કાર જે હું કરૂં છું તે) અહુરમજદને પહોંચો! આ (નમસ્કાર) અમશાસ્પંદોને પહોંચો! આ (નમસ્કાર) અષો (લોકો) નાં ફ્રોહરોને પહોંચો! આ (નમસ્કાર) લાંબા કાળના પેદા કીધેલા મીનો રામને પહોંચો. (ખોરશેદ નિયાયશ ક૦ ૧.)

તૅમ અમવન્તૅમ યજ઼તૅમ સૂરૅમ દામોહુ સેવિશ્તૅમ મિથ્રૅમ યજાઇ જ઼ઓથ્રાબ્યો, તૅમ પઇરિ-જસાઇ વન્તચ નૅમંઘ્રહચ; તૅમ યજાઇ સુરૂ-

1. એકાકાર વૃત્તિવાળા.

ન્વત્ યસ્ન મિથ્રૅમ્ વૅાઉરૂ-ગઑયઓઇતીમ્, જઑથ્રાબ્યો મિથ્રૅમ્ વૅાઉરૂ-ગઑયઓઇતીમ્ યઝમઇદે.

તે હિમ્મતવાળો (તથા) શુરો મેહર યજદ, (જે) (સર્વ) સૃષ્ટિમાં સર્વથી વધુ લાભકારક, (તેને) ક્રિયાની ભેટોથી હું ઇજું,[1] પ્યાર તથા નમનથી તેની આસપાસ હું જાવું; (પશ્ચાત); યજશ્નીથી બોહળાં ક્ષેત્રવાળા[2] મેહર યજદને હું ઇજું, બોહળાં ક્ષેત્રવાળા મેહર યજદને ક્રિયાની ભેટોથી અમે ઇજયે છીએ. (મેહર નિયાયશ ફ૦ ૧૫.)

નૅમો આઑંઘ્રહાંમ્ અસંઘ્રહાંમચ, ષોઇથ્રનાંમચ, ગઑયઑઇતિનાંમચ, મએથનનાંમચ અવો-ખ્ઍર્નનાંમચ, અપાંમચ, જૅમાંમચ, ઉર્વરનાંમચ, અંઘ્રહાઑસ્ચ જૅમો, અવંઘ્રહેચ અશ્નો, વાતહેચ અષઑનો, સ્ત્રાંમ્, માઑંઘ્રહો, હ્વરો, અનઘ્રનાંમ્ રઑચંઘ્રહાંમ્, ખ્ધાતનાંમ્, વીસ્પનાંમચ સ્પેન્તહે મઇન્યેઉશ્ દામનાંમ્, અષઑનાંમ્ અપઑનિનાંમચ અષહે રથ્વાંમ્.

નમન (હોજો) આ જગ્યાઓને, શેહરોને, ખેતરની જગ્યાઓને, રેહવાના ઘરોને, પાણીના અભાડાઓને, પાણીઓને, જમીનોને, ઝાડપાનોને, આ પૃથિવને, પેલાં આસ્માનને, પવિત્ર પવનને, તારાઓને, ચંદ્રમાને, સૂર્યને, સૃષ્ટિના અનહદ ઝમકારાઓને, સ્પેનામીનોની સર્વ પેદાયશોને, (તથા) અષોઇના સરદારો (જે) અષો નર તથા અષો નારી (એ સર્વને નમન હોજો!) (નમસ્કાર ચાર દિશાનો.)

દસ્ત અમૅમ્ વૅરેથ્રઘ્નૅમચ, દસ્ત ગેઉશ્ ખાથ્રો-નહીમ્, દસ્ત નરાંમ્ પૅાઉરૂતાતૅમ્, સ્તાઘ્નિનાંમ્ વ્યાખ્નનાંમ્, વનતાંમ્, અવનૅમ્નનાંમ્, હથ્ર-વનતાંમ્ હમૅરેથે, હથ્ર-વનતાંમ્ દુશ-મઇન્યુશ, સ્તેરપતાંમ્, ચિથ્ર-અવંઘ્રહાંમ્. યજત પૅાઉરૂ ખ્ઍર્નંઘ્રહ, યજત પૅાઉરૂ-બએષજ ચિથ્ર વો બુયારેશ્ મસાંનાઑ, ચિથ્ર વો જવનો-સવો. ચિથ્રૅમ્ બોઇત્ યૂઝૅમચિત્ ખ્ઍર્નો યઝૅમ્નાઇ આપો દાયત.

હે પુર ખોરેહવાળા યજદો! હે પુર્ણ તંદોરસ્તી આપનારા યજદો! (તમે) (મને) હિમ્મત તથા જય આપો, ગાયઢોરની વૃદ્ધિ દો; મજબુત, સભામાં બેસનારા, (દુષ્ટ સૃષ્ટિને) હણનારા, માર ન ખાય એવા હરીફોને ઝટ મારનારા, શત્રુઓને તાબડતોબ તોડનારા, સદા આનંદ

---

૧. ભજું. ૨. Lord of vast spaces.

આપનારા (તથા) જાહેર રીતે મદદ કરનારા માણસોનું ટોળું (મને) દો. તમારેથી મોટાઇ પ્રગટ થજો! ક્રિયાના લાભ (અથવા બંદગી કીધાથી હાસેલ થતા ફાએદા) તમારેથી પ્રગટ થજો! (અહો યજદો!) પાણીઓને ઇજનાર માટે જાહેર રીતે (અને) અવશ્ય, તમે ખુરેહ આપો.
(માહ નિયાયશ ફ૦ ૧૦.)

આપો ગાતવ રામોઇધ્વેંમ્, યવત જઑત યજાઇતે. કુથ જઑત ખ્સાત વચ આંપો વંઘુહીશ યજાઇતે; કુથ બવાત હિતો-હિજ્વાઓ, યેજિ અન્-અર્થે યજાઇતે, કુથ વાચો અવિ-બ્રત, યાં હે ચખ્સે અઑથ્ર-પઇતિશ. કુથ તાઑ ક્રયો બવાંન, કુથ તાઓ ઇશુદો બવાંન, કુથ તાઑ રાતયો બવાંન્, યાં અહુરો મજ્દાઓ જરથુશ્ત્રાઇ ફ્રવવચ, ફ્રા જરથુશ્ત્રો ગએથાબ્યો અસ્તવઇતિબ્યો.

અવજસ્તીમ્ પઉર્વાંમ્ આપો જઇધ્યોઇશ જરથુશ્ત્ર, પસ્ચએત અઇબ્યો જઑથ્રાઑ ફ્રબરોઇશ યઑઝ્દાતાઑ, દક્ષ-પઇરિશ્તાઑ, ઇમાં વચો ફ્રસ્ર.

હે પાણીઓ! જ્યાં સુધી જોતી (તમને) વંદે (ત્યાં સુધી) (તમારી) જગ્યાએ તમે ખુશી થાઓ. શીખેલી વાણીથી[1] જોતી કેવી રીતે ભલાં પાણીઓને ભજે (અથવા વખાણે)? (અગર) જો (તે જોતી) ધોરણ વિરૂદ્ધ (પાણીઓને) ઇજે તો, કેવી રીતે (તેની) જીભ બાંધેલી થાય? જે (મન્ત્રો) હેરઅદે તે (જોતી) ને શીખાડયા (તે) મન્ત્રો કેવી રીતે તે વાપરે? તે ભક્તિ કેવી રીતે થાય? તે ઉપકાર કેવી રીતે ફેરવવામાં આવે? તે (ભેટ) કેવી રીતે થાય (એટલે કરવામાં આવે), જેને વીષે અહુરમજદે (પેગમ્બર) જરથુશ્ત્રને કહ્યું હતું, (અને) (અષો) જરથુશ્ત્રે જડ દુનિયાની પ્રજાઓને જાહેર કર્યું? હે જરથુશ્ત્ર! પ્રથમ (તારે) પાણીઓને વિનંતી કરવી જોઇએ; ત્યાર પછી (તે) પાણીઓને માટે પવીત્ર (તથા) જ્ઞાની પુરૂષે તપાસેલી જોર તારે લઇ જવી જોઇએ, પછી આ મન્ત્રો તું ભણ. (આવાં અરદીસુર નિયાયશ ફ૦ ૯-૧૦.)

યસ્નેમચ વહ્મેમચ, હુઑર્તીમચ ઉશ્ત-બર્તીમચ, વન્ત-બર્તીમચ આફ્રીનામિ, તવ આતર્શ પુથ્ર અહુરહે મજ્દાઑ. યેસ્ન્યો અહિ વહ્મ્યો, યેસ્ન્યો બુયાઑ વહ્મ્યો ન્માનાહુ મશ્યાકનાંમ. ઉશ્ત બુયાત્

૧. ધર્મ ક્રિયાના નિર્મિત ધોરણ અને મંત્રથી.

અહ્માઇ નઇરે, યસ થ્વા બાથ્ર ફ્રાયજાઇતે, અએસ્મો-જસ્તો, બરસ્મો-જસ્તો, ગઓ-જસ્તો, હાવનો-જસ્તો.

અહુરમજદના પુત્ર હે આતશ! ભલી ઇજશ્નેને, આરાધનાને, સારી ભેટને, તંદોરસ્તી આપનારી ભેટને, તથા મીત્રાચારી ભરેલી ભેટને હું વખાણું છું. (હે આતશ!) (તું) ઇજવા લાયક (તથા) આરાધનાને લાયક છે; માણસોનાં ઘરોમાં (તુ) ઇજવા લાયક (તથા) આરાધનાને લાયક થજે! જે (માણસ) હાથમાં એસમ[1] લઇને, હાથમાં બરસમ[2] લઇને, હાથમાં જીવામ[3] લઇને (તથા) હાથમાં હાવનીમ[4] લઇને તને નિત્ય ભજે, તે માણસને મોટાઇ (અથવા સુખાકારી) હોજો!

(આતશ નિયાયશ ફ૦ ૧)

ઉજયેઇરિનૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે. જઑતારૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે, હાવનાનૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; આતરેવક્ષૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; ફ્રબરૅતારૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે, આબૅરૅતૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે, આસ્નતારૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; રથ્વિશ્કરૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; સ્રઑષાવરૅજૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે.

અષોઇના સરદાર અષો ઉજીરનને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અષો જોતીને અમે વખાણીએ છીએ, અષોઇના સરદાર અષો હાવનાનને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અષો આતરવક્ષને અમે વંદયે છીએ; અષોઇના સરદાર અષો ફ્રબરેતરને અમે સ્તવ્યે છીએ; અષોઇના સરદાર અષો આબેરેતરને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અષો આસ્નાતરને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અષો રથ્વિશ્કરને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અષો સ્રઓષાવરેજનું અમે સ્તવન કર્યે છિએ.

(ઉજીરન ગેહ ફ૦ ૫.)

અઇવિસ્રૂથ્રૅમૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; અઇબિગાઇમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; થ્વાંમ આતરૅમ અહુરહે મજદાઑ પુથ્રૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે, અસ્મન હાવન અષહે રતવો

૧. બળતન. ૨. ઝાડની સળી. ૩. દુધ. ૪. હોમ છુંદવાની ખાણી. ૫. અત્રે ૮ પ્રકારના ધર્મગુરૂઓના નામો આપ્યાં છે.

યજમઇદે; અયંઘ્રહએન હાવન અષહે રતવો યજમઇદે; હધ-જઍાર્થેમ હધ-અઇવ્યાઆઁઘ્રહનૅમ્ દમત્ બરૅસ્મ, અષય ફ્રસ્તરૅતૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે, આપ ઉર્વઇરે યજમઇદે; અઍાઉર્વતાંમ્ ઉરૂને અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે.

અષોઇના સરદાર અપો અઇવિસ્રૂથ્રેમને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર (તથા) જીંદગીનું રક્ષણ કરનાર અપો (અઇવિસ્રુથ્રૅમ)ને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અહુરમજદના પુત્ર અષો આતશ તને અમે વખાણીએ છીએ, પત્થરની હાવનીમ (જે) અષોઇની ઉપ્યોગી વસ્તુઓ (તેમને) અમે વખાણીએ છીએ, લોહાંની હાવનીમ (જે) અષોઇની ઉપ્યોગી વસ્તુઓ (તેમને) અમે વખાણયે છીએ; જોર સાથની (તથા) અઇવ્યાઓંઘન્ સાથની (તથા) અપોઇથી પાંથરેલી આ બરસમ, (જે) અપો (તથા) અપોઇની ઉપ્યોગી વસ્તુઓ (તેને) અમે વખાણીએ છીએ; પાણી તથા વનસ્પતીને અમે વખાણીએ છીએ; રવાનને માટેની પૂર્ણતા (જે) અપો (તથા) અપોઇની સરદાર (તેને) અમે વખાણીએ છીએ. (અઇવિસ્રુથ્રેમ ગેહ ક૦ ૫.)

ફ્રાદત્-વીસ્પાંમ્-હુજ્યાઇતીમ્ અપવનૅમ્ અપહે રતૂમ યજમઇદે; જરથુશ્ત્રૅમ્ અષવનૅમ અપહે રતૂમ્ યજમઇદે; માંથ્રૅમ સ્પૅન્તૅમ્ અપવનૅમ અષહે રતૂમ યજમઇદે; ગેઉશ ઉર્વાનૅમ અપવનૅમ અપહે રતૂમ યજમઇદે, જરથુશ્ત્રોતૅમૅમચ અપવનૅમ અપહે રતૂમ યજમઇદે; જરથુશ્ત્રૅમ્ અપવનૅમ્ અપહે રતૂમ્ યજમઇદે.

અપોઇના સરદાર અપો ફ્રાદત-વીસ્પામ હુજ્યાઇતિને અમે વખાણીએ છીએ; અપોઇના સરદાર અપો જરથુશ્ત્રને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અપો, વૃદ્ધી કરનાર માંથ્રને અમે યાદ કરીએ છીએ; અપોઇના સરદાર ગૃષિના જવાહીરને અમે વખાણીએ છીએ; અપોઇના સરદાર અપો દસ્તુરાંન દસ્તુરને અમે વખાણીએ છીએ; અપોઇના સરદાર અપો જરથુશ્ત્રને અમે યાદ કર્યે છીએ.

(અઇવિસ્રૂથ્રેમ ગેહ ક૦ ૬.)

યેજિ વપિ જરથુશ્ત્ર અવાઍા ત્બઍેપાઍા તઉર્વયો, દઍેવનાંમ મશ્યાનાંમચ, યાથ્વાંમ પઇરિકનાંમચ, સાથ્રાંમ કઍાયાંમ કરફ્નાંમચ, મશ્યનાંમચ બિજંગ્રનાંમ, અપૅમઍાઘનાંમચ, બિજંગ્રનાંમ, વૅહ્રકૅ-

નાંમચ ચથ્વરૅ-જંઘ્રનાંમ્ હુએનયાઓસ્ચ પૅરૅથુ-અઇનિકયાઓ, પૅરૅથુ-દ્રફ્ષયાઓ, ઍરૅધ્વો દ્રફ્ષયાઓ ઉજ્ગૅરૅપ્તો દ્રફ્ષયાઓ, ખ્રૂરૅમ્ દ્રફ્ષૅમ બરૅન્તયાઓ, અથ ઇમાઓ નામૅનીશ્ દ્રૅનજયો, ફ્રશ્રવ વીસ્પાઇશ્ અયાંન્ચ ક્ષફ્નસ્ચ.

હે જરથુશ્ત્ર! તું ચાહે કે આ ખરાબીઓ (કે જે) દેત્યોની, (ખરાબ) માણસોની, જાદુગરોની, પરીઓની, જુલમગારોની, કીકોની, કરપોની, બે પગના સાંપોની (એટલે સાંપના ખવાસના માણસોની), બે પગવાળા આશ્મોગોની, ચાર પગવાળાં વરૂઓની, (તથા) પુષ્કળ પલટનવાળાં, પહોળા વાવટાવાળાં, ઉંચ વાવટાવાળાં, ઉંચ પકડેલા વાવટાવાળાં તથા ઘાતકી વાવટો લઇ જનારાં સૈન્યોની (એ સર્વેની ખરાબીઓને) તોડનારો (થાય), તો આ નામો મનમાં સ્મરણ કરનારો (થઇને), દરેક દિવસ તથા રાત્રીએ તુ મોટે શબ્દે ભણ.

(હોરમજદ યશ્ત ક૦ ૧૦-૧૧.)

યસ્ચ મે અએતહ્મિ અંઘ્હુવો યત્ અસ્તવઇન્તિ સ્પિતમ જરથુશ્ત્ર, ઇમાઓ નામૅનીશ્ દ્રૅનજયો ફ્રશ્રવ, પઇતિ વા અસ્નિ પઇતિ વા ક્ષફ્ને. ફ્રશ્રવ ઉસ્ વા હિશ્તો, ની વા પઇધ્યમ્નો; ની વા પઇધ્યમ્નો, ઉસ્ વા હિશ્તો; અઇવ્યાઓંઘ્હનૅમ્ વા અઇવ્યાઓંઘ્હયમનો અઇવ્યા-ઓંઘ્હનૅમ્ વા બુજયમ્નો; ફ્રા વા પ્રસ્ હચ ગાતઓત્, ફ્રા વા પ્રસ્ હચ જન્તઓત, ફ્રા વા પ્રસ્ હચ દંઘ્હુઓત, અવ જસ્ દખ્યૂમ્ આ. નોઇત હિમ નર, અંઘ્હે અયાંન, નોઇત અંઘ્હાઓ ક્ષપો, અએષ્મો કુતહે, દ્રુક્ષ મનંઘ્હો અવસ્યાત. નોઇત અકવો. નોઇત ચકવો, નોઇત ઇષવો, નોઇત કરૅત નોઇત વજ્રર, નોઇત વીસૅન્તિ અસાનો અવસ્યાત.

અહો સ્પીતમાન જરથુશ્ત્ર! જે મનુષ્ય આ જડ જગતમાં આ મારાં નામો યાદ કરનારો (થઇને) દરેક દિવસ તથા દરેક રાતે મોટે સ્વરે ભણે,—ઉઠતાં અથવા બેસતાં, બેસતાં અથવા ઉઠતાં, કુશ્તી બાંધતાં અથવા કુશ્તી છોડતાં, (પોતાની) જગ્યાથી બાહર નીસરતાં, કસ્બામાંથી બાહર જતાં (તથા) (કોઇ બીજા) દેશ તરફ જતાં, મોટેથી ભણે,—તો તે માણસને તે દિવસે (તથા) તે રાત્રે (એટલે જ્યારે પણ તે ભણે ત્યારે) ઘાતકી મનનો અશમ[૨] (નામનો) દરૂજ નુકસાન ન કરે, ન

૧. ખુદાના નામ સ્મરણના મહિમાં. ૨. ક્રોધનો દેવ.

આંકડા (અથવા ભોકવાનાં હથ્યાર), કે ન ગોફણો, કે ન ભાલા, કે ન તલવારો, કે ન ગદા,[1] કે ન પથરા (તે માણસને) લાગીને ઇજા કરે.

(હોરમજદ યશ્ત ફ૦ ૧૬, ૧૭.)

અષાઅતચા હચા વંઘહેઉશચા મનંઘહો, વંઘહેઉશચા ક્ષથ્રાત, સ્તઓતાઇશ થ્વાત્ અહુરા સ્તઓતોઇબ્યો, અઇબી ઉખ્ધા થ્વાત ઉખ્ધોઇબ્યો, યસ્ના થ્વાત યસ્નોઇબ્યો.

હે અહુરમજદ! તારી અષોઇ, સુમતિ તથા ઉત્તમ બાદશાહીને લીધે તારી સ્તુતિ બીજી સર્વ સ્તુતિ કરતાં વધુ ચઢતી છે, તારી કીર્તિનાં ગાનો બીજાં બધાં કીર્તિનાં ગાનો કરતાં વધુ શ્રેષ્ઠ છે, તથા તારી આરાધના બીજી સઘળી આરાધના કરતાં વધુ ઉત્તમ છે.

(મોટી હફ્તન યશ્ત ક૦ ૧, ફ૦ ૧૦.)

અહ્યા થ્વા આથ્રો વૅરૅજૅના પઓઉરૂયે પઇરિ-જસામઇદે, મજદા અહુરા થ્વા થ્વા મઇન્યૂ સ્પેનિશ્તા.

(ભણનાર કહે છે) આ આતશની મારફતે, અહો સર્વથી વૃદ્ધી કરનાર મીનો અહુરમજદ! સર્વથી પ્રથમ (અમે) તને અને તનેજ પહોંચ્યે છીએ. (મોટી હફ્તન યશ્ત ક૦ ૨, ફ૦ ૧.)

ઉર્વાજિશ્તો હ્વો ના યાતાયા, પઇતી-જમ્યાઓ આતરે મજદાઓ અહુરહ્યા, ઉર્વાજિશ્તહ્યા ઉર્વાજયા નાંમિશ્તહ્યા નૅમંઘહા નાઓ, મજિશ્તાઇ યાઓઘ્નહાંમ પઇતી-જમ્યાઓ.

(તે) માણસ પોતે (આ) શક્તિથી (એટલે આતશની મારફતે અહુરમજદને ભેટયાથી) ઘણોજ આનંદમય થાય (છે). અહો અહુર-મજદના આતશ! સર્વથી અધિક ખુશાલીવાળાની ખુશાલીથી (તથા) સર્વથી વધુ નામાંકિત ભક્તિથી (તુ) અમને પહોંચ, કાર્યોમાંના સર્વથી મોટાં (કાર્ય)ને[2] માટે તુ (અમને) પહોંચ. (મોટી હફ્તન યશ્ત ક૦ ૨, ફ૦ ૨.)

વૉહૂ થ્વા મનંઘહા, વૉહૂ થ્વા અષા, વંઘહુયાઓ થ્વા ચિસ્તોઇશ શ્યઓથ્નાઇશ્ચા, વચેબીશ્ચા પઇરિ-જસામઇદે.

(અહો અહુરમજદ!) તને ભલાં મન વડે, તને ભલી અષોઇ વડે, તને ભલાં ડહાપણનાં કાર્યથી તથા વાણીથી અમે પહોંચ્યે છીએ.

(મોટી હફ્તન યશ્ત ક૦ ૨, ફ૦ ૪.)

---

૧. ગુરજ; ડાંગ. ૨. તારા સાક્ષાત્કાર, તારી પ્રત્યક્ષ ભેટ.

સ્તૂતો ગરો વહ્મેંગ્ અહુરાઇ મઝ્દાઇ, અષાઇચા વહિશ્તાઇ, દદેમ-હિચા, ચીષ્મહિચા, આચા આવએદયમહી. વૉહૂ ક્ષથ્રૅમ્ તોઇ મઝ્દા અહુરા અપએમા વીસ્પાઇ યવે, હુક્ષથ્રસ્તૂ ને ના વા નાઇરી વા, ક્ષએતા ઉબોયો અંઘ્હ્વો હાતાંમ્ હુદાસ્તૅમા.

(દાદાર) અહુરમજદને તથા અર્દીબેહશ્તને વખાણ સાથની તથા માન સાથની આરાધના અમે અર્પણ કર્યે છીયે, અમે કબુલ રાખ્યે છીયે, તથા જાહેર કર્યે છીયે. અહો અહુરમજદ! તારી ઉત્તમ રાજ્ય સત્તાને સદા અને સદાકાળ પર્યંત અમે પહોંચ્યે. બન્ને દુનિયામાં[1] હસ્તી ભોગવનારાઓમાં, અહો સર્વથી વધુ જ્ઞાની રાજા! અમે નર તથા નારીને માટે (તુ) સારો મહીપતી[2] (છે). (ગાટી હૂપ્તન યશ્ત ક૦ ૭, ક૦ ૧.)

નૅમો વૉહુ, નૅમો વહિશ્તૅમ, જરથુશ્ત્ર ગએથાબ્યો, તત દ્રવતો દ્રવતાંમ્ ઉર્વતો પઇતિ–દારૅશ્ત; તત દ્રવતો દ્રવકત્યાઓસ્ચ અષિ, ઉષિ, કરૅન, ગવ, દરૅથ, જફ્રે દૅરૅઝ્વાંન્ પઇરિ–ઉર્વઅેરતૅમ્ યત નૅમો વૉહુ અશ્વીમ્ અતમએષૅમ નઇરે હાંમ–વરૅતિશ્ દ્રુજો વારૅથ્મ દારૅશ્ત.

હે જરથુશ્ત્ર! દુનિયાની પ્રજાઓને કાજે ભક્તિ (બંદગી) સારી (છે); બંદગી સર્વથી શ્રેષ્ઠ (છે). તે દ્રવંદોમાંના જોરાવર દ્રવંદની વિરૂદ્ધ એક બચાવ (છે); તે નર દ્રવંદની તથા માદા દ્રવંદની (એટલે દુષ્ટ માણસ તથા બાઇડીની) આંખ, હુશ્યારી (તથા) કાનને આસપાસ ઢાંકી નાખનારી (છે), (તથા) તેમના હાથ, પગ (તથા) મોઢાંને સારૂં બેડી સમાન (થાય છે). જે ભક્તિ સંપૂર્ણ, ખરાં દીલથી કીધેલી (તથા) નિચ નિદ્રાથી દૂર (તે) માણસને માટે એક રક્ષણ (છે), દ્રુજની[3] (સામે) એક ઢાલ (છે), (તથા) (તે દ્રુજને) હઠાવનાર (છે).

(સરોષ યશ્ત હાદોખ્ત ક૦ ૧.)

યસ્ચ જરથુશ્ત્ર, ઇમત ઉખ્ધેમ્ વચો ફ્રવચ્યૉચાત, ના વા નાઇરિ વા, અષ–સર મનંઘ્રહ, અષ–સર વચંઘ્રહ, અષ–સર શ્યઑથ્ન, મસો વા આપો, મસો વા થ્વએષો, ક્ષપો વા તાંથ્રચયાઑ અઇપિ–દ્વાંનર-યાઑ, અપાંમ્ વા નાવયનાંમ્ પઇતિ પૅરૅતૂથ્. પથાંમ્ વા પઇતિ વીચરનાઑ. નરાંમ્ વા અષઑનાંમ્ હન્જમનાઇશ્, દ્રવતાંમ્ વા દએવયસ્નનાંમ્ હનદ્વરનાઇશ્.

---

૧. દ્રષ્ય તેમજ અદ્રષ્ય. ૨. શાહ. ૩. જુઠાઇના દૈત્ય.

કહ્મિ કહ્મિચિત્ વા અઇર્યનાંમ્; કહ્મિ કહ્મિચિત્ વા અરથ્યનાંમ્ થ્વએષો બ્યિવિવાઓ; નોઇત્ દિમ્ યવ અંઘ્રહે અયાંન્, નોઇત્ અંઘ્રહાઓ ક્ષપો, દ્વાઓ જરૅતો જરનુમનો જજરાનો, અષિબ્ય અવ-સ્પશ્તિચિન અવિ અવ-સ્પષ્નઓત્; નોઇત્ ગધહે વજ્રો-વાંથ્વ્યેહે ત્બએષો ક્રાંશ્તિચિન ક્રાષનુયાત્.

અહો જરથુશ્ત્ર! જે કોઇ પુરૂષ અથવા સ્ત્રી, આ બંદગીનો શબ્દ (એટલે અહુનવર) અતિશય અષોઇવાળાં મનથી, અતિશય અષોઇવાળાં વચન વડે (તથા) અતિશય અષોઇવાળાં કાર્ય સાથે ભણે.

(કયે સમયે ભણે તે વિષે નીચે જણાવે છે) ઘણાં પાણીમાં અથવા મોટી ધાસ્તીમાં અથવા ધુમસવાળી અંધારી રાત્રીએ અથવા નદીનાં પાણીના પુલ ઉપર, અથવા રસ્તાઓમાંના આડા ટીડા રસ્તાઓ ઉપર, અથવા અષો માણસોની સભાઓમાં, અથવા દ્રવંદોની અથવા દૈત્યોને ભજનારાઓની મંડળીઓમાં, અથવા આફતોમાંની કોઇ પણ (આફતને ટાંકણે), અથવા કવખતમાંના કોઇએ (કવેળાએ), (જો કોઇ) ભયમાં (આવી પડેલો હોય), (અથવા) ડરેલો (હોય), (અને જો અપોઇ અને શ્રદ્ધાથી અહુનવર ઉચરે તો), તેને તે દહાડે (અથવા) તે રાત્રીએ (જ્યારે સ્મરે, ભણે ત્યારે), કોઇએ દ્રવંદ, જુલમગાર, દુઃખ દેનાર, (અથવા) ઇજા કરનાર (પોતાની) બે આંખોથી નજરે દેખી ન શકે; (તથા) જોરાવર ટોળકીવાળો, લુટારાની ખરાબી આગળ વધીને (તે અહુનવર ભણનારને) પહોંચી ન શકે. (સરોષ યશ્ત હાદોખ્ત ક૦ ૪.)

કેહ્રૂપૅમ સ્રઓષહે અષ્યેહે યજમઇદે; કેહ્રૂપૅમ રશ્નઓશ રજિશ્તહે યજમઇદે; કેહ્રૂપૅમ મિથ્રહે વોઉરુ-ગઓયઓઇતોઇશ યજમઇદે; કેહ્રૂપૅમ વાતહે અપઓનો યજમઇદે; કેહ્રૂપૅમ દએનયાઓ વંઘુહુયાઓ માજ્દયસ્નોઇશ યજમઇદે; કેહ્રૂપૅમ અર્શ્તાતો ફ્રાદત્-ગએથયાઓ વરેદત્ ગએથયાઓ સવો-ગએથયાઓ યજમઇદે; કેહ્રૂપૅમ અષોઇશ વંઘુહુયાઓ યજમઇદે; કેહ્રૂપૅમ ચિશ્તોઇશ વંઘુહુયાઓ યજમઇદે; કેહ્રૂપૅમ રજિશ્તયાઓ ચિસ્તયાઓ યજમઇદે; કેહ્રૂપૅમ વીસ્પએષાંમ યજતનાંમ્ યજમઇદે; કેહ્રૂપૅમ માંથ્રહે સ્પૅન્તહે યજમઇદે; કેહ્રૂપૅમ દાતહે વીદએવહે યજમઇદે; કેહ્રૂપૅમ દરેઘયાઓ ઉપયનયાઓ યજમઇદે; કેહ્રૂપૅમ અમેષનાંમ સ્પૅન્તનાંમ યજમઇદે; કેહ્રૂપૅમ અહ્માકૅમ સઓશ્યન્તાંમ યત બ્યિપઇતિશ્તનાંમ અપઓનાંમ યજમઇદે; કેહ્રૂપૅમ

વીસ્પયાઓ અષઓનો સ્તોઇશ યજમઇદે.

અષો (સરોષ) યજદનાં શરીરને અમે વખાણીએ છીયે; સર્વથી વધુ સત્યવાદી રશ્ને (યજદ)નાં શરીરને અમે વંદયે છીયે; બોહળાં ક્ષેત્રવાળા મેહર (યજદ)ની અમે સ્તુતી કર્યે છીયે; અષો ગોવાદ (યજદ)નાં શરીરને અમે વખાણ્યે છીયે; ભલી માઝ્દયસ્ની દીનના મૂખ્ય વીષયોને અમે સ્તવ્યે છીયે; જગતની વૃદ્ધી કરનાર, દુનિયાની આબાદી કરનાર, તથા દુનિયાંને લાભકારી આસ્તાદ (યજદ) નાં શરીરને અમે વખાણીએ છીયે; અશિશવંઘના શરીરને અમે વંદયે છીયે; સારા જ્ઞાનના મૂખ્ય વીષયોનું અમે સ્તવન કર્યે છીયે; સર્વથી સત્ય જ્ઞાનના મૂખ્ય વીષયોનું અમે વંદન કર્યે છીયે. સઘળા યજદોનાં શરીરોને અમે વખાણીએ છીયે; માંથ્ર સ્પેન્તના મૂખ્ય વીષયોને અમે વખાણીએ છીયે; દેવથી નિરાળા ધારાના (એટલે વંદીદાદના) મૂખ્ય વીષયોને અમે વખાણીએ છીયે; લાંબા કાળના જુના રેવાજના મૂખ્ય વીષયોને અમે વખાણીએ છીયે; અમેષાસ્પંદોનાં શરીરને અમે ભજ્યે છીયે; અમને કલ્યાણકારી અષો માણુસોનાં શરીરને અમે વખાણીએ છીયે; અષો (અહુરમજદ) ની સકળ ઉત્તપત્તિના મૂખ્ય વીષયોને અમે વંદયે છીયે.

(સરોષ યશ્ત હાદોખ્ત ક૦ ૨૧-૨૨)

સ્રઓપૅમ અષીમ હુરઓઘ્રૅમ વૅરેથ્રાજનૅમ ફ્રાદત-ગએથૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે. યિમ યજત હઓમો ફ્રાષ્મિશ્ર, બએષજ્યો, સ્રીરો, ક્ષથ્રયો, જઇરિ-દોઇથ્રો, બરૅઝિશ્તે પઇતિ બરૅઝહિ હરઇથ્યો પઇતિ બરૅજયાઓ.

સુશોભિત, વિજયી, દુનિયાની વૃદ્ધી કરનાર (તથા) પવિત્ર સરોષ (યજદ) (જે) અષો (તથા) અષોઇનો મૂખી, (તેને) અમે આરાધ્યે છીયે, જેને આબાદી કરનાર, તંદોરસ્તી આપનાર, સોહામણા, હકુમત કરનાર (તથા) સોનેરી આંખવાળા હોમ યજદે અલબુર્જ પહાડની સર્વથી ઉંચ ટોંચ ઉપર ભજ્યો. (સરોષ યશ્ત રાતની વડી ક૦ ૮. ક૦ ૧.)

વૅરેથ્રઘ્નૅમ અહુરધાતૅમ યજમઇદે. પૅરેસત જરથુસ્ત્રો અહુરૅમ મજ્દાંમ, અહુર મજ્દ મઇન્યો સ્પૅનિશ્ત, દાતરે ગએથનાંમ- અસ્તવઇતિનાંમ અષાઉમ. ક્વ અસ્તિ વૅરેથ્રઘ્નહે અહુરધાતહે નાંમ-અજ્બાઇતિશ ક્વ ઉપ-સ્તૂઇતિશ, ક્વ નિસ્તૂઇતિશ.

---

૧. વી-દઓવો-દાત.

અહુરમજદના પેદા કીધેલા બેહરાંમ (યજદ) ને અમે યાદ કર્યે છીએ. જરથુશ્ત્રે અહુરમજદને પુછયું કે, જડ જગતના અહો સર્વથી ઉત્તમ વૃદ્ધી કરનાર મીનો, અષો સૃષ્ટા અહુરમજદ! કયે સ્થાને અહુરમજદના પેદા કીધેલા બેહરાંમ (યજદ) નાં નામની આરાધના છે? કયાં વખાણ (તથા) કયાં સ્તુતી (છે)? (બેહરાંમ યશ્ત ફ૦ ૪૨.)

આઅત્ મે અએ્મ્ પઇતિ-અએ્ાખ્ત હઓ્મો અષવ દૂરઓ્ષો; અજેમ્ અહ્મિ જરથુશ્ત્ર હઓ્મો અષવ દૂરઓ્ષો; આમાંમ્ યાસંઘ્રઉહ સ્પિતમ, ફ્રા માંમ્ હુન્વંઘ્રઉહ ખરૅતૅએ; અવિ માંમ્ સ્તઓ્મઇને સ્તૂઇધિ, યથ મા અપરચિત્ સઓ્ષ્યન્તો સ્તવાંન્.

ત્યારે તે અષો (તથા) દર્દને પાછળ નાખનારા હોમે મને ઉત્તર વાળ્યો કે, હે જરથુશ્ત્ર! હું અષો (તથા) દર્દને પાછળ નાખનાર હોમ છું. મને શોધ તથા અએ સ્પીતમાન (જરથુશ્ત્ર!) પીવાને માટે મને નીચવ, (તથા) જેમ બીજા (દુનિયાને) લાભ કરનારાઓએ મને વખાણ્યો હોય, (તેમ) કીર્તિનાં ગાનમાં મને તું ભજ. (હોમ યશ્ત ફ૦ ૧. ફ૦ ૨.)

હઓ્મો ઉક્ષ્યેઇતિ સ્તવનો, અથ ના યો હિમ્ સ્તઓ્ઇતિ વૅરૅથ્રજાંસ્તરો બવઇતિ.

(હોમની) વખાણ કરવામાં આવે છે ત્યારે હોમ ઉગે છે, એટલા માટે જે માનવ તેની સ્તુતી કરે છે, (તે) સર્વથી વધુ જયને પામે છે. (હોમ યશ્ત ફ૦ ૨. ફ૦ ૬.)

ફ્રા તે વીસાઇ ઉર્વથો સ્તઓ્ત, ઉર્વથેમ્ સ્તઓ્તારૅમ્ વંઘ્રહંઘ્રહૅમ્ દધો અએ્ાખ્ત અહુરો મજ્દાઓ્, યથ અપૅમ્ યત્ વહિશ્તૅમ્.

(અએ હોમ!) તારો અર્પણ થયેલા, સ્તુતિ ગાનાર હું થઇશ, (કારણ કે) અહુરમજદે અર્પણ થયેલા સ્તુતિ કરનારને, અષ વહિશ્તનાં કરતાં અધિક ભલી પેદાયશ[1] ગણી છે. (હોમ યશ્ત ફ૦ ૨. ફ૦ ૯.)

ઇમાઓ્સે-તે હઓ્મ ગાથાઓ્, ઇમાઓ્ હૅન્તિ સ્તઓ્માયો, ઇમાઓ્ હૅન્તિ ચીચપાનાઓ્, ઇમે હૅન્તિ અર્ષુખ્ધ વાચો. દારમઇનિશ વારૅથ્રઘ્નિશ, પઇતિ-બિપિશ, બઅેષજય.

---

૧. સંસર્ગ.

અએ હોમ! આ ગાથા તારે માટે છે: આ સ્તુતિનાં ગાનો, આ સ્વાદિષ્ટ ભોજન (તારે માટે) છે; (તથા) આ સત્ય ઉચરેલા (ભક્તિના) શબ્દો (તારે માટે) છે. (મોટી હોમ યશ્ત ક૦ ૨. ફ૦ ૧૮.)

વઇનીત્ અહ્મિ ન્માને સ્રઓષો અસ્રુશ્તીમ્, આક્ષ્તિશ્ અનાક્ષ્તીમ્, રાઇતિશ્ અરાઇતીમ્, આર્મઇતિશ્ તરોમઇતીમ્, અર્ષુખ્ધો વાક્ષ્ મિથઓખ્તેમ્ વાચિમ્ અષ-દુજેમ્. યથ અહ્મ્ય અમેષાઓ સ્પેન્ત સ્રઓષાધ અષ્યાધ પઇતિષાંન્ વંઘ્રહૂશ્ યસ્નાંસ્ચ વહ્માંસ્ચ, વાંહૂ યસ્નેમ્ચ વહ્મેમ્ચ, હુબેરેતીમ્ચ, ઉશ્ત બેરેતીમ્ચ, વન્ત-બેરેતીમ્ચ આ-દરેઘાત્ ખ્ખાબઇસ્યાત્. મા યવે ઇમત્ ન્માનેમ્ ખ્ખાથ્રવત્ ખરેનો ફ્રજહીત્; મા ખ્ખાથ્રવઇતિ ઇશ્તિશ, મા ખ્ખાથ્રવઇતિ આસ્ન ફ્રજઇન્તિશ; ખ્ખાથ્રો-દિસ્યેહે પઇતિ અપોઇશ્ચ વંઘ્રહુયાઓ દરેઘેમ્ હુખ્મ.

આ ઘરમાં તાબેદારી નાફરમાનબરદારીને મારે! સલાહસંપજ કજ્યા કંકાસને (મારે)! દાન કંજુસાઇને (અથવા પૈસાના લોભને) (મારે!) નમ્રતા મગરૂરીને (મારે)! સત્ય બોલેલો શબ્દ, અષોઇને તોડનાર જુઠા બોલેલા વચનને (મારે)! કે જેથી આ (મુકામ) માં અમેષાસ્પંદો અષો સરોશ (યજદ) વડે, ભલી યજશ્નીઓ તથા આરાધનાઓ, સારી યજશને તથા આરાધના, સારી ભેટ, તંદોરસ્તી આપનારી ભેટ તથા મીત્રાચારીભરી આહુતિ[1] ઇચ્છે (અથવા માંગે). (આ કુટુંબ) લાંબા કાળ સુધી પોતાનું રક્ષણ કરે. આ ઘરને સહજમાં મળે એવું ખોરેહ, સહજમાં સુખ, (તથા) આરામવાળાં (અને) જાતી અક્કલવાળા સંતાનો કદી પણ ન ત્યજે. (વળી) જે વસ્તુઓ આસાની આપનારી (છે) તેની તથા અશીશવંઘની લાંબી મીત્રતા, આ ઘરનો કદી પણ ત્યાગ ન કરે! (દુઆ તંદરોસ્તી અવરતામાં ફ૦ ૫.)

યજ્દાંને મીનોઆંન, યજ્દાંને ગેતીઆંન, હફ્ત અમેશાસ્પંદાંન્ મ્યજદ રોશન્ હમે બેરસાદ્.

મીનો (એટલે પેલી જેહાંનના) યજદો (તથા) (આ) દુનિયાંના યજદો (તથા) સાત અમશાસ્પંદો (એ) બધાઓ (આ) ઉમદા મ્યજદ[2] તરફ આવે! (દુઆ તંનદરોસ્તી.)

સ્પેન્તાંમ્ આર્મઇતીમ્ વંઘ્રઉહીમ વેરેને; હા મોઇ અસ્તૂ-ઉસ્ ગેઉશ્ સ્તુયે તાયાઅત્ચા હજંઘ્રહત્ચા, ઉસ મજ્દયસ્નનાંમ્ વીસાંમ્,

---

૧. અર્પણ કરવાની વસ્તુઓ. ૨. ફળ ઇત્યાદીની ભેટો.

જયાનયએચા વીવાપનચા. ફ્રા અન્યએઇબ્યો રાઁઆઘ્રહે વસે-યાઇતીમ્, વસે-ષેઇતીમ્, યાઇશ ઉપઇરી આય જઁમા ગઍાબીશ ચ્યૅન્તી. નૅમંઘ્રહા અપાઇ ઉજ્દાતા પઇતી અવત્ સ્તુયે, નોઇત્ અહ્માત્ આજયાઍાનીમ્, નોઇત્ વીવાપૅમ. ક્ષ્તા માજ્દયસ્નીશ અઍાઇ વીસો; નોઇત્ અસ્તો, નોઇત્ ઉશ્તાનહે ચિન્માની.

ભલી (તથા) વૃદ્ધી કરનાર આર્મઇતિને હું પસંદ કરૂં છું, તે મારી થાય[1]! ચોરથી અને લુટારાથી ગાયઢોરને, તથા ઇજાથી અને પાણીના દુષ્કાળથી માજદયસ્નોના મોહલ્લાઓને, (અહુરમજદનું) ભજન કરીને હું રક્ષા દઉં. જેઓ આ ભૂમી ઉપર ધન સંપત્તિથી રહે છે તેમને, મીનોઓની તરફથી પોતાની મુરાદ પ્રમાણે ફરવું, હરવું, (તથા) પોતાની મુરાદ પ્રમાણે રાજ્ય ચલાવવાનું (બળ) આપવાને માટે, (તથા) અપોઇને કાજે, દિલસોજ નમસ્કારથી (હું) (અહુરમજદની) સ્તુતિ કરીશ, (કે તેથી) હવે પછી મજદયસ્નોને લગતા મોહલ્લા તરફ નુકસાન (તથા) પાણીની ટીપણી[2] (લાવવાને) હું ઉભો ન રહું (કદી ન મથું); ન (મારાં) શરીરના કે ન (મારા) આત્માના પ્યારને લીધે[3].

(ફીનનાં કલ્મો અવસ્તામાં ફ૦ ૨-૩.)

કો માંમ્ સ્તવાત્, કો યજાઇતે, હુઍામવઇતિબ્યો ગઍામવઇતિબ્યો જઍાથ્રાબ્યો, યઍાજ્દાતાબ્યો પઇરિ અંઘ્રહરૂશતાબ્યો; કહ્માઇ અજૅમ ઉપંઘ્રહુચયેનિ હુચ-મનાઇચ અન મનાઇચ ફ્રારંઘ્રહાઇ હુઍામનંઘ્રહાઇચ.

કોણ મને વખાણશે? કોણ (મને) પવિત્ર કીધેલી (તથા) બરાબર ગાળેલી હોમ સાથની (તથા) જીવામ[4] સાથની આહુતિથી ઇજશે? (મારી ઉપર) ચિત્ત ચોટાડનાર, (મને) અર્પણ થયેલા, (મને) ભેટ આપનાર તથા પવિત્ર સુમતિવાળા કયા (નર)ને હું વળગી રહીશ?

(આવાં યશ્ત ફ૦ ૧, ફ૦ ૬.)

અરેદ્વિસૂરે અનાહિતે, મોષુ મે જવ અવંઘ્રહે, નૃરૅમ મે બર ઉપસ્તાંમ; હુજંઘ્રૅમ તે અજૅમ જઍાથ્રનાંમ્ હુઍામવઇતિનાંમ્ ગઍામવઇતિનાંમ્ યઍાજ્દાતનાંમ પઇરિ-અંઘ્રહરૂશતનાંમ્ બરાનિ અવિ

૧. મારી સાથે સંબંધ જોડે. ૨. દુષ્કાળ. ૩ ગમે એવો સ્વાર્થ હોય તે ત્યજીને. ૪. દુધ.

આપૅમ્ યાંમ્ રંઘ્રહુાંમ્; યેજિ જુમ્ ફ્રપયેમિ અવિ જાંમ્ અહુરધાતાંમ્, અવિ ન્માનૅમ્ યિમ્ ખ્શ્અેપઇથીમ્.

અહો નિર્મળ અરદ્વીસુર! વેગથી મારી (વિફનવાજની) મદદને માટે તુ આવ; હવે (તુ) મને સહાય આપ. જો અહુરમજદની સરજેલી જમીન તરફ (તથા) મારા પોતાના રહેઠાણ તરફ (હું) જીવતો (સહી-સલામત) પુગીશ તો, તારે કાજે પવિત્ર કીધેલી (અને બરાબર ગાળેલી) હોમને લગતી (તથા) દુધને લગતી આહુતિમાંની હજાર (આહુતિ), રંઘહ (નામની) નદી આગળ હું લાવીશ. (આવાં યશ્ત ક૦ ૬૩.)

યિમ દઇંઘ્રહેઉશ દઇંઘ્રહુ પઇતિશ બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘ્રહે; યિમ્ જન્તેઉશ જન્તુપઇતિશ બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘહે.

યિમ વીસો વીસ્-પઇતિશ્ બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘ્રહે; યિમ્ ન્માનહે ન્માનો પઇતિશ બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘ્રહે; યિમ દ્રાચિન પિથે હચિમ્ન બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘહે. યિમ્ દ્રિધુશચિત અષો—તકૅષો અપયતો હચાઇશ દાતાઇશ બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘહે.

જે (મેહર યજદ)ને દેશનો દેશપતિ, (કાકલુદીથી), (આકાશ તરફ) હાથ ઉંચ કરીને સહાયતા માટે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ)ને કસબાનો ધણી, હાથ ઉંચ ધરીને, મદદને માટે અવશ્ય બોલાવે છે.

જે (મેહર યજદ)ને મોહલ્લાનો ધણી હાથ ઉંચ ધરીને, મદદને માટે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ)ને ઘરનો ઘરધણી, હાથ ઉંચ કરીને સહાયને માટે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ)ને (મજાને) બારણે ભટકનાર (તથા) ખોરાકને માટે રડતો (માનવી), હાથ ઉંચકી મદદને સારૂં અવશ્ય બોલાવે છે. જે (મેહર યજદ)ને અષોઇના ધારા પ્રમાણે ચાલનાર, (પણ) હાડમાર થયેલો સન્ત (દરવીશ), પોતાના નીયમ મુજબ, હાથ ઉંચ ધરીને, સહાયને સારૂં જરૂર બોલાવે છે. (મેહેર યશ્ત ક૦ ૮૩-૮૪.)

નેમંઘ્રહ અપર-દાત આજસાનિ ઉપરદાત. યથ અવત હ્વરૅ-ક્ષ્અેતૅમ તરસચ હરાંમ્ બૅરૅજઇતીમ ફ્રચ આઇતિ અઇવિચ વજઇતે,

અવથ અર્જ઼મચિત્ સ્પિતમ નૅમંઘ્રહુ અશ્ર-દાત આજસાનિ ઉપર-દાત, તરસચ અંઘ્રરહે મઇન્યેઉશ દ્રુવતો જ્યૉષાનં.

આ દુન્યાને માટે મુકરર કીધેલી (તથા) પરલોકને માટે મુકરર કીધેલી ભક્તિની મારફતે, (અએ અહુરમજદ!) (તને) હું પામું.[1] જે પ્રમાણે આ સૂર્ય (નારાયણ) અલબુર્જ (પહાડ) ની પેલી મેરથી આવીને મોટાઇથી આગળ વધે છે તે પ્રમાણે, અહો સ્પીતમાન (જરથુશ્ત્ર!) આ ભૂમીને માટે નિર્મિત (તથા) પરલોકને માટે નિર્મિત ભક્તિથી, ભુંડા અંગ્રમીનોની મરજીની વિરૂદ્ધ હું થાવું. (મેહર યશ્ત ક૦ ૧૧૮.)

દાથીશ્ અહ્માઇ વૉહૂ ખ્રેનો, યો હીશ યજાતો કુઋન્વાંનો જ઼ઓયે-ઇતિ બરે-જ્યૉથ્રો અષવ.

જે કોઇ તમને (ફ્રોહરોને) આરાધનાર, ખુશી કરનાર, ભક્તિ કરીને મદદે બોલાવનાર, ક્રિયાની ભેટ લઇ જનાર (તથા) અષો (હોય છે તે) ને, (તેઓ) ભલું ખુરેહ દેનારાં (છે.)

(ફ્રવર્દીન યશ્ત ક૦ ૨૪.)

યૂજ઼ॅમ યસન્યાઓ વહ્મ્યાઓ વસો-યઓનાઓ ફ્રચરથ્વે.

તમે (ફ્રોહરો) (કે જેઓ) યજશ્નેને લાયક (તથા) આરાધનાને લાયક (છો, તેઓ) સ્વતંત્રપણે, ઉપર હવાની જગ્યામાં ફરોછો.

(ફ્રવર્દીન યશ્ત ક૦ ૩૪.)

આઅત્ દીશ્ આવએઘયમહિ અષાઓનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિથૂરનાંમ્ પઓઇરયો ત્કએશનાંમ્ ફ્રવષિનાંમ્ નબાનજ઼દિશતનાંમ્ ફ્રવષિનાંમ્ યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસસ્તયએચ.

આઅત્ દીશ્ આવએઘયમહિ વિસ્પએઇબ્યો અષહે રતુબ્યો યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસસ્તયએચ. આઅત્ દીશ્ આવએઘયમહિ વિસ્પએઇબ્યો વંઘ્રહુબ્યો યજતએઇબ્યો મઇન્યઓ-ઇબ્યસ્ચા ગએથ્યએઇબ્યસ્ચા યોઇ હૅન્તિ યેસ્નયાઇચ વહ્મયાઇચ અષાત્ હચ યત્ વહિશ્તાત્. અમેષા સ્પૅનતા હુક્ષથ્રા હુધાઓંઘ્રહો યજમઇદે.

અષોના, જોરાવર, બળવાન ફ્રોહરોને કાજે, પોઇરયોત્કેશના ફ્રોહરોને માટે (તથા) નબાનજ઼દિશ્તના ફ્રોહરોને સારૂં, આ (ભેટ),

---

1. તારી સાથે યોગ સાધું.

(તેમની) આરાધના કરવાને, ખુબીઓ ગાવાને, (તેમને) રીઝવવાને તથા (તેમની) વખાણ કરવાને સારૂં અમે જાહેર કર્યે છીયે. સારી સત્તાવાળા (તથા) સુજ્ઞ અમેષાસ્પંદોને અમે ભજ્યે છીએ.

હસ્તી ભોગવનારાઓ મધ્યેથી જે કોઇ આરાધના કરવામાં વધુ સારા (છે), તેમનો ઓળખનાર, અષોઇને લીધે, અહુરમજદ (પોતે છે), તેમનામાંના નર તથા નારીઓની અમે સ્તુતી કર્યે છિયે.

(હા. ૪, ફ૦ ૨૪-૨૫.)

મિથ્ર અહુર ઍરૅજન્ત અઇથ્યેજંઘ્રહ અપવન યજમઇદે.

મેહર યઝદ તથા અહુર (જેઓ) ઉંચ પંક્તિના અમર તથા અષો, (તેમ)ને અમે વંદયે છીએ. (હા ૬, ફ૦ ૧૦.)

અપય દધાંમિ વીસ્પએઇબ્યો અષહે રતુબ્યો અપયદધાંમિ વીસ્પએઇબ્યો વંઘ્રહુધાબ્યો યજતએઇબ્યો મઇન્યઓઇબ્યસ્ચા ગએથ્યએઇબ્યસચા યોઇ હૅન્તિ યસ્ન્યાઇચ વહ્મ્યાઇચ અષાત્ હચ યત્ વહિશ્તાત્.

અષોઇના સર્વ આગેવાનોને, (આ ભેટ) પવિત્રાઇથી હું અર્પું છું. સુજ્ઞ, મીનોને લગતા તથા ગેતીને લગતા સઘળા યજદો, જેઓ સર્વથી શ્રેષ્ટ અષોઇને અંગે, યજશ્નેને લાયક તથા આરધનાને લાયક, (તેમને) (આ ભેટ) પવિત્રાઇથી હું અર્પું છું. (હા ૭, ફ૦ ૨૩.)

યસ્ચ અએતએષાંમ મજ્દયસ્નનાંમ પૅરૅનાયુનાંમ અઇવિ જાજ્ઞુયનાંમ ઇમાં વચો નોઇત્ વીસઇતિ ફ્રશ્રઇતિ. અએતાંમ્ આ યાતુમનહે જસઇતિ.

આ વયે પહોંચેલા (તથા) ક્રીયા કરનારા માજદયસ્નાનોમાંનો જે કોઇ (ભક્તિનો) આ વચન ભણે, (પણ) (તે) કબુલ ન રાખે, તો (તે માનવી) જાદુગરની (સ્થિતીએ) પહોંચેછે.[1] (હા ૮, ફ૦ ૪.)

સઑષો ઇધા અસ્ત્ અહુરહે મજ્દાઑ યસ્નાઇ સેવિશ્તહે અષઑનો યેનાઑ ઇશ્તો હ્યત્ પઑઉર્વીમ તત્ ઉસતૅમૅમચીત્.

આ જગ્યાએ સરોષ યજદ ઘણોજ લાભ કરનાર, અષો અહુરમજદની યજશ્નેને માટે હાજર થાય, જે અમને આદિથી અંત[2] પર્યંત મિય થાય. (હા ૧૫, ફ૦ ૩.)

---

૧ અશ્રદ્ધાળુ, ધર્મ ધિક્કારનાર મોબેદ માટે આ બહુજ અર્થસુચક ચેતવણી છે.
૨. શરૂથી આખર.

અહુરૅમ મઝદાંમ અષવનૅમ અષહે રતૂમ યઝમઇદે હુધાઑંઘ્રહૅમ મઝિશ્તૅમ યઝતૅમ યિમ સૅવિશ્તૅમ ક્રાદત ગએથૅમ દાતારૅમ વૉહુનાંમ દામનાંમ આઅ્યો રતાઅ્યો જઑથ્રાઅ્યો અર્ષુખ્ધએઇબ્યસ્ચ વાઘ્ઝિબ્યો વિસ્પૅમચ અષવનૅમ મઇન્યઑમ યજતૅમ યઝમઇદે.

અષોઇનો મૂળી, અષો અહુરમજદ (જે) સારાં જ્ઞાનવાલો, સર્વથી ચઢતી પંક્તિનો યજદ તથા જે સર્વથી વધુ કલ્યાણકારી, દુન્યાને સંપત્તિ દેનાર (તથા) ભલી સૃષ્ટિને પેદા કરનાર, તેને અમે યાદ કર્યે છીએ. આ ભેટ કરેલી જોરોથી તથા સત્ય ઉચરેલી (માથ્ર) વાણીથી, હરેક મીનો યજદનું અમે પુજન કર્યે છીએ. (હા ૧૬, ફ૦ ૧.)

કત્‌ હુવ્રૅશ્તૅમ

સ્તઓતાઇશ્ચ અષ-પઑઇર્યાઇશ્ચ દામેબીશ.

સારી કુનશની (એટલે) શું?[1]

(જવાબ):—(જે) સંસર્ગ[2] અષોઇમાં સર્વથી શ્રેષ્ઠ, (તેની) કીર્તિ ગાવી. (હા ૧૯, ફ૦ ૧૯.)

અહુરાઇ મઝદાઇ હઑમાં આવએધયમહિ ઇમાં હઑમાંસચ મ્યઝદાંસચ જઑથ્રાઑસ્ચ બરૅસ્મચ અષય ફ્રસ્તરૅતૅમ ગાંમચ હુધાંઑંઘ્રહૅમ ઇમાંમચ ગાંમ જીવ્યાંમ અષય ઉઝદાતાંમ ઇમાંમચ ઉરૂવરાંમ હુધાનએપતાંમ અષય ઉઝદાતાંમ.

(દાદાર) અહુરમજદને (આ) હોમ અમે અર્પણ કર્યે છીએ; આ હોમ, મ્યજદ, જોર, અષોઇથી પાંથરેલી બરસમ, ગોશધો તથા આ જીવાંમ (જે) અષોઇથી ઉંચ ધરેલું, તથા આ હધાનેપાત (નામનું) લાકડું. (જે) અષોઇથી ઉંચ ધરેલું. (એ સર્વ) (અમે દાદાર અહુરમજદને અર્પણ કર્યે છીએ). (હા ૨૪, ફ૦ ૧.)

અઇર્યમનૅમ ઇષીમ યઝમઇદે. અમવનતૅમ વૅરેથ્રાજનૅમ વીત્બએષંઘ્રહૅમ મઝિશ્તૅમ અષાંઉ સવંઘ્રહાંમ.

હીમત આપનારી, જય દેનારી, દ્વેષથી વેગળાં રાખનારી તથા અષોઇના મંત્રામાં સર્વથી શ્રેષ્ઠ, (એવી) પસંદ પડતી, અઇરયમન (નામની ભક્તિ)ને અમે વખાણ્યે છીએ. (હા ૫૪, ફ૦ ૩.)

---

૧. અત્ર શાલકુશેનો ઉંડો ભેદ ખાલ્યા છે. ભજન અજ સર્વોનામ કર્મ લખ્યું છે.
૨. પેદાયશ.

વીસ્પૅમ્ અશ્રવનૅમ્ અય રતુક્રિતા હુવાનયંઘ્રહુ જસૅનતૅમ પઇતિ અરાહિ હુમત ઇશ્ચ હૂખ્તાઇશ્ચ હુવર્શતાઇશ્ચ.

આ મદદ કરનારી વેળાસરની બંદગી (ની આશીષ)થી દરેક અષો માણસને સારી મનશની, સારી ગવશની તથા સારી કુનશનીથી (અહો અહુરમજદ!) તુ બદલો આપે છે. (હા ૫૫, ફ૦ ૫.)

તત્ સોઇધિશ તત વૅરેથ્રૅમ્ દદૅમઇદે હુયત નૅમે હુચિથ્રૅમ અષિશ હાગૅત્ આરમઇતિશ હાગૅત યેંઘ્રહે નૅમંઘ્રહો ચિથ્રૅમ્ હુમતેમચા હૂખ્તૅમચા હુવરૂશતૅમચા તતને નૅમે નિપાત્ પઇરી દએવાઅતચા તબએષંઘ્રહત્ મષ્યાઅતચા.

અહુમાઇ નૅમંઘ્રહે આવએદયામઇદે ગએથાઑસ્ચા તન્વસ્ચા. નિપાતયએચા નિશંઘ્રહરૅતયએચા હરૅથ્રાઇચા અઇવ્યાક્ષ્ત્રાઇચા. નેમહી શ્યામા અહુર મજદા નૅમહી ઉસેમહી નૅમંઘ્રહે વીસામઇદે નૅમંઘ્ર હેઆવએદયામઇદે ગએથાઑસ્ચા તન્વસ્ચા નિપાતયએચા નિશંઘ્રહરૅતયએચા હરૅથ્રાઇચા અઇવ્યાક્ષત્રાઇચા નૅમંઘ્રહો આ યથા નૅમે ક્ષ્માવતો.

આ લાભ (તથા) આ જય એટલે સારાં મૂળની બંદગી (દાદાર અહુરમજદને) અમે અર્પયે છીએ, (જે બંદગી) અપોઇની પુઠે ચાલનારી (તથા) નમ્રતાનું અનુકરણ કરનારી (છે); (તથા) જે ભક્તિનું મૂળ સુમતિ, સદવચન, તથા સંકર્મ (છે), એવાં લક્ષણની ભક્તિ દૈત્યો તથા માણસોની ઇજાથી બચાવે.

તે (સદર) બંદગીને માટે (અમારો) માલ મીલકત તથા તન અમે (અર્પણ) કર્યે છીએ.[1] (અમારા રવાનના) બચાવને માટે, જતનને કાજે, રક્ષણને માટે તથા સંભાળને સારૂં (અમારો માલ મીલકત તથા શરીર અર્પયે છીએ).

અહો અહુરમજદ! બંદગી (કરવા)માં અમે મોજ લીયે છીએ, બંદગીમાં અમે શોખ ધરાવ્યે છીએ, ભક્તિને સારૂં અમે ઉદ્યોગી બન્યે છીએ, બંદગીને કાજે (અમારૂં) ધન દોલત તથા તન અમે અર્પણ કર્યે છીએ. (અમારા રવાનના) રક્ષણને માટે, જતનને માટે, બચાવને

---

૧. અત્રે વૈરાગ્યને સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરવાનું મહાન શીક્ષણ છે.

સારૂં, તથા સંભાળને કાજે (એ સર્વસ્વ અર્પણ કર્યે છીએ), જેથી તમારે લાયકના માનથી હું તમને નમું (અથવા ભજું). (હા ૫૮, ફ૦ ૧-૩.)

ક્ષ્વીધએચ આઝૂતયએચ માવયચ જઓથ્રે પઇતિ-જમ્યાઓ દસ્વરે બએષજાઇચ ફ્રદથે વરેદથાઇચ હુવંઘ્રહે અષવસ્તાઇચ હુઓસ્રવંઘહ હુરૂન્યાઇચ વેરેથ્રઘ્ને ફ્રાદત્-ગએથાઇચ.

યજમઇદે થ્વા અહુરાને અહુરહે વંઘ્હેઉશ મનંઘ્હો જઓથ્રાબ્યો. યઝમઇદે થ્વા અહુરાને અહુરહે વંઘ્હેઉશ ઉખ્ધહે જઓથ્રાબ્યો. યજમઇદે થ્વા અહુરાને અહુરહે વંઘ્હેઉશ શ્યોથ્નહે જઓથ્રાબ્યો.

(મારાં) પોષણને માટે તથા સંપત્તિને સારૂં (મારી) સુખાકારી તથા આરોગ્યતાને કાજે, મારી ચઢતી કળા તથા વૃદ્ધીને માટે કુલ વૃદ્ધિ તથા પવિત્રાઇને માટે, મારી સારી યશ તથા જીવની શક્તિને સારૂં, (મારી) જય તથા પ્રાણી માત્રની આબાદી—એ બધાંને માટે (અહો અરદિસુર) મારા જેવાની ક્રીયાની ભેટ સ્વિકારવાને આવે તો સારૂં.

અહો! અહુરમજદને લગતી અહુરમજદની (અરદીસુર) ભલા વિચારની ભેટોથી તને અમે યાદ કર્યે છીએ. અહો અહુરમજદને લગતી અહુરમજદની (અરદિસુર) ભલાં વચનની ભેટોથી તને અમે સ્તવ્યે છીએ. અહો અહુરમજદને લગતી અહુરમજદની (અરદિસુર) ભલાં કાર્યોની ભેટોથી તને અમે ભજ્યે છીએ. (હા ૬૮, ફ૦ ૨-૩.)

નેમો અહુરાઇ મઝ્દાઇ નેમો અમેષએઇબ્યો સ્પેન્તએઇબ્યો નેમો મિથ્રાઇ વોઉરૂ ગઓયઓઇતેએ નેમો હ્વરેક્ષએતાઇ અઉર્વત્ અસ્પાઇ નેમો આબ્યો દોઇથ્રાબ્યો યાઓ અહુરહે મઝ્દાઓ નેમો ગેઉશ્ નેમો ગયેહે નેમો જરથુશ્ત્રહે સ્પિતામહે અષઓનો ફ્રવષેએ નેમ વીસ્પયાઓ અષઓનો સ્તોઇશ્ હઇથ્યાઇચ બવાંઇથ્યાઇચ બૂષ્યાંઇથ્યાઇચ.

(અધર્મોદ્ધાર) અહુરમજદને નમન (હોજો)! અમેષાસ્પંદોને નમસ્કાર (હોજો)! વિશાળ ક્ષેત્રવાલા મહેર યઝદને નમન (હોજો)! તેજ ઘોડાવાલા ખુરશેદ (યજદ) ને નમસ્કાર (હોજો)! આ (સૂર્ય, ચંદ્ર જે બે) અહુરમજદની આંખો (તેને) નમન! (સર્વથી પ્રથમ સરજેલા ગોધાના એટલે) ગાવ્યોદાદના ફરોહરને નમન! ગયોમરદ[1]ના ફરોહરને નેમાજ (તથા) અષો સ્પીતમાનના ફરોહરને નમન (હોજો)! અષો (મહેશ્વર) ની સકળ

---

૧. આદિ પુરૂષ, Adam

સૃષ્ટિ (કે જે) હમણા છે, જે થઇ ગઇ તથા હવે પછી થશે (તેને) નમન (હોજો)! (હા ૬૮, ફ૦ ૨૨.)

યે વાઓ અષા ઉફ્યાની મનસ્ચા વૉહૂ અપઍાઉર્વીમ મઝ્દાં-મચા અહુરૅમ.

જેની પૂર્વે બીજો કોઇ નહીં એવા અહુરમજદને તથા, અહો! અષ તથા વોહુમનો તમારૂં યશોગાન[1] હું ગાઉં છું. (હા ૨૮, ફ૦ ૩.)

માંથ્રા મઝિશ્તૅમ્ વાઉરોઇમઇદી ખ્રફ્સ્ત્રા હિઝ્વા.

આ (તારા) માંથ્રથી (અમારી) જીભ (ની વાકચાતુરી) થી મોટા દુષ્ટ માણસોને અમે શ્રદ્ધા દઇ શકયે. (હા ૨૮. ફ૦ ૫.)

વે માંથ્રા સ્રૅવીમા રાદાઑ.

તારા કીંમતિ (અથવા સુખદાઇ) માંથ્ર અમે સાંભળ્યે. (હા ૨૮, ફ૦ ૭.)

યોઇ વે યોઇથૅમા દસૅમે સ્તૂતાંમ્.

(અમે કે) જેમણે તમારી સ્તુતિના અભ્યાસમાં કોશેષ કરી છે. (હા ૨૮, ફ૦ ૯.)

વે ક્મઇબ્યા અસૂના વએદા ખ્રરઇથ્યા વઇનત્યા સ્રવાઑ

મેં જાણ્યું છે કે તારા પસંદ પડતા (અથવા વિજયી) મંત્રો ખુબીથી ભરપુર (છે). (હા ૨૮, ફ૦ ૧૦.)

યે આઇશ્ અષૅમ્ નિપાઑઙ્હે મનસ્ચા વૉહૂ યવએતાઇતે.

એ (વાણીની મદદ)થી અષોઇને તથા નેક વિચારને મારાં જીવનના છેડા પર્યંત હું લક્ષમાં રાખીશ. (હા ૨૮, ફ૦ ૧૧.)

અહ્યા યાસા નૅમંઙ્હા.

અહ્યાસા હાને (એટલે અહ્યા યાસા નામના હાને) અમે માન સાથે યાદ કર્યે છીએ. (હા ૨૮, ફ૦ ૧૧.)

ઉસ્તાનાઇશ...જસ્તાઇશ...અહુરાઇ આ.

ઉચ હાથોથી મજદને માટે અમે સ્તુતી કર્યે છીએ. (હા ૨૯, ફ૦ ૫.)

તૅમ્ અઝ્ઝૂતોઇશ્ અહુરો માંથ્રૅમ્ તષત્.

---

1. જશના ગાન.

સંપત્તિના ચાહનાર અહુરમજ્દે, અષોઇની મારફતે આ માંથ્રવાણી ઉપજાવી. (હા ૨૯, ફ૦ ૭.)

વક્ષ્યા......સ્તઑતાચા અહુરાઇ યેસન્યાચા વંઘ્રહેઉશ મનંઘ્રહો હુમાંજ્દ્રા અષા.

અહુરમજ્દને માટે સ્તવન, ભલાં મનની આરાધના તથા અષોઇથી (મળેલા) ખૂબીવાળા માંથ્ર (એ બાબદો વિષે) (તમને) હું ઉપદેશ દઇશ. (હા ૩૦, ફ૦ ૧.)

તા વે ઉર્વાતા મરૅન્તો અગુશ્તા વચાઑ સેંગ્હામહી. અએઇબ્યો યોઇ ઉર્વાતાઇશ દ્રુજો અષહ્યા ગએથાઑ વીમરૅન્ચઇતે; અતચીત અએઇબ્યો વહિશ્તા યોઈ જરજ્દાઑ અઘ્રહુન મજ્દાઇ.

અહો ઉત્સુકો[1]! આ શીખામણો (જે) કદી ન સાભળેલા મંત્રો (તે) તમને અમે જાહેર કર્યે છીએ. જેઓ દ્રુજની શીખામણોથી અષોઇના સંસ્થાનોને ખરાબ કરે છે, તેમને માટે (આ મંત્રો છે); પણ જેઓ અહુરમજ્દને માટે અર્પણ થયેલા છે તેને માટે (એ મંત્રો વધુ) ઉત્તમ (છે). (હા ૩૧, ફ૦ ૧.)

અહ્માઇ અંઘ્રહુત વહિશ્તૅમ યે મોઇ વીદ્વાઓ વઓચાત હઇથીમ, માંથ્રૅમ યિમ હઉર્વતાતો અષહ્યા અમૅરૅતાતસ્ચા.

જે વિદ્વાન મને સ્પષ્ટ રીતે આનંદ, અષોઇ તથા અમરપણાના માંથ્ર કહે તેનું સર્વથી (વધુ) કલ્યાણ થજો.[2] (હા ૩૧, ફ૦ ૬.)

અપો મા ઇશ્તીમ અપયન્તા બૅરૅખ્ધાંમ હાઇતીમ વંઘ્રહેઉશ મનંઘ્રહો તા ઉખ્ધા મન્યેઉશ મહ્યા મજ્દા અષાઇચા યૂષ્મઇબ્યા ગૅરૅજે.

(એવા માનવીઓ) મારી પવિત્ર દાનતની ઇચ્છા તથા ખરી અપેક્ષા મારેથી છીનવી લે છે; એટલા માટે મારી ભીત્તરની ભક્તિથી તને, હે અહુરમજ્દ! તથા અષને હું કરગરીને અરજ કરૂં છું (કે તેમને તું હણજે!) (હા ૩૨, ફ૦ ૯.)

યે થ્વત મજ્દા અસ્રુશ્તીમ અકેમ્ચા મનો યજાઇ અપા, ખ્શેતેઉશ્ચા તરેમઇતીમ વૅરૅજૅનખ્યાચા નજ્દિશ્તાંમ દ્રુજૅમ, અઇસ્યમનસ્ચા નદૅન્તો, ગેઉશ્ચા વાસ્ત્રાત અચિશ્તૅમ મન્તૂમ.

---

૧. ચેલાઓ. ૨. ભકતે, ગુરૂમંત્ર અને શ્રવણની અત્રે આકાંક્ષા દેખાડી છે.

ના-તાબેદારી તથા દુષ્ટમતિને તારી આગળથી, અહો મજદ! બંદગીથી હું વેગળાં કરૂં. (વળી) મારાં સગાં સાથની (મારી) ઘુન્દી, ભેગા કાર્ય કરનારા (મારા મળત્યાઓ) ની સાથની (મારી) ઠગાઇ, તથા તાબેદાર (માણસો) તરફનો (મારો) તિરસ્કાર, તથા ગાય ઢોરના ઘાસ-ચારા સંબંધી (મારી) અતિશય બેદરકારી (એ બધી જાતના મારા દુરાચારને), અહો અહુરમજદ! બંદગીની મારફતે હું મારામાંથી દૂર કરૂં.[1] (હા ૩૩, ફ૦ ૪.)

યે જઑના અષા ઍરેન્નૂશ્ હુવો મન્યેઉશ આ વહિશ્તાન્ કયા, અહ્માત અવા મનંઘ્રહા યા વૅરૅજયેઇદ્યાઇ મન્તા વાસ્તસ્યા.

ખાલેસ ભજન કરનાર પ્રમાણે, અષોઇની મારફતે તથા સર્વથી પવિત્ર ધાનતથી (અહો અહુરમજદ!) તને હું પોતે અહર્નિશ[2] યાદ કરૂં છું કે તેથી (મારી) ઇચ્છાનુસાર ધારેલું કાર્ય હું પાર પાડું. (હા ૩૩, ફ૦ ૬.)

આવિશ-નાઑ અન્તરે હુંન્તૂ નૅમખઇતીશ ચિથ્રાઑ રાતયો.

અમારી બંદગીને લગતી ભેટો (તારી સમક્ષમાં) જાહેર (તથા) પ્રગટ થાય (એવી અમે અમારી આકાંક્ષા છે.) (હા ૩૩, ફ૦ ૭.)

ફ્રો-મોઇ ફ્રવોઇજદૂમ્ અરૅથા, તા યા વૉહૂ ષવાઇ મનંઘ્રહા યસ્નૅમ્ મજદા ક્ષમાવતો અત વા અષા સ્તઑમ્યા વચાઑ.

(દીન ઉપર જે અમારો વિશ્વાસ તેની) મૂળ નેમ (શું તે) મને તું જણાવ, જેથી નેક ધાનતથી, હે અહુરમજદ! તારા જેવાની આરાધના તેમજ તારી કીર્તિના વચનો અંતઃકરણથી હું જારી રાખું. (હા ૩૩, ફ૦ ૮.)

યે સૅવિશ્તો અહુરો મજદાઑસચા આર્મઇતિશ્ચા, અષૅમચા ફ્રાદત્-ગએથૅમ્ મનસ્ચા વૉહૂ ક્ષથ્રૅમચા, સ્રઑતા-મોઇ.

અહો (તું) જે સર્વથી વધુ કલ્યાણકારી અહુરમજદ! તથા હે! (તું) આર્મેતિ! તથા અહો (તું) જગતને મંગળકારી અષ! હે (તું) વોહુમનો તથા ક્ષથ્ર (તમે સર્વ) મારી (વિનંતિ અથવા ભક્તિ) સાંભળો. (હા ૩૩, ફ૦ ૧૧.)

---

૧. માર્ગદર્શક આ શ્લોક પ્રમાણે વીર પુરૂષજ દ્રઢતાથી વર્તન કરશે. ૨ રાત દીવસ.

યા શ્યઑથના યા વચંઘ્રહા યા યસ્ના અમૅરૅતતાતૅમ અષૅમ્ચા તએઇબ્યો દાઑંઘ્રહા મજ઼્દા ક્ષથ્રૅમ્ચા હઉર્વતાતો અએષાંમ્ તોઇ અહુરા એહ્યા પૅાઉરૂતૅમાઇશ્ દસ્તે.

જે કાર્ય, જે વચન, તથા જે ભક્તિને લીધે અમને અમરપણું, અષોઇ, સત્તા તથા આનંદ મળે છે તે, અહો અહુરમજદ! સર્વથી આદિ તને હું અર્પણ કરૂં છું. (હા ૩૪, ફ૦ ૧.)

પઇરિગએથે ક્ષમાવતો વહ્મે મજ઼્દા ગરોબીશ્ સ્તૂતાંમ્.

તારે લાયકની બંદગીથી તથા તારી કીર્તિ ગાનારાઓમાં ઇશ્વરી ગાનો વડે હે અહુરમજદ! હું તારી નજદીક પહોંચું. (હા ૩૪ ફ૦ ૨.)

અરોઇ જી હુદાઑંઘ્રહો વીસ્પાઇશ્ મજ઼્દા ક્ષમાવસૂ સવો.

પુરો જ્ઞાની પુરૂષ તે છે, જે દરેક વીષયમાં તારી તથા તારા લાગતાઓ (યઝદો) ની ભક્તિ કરે છે. (હા ૩૪ ફ૦ ૩.)

દક્ષ્તૅમ્ દાતા અહ્યા અંઘ્રહેઉશ્ વીસ્પા મએથા, યથા વાઑ યજૅમ્નસ્ચા ઉર્વાઇધ્યાઑ સ્તવસ્ અયેની પઇતી.

આ દુન્યામાં (મારૂં) આખું જીવન ગાળવા વીષે એવી પ્રેરણા કર, જેથી વધારે ભક્તિ ભાવથી તારી પુજા કરનાર તથા તારાં યશો ગાન કરનાર સમાન (હું) તારી સમીપ[1] પહોંચું. (હા ૩૪, ફ૦ ૬.)

કુથ્રા મોઇ અરૅદ્રા મજ઼્દા.

અહો અહુરમજદ! તારા ભજન કરનારા કયાં છે?

(હા ૩૪, ફ૦ ૭.)

તૂ વૅાહૂ મનંઘ્રહા અષાચા ઇષુદૅમ્ સ્તૂતો.

ખરેખર પવિત્ર મતિ (મનશ્ની) તથા અષોઇથી તારી કીર્તિનાં ગાનનું કરજ (હું ફેરૂં.) (હા. ૩૪, ફ૦ ૧૫.)

અરૅદ્રો થ્વાવાંસ્ હુજૅન્તુશે સ્પૅન્તો મજ઼્દા.

અહો મજદ! (તે માનવી) (તારી) આરાધના કરનાર (અથવા ભેટ આપનારો), તારી પક્ષનો, સારાં ડહાપણવાળો (તથા) (દુન્યાંની) આબાદી કરનારો (છે અથવા ગણાય.) (હા ૪૩, ફ૦ ૩.)

---

૧. નઝદીક.

હાત આ બૂશ્તીશ્ વસસે ક્ષથ્રહ્યા દ્વયા, યવત્ આ થ્વા મજ઼્દા સ્તઑઉમી ઉક્યાચા.

અહો અહુરમજદ! જ્યાં સુધી (હું) તને વખાણું છું, તથા તારા યશોગાન ગાવું છું (ત્યાં સુધી), (તારી) વિશ્વસત્તાની શોભામાં તથા (તેને માટેની) ઇચ્છામાં હું જારી રહું. (હા ૪૩. ફ૦ ૮.)

નૅમંઘ્રહો આ યથા નૅમે ક્ષમાવતો, મજ઼્દા ફ્યાઇ થ્વાવાંસ્ સખ્યાત્ મવઇતે અત્ ને અષા ફ્યા દજ઼દયાઇ હાકુરૅના, યથા-ને આ વૅાહૂ જિમત્ મનંઘ્રહા.

જ્યારે તારા જેવાની ભક્તિની (જરૂર છે) ત્યારે અહો અહુરમજદ! તારા જેવા એક મીત્ર મારા જેવા એક મીત્રને (હરેક સમયે) મદદ આપવાને માટે તે નમન વીષે શિખવે તો સારૂં! કે જેથી ભલાં મનથી અમારી નજદીક આવે. (હા ૪૪, ફ૦ ૧.)

તત્ થ્વા પૅરૅસા અૅરૅશ્-મોઇ વઑચા અહુરા, મૅદઇદ્વયાઈ યા-તોઇ મજ઼્દા આદિશ્તિશ્ યાચા વૅાહૂ ઉખ્ધા ફ્ષી મનંઘ્રહા, કા-મે ઉર્વા-બોહૂ ઉર્વાષત આગૅમત્ તા.

તારાં જે પાંચ ફરમાન (એટલે દીવસની તારી પાંચ વેળાની) બંદગી જે ભલી મનશ્નીથી પુછાએલી છે, તથા જે (બંદગી) આ ભૂમીનું સુખ, અષોઇથી મેળવવાને માટે (જરૂર છે), તે વિષે, હે અહુર-મજદ! તને હું પુછું છું તે (તુ) મને સત્ય કેહજે. (હા ૪૪, ફ૦ ૮.)

કથા અષાઇ દ્રુજૅમ્ દ્વયાંમ્ જસ્તયો,......થ્વહ્યા માંથ્રાઇશ્ સૅંગ-હ્યા .... મજ઼્દા.

તારી વાણીનાં મંત્રોથી, અહો અહુરમજદ!...........કેવી રીતે અષોઇના હાથમાં ઠગાઇને હું સોપું? (હા ૪૪, ફ૦ ૧૦.)

કે વૅરૅથ્રૅમ-જા થ્વા પોઇ સૅંગ્હા યોઇ હૅન્તી.

તારા (અવસ્તાના) કલામ કે જે (ભણ્યાથી આફતની અવસરે) રક્ષણ કરનારા છે, (તે) કલામ (ની આશીષ)થી કયો માનવી દુશ્મનને ઠાર કરશે? (હા ૪૪, ફ૦ ૧૬.)

સરોઇ બૂજ્દ્વયાઇ હઉર્વાતા અમૅરૅતાતા, અવા માંથ્રા યે રાથૅમો અષાત્ હચા.

આ માંથ્ર કે જે (તેની) અષોઇને અંગે એક ઉત્તમ (મંત્રછે), તેની મારફતે હઉર્વતાત્ (એટલે આ દુન્યાનું સુખ) તથા અમેરેતાત્ (એટલે પરલોકમાં અમરપણું) (મારી) સરદારીમાં હું મેળવું. (હા ૪૪, ફ૦ ૧૭.)

યોઇ ઇમ્ વે નોઇત્ ઇથા માંથ્રેમ્ વરેષેન્તી, યથા ઇમ મેનાઇચા વચોચચા અએઇબ્યો અંગ્રહેઉશ અવોઇ અંગ્રહુલ અપેમેમ.

આ માંથ્રવાણીને જેમ હું લેખું છું તથા જાહેર કરૂં છું, તે પ્રમાણે તમારામાંના જેઓ અનુકરણ ન કરશે તો, તેમની જીંદગીનો અંત નુકસાનમાં આવશે. (હા ૪૫, ફ૦ ૩.)

તેમ્ ને સ્તઓતાઇશ્ નેમંઘ્રહો આ વીવરેષો...અત્ હોઇ વહ્મેંગ્ દેમાને ગરો નિદામા.

ભક્તિના ગાયનોથી તેને (અહુરમજદને) અમે વંદવાને ઇચ્છીએ છીએ.......તેના કીર્તનો (માત્ર દુન્યામાજ નહી, પણ) ગરોથ્માન (સ્વર્ગ)માં અમે મેળીશું. (હા ૪૫, ફ૦ ૮.)

તેમ્ ને યસ્નાઇશ આર્મઇતોઇશ મિમઘ્ઝો.

નમ્રતાની (નમ્ર) આરાધ્રનાથી તેની ભક્તિ કરવાને અમે ઇચ્છીએ છીએ. (હા ૪૫, ફ૦ ૧૦.)

તોઇ સવાઇશ વહ્મેમ્ વક્ષત અહુરા.

અહો અહુરમજદ! તારી ભક્તિ (તેનેથી ઉપજતા) ફાયદાઓ સાથે ફેલાવો પામશે. (હા ૪૮, ફ૦ ૧.)

કા-તોઇ અષોઇશ થ્વખ્યાઓ મઇબ્યો અહુરા.

મારા (રવાન)ને તારો પવિત્ર બદલો તથા આશીર્વાદ મળે તેને સારૂં અસરકારક બંદગી કઇ (છે)? (હા ૪૮, ફ૦ ૮.)

યે-વે સ્તઓતાઇશ મજદા ફ્રીનાઇ અહુરા અવત્ યાસાંસ્ હ્યત્ વે ઇશતા વહિશ્તેમ્.

તારી ઇચ્છાનુસાર (ચાલીને) જે કાંઇ સર્વથી શ્રેષ્ટ (છે), તેનો શોધનારો (થઇને) કીર્તીનાં ગાનોથી, અહો અહુરમજદ! તારી હું સ્તુતી કરીશ. (હા ૪૯, ફ૦ ૧૨.)

માંથ્રા વાચેમ મજદા બરઇતી...અષા નેમંઘ્રહા.

અહો અહુરમજદ! (પવિત્ર) માંથ્રવાણીને ખાલેસ દીલથી તથા નમનથી ઉચરે છે. (હા ૫૦, ફ૦ ૯.)

રઑચાઑ ખ્વેંગ્ અસ્નાંમ્ ઉક્ષા અએઉરૂશ, ક્ષ્માકાઇ અષા વહ્માઇ મજ્દા અહુરા.

અએ અષો અહુરમજદ! તારા, સૂર્ય, દિવસ (થવા) ની ખબર આપનાર (પ્રભાતનું ઝઝકળું) (એ સઘલાં) તારી કીર્તી (ગાવા) ને માટે ચક્રમાં ફરે છે. (હા ૫૦, ફ૦ ૧૦.)

વે સ્તઑતા અઑજાઇશ્.

તારી કીર્તી ગાનાર સમાન જાણીતો થઇશ. (હા ૫૦, ફ૦ ૧૧.)

ક્ષ્માકેંમ્ વૉહૂ મનંઘ્હા વહ્માઇ દાઇદી સવંઘ્હો.

નેક મનશ્નીથી (કરેલી) (તારે માટેની) અમારી આરાધના (અથવા ભક્તિને) માટે, (તેના) લાભની પ્રાપ્તિ તું દે. (હા ૫૧, ફ૦ ૨.)

વે...સારેંન્તે, અહુરે......ઉખ્ધાઇશ વંઘ્હેઉશ્ **મનંઘ્હો.**

નેક મનશ્નીની (ખરાં અંતકરણથી કીધેલી) બંદગીથી, અહો અહુરમજદ! તને સરદાર સમાન ગણે છે. (હા ૫૧, ફ૦ ૩.)

યે વહ્યો વંઘ્હેઉશ્ દજ્દે યસ્ચા હોઇ વારાઇ રાદત્ અહુરો ક્ષથ્રા મજ્દાઑ અત્ અહ્માઇ અકાત્ અષ્યો, યે હોઇ નોઇત્ વીદાઇતી અપેંમે અંઘ્હેઉશ્ ઉર્વએસે.

જે કોઇ (અહુરમજદને) ખુશી કરવાને કાજે તે ભેટ સાથે વંદે છે, તે (મનુષ્ય) ને અહુરમજદ પોતાની સર્વ શક્તિથી સારાંના કરતાં વધારે ઉત્તમ દે છે; વળી જે કોઇ તેની ભક્તિ કરતો નથી તે (માણસ) ને દુન્યાંના છેક છેવટમાં ખરાબનાં કરતાં વધારે દુષ્ટ ખચીત (થશે), (એટલે તેને છેવટે ઘણું સંકટ વેઠવુ પડશે.)

(હા ૫૧, ફ૦ ૬.)

તત્ વે-ને હુજઑષાઑંઘ્હો વીસ્પાઑંઘ્હો દઇદ્યાઇ સવો, અષેંમ્ વૉહૂ મનંઘ્હા ઉખ્ધા યાઇશ્ આર્મઇતિશ્, યાજ્મ્નાઑંઘ્હો નેમંઘ્હા મજ્દાઑ રફ્રૅમ્ ચગેદો.

તમે સર્વ એક મરજી રાખનારા (એટલે દુન્યાની આબાદીને માટે એક દીલથી સહકાર કરનારા) (અમેષાસ્પંદો) (અમારી) અષોઇ,

પવિત્ર ધાનત તથા બંદગી–જેથી સંપૂર્ણ મનશ્ની (મળે છે), તેને લીધે અમને સુખ (અથવા આબાદી) દો. અહુરમજદની ખુશાલીને આતુરતાથી શોધનારા (તથા) નમ્રતાથી (તેને) યાદ કરનારા (અમે બન્યે)! (હા ૫૧, ફ૦ ૨૦.)

અતૃચા હોઇ સ્યન્તૂ મનંઘ્રહા ઉખ્ધાઇશ્ ષ્યઑથનાઇશ્ચા, ફ્નૂમ મઝ્દાઑ વહ્માઇ આ ફ્રઑરૅત્ યસ્નાંસ્ચા.

હવે જ્યારે (પવિત્ર) મનશ્નીથી, ગવશ્નીથી તથા કુનશ્નીથી દીનના જ્ઞાન તથા ક્રિયા સાથની આરાધનાઓ ઉપર વિશ્વાસ રાખીને અહુરમજદની કીર્તિ (ગાવા)ને માટે (તેઓ તત્પર છે). (હા ૫૩, ફ૦ ૨.)

ફ્રા ગવે વૅરૅન્દાઇ મઝ્દયસ્ન જરથુશ્ત્રયો યા હીમ્ વઐધયમહિ રથ્વએચ મ્યઝ્દએચ રથ્વએચ રતુક્રિતયએચ વીસ્પયાઑ–સાંચતચ અષઑનો સ્તોઇશ્ યસ્નાઇચ વહ્માઇચ ક્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ.

અહો જરથુશ્તિ માઝ્દયસ્નો જગતની સંપત્તિ માટે અષો (અહુરમજદ) ની સઘળી પેદાયશની આરાધના કરવાને, (તેની) ખુબીઓ ગાવાને, (તેને) રીઝવવાને તથા (તેની) વખાણ કરવાને કાજે વેળાસરની આહુતિ (મ્યઝ્દ) માં તથા વેળાસરની યોગ્ય ભક્તિમાં, તે (ડહાપણ, અષોઇ ઇત્યાદી) ને અમે જાહેર કર્યે છીએ.

(વીસ. ક૦ ૪, ફ૦ ૨.)

માઝ્દયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર–તકએષો હુધ–જઑથ્રૅમ્ હુધ–અઇવયાઑઘ્રહનૅમ્ ઇમત્ બરૅસમ અષય ફ્રસ્તરૅતૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ આયેસે.

(દાદાર) અહુરમજદની પૂંજા કરનાર, (અષો) જરથુશ્ત્રે ઉપદેષ કરેલી દાન પ્રમાણે ચાલનાર, દેત્ય (ના ધારા) ને ત્યજનાર, (તથા) અહુરમજદના નીયમાનુસાર વર્તનાર પ્રમાણે, બળીદાન (જોર) સાથની તથા અઇવ્યાંઘન (કાઠી) સાથની અષોઇથી પાંથરેલી આ પવિત્ર બરસમ, (જે) અષોઇનો સરદાર તે (ને) યજશ્નેમાં હું (અર્પવાને) ઇચ્છું છું.

(વીસ. ક૦ ૫, ફ૦ ૩.)

સ્તઑતચ યસ્નાઇચ વહ્માઇચ ફ્રસસ્તયએચ. યત્ અએષ અહુરહે મઝ્દાઑ યત્ અએષ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્ સ્તેઉશ્ચ અષ-

ઑનો બૅરેજતો યસ્નાઇચ વહ્માઇચ યત્ અપનોતૅમહે રથ્વો. યત્ જઘ્નમૂષ્યાઑ અષોઇશ યત્ જઘ્નમૂષ્યાઑ રતુક્રિતોઇશ.

યત્ માંથ્રહે સ્પૅન્તહે યત્ દએનયાઑ માઝદયસ્નોઇશ યત્ સ્તઑતનાંમ્ યેસ્નયનાંમ્ યત્ વીસ્પએષાંમચ રથ્વાંમ્ વીસ્પનાંમચ રતુક્રિતિનાંમ્ વીસ્પયાઑ સાંચત્ચ અષઑનો સ્તોઇશ યસ્નાઇચ વહ્માઇચ ફ્રસસ્તયએચ.

(મહા મંગળકારી) અહુરમજદની, અમેષાસ્પંદોની, અષો ઉંચ આગેવાનની, (તથા) સર્વથી ચઢતે દરજ્જેના મૂખીની વખાણ કરવાને (તેમની) ખૂબીઓ કથવાને તથા કીર્તી વર્ણવાને, (અને) સહાયક અષોઇની (તથા) મદદે પહોંચનારી વેળાસરની ભક્તિનું સ્તવન કરવાને (તથા) તેની ખૂબીઓનું કથન કરવાને, (હે માઝદયસ્નો) તમે એ બધાંની સ્તુતી કરો.

માંથ્ર સ્પેન્તની, માઝદયસ્ની દીનની, સ્તઓત યસ્નયની, સઘળા સરદારોની, સર્વ વેળાસરની ભક્તિની, તથા અષો (અહુરમજદ) ની સકળ સૃષ્ટિ (એ બધાંઓની) વખાણ કરવાને, ખુબીઓ વર્ણવાને, ખુશી કરવાને તથા યશોગાન કરવાને (અહો માઝદયસ્નો) તમે તેમની સ્તુતી કરો. (વીસ. ક૦ ૯, ફ૦ ૬–૭.)

તિમનાંમ્ હઉરવ પઑઇરયનાંમ યજમઇદે અનપ્યૂખ્ધનાંમ્ અનપિષૂતનાંમ્ હાઇતીશચ અફ્સ્મનાચ વચસ્ચ વચસ્તશ્તિમચ ફ્રસ્રઑથ્રેમચ ફ્રમરૅથ્રેમચ ફ્રગાથ્રેમચ ફ્રાયસ્તીમચ.

બીજું કાંઇ મધ્યમાં બોલ્યા વિના, (અથવા) વચમાંથી કાંઇ છોડી દીધા વિના (ભણાતી), પહેલે દરજ્જેની સંપુર્ણ ત્રણ[1] (બંદગીઓ) ના વિભાગોને, તેમના શ્લોકોને, મંત્રોને, ફકરાઓને, તથા (તે બંદગીઓના) ભણવાને, (તેમની) યાદ કરવાને, (તેમનું) ગાન કરવાને તથા (તેમની) કીર્તિને અમે વખાણ્યે છીએ. (વીસ૦ ક૦ ૧૩, ફ૦ ૨.)

---

૧. આ ઈશારો અહૂનવર, અષેમ અને યેંધહે હંતામના સંબંધમાં દીસે છે.

અન્ય ધર્મોની સરખામણીઓ.

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥

(ગીતા. ૪-૧૦)

આસક્તિ (વળગણ) થી મુક્ત, ભય અને ક્રોધ વિનાના ભક્તો, મનેજ મનમાં વસાવીને, મારો આશ્રય લઇને, જ્ઞાનના અગ્નિથી પવીત્ર થયેલા, ઘણાકો મને પહોંચ્યા છે (મારી અંદર સમાયા છે.)

योगीनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥

(ગીતા. ૬-૪૭)

સર્વે યોગીઓમાં જે શ્રદ્ધાળુ હોઇને, આત્મા મારામાં લગાડીને, મને ભજે છે, તે સર્વેથી મોટો યોગી છે.

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥

(ગીતા. ૮-૧૪)

જે હમેશ મારો વિચાર કરેછે અને બીજો કશો વિચાર રાખતો નથી, તેવા યોગીને હે પાર્થ ! હું સહેલાથી પ્રાપ્ત થાઉંછું.

अनन्याश्चिन्तयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

(ગીતા. ૯-૨૨)

જેઓ મારા શીવાય કોઇને યાદ ન કરતાં, મારી ભક્તિ કરે છે, તે યુક્ત (એકતાન) માનવીઓનો યોગ હું આગળ વધારૂં છું.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥

(ગીતા. ૯-૩૪)

મારી ઉપર તારૂં મન ચોંટાડ, મારી ભક્તિ કર, મારી આગળ નમન કર, અને આત્મામાં યુક્ત (એકતાન) બનીને, મને તું પહોંચશે, અને હું તારો સર્વોતમ આદર્શ બનીશ.

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥

(ગીતા. ૧૧ ૬૫)

જે મારે કાજે કર્મમાં પ્રવૃત્તે છે, જેને માટે હું જ શ્રેષ્ઠ આદર્શ છું, તે ભક્ત, આસક્તિથી ન્યારાળો, કોઇપણ પ્રાણી સામે વેર ન રાખતો, હે પાંડવ, મને પ્રાપ્ત કરે છે.

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥

(ગીતા. ૧૨-૮)

મારામાં મન મુક, તારી બુદ્ધિને મારામાં પ્રવેશ કરાવ, તો નક્કીજ તું હવે પછી મારામાંજ રહેશે.

सत्त्वानुरुपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥

(ગીતા ૧૭-૩)

દરેકના સ્વભાવ પ્રમાણે તેની શ્રદ્ધા હોય છે, હે ભારત! માનવી શ્રદ્ધાનું બનેલું છે; જેવી તેની શ્રદ્ધા તેવોજ તે બની જાય છે!

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥

(ગીતા. ૧૮-૪૬)

જેમાથી સર્વે પ્રાણીઓ ઉત્તપન્ન થયા, જે આ જગતમાં પ્રવેશ થઇ રહ્યો છે, તેને પોતાનો ધર્મ (કર્તવ્ય, ફરજ) બજાવવે જે પુંજે છે, તે જરૂર સિદ્ધિ (સંપુર્ણતા) મેળવે છે.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

(ગીતા. ૧૮-૬૬)

સર્વે ધર્મો (ફરજો) છોડી દઇને, માત્ર મારે એકલાને શરણે આ
અને ચિંતા મા કર; હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ !

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥

(ગીતા ૧૧-

માત્ર મારી ભક્તિથીજ હે અરજુન! હું (ઇશ્વર) એવી રીતે પોછા
શકાવુંછું અને જાણી, તત્વમાં ઓળખી અને પ્રવેશ કરી શકાવું
હે પરન્તપ !

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥

(ગીતા. ૮-

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥

(ગીતા. ૮-

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगीनः ॥

(ગીતા. ૮-

અન્ત સમયે મારૂંજ સ્મરણ કરતો જે દેહને છોડે છે,
મારા ભાવને પામે છે, એમા (કશો) સંશય નથી.

ઓમ (ॐ) જે એકક્ષરવાળો બ્રહ્મ છે તેને જપતો અને
સંભારતો, સંભારતો, જે (માનવી) શરીર છોડે છે, તે પરમ ગતિ
પામે છે.

જે બીજા કશામાં ચિત્ત પુરાવ્યા વિનાનો હોઇને મને નિર
સંભારે છે, તેવો નિત્યયુક્ત યોગી હે પાર્થ ! મને સહેલાઇથી મેળવે

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥
देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्पर भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥

इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥

यज्ञशिष्टाशिनः संतो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात ॥

(ગીતા. ૩-૧૦ થી ૧૩)

પૂર્વે યજ્ઞના અધિકારવાળી પ્રજા સરજીને પ્રજાપતિ (બ્રહ્મા) એ કહ્યું, આ (યજ્ઞ-વર્ણાશ્રમ ધર્મ)થી તમે વૃદ્ધિ પામો. એ તમને ઇચ્છિત ભોગ આપનાર કામધેનૂ[1] થાઓ. આ (યજ્ઞ) થી દેવ (યજદો) ને પ્રસન્ન કરો, તે દેવો પણ તમને આનંદ આપો. એકમેકને સંતોષતાં તમે પરમ શ્રેય (મોક્ષ) ને પામશો. યજ્ઞથી પ્રસન્ન થયેલા દેવ, તમને ઇષ્ટ ભોગ[2] માટે, તેમણે (દેવોએ) આપેલું, તે તેઓને ધર્યા વિના જે ભોગવે, તે ચોરજ છે. યજ્ઞથી બચેલા (પ્રસાદી, અન્ન-ચાશિન) નો ભોગ કરનાર સત્પુરૂષો સઘળાં પાપોથી મુક્ત થાય છે. (વળી) જેઓ પોતાને માટેજ (અન્ન) પકાવે છે, તે પાપીઓ પાપનેજ ભોગવે છે.

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥

(ગીતા. ૪-૨૮, ૩૦ થી ૩૨)

કોઇ દ્રવ્યયજ્ઞ[3] કરનારા હોય છે, કોઇ તપશ્ચર્યારૂપ[4] યજ્ઞ કરનારા હોય છે, કોઇ યોગયજ્ઞ[5] કરનારા હોય છે, કોઇ સ્વાધ્યાય[6] (વેદ પઠન)

૧. સર્વ ઈચ્છા પુરી પાડનાર સ્વર્ગની ગાય, જે વસિષ્ટ ઋષી પાસે હતી
૨. ઇચ્છેલી મોજો. ૩. ગૃહસ્થિઓ. ૪. વાનપ્રસ્થો. ૫. સન્યાસીઓ. ૬. બ્રહ્મચારીઓ.

રૂપ યજ્ઞ કરનારા હોય છે, અને કોઇ જ્ઞાનયજ્ઞ[1] કરનારા હોય છે. વળી (બીજા કેટલાક કરડાં મહાવ્રત કરનારા યતિયો (પણ જગતમાં) હોય છે.) કોઇ અપાનમાં પ્રાણને હોમે છે, કોઇ પ્રાણમાં અપાનને હોમે છે, કોઇ પ્રાણ અને અપાનની ગતિ રોકીને પ્રાણાયામ પરાયણ હોય છે. કોઇ નિયમિત ખોરાક ખાઇને પ્રાણને પ્રાણમાં હોમે છે. આ સર્વે યજ્ઞને કરનારા પુરૂષો (તે તે) યજ્ઞોથી પાપ મુક્ત થાય છે. હે કુરૂઓમાં શ્રેષ્ઠ! યજ્ઞ કર્યા પછી (પોતાના) યજ્ઞમાંથી બાકી રહેલું અમૃત, ભોજન (ચાશિન) કરનાર, સનાતન બ્રહ્મ પ્રાપ્ત કરે છે. અયજ્ઞને[2] આ લોક (સિદ્ધ) નથી, તો પરલોકની શી આશા? આ પ્રકારે વેદમાં ઘણી જાતના યજ્ઞો વિસ્તાર્યા છે. એ સર્વને કર્મથી[3] થયેલા જાણ. એમ જાણીને તું મોક્ષ પામીશ.

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥
यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

(ગીતા. ૯-૨૪ અને ૨૭)

કેમકે સર્વ યજ્ઞનો ભોકતા અને સ્વતંત્ર ધણી હુંજ છું. તે (સકામ) લોકો મારાં ખરાં સ્વરૂપથી મને યથાર્થ જાણતાં નથી, માટે તેઓ હેઠળ પડે છે. હે કૌંતય! તું જે કાંઇ (કર્મ) કરે છે, ભોગવે છે, હોમે છે, દાન દે છે, તપ કરે છે, તે સર્વ મનેજ અર્પણ કરજે.

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥

(ગીત. ૧૭-૨૩)

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

(ગીતા ૧૮-૫)

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥

(ગીતા. ૧૮-૭૦)

૧. પરમહંસ. ૨. યજશને, વર્ણાશ્રમધર્મ ન કરનાર, પાળનાર. ૩. એટલે આત્માથી થયેલા નાહં એવા.

ઓમ્, તત્, સત્ એવું ત્રણ પ્રકારનું બ્રહ્મનું નામ કહેવાય છે અને તે વડે પૂર્વે (પ્રજાપતિયે) બ્રાહ્મણોને, વેદોને અને યજ્ઞોને ઉત્પન્ન કર્યાં છે.

યજ્ઞ, દાન અને તપ એ કર્મો છોડવાં યોગ્ય નથી. તે તો કરવાંજ જોઇએ. યજ્ઞ, દાન તથા તપ એ સઘળાં બુદ્ધિમાનોને પાવન કરનારાં છે.

જે આ આપણા (ભગવદ ગીતાવાળા) ધાર્મિક સંવાદને ભણશે, તેણે જ્ઞાન યજ્ઞ વડે મને પૂજ્યા, એમ મારો મત છે.

મહ્યા રાઝૅંગ્ વૉહૂ સાહીત્ મનંઘ્હા.

(કોઇ પણ માનવી) પવીત્ર મનશ્નીથી મારા ભેદો શીખાડી શકે છે.

(ગાથા સ્પેન્તોમદ, યજશ્ને હા ૫૦, ફ૦ ૬.)

અત્ વે યઑજા જેવીશ્તૅંગ્ ઉર્વતો
જયાઇશ્ પૅરેથૂશ વહ્મહ્યા યૂષ્માકહ્યા
મઝ્દા અષા ઉગ્રૅંગ્ વૉહૂ મનંઘ્હા;
યાઇશ્ અજાથા મહ્માઇ ખ્યાતા અવંઘ્હે.

હે અહુરમજદ! અષોઇ તથા પવીત્ર મનશ્નીની મારફતે, તારી ભક્તિના લાભકારક, મજબુત તથા દ્રઢ માર્ગો તરફ પહોંચીને, હું તારી ઉપરજ મારૂં ચિત્ત ચોટાડું છું, જેને લીધે (મને) તું દોરવ, (તથા) મારી મદદે તું થા.[2] (ગાથા સ્પેન્તોમદ, યજશ્ને હા ૫૦, ફ૦ ૭.)

૧. પશુ એટલે શરીર અને તેના વિકારો.

૨. એનો વળતો જવાબ શ્રી કૃષ્ણ આ પ્રમાણે વાળે છે.

अनन्यश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम ॥ (ગીતા, ૯-૨૨.)

અનન્ય ચિત્તથી જેઓ મારી ઉપાસના કરે છે, તેવા નિત્ય યોગીઓના, યોગનું બળ હું વધારૂં છું.

પઇરિ જસાઇ મજદા......અત્ વાઓ વંઘહેઉશ્ મનંઘહો હુન-રૅતાતા.

ઓ અહુરમજદ! પવીત્ર મનશ્નીની ખુબીની મારફતે તને અને તને ખચીત હું પહોંચું. (ગાથા સ્પેન્તોમદ, યજશ્ને હા ૫૦, ફ૦ ૮.)

વાઓ...સ્તવસ્ અયેની,

મજદા...વંઘહેઉશ્ શ્યઑથનાઇશ્ મનંઘહો.

(હું જે તારી) સ્તુતિ ગાનાર (તે) હે અહુરમજદ! પવીત્ર મનશ્નીનાં કાર્યોની મારફતે, તને પહોંચું.

(ગાથા સ્પેન્તોમદ, યજશ્ને હા ૫૦, ફ૦ ૯.)

અત્ યા વરેષા યાચા પઇરિ આઇશ્ શ્યઑથના

યાવ્યા વૉહૂ ચષ્માંમ્ અરેજત્ મનંઘહુ.

એ (ભક્તિ તથા અષોઇ)ની મારફતે જે જે સારાં કાર્યો એકેક પછી હું કરીશ, તે પવીત્ર મનશ્નીને લીધે (માણસોની) નજરમાં માનને લાયક ગણાશે. (ગાથા સ્પેન્તોમદ, યજશ્ને હા ૫૦, ફ૦ ૧૦.)

દાતા અંઘહેઉશ્ અરેદત્ વૉહૂ મનંઘહુ

હુઇથ્યાવરૅશ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમૅમ્.

અષોઇના કાર્ય કરનારાઓની ઇચ્છા, જે સૌથી ચઢતી પદવીની (છે, તેને) જગતનો સ્રષ્ટા (અહુરમજદ) (તે કાર્ય કરનારાઓની) પવીત્ર મનશ્નીને લીધે, પાર પાડે છે. (ગાથા સ્પેન્તોમદ, યજશ્ને હા ૫૦, ફ૦ ૧૧.)

ક્ષ્માકૅમ્ વૉહુ મનંઘહુ વહ્માઇ દાઇદી સવંઘહો.

પવીત્ર મનશ્નીથી (કીધેલી) (તારે માટેની) અમારી ભક્તિ માટે (તેના) લાભોની પ્રાપ્તિ તું આપ. (ગાથા વોહૂક્ષથ્ર, યજશ્ને હા ૫૧, ફ૦ ૨.)

આ-વે ગેઉષા હેમ્યન્તૂ, યોઇ

વે.....સારેન્તે,

અહુરો .....

ઉખ્ધાઇશ્ વંઘહેઉશ્ મનંઘહો.

જેઓ (પોતાની) પવીત્ર મનશ્નીની (એટલે ખરાં અંતઃકરણથી કીધેલી) ભક્તિથી, ઓ અહુરમજદ! તને સરદાર તરીકે લેખે છે, તેઓ પોતાની કીર્તિને લીધે (છેવટે) તારામાં સાથે મળી જાય.

(ગાથા વોહૂક્ષથ્ર યજશ્ને હા ૫૧, ફ૦ ૩.)

કુથા મનો વહિશ્તૅમ્.

સૌથી શ્રેષ્ઠ મનશ્ની શામાં છે? (જવાબ–કોઇનું પણ બુરૂં ન ઇચ્છવામાં–અહિંસામાં.)[1] (ગાથા વોહૂક્ષથ્ર, યજશ્ને હા ૫૧, ફ૦ ૪.)

હ્યત્ મીઝ્દૅમ્ જરથુશ્ત્રો
મગવબ્યો ચોઇશત્ પરા
ગરો દેમાને અહુરો
મઝ્દાઑ જસત્ પૉઉરૂયો
તા વે વૉહૂ મનંઘ્હા
અષાઇચા સવાૅશ્ચા ચિવીષી.

જે બદલો (પેગંબર) જરથુશ્ત્રે મગવ (એટલે પવીત્ર ભકતો)ને માટે પ્રથમથી નિર્માણ કર્યો છે, તે (ઓ માજદયસ્ની જરથુશ્તીઓ!) તમને પણ (તમારી) પવીત્ર મનશ્નીને લીધે તથા અષોઇને માટે આર્શીર્વાદો સાથે આપવામાં આવશે. (તે બદલો ગરોથમાન સ્વર્ગ,) (કે જે) ગરોથમાનમાં અહુરમજદ સર્વથી પેહલાં દાખલ થયો.

(ગાથા વોહૂ ક્ષથ્ર, યજશ્ને હા ૫૧. ફ૦ ૧૫.)

તત્–વે ને હુજ્ઑષાઑંઘ્હો
વીસ્પાઑંઘ્હો દઇદ્યાઇ સવો,
......વૉહૂ મનંઘ્હા.......

તમો સર્વે એક મરજી રાખનારા (જગતના કલ્યાણાર્થે એક દીલથી સહકાર કરનારા) (અમેશાસ્પંદો) (અમારી) પવીત્ર મનશ્નીને લીધે (તમો) અમને સુખ (અથવા સંપત્તિ) દો.

(ગાથા વોહૂ ક્ષથ્ર યજશ્ને હા ૫૧, ફ૦ ૨૦.)

વૉહૂ ક્ષથ્રૅમ્ મનંઘ્હા;
મઝ્દા દદાત્ અહુરો.

તેને (સંપૂર્ણ મનશ્નીવાળા માણસને), અહુરમજદ (તેની) પવીત્ર વાનતને લીધે સત્તા દે છે. (ગાથા વોહૂ ક્ષથ્ર, યજશ્ને હા ૫૧, ફ૦ ૨૧.)

---

૧. अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम्
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रिरचापलम् ॥

(ગીતા, ૧૬–૨.)

અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાન્તિ, ચુગલીનો ત્યાગ, અલોભ અને સર્વ ભૂતો (પ્રાણીઓ) માટે દયા, લજ્જા, સાદાઈ, દ્રઢતા (એ દૈવી સ્વભાવવાળાઓ દેખાડે છે.)

યા ફ્રૅધ્રાઇ વીદાત્
પઇથ્યએચા વાસ્ત્રયએઇબ્યો અત્ચા ખએતઓવે
અષાઉની અષવબ્યો, મનંઘ્રહો વંઘ્રહેઉશ્ ,
ખેનવત્ હંઘ્રહુશ્ મે બેએત્ ઉશ્ .

(પોઉરૂચીસ્તી પોતાની બેહનપણીઓને નીચે પ્રમાણે સલાહ દે છે) જે (છોકરી) અષો (રહીને) પોતાના બાપને, પોતાનાં ધણીને, પોતાનાં માણસોને તેમજ પોતાનાં સગાંઓને (તથા) અષો માણસોને વફાદાર રહેશે, (તેણીની) પવીત્ર ધાનતની ઇચ્છા પુરતી રીતે પાર પડશે, અને અહુરમજદ (તેણીની) સારી ધાનતને માટે સદાકાળ સારૂં, (તેણીને) ગરોથમાન સ્વર્ગ અર્પશે.

(ગાથા વહિશ્તોઈશ્ત, યજશ્ને હા ૫૩, ફ૦ ૪.)

વએદાહ્મ્ દએનાબીશ્ અબ્યસ્તા
અહ્મ્ યે વંઘ્રહેઉશ્ મનંઘ્રહો.

(અષો જરથુશ્ત્ર બોધ દે છે કે) ધાર્મિક માણસોની મારફતે જ્ઞાન સંપાદન કરીને, પવીત્ર મનશ્નીનું જીવન મેળવજે.

(ગાથા વહિશ્તોઈશ્ત, યજશ્ને હા ૫૩. ફ૦ ૫.)

અન્ય ધર્મોની સરખામણીઓ.

मनेव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।

મનજ માનવીના બંધ અને મોક્ષનું કારણ છે.

बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतातात्मैव शत्रुवत् ॥

(ગીતા ૬-૬.)

પોતેજ પોતાનો બંધુ (સગો) છે જેણે પોતાનું મન જીત્યું જેણે મનનો ક્લેશ અને વેગ ન જીત્યો, તેનું મન શત્રુ સમાન વર્તે છે.

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचरिव्रते स्थितः ।
मनः संयम्य मच्चितो युक्त आसीत मत्परः ॥

युंजन्नेवं सदात्मानं योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥

(ગીતા ૬, ૧૪-૧૫)

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥

(ગીતા ૬-૧૮)

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥

(ગીતા ૬-૨૭)

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन च कौंतेय वैराग्येण च गृह्यते ॥

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥

(ગીતા ૬, ૩૫-૩૬)

શાન્ત આત્મા, નીડર, બ્રહ્મચારી, જે મનને રોકીને મારામાં ચિત્ત પુરોવીને, મારી સાથે યુક્ત બની (યોગ કરી)ને, મારે શરણે રહે; એમ સદા શ્રમ લેતો, કોશેષ કરતો, જે યોગી મનને વશ રાખે છે, તે નિર્વાણની શાન્તિ જે મારા પોતામાં હોય છે, તેને પામે છે. યોગી તેજ છે જેણે ચિત્ત (મન) રોકીને, આત્મામાં ચોટાડી રાખ્યું છે અને જે સર્વ ઇચ્છાઓથી મુક્ત બન્યો છે

જે યોગીનું મન શાન્ત બન્યું, તેનો રજસ (હવસ) શાન્ત થયો, જે પાપ રહિત બનીને બ્રહ્મ થયો, તેને સર્વોત્તમ સુખ (ઉશ્રતા) મળે છે.

હે મોટી બાજુવાળા ! ખરેજ મન ચંચળ છે, પણ અભ્યાસ વડે અને વૈરાગ્યે તે ઝલાય છે. મારા મત પ્રમાણે જે માનવીનું મન આત્માને વશ નથી, તેને યોગ કરવો બહુજ કઠણ છે. જે પોતાના મનને વશ કરે છે, તે યોગ કરવાનો ઉપાય મેળવે છે.

मन राजा मन रंक हय, मन कायर मन सूर,
सुन्य शीखर पर मन रहे, मस्तक आवे नूर.

મનમાં માની લ્યો તેથી રાજા, રંક, હિચકારા અને શૂરવીર બનો છો. એ સર્વે મનથીજ બને છે. પણ જ્યારે મનમાં શૂન્યતા આવે છે એટલે સંસાર અને સંકલ્પ, વિકલ્પ અને મનની વૃત્તિઓનું ભાન બંધ થાય છે, ત્યારે મસ્તકમાં જયોતિનો વીકાશ થાય છે (અને ઇશ્વર સાક્ષાત થાય છે).

जबतक आश शरीरकी, निर्भय भया न जाय,
काया, माया, मन तजे. चौपट रहा बजाय.

જ્યાં સુધી શરીરના ભોગોની આશા છે, ત્યાં સુધી નીડર થવાય નહિં (ચિંતા અને સંકલ્પ રહે છે). શરીર, મન અને માયા એ ત્રણે ત્યજવા કેડે ઉચ્ચ દરવાજો ખુલે છે.

ये मन थाकी थीर भया, पग बीन चले न पंथ,
एकच अक्षर अलेखका, थाके कोटी ग्रंथ.

વિષય ભોગો પાછળ ભટકતાં, હવે મન થાકયું, પગ થાકયા, એટલે હવે ભોગ વિલાસનો માર્ગ મન કાપતું નથી. હવે મન એક અક્ષર (ૐ અથવા અહૂનવર) જપ્યાજ કરે છે, જેનો મહિમા સમજાવવા કરોડ ગ્રંથ પણ પુરતા નથી.

ये मन हरि चरणे चला, माया मोहसे छुट,
बेहद मांहि घर किया, काल रहा शिर कुट.

મારૂં મન માયા અને મોહથી છુટીને, હરીના ચરણે લાગ્યું છે, અને બેહદ (ઇશ્વર)માં વાસો કરી ચુકયું છે, તેથી કાલ માથું કુટે છે, કે તેના સપાટામાંથી હું મુક્ત બન્યો.

नाये धोये कहा भया, मनका मैल न जाय,
नींम न कडु आपन तजे, जलमे सदा रहाय.

કબીરજી કહે છે કે નહાયા ધોયાથી (તીર્થ જાત્રાથી) મનનો મેલ કયાં જાય છે? લીમડો જો કે આખો વખત પાણીમાં ભીજવી રાખો, તોપણ પોતાનો કડવાસ છોડી મીઠો નથી થતો.

माला मुजसे ल्ढ पडी, काहे फिरावे मोहे,
जो दिल फेरे आपना, तो राम मिलावुं तोहे.

મારી સાથે માળા લઢી પડી કે મને તું શા માટે ફેરવે છે. તારૂં હૈયું એજ મીસાલ યજદાન તરફ ફેરવ, તો તે પોતે મળી જશે.

तनको जोगी सब करे, मनको करे न कोय,
मनको जोगी जो करे, सो गुरु बाळक होय.

શરીરથી જોગીનો વેશ ધારણ કરનાર અનેક જનો છે, પણ મનને જોગી (પવીત્ર અને અસંગિ) કોઇ બનાવતું નથી. જ્યારે મન જોગી થાય, ત્યારે બાળકની નિર્દોષિતા સાથે ગુરૂનું મહાત્મ્ય પ્રાપ્ત થાય.

माला तो मनकी भली. ओर संसारी भेख,
माला पहेरे मन सुखी. तो बहोरा के घर देख.

માળા ફેરવીને જપ કરવી હોય તો હાથની માળા નહિં પણ મનની માળા ફેરવ; તેજ ખરી છે. બીજી માળાઓ, સંસારમા લપટાયલા સાધૂનો વેશ માત્ર છે. જો માળા પહરેવાથી મન સૂખી થતું હોય, તો વોહરાઓની દુકાનમાં જઇ તપાસો કે ત્યાં સુખ કેમ નથી (અને બ્રહ્માનંદ કેમ સંપાદન થતો નથી).

मनका मस्तक मुंड ले. काम क्रोधका केश,
जो ये पांचो घर मोघ ले, तो चेला सबहि देश.

શરીરના કેસ મુંડાવવાને બદલે મનને મુંડો અને કામ ક્રોધના નકામા કેસ બોડી નાખો. જો પાંચ ઇન્દ્રિ વશ કરો, તો આખા દેશની પ્રજા તમારા ચેલા બનવા તત્પર થઇ જશે.

माला तिलक बनायके, धरम बिचारा नाहिं,
माला बिचारी क्या करे, मेल रहा मन माहिं.

ગળે માળા ટાંગવે અને મસ્તકે તિલક લગાવવે, કાંઇ ધર્મ પળાતો નથી. માલા બાપડી શું કરી શકે, જ્યારે મનમાં મેલ, વિષય વાસના અને હવસો રહિ ગયા હોય અને તે, માનવીને દુષ્ટ માર્ગે દોરવતાજ જતા હોય!

मुंड मुंडावत दिनहि गया, अजुन न मिला राम,
राम बिचारा क्या करे, मनके ओर ही काम.

માથું મુંડાવતાં અને સન્યાસનો બહારનો વેશ ધારણ કર્તાં જન્મ પુરો થયો, છતાં રામની ભેટ ન થઇ. રામ બાપડો હૈયામાં કેમ પેશે, જ્યારે મનનો વ્યહવાર ઇન્દ્રિયો સાથેજ ચાલે છે?

मन पंखी बिन पंखका. लख जोजन उड जाय,
मन भावे ताको मिले. घटमे आंन समाय.

મન પાંખ વિનાનું પંખી છે, જે પલકમાં લાખો માઇલ ઉડી જાય છે; મન જેની ઉપર પ્રેમ રાખે તેને મળી શકે છે, અને ઇચ્છે તો સકળ સૃષ્ટિને પોતે સર્વ વ્યાપક બનીને, પોતાના હૃદયમાં સમાવી શકે છે.

सात समुद्रकी एक लहेर, ओर मनकी लहेर अनेक,
कोइ एक हरीजन उबरा. डुबि नाव अनेक.

મનના પવનો આગળ સાત સમુદ્રોના પવનની બીસાદ નથી. તેની એ હવાથી કાંઇક નાવડીઓ ડુબી ગઇ, જ્યારે એકાદ હરિભક્ત પોતાનો મછવો સલામત લઇને પાર તરી ગયો.

मन ठहेरा तब जानिये, अनसुज सब सुजाय,
ज्युं अंधियारे भवनमे, दिपक बार देखाय.

મન ભ્રમન કરતું શાન્ત પડયું એમ ત્યારેજ જાણવું, કે જ્યારે મુશ્કેલ બાબદો જેમ અંધારા ઘરમાં દીવાથી સર્વ સ્પષ્ટ દેખાઇ જાય છે, તેમ ચટ સમજી જવાય.

कबू मन गगन चढे, कबू जाय पाताल,
कबू मन वरकता दिसे, कबू पडे जंजाल.

મન કોઇ વેળા આસમાને ચઢે છે, કદી પાતાળમાં પડે છે; કદી વિરક્ત બને છે અને કદી જંજાળમાં ફસી પડે છે.

Great men are they who see that spiritual is stronger than material force, that thoughts rule the world. (*Emerson.*)

We love and live in power; it is the spirit's end. Mind must subdue; to conquer is its life. (*Bailey.*)

Systems exercise the mind, but faith enlightens and guides it. (*Voltaire.*)

Mind moves matter. (*Virgil.*)

The diseases of the mind are more and more destructive than those of the body. (*Cicero.*)

How many minds—almost all the great ones—were formed in secrecy and solitude! (*Matthew Arnold.*)

The mind is its own place, and in itself
Can make a heaven of hell, a hell of heaven.
(*Milton.*)

Guard well thy thoughts; our thoughts are heard in heaven. (*Young.*)

The brain is the citadel of the senses; this guides the principle of thought. (*Pliny the Elder.*)

We measure minds by their stature; it would be better to esteem them by their beauty. (*Joubert.*)

It is ordained in the eternal constitution of things, that men of intemperate minds cannot be free; their passions forge their fetters. (*Burke.*)

A weak mind is like a microscope, which magnifies trifling things, but cannot receive great ones. (*Chesterfield.*)

Our minds are like certain vehicles,—when they have little to carry, they make much noise about it,

but when heavily loaded, they run quietly.

(*Elihu Burritt.*)

My mind to me a kingdom is;
Such perfect joy therein I find,
That it excels all other bliss
That God or Nature hath assign'd;
Though much I want that most would have,
Yet still my mind forbids to crave.

(*Wm. Byrd.*)

The power of thought—the magic of the mind.

(*Byron.*)

I thank God through Jesus Christ our Lord. So then with the mind I myself serve the law of God; but with the flesh the law of sin. (*Romans, VII—25.*)

If ye then be risen with Christ seek those things which are above, where Christ sitteth on the right hand of God. Set your mind on things above, not on things on the earth. (*Colossians, III- 1, 2.*)

They who restrain the soul from sensual pleasures
Surpass in heroism both Rustam and Zal.

(*Sadi.*)

To break the ranks of lions is but an easy thing,
But reckon *him* a lion, who over mind is king;
He becomes God's lion—that and nothing less
Who by God's help conquers his own selfishness.

(*Jalaludin Rumi.*)

O Brother ! you are essentially thought,
And all the rest of you is bone and sinew;
If your thoughts are rose-like, you are a rose-garden;

If your thoughts are thorn-like, you are fuel for the flame. (*Jalaludin Rumi.*)

The self-controlled is one who has freed himself from the bondage of mind and self. The seven hells and the eight heavens are too narrow to hold him—only the vast expanse of God is wide enough to receive him. (*Sufi Teacher.*)

પવિત્ર યુદ્ધ.[1]

મઝિશ્તાઓંસ્ચ વહિશ્તાઓંસ્ચ સ્રએશ્તાઓંસ્ચ અપયો ઍરેંવન્તે ....હુમિસ્તેએ વીસ્પયાઓ દ્રવતો સ્તોઇશ.

દરવંદની[2] સઘળી સૃષ્ટિની સામે થવાને માટે, સર્વથી મોટી અષોઇ તથા સર્વથી શ્રેષ્ઠ તથા ઉત્તમ અષોઇ અમને પ્રાપ્ત થાય! (હોશબામ.)

યો યજાઇતે હ્વરે યત્ અમેષૅમ્ રઍમ્ અઉર્વંત્-અસ્પૅમ, પઇતિશ્તાતેએ તૅમંઘ્રહાંમ, પઇતિશ્તાતેએ તૅમસ્ચિથ્રનાંમ દએવનાંમ, પઇતિશ્તાતેએ તાયુનાંમચ હજ઼્ઞનાંમચ, પઇતિશ્તાતેએ યાતુનાંમચ પઇરિકનાંમચ, પઇતિશ્તાતેએ ઇથ્યેજંઘ્રહો મર્ષઓનહે. યજાઇતે અહુરૅમ મજ઼્દાંમ.

અંધકાર (તમસ)ની સામે થવાને માટે, અંધકારના બીજના (અથવા શિકલના) દૈત્યોની સામે થવાને માટે, ચોરો તથા લુટારાઓની સામે થવાને માટે, જાદુગરો તથા પરીઓની સામે થવાને માટે, (તથા) મોતકારક નાશની સામે થવાને માટે, જે શખ્સ અમર, નુરી (તથા) તેજ ઘોડાવાળા ખુરશેદને ઇજે છે, (તે) અહુરમજદને ઇજે છે.

(ખોરશેદ નિયાયશ, ક૦ ૧૪)

---

૧. સ્પેના અને અંગ્રેમીનો વચ્ચેનું, ઉચ અને નિચ સ્વભાવ વચ્ચેનું, ભલાં અને બુંડાં વચ્ચેનું. જુઓ દાદેસ્તાને દીની, પુર્સેશ બીજી ૧૪-૧૭ ઈ. ૨. આડે માર્ગે ગયેલા, અધર્મી.

યજથ્રને ઓ નીઆએથ્રને અજ ઓએ ખોદાએ કેરૂફેહગર, કે મેહ કર્દ અજ હર ગેતીહા દેહેરનાન મરદુમ પ ગવાએશ, માદાન દાદ ઓ શેહેરીઆરેશ હંગામ, રાએનીદારેશ દામાંન, પ રઝ્મ અંગેજશ્ને પરહેજ દેવાન.

તે સવાબકાર સાહેબની (હું) આરાધના તથા બંદગી (કરૂં છું), કે જેણે દુનિયાની સઘળી પેદાયશોમાં માણસજાતને વિચાર શક્તિથી (એટલે વિચાર શક્તિ આપીને) ઉચ્ચ દરજ્જેનું બનાવ્યું; (તથા) દેત્યો (અથવા દુષ્ટ હવસો)ની સામે લઢવા, (તેમની) સામે થવા, (તથા) (તેમનેથી) દૂર રેહવા સારૂ, (તથા) દુનિયાનાં લોકોને (ઇશ્વરનો માર્ગ દેખાડવા) ચલાવવાને સારૂ અક્કલ આપી અને વખત (અને નસીબ)ની ઉપર રાજ્ય આપ્યું. (દુઆ નામ સેતાયશ્ને.)

દસ્ત નરાંમ પૅઉરૂતાતૅમ સ્તાહ્યનાંમ, વ્યાખનનાંમ, વનતાંમ, અવર્નૅમ્નાંમ, હથ્રવનતાંમ હમૅરેથે, હથ્રવનતાંમ દુશ-મઇન્યુશ, સ્તેરપતાંમ ચિથ્ર અવંઘ્રહાંમ.

(હે યજદો!) તમે (મને) મજબુત, અંજુમનમાં બેસનારા, (બુરી સૃષ્ટિને) મારનારા, માર ન ખાનાર, હરીફોને ઝટ મારનારા, દુશ્મનોને તાબડતોબ મારનારા, સદા આનંદ આપનારા (તથા) જાહેર રીતે મદદ કરનારા (વીર) પૂરૂષોનું ટોળું આપો.

(માહ બોખ્તાર નિયાયશ ફ૦ ૧૦.)

આતરૅમ સ્પૅન્તૅમ યજમઇદે તખ્મૅમ હન્તૅમ રથએશ્તારૅમ.

વૃદ્ધિ કરનાર, જોરાવર, ઝલકાટવાળા (અથવા હૈયાતીવાળા) (તથા) (દેત્યોની) સામે થનારા આતશને અમે વખાણીએ છીએ.

(આતશ નિયાયશ ફ૦ ૮.)

અઇર્યમનૅમ ઇષીમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે, અમવન્તૅમ, વૅરેથ્રાજનૅમ, વિત્બએષંઘ્રહૅમ, વીસ્પ ત્બએષાઓ તઉર્વયન્તૅમ, વીસ્પ ત્બએષાઓ તિતરૅન્તૅમ.

અષોઇના સરદાર અષો (તથા) પસંદ પડતી અઇરયમન (નામની બંદગી)ને અમે વખાણીએ છીએ, (જે બંદગી) હિંમત આપનારી, ફત્તેહ આપનારી, દ્વેષને દૂર કરનારી, (તથા) સર્વ ખરાબીઓને તોડ-નાર, (તથા) સર્વ ખરાબીઓને ટાળનાર (છે). (હાવન ગેહ, ફ૦ ૬.)

ગુનાહ્ અજ઼ ગુનાહ્, અવરે આઓ ગુનાહ્ કુ મરદુમ્ ઓ બુન્ શાયદ્ બુદન્, ગજસ્તેહ્ ઘનામીનો દરવંદ્ પ પેતીઆરે દામાંને અહુર-મજ઼દ ફ્રરાજ઼ કરનીદ્......પ પતેત્ હોમ.

એક ગુનાહ[1]થી ઉત્પન્ન થતો બીજો ગુનાહ તથા બીજા વધારે ખરાબ ગુનાહ, જે માણસોથી શરૂઆત (એટલે જન્મ)થી થઇ શકે છે, (તથા જે ગુનાહ) લેઆનત ભરેલા (તથા) દુષ્ટ અહરેમને[2] દાદાર અહુરમજદની સૃષ્ટિની સામે (એટલે તે પેદાયશને ખરાબ કરવાને માટે) ઉભા કર્યા (તે સઘળા ગુનાહથી) હું પશ્ચાતાપ કરી પશેમાન થાઉં છું.

(પતેત પશેમાની ક૦ ૩.)

આઅત્ મ્રઑત્ અહુરો મજ઼દાઓ અષ્રાઉમ્ નાંમ, સ્પિતમ જ઼રથુશ્ત્ર, યત્ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્.........તત્ ત્બએષો-તઉર્વયાંસ્તૅ-મૅમ્ દએવનાંમ્ મષ્યાનાંમ્ચ.

ત્યારે દાદાર અહુરમજદે જવાબ આપ્યો કે, હે સ્પીતમાન જરથોશ્ત! અમે અમશાસ્પંદોનાં નામો માંથ્ર સ્પેન્તનો તે (ભાગ) છે (જે) દેત્યોની અને (ખરાબ) માણસોની બુરાઇને સર્વથી વધુ તોડનાર છે.

(હોરમજદ યશ્ત, ક૦ ૩-૪.)

આઅત્ અઓખ્ત જ઼રથુશ્ત્રો ફ્રોઇત્ મે તત્ નાંમ ફ્રમ્રૂઇધિ અષા-ઉમ્ અહુર મજ઼દ, યત્ તે અસ્તિ મજિશ્તૅમ્ચ, વહિશ્તૅમ્ચ સ્રએશ્તૅમ્ચ, યાસ્કૅરેસ્તૅમૅમ્ચ; વારેથ્રઘ્ન્યોતૅમૅમ્ચ, બએષજ્યોતૅમૅમ્ચ, ત્બએષો-તઉર્વયાંસ્તૅમૅમ્ચ દએવનાંમ્ મષ્યાનાંમ્ચ. યથ અજૅમ્ તઉર્વયેનિ વીસ્પે દએવ મષ્યાંસ્ચ; યથ અજૅમ તઉર્વયેનિ વીસ્પે યાતવો પઇરિ-કાઓસ્ચ; યત્ માંમ્ નઓચિશ તઉર્વયાત્, નોઇત્ દએવો, નએધ મષ્યો, નોઇત્ યાતવો, નએધ પઇરિકાઓ.

ત્યારે જરથોશ્તે કહ્યું કે, અએ અશો હોરમજદ! તારૂં તે નામ કે જે સૌથી મોટું, સૌથી સરસ, સૌથી શ્રેષ્ઠ, સર્વથી અધિક અસરકારક, સર્વથી શ્રેષ્ઠ ફતેહથી મારનાર, સર્વથી શ્રેષ્ઠ તંદોરસ્તી આપનાર, (તથા) દેત્યોની તથા માણસોની ખરાબીને સર્વથી વધુ તોડનાર છે તે નામ (તું) મને જરૂર કહે; જેથી (એટલે જે નામની મદદથી) હું સર્વે દેત્યોને તથા (દુષ્ટ) માણસોને પકડું, જેથી હું સર્વ જાદુગરોને તથા પરીઓને

---

૧. પાપ. ૨. દેત્યોના વડો.

ાહું, કે મને કોઇએ શખ્સ દુઃખ ન દે, ન દૈત્ય કે ન માણસ, ન
ાદુગરો કે ન પરીઓ. (હોરમજદ યશ્ત ફ૦ ૫-૬.)

ચથ્રુદસો દમત્ વીદ્વએશતવો; પન્ચદસ અવનૅમ્ન.

(મારૂં) ચૌદમું (નામ) દુશ્મન વિનાનો; (મારૂં) પંદરમું (નામ)
પજિત (એટલે માર ન ખાતો) (છે.). (હોરમજદ યશ્ત ફ૦ ૮.)

**ત્બએષો-તઉર્વાઓ નાંમ અહ્મિ, હથવન નાંમ અહ્મિ, વીસ્પવન
ાંમ અહ્મિ.**

ખરાબીને તોડનાર નામવાળો હું છું, એકદમ મારનાર નામવાળો
ં છું, સર્વને મારનાર નામવાળો હું છું. (હોરમજદ યશ્ત, ફ૦ ૧૪.)

**યાતુ જી જરથુશ્ત્ર, વનત્ દએવો મશ્યો. કો ન્માન્હે બાધ સ્પિતમ
રથુશ્ત્ર, વીસ્પ દ્રુક્ષ્ જનાઇતિ, વીસ્પ દ્રુક્ષ નાષાઇતિ, યથ હ્રઓનઓઇતિ
ઞએષાંમ્ વચાંમ્. અઓઇ તે અઓઇ તન્વો દધાઇતિ, અઓઇ તે અથઉ-
નૅમ્ જનાઇતિ, અથઉરૂનૅમ યથ રથએશ્તારૅમ, વીસ્પનો અસ્રુશ્તેએ
ષાતનાંમ્ અઓજંઘ્રહ. યો હીમ્ દસ્તે દારનૅમ્, યોઇ હુમ્ન અમેષાઓ
પૅન્તા હુક્ષથ્રા હુધાઓઘ્રહો હમરેથનાંમચિત્.**

હે જરથુશ્ત્ર! જાદુગર તથા દૈત્યની (આસુરી) ચાલચલણનાં માણસ
રૂર મારેલાં તુટેલાં થાય તો સારૂં! હે સ્પીતમાન જરથોશ્ત! તે કયો નર
છે) કે જે, જ્યારે આ (અવસ્તાના) ભણતરો ભણે છે ત્યારે, તેના ઘરમાંથી
રેક દરૂજ[1] જરૂર મારેલો થાય છે, (તથા) દરેક દરૂજ નાશ પામેલો થાય
? દરૂજ (જે) તારાં શરીરની ઉપર હુમલો કરે છે, તથા તારા આથ્રવનને
રે છે-આથ્રવનને તથા રથએશ્તારને. જે નર સારાં ડહાપણવાળા તથા
રાં રાજ્યવાળા અમેશાસ્પંદોને (પોતાના) દુશ્મનોની (સામે) બચાવ
રીકે રાખે છે, તે નર (પોતાનાં) જોરથી દરૂજોની સામે થવાને માટે
રતી રીતે શક્તિવાન છે). (હપ્તન યશ્ત, ફ૦ ૧૧.)

દએવ અપ-દ્રરત; પઇત્યાર અપ-દ્રરત.

હે દૈત્યો! તમે નષ્ટ થાઓ! હે સામે થનારાં તમે નાશ પામો.
(અરદીબહેશ્ત યશ્ત, ફ૦ ૭.)

**યસ્ચ મે અએતએષાંમ્ યત્ બિજનગ્રો-ચિથ્રનાંમ્ યો જનત
એષાંમ્ દએવનાંમ, હજંઘ્રરાઇ હજંઘ્રરો પઇરિ, બએવરાઇ બએવનો**

---
૧. જુઠાઇનો દૈત્ય.

પઇતિ. પઉર્વ-નએમાત પતન દૂયઑશ દએવનાંમ દ્રઑજીશ્તો અંઘ્રો મઇન્યુશ પૉઉરૂ-મહ્રકો.

જે (અષ વહિશ્ત) મારે માટે તે બે પગવાળા (ખરાબ માણસો)ની તોખમનાઓમાંના (તથા) તે દૈત્યોમાંના હજાર ઘણા હજાર (તથા) દશ હજાર ઘણા દશ હજાર મારે છે. (અરદીબહેશ્ત યશ્ત, ક૦ ૧૩.)

અદવત અંઘ્રો મઇન્યુશ પૉઉરૂ-મહ્રકો, આવોય મે બઘ અષ વહિશ્ત યસ્કનાંમ યસ્કોતૅમ જનાત.

પુર મરકીવાળો અંગ્રેમઇન્યુશ[1] ચીરડાઇને (નીચે પ્રમાણે) બોલ્યો:-અફસોસ! મારા દર્દ લાવનારાઓમાંનાં સર્વથી વધુ દર્દ લાવનારાઓને (પણ) અષ વહિશ્ત (નામના ભણતર)નો ભાગ મારી નાખશે. (અરદીબેહશ્ત યશ્ત, ક૦ ૧૪.)

યો અએષાંમ દએવનાંમ હજંઘ્રાઈ હજઘ્રો પઇતિશ, બએવરાઇ બએવનો, અહાંક્તાઇ અહાંક્તયો પઇતિશ, નામેનિ અમેષનાંમ સ્પેન્તનાંમ હઉર્વતાતો જખયોઇત નસૂમ જનત, હષિ જનત, ઘષિ જનત, સએને જનત, બૂજિ જનત.

જે કોઇ આ હજાર ઘણા હજાર, દશ હજાર ઘણા દશ હજાર, તથા અનહદ ઘણા અનહદ દૈત્યોના (હુમલાની સામે થવાને માટે) અમેશાસ્પંદોમાંથી ખોરદાદનાં નામને યાદ કરે તો, (તે નર) નસુશ (દૈત્ય)ને મારે, હષિ (દૈત્ય)ને મારે, ઘષિ (દૈત્ય)ને મારે, સએની (દૈત્ય)ને મારે તથા બૂજિ (દૈત્ય) ને મારે. (ખોરદાદ યશ્ત, ક૦ ૨.)

આઅત મ્રઑાત અહુરો મજદાઑ, યેજિ મે માંથ્રૅમ ફ્રમ્રવ, મરાઑ વા, દ્રૅન્જયાઑ વા, ફ્રા વા મ્રવ કર્ષાઇમ કારયેઇતિ, હઑામ તનૂમ ગઑાજ્ઇતિ. કાંમચિત થ્વાંમચ દુજૅમ્ચ હઇથ્યો-અયનાંમ હૅન્તૂમ, કાંમચિત વા અઇપ્યેએનાંમ હૅન્તૂમ, કાંમચિત વા રએથ્વનાંમ. કાંમચિત થ્વાંમચ દુજૅમચ અઇસ્યાબ્યો પાધ્રએઇબ્યો જનાનિ, થ્વાંમ્ચ દુજૅમ્ચ બન્દામિ, થ્વાંમચ દુજૅમ્ચ નિપ્રે, થ્વાંમચ દુજૅમચ નિજબરૅમ દુજૅમચ.

ત્યારે અહુરમજદે કહ્યું કે જો (કોઇ માણસ) મારાં માંથ્ર મોટે અવાજે બોલે, (તથા તે માંથ્રને) યાદ કરનારો અથવા ભણનારો

૧. દૈત્યોનો વડો સરદાર.

(થાય), અથવા ભણતાં ભણતાં લીટી (કશ) ખેંચે તો, (તે નર) પોતાનાં તનને (દરૂજના હુમલાથી તથા બદીના માર્ગથી) બચાવે છે.

(માણસોને છેતરવાને) જાહેર રીતે આવનારા (દરૂજો)માના તુ કોઇ પણ દરૂજને, છુપી રીતે આવનારા (દરૂજો)માના તું કોઇ પણ દરૂજને, રીમન કરનારા (દરૂજો)માના તુ કોઇ પણ દરૂજને, એરીઅન[1] (લોકોની) જગાઓમાંથી હું મારી કાઢીશ; તુ દરૂજને હું સાંકળથી બાંધીશ, તુ દરૂજને હું મારીશ, (તુ) દરૂજને હું બહાર કાઢીશ.

(ખોરદાદ યશ્ત, ફ૦ ૪-૫.)

યજાઇ અવે સ્ત્રેઉશ્ યાં હપ્તોઇરિંગ, પઇતિશ્તાતેએ યાથ્વાંમ પઇરિકનાંમચ.

જાદુગરો તથા પરીઓની સામે થવાને માટે, આ તારા જે હપ્તોઇરીંગ (તેમ)ને હું યાદ કરૂં છું. (તીર યશ્ત, ફ૦ ૧૨.)

હાંમ-તાચિત-બાજુશ્ બરતો, સ્પિતમ જરથુશ્ત્ર, તિશ્ત્રયસ્ચ રએવાઑ ખ્શ્રૅનંઘ્રઉહાઑ દએવસ્ચ યો અપઑષો. તાઑ યૂઇદ્યથો, સ્પિતમ જરથુશ્ત્ર, થ્રિ-અયરૅમ્ થ્રિ-ક્ષપરૅમ. આદિમ્ બવઇતિ અઇવિ-અઑજાઑ, આદિમ્ બવઇતિ અઇવિ-વન્યાઑ દએવો યો અપઑષો તિશ્ત્રીમ્ રએવન્તૅમ ખ્શ્રૅનંઘ્રઉહન્તૅમ. અપ દિમ્ અધાત્ વ્યેઇતિ જ્રયંઘ્રહત્ હચ વૉઉરૂકષાત્, હાથ્રો-મસંઘ્રહૅમ અધ્વનૅમ.

(પછી) હે સ્પીત્માન જરથુશ્ત્ર! ચળકતો (અને) ખોરેહવાળો તેશ્તર તથા અપઓશ (નામનો) દૈત્ય પોતાની બાજુ એક બીજાને અથડાવીને વળગી પડે છે. હે સ્પીતમાન જરથુશ્ત્ર! તે બન્ને ત્રણ દહાડા અને ત્રણ રાત સુધી લઢે છે; અપઓશ (નામનો) જે દૈત્ય (તે) ચળકાટવાળા (તથા) ખોરેહવાળા તેશ્તર ઉપર ફાવીને જીતે છે, (અને) ત્યાંથી (એટલે) વોઉરૂ-કશ દરીઆમાંથી એક ફરસંગ[2] જેટલાં લાંબા રસ્તા સુધી તેને હાંકી કાઢે છે. (તીર યશ્ત, ફ૦ ૨૨.)

હાંમ-તાચિત-બાજુશ્ બરતો, સ્પિતમ જરથુશ્ત્ર, તિશ્ત્રયસ્ચ રએવાઑ ખ્શ્રૅનંઘ્રઉહાઑ દએવસ્ચ યો અપઑષો. તાઑ યૂઇદ્યથો, જરથુશ્ત્ર, આ રપિથ્વનૅમ્ જ્રૂવાનૅમ. આદિમ્ બવઇતિ અઇવિ અઑ-

---

૧. આર્ય અથવા ઈરાની એટલે અસલ સુધરેલા અને અમીરી સ્વભાવના.

૨. છેટાઈ ભરવાનું માપ.

જાઓ, આદિમ્ બવઇતિ અઇવિ-વન્યાઓ તિશ્ત્ર્યો રએવાઓ ખરેનં-ઘ્રુઉહાઓ દએઉમ્ યિમ અપઓષેમ્ અપ દિમ્ અધાલ્ વયેઇતિ જર-યંઘ્રહલ્ હુચ વૉઉરૂ-કષાલ્, હાથ્રો-મસંઘ્રહેમ્ અધ્વનેમ્.

હે સ્પેતમાન જરથોશ્ત! ચળકતો (તથા) ખોરેહવાળો તેશ્તર (તથા) અપઓશ (નામનો) દૈત્ય પોતાની બાજુ એક બીજાને અથડાવીને વળગી પડે છે. હે જરથોશ્ત! તે બન્ને બપોરના વખત સુધી લઢે છે. ચળકાટવાળો (તથા) ખોરેહવાળો તેશ્તર અપઓશ (નામના) દૈત્યની ઉપર ફાવીને જીત મેળવે છે (અને) ત્યાંથી (એટલે) વોઉરૂ-કશ દરીઆમાંથી એક ફરસંગ જેટલા લાંબા રસ્તા સુધી તેને હાંકી કાઢે છે.

(તીર યશ્ત, ફ૦ ૨૮.)

તિશ્ત્રીમ્ સ્તારેમ્ રએવન્તૅમ્ ખરેનંઘ્રુઉહન્તૅમ્ યજમઇદ; યો પઇરિકાઓ તઉર્વયેઇતિ, યો પઇરિકાઓ તિતારયેઇતિ, યાઓ ઉજાઓઘ્રહલ્ અંઘ્રો મઇન્યુશ્ મમનુશ, સ્તારાંમ્ અફ્રશ-ચિથ્રનાંમ્ વીસ્પનાંમ્ પઇતિ-ઍરેતેએ.

ચળકાટવાળા (તથા) ખોરેહવાળા તેશ્તર તારાને અમે યાદ કર્યે છીએ, જે (તેશ્તર) પરીઓને તોડે છે (તથા) જે પરીઓને ટાળે છે, કે જે (પરી)ઓને અહરેમને જાણી જોઇને પાણીનું બીજ રાખનારા સર્વ તારાઓની સામે થવાને માટે ઉભી કીધી. (તીર યશ્ત, ફ૦ ૩૯.)

અવંઘ્રહાઓ પઇરિકયાઓ પઇતિશ્તાતયએચ, પઇતિસ્ચપ્તયએચ, પઇતિતરેતયએચ, પઇત્યઓગેત્ હ્બએષઘ્રાઇચ, યા દુજ્યાઇર્ય, યાંમ્ મશ્યાક અવિ દુજ્વચંઘ્રહો હુયાઇર્યાંમ્ નાંમ અઓજઇતે.

આ દુજયાઇરય નામની (પરી), જેને દુષ્ટ માણસો હુયાઇરયને નામે ઓળખે છે (તે) પરીની સામે થવાને માટે, (તેનો) નાશ કરવાને માટે, (તેને) હાંકી કાઢવાને માટે, (તથા) (તેની) ખરાબીને અટકાવવાને માટે (મેં તેશ્તરને મારા જેવોજ ઇજશ્ને (યજ્ઞ) તથા આરાધનાને લાયક સૃજ્યો). (તીર યશ્ત, ફ૦ ૫૧.)

તિશ્ત્રયો જી રએવાઓ ખરેનંઘ્રુઉહાઓ અવાંમ્ પઇરિકાંમ્ આદ-રેંજયેઇતિ, બિબ્દાઇશ્ચ, થ્રિબ્દાઇશ્ચ, અવનેમ્નાઇશ્ચ, વીસ્પબ્દાઇશ્ચ.

પણ ચળકાટવાળો (તથા) ખોરેહવાળો તેશ્તર તે (દુજયાઇરય) (નામની) પરીને બે બેડીથી, ત્રણ બેડીથી તથા (તે) (કોઇની ઉપર) ફાવી ન શકે એવી સઘળી બેડીઓથી બાંધે છે. (તીર યશ્ત, ફ૦ ૫૫.)

દજદિ મે, વંઘ્નઉહિ સૅવિશ્તે દ્રવાસ્પે, તત્ આયપ્તૅમ, યત્ બવાનિ અઇવિ-વન્યાઓ વીસ્પે દએવ માજઇન્ય, યથ અજૅમ નોઇત્ તર્શ્તો ફ્રાનૅમાને થ્વએષાત્ પરો દએવએઇબ્યો, ફ્રા અહ્માત્ પરો, વીસ્પે દએવ અનુસો તર્શ્ત નૅમાઓન્તે, તર્શ્ત તૅમંઘ્નહો દ્રશાઓન્તે.

(હોશંગ પાદશાહે વર માંગ્યો કે) હે ભલી (તથા) ઘણોજ ફાયદો કરનારી દ્રવાસ્પ! (તુ) મને આ મુરાદ આપ, તે એકે માજનદરાનના સર્વ દેત્યોનો (હું) પરાજય કરનાર થાવું, વળી દેત્યોની આગળથી ધાસ્તીથી ડરીને (તેમને) હું ન નમું, (પણ) એથી ઉલટું, સઘળા દેત્યો પોતાની મરજી ઉપરાંત ડરીને (મને) નમે (તથા) ડરીને અંધારામાં દોડી જાય. (ગોશ યશ્ત, ફ૦ ૪.)

દજદિ મે વંઘ્નઉહિ સૅવિશ્તે દ્રવાસ્પે તત્ આયપ્તૅમ, યત બવાનિ અઇવિ-વન્યાઓ અજીમ દહાકૅમ થ્રિજફ્નૅમ, થ્રિકમૅરૅધૅમ, ક્ષ્વશ-અષીમ, હજંઘ્નર-યઓક્તીમ, અષ્-અઓજંઘ્નહૅમ, દએવીમ દ્રુજૅમ, અઘૅમ ગએથાવ્યો દ્રવન્તૅમ, યાંમ અષ્-અઓજસ્તૅમાંમ દ્રુજૅમ ફ્રચ કૅરૅન્તત્ અંઘ્નરો મઇન્યુશ.

(ફરેદુને વર માંગ્યો કે) હે ભલી (તથા) ઘણોજ લાભ કરનારી દ્રવાસ્પ! (તુ) મને આ વર આપ, કે જેથી કરીને ત્રણ મોઢાંના, ત્રણ માંથાના, છ આંખના, હજાર યુક્તિવાળા, પુષ્કળ બળવાન, દેત્યને લગતો દરૂજ (તથા) (જે) (આ) દેશોને માટે નુકશાન પહોંચાડનાર દરવંદ (જે) ઝુહાક (તે)ને હરાવનાર હું થાવું, જે (ને ઝુહાક)ને દરૂજ તરીકે અંગ્રેમઇન્યુશે સરજ્યો. (ગોશ યશ્ત. ફ૦ ૧૪.)

દજદિ મે વંઘ્નઉહિ સૅવિશ્તે દ્રવાસ્પે તત્ આયપ્તૅમ, યથ અજૅમ બન્દયેનિ મઇરીમ તૂઇરીમ ફ્રંઘ્રસ્યાનૅમ, ઉત બસ્તૅમ વાદ્રયેનિ, ઉત બસ્તૅમ ઉપનયેનિ બસ્તૅમ કવોઇશ હુઓસ્રવંઘ્નહે, જનાત્ તૅમ કવ હુઓસ્રવ, પસ્ને વરોઇશ ચએચિસ્તહે જફ્રહે ઉર્વ્યાપહે, પુથ્રો કએન સ્યાવર્ષાનાઇ જુરો-જતહે, નરહે અઘ્રએરથહેચ નરવહે.

(હોમે વર માંગ્યો કે) હે ભલી (તથા) ઘણીજ લાભ કરનારી દ્રવાસ્પ! તુ મને આ વર દે, તે એ કે ખુની (અથવા ઘાતકી) તુરાની અફ્રાસીઆબને હું બાંધું, તથા બાંધીને ચલાવું, તથા બાંધીને કેખશરૂ (પાદશાહ) આગળ લઇ જાવું, (જેથી) કેખશરૂ (પાદશાહ) ઉંડા

(તથા) બોહળા પાણીવાળા ચએચસ્ત નામના સરોવરની પેલી પાર, તેને જુલમથી માર્યા ગયેલા (પોતાના બાપ) સ્યાવક્ષના વેરમાં તથા નરૂ ખાનદાનના શૂરા અગ્રેરસના વેરમાં મારે. (ગોશ યશ્ત, ક૦ ૧૮.)

દજદિ મે વંઘ્નઉહિ સૅવિશ્તે દ્રુવાસ્પે તત્ આયપ્તૅમ્, યથ અજાનિ પેષને અશત અઉર્વ્‌ન્તો, વીસ્પ-થઉરૂવો-અસ્તોઇશ્, પુથ્રો વીસ્પ-થઉરૂવો, ઉરૂવિ-ખઑધો, ઉરૂવિ-વૅરૅથ્રો, સ્તવી-મનોથ્રીશ્, યેંઘ્નહે હપ્તસત ઉશ્ત્રનાંમ્ જઇન્યાવરત્, પસ્ચ ખ્રીથ્રહે યથ અજાનિ પેષને મઇર્યેહે ખ્યઓનહે અરેજત્-અસ્પહે, યથ યજાનિ પેષને દરૂપિનિકહે દએવયસ્નહે.

ઉત અજૅમ્ નિજનાનિ તાંથ્રવન્તૅમ્ દુજ્દએનૅમ્, ઉત અજૅમ્ નિજનાનિ સ્પિનજઉરૂશ્કૅમ્ દએવયસ્નૅમ્, ઉત અજૅમ્ ફ્રઑઉર્વએસયેનિ હુમય વરેધકનાંમચ, ખ્યઑન્યેહેચ દંઘ્નહાઑ, ઉત અજૅમ્ નિજનાનિ ખ્યઑનિનાંમ્ દખ્યુનાંમ્, પન્ચસઘ્નાઇ સતઘ્નાઇશ્ચ, સતઘ્નાઇ હજંઘ્રઘ્નાઇશ્ચ, હજંઘ્રઘ્નાઇ બએવરૅઘ્નાઇશ્ચ, બએવરૅઘ્નાઇ અહાંક્તઘ્નાઇશ્ચ.

(કએ વીશતાસ્પે મુરાદ માંગી કે) હે ભલી (તથા) ઘણીજ લાભ કરનારી દ્રવાસ્પ! (તુ) મને આ મુરાદ આપ, તે એ કે લડાઇમાં (નીચે જણાવેલા) આઠ પેહલવાનોને હું નહસાડું:—(૧) વીસ્પ-થઉર્વો-ચસ્તિ, (૨) વીસ્પ થઉર્વનો છોકરો, (૩) ઉર્વિ-ખઓધ, (૪) ઉર્વિ-વરેથ્ર, (૫) સ્તવી-મનોથ્રી, જેના સાતસો ઉંઠ તેની પુઠે ચાલે છે, ત્યાર પછી, (૬) ઉશ્કેરાયલા (તથા) ખુની ખ્યઑન (તથા) (૭) અરજાસ્પને હું નહસાડું, તેમજ લડાઇમાં, (૮) મુર્તિ પૂજક દરૂપિનિકને (પણ) હું નહસાડું.

વળી ખરાબ દીનવાળા તાંથ્રવન્તને હું મારૂં, (તથા) મુર્તિ પૂજક સ્પિન્જઉરૂશ્કને હું મારૂં, તથા વૅરેધક તથા ખ્યઑનના દેશોમાં સારા નીયમો (અથવા સારી દાનાઇભરેલી રીતો) હું દાખલ કરૂં. વળી ખ્યઓનિ દેશોના (માણસોને) પચાસથી સો ઘણા, સોથી હજાર ઘણા, હજારથી દશ હજાર ઘણા, દશ હજારથી અગણિત ઘણા હું મારૂં.

(ગોશ યશ્ત, ક૦ ૩૦-૩૧.)

ઇમત્ચ, જરથુશ્ત્ર, ઇમિત્ ઉખ્ધૅમ્ વચો ફ્રગ્રાયાઑ, યત્ આ-જસાત્, કૅરૅસસ્ચ, ગધોતૂશ્ચ, દએવેશ્ચ હુનદ્દવરેમન; આઅત્ દ્રુવતાંમ્ દએવયસ્નનાંમ્, યાતૂશ્ચ યાતુમતાંમ્, પઇરિકાઑસ્ચ પઇરિકવતાંમ્

ત્બએષો ક્રતૅરૅસાંન્ ક્રદ્દવરાંન્, ન્યઑન્ચો દએવ, ન્યાઑન્ચો દએવ-યાજો, જફરે અવ-ગેઉર્વયાંન્ અથ શરેષ્યન્તો.

આજ (મન્ત્ર), હે જરથોશ્ત! ભણતરનો એજ મન્ત્ર (એટલે અહુનવર) તારે ભણવો જોઇએ, (કે જેથી) જ્યારે ધર્મના શત્રુઓ તથા ચોરોનું ટોળું, તથા દેત્યો ભેગા દોડીને આવી પહોંચે, (તથા) જ્યારે દરવંદોની તથા દેત્યને પૂંજનારાઓની ખરાબી, (તથા) જાદુગરો, (અને) જાદુગરને લગતાઓમાંનો (કોઇ પણ), તથા પરીઓ (અને) પરીને લગતાઓમાનો (કોઇ પણ) (તને, હે જરથોશ્ત!) બીહવડાવે (તથા) (તારી) આગળ દોડી આવે (ત્યારે), (તે મન્ત્ર ભણવાથી) દેત્યો નાશ પામનારા (થાય છે), દેત્યને પુજનારા નાશ પામનારા (થાય છે), (તથા) એ પ્રમાણે જખમ કરનારાઓનાં મોઢાં બંધ થઇ જાય છે.

(સરોશ હાદોખ્ત, ફ૦ ૯.)

યો વનનો કયધહે, યો વનનો કાઇધ્યેહે, યો જન્ત દએવયાઓ દ્રુજો, અશ-અઓજંઘ્રહો અહ્રૂમ-મૅરૅન્ચો.

જે (એટલે સરોશ યજદ) દુષ્ટ માણસને મારનારો (છે), જે દુષ્ટ માણસને લગતાને મારનારો (છે), જે (સરોષ યજદ) ઘણીજ જોરાવર (તથા) દુનિયાને ખરાબ કરનાર (એવી) દેત્ય (રાક્ષસીની) દરૂજને મારનાર (છે).

(સરોશ હાદોખ્ત, ફ૦ ૧૦.)

યો વીસ્પાઇશ્ અયાંન્ચ ક્ષફ્નસ્ચ યૂઇધ્યેઇતિ માજન્યએઇબ્યો હધ દએવએઇબ્યો. હો નોઇત્ તરૃશ્તો ક્રનામઇતે થ્વએષાત્ પરો દએવએઇબ્યો; ફ્રા અહ્માત્ પરો વીસ્પે દએવ અનુસો તરૃશ્ત નૅમૅન્તે, તરૃશ્ત તૅમંઘ્રહો દ્રવૅન્તે.

જે (એટલે સરોષ યજદ) દર દિવસ તથા રાતે માજનદરાનના દેત્યોની સાથે લઢે છે. તે (સરોષ યજદ) દેત્યોના ભયથી ડરીને (તેમને) નમતો નથી; (પણ) એથી ઉલટું સઘળા દેત્યો પોતાની મરજી ઉપરાંત ડરીને (તેને) નમે છે, તથા ડરીને અંધારામાં ધસી જાય છે.

(સરોશ હાદોખ્ત, ફ૦ ૧૨-૧૩.)

વીસ્પાઓ સ્રઓષહે અષ્યેહે તખ્મહે તનુ-માંથ્રહે, તખ્મહે હાંમવરેતિવતો, બાજુશ્-અઓજંઘ્રહો, રથએશ્તાઓ કમરૅધો-જનો દએવનાંમ્, વનતો વનઇતીશ્ વનઇતિવતો, અષઓનો વનતો વનઇતીશ્

વનઇન્તીમચ ઉપરતાતૅમ્ યજમઇદે, યાંમચ સ્રઑષહે અષ્યેહે, યાંમચ અરૂશ્તોઇશ યજતહે.

બળવાન, માંથ્રનાં તનવાળા,[1] જોરવાળા, રક્ષા કરનાર, જોરાવર બાજુવાળા, લડવૈયા (તથા) દેત્યોનાં માથાં ઉપર મારનારા અષો સરોષ યજદની સર્વે (જીતો)ને (અમે વખાણયે છીએ); ફટકો મારનારા (તથા) જીતીને મારનાર અશો (સરોષ યજદ)ની જીતોને (અમે વખાણયે છીએ); સર્વથી મોટી જીત જે અશો સરોશ (યજદ)ની તથા જે આશ્તાદ યજદની (તેની) અમે સ્તુતી કર્યે છીએ.

(સરોશ હાદોખ્ત, ફ૦ ૧૯.)

પસ્ચ હૂ-ફ્રાબ્દો-દ્દાઇતીમ્, યો અઍષેમેમ્ સ્તૅરેથ્વત સ્નઇથિષ વીખ્રૂમન્તૅમ ખ્રૅમ જઇન્તિ; અતચ હે બાધ કમૅરેધેમ્ જઘ્નવાઓ પઇતિ ખ્નઘ્નહયેઇતિ, યથ અઑજાઓ નાઇધ્યાઁઘ્નહૅમ.

(વળી) જે (સરોશ યજદ) બામદાદનાં ઝળકળાંના સમયથી પોહળાં હથીઆરથી એશમ (દૈત્ય)ને સખત જખમ કરે છે, (તથા) (જે માણસ) એ પ્રમાણે (તેનાં) જોરને તુચ્છકારી કાઢે છે, તેના માથાં ઉપર મારીને (તે માંથાને) જરૂર ભાજી નાંખે છે.

(સરોશ યશ્ત વડી, ક૦ ૪, ફ૦ ૧૦.)

દૂરાત હચ અહ્માત્ ન્માનાત, દૂરાત હચ અંઘ્રહાત વીસત, દૂરાત હચ અહ્માત જન્તઑત, દૂરાત હચ અંઘ્રહાત દંઘ્રહઑત, અઘાઓ ઇથ્યેજાઓ વોઇધ્નાઓ યેઇન્તિ; યેંઘ્રહે ન્માનય સ્રઑષો અષ્યો વૅરેથ્રજાઑ, થ્રાંફ્ધો અરિત પઇતિ-જન્તો; નાચ અષવ, ફ્રાયો હુમતો, ફ્રાયો હૂખ્તો, ફ્રાયો હ્વરૂશ્તો.

જે (નર)નાં ઘરમાં અશો, ફ્ત્તેહમંદ તથા તૃપ્ત થયેલો સરોશ (યજદ) સત્કાર પામેલો હોય છે, તથા (જે નરના ઘરમાં) વધારે નેક મનશ્નીવાળો, વધારે નેક સખુનવાળો, (તથા) વધારે નેક કાર્ય કરનારો અશો માણસ હોય છે તે ઘરમાંથી, તે મોહલ્લામાંથી, તે કસ્બામાંથી, (તથા) (તે) દેશમાંથી દુષ્ટ (તથા) નાશકારક અડચણો વેગળી જાય છે. (સરોશ યશ્ત વડી, ક૦ ૬, ફ૦ ૧૪.)

યેંઘ્રહે અહુનો વઇર્યો સ્નઇથિશ વીસત વૅરેથ્રજાઑ, યસ્નસચ

૧. એટલે જેનું તન માથ્રવાણી (મન્ત્રો)નું જ બન્યું છે.

હુપ્તંઘ્નહાઇતિશ, ફ્રષુષસ્ય માંથ્રો યો વાર્ઁથ્રઘ્નિશ્ વીસ્પાઓસ્ચ યસ્નો-કૅર્તયો.

જેનું (સરોશ યજદનું) જીતનાર હથીઆર (થઇ રેહવાને) અહુન-વરે તથા હુપ્તન યશ્તે તથા જીતનાર ફ્રષુષ માંથ્રવાણીએ, તથા યજશ્નેના સર્વે ફકરાઓએ સ્વિકાર્યું હતું. (સરોશ યશ્ત, ક૦.૯, ફ૦ ૨૨.)

પઇરિ દ્રવતત્ મહ્ર્કાત્, પઇરિ દ્રવતત્ અએષ્માત્, પઇરિ દ્રવઇતિબ્યો હએનેબ્યો. યાઓ ઉસ્ ધ્રૂરેમ, દ્રફ્શેમ ગૅર્વનાંન, અએષ્મહે પરો દ્રઓમેબ્યો, યાઓ અએષ્મો દુજ્દાઓ દ્રાવયાત્ મત્ વીદાતઓત્ દએવો-દાતાત્. અધ નો તૂમ, સ્રઓષ અષ્ય હુરઓધ, જાવરે દયાઓ હિતએઇબ્યો, દ્રવતાતેમ્ તનુબ્યો, પૅઉરુ-સ્પક્તીમ્ ત્બિષયન્તાંમ્, પઇતિ-જઇતીમ્ દુશમઇન્યુનાંમ્, હથ્રા-નિવાઇતીમ્ હમેરેથનાંમ્ અઉર્વથનાંમ્ ત્બિષ્યન્તાંમ્.

ધસી આવનારાં મોતથી, ધસી આવનારાં એશમ[1] (દૈત્ય)થી, ધસી આવનારા સૈન્યો[2]થી, (હે અષો સરોશ યજદ! તુ અમારી રક્ષા કરજે), જે (લશ્કરોએ) ઘાતકી વાવટો ઉંચે પકડયો. એશમ (દૈત્ય)ના હુમલાથી (તુ અમારી રક્ષા કરજે); જે (લશ્કરો)ને ખરાબ જાણનારા એશમે (દૈત્યે) આપેલાં મોત સાથે દોડાવ્યાં. હે ખુબસુરત અષો સરોશ (યજદ)! અત્રે તુ અમારા ઘોડાઓને સારૂં જોર આપ, તનને માટે મજબુતી, અદેખાઓનો પુરતી રીતે પરાજય કરવો, વેરીઓની સામે મારવું, અદેખા (તથા) સાથે લડનારા વેરીઓને નીચે તોડી પાડવા માટે જોર (એ સઘળું) (હે સરોશ યજદ! તુ અમને આપ.)

(સરોશ યશ્ત વડી, ક૦ ૧૦, ફ૦ ૨૫-૨૬.)

યો આથ્રિતીમ્, હમહે અયાંન, હમયાઓ વા ક્ષપો, દમત્ કર્ષ્વરે અવજાઇતિ, યત્ ખ્નિરથેમ્ બામીમ્, સ્નઇથિશ્ જસ્તય દ્રજેમ્નો, બરોઇથ્રો-તએજેમ, હુવાવએઘેમ્ કમેરેધે પઇતિ દએવનાંમ્. સ્નથાઇ અંઘ્રહે મઇન્યેઉશ્ દ્રવતો, સ્નથાઇ અએષ્મહે ખ્રૂવી-દ્રઓશ, સ્નથાઇ માજઇન્યનાંમ્ દએવનાંમ્, સ્નથાઇ વીસ્પનાંમ્ દએવનાંમ્.

જે (સરોશ યજદ) દૈત્યોનાં માથાં ઉપર, (મારવાનુ) તીક્ષણ, કાપી નાખે એવું (તથા) જોરથી ફટકો વાગે તેવું હથીઆર પોતાના હાથમાં પકડીને, આ ભુમી જે ચળકતું ખ્નિરથ[3] (તે) તરફ દુષ્ટ

૧. ક્રોધના. ૨. લશ્કરો. ૩. પૃથ્વિ.

અંગ્રેમઇન્યુશને મારવાને માટે, ભયંકર હથીઆરવાળા એશમને મારવાને માટે, માજનદરાનના દેત્યોને મારવાને કાજે (તથા) સર્વે દેત્યોને મારવાને સારૂં દર દિવસના તથા દર રાતે ત્રણ વખત આવે છે.

(સરોશ યશ્ત વડી, ક૦ ૧૨, ફ૦ ૩૧.)

આઅત્ ત્અએષાઑ તઉર્વયેનિ વીસ્પનાંમ્ ત્અએષવતાંમ્ ત્અએષાઑ દએવનાંમ્ મશ્યાનાંમચ, યાથ્વાંમ પઇરિકનાંમચ, સાથ્રાંમ કઑયાંમ્ કરફ્નાંમચ.

(બેહરામ યજદ કહે છે કે) ત્યારે સર્વે દુઃખ દેનારાઓની ખરાબીઓને, (તથા) દેત્યોની, માણસોની, જાદુગરોની, પરીઓની, જુલમગારોની, કીકોની તથા કરપોની ખરાબીઓને હું તોડીશ.

(બેહરામ યશ્ત, ફ૦ ૪.)

અહ્માઇ પુખ્ધો આજસત્ વર્ઘ્નો વૅરૅથ્રઘ્નો અહુરધાતો, હુકેહર્પ વરાજહે, પઇતિ ઍરૅનો, તિઘ્રિ-દાંસ્ત્રહે, અરૃનો, તિઘ્રિ-અસુરહે. હુકૅરૅત્-જનો વરાજહે, અનુ-પોઇથ્વહે, ગ્રન્તહે, પરૃનિકહે, તખ્મહે. ધૃખ્ત્રહે, પાઇરિ-વાજહે.

(જે માનવી બેહરામ યજદને પુજીને તેની સહાયતા માગે) તેને માટે, પાંચમી વખતે (તે) અહુરમજદનો સરજેલો બેહરામ (યજદ) સાંમે થનારા (અથવા હુમલો કરનારા), તીક્ષણ દાંતવાળા, બહાદુર, તીક્ષણ ખરીવાળા, ઝટ મારનાર, મધ્યમ ચરબીવાળા, ગુસ્સે થએલા, લશકરને મારનાર, બળવાન, મજબુત બાંધાના, આસપાસ જનારાં ભુંડનાં સારાં શરીરમાં ચાલીને જાય છે. (બહેરામ યશ્ત, ફ૦ ૧૫)

અહ્માઇ દસૅમો આજસત્ વર્ઘ્નો વૅરૅથ્રઘ્નો અહુરધાતો, વીરહે કેહ્ર્પ રએવતો, શ્રીરહે, મજદધાતહે અરત કરૅતૅમ, જરન્યો-સઑરૅમ, ફ્રપિક્તૅમ, વીસ્પો-પએસંઘ્હૅમ.

(જે નર બેહરામ યજદને પૂજીને તેની મદદ માગે) તેને માટે, દશમાં વખતે (તે) અહુરમજદનો પેદા કરેલો બેહરામ (યજદ) પ્રકાશીત (અથવા ધનાઢય), સોહામણા, (તથા) સોનાની મૂઠ સાથની, પેચવાળી, (અને) તમામ સઘળા શૃણગાર સાથની તલવાર રાખનાર અહુરમજદના સરજેલા, વીર પુરૂષના શરીરમાં[1] ચાલીને જાય છે.

(બહેરામ યશ્ત, ફ૦ ૨૭.)

૧. વીરાનું શરીર ધારણ કરીને.

આઅત્ અ્મૉત્ અહુરો મજ્દાઓ, મેંરઘહે પેષો-પરેનહે વારે-ન્જનહે પૅરૅનમ્ અયસએષ, સ્પિતમ જરથુશ્ત્ર.....ઉપસ્તાંમ્ મૅરઘહે પરૅનો મૅરઘનાંમ્. તાઓ અહુરો સાસ્ત્રનાંમ્ હંઘ્રહુ-પઇતિશ, નોઇત્ સતૅમ જઇન્તિ વીરજ, નોઇત્ હુકૅરૅત્ જઇન્તિ, વએસએપ ઓઇમ્ જઇન્તિ, ફ્ષ અએઇતિ. વીસ્પે તૅરૅસૅન્તિ પૅરૅનિને, અવથ માવયચિત્ તનુયે, વીસ્પે તૅરૅસૅન્તિ અઉર્વથ, વીસ્પે તૅરૅસૅન્તિ દુશ્મઇન્યુશ, અમૅમચ વૅરૅથ્રઘ્નૅમચ, નિધાતૅમચ તનુયે મનો. યિમ્ વષાઓન્તે અહુરાઆંઘ્રહો, વષાઓન્તે આહૂઇર્યાઆંઘ્રહો, વષાઓન્તે હઓસ્રવંઘ્રહનો; તૅમ્ વષત કવ ઉસ.

ત્યારે અહુરમજદે કહ્યું કે, હે સ્પેતમાન જરથોશ્ત! પાંખ ફફડાવતાં પેષો-પરેન (નામના) પક્ષીનાં પીછાં તારે શોધવાં જોઇએ.........પક્ષીઓમાંના (તે) પક્ષીનું પીછ (તે રાખનારને) મદદ (કરે છે). રાજ્યકર્ત્તાઓનો વડો, (અથવા) દેશનો ધણી (અથવા) સો યોદ્ધાઓને મારનાર (પણ), તેમને (એટલે ઉપર જણાવેલાં પક્ષીને) ઝટ મારી શકતો નથી; તે (પક્ષી) એખલું તે બધાઓને મારે છે (તથા) (તેઓની ઉપર) સરસાઇ ભોગવે છે. જેમ મારેથી (ડરે છે) (તેમ) સઘળાઓ (તે) પીછ રાખનારથી બીહે છે; (તે પીછની બલીહારીથી) (તેનામાં જે) હિમ્મત, જીત, (તથા તેનાં) તનમાં (જે) મન શક્તિ મુકવામાં આવેલી (છે, તેથી) તેના સર્વે વેરીઓ તેનેથી બીહે છે, (તથા) તેના સઘળા શત્રુઓ તેનેથી બીહે છે. જેને (એટલે તે પ્રભાવવાળાં પક્ષીને અથવા તે પક્ષીનું પીછ રાખનારને) સરદારો મદદે બોલાવે છે. સરદારને લગતા મદદે બોલાવે છે, (તથા જેને) કેખશરૂ (શાહ)ના કુળવાળાઓએ મદદે બોલાવ્યું. તે (પક્ષી)ને કેકાઉસ (શાહે) મદદે બોલાવ્યું.

(બહેરામ યશ્ત, ફ૦ ૩૫, ૩૬, ૩૭, ૩૮.)

આઅત્ અ્મૉત્ અહુરો મજ્દાઓ, યત્ સ્પાધ હનજસાઓન્તે, સ્પિતમ જરથુશ્ત્ર, રશ્તૅમ્ રસ્મ. કતરસચિત્ વિશ્તાઆંઘ્રહો અહ્વ્મ્ય નોઇત વન્યાઓન્તે, જતાઆંઘ્રહો અહ્વ્મ્ય નોઇત્ જન્યાઓન્તે. યતંઘ્રરો પૅરૅનાઓ વીધારયોઇશ અવિ પથાંમ્ કતરસચિત્ યતારો પૉઉરૂવો ફ્રાયજાઇતે, અમો હુતશ્તો હુરઓધો, વૅરૅથ્રઘ્નો અહુરધાતો, અતારો વૅરૅથ્ર હચઇતે. અમૅમચ વૅરૅથ્રઘ્નૅમચ આફ્રીનામિ, દ્વ પાતાર, દ્વ નિપાતાર, દ્વ નિશ્હરેતાર, દ્વ અઘ્ઞઓર્જન, દ્વ વિધ્વઓર્જન, દ્વ ફ્રધ્વઓર્જન, દ્વ અમરૅર્જન, દ્વ વીમરૅર્જન, દ્વ ફ્રમરેર્જન.

ત્યારે અહુરમજદે જવાબ વાળ્યો કે, હે સ્પીતમાન જરથુશ્ત્ર! જે જગ્યાએ બરાબર ખેંચેલી હારો સાથે લશ્કરો એક બીજા સામે મળે, (તે જગ્યાએ બેહરામ યજદનું સ્મરણ કરવામાં આવે છે તથા તેની સ્તુતિ કરવામાં આવે છે.) કોઇ પણ લડાયક એ (લડાઇ) માં માર ખાતા નથી, (તથા) મારનારાઓ (પણ) એ (લડાઇ) માં માર ખાતા નથી. રસ્તામાં (તે પ્રભાવવાળું) પીછ તારે હાથમાં ધરવું જોઇએ. બે (લશ્કર) માંથી જે પ્રથમ (બેહરામ યજદને) પૂંજે છે તેની તરફ, સુંદર બનાવેલો (તથા) ખુબસુરત અમ (હિમ્મત આપનાર ફરેશ્તો) (તથા) અહુરમજદનો સરજેલો બેહરામ જીતીને પુઠે ચાલે છે. અમ (ફરેશ્તો) તથા બેહરામ (જે) બે બચાવનાર, બે રક્ષણ કરનાર, (તથા) બે રક્ષા આપનાર (તેમ) ને હું વખાણું છું. (તે) બે (અમ ફરેશ્તો તથા બેહરામ યજદ) (દુશ્મનોને) આગળથી હઠાવી કાઢે છે; (તે) બે (દુશ્મનોને) બાજુએથી હઠાવી કાઢે છે; (તે) બે (દુશ્મનોને) પછવાડેથી હઠાવી કાઢે છે; (તે) બે (ફરેશ્તા) (દુશ્મનોને) આગળથી સાફ કરી નાખે છે; (તે) બે (દુશ્મનોને) બાજુએથી સાફ કરી નાખે છે; (તે) બે (દુશ્મનોને) પાછળથી સાફ કરી નાખે છે. (એટલે અમ ફરેશ્તો તથા બેહરામ યજદ સઘળી દીશાથી આવતા દુશ્મનોનો તદન નાશ કરી નાખે છે.) (બહેરામ યશ્ત, ક૦ ૪૩-૪૪-૪૫.)

અએતએચ તે વાચો યોઇ ઉગ્ર આસ, દૅરૅજ્રર આસ, ઉગ્ર આસ, વ્યાખઇને આસ, ઉગ્ર આસ, વૅરૅથ્રઘ્ને આસ, ઉગ્ર આસ, અએષજય આસ, અએતએચ તે વાચો યોઇ પૅષૅમચિત્ સારૅમ બુન-જઇન્તિ, ઉજ્ગૅરૅપ્તૅમચિત્ સ્નથૅમ્ અપષ અપ-ખ્રન્વઇન્તિ.

(હે જરથુશ્ત્ર!)[1] તે વચનો તારે માટે (છે). જે (વચનો) પ્રભાવ-વાળા છે (તથા) હિમ્મત આપનારા છે; (તે મન્ત્રો) સભામાં બેસનારને માટે પ્રભાવવાળા છે, (તે મન્ત્રો) જીતને માટે પ્રભાવવાળા છે; જોર આપનારા (તથા) તંદોરસ્તી આપનારા છે. (હે જરથુશ્ત્ર!) તે વચનો તારે માટે (છે), કે જે પાપી માથાંને પવીત્ર કરે છે (તથા) મારવાને માટે ઉંચે ધરેલાં હથીઆરને પાછું હઠાવીને અસર વિનાનું કરે છે.

(બહેરામ યશ્ત, ક૦ ૪૬.)

આઅત્ ફ્રઓત્ અહુરો મજ્દાઓ, યિમ્ મથ્યાક ક્રાયજાઑન્તે

---

૧. અથવા ખરા દીનદાર, ભણનાર ભક્ત.

વૅરેથઘ્નો અહુરધાતો, દાત-હે યિમ્ બ્યેઇતિ દાઇત્યોતૅમો યસ્નસ્ચ વહ્મસ્ચ, અષાત્ હચ યત્ વહિશ્તાત્. નોઇત્ ઇથ અઇર્યાઓ દંઘ્-હાવો ફ્રાંશ્ હાત્ હએન, નોઇત્ વોઇઘ્ન, નોઇત્ પામ, નોઇત્ કપસ્તિશ, નોઇત્ હએન્યો રથો, નોઇત્ ઉઝ્ગૅરેપ્તો દ્રફ્ષો.

ત્યારે અહુરમજદે જવાબ આપ્યો કે, જો માણસો અહુરમજદના સરજેલા બેહરામ (યજદ) ને ઇજે, (તથા) જો સર્વથી શ્રેષ્ઠ સત્યતાથી (થયેલી) સર્વથી લાયક યજશ્નેે તથા આરાધના, લાયક રીતે તેને માટે જારી રહે (તો), એ ઇરાન દેશો તરફ, ન લશ્કર, ન સંકટ (અથવા બલા), નં દર્દ, ન કપટ, ન (વેરીનાં) લશ્કરને લગતા લડાઇના રથો, (અથવા) ન (શત્રુઓનો) ઉંચો પકડેલો વાવટો આવી શકે.

(બહેરામ યશ્ત, ફ૦ ૪૮.)

યેજિ-ષે મઇરયો ગેઉર્વયાત્, જહિક વા, અષાવો વા અસ્રાવયત્-ગાથો, અહુમૅરેક્ષ, પઇત્યારૅનો ઇમાંમ્ દએનાંમ્ યાંમ્ આહૂઇરીમ્ જરથુશ્ત્રીમ્, પર બઐષજ હચઇતે વૅરેથઘ્નો અહુરધાતો. હમથ અઇર્યાબ્યો દંઘ્હુબ્યો વોઇઘ્નાઓ જસાઓન્તિ; હમથ અઇર્યાબ્યો દંઘ્હુબ્યો હએન ફ્રપતાઓન્તિ, હમથ અઇર્યાબ્યો દંઘ્હુબ્યો જન્યાઓન્તે પન્ચસઘ્નાઇ સતઘ્નાઇશ્ચ. સતઘ્નાઇ હજંઘ્રઘ્નાઇશ્ચ, હજંઘ્રઘ્નાઇ બએવરૅ-ઘ્નાઇશ્ચ, બએવરૅઘ્નાઇ અહ્ક્તઘ્નાઇશ્ચ.

(પણ) જો તેને[1] પાપી માણસ, અથવા બુરી સ્ત્રી, અથવા તો અશોઇને તોડનાર, ગાથા ગાઇને ન ભણનાર, જગતને ખરાબ કરનાર, (અથવા) આ દીન જે અહુરમજદી જરથોશ્તી તેની સામે થનાર (તે વસ્તુને) હાથમાં પકડે, તો અહુરમજદનો સરજેલો બેહરામ યજદ તંદોરસ્તીના ઉપાય છીનવી લે છે. (તેથી) એકસરખી રીતે ઇરાન દેશો ઉપર (શત્રુઓનાં) લશ્કરો ધસારો કરે, ઇરાનના દેશો ઉપર સંકટ આવી પડે, એકસરખી રીતે ઇરાન દેશોનાં (લોકો) પચાસથી સો ઘણો, સોથી હજાર ઘણો, હજારથી દશ હજાર ઘણો, દશ હજારથી અગણિત ઘણો માર ખાય. (બહેરામ યશ્ત, ફ૦ ૫૨-૫૩.)

યત્ નૂરૅમ્ વ્યામબુર દએવ, મશ્યાક દએવયાજો, ફ્રા પરશ્તીમ નામયેઇન્તિ, વી મઇશ્યાંનૅમ્ ફ્ષાનયેઇન્તિ, વીસ્પે હન્દાંમ રાજયેઇન્તિ, જન હે સઇધ્વિન્ નોઇત્ જનૅન્, હધ હે સઇધ્વિન્ નોઇત્ હર્દન્.

---

૧. અર્પણ કરેલી વસ્તુ, જેની ઉપર બેહરામને લગતું ભણતર થયું હોય.

હુમણાં વ્યામણુર (નામના) દેત્યો (તથા) દેત્યની આરાધના કરનારાં માણુસો (પોતાની) પીઠ વાંકી કરે છે, કમ્મર ખેંચે છે, (તથા) (પોતાનાં શરીરના) તમામ સાંધાઓને સીધા કરે છે. અત્રે (તે) મારનારા (દેત્યો) તુટી પડે છે, (પણુ) મારી શકતા નથી; અત્રે (તે) ઠાર કરનારા તુટી પડે છે, (પણુ) ઠાર કરી શકતા નથી (એટલે પોતાની દુષ્ટ નિષ્ટા પાર પાડી શકતા નથી). (બહેરામ યશ્ત, ફ૦ ૫૬.)

વૅરૅથ્રઘ્નૅમ્ અહુરધાતૅમ્ યજમઇદે. હુઑમૅમ્ બઇરે સાઇરિ-બઑઘૅમ્, હુઑમૅમ્ વૅરૅથ્રાજનૅમ્ બઇરે, નિપાતારૅમ્ વૉહુ બઇરે પાતારૅમ્ તનુયે બઇરે; હુઑમૅમ્ યિમ્ નિવજઇતિ નિવન્દાવ્ અપયેઇતિ દુશ્મઇન્યએઓવ્ આ પૅષન હચ. યથ અજૅમ્ અઑમ્ સ્પાધૅમ્ વનાનિ, યથ અજૅમ્ અઑમ્ સ્પાધૅમ્ નિજનાનિ, યથ અજૅમ્ અઑમ્ સ્પાધૅમ્ નિજનાનિ, યો મે પસ્કાવ્ વજઇતિ.

અહુરમજદના પેદા કરેલા (બહેરામ) યજદને અમે વખાણયે છીએ. હોમ (જે) ગલીચી સાફ કરનાર (તેને) હું મારી પાસે રાખું, હોમ (જે) જીત આપનાર (તેને) હું મારી પાસે રાખું; હોમ (જે) સારી (વસ્તુ) ને બચાવનાર (તેને) હું મારી પાસે રાખું, (તથા) (હોમ) (જે) તનને બચાવનાર (તેને) હું મારી પાસે રાખું; જેથી હું (વેરીનાં) આ લશ્કરને મારૂં, જેથી હું (દુશ્મનનાં) આ લશ્કરને મારીને નીચે નાંખું, જેથી હું (દુશ્મનનાં) આ લશ્કરને નીચે તોડી પાડું, કે જે (લશ્કર) મારી પુઠે આવે છે. (બહેરામ યશ્ત, ફ૦ ૫૭–૫૮.)

વૅરૅથ્રઘ્નૅમ્ અહુરધાતૅમ્ યજમઇદે. યો રસ્મનો સ્ચિન્દયેઇતિ, યો રસ્મનો કૅરૅન્તયેઇતિ, યો રસ્મનો ખંઘ્રહુયેઇતિ, યો રસ્મનો યઑજયેઇતિ. અવિ રસ્મનો સ્ચિન્દયેઇતિ, અવિ રસ્મનો કૅરૅન્તયેઇતિ, અવિ રસ્મનો ખંઘ્રહુયેઇતિ, અવિ રસ્મનો યઑજયેઇતિ વૅરૅથ્રઘ્નો અહુરધાતો દએવનાંમ્ મશ્યાનાંમ્ચ, યાથ્વાંમ્ પઇરિકનાંમ્ચ, સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમ્ચ.

અહુરમજદના પેદા કરેલા બહેરામ (યજદ) ને અમે વખાણયે છીએ; જે (બહેરામ યજદ) (દુશ્મનનાં) (લશ્કરની) હારને તોડી નાખે છે, જે હારને કાપી નાખે છે, જે હારને જખમી કરે છે, જે હારને સાથે ભેળી નાખે છે (અથવા એક બીજા સાથે અથડાવે છે,)

(તથા) (તે) અહુરમજદનો સરજેલો બહેરામ દેત્યોની તથા (દુષ્ટ) માણસોની જાદુગરોની તથા પરીઓની, જુલમગારોની, કીકોની તથા કરપોની (લશ્કરની) હારને તોડી નાખે છે, (તે) હારને કાપી નાખે છે, (તે) હારને જખમી કરે છે, (તથા) (તે) હારને સાથે ભેળી નાખે છે.

(બહેરામ યશ્ત, ફ૦ ૬૨.)

વૅરેથ્રઘ્નૅમ અહુરધાતૅમ્ યજમઇદે. આઅત્ યત્ વૅરેથ્રઘ્નો અહુરધાતો, થખ્તનાંમ્ રસ્મનાંમ્ યૂખ્તનાંમ્ ષોઇથ્રનાંમ્ મિથ્રો-દ્રુજાંમ્ મશ્યાનાંમ્, અપાંશ્ ગવો દરૅજ્યેઇતિ, પઇરિ દએમ વારયેઇતિ અપ ગઓષ ગઓષયેઇતિ. નોઇત્ પાદ વિધારયેઇતિ, નોઇત્ પઇતિતવાઓ બવઇતિ.

અહુરમજદના પેદા કીધેલા બેહરાંમ (યજદ)ને અમે વખાણીએ છીએ. જ્યારે અહુરમજદનો પેદા કીધેલો બેહરામ (યજદ) શેહરોની લંબાવેલી (તથા) સાથે જોડાયલી (લશ્કરની) હારોના કોલ તોડનારાં માણસોના હાથ પછવાડેથી બાંધે છે, (તેઓની) આંખ આસપાસ ઢાંકી નાખે છે (એટલે તેમને) આંધળા કરે છે, (તેમના) કાન સાંભળવાથી દૂર કરે છે (એટલે તેમને બેહરા કરે છે), (તથા તેમના) પગને ટેકો આપતો નથી, (ત્યારે તેઓ સદંતર) શક્તિહિણ થાય છે.

(બહેરામ યશ્ત, ફ૦ ૬૩.)

આઅત્ મે અએમ્ પઇતિ-અઓખ્ત હઓમો અષવ દૂરઓષો, આથ્વ્યો માંમ્ બિત્યો મશ્યો અસ્તવઇથ્યાઇ હુનૂત ગએથયાઇ; હા અહ્માઇ અષિશ્ ઍરૅનાવિ, તત્ અહ્માઇ જસત્ આયપ્તૅમ; યત્ હે પુથ્રો ઉસ્-જયત, વીસો સૂરયાઓ થ્રએતઓનો. યો જનત્ અજીમ્ દહાકૅમ્ થ્રિજફ્નૅમ્, થ્રિકમૅરૅધૅમ્, ક્ષ્વશ્-અષીમ્, હજંઘ્ર-યઓક્ષ્તીમ્, અશ-અઓજંઘ્રહૅમ્, દએવીમ્ દ્રુજૅમ્, અઘૅમ્ ગએથાવ્યો દ્રવન્તૅમ્; યાંમ્ અશ્-અઓજસ્તૅમાંમ્ દ્રુજૅમ્ ફ્રચ કૅરૅન્તત્ અંઘ્રો મઇન્યુશ્ અવિ યાંમ્ અસ્તવઇતીમ્ ગએથાંમ્ મહ્ર્કાઇ અષહે ગએથનાંમ્.

ત્યારે તે અશો (તથા) દર્દને પાછળ નાખનાર હોમે મને વળતો જવાબ દીધો કે, આથવ્યાન બીજો માણસ (હતો), (જેણે) (આ) હાડમંદ દુનિયાંમાં મને (ક્રિયાના કાર્યમાં અર્પણ કરવાને માટે) નીચવ્યો, તેને આ આશીર્વાદ પ્રાપ્ત થઇ, તેને આ ફાયદો હાસેલ થયો, તે એ કે તેને માટે (એટલે તેને ત્યાંહાં) પેહલવાંની ખાનદાનનો ફરેદુન (નામનો) એક છોકરો બુલંદીથી જન્મ પામ્યો, જેણે ત્રણ મોંહડાંના,

ત્રણ માંથાના, છ આંખના, હજાર યુક્તિવાળા, પુષ્કળ બળવાન, દૈત્યને લગતો દરૂજ (તથા) (જે) (આ) મુલકોને માટે નુકશાન પહોંચાડનાર દરવંદ (જે) ઝુહાક (તે)ને માર્યો; જે ઘણાજ બળવંત દરૂજને (ઝુહાકને) (આ) હાડમંદ દુનિયાં ઉપર અશોઇનાં મુલકોના નાશને માટે અંગ્રે-મઇન્યુશે સરજ્યો. (મોટી હોમ યશ્ત, કઃ ૧ ફઃ ૭-૮.)

આઅત્ મે અએમ્ પઇતિ અઔખ્ત હઓમો અષવ દૂરઓષો, થ્રિતો સામનાંમ્ સવિશ્તો થ્રિત્યો માંમ્ મષ્યો અસ્તવઇથ્યાઇ હુનૂત ગએથયાઇ; હા અહ્માઇ અષિશ્ ઍરેનાવિ, તત્ અહ્માઇ જસત્ આયપ્તૅમ્; યત્ હે પુથ્ર ઉસ્જયોઇથે ઉર્વાક્ષયો કૅરસાસ્પસ્ચ. ત્કએષો અન્યો દાતો-રાજો, આઅત્ અન્યો ઉપરો-કઇર્યો યવ ગએસુશ્ ગધ-વરો. યો જનત્ અઝીમ્ સ્રવરૅમ્, યિમ અસ્પો-ગરૅમ્ નરે-ગરૅમ્, યિમ્ વીષવન્તૅમ્ જઇરિતૅમ્; યિમ્ ઉપઇરિ વીશ્ અરઓધત્ આરૅશ્ત્યો-બરૅજ જઇરિતૅમ્.

ત્યારે તે અશો (તથા) દર્દને પાછળ નાખનાર હોમે મને પાછો જવાબ આપ્યો કે, સામના ખાનદાનનો ઘણોજ ફાયદો કરનારો થ્રિત ત્રીજો માણસ (હતો), (જેણે) (આ) હાડમંદ જગતમાં મને (ક્રિયાનાં કાર્યમાં અર્પણ કરવાને માટે) નીચવ્યો, તેને આ આશીર્વાદ પ્રાપ્ત થઇ, તેને આ લાભ મળ્યો, તે એ કે તેને માટે ઉર્વાક્ષ તથા કેરશાસ્પ (નામના) છોકરાઓ શ્રેષ્ટતાથી જન્મ્યા. (તેઓમાંનો) એક (ઉર્વાક્ષ) દીનદાર (તથા) ઇન્સાફનો માર્ગ દેખાડનાર (હતો), ત્યારે બીજો (કેરશાસ્પ) બળ્યો, જવાન (એટલે જવાનીનાં કૌવતવાળો), ગુચ્છાવાળા બાલ સાથનો (તથા) ગુરૂજ રાખનાર (હતો). જેણે (કેરશાસ્પે) સરવર (નામના) સાંપને મારી નાખ્યો, જે (સાંપ) ઘોડાને ગળનારો, માણસને ગળનારો (તથા) લીલાં ઝેહેરવાળો (હતો), જેનાં (શરીર) ઉપર હાથના અંગોઠા જેટલું ઉંડું લીલું ઝેહેર વધેલું હતું.

(મોટી હોમ યશ્ત, કઃ ૧, ફઃ ૧૦-૧૧.)

આઅત્ મે અએમ્ પઇતિ-અઔખ્ત હઓમો અષવ દૂરઓષો, પૉઉરૂષસ્પો માંમ તૂઇર્યો મષ્યો અસ્તવઇથ્યાઇ હુનૂત ગએથયાઇ; હા અહ્માઇ અષિશ્ ઍરેનાવિ, તત્ અહ્માઇ જસત્ આયપ્તૅમ્; યત્ હે તૂમ્ ઉસ્-જયંઘ્રહ, તૂમ્ ઍરૅઝવો જરથુશ્ત્ર, ન્માનહે પૉઉરૂષસ્પહે વી-દએવો અહુર-ત્કએષો. સ્રુતો અઇર્યેને વએજહિ તૂમ્ પઔઇર્યો જરથુશ્ત્ર

અહુનૅમ્ વઇરીમ્ ફ્રસાવયો, વી-ॲરॅથ્વન્તૅમ્ આખ્તુઇરીમ્, અપરૅમ્ ખ્રઑજ્દ્યેહ્ય ફ્રઅઇતિ. તૂમ્ જॅમરૂગૂજો આકॅરॅનવો વીસ્પે દઐવ જરથુશ્ત્ર, યોઇ પર અહ્માત્ વીરે-રઑધ અપતયેન્, પદતિ આય જॅમા; યો અઑજિશ્તો, યો તન્જિશ્તો, યો થ્વક્ષિશ્તો, યો આસિશ્તો, યો અશ્-વૅરॅથ્રજાંસ્તॅમો અભવત્ મઇનિવાઑ દામાંન્.

ત્યારે તે અશો (તથા) દર્દને પાછળ નાખનાર હોમે મને પાછો જવાબ દીધો કે, પૌરૂશસ્પ ચોથો માણુસ (હતો), (જેણે) (આ) હાડ-મંદ દુનિયામાં મને (ક્રિયાના કાર્યમાં અર્પણ કરવાને માટે) નીચવ્યો, તેને આ આશીર્વાદ પ્રાપ્ત થઇ, તેને આ ફાયદો હાંસેલ થયો, તે એ કે તેને માટે (તેને ત્યાં) તુ બુલંદીથી જન્મ પામ્યો, હે ખાલેસ જરથોશ્ત! તું પોરૂશસ્પનાં ઘરનો, દૈત્ય (ના તરીકાથી) દૂર રેહનાર, (તથા) અહુરમજદના તરીકા મુજબ ચાલનાર (છે).

હે જરથોશ્ત! ચોતરફ ફેલાયલી અહુનવર પેહલવેહલાં ઇરાનવેજમાં તું (જે) પ્રખ્યાત (તે) ગાઇને ભણ્યો, (અને) ત્યાર પછી વધારે મોટે સાદે (ગાઇને ભણ્યો). હે જરથોશ્ત! તુ બે મીનોની સૃષ્ટિમાં જે સર્વથી વધુ જોરાવર, જે સર્વથી વધુ દ્રઢ, જે સર્વથી વધુ ચાલાક, જે સર્વથી વધુ ઝડપવાળો, (તથા) જે સર્વથી અધિક ફત્તેહમંદ (અથવા વેરીને મારનાર) પેદા થયો, (તેણે) સઘળા દૈત્યો જેઓ હમણાં સુધી આ જમીન ઉપર માનવીના રૂપમાં દોડતા હતા (તેમને) તે જમીનમાં ઢંકાયલા કીધા.

(મોટી હોમ યશ્ત, ક૦ ૧, ફ૦ ૧૩-૧૪-૧૫.)

ની તે જાઇરે મॅરॅમ્ ય્રૂયે, ની અમॅમ્, ની વॅરॅથ્રઘ્નॅમ્, ની દસ્વરે, ની બઐષજॅમ્, ની ફ્રદથॅમ્, ની વરॅદથॅમ્, ની અઑજો વીસ્પો-તનૂમ્, ની મસ્તીમ્ વીસ્પો-પઐસંઘ્રહॅમ્, ની તત્ યથ ગઐથાહ્વ વસો-ક્ષથ્રો ફ્રચરાને, ત્બઐષો-તર્દ્વાઑ દ્રુજॅમ્-વનો. ની તત્, યથ તઉર્વયેનિ વીસ્પનાંમ્ ત્બઐષવતાંમ્ ત્બઐષાઑ, દઐવનાંમ્ મશ્યાનાંમ્ચ યાધ્વાંમ્ પઇરિકનાંમ્ચ, સાથ્રાંમ્ કઑયાંમ્ કરફ્નાંમ્ચ. મઇર્યનાંમ્ચ બિજંગ્રનાંમ્, અર્ષમઑઘનાંમ્ચ બિજંગ્રનાંમ્, વેહ્ર્કનાંમ્ચ ચથ્વરે જંગ્રનાંમ્, હઐનયાઑસ્ચ, પॅરॅથુ-અઇનિકયાઑ, દ્વાંઇથ્યાઑ પતાંઇ-થ્યાઑ.

(અશો જરથોશ્તે કહ્યું), હે લીલા (હોમ), તારૂં ડહાપણ, (તારી) હીમ્મત, ફત્તેહ, તંદુરસ્તી, તંદુરસ્તીના ઉપાય, આબાદી, વૃદ્ધિ, તમામ

શરીરનું કૌવત, તથા સર્વ ચળકાટવાળી મોહટાઇ, એ સઘળું હું માગું છું, કે જેથી મુલકોમાં સ્વતંત્ર રાજ્યકર્ત્તા, ખરાબીને તોડનાર, તથા દ્રુજને મારનારના જેવો હું ફરૂં (એ સર્વ ડહાપણુ, હિમ્મત, ફત્તેહ, તંદોરસ્તી, મોહટાઇ ઇત્યાદી હું માગું છું), કે જેથી કરીને સર્વ દ્વેષ રાખનારાઓની દૈત્યોની, માણસોની, જાદુગરોની, પરીઓની, જુલમગારોની, કીકોની, કરપોની, સાંપના સ્વભાવના માણસોની, આરમોગ માણસોની, ચાર પગવાળાં વરૂઓની, (તથા) પુષ્કળ પલટનવાળા, હગાવાળા, (તથા) ધસી આવનાર, લશ્કર (એ બધાંઓની) દુષ્ટતાને હું તોડું. (મોટી હોમ યશ્ત, કં૦ ૧, ફ૦ ૧૭-૧૮.)

ઇમૅમ્ થ્વાંમ્ તૂઇરીમ્ યાનૅમ્ હુઑમ જઇધ્યેંમિ દૂરઑષ, યથ અએષો અમવાઑ થ્રાં ફ્રૅધો, ફ્રક્ષ્તાને જૅમા પઇતિ, ત્બએષો-તઉર્વાઑ દ્રુજૅમ્-વનો. ઇમૅમ થ્વાંમ્ પુખ્ધૅમ્ યાનૅમ્ હુઑમ જઇધ્યેંમિ દૂરઑષ, યથ વૅરૅથ્રજાઑ વનત્-પિષનો, ફ્રક્ષ્તાને જૅમા પઇતિ ત્બએષો-તઉર્વાઑ દ્રુજૅમ્-વનો. ઇમૅમ થ્વાંમ્ ક્ષ્તૂમ્ યાનૅમ્ હુઑમ જઇધ્યેમિ દૂરઑષ, પઉર્વ તાયૂમ પઉર્વ ગધૅમ, પઉર્વ વેહ્રકૅમ્ બૂઇધ્યોઇમઇધે; મા ચિશ્ પૅાઉર્વો બૂઇધ્યએત નો; વીસ્પે પઉર્વ બૂઇધ્યોઇમઇધે.

હે દર્દને પાછળ નાખનાર હોમ! તારી પાસથી ચોથી બખશેશ (હું) આ માગું છું, (તે એ કે) (આ) જમીન ઉપર મુરાદ પામેલો, હિમ્મતવાન, તૃપ્ત થયેલો, ખરાબીને તોડનાર, (તથા) જુઠાઇને મારનાર જેવો હું ફરૂં. હે દર્દને પાછળ નાખનાર હોમ! તારી પાસથી પાંચમી બક્ષેશ (હું) આ માગું છું, (તે એ કે) (આ) જમીન ઉપર ફત્તેહમંદ (અથવા વેરીને મારનાર), લડાઇના જીતનાર, દ્વેષને તોડનાર, (તથા) જુઠાને મારનાર જેવો હું ફરૂં. હે દર્દને પાછળ નાખનાર હોમ! તારી પાસેથી છઠ્ઠી બક્ષેશ (હું) આ માગું છું, (તે એ કે) (અમે) આગળથી ચોર વીશે, આગળથી ખુની વીશે, (તથા) આગળથી વરૂ વીશે જાણી શકયે; અમારી પેહલ્લાં કોઇ (બીજો) ન જાણી શકે, સઘળું આગળથી અમે જાણી શકયે. (મોટી હોમ યશ્ત, કં૦ ૧, ફ૦ ૨૦-૨૧.)

પઇતિ અજ઼ોઇશ્ જઇરિતહે સિમહે વીષાવએપહે, કેહ્રપૅમ્ નાષેમ્નાઇ અષઑને, હુઑમ જાઇરે વદ્રે જઇધિ. પઇતિ ગધહે વીવ-રેજ઼દવતો બ્રૂવીધ્યતો જ઼જરાનો, કેહ્રપૅમ નાષેમ્નાઇ અષઑને, હુઑમ જાઇરે, વદ્રે જઇધિ. પઇતિ મધ્યેહે દ્રૂવતો સાસ્તર્શ અઇવિ-વોઇજ઼-

દયન્તહે કમૅરૅધૅમ, કેહ્રપૅમ નાષેમ્નાઇ અષઑને, હુઑમ જાઇરે, વદ્દરે જઇધિ. પઇતિ અષેમઑઘહે અનષઑનો અહ્મમૅરૅન્ચો, અંઘ્રહાઓ દએનયાઓ માસ્–વચ દથાનહે, નોઇત ચ્યઓથ્નાઇશ્ અપયન્તહે, કેહ્ર્પૅમ નાષેમ્નાઇ અષઑને, હુઑમ જાઇરે, વદ્દરે જઇધિ. પઇતિ જહિકયાઇ યાતુમઇત્યાઇ, મઓઘનો–કઇરયાઇ, ઉપરતા–બઇરયાઇ, યેંઘ્રહે ફ્ર્ક્વઇતિ મનો, યથ અવ્રૅમ્ વાતો–ષૂતૅમ, કેહ્રપૅમ નાષેમ્નાઇ અષઑને, હુઑમ જાઇરે વદ્દરે જઇધિ. યત્ હે કેહ્ર્પૅમ નાષેમ્નાઇ અષઑને, હુઑમ જાઇરે વદ્દરે જઇધિ.

અશો (માણસ)નાં શરીરને બચાવવાને માટે લીલા, બીહામણા (તથા) ઝેહેર ઉત્પન્ન કરનારા સાપની સામે, હે લીલા હોમ! (તું) હથ્યાર માર. અશો (માણસ)નાં શરીરના રક્ષણ કાજે ઉલટી રીતે કામ કરનાર, ઘાતકી (તથા) ઇજા કરનાર લુટારાની સામે, હે લીલા હોમ! (તું) હથ્યાર માર. અશો (માણસ)નાં શરીરની રક્ષાર્થે દરવંદ (દુષ્ટ), જુલમગાર, (તથા) નુકસાન કરનાર માણસનાં શીરની સામે, અએ લીલા હોમ! (તુ) હથ્યાર માર. અશો (માણસ)નાં શરીરના રક્ષણ માટે, અપવિત્ર, જગતને ખરાબ કરનાર, આ (હોરમજદી જરથોશ્તી) દીનનાં શ્લોકો મનમાં યાદ રાખનાર, (પણ તે પ્રમાણે) કાર્ય ન કરનાર (એવા) આશ્મોગની સામે, અએ લીલા હોમ! (તુ) હથ્યાર માર. અશો (માણસ) નાં શરીરને બચાવવાને માટે જાદુ કરનાર, મોજમજાહ ભોગવનારી, (તથા) કામને વશ થતી દુષ્ટ સ્ત્રી, જેનું મન પવનથી દોડતાં વાદળાંની માફક ઉડયા કરે છે (તેની) સામે, અએ લીલા હોમ! (તુ) હથ્યાર માર. અશો (માણસ) નાં શરીરને બચાવવાને માટે, અએ લીલા હોમ! (તુ) તેણીને હથ્યાર માર. (મોટી હોમ યશ્ત, ક૦ ફ૦ ૩૦–૩૧.)

હઓમો ઉક્ષ્યેઇતિ સ્તવનો, અથ ના યો હિમ્ સ્તઓઇતિ વૅરૅથ્રજાંસ્તરો બવઇતિ. નિતૅમચિત્ હઓમ હૂઇતિશ્, નિતૅમચિત્ હઓમ સ્તૂઇતિશ્, નિતૅમચિત્ હઓમ ખરૅતિશ્, હજંઘ્રઘ્ન્યાઇ અસ્તિ દએવનાંમ્.

(હોમની) વખાણ કરવામાં આવે છે ત્યારે હોમ ઉગે છે, એટલા માટે જે શખ્સ તેને વખાણે છે (તે) ઘણો ફત્તેહમંદ થાય છે. હે હોમ! (તારૂં) સર્વથી થોડું નીચવીને રસ કાઢવાનું કાર્ય, હે હોમ! (તારી)

સર્વથી થોડાં વખાણુ, હે હોમ! (તને) સર્વથી ઓછું પીવું, (એ) દૈત્યોનો હજાર ઘણો નાશ (કરે છે). (મોટી હોમ યશ્ત, ક૦ ૨, ફ૦ ૬.)

અવંઘ્નહરે જાંમિ જન્યઓઇશ ઊનાંમ્ મઇર્યયાઓ એવીતો-ખરૅધયાઓ, યા મઇન્યેઇન્તિ દવયેઇન્તિ આથ્રવનૅમ્ચ હઓમૅમ્ચ, હા યા દપ્ત અપનસ્યેઇતિ.

સાંપના સ્વભાવની (તથા) બુરી અક્કલના જીનની તંગીને હું પાછું હઠાવું છું, કે જે (જીન) આથ્રવનને તથા હોમને ઠગવાનો મનસુબો કરે છે, (અને) ઠગ્યા પછી તે નાબુદ થઇ જાય છે.
(મોટી હોમ યશ્ત, ક૦ ૨, ફ૦ ૧૫.)

પઓઇર્યનાંમ્ તકએષનાંમ્ પઓઇર્યનાંમ્ સાસ્નો-ગૂષાંમ્, ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમ્ચ અહૂમ્ચ દએનાંમ્ચ બઓધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યઝમઇદે, યોઇ અષાઇ વઓનરે.

પોર્યોદકેશોમાંના (તથા) પ્રથમ દીન સ્વિકારનારાઓમાંનાં અશો માણસો તથા અશો બાઇડાઓ, જેઓ અષોઇને માટે ફતેહથી લડયાં (તેઓનાં) જાનને, અંતઃકરણને, બુદ્ધીને, રવાનને[1] તથા ફરોહરને આ સ્થળે અમે માન સાથે યાદ કરીએ છીએ. (સતુમનો કરદો ફ૦ ૩.)

યોઇ અષાઇ વઓનરે ગયેહે મરૅથ્નો અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે. ઝરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમ્ચ ફ્રવષીમ્ચ યઝમઇદે. કવોઇશ વીશ્તાસ્પહે અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે. ઇસત્ વાસ્ત્રહે ઝરથુશ્ત્રોઇશ અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે.

અશો ગયોમર્દનાં ફરોહરને અમે માન સાથે યાદ કરીએ છીએ. અશો સ્પેતમાન જરથોશ્તની અશોઇને તથા (તેનાં) ફરોહરને આ ઠેકાણે અમે માન સાથે યાદ કરીએ છીએ. અશો કએ ગુસ્તાસ્પનાં ફરોહરને અમે માન સાથ યાદ કરીએ છીએ. (પેગમબર) જરથોસ્તના (વડા દીકરા) અશો એસદવાસ્તરના ફરોહરને અમે માન સાથે યાદ કરીએ છીએ. જે (ઉપર જણાવેલા મહાન પુરૂષો) અષોઇને માટે ફત્તેહથી લડયા.
(સતુમનો કરદો ફ૦ ૫.)

જમ્યાંન્ ઇથ્ર અષઓનાંમ્ વંઘ્નુહીશ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો......ઇશ્તેએ વંઘ્નહંઘ્નહાંમ્, પઇતિશ્તાતેએ આતરનાંમ્, ફ્રષવક્ષ્યાઇ રયાંમ્ચ ખરૅનંઘ્નહાંમ્ચ.

1. ઉરવનને.

અશો લોકોનાં ભલાં, શૂરાં, (તથા) (દુનીયાની) સંપત્તિ વધારનાર ફરોહરો અત્રે (આ ઘરમાં), વધારે ભલાં (માણુસો) ની ઇચ્છા પૂર્ણ કરવાને અને દુશ્ટોની સામે થવાને માટે, તથા દોલત તથા કીર્તિના વધારાને માટે આવે. (દોઆ તંદરોસ્તી અવસ્તામાં ફ૦ ૪.)

વઇનીત્ અહ્મિ ન્માને સ્રઓષો અસ્રુશ્તીમ્ આક્ષ્તિશ્ અનાક્ષ્તીમ્, રાઇતિશ્ અરાઇતિમ્, આર્મઇતિશ્ તરોમઇતીમ્, અર્શુખ્ધો વાખ્શ્ મિથઓખ્તૅમ્ વાચિમ્ અષ-દુજૅમ્.

આ ઘરમાં તાબેદારી નાફરમાનબરદારીને મારે! સલાહ સંપજ કજીઆ કંકાસને (મારે)! સખાવત કંજુસાઇને (મારે)! નમ્રતા મગરૂરીને (મારે)! સાચો બોલેલો શબ્દ, અશોઇને તોડનારા જુઠા બોલેલા શબ્દને (મારે)! (દોઆ તંદોરસ્તી અવસ્તામાં, ફ૦ ૫.)

નાઇસીમી દએવો; ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રીશ્, વીદએવો, અહુર-ટકએષો સ્તઓતા અમેષનાંમ્ સ્પૅન્તનાંમ્, યશ્તા અમેષનાંમ્ સ્પૅન્તનાંમ્.

(હું) દેવ્યોને નાશ પામતા કરૂં છું. (દાદાર) અહુરમજદની ભક્તિ કરનાર, પવીત્ર જરથોશ્તે જાહેર કીધેલી દીન પ્રમાણે ચાલનાર, દેવ્યના માર્ગથી દુર રહેનાર; અહુરમજદના માર્ગ અને નીયમાનુસાર ચાલનાર, અમેશાસ્પંદોની સ્તુતિ કરનાર, તથા અમેશાસ્પંદોની આરાધના કરનાર તરીકે (થવાને) હું સ્વિકાર કરૂં છું. (દીનનો કલમો અવસ્તામાં, ફ૦ ૧.)

અથા અર્જૅમચિત્ યો મજ્દયસ્નો જરથુશ્ત્રિશ્ દએવાઇશ્ સરૅમ્ વીબ્રૂયે, યથા અનાઇશ્ વ્યાબ્રૂવીતા યે અષવા જરથુશ્ત્રો.

જે પ્રમાણે (તે) અશો જરથોશ્ને દેવ્યોની સરદારીને ખરેખર તુચ્છકારી કાઢી હતી, તેજ પ્રમાણે હું જે માજદયસ્ની જરથોશ્તી (તે) દેવ્યોની સરદારીને તુચ્છકારી કાઢું છું. (દીનનો કલમો અવસ્તામાં, ફ૦ ૬.)

યેંઘ્રહે ચથ્વારો વશ્તાર સ્પએત, વીસ્પે હમ-ગઓનાઑંઘ્રહો, હમનાફએને ઍર્ઝૅન્ત, તઉર્વયન્ત વીસ્પનાંમ્ ત્બએષ્વતાંમ્ ત્બએષાઓ, દએવનાંમ્ મશ્યાનાંમ્ચ, યાથ્વાંમ્ પઇરિકનાંમ્ચ, સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમ્ચ.

જે (અરદ્વીસૂર) ના ચાર ઘોડા સફેદ, સર્વે એકજ રંગના, એકજ કુળના, ઉચ કદના (તથા) તમામ દ્વેષ રાખનારાઓની, દેવ્યોની, માણુ-

સોની, જાદુગરોની, પરીઓની, જુલમગારોની, કીકોની તથા કરપોની ખરાબીઓને તોડનારા છે. (આવાં યશ્ત, ફ૦ ૧૩.)

આઅત્ હીમ્ જઇધ્યત્ અવત્, આયપ્તેંમ્ દજદિ મે વંઘ્વુહિ સેવિશ્તે અરદ્વિ સૂર અનાહિતે, યથ અજેંમ્ ઉપેંમેંમ્ ક્ષથ્રેંમ્ બવાનિ, વીસ્પનાંમ્ દખ્યુનાંમ્ દએવનાંમ્ મશ્યાનાંમચ, યાથ્વાંમ પઇરિકનાંમ્ચ સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમચ. યથ અજેંમ્ નિજનાનિ દ્વ થ્રિશ્વ માજન્યનાંમ્ દએવનાંમ્ વરેંન્યનાંમચ દ્રવતાંમ્.

ત્યારે તેણીથી માંગ્યું કે, હે ખુબીવાળી, ઘણોજ ફાયદો કરનારી (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તુ) મને આ મુરાદ આપ, તે એ કે હું સર્વ દેશોના દેત્યો, (બુરા) માણસો, જાદુગરો, પરીઓ, જુલમગારો, કીકો તથા કરપોની (ઉપર) સઉથી ચઢતી પાદશાહી મેળવું, (તથા) માજનદરાનના દેત્યો તથા ગીલાનના અધર્મી માણસોમાંનાં બે તૃતીયાંઉશ ભાગને હું મારૂં. (આવાં યશ્ત, ફ૦ ૨૨.)

આઅત્ હીમ જઇધ્યત્, અવત્ આયપ્તેંમ્ દજદિ મે, વંઘ્વુહિ સેવિશ્તે અરદ્વી સૂર અનાહિતે, યથ અજેંમ્ ઉપેંમેંમ્ ક્ષથ્રેંમ્ બવાનિ, વીસ્પનાંમ્ દખ્યુનાંમ્ દએવનાંમ્ મશ્યાનાંમચ યાથ્વાંમ્ પઇરિકનાંમચ, સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમચ. યથ અજેંમ્ ઉજબરાનિ, હચ દએવએઇબ્યો ઉયે ઇશ્તિશ્ચ સઓકાચ, ઉયે ફ્ષઓનીશ્ચ વાંથ્વાચ, ઉયે થ્રાંફ્સચ ફ્રસસ્તિશ્ચ.

(જમશેદ પાદશાહે) ત્યારે તેણી પાસેથી માગ્યું કે, હે ખુબીવાળી, સર્વથી વધુ લાભ દેનારી (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તુ) મને આ વર આપ, તે એ કે હું સર્વ દેશોના દેત્યો, (બુરા) માણસો, જાદુગરો, પરીઓ, જુલમગારો, કીકો તથા કરપોની (ઉપર) સર્વથી શ્રેષ્ઠ રાજ્ય મેળવું. વળી દેત્યો (ના કબજામાં)થી દોલત અને લાભ એ બન્ને, આબાદી અને (ગાય ઢોરની) વૃદ્ધિ એ બન્ને, તૃપ્તિ (અથવા મનની ઇચ્છા) અને કીર્તિ એ બન્ને, છીનવી લઉં. (આવાં યશ્ત, ફ૦ ૨૬.)

આઅત્ હીમ્ જઇધ્યત્, અવત્ આયપ્તેંમ દજદિ-મે, વંઘ્વુહિ સેવિશ્તે અરદ્વી સૂર અનાહિતે, યત્ બવાનિ અઇવિ-વન્યાઓ ગંદરેંવેંમ્ યિમ જઇરિપાશ્નેંમ્, ઉપ યઓજેંન્ત કરન જરય વોઉરૂ-કષય.

આતચાનિ સૂરૅમ્ન્માનૅમ્, દ્રવતો યત્ પથનયાઑ, સ્કરૅનયાઑ દૂરએ-પારયાઑ.

ત્યારે તેણી (અરદ્વીસૂર) પાસેથી માંગ્યું કે, હે ખુબીવાળી, સર્વથી વધુ લાભકારક (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તુ) મને (કેરશાસ્પને) આ મુરાદ બક્ષ, તે એ કે (હું) સોનેરી એડીવાલા ગંદરેવ (નામના રાક્ષસી દૈત્ય)નો પરાજ્ય કરનારો થાવું. (જે દૈત્ય) વોઉરૂકશ દર્યાને તેના એક છેડાથી તે બીજા છેડા સુધી જોશમાં લાવે છે. (વળી) પહોળી, ગોળ, (તથા) ઓળંગવાને દૂર પડે એવી, જે આ ધર્તિ (તે) ઉપર આવેલાં (તે) બૂરા (દૈત્ય)નાં મજબુત ઘર સુધી હું પહોંચી વળું.

(આવાં યશ્ત, ફ૦ ૩૮.)

તાંમ્ યજત તખ્મો તુસો રથએશતારો, બરૅષએષુ પઇતિ અસ્પનાંમ્, જાવરૅ જઇધ્યન્તો હિતએઇબ્યો, દ્રવતાતૅમ્ તનુબ્યો, પૉઉરૂસ્પક્ષ્તીમ્ ત્બિષ્યન્તાંમ્, પઇતિ-જઇતીમ્ દુશ્મઇન્યવનાંમ્, હથ્રા-નિવાઇતીમ્ હમૅરૅથનાંમ્, અઉર્વથનાંમ્ ત્બિષ્યન્તાંમ્.

આઅત્ હીમ્ જઇધ્યત્, અવત્ આયપ્તૅમ્ દજદિ-મે, વંઘ્રઉહિ સૅવિશ્તે અરદ્વી સૂર અનાહિતે, યત્ બવાનિ અઇવિ-વન્યાઑ અઉર્વ હુનવો વએસકય, ઉપ દ્વરૅમ્ ક્ષથ્રૉ-સઑકૅમ, અપનોતૅમૅમ, કંઘ્રહય ઍરૅજન્તય અષવનય. યથ અજૅમ્ નિજનાનિ, તૂઇર્યનાંમ્ દખ્યુનાંમ્ પંચ-સધ્રાઇ સતધ્રાઇશ્ચ, સતધ્રાઇ હજંઘ્રધ્રાઇશ્ચ, હજંઘ્રધ્રાઇ બએવરૅધ્રાઇશ્ચ બએવરૅધ્રાઇ અહાંક્ષ્તધ્રાઇશ્ચ.

ઘોડાની પીઠ ઉપર (એટલે લડાઇનાં ક્ષેત્રમાં દુશ્મનની વિરૂદ્ધ યુદ્ધ કરતાં) ઘોડાઓને માટે જોર, શરીરને સારૂં શક્તિ, અદેખાઓનું પુરતી રીતે પરાજય કરવું, શત્રુઓની સામે મારવું, અદેખા (તથા) સામે લડનારા વેરીઓને નીચે તોડી પાડવાનું જોર, (એ સઘળું) માગતાં તેણીને બળવાન તુસ વેહલવાને આરાધી.

ત્યારે તેણી પાસેથી માંગ્યું કે, હે! ખુબીવાળી, સર્વથી વધુ લાભકારક (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તું) મને આ મુરાદ આપ, તે એ કે (હું) વએસકના બહાદુર છોકરાઓને ઉચ (તથા) પવીત્ર કંગદેજ (નામના) (નામીચા કીલ્લા)ના ક્ષથ્રો-સુક (નામના) સર્વથી ઉચ દરવાજાની આગળ કબજે કરનારો થાવું, (તથા) તુરાની દેશોના

(લોકોને) પચાસથી સો ઘણા, સોથી હજાર ઘણા, હજારથી દશ હજાર ઘણા (તથા) દશ હજારથી અગણિત ઘણા મારૂં.

(આવાં યશ્ત, ફ૦ ૫૩-૫૪.)

યત્ બવામ અઇવિ-વન્યાઓ તખ્મૅમ તુસૅમ્ રથએશ્તારૅમ, યથ વએમ નિજનાંમ, અઇર્યનાંમ્ દખ્યુનાંમ્, પંચસઘ્નાઇ સતઘ્નાઇશ્ચ, સતઘ્નાઇ હજંઘ્રઘ્નાઇશ્ચ, હજંઘ્રઘ્નાઇ બએવરૅઘ્નાઇશ્ચ, બએવરૅઘ્નાઇ અહાંક્તઘ્નાઇશ્ચ.

(તું) અમને (વએસકના છોકરાઓને) આ વર આપ, તે એ કે (અમે) બળ્યા તુસ પહેલવાનને હરાવનાર બન્યે, (તથા) ઇરાની દેશોના (લોકોને) પચાશથી સો ઘણા, સોથી હજાર ઘણા, હજારથી દશ હજાર ઘણા (તથા) દશ હજારથી અગણીત ઘણા અમે માર્યે.

(આવાં યશ્ત, ફ૦ ૫૮.)

હા હે બાજ઼વ ગેઉર્વયત, મૉષુ તત્ આસ નોઇત્ દરૅઘૅમ, યત ક્રાયતયત્ થ્વક્ષૅશ્નો, અવિ જાંમ્ અહુરધાતાંમ્, અવિ ન્માનૅમ યિમ ખ઼એપઇથીમ, દ્રૃમ્ અવન્તૅમ્ અઇરિશ્તૅમ્, હમથ યથ પરચિત.

તેણીએ તે (વીફ-નવ ાજ)નીબન્નેની બાજુ પકડી; જલદીથી, ઘણો વાર ન થયો એટલા અરસામાં, (વીફ-નવાજ) અહુરમજદની પેદા કીધેલી જમીન તરફ (તથા) પોતાના ઘર નજદીક સારી પેઠે, આગળની પેઠે. તનદરોસ્ત, તેમજ જખ્મી થયા વિના, ઝટ આવી પહોંચ્યો.

(આવાં યશ્ત, ફ૦ ૬૫.)

દાનવો તૂર વ્યાખ્ન, કરૅમચ અસબનૅમ, વરૅમચ અસબનૅમ, તંન્ચિશ્તૅમચ દૂરએકએતૅમ, અહ્મિ ગએથે પેષનાહુ.

તુરાની દાનુ સરદારોને, કર અસબનને તથા વર અસબનને તથા ઘણાજ બળવત દૂરએકએતને આ દુન્યાની લડાઇઓમાં જીતનારા અમે થઇયે. (આવાં યશ્ત, ફ૦ ૭૩.)

આઅત્ હીમ્ જઇધ્યત્, અવત્ આયપ્તૅમ દઝ્દિ મે, વંઘુહિ સૅવિશ્તે અરદ્વી સૂર અનાહિતે, યત્ બવાનિ અઇવિ-વન્યાઓ અખ્તીમ દુઝ્દૅમ તૅમંઘ્નહન્તૅમ.

ત્યારે તેણી પાસેથી માંગ્યું કે, હે ખુબીવાળી, સર્વેથી વધુ લાભકારી (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તું) મને આ મુરાદ બક્ષ, તે

એ કે ખરાબ અક્કલવાળા (તથા) અખ્ત (નામના જાદુગર) ને જીતનાર હું થાવું. (આવાં યશ્ત, ફ૦ ૮૨.)

અઝેમ્ હાચયેને પુથ્રેમ્ યત્ અઉર્વત્-અસ્પહે તખ્મેમ્ કવએમ વીશ્તાસ્પેમ, અનુમતેએ દએનયાઇ, અનુખ્તેએ દએનયાઇ, અનુ-વર્શ્તેએ દએનયાઇ.

(જરથુશ્ત્ર સાહેબ દુઆ કરે છે કે)હું, લોહરાસ્પના છોકરા બળવાન કએ વીશ્તાસ્પને, (મારા) ધર્મના વિચાર મુજબ, (મારી) દીનના વચન મુજબ (તથા) (મારી) દીનનાં કાર્ય મુજબ ચલાવવું.

(આવાં યશ્ત, ફ૦ ૧૦૫).

આઅત્ હીમ્ જઇધ્યત્ અવત્ આયપ્તેમ્ દજદિ મે, વંઘુહિ સેવિશ્તે અરેદ્વી સૂરે અનાહિતે, યત્ બવાનિ અઇવિ-વન્યાઓ પેષોચિંગહેમ્ અશ્તોકાનેમ્, હુમયકેમ્ દએવયસ્નેમ્, દ્રવન્તેમચ અરેજત્ અસ્પેમ, અહિ ગએથે પેષનાહુ.

ત્યારે (તે ઝરીરે) તેણી પાસેથી માંગ્યું કે, હે ખુબીવાળી, સર્વથી વધુ લાભકારી (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તું) મને આ મુરાદ બક્ષ, તે એ કે મુડદાં દાટનાર પેષો ચિંહને, દેવ-પરસ્ત હુમયને તથા બુરા અર્જાસ્પને આ દુન્યાની લડાઇઓમાં પરાજય કરનારો હું થાઉં.

(આવાં યશ્ત, ફ૦ ૧૧૩.)

યિમ્ યજેન્તે રથએશ્તારો, બરેષએષુ પઇતિ અસ્પનાંમ્, જાવરે જઇધ્યન્તો હિતએઇબ્યો, દ્રવતાતેમ તનુબ્યો, પોઉરૂ-સ્પક્ષ્તીમ્ ત્બિષ્યન્તાંમ્, પઇતિ-જઇતીમ્ દુશમઇન્યવનાંમ્, હથ્રા-નિવાઇતીમ્ હમેરેથનાંમ અઉર્વથનાંમ્ ત્બિષ્યન્તાંમ્.

જે (મેહર યજદ)ને, પેહલવાનો ઘોડાની પીઠ ઉપર (સવાર થઇને), પોતાના ઘોડાને માટે જોર, શરીરને માટે તંદરોસ્તી, બુરા (અથવા અદેખા)ઓનું પુરતી રીતે પરાજય કરવાની શકિત, અરીઓને મારવાનું જોર, અદેખા (તથા) સાથે લડનારા વેરીઓને નીચે તોડી પાડવાનું જોર, (એ સઘળું) માંગતા ઇજે છે. (મેહર યશ્ત, ફ૦ ૧૧.)

યો દઇંઘ્રહેઉશ્ રાક્ષ્યાંઇથ્યાઓ પર રજિશ્તાઓ બરઇતિ, પઇતિ ખરેનાઓ વારયેઇતિ, અપ વેરેથ્રઘ્નેમ્ બરઇતિ, અવરેથાઓ હીશ અપિવતહિ, બએવરે ઘેનાંનાઓ નિસિરિનઓઇતિ, યો બએવરે સ્પસનો સૂરો વીસ્પો-વીધ્વાઓ અધઓયમ્નો.

(મેહર યજદ) જે દશ હજાર ઘણી ચોકસી રાખનાર, શૂરો, સર્વ જાણનારો (તથા) ન ઠગાએ તેવો (તે), પીડાકારક દેશની સારી સ્થિતી લઇ લે છે, (તે દેશની) કીર્તિને પાછી હઠાવી કાઢે છે, (તે દેશમાં) વિજયી બળને છીનવી લે છે; (ટુંકમાં કહીએ તો) (તે દેશને) રક્ષા વિનાની હાલતમાં લાવી મુકે છે (તથા) દશ હજાર હાડમારીઓમાં નાખે છે. (મેહર યશ્ત, ક૦ ૨૭)

વએમ્ હુમનંઘ્રહો ક્રમનંઘ્રહસ્ચ ઉર્વાજૅમ્ન હુઑમનંઘ્રહુમ્ન, વનામ વીસ્પે હમૅરેથે યથ વએમ્ હુમનંઘ્રહો ક્રમનંઘ્રહસ્ચ ઉર્વાજૅમ્ન હુઑમનંઘ્રહુમ્ન, વનામ વીસ્પે દુશ્મઇન્યૂશ્ યથ વએમ્ હુમનંઘ્રહો ક્રમનંઘ્રહસ્ચ ઉર્વાજૅમ્ન હુઑમનંઘ્રહુમ્ન, વનામ વીસ્પાઑ દ્બએષાઑ તઉર્વયમ દ્એવનાંમ્ મશ્યાનાંમ્ચ, યાથ્વાંમ્ પઇરિકનાંમ્ચ, સાથ્રાંમ્ કઓયાંમ્ કરફ્નાંમ્ચ.

જેથી અમે પવીત્ર મનશ્નીવાળા, મીત્રાચારીભર્યા વિચારના, આનંદમય તથા સારા વિચારના (હોવાથી), તમામ શત્રુઓને માર્યે. જેથી અમે નેક મનશ્નીવાળા, મીત્રાચારી ભર્યા વિચારના, ખુશાલ તથા સારા વિચારના (હોવાથી), સર્વ વેરીઓને માર્યે, જેથી અમે નેક મનશ્નીવાળા, મિત્રાચારીભર્યા વિચારના, ખુશાલ તથા સારા વિચારના (હોવાથી), દેત્યોની, (બુરા) માણસોની, જાદુગરોની, પરીઓની, જુલમગારોની, કીકોની તથા કરપોની તમામ ખરાબીઓને તોડયે. (મેહર યશ્ત, ક૦ ૩૮.)

યો અરૅજૅમ્ ક્રષાવયેઇતિ, યો અરૅજે પઇતિ હિશ્તઇતિ, યો અરૅજે પઇતિ હિશ્તૅમ્નો, ક્રા રસ્મનો સ્ચિન્દયેઇતિ. યઑજૅન્તિ વીસ્પે કરનો રસ્મનો ઍરૅજો-પ્રૂતહે, ક્રા મઇધ્યાનૅમ્ બ્રાઑઘ્રહયેઇતે સ્પાધહે ખ્રૂવીષ્યેન્તહે.

જે (મેહર યજદ) લડાઇ ચલાવે છે. જે લડાઇમાં ઉભા રેહે છે, જે લડાઇમાં ઉભો રહીને લશ્કરની હારને તોડી નાખે છે, (જેથી) લડાઇ કરવાને માટે નીકળેલી લશ્કરની હારની સર્વ દીશાઓ ભેળસેળ થઇ જાય છે (અથવા ગભરાટમાં પડે છે); (વળી જે) (મેહર યજદ) ઘાતકી લશ્કરના મધ્ય વિભાગને ડરાવે છે. (મેહર યશ્ત, ક૦ ૩૯.)

ઇષવસ્ચિત્ અએપાંમ્ ઍરૅજિફ્યો-પરૅન, હુથખ્તત હચ થન્વનાત, જય-જતાઑઘ્રહો વજેમ્ન, અષૅમ્નો-વીધો બવઇન્તિ, યથ ક્રન્તો ઉપ-

ત્બિશતો અપઇતિ-જન્તો મિથ્નાઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ. અરૂશતયસ્‌ચિત્‌ અએષાંમ્‌ હુક્ષ્નુત તિઘ્ર દરેઘ અરૂશતય, વર્જેમ્ન હચ બાજુબ્યો, અષેમ્નો-વીધો બવઇન્તિ, યથ ત્રન્તો ઉપ-ત્બિશતો અપઇતિ-જન્તો મિથ્નાઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ. જર્શ્ત્વચિત્‌ અએષાંમ્‌ ફ્રદક્ષન્ય, વર્જેમ્ન હચ બાજુબ્યો, અષેમ્નો-વીધો બવઇન્તિ યથ ત્રન્તો ઉપ-ત્બિશતો અપઇતિ-જન્તો મિથ્નાઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ.

બોહલાં, ક્ષેત્રવાળો મેહર યજદ (કોલ તોડનારા તથા અષોઇનો ભંગ કરનારા માણસોથી) જ્યારે ક્રોધ પામેલો, દુ:ખી થયેલો (તથા) માન ન પામેલો હોય છે, (ત્યારે) તે (કોલ તોડનારા) ઓની કમાનની દોરીમાંથી ઝડપથી નીકળતા બાજ પક્ષીનાં પીછાના તીરો, સારી પેઠે ખેંચેલાં કામઠામાંથી નીકળીને, તેમને ન વીંધનારા થાય છે.[1] બોહલાં ક્ષેત્રવાળો મેહર યજદ (કોલ તોડનારાં માણસોથી) જ્યારે ગુસ્સે થયેલો, દુ:ખી થયેલો (તથા) માન ન પામેલો હોય છે, (ત્યારે) તેઓના સારી રીતે તીક્ષ્ણ કરેલા, અણીઆલા (તથા) લાંબી મૂઠવાળા ભાલાઓ બાજુમાંથી નીકળીને, તેમને ન વીંધનારા થાય છે. બોહોલાં ક્ષેત્રવાળો મેહર યજદ (કોલ તોડનારાં માણસોથી) જ્યારે ગુસ્સે થયેલો, દુ:ખી થયેલો (તથા) માન ન પામેલો હોય છે, (ત્યારે) તેઓના ગોફણના પત્થરો બાજુમાંથી નીકળીને, તેમને (સામેવાળાને) ન વીંધનારા બની જાય છે.

(મેહર યશ્ત, ક૦ ૩૯.)

કેરેતચિત્‌ અએષાંમ્‌ હુક્રાયુખ્ત, યોઇ નિઘ્નાઇરે સરહુ મબ્યાકનાંમ્‌ અષેમ્નો-જનો બવઇન્તિ, યથ ત્રન્તો ઉપ-ત્બિશતો અપઇતિ-જન્તો મિથ્નાઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ. વજરચિત્‌ અએષાંમ્‌ હુનિવિખ્ત, યોઇ નિઘ્નાઇરે સરહુ મબ્યાકનાંમ્‌ અષેમ્નો-જનો બવઇન્તિ, યથ ત્રન્તો ઉપ-ત્બિશતો અપઇતિ-જન્તો મિથ્નાઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ.

મિથ્રો અવિ-થ્રાઑંઘ્રહુયેઇતે રશ્નુશ્‌ પઇતિ, થ્રાઑંઘ્રહુયેઇતિ, સ્રઑષો અબ્યો વીસ્પએઇબ્યો નએમએઇબ્યો હાંમ્-વાઇતિ, પઃતિ થ્રાતાર યજત. તે રસ્મનો રએચયેઇન્તિ, યથ ત્રન્તો ઉપ-ત્બિશતો અપઇતિ જન્તો મિથ્નાઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ.

---

૧. વ્યર્થ જાય છે; તેમને તાકી શકતા નથી.

બોહલાં ક્ષેત્રવાળો મેહર યજદ (કોલ તોડનારાં માણસોથી) જ્યારે ગુસ્સે થયેલો, દુઃખી થયેલો (તથા) માન ન પામેલો હોય છે, (ત્યારે) તે (કોલ તોડનારા) ઓની સારી રીતે બનાવેલી તલવારો માણસોનાં માંથામાં લાગે છે, (પણ) તેમને ન કાપનાર[1] બની જાય છે. બોહોલાં ક્ષેત્રવાળો મેહર યજદ (કોલ તોડનારા માણસોથી) જ્યારે ગુસ્સે થયેલો, દુઃખી થયેલો (તથા) માન ન પામેલો હોય છે, (ત્યારે) તેઓના સારી પેઠે ભારી બનાવેલા ગુરજો (ગદાઓ), માણસોનાં માથાંમાં લાગે છે, (પણ) તેમને ન તોડનાર (બને છે).

(કોલ તોડનારા માણસોને) મેહર યજદ અને રશ્ને આગળથી (એક તરફથી) ડરાવે છે, (અને) અશો સરોષ યજદ તે બે રક્ષક યજદો તરફ સર્વે દીશાઓથી જોરથી વા મોકલે છે. (વળી) જ્યારે બોહોલાં ક્ષેત્રવાળો મેહર યજદ(કોલ તોડનારા માણસોથી) ગુસ્સે થયેલો, દુઃખી થયેલો (તથા) માન ન પામેલો હોય છે, (ત્યારે) તેઓ (તે કોલ તોડનારાઓ)નાં લશ્કરની હારને ખાલી કરી નાખે છે (વીખેરી નાખી, લડાઇમાં પરાજય કરે છે.) (મેહર યશ્ત, કરદો ૯, ફ૦ ૪૦–૪૧.)

આઇ મિથ્ર વૉઉરૂ-ગઑયઑઇતે, ઇમે નો અઉર્વન્તો અસ્પ પર મિથ્રાધ નયેન્તે; ઇમે નો ઉગ્ર-બાજવ કરેત મિથ્ર સ્ચિન્દયેઇન્તે.

પસ્ચએત દીશ્ ફ્રસ્પયેઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑય ઑઇતિશ્, પન્ચસઘ્નાઇ સતઘ્નાઇશ્ચ, સતઘ્નાઇ હજંઘ્રઘ્નાઇશ્ચ, હજંઘ્રઘ્નાઇ બએવરેઘ્નાઇશ્ચ, બએવરેઘ્નાઇ અહાંક્તઘ્નાઇશ્ચ, યથ ગ્રન્તો ઉપ-દ્વિઅશ્તો મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ્.

હે બોહળાં ક્ષેત્રવાળા મેહર યજદ! આ અમારા ઝડપી ઘોડાઓને (તુ) મેહર યજદથી (સરોષ તથા રશ્ને) દૂર લઇ જાય છે, (તથા) અમારી આ બળવાન બાજુઓને, હે મેહર યજદ! તલવારથી તેઓ કાપી નાખે છે.

બોહલાં ક્ષેત્રવાળો મેહર યજદ જ્યારે ગુસ્સે થયેલો, (તથા) દુઃખી થયેલો (હોય છે), (ત્યારે) તે તેઓને (કોલ તોડનારાઓનાં લશ્કરના માણસોને) પચાસ ઘણા મારથી તે સો ઘણા મારથી, સો ઘણા મારથી તે હજાર ઘણા મારથી, હજાર ઘણા મારથી તે દશ હજાર ઘણા મારથી, દશ હજાર ઘણા મારથી તે અગણિત ઘણા મારથી, નીચે તોડી પાડે છે (મારે છે). (મેહર યશ્ત, ક૦ ૯, ફ૦ ૪૨–૪૩.)

---

૧. ઇજા કરવાને અશક્ત.

અવએષાંમ્ચ પથો પાઓન્તો યિમ્ ઇસૅન્તિ મિથ્રો-દ્રુજો હઇથીમ્ અષવજનસ્ય દ્રૂવન્તો.

(વળી) તે (કોલ તોડનારા)ઓમાંના અષો માનવીઓને મારનારા દુષ્ટ માણસો (મેહર યજદના) માર્ગ ઉપર ખરેખર (જવાને) ઇચ્છે છે, (તે માર્ગોને) (તે મેહર યઝદના મીત્રો) સંભાળનારા (છે.)

(મેહર યશ્ત, ફ૦ ૪૫.)

અવાઓ પવાઓ, પસ્ચ પવાઓ, પરો-પવાઓ, સ્પશ વીધ-એત, અધઓયન્નો, ફ્રા અંઘ્રહે વીસઇતિ, મિથ્રો યો વૉઉરૂ-ગઓયઓ-ઇતિશ્.

તે (માનવી)ને માટે ન ઠગાયેલો, બોહલાં ક્ષેત્રવાળો મેહર યજદ સહાયક, રક્ષક, પાછળથી રક્ષા કરનાર, આગળથી બચાવનાર, ચોકાસી કરનાર (તથા) સર્વ દીશાઓથી રક્ષા કરનાર બને છે (અથવા આવે છે).

(મેહર યશ્ત, ફ૦ ૪૬.)

આઅત્ યત્ દુઝ્દાઓ ફ્રદરઇતિ યો અઘાવર્શ, થ્વાષ ગામ થ્વાષ્મ યુજયેઇતિ વાષ્મ મિથ્રો યો વૉઉરૂ-ગઓયઓઇતિશ સ્રઓષ-સ્ચ અષ્યો સૂરો, નઇર્યો-સંઘ્રહસ્ચ યો માયુશ; રસ્મો-જતૅમ્ વાધૅમ્ જઇન્તિ અમો-જતૅમ વા.

જ્યારે કોઇ ખરાબ જાણનારો (તથા) બુરૂં કાર્ય કરનારો (માનવ) ધસારો કરીને આવે છે, ત્યારે (તેને જીતવાને માટે) બોહોલાં ક્ષેત્રવાળો મેહર યજદ ઝટ (તથા) ઝડપી પગલાંથી પોતાની ગાડી જોડે છે (ગાડી જોડી તેની સામે જાય છે,) (તથા) શૂરો અષો સરોષ યજદ (તથા) અક્કલવાળો નેરીઓસંગ ફરેશ્તો (પણ પોતાની ગાડી જોડીને જાય છે); અને (મેહર યજદ) (તે બુરૂં કાર્ય કરનાર માનવીને) લશ્કરની હારમાં મારેલું અથવા હિમ્મતથી મારેલું હથ્યાર મારે છે. (મેહર યશ્ત ફ૦ ૫૨.)

મિથ્રૅમ્ વૉઉરૂ-ગઓયઓઇતીમ્ યજમઇદે, અર્શ-વચંઘ્રૅમ્, વ્યાખનૅમ્, હજંઘ્ર-ગઓષૅમ્, હુતાશ્તૅમ્, બએવરે-ચષ્મનૅમ્, બૅરે-જન્તૅમ્, પૅરથુ-વએધયનૅમ્, સૂરૅમ્, અખ્ફ્નૅમ્, જઘાઉર્વાઓંઘ્રૅમ્.

યો વાષ મઇન્યુ-હાંમ્ તાશ્ત બૅરેજિ-ચખ્ર ફ્રવજઇતે; હચ કરષ્વરે યત્.....ખ્નિરથૅમ્ બામીમ્, રથ્વ્ય-ચખ્ર હચિન્નો, ખ્રૅનંઘ્રહચ મઝ્દધાત વૅરેથ્રધ્ન્ચ અહુરધાત.

યેંઘ્નહે વાર્ષમ્ હનગૅરૅવ્નાઇતિ અષિશ્ વંઘ્નહિ યા બૅરૅજઇતિ. યેંઘ્નહે દએન માઝ્દયસ્નિશ્ ખીતે પથો રાધઇતિ. યિમ્ અઉર્વન્તો મઇન્યવાઆઁઘ્નહો......અસય મનિવસંઘ્નહો વર્જૅન્તિ; યત્ દિમ્ દામોઇશ્ ઉપમનો હુ-ઇરિખ્તૅમ્ બાધ ઇરિનખ્તિ યહ્નત્ હચ ક્રૅતૅરૅસેન્તિ વીસ્પે મઇન્યવ દએવ, યએચ વરૅન્ય દ્રવન્તો.

મોઇ-તૂ ઇથ્ર અહુરહે અન્તહે વએઘાઇ જસઍમ યેંઘ્નહે હજંઘ્નરૅમ્ વએઘનાંમ્ પઇતિ હમૅરૅથાઇ જસઇતિ; યો બએવરૅ-સ્પસાનો સૂરો વીસ્પો-વીધ્વાઓ અધઓયમ્નો.

જે (મેહર યજદ) ઉંચા પૈડાંવાળી, (તથા) મીનોએ (અથવા ફરેશ્તાઓએ) બનાવેલી ગાડીમાં (બેશીને), અરેજહિ (નામનાં) કેશ્વરથી (તે) ચળકતા ખનીરથ (નામનાં) કેશ્વર સુધી, અહુરમજદના પેદા કરેલાં ખોરેહ (તથા) અહુરમજદની પેદા કીધેલી ફ્રત્તેહ સાથે જાએ છે.

જે (મેહર યજદ) ની ગાડીને ઉચ પદવીની અશિશવંઘ પકડે છે. જેનો જવાનો માર્ગ માજ્દયસ્ની (જરતોશ્તી) દીન પોતે દેખાડે છે. (વળી) જે (મેહર યજદ)ને સફેદ, ચકચકિત, સોહામણા, પવિત્ર, શ્યાણા, છાયા વિનાના,[1] મીનોઇ જગ્યામાં ચાલનારા, મીનોઇ ઘોડા લઇ જાય છે. (વળી) દામિ ઉપમન (નામનો) (ફરેશ્તો) સારી રીતે ભરપુર થયેલાને જરૂર ભરપુર કરે છે.[2] જેને (એટલે મેહર યજદ) થી સર્વ મીનો દેત્યો તથા જે ગીલાનના દુષ્ટ શખ્સો (તેઓ) બીહે છે.

(તે) ગુસ્સે થયેલા સાહેબના (મેહર યજદના) ઝપાટામાં (અમે) કદી ન આવ્યે! જેના ઝપાટાઓમાંના હજાર (ઝપાટા) શત્રુની ઉપર આવી પડે છે. જે (મેહર યજદ) દશ હજાર ઘણી ચોકાશી રાખનાર, શૂરો, સર્વ જાણનારો (તથા) ન ઠગાય એવો (છે.)

(મેહર યશ્ત, ક૦ ૬૭-૬૮-૬૯.)

યેંઘ્નહે પઉર્વ-નએમાત્ વજઇતે વૅરૅથ્રઘ્નો અહુરધાતો હૂ કૅહ્રૂપ વરાજહે, પઇતિ-ઍરૅનો તિજ્જિ-દાંસ્રહે, અરૂશ્નો નિજ્જિ-અસૂરે, હકૅરૅત્ જનો વરાજહે, અનુ-પોઇથ્વહે, અન્તહે પરૂશ્વનિકહે તખ્મહે, અયંઘ્નહો-

---

૧. મીનોઇ અથવા astral વગેરે ભુમીઓનાં પ્રાણીઓનાં શરીરો એટલાં સૂક્ષ્મ હોય છે, કે તેમનો સ્પર્ષ થઇ શકતો નથી, તેઓ દ્રષ્ય નથી અને તેમનો પડછાયો પણ પડતો નથી. ૨. He that hath, shall have more (grace) from him that hath not, shall be taken away.

પાધહે, અયંઘ્નહો-જસ્તહે, અયંઘ્નહો-જયેહે, અયંઘ્નહો-દૂગહે, અયં-ઘ્નહો-પઃનિશ્ર-ખ્રૅનહે.

યો ક્રાંશતયો હમૅરૅથાધ ઉપ-હુખ્તો આમનંઘ્નહ, હથ્ર નઇસ્ય હાંમ-વરૅતિ સ્તિજ નિજઇન્તિ હમૅરૅથે નએધ મન્યેતે જઘ્ન્વાઓં નએધ ચિમ્ ઘૅનાંમે સઃચેઇતિ, યવત અએમ્ નિજઇન્તિ, મૅરૅજ્ઞુચ સ્તૂનો ગયેહે, મૅરૅજ્ઞુચ ખાઓં ઉશ્તાનહે.

હકત વીસ્પાઓં અઃપિ-કૅરૅન્તઇતિ, યો હકત અસ્નેસચ વરૅસેસચ મસ્તરેઘ્નસચ વૉહુનિશચ જૅમાધ હાંમ-રએશ્ચયેઇતિ મિથ્રો-દ્રુજાંમ મશ્યાનાંમ્.

જે (મેહર યજદ) ની આગલી બાજુએ અહુરમજદનો પેદા કરેલો બેહરામ યજદ, સામે થનારાં (અથવા હુમલો કરનારાં), તીક્ષ્ણ દાંતવાળાં, બાહાદુર, તીક્ષ્ણ નખરીઆંવાળા, એકદમ મારનારાં, માફકસર ચરબી-વાળાં, ગુસ્સે થયેલાં, લશ્કરને મારનારા, બળવાન, લોઢાના પાછલા પગવાળાં, લોઢાના આગલા પગવાળાં, લોઢાના સ્નાયુવાળાં, લોઢાની પુછડીવાળાં (તથા) લોઢાના જડબાંવાળાં જંગલી ભુંડના[1] રૂપમાં જાય છે.

જે (મેહર યજદ) દ્રઢતાથી, ધસારામાં જઇ (દોડતા) વેરીઓની પુઠે લાગીને, (પોતાનાં) મરદાંનગીભર્યાં (પૂરૂષત્વના) બળથી તે વેરીને લડાઇમાં મારે છે. (અને) જ્યાં સુધી (તે વેરીની) સઘળી શક્તિને (તથા તેના) જીવનના ટેકાને, (તેનાં) જોરને તથા (તેના) જીવનાં મૂળને તે ઠાર કરે છે, (ત્યાં સુધી) (તે) મારનાર તરીકે પોતાને વિચારતો નથી, (અથવા) મારવાનું છોડી દેતો નથી. (મેહેર યજદ વેરીને જાનથી મારી નાખે છે, ત્યારેજ તેને બરાબર મારેલો સમજે છે).

જે (મેહેર યજદ) કોલ તોડનારા માણસોના સર્વ (અવયવોને) તાબડતોબ કાપી નાખે છે, તથા (તેમનાં) હાડકાંને, બાલને, ભેજાંને તથા લોહીને જમીનની ધૂળ સાથે મેળવી નાખે છે.

(મેહેર યશ્ત, ક૦ ૭૦, ૭૧, ૭૨.)

---

૧. સરખાવો વીષ્ણું દેવનો "વરાહ" અવતાર, જેનું વર્ણન શ્રીમદ્ભાગવતમાં "વરાહ વગેરે અવતારો, તથા તેના કર્મો, પ્રયોજન અને ગુણો", દ્વિતીય સ્કંધ, અધ્યાય ૭ મો.

તૂમ્ અએષાંમ્ ત્બિશ્યતાંમ્, તૂમ્ અએષાંમ્ ત્બએષંઘ્રઉહતાંમ્ ત્બએષાઓ સ્ચિન્દયેહિ. સ્ચિન્દય અષવજનો; હ્વસ્પો અહિ હુરાથ્યો જચ્નો-સ્વ અહિ સૂરો.

આય-થ્વા જ્બયાઇ અવંઘ્રહે. આય-નો જમ્યાત્ અવંઘ્રહે, અશ-ફ્રાયશ્તિચ જઓથ્રનાંમ્ હુફ્રાયશ્તિચ, અશ-ફ્રઍરેતિચ જઓથ્રનાંમ્ હુફ્રઍરેતિચ, યથ થ્વા અઇવિષ્યમ્ન દરેઘ અઇવિશ્યન હુષિતૅમ્ બૅરેઘ્મ્ય-ષએતૅમ્.

તૂમ્ તા દઇંઘ્રહાવો નિપાહિ, યા હુઍરેતીમ્ યાતયેઇતિ મિથ્રહે વૉઉરૂ-ગઑયઑઇતોઇશ્. તૂમ્ તા ફ્રસ્ચિન્દયેહિ યા રાંશ્યેઇતિશ દઇંઘ્રહાવો. આય-થ્વા જ્બયાઇ અવંઘ્રહે. આય-નો જમ્યાત્ અવખ્યાઇ ઉઘ્રો, અઇવિથ્રૂરો યસ્ન્યો વહ્મ્યો મિથ્રો રઓવાઓ દઇંઘ્રહુપઇતિશ્.

તુ (હે મેહર યજદ) તે અદેખાઓની ખરાબીઓને, તુ, (હે મેહર યજદ!) તે અદેખાઓને લગતાઓની બુરાઇઓને તોડી નાંખે છે. અશોને હાની પહોંચાડનારાઓનો, (હે મેહર યજદ!) તુ પરાજય કર; (હે મેહર યજદ!) તુ પરાજય કર. (હે મેહર યજદ!) (તું) સારા ઘોડા રાખનાર, સારી ગાડી રાખનાર, આરધનાનો લાભ આપનાર (તથા) શુરો છે.

સહાયને સારૂં (હે મેહર યજદ!) તને હું બોલાવું છું. ભેટો-માંની પુરતી આરાધનાની મારફતે તથા સારી આરાધનાની મારફતે, ભેટોમાંની સંપૂર્ણ ભેટ મારફતે તથા સારી ભેટની મારફતે, (તે મેહર યજદ) અમારી સહાયને માટે આવે! જેથી (હે મેહર યજદ) તારામાં રહીને[1] લાંબો વખત સુધી સાહેબી ભોગવનારા, સારૂં મુકામ રાખનારા (તથા) કામ પ્રમાણેની સંપત્તિ ભોગવનારા અમે થઇએ.

જે (દેશો) (તુ) બોહલાં ક્ષેત્રવાળા મેહર યજદની સારી ભેટ લઇ જાય છે, તે દેશોને (હે મેહર યજદ!) તુ બચાવે છે. (વળી) જે દુઃખ દેનારાં (અથવા પાપી) દેશો, તેઓને તું તોડી નાખે છે. સહાયને માટે, (હે મેહર યજદ) તને હું બોલાવું છું. જોરાવર, વિજયી, ઇજશ્નેને લાયક, આરાધનાને લાયક, જોરાવર, (તથા) નુરવાળો દેશપતિ મેહર યજદ, અમારી સહાયને માટે આવે! (મેહર યશ્ત, ક૦ ૭૬. ૭૭, ૭૮.)

---

૧. આ અર્થસૂચક છે. એ મહા પવીત્ર યજદમાં પહોંચવું અને રહેવું કેમ એજ આવડે તો યોગ, મોક્ષ, ખુરશેદ પાયામાં જોડાયા.

યિમ્ દઇંઘ્હેઉશ્ દઇંઘ્હુપઇતિશ્ બાધ ઉસ્તાનજસ્તો જ્બયેઇતિ અવંઘ્હે; યિમ્ જન્તેઉશ્ જન્તુપઇતિશ્ બાધ ઉસ્તાનજસ્તો જ્બયેઇતિ અવંઘ્હે.

યિમ્ વિસો વીસ–પઇતિશ્ બાધ ઉસ્તાનજસ્તો જ્બયેઇતિ અવંઘ્હે; યિમ્ ન્માનહે ન્માનો–પઇતિશ્ બાધ ઉસ્તાનજસ્તો જ્બયેઇતિ અવંઘ્હે; યિમ્ દ્રાચિન પિથે હુચિમ્ન બાધ ઉસ્તાનજસ્તો જ્બયેઇતિ અવંઘ્હે. યિમ્ દરૅધુશચિત્ અષો–ત્કએષો અપયતો હુવાઇશ્ દાતાઇશ્ બાધ ઉસ્તાનજસ્તો જ્બયેઇતિ અવંઘ્હે.

યેંઘ્હે વાક્ષ્ ગૅરૅજાનહે, ઉસ્ અવ રઍાચાઓ અઙનઍાઇતિ, અવ પઇરિ ઇમાંમ્ જાંમ્ જસઇતિ, વી હપ્ત કરૅષ્વાંન્ જસઇતિ, યતચિત્ નૅમંઘ્હ વાચિમ્ બરઇતિ યત્ ગઓષચિત્.

જે (મેહર યજદ) ને દેશનો દેશપતિ (વિનંતી કરી નભોમંડળ તરફ) હાથ ઉંચકીને સહાયને માટે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ) ને કસબાનો ધણી (વિનંતીથી નભોમંડળ તરફ) હાથ ઉંચકીને મદદને કાજે જરૂર બોલાવે છે.

જે (મેહર ઇજદ) ને મોહલ્લાનો ધણી હાથ ઉંચા કરીને, સહાયને માટે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ) ને ઘરનો ઘરધણી હાથ ઉંચા કરીને, સહાયને માટે જરૂર બોલાવે છે.

જે (મેહર યજદ) ને (લોકોને) બારણે ભટકનાર (તથા) ખોરાકને માટે રખડતો (માનવી), હાથ ઉચા કરીને સહાયને માટે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ) ને અષોઇના માર્ગ પ્રમાણે ચાલનાર (પણ) હાડમાર થયેલો ભક્તજન (દરવીશ) પોતાના નીયમાનુસાર, હાથ ઉચા કરીને સહાયને માટે જરૂર બોલાવે છે. જેનો (ભક્તજનનો) વિનંતીનો અવાજ[1] ગમે (તો) નમ્રતાથી ધીમે અવાજે અથવા મોટે સાદે બોલે, (તોપણ) (તે અવાજ) આકાશ સુધી ઉચ જાય છે, આ જમીનની આસપાસ પહોંચે છે (તથા) સાત કેશ્વરો તરફ (ચોમેર) ફેલાય છે.

(મેહર યશ્ત, ફ૦ ૮૩, ૮૪, ૮૫.)

યહ્મત્ હચ ફ્રૅતૅરૅસઇતિ અંઘ્રો મઇન્યુશ્ પૅાઉરૂ–મહ્રકો યહ્મત્ હચ ફ્રૅતૅરૅસઇતિ અએષ્મો દુજ્દાઓ પૅષો-તનુશ્; યહ્મત્ હચ ફ્રૅતૅરૅસ-

---

૧. ભક્તિના બળને આવો પ્રભાવ છે!

ક્રતિ બૂષ્યાંસ્ત દરૅઘો-ગવ; યહ્મન્ હચ ક્રતૅરસૅન્તિ વીસ્પે મઇન્યવ દ્દએવ, યએચ વરૅન્ય દ્રુવન્તો.

મા મિથ્રહે વૉઉરૂ-ગઑયઑતોઇશ્ ગ્રન્તહે વએઘાઇ જસએમ. મા-નો ગ્રન્તો અઇપિ-જન્યાત્ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ; યો અઑજિશ્તો યજતનાંમ્, યો તન્ચિશ્તો યજતનાંમ્, યો થ્વક્ષિશ્તો યજતનાંમ્, યો આસિશ્તો યજતનાંમ, યો અસ્ વૅરૅથ્રજાં સ્તૅમો યજત-નાંમ્, ક્રક્તઇતે પઇતિ આય જૅમા મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ.

જેનેથી પુર મરકીવાળો અંગ્રમીનો બીહે છે, જેનેથી ખરાબ જાણનારો (તથા) દુષ્કર એશમ દૈત્ય[1] બીહે છે, જેનેથી લાંબા હાથવાળો અષ્યાંસ્ત (આલસનો દૈત્ય) બીહે છે, જેનીથી સર્વ મીનો દૈત્યો (તથા) ગીલાન (શેહર) ના દ્રવંદો બીહે છે.

બોહોલાં ક્ષેત્રવાળો ગુસ્સે થયેલો મેહર યજદના ઝપાટાને (અમે) ન પહોંચ્યે! (તેના ગુસ્સાના ઝપાટામાં અમે ન આવ્યે!) જે (સર્વ) યજદોમાં સર્વથી વધુ બળવાન, જે (સર્વ) યજદોમાં સર્વથી વધુ જડ-પવાળો, (તથા) જે (સર્વ) યજદોમાં સર્વથી વધુ વિજયી (અથવા વેરીને મારનાર), (એવો) જે બોહલાં ક્ષેત્રવાળો મેહર યજદ (તે) આ પૃથ્વી ઉપર (પણ) અધિકારી છે. (મેહર યશ્ત, ક૦ ૯૭-૯૮.)

અવિ-દ્દીશ્ અએમ્ ક્ષયમ્નો હમથ બરઇતિ ઇપવો અૅરૅજિફ્યો-પૅરૅન; આઅત યત અથ્ર પરજસદતિ વજૅમ્નો, યથ્ર દઇંઘ્રહાવો અવિ-મિથ્રન્યાઑ. હો પઑઇરયો ગધાંમ્ નિજઇન્તિ અસ્પએચ પઇતિ વીર-એચ, હથ્ર તરૅશ્ત થ્રાઑંઘ્રહયેઇતે વય અસ્પ વીરચ.

જે તરફ કોલ તોડનારને લગતા દેશો (હોય છે), તે તરફ જ્યારે (મેહર યજદ) ગાડીમાં બેશીને જાય છે, (ત્યારે) તે રાજ્ય પામેલો, તેઓની તરફ (તે દેશોની તરફ) નિત્ય બાજ પક્ષિનાં પીછાંવાળા

---

૧. અવસ્તાનો શબ્દ "દેવો" છે, પણ હિન્દુશાસ્ત્રમાં 'દેવ' એટલે યજદ છે, માટે તે શબ્દ અત્રે વપરાય તો હિંદુભાઈઓને 'દેવ' શબ્દ ગુંચવાડા ભર્યો લાગે વળી.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।

स्वाध्यायाभ्यासनं चैव वाङ्मयं तप उच्यते ॥

(ગીતા ૧૭-૧૫)

વચન જે દુઃખ ન કરે, સત્ય અને પ્રિય હોય તે અને શાસ્ત્રનો અભ્યાસ, એનેજ વાણીની (ખરી) તપ કહિ છે.

તીરો લઇ જાય છે; તે પહેલવેહલાં (તે દેશના) ઘોડાઓ તથા માણસો ઉપર ગુરૂજ (ગદા) મારે છે, (અને) ત્યાર પછી તુરતજ (તે) બીધેલા ઘોડા તથા માણસો (એ) બન્નેને બીહીવડાવે છે (તેઓમાં મ્હોટો ગભરાટ ઉત્પન્ન કરે છે.) (મેહર યશ્ત, ફ૦ ૧૦૧.)

અઉરૂષાસ્પૅમ, તિઝિ–અર્શ્તીમ, દરૅઘ–અરશ્તએમ, ક્ષ્વિવિ–ઇષ્વૂમ, પરો–કૅવીધેમ, હુનઇરયાઑન્ચિમ રથએશ્તાંમ.

(મેહર યજદ) (જે) સફેદ ઘોડાઓ રાખનાર, તીક્ષ્ણ ભાલો રાખનાર, લાંબો ભાલો રાખનાર, ઝડપથી જતો તીર રાખનાર, વીંધી નાખે એવું હથ્યાર રાખનાર, (તથા) પુરતી મરદાંનગીથી ચાલનાર પેહલવાન (તે) ને (અમે માન સાથે યાદ કર્યે છીએ.)

(મેહર યશ્ત, ફ૦ ૧૦૨)

આઅત્ અર્જૅમ્ મન્ય મનંઘ્રહો; નોઇત્ મશ્યો ગએથ્યો સતે અઓજો મન્યેતે દુશ્મતૅમ્ યથ મિથ્રસ્ચિત્ મઇન્યવો અઓજો મઇન્યેતે હુમતૅમ્. નોઇત્ મશ્યો ગએથ્યો સતે અઓજો મ્રઓઇતિ દુઝ્ઝૂખ્તૅમ, યથ મિથ્રસ્ચિત્ મઇન્યવો અઓજો મ્રઓઇતિ હૂખ્તૅમ્ નોઇત્ મશ્યો ગએથ્યો સતે અઓજો વૅરૅજ્યેઇતિ દુઝ્વર્શ્તૅમ્.

ત્યારે હું (નીચે પ્રમાણે) મનમાં વિચારૂં છું. જેમ મીનો મેહર યજદ (પોતાનાં) એક બળથી સારો વિચાર મનમાં લાવે છે, (તેમ) માટીનો (ખાકી) માણસ (પોતાનાં) સો ઘણા બળથી બુરો વિચાર વિચારી શકતો નથી. જેમ મીનો મેહર યજદ (પોતાનાં) એક બળથી પવીત્ર શબ્દ ઉચરે છે, (તેમ) માટીનો માણસ (પોતાનાં) સો ઘણાં જોરથી ખરાબ શબ્દ બોલી શકતો નથી. જેમ મીનો મેહર યજદ (પોતાનાં) એક બળથી સારૂં કાર્ય કરે છે, (તેમ) માટીનો માણસ (પોતાનાં) સો ઘણાં બળથી બુરૂં કાર્ય કરી શકતો નથી. (મેહર યશ્ત, ફ૦ ૧૦૬.)

કહ્માઇ અર્જૅમ ઉગ્રૅમ ક્ષથ્રૅમ ખઇનિસખ્તૅમ, પૅાઉરૂ–સ્પાધૅમ અમઇનિઘ્નહે મનંઘ્રહો પઇતિ દથાનિ, વહિશ્તૅમ સાથ્રસ્ચિત્ હમો–ક્ષથ્રહે કર્મૅરૅધોજનો અઉર્વહે વનતો અવનેમ્નહે. યો નિશ્તયેઇતિ કૅરૅતએ સઓશ્યાંમ, ઇથરે હા નિશ્તાત કિસ્થેઇતિ, યેજિ અન્તો નિશ્તયેઇતિ.

(મેહર યજદ કહે છે):–પુરતી રીતે રાજ્ય કરનાર (આપખ્ત્યાર), ભુંડા માણસોનું માથું ભાંજનાર, નામાંકિત, જય મેળવતા (તથા)

પરાજય ન મેળવતા પાદશાહની જોરાવર, ભપકાદાર સામાન સાથની, મનમાં વિચારી ન શકાય એટલાં (મોટાં) પુર લશ્કર સાથની, સર્વથી શ્રેષ્ઠ પાદશાહી હું કોણને આપું, જે (દેશપતિ) પાપીને શિક્ષા કરવાને આજ્ઞા કરે છે? જ્યારે તે ક્રોધાયમાન (મેહર યજદ), પાપીને શિક્ષા કરવાને ફરમાવે છે, (ત્યારે) તે નિર્માણ કરેલી (શિક્ષા) જલદીથી કરવામાં આવે છે. (મેહર યશ્ત, ક૦ ૧૦૯.)

કહ્માઇ અર્જેમ્ ઉગ્રેમ્ ક્ષથ્રેમ્ ખ્શ્નિસખ્તેમ્, પૉઉરૂ-સ્પાધ્રેમ્ અમઇનિશ્નહે મનંઘ્રહો અપષ્બરાનિ, વહિશ્તેમ્ સાશ્રસૂચિત્ હુમો-ક્ષથ્રહે કમૅરેધો જનો અઉર્વહે વનતો અવનેમ્નહે. યો નિશ્તયેઇતિ; ......ક્ષ્નૂતહેચિત્ અતિબ્શ્તહે મિથ્ર મનો યઑાજયેઇતિ, અક્ષ્નૂઇતીમ, પઇતિ મિથ્રહે.

પુરતી રીતે રાજ્ય કરનાર (આપખ્ત્યાર), બુરા માણસોનું માથું ભાંજનાર, નામાંકિત, જય મેળવવા (તથા) પરાજય ન પામતા પાદશાહની મજબુત, ભપકાદાર સામાન સાથની, મનમાં વિચારી ન શકાય એટલાં (મોટાં) પુર લશ્કરની સર્વથી શ્રેષ્ઠ પાદશાહી હું કોણની પાસેથી છીનવી લઉં, જે (પાદશાહ) પાપીને શિક્ષા કરવાને આજ્ઞા દે છે. જ્યારે તે ક્રોધાયમાન (મેહર યજદ) (પાપીને શિક્ષા કરવાને) આજ્ઞા આપે છે, (ત્યારે) તે નિર્મિત્ત (શિક્ષા) જલદીથી કરવામાં આવે છે. (બુરી તથા અનિયમિત ભેટ આપનાર માનવી) મેહર યજદની નાખુશનુદીથી (એટલે તેની અયોગ્ય આરાધનાથી) તે સંતુષ્ટ થયેલા (તથા) દુ:ખી ન થયેલા મેહર યજદના મનને ઉશ્કેરે છે. (મેહર યશ્ત, ક૦ ૧૧૧.)

હિશ્તઇતે અઑામ્ વાષહે મિથ્રહે વૉઉરૂ-ગઑયઑાતોઇશ હજંઘ્રેમ થન્વરેઇતિનાંમ્, અસ્તિ યો ગવસ્નહે સ્નાવ્યજય, હુકેરેતનાંમ્, મઇન્ય-વસાઑ વર્જેન્તિ, મઇન્યવસાઑ પતૅન્તિ, કમૅરેધે પઇતિ દએવનાંમ્.

હિશ્તઇતે અઑામ્ વાષહે મિથ્રહે વૉઉરૂ-ગઑયઑાતોઇશ હજં-ઘ્રેમ્ ઇષુનાંમ્ કહ્રકાસો-પર્નનાંમ્ જરન્યો-જફ્રનાંમ્ સ્રૂવી-સ્તયાંમ્, અસ્તિ અયંઘ્રહએન સ્પરેઘ હુકેરેતનાંમ્. મઇન્યવસાઑ વર્જેન્તિ, મઇ-ન્યવસાઑ પતૅન્તિ કમૅરેધે પઇતિ દએવનાંમ્.

બોહલાં ક્ષેત્રવાળા મેહર યજદની ગાડીની બહારની દીશાએ ગાય-બળદનાં આંતરડાંનાં તાંતની જેહ સાથના સારી પેઠે બનાવેલાં કામઠાં-

ઓમાંના એક હજાર (કામઠાં) ઉભાં રેહ છે. (તે કામઠાંમાંથી નીકળતા તીરો) મીનોઇ (આકાશી) જગ્યામાંથી પસાર થાય છે, (તથા) આકાશી જગ્યામાંથી (પસાર થઇને) દૈત્યોનાં માથાંઓ ઉપર પડે છે.

બોહલાં ક્ષેત્રવાળા મેહર યજદની ગાડીની બહારની બાજુએ ગીધનાં પીછ સાથના, સોનેરી અનીવાળા, શિંગડાંના હાથા સાથના (તથા) લોહાના કાપલા સાથના, સારા બનાવેલા તીરોમાંના હજાર (તીર) ઉભા રહે છે. (તે તીરો) મીનોઇ (આકાશી) જગ્યામાંથી (પસાર થઇને) દૈત્યોનાં માથાંઓ ઉપર પડે છે. (મેહર યશ્ત ફ૦ ૧૨૮-૧૨૯.)

હિશ્તઇતે અઍામ્ વાત્રહે મિથ્રહે વાઉરૂ-ગઍાયઑઇતોઇશ હજંધ્રૅમ અરશતિનાંમ્ બરોઇથ્રો-તએજ઼નાંમ્ હુકૅરૅતનાંમ્. મઇન્યવસાઑ વજૅન્તિ, મઇન્યવસાઑ પતૅન્તિ, કમૅરૅધે પઇતિ દએવનાંમ્. હિશ્તઇતે અઍામ્ વાત્રહે મિથ્રહે વૅાઉરૂ-ગઍાયઑઇતોઇશ હજંધ્રૅમ ચકુશ્નાંમ્ હુઍાસફ્નએનિનાંમ્ બિતએઘનાંમ્ હુકૅરૅતનાંમ્. મઇન્યવસાઑ વજૅન્તિ, મઇન્યવસાઑ પતૅન્તિ કમૅરૅધે પઇતિ દએવનાંમ.

બોહળાં ક્ષેત્રવાળા મેહર યજદની ગાડીની બહારની બાજુએ કાપી નાખે તેવા, તીક્ષ્ણ, સારા બનાવેલા ભાલાઓમાંના હજાર (ભાલા) ઉભા રહે છે. (તે ભાલા) મીનોઇ (આકાશી) જગ્યામાંથી પસાર થાય છે, (તથા) આકાશી જગ્યામાંથી (પસાર થઇને) દૈત્યોનાં માથા ઉપર પડે છે. બોહોલાં ક્ષેત્રવાળા મેહર યજદની ગાડીની બહારની દીશાએ (શત્રુ ઉપર ગુમાવીને મારવાના) બે ધારવાળા પોલાદના, સારા બનાવેલા ચક્રોમાંના[1] હજાર (ગુમાવાનાં ચક્રો) ઉભાં રહે છે. (તે ગુમાવવાનાં ચક્રો) મીનોઇ (આકાશી) જગ્યામાંથી (પસાર થઇને) દૈત્યોનાં માથા ઉપર પડે છે. (મેહર યશ્ત, ફ૦ ૧૩૦.)

૧. શ્રી કૃષ્ણ, જેમને હિંદુ ભાઇઓ મોટે ભાગે શ્રી વિષ્ણુના અવતાર લેખે છે, તેમના હાથમાં પણ શંખ, ચક્ર, ગદા અને પદ્મ હતાં. જુવો શ્રીમદ્ ભાગવત્નો દશમ સ્કંધ પૂર્વાર્દ્ધ, અધ્યાય ત્રીજો, શ્લોક ૯ અને ૧૦. શ્રી કૃષ્ણના વર્ણન સાથે રામ યશ્તમાં રામ (વાય) યઝદનું બયાન ઘણું મળતું આવે છે, જે બહુ અર્થસૂચક છે. વળી ત્રેતયૂગમાં શ્રી વિષ્ણુએ રામાવતાર લીધો હતો અને તેમણેજ કળીયૂગના આરંભમાં શ્રી કૃષ્ણ રૂપે અવતાર લીધો હતો, એવી હિંદમાં માન્યતા છે. તો રામ શબ્દ (રમૈયા, રમ, લીલા કરનાર) જરથોશ્તિ તેમજ હિંદુશાસ્ત્રોમાં જાણવાજોગ મળતાપણું ધરાવે છે. ભાષા શાસ્ત્રીઓ મોટે ભાગે બન્ને અવસ્તા અને સંસ્કૃત ભાષામાં, એ શબ્દોનો મૂળ અર્થ એકજ, 'રમવું', એમ ગણે છે.

અવિ બાધ ક્રતૅરૅસ્પ્રતિ અંઘ્રો મઇન્યુશ પૉઉરૂ-મહ્રકો અવિ બાધ ક્રતૅરૅસપ્રતિ અએશ્મો દુઝ્દાઓ પેષો-તનુશ; અવિ બાધ ક્રતૅરૅસપ્રતિ બૂશ્યંસ્ત દરૅઘો-ગવ; અવિ બાધ ક્રતૅરૅસૅન્તિ વીસ્પે મઇન્યવ દએવ, યએચ વરૅન્ય દ્રવન્તો.

(મેહર યજદની) સમક્ષ પુર મરકીવાળો અંગ્રેમીનો જરૂર બીહે છે, (તેની) સમક્ષ ખરાબ જાણનારો (તથા) દુષ્કર એશમ દૈત્ય ખચીત બીહે છે; (તેની) સમક્ષ લાંબા હાથવાળો બુષ્યાંસ્ત (આલસનો દૈત્ય) ખચીત બીહે છે: (તેની) સમક્ષ સર્વે મીનો દૈત્યો (તથા) ગીલાન (શેહેર) ના દરવંદ ખચીત બીહે છે. (મેહર યશ્ત, ફ૦ ૧૩૪)

યજાઇ મિથ્રૅમ, સ્પિતમ, વંઘ્રહુશ તખ્મૅમ, મઇન્યઑમ અશ્રીમ, હુવામરૅઝ્દિકૅમ અમિથ્વૅમ, ઉપરો-ન્માનૅમ, અઑજંઘ્રહૅમ તખ્મૅમ રથએશ્તાંમ.

વૅરૅથ્રવાઓ જએન હુચિશ્રો હુતાશ્ત, તૅમંઘ્રહાવ જધાઉરૂમ અવઑયમ્નૅમ. અઑજિશ્તનાંમ અસ્તિ અઑજિશ્તૅમ, તંચિશ્તનાંમ અસ્તિ તંચિશ્તૅમ, બઘનાંમ અસ્તિ અશ્ખ્રશ્વસ્તૅમો.

(દાદાર અહુરમજદ કેહે છે) હે સ્પીતમાન (જરતોશ્ત!) ભલા, જોરાવર, મીનો, પ્રથમ પદવીના, પોતે જાતે ક્ષમા કરનાર, જુઠાઇથી વેગળા, ઉંચ સ્થાનવાળા, જોરાવર (તથા) બળવાન લડવૈયા મેહેર યજદને તું ઇજ (ભજ.) (મેહર યશ્ત ફ૦ ૧૪૦.)

(મેહર યજદ) વિજયી (તથા) સારાં બનાવેલાં હથિયાર રાખનારો (છે); અંધારામાં ચોકાશી રાખનાર (તથા) બળવંત છે; ઘણીજ તાકાત રાખનારાઓમાં ઘણોજ સર્વથી વધુ બળ ધરાવનાર છે. (મેહર યશ્ત, ફ૦ ૧૪૧.)

યેઇધિ જી મે નોઇત દઇધીત ઉપસ્તાંમ ઉઘ્રાઓ અષાઉનાંમ ફ્રવષયો નોઇત મે પઇધ આઑંઘ્રહાતૅમ પસ્વીર, યા સ્તો સરૅધનાંમ વહિશ્ત દુજો અઑગરે, દુજો ક્ષથ્રૅમ, દુજો અસ્તવાઓ અંઘ્રઉશ આઑંઘ્રહાત.

ની અન્તરૅ જાંમ અરમનૅમચ, દુજાઓ મનિવાઓ હુઝ્ધાત, ની અન્તરે જાંમ અરમનૅમચ, દુજાઓ મનિવાઓ વઓન્યાત, નોઇત પસ્ચએત વનોવન્તાઇ ઉપ-દ્રૂયાત અંઘ્રો મઇન્યુશ સ્પૅન્તાઇ મઇન્યવે.

કારણ કે જો અશો (લોકો) નાં વિજયી ફરોહરો મને મદદ ન આપત તો, મારાં પશુ તથા માણસો જે ઉત્તમ જાતના છે, (તેઓ) અત્રે (આ જગતમાં) હયાતી ન ભોગવતે, (પણ) દરૂજનું બળ, દરૂજની સત્તા (તથા) દરૂજની હાડમંદ જગત હોત.

પૃથ્વિ તથા આસ્માનની મધ્યે દરૂજ તથા (દુષ્ટ) મીનોની (સત્તા) ચાલત; જમીન તથા આસ્માનની વચ્ચે દરૂજ તથા (દુષ્ટ) મીનોનું (જોર) ફાવત; (અને) ત્યાર પછી વિજયી તથા પ્યારા સ્પેનામીનોને અંગ્રેમઇન્યુશ તાબે ન થાત. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૨-૧૩.)

યાઑ અશ્‌-ઑર્તો, યાઑ ઉઘ્રાર્તો, યાઑ હુવાર્તો, યાઑ વજાર્તો, યાઑ તખ્માર્તો, યાઑ જઑયાર્તો; યાઑ જઑયાઑ વંઘ્રહુથ્વએષુ, યાઑ જઑયાઑ વૅર્થ્રઘ્નયએષુ યાઓ જઑયાઑ પૅષનાહુ.

જે (ફરોહરો) પુરતી રીતે ટેકો આપનારાં, જેઓ દ્રઢતાથી ધસારો કરનારાં, જેઓ પોતે ધસારો કરનારાં, જેઓ બહાદુરીથી ધસારો કરનારાં, જેઓ આરાધના કીધાથી ધસારો કરનારાં (છે.) (વળી) જેઓ ભલાઇઓમાં આરાધનાને પાત્ર છે, જેઓ જયમાં (એટલે ફત્તેહ મેળવવાની બાબદોમાં) આરાધનાને પાત્ર (છે). જેઓ લડાઇઓમાં આરાધનાને પાત્ર (છે.) (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૨૩.)

યાઑ દાથ્રોઇ વૅરૅથ્રૅમ જબયન્તે, દાથ્રીશ્‌ આયપ્તૅમ ચકુષે, દાથ્રોશ્‌ બન્તાઇ દ્રવતાતૅમ, દાથ્રોશ્‌ અક્ષાઇ વૅાહુ ખ્ર્ણેનો, યો હીશ્‌ યજાનો કુક્ષન્‌વાંનો જબયેઇતિ બરો-જઑથ્રો અષવ.

જે (ફરોહરો) વિનંતી કરીને બોલાવનારને જય આપનારાં, (તેઓને) ચાહનારને મુરાદ બખશનારાં, (તથા) આજારી માણસને તંદરોસ્તી આપનારા (છે). (વળી) જે કોઇ તેમને આરાધનાર, રીઝવનાર, ભક્તિ કરીને સહાયે બોલાવનાર, ક્રિયાની ભેટ લઇ જનાર (તથા) અષો (હોય છે, તે) ને (તેઓ) ભલું ખોરેહ[1] બક્ષનારાં છે.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૨૪.)

તાઑ વંઘ્રઉહીશ્‌, તાઑ વહિશ્તાઑ યજમઇદે, યાઑ અષાઉનાંમ્‌ વંઘ્રઉહીશ્‌ સૂરાઑ સ્પૅન્તાઑ ફ્રવષયો. તાઑ જી સ્તર્તએષુ

---

1. Halo, ઓજસ.

બરૅસ્મોહુ જઅૅાયાઅૅા, તાઓ વૅરૅથ્રઘ્નયએષુ, તાઅૅા પૅષનાહુ, તાઅૅા દધ યત્ નરો તખ્મ પૅરૅતૅન્તે વૅરૅથ્રઘ્નયએષુ.

અશો (લોકો) નાં ભલાં શુરાં (તથા) (જગતની) આબાદી કરનારાં ફરોહરોની અમે માનપૂર્વક યાદ કર્યે છીએ; જેઓ ગાડીમાં બેશીને જનારાઓમાં સર્વથી વધુ બળવંત, ચાલનારાઓમાં સર્વથી વધુ ચપળ, પાછળ હઠનારાઓમાં ખોટી ધાંધલ મુદલ ન કરનારાં, ટેકો આપનારાઓમાં સર્વથી વધુ મજબુત, મારવાના હથ્થીઆર રાખનારાઓમાં તથા રક્ષણનાં હથ્થીઆર રાખનારાઓમાં મુદલ માર ન ખાનારાં (છે). (વળી) જે (જગ્યા)માં તેઓ જાય છે, (તે જગ્યાથી) સુખાકારીને તેઓ જતી ન રહેતી કરે છે (અર્થાત કાયમ રાખે છે.)

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૨૭.)

અષાઉનાંમ્ વંઘુહીશ્ સુરાઅૅા સ્પૅન્તાઅૅા ફ્રવષયો યજમઇદે. ઉધ્ર-જઅૅાષાઅૅા તિબ્ઘ્યંબ્યો, ઉપઇરિ-કઇરયાઅૅા સૅવિશ્તાઅૅા, યાઅૅા ઉપઇરિ હમરૅનાધ અઉર્વથનાંમ્ તિબ્ઘ્યંતાંમ્ ઉધ્રાઅૅા બાજાઁશ્ સ્ચિન્દયઇન્તિ.

અશો (લોકો) નાં ભલાં, ૂરાં (તથા) (જગતને) સંપત્તિ આપનાર ફરોહરોને અમે માનપૂર્વક યાદ કર્યે છીએ. (જે ફરોહરો) દુઃખ દેનારાઓની સામે દઢ મરજીવાળાં, વધારે કાર્ય કરનારાં (કાર્ય કરવામાં ઘણી શક્તિ ધરાવનારાં), (તથા) સર્વથી વધુ લાભ કરનારાં (હોય છે). (વળી) જેઓ લડાઇની અંદર દુઃખ દેનારા વેરીઓની મજબુત બાહુ (બાજુ)ઓને ભાંજી નાંખે છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૩૧.)

અષાઉનાંમ્ વંઘુહીશ્ સુરાઅૅા સ્પૅન્તાઅૅા ફ્રવષયો યજમઇદે. પૅાઉરુ-સ્પાધાઅૅા યસ્તો-જયાઅૅા ઉજ્ગૅરૅપ્તો-દ્રફ્ષાઅૅા બામ્યાઅૅા યાઅૅા ઉધ્રાહુ પૅષનાહુ તધ નિજસૅન્ ક્ષ્તેવિબ્યો, તધ યોઇ તખ્મ દ્દાનવયો દાનુબ્યો અર્જૅન્ પૅષનાઅૅા.

અશો (લોકો) નાં ભલાં, શૂરા (તથા) સંપત્તિ આપનારા ફરોહરોને અમે માનપૂર્વક યાદ કર્યે છીએ, (જે ફરોહરો) પુષ્કળ લશ્કરવાળાં, હથ્થીઆરબંદ થએલાં, ઉચ્ચ વાવટો ધરનારાં (તથા) પ્રકાશિત (છે). જે તરફ બળવાન પેહલવાનો, દાનુઓ (એટલે ધર્મના શત્રુઓ) ની સામે લડાઇ ઉઠાવે છે, તે તરફ ભયંકર લડાઇઓમાં તે પેહલવાનો (ની સહાય) ને માટે (ફરોહરો) થાય છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૩૭.)

યૂઝૅમ્ તંઘ્ર તઉર્વયત્ વૅરૅથ્રૅમ દાનુનાંમ્ તૂરનાંમ્, યૂઝૅમ્ તંઘ્ર તઉર્વયત બએષાઓ દાનુનાંમ્ તૂરનાંમ્. યૂષ્મઓયો પરો કર્ષ્નજો હ્વીર બઓાન્ સૅવિશ્ત, યોઇ તખ્મ ક્ષ્તાવયો, યોઈ તખ્મ સઓશ્યન્તો, યોઈ તખ્મ વૅરૅથ્રાજનો. બૂમાઓ અસેબિશ ફ્રજિન્ત દાનુનાંમ્ બએવર-પઈતિનાંમ્.

ત્યાં (લડાઇઓમાં) તુરાની દાનુઓનાં ફત્તેહમંદ જોરને હે (ફરોહરો!) તમે તોડી નાખો છો; ત્યાં (લડાઇઓમાં) તુરાની દાનુઓની બુરાઇઓને તમે તોડી નાખો છો. તમારે લીધે, તમારી સહાયતાથી સરદારો, બળવાન પેહલવાનો, બજ્યા સોશ્યન્તો (તથા) મજબુત જય મેળવનારા, પુરતી બાહાદુરી ધરાવનારા તથા સર્વથી વધુ લાભ આપનારા થાય છે.

(ફ્રવદીંન યશ્ત ફ૦ ૩૮.)

અયો-ખઓદ્રાઓ અયો-જયાઓ અયો-વૅરૅથ્રાઓ, યાઓ પૅરૅતન્તે વૅરૅથ્રઘ્નયએષુ રઓક્ષ્નિ-અઇવિદ્રાતએષુ થખ્તાઓ અરૅજજીશ બઅન્તીશ, હજંઘ્રઘ્નયાઈ દએવનાંમ્.

જે (ફરોહરો) લોઢાની લડાઇની ટોપી રાખનારાં, લોઢાના હથ્યાર રાખનારાં (તથા) લોઢાનું કવચ (બખ્તર) રાખનારાં (છે), (તથા) જેઓ દૈત્યોને હજાર ઘણા મારવાને માટે, તેજોમય પોશાકમાં જય (મેળવવા માટે)ની લડાઇઓમાં, હાર ખેંચેલી લશ્કરની ફોજો, પોતાની સાથે લાવીને લઢે છે.

(ફ્રવદીંન યશ્ત ફ૦ ૪૫)

તાઓ દંઘ્રહાવો હથ્ર જતાઓ નિજઘ્નૅન્તે, પન્ચસઘ્નાઈ સતઘ્નાઈશ્ચ, સતઘ્નાઈ હજંઘ્રઘ્નાઈશ્ચ, હજંઘ્રઘ્નાઇ બએવરૅઘ્નાઈશ્ચ, બએવરૅઘ્નાઈ અહાંક્ષ્તઘ્નાઇશ્ચ, યથ્ર ફ્રઓઈરિસિન્તિ ઉધ્રાઓ અષાઉનાંમ્ ફ્રવષયો, હથ્ર મિથ્રાચ રશ્નુચ ઉધ્રચ દામોઇશ્ ઉપમનો હથ્ર વાત વૅરૅથ્રાજનો.

વળી જે (દેશો) ની સામે અશો (લોકો) નાં બળવંત ફરોહરો મેહર (યજદ), રશ્ને (રાસ્ત યજદ), જોરાવર દામિ ઉપમન (યજદ) તથા વિજયી ગોવાદ (યજદ) ભેગા(મળીને) જાય છે, તે દેશો પચાસથી સો ઘણા, સોથી હજાર ઘણા, હજારથી દશ હજાર ઘણા, દસ હજારથી અગણિત ઘણા માર ખાધેલા થઇને, તુરત હાર પામે છે.

(ફ્રવદીંન યશ્ત, ફ૦ ૪૮.)

અષાઉનાંમ્ વંઘ્રહીશ સૂરાઓ સ્પૅન્તાઓ ફ્રવષયો યજમઇદે. યાઓ અહુરહે ક્ષયતો દધિનાંમ્ ઉપ યૂઈધ્યેઈન્તિ.

અશો (લોકો) નાં ભલાં, શૂરાં (તથા) (દુન્યાનાં) કલ્યાણકારી ફરોહરોને અમે માન સાથ યાદ કર્યે છીએ. જે (ફરોહરો) રાજ્યદંડ રાખનાર ધણીની (જમાનાના રાજય ચલાવનાર દેશપતિની) જમણી બાજુ તરફ લઢે છે. (ફ્રવર્દીન યશ્ત ફ૦ ૬૩.)

તાઓ યુઇધ્યેઇન્તિ પૅષનાહુ, હ્વે અસહિ ષોઇથ્રએચ, યથ અસો મએથનૅમચ અઇવિષિતેએ દધાર. માંનયૅન્ અહે યથના તખ્મો રથએ-શ્તાઓ હુશ-હાંમ્ ઑર્‌તલ્ હચ ષએતાત્યસ્તો-જએનિશ્ પઇતિ-ધ્નીત.

જે પ્રમાણે બળયો (તથા) હથ્યારથી સજ થયેલો પેહલવાન, પોતાની સારી પેઠે એકઠી કરેલી કીમતી મતાને કાજે (દુશ્મનની) સામે લઢે છે, (તે પ્રમાણે) તેઓ (ફરોહરો) લડાઇઓમાં પોતાની જગ્યાએ તથા પોતાનાં શેહરમાં લઢે છે; જે જગ્યા તથા ઠેકાણું ચોકાશી કરવાને માટે (તે દરેક, ફરોહર) નિર્મિત થયેલું છે. (ફ્રવર્દીન યશ્ત ફ૦ ૬૭.)

યો ફ્રએશ્તૅમ્ ઉસધનાંમ્ ગાથો-રથન્તાંમ્ અર્ષમઑધનાંમ્ અનષ-ઑનાંમ્ અનાહુનાંમ્ અરતુનાંમ્ સિમનાંમ્ અવસ્ચસ્તો-ફ્રવષિનાંમ્ અવ-જધ્નત્, પઇતિશ્તાતેએ અષવ-કર્‌શ્તહે ત્બએષંઘહો.

જે (માંથ્રવાક) અશો માણસની (વિરૂદ્ધમાં) ઉત્પન્ન થએલી ખરાબીની સામે થવાને માટે, ઘણા બુરા, ગાથાના ગાયનને અપવિત્ર કરનારા, નાપાક, ધણી વગરના, ધર્મગુરૂ[1] વગરના, ભયંકર, તોડી નાખવા યોગ્ય ફરોહરવાળા (એ બધા દુર્ગુણોવાળા) આશ્મોગોને ઘણોજ મારતો હતો. (ફ્રવર્દીન યશ્ત ફ૦ ૧૦૫.)

---

૧. ઉપરીઓ અને ગુરૂ વિના જગતમાં જીવનાર માનવીને, માંથ્રવાક (પહેલવાન તેમજ માંથ્ર ભણનાર) તોડી નાખીને માર મારે છે. તો ઉપરીઓ અને અધિકારીઓ તેમજ ગુરૂને સંપાદન કરવાનું કેટલું જરૂરનું છે, તે અત્રે સિદ્ધ થાય છે. સ્વતંત્રતા અને છુટાપણા (freedom)ની ધૂંઈમાં રમતા પાશ્ચિમાત્ય દેશોની પ્રજાઓની કેવી દુર્ગતિ આ અંકુશરહિત જીવનથી થઈ છે, તે બહુ મનનીય છે. ધીમે, ધીમે તેમનામાં નૈતિક બંધારણ ઢીલું થતું જાય છે, તે આંધળાને પણ દેખાય છે. દા૦, નાચ અને સ્ત્રીલંપટ તેમને કયાં ઘસડી લઈ જાય છે, તે ઉઘાડું છે. અંકુશવિનાના બાપડા જીવોની હોડી, સંસાર સાગરમાં ડુબી જાય છે. માટેજ કબીરજી કહે છે.

समुद्रकी एक लहेर, मनकी लहेर अनेक.
कोई एक हरी जन उबरा, डुबी नाव अनेक.

ક્ષથ્રહે પઇતિ બાનુમતો, દરેઘયાઓસચ પઇતિ દરેઘો-જિતોઇશ, વીસ્પનાંમચ પઇતિ અયપ્તનાંમ, વીસ્પનંમચ પઇતિ બએષજનાંમ, પઇતિશતાતેએ યાત્વાંમ પઇરિકનાંમચ, સાથ્રાંમ કઓયાંમ કરફ્નાંમચ, પઇતિશતાતેએ સાસ્નો-કરૂશતહે ૮બએષંઘ્રહો.

પ્રકાશિત (અથવા દબદબાવાળું) રાજ્ય (મેળવવા) ને માટે, લાંબામાં લાંબી જીંદગી (મેળવવા) ને માટે, આરોગ્યતાના ઉપાયો (મેળવવા) ને માટે, (તથા) જાદુગરો, પરીઓ, જુલમગારો, કીકો તથા કરપોની વિરૂદ્ધ થવાને માટે (તથા) જુલમગારથી ઉત્પન્ન થયેલી દુષ્ટતાની સામે થવાને માટે (અમે ઉપર જણાવેલાં મહાન પુરૂષોનાં ફ્રોહરોને યાદ કર્યે છીએ.) (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૩૫.)

સામહે કેરેસાસ્પહે ગએસઓશ ગદ્દવરહે અષઓનો ફ્રવષીમ યજમઇદે; પઇતિશતાતેએ ઉધ્રહે બાજાઉશ હએનયાઓસચ પેરથુ અઇનિકયાઓ પેરથુ દ્રફ્ષયાઓ, ઓરેધ્વો-દ્રફ્ષાઓ, ઉજગેરેપ્તો-દ્રફ્ષયાઓ બ્રેમ દ્રફ્ષેમ બરેન્તયાઓ, પઇતિશતાતેએ ગધ્રહે ફ્રકેરેસ્તો-ફ્રસાનહે સિમહે વીરેનજનો અનમરૂજદિકહે, પઇતિશતાતેએ ગદ્રો-કરૂશતહે ૮બએષંઘ્રહો.

જોરાવર બાજુનાં, પુષ્કળ પલટનવાળાં, પોહોળા વાવટાવાળાં, ઉચ વાવટાવાળાં, ઉચ પકડેલા વાવટાવાળાં (તથા) ઘાતકી વાવટો લઇ જનારાં લશ્કરની વિરૂદ્ધ થવાને માટે, (તથા) નાશ ઉત્પન્ન કરનારા ભયંકર, માણસનું ખુન કરનાર તથા નિર્દય લુટારાની સામે થવાને, (તથા) લુટારાથી ઉત્પન્ન થએલી ખરાબીની સામે થવાને માટે, (નામાંકિત) સામ ખાનદાનના ગુચ્છા સાથના બાલવાળા (તથા) ગુરૂજ રાખનારા અશો કેરશાસ્પનાં ફ્રોહરને અમે માન સાથે યાદ કર્યે છીએ. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૩૬.)

અખ્રૂરહે હઓસ્રવંઘ્રહનહે અષઓનો ફ્રવષીમ યજમઇદે; પઇતિશતાતેએ હષિદવહે દ્રવતો અરાતોઇશચ ગએથો-મેરેનચ્યાનહે; હઓષ્યઘ્નહે તખ્મહે અષઓનો ફ્રવષીમ યજમઇદે; પઇતિશતાતેએ બાજઇન્યનાંમ દએવનાંમ વરેન્યનાંમચ દ્રવતાંમ પઇતિશતાતેએ દએવો કરૂશતહે ૮બએષંઘ્રહો.

ફ્રશ્રાક્સ્તોઇશ ખુંબ્યેહે અષઓનો ફ્રવષીમ યજમઇદે; પઇતિશતાતેએ

અએ્ષમહે ખ્વી-દ્રઍાશ્, અએ્ષ્મો-વરૅધનાંમ્ચ ડવતાંમ્, પઇતિશ્તાતેએ અએ્ષ્મો કરૂશ્તહે ત્બએષંધ્નહો.

દોસ્તને ઠગનારી, બુરી (તથા) દુન્યામાં ખરાબી કરનારી કંજુસઇની સામે થવાને માટે, હઓસ્રવંઘના છોકરા અશો આખ્રૂરનાં ફ્રોહરને અમે માન સાથે યાદ કર્યે છીએ. માજ઼નદરાનના દૈત્યોની તથા ગીલાંનના દુષ્ટ માણસોની વિરૂદ્ધ થવાને માટે (તથા) દૈત્યની ઉત્પન્ન કીધેલી ખરાબીની સામે થવાને માટે બળવાન અશો હોશંગના ફ્રોહરને અમે માન સાથે યાદ કર્યે છીએ.

ઘાતકી હથ્યારવાળા એશમ દૈત્યનાં તથા ક્રોધને વધારનારા બુરા માણસોની સામે થવાને માટે, (તથા) ક્રોધથી (અથવા એશમ દૈત્યથી) ઉત્પન્ન થયેલી દુષ્ટતાની સામે થવાને માટે ખુંબ્યના છોકરા અશો ફ્રધાક્ષિનાં ફ્રોહરને અમે માન સાથ યાદ કર્યે છીએ.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૩૭-૧૩૮.)

યથ હા તૅમ જીજનાત, યો વીરૂપે તઉર્વયાત દએવાઅત ત્બએ-ષાઍા મષ્યાઅતચ, પઇતિશ્તાતેએ જહિ-કરૂશ્તહે ત્બએષંધ્નહો.

કે તેણી (વીરૂપ-તઉર્વઇરી) તે (નર)ને જન્મ આપશે, કે જે જહિ (એટલે સ્ત્રી રૂપી દુષ્ટતા) થી ઉત્પન્ન થયેલી બુરાઇની સામે લડત કરવાને સારૂં, દૈત્યથી તથા (બુરા) માણસથી (થતી) સઘળી બુરાઇઓને તોડશે. (ફ્રવદીન યશ્ત, ફ૦ ૧૪૨.)

પઍાઇર્યનાંમ્ તકએષનાંમ્ પઍાઇર્યનાંમ્ સાસ્નો-ગૂષાંમ્, ઇધ અષઍાનાંમ્ અષઍાનિનાંમ્ચ, અહૂમ્ચ દએનાંમ્ચ બઍાધસ્ચ, ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે, યોઈ અષાઇ વઍાનરે. નબાનજ઼દિશ્તનાંમ્ ઇધ અષોઍાનાંમ્ અષઍાનિનાંમ્ચ, અહૂમ્ચ દએનાંમ્ચ બઍાધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે, યોઈ અષાઇ વઍાનરે.

પોરયોદકેશમાંના (તથા) પ્રથમહીન સ્વિકારનારાંઓમાંના અશો (માણસો) તથા અશો (સ્ત્રીઓ), જેઓ અષોઇને માટે ફત્તેહથી લડયાં (તેમના) જાનને, અંતઃકરણને, બુદ્ધિને, રવાનને તથા ફ્રોહરને આ જગ્યાએ અમે માન સાથે યાદ કરીએ છીએ (અને તેમની સાથ એકતાન થઇએ છીએ.) નબાનજ઼દિશ્તોના અશો (માણસો) તથા અશો (બાઇડીઓ), જેઓ અષોઇને માટે ફત્તેહથી લડયાં (તેમના) પ્રાણને,

અંતઃકરણને, બુદ્ધિને, રવાનને તથા ફરોહરને અમે માન સાથે યાદ કર્યે છીએ. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૯.)

પઇતિ-અસ્તિ ગેઉશ્ વચહોહેચ, હુથ્રવતહેચ પઇતિ હુમંદ્‌થનાંમ્, વહિશ્તૅમ્ યજ્તૅમ્ યજમઇદે.

તે સર્વોત્તમ (વાએ) યજદને અમે માન સાથે યાદ કર્યે છીએ (એ ધારણથી કે) (તે) (અમારી તરફની) જીવામ[1] તથા ભક્તિની (ભેટ) સ્વિકારીને, તેના બદલામાં શત્રુઓને તાબડતોબ હાણી નાંખવાનું જોર અમને દે. (રામ યશ્ત, ફ૦ ૧.)

અઓમ્ જઇધ્યત્ અવત્ આયપ્તૅમ્ દજદ્દિ-મે વયુશ્ યો ઉપરો-કઇર્યો, યથ અજૅમ્ નિજનાનિ થ્રિબ્વ માઝઇન્યનાંમ્ દએવનાંમ વરેન્યનાંમ્ચ દ્રવતાંમ્.

(ત્યારે) તેનેથી (વાએ યજદ પાસેથી) માંગ્યું કે, અએ! બળવંત વાય યજદ! આ (નીચે જણાવેલો) વર મને તું આપ; તે એ કે માઝનદરાનના દેત્યો તથા ગીલાંનના અધર્મી માણસોમાના બે તૃત્યાંઉશ ભાગને હું મારૂં. (રામ યશ્ત, ફ૦ ૮.)

અઓમ્ જઇધ્યત્ અવત્ આયપ્તૅમ્ દજદ્દિ-મે વયુશ્ યો ઉપરો-કઇર્યો, યત્ બવાનિ અઇવિવન્યાઑ વીસ્પે દએવ મશ્યાચ, વીસ્પે યાતવો પઇરિકાઓસ્ચ. યત્ બરાનિ અંઘ્રૅમ્ મઇન્યૂમ્ ક્રમિતૅમ્ અસ્પહે કેહ્‌ર્પ, થ્રિસતૅમ્ અઇવિ-ગામનાંમ્ વ પઇરિ જૅમો કરેન.

(ત્યારે) (તેહમુરસ્પે) તેનેથી (વાએ યજદ પાસેથી) માંગ્યું કે, અએ બળવાન વાય યજદ! આ (નીચે જણાવેલો) વર મને તું દે તે એ કે સઘળા દેત્યોનો, (બુરા) માણસોનો, સર્વ જાદુગરોનો તથા પરીઓનો (હું) પરાજય કરનારો થાવું. (વળી) (હું) અંગ્રેમીનોને વશ કરીને ત્રીસ વર્ષ સુધી પૃથ્વીના બે છેડાની આસપાસ (પૃથ્વીના એક છેડાથી તે બીજા છેડા સુધી), ઘોડાનાં રૂપમાં (તેની ઉપર) હું સ્વારી કરૂં. (રામ યશ્ત, ફ૦ ૧૨.)

અઓમ્ જઇધ્યત્ અવત્ આયપ્તૅમ્, દજદ્દિ-મે વયુશ્ યો ઉપરો-કઇર્યો યત્ કએન નિજસાનિ અજૅમ્ બ્રાથ્રો ઉર્વાક્ષય, યત્ જનાનિ હિતાસ્પૅમ્ રઇથે પઇતિ વજઇધ્યાઇ; ઉઇતિ અસ્તિ ગફ્યો આહૂઇરિશ્, ઉઇતિ અએવો ગફ્યો-પઇતિશ્, ઉઇતિ ગન્દરેવો ઉપાપો.

---

૧. પંચગવ્યમાનું એક.

(ત્યારે) (કેરશાસ્પે) તેનેથી (વાય યજદથી) માંગ્યું કે, અએ જોરાવર વાય યજદ! આ વર મને તું બક્ષ, તે એ કે મારા ભાઇ ઉર્વાક્ષનો કીનો (લેવામાં) હું જય પામું; તે એવી રીતે કે (તેને મારી નાખનાર) હિતાસ્પને હું મારૂં (અને) (મારી) લડાઇની ગાડી સાથે ઘસડીને લઇ જાઉં. એજ પ્રમાણે દર્યામાં વસનારો ગન્દરેવ (નામનો રાક્ષશ) જે વળી ઉંડાગારનો ધણી (તથા) જે એકલોજ ઉંડાગારનો માલીક છે, (તેને પણ મારવામાં) હું વિજય મેળવું. (રામ યશ્ત, ક૦ ૨૮.)

વનો-વીસ્પાઓ નાંમ અહ્મિ, અષાઉમ્ જરથુશ્ત્ર; અવત્ વનો-વીસ્પાઓ નાંમ અહ્મિ, યત વ દાંમ વનામિ, યસ્ચ દથત્ સ્પેંન્તો મઇન્યુશ યસ્ચ દથત્ અંગ્રો મઇન્યુશ.

હે અશો જરથુશ્ત્ર! (હું) બધાઓની ઉપર જય મેળવનાર નામવાળો છું. (હું) બધાઓની ઉપર જય મેળવનાર નામવાળો એટલા માટે છું, કે બે (જાતની) સૃષ્ટિ કે જે સ્પેનામીનોએ બનાવી તથા જે અંગ્રમીનોએ બનાવી[1] તે બન્ને સૃષ્ટિ ઉપર જય મેળવું છું.

(રામ યશ્ત, ક૦ ૪૪.)

તાઓસચ મે નાંમ જ્બયએષ, અહ્મિ અષાઉમ જરથુશ્ત્ર, યિમ સાસ્ત દઇંઘ્રહેઉશ હમો-ક્ષથ્રો પતંન્તંમ્ વા, જ્બરંન્તંમ વા, રથોઇર્યંમ્નંમ વા, પઇતિષંન્તંમ્ થ્રિમહે, પઇતિષંન્તંમ્ બએષજયેહે.

જ્યારે (કોઇ) દેશનો સ્વતંત્ર, ત્રાસ વરસાવનાર (ભૂપતિ), (તારી ઉપર) ધસારો કરતો, અથવા કાવાદાવા ચલાવતો, અથવા (તને) જખમી કરતો, અથવા (તારી સામે) લડાઇની ગાડી ગગડાવીને લાવતો, અથવા (તારી) સંપત્તિની ઇર્ષા કરતો, (અથવા) (તારી) તંદરોસ્તીની અદેખાઇ કરતો (આવે), (તે સમયે), અએ અશો જરથોશ્ત! આ મારાં નામો તારે યાદ કરવાં જોઇએ, કે હું (ઝટ સાક્ષાત થયેલોજ) છું. (રામ યશ્ત, ક૦ ૫૦.)

---

૧. જગદુત્પત્તિ કેમ થઈ તે અત્રે અને સરોષ યશ્ત વડીમાં તેમજ ફ્રવર્દીન યશ્તમાં જણાવ્યું છે. હિંદુ શાસ્ત્રમાં પણ એવીજ ઉત્પત્તિ દર્શાવી છે, પુરૂષ અને પ્રકૃત્તિ મૂળ છે, જે હિંદુ શાસ્ત્ર પ્રમાણે અજ અને અમર છે; જો કે તેઓ ઉત્પત્તિ, સ્થિતી અને લયને આધિન, ક્રમ પ્રમાણે થાય છે. એમનેથી 'પર' અને 'અવ્યક્ત' અને અવિકારી 'પરમાત્મા' પોતે છે.

તાઑસ્ચ મે નાંમ જૂબયએષ, અહિ અષાઉમ જરથુશ્ત્ર, યિમ અન્તર્ હએનયાઑ પ્રવીધ્યેઇંતીશ, અન્તરે હાંમ્-યન્ત રસ્મઑયો, અન્તર્ દંઘ્રહુ-પાપૅરતાને.

ઘાતકી લશ્કરની મધ્યે, સાથે મળેલી લશ્કરની હાર મધ્યે (તથા) દેશની લડાઇમાં, હે અશો જરથોશ્ત! આ મારાં નામોનું તારે સ્મરણ કરવું જોઇએ, (કે) હું (સાક્ષાત હાજર થયલોજ) છું. (રામ યશ્ત, ફ૦ ૪૯.)

આઅત્ હીમ્ જઇધ્યત્ અવત્ આયપ્તૅમ્ દજ્દિ-મે, અષિશ્ વંઘુહિ યા બૅરૅજઇતિ, યથ અજૅમ નિજનાનિ, મઇરીમ્ તૂઇરીમ્ ફ્રંઘ્રસ્યાનૅમ્ પસ્ને વરોઇશ ચએચિસ્તહે જફ્રહે ઉર્વ્યાપહે, પુથ્રો કએન સ્યાવર્ષાનાઇ જૂરો-જતહે નરહે અગ્રહે-રથહેચ નરવહે.

ત્યારે તેણી (અશીશવંઘ) પાસેથી (કેખશરૂએ) માંગ્યું કે, હે ઉંચ પંક્તિની અશીશવંઘ! (તુ) મને આ વર આપ, તે એ કે ઉંડા (તથા) ઓહળાં પાણીવાળા ચએચસ્ત (નામના) સરોવરની પેલીપાર (અથવા પછવાડે) ખુની, તુરાની, અફ્રાસીયાબને હું મારૂં જુલમથી મારયા ગયેલા સ્યાવખ્શના વેરમાં (તથા) નરૂ ખાનદાનના શૂરા અગરેરસના વેરમાં, હું જે સ્યાવખ્શનો છોકરો (તે) (ખુની અફ્રાસીયાબને ઠાર કરૂં.) (અશીશવંઘ યશ્ત, ફ૦ ૪૨.

આઅત હીમ્ જઇધ્યત્, અવત આયપ્તૅમ્ દજ્દિ-મે, અષિશ વંઘુહિ યા બૅરૅજઇતિ, યથ અજાનિ પેષને અશ્ત અઉર્વન્તો, વીસ્પ-થઉર્વો અસ્તોઇશ, પુથ્રો વીસ્પ-થઉર્વો ઉર્વિ-ખઑધો, ઉર્વિ વૅરૅથ્રે સ્તવી-મનોથ્રીશ, યેંઘ્રહે હપ્તસત ઉશ્ત્રનાંમ્ જઇન્યાવરત, પસ્ચ ઓધહે યથ અજાનિ પૅષને મઇશ્યેહે ખ્યઑનહે અરૅજત્-અસ્પહે યથ અજાનિ પૅષને દર્શિનિકહે દએવયસ્નહે.

ત્યારે તેણી પાસેથી (કએ ગુસ્તાસ્પે) માંગ્યું કે, હે બુલંદ દરજાની અશીશવંઘ! (તુ) મને (વર આપ કે) આઠ પેહલવાનોને હુ નહસાડું :-(૧) વીસ્પ-થઉર્વો-અસ્તિ, (૨) વીસ્પ-થઉર્વનો છોકરો (૩) ઉર્વિ-ખઓધ, (૪) ઉર્વિવેરેથ, (૫) સ્તવી-મનોથ્રિ, જેન સાતસો ઉંઠ તેની પુઠે ચાલે છે; ત્યાર પછી લડાઇમાં ઉશ્કેરાયલ (તથા) (૬) ખુની ખ્યઓને (તથા) (૭) અરજાસ્પને હું નહસાડું તેમજ લડાઇમાં (૮) બુત-પરસ્ત દર્ષિનિકને પણ હું નહસાડું.

(અશીશવંઘ યશ્ત, ફ૦ ૫૦.

તઉર્વયેઇતિ અંગ્રરૅમ મઇન્યૂમ પૉઉરૂ-મહરકૅમ, તઉર્વયેઇતિ અએષ્મૅમ ખ્રુવી-દ્રૂમ, તઉર્વયેઇતિ બૂષ્યાંસ્તૅમ જઇરિનૅમ, તઉર્વયેઇતિ હાંમ-સ્તૅરૅતૅમ અએખૅમ, તઉર્વયેઇતિ દઅેઉમ અપઑષૅમ, તઉર્વયેઇતિ અનઇર્યાઓ દઇંઘ્રહ્વાવો.

(તે ઇરાની ખોરેહ પુર મરકીવાળા અંગ્રમીનોને તોડે છે, ઘાતકી હથ્યારવાળા એશમ દેવ્યને તોડે છે, મંદ બુદ્ધિના બૂષ્યાંસ્ત (આળસના દૈત્ય) ને તોડે છે. પંથરઇ ગએલી મરકી (અથવા બીમારી) ને તોડે છે. અપઓશ (વરસાદને કમિ કરનાર) દૈત્યને તોડે છે, (તથા) ઇરાનની સામે થનારાં દેશોને તોડે છે. (આરતાદ યશ્ત, ક૦ ૨)

યો જનત્ ગન્દરૅવૅમ યિમ્ જઇરિ-પાષ્નૅમ, યો અપતયત વીજફારો મૅરૅક્ષાનો ગએથાઓ અસ્તવઇતીશ અષહે. યો જનત્ હુનવો યત પથનય નવ, હુનવસ્ચ નિવિકહે, હુનવસ્ચ દાશતયાનોઇશ. યો જનત્ જરન્યો-પુસૅમ હિતાસ્પૅમ, વરૅષઑમચ દાનયનૅમ, પિતઑનૅમચ અશ-પઇરિકૅમ.

યો જનત્ અરૅજા-ષમનૅમ નઇર્યાંમ-હાંમ-વરેતિવન્તૅમ, તખ્મૅમ ફ્રાજુશ્તૅમ ઉશ્તૅમ, જિરૅમ, જ્બરૅમ્નૅમ જઘાઉરૂમ અફ્રકતચિમ, બરો-જુષૅમ અપદ્રિસૅમ ન્યાઇદ્દાઉરૂ, અપસ્તનંઘ્રહો ગતો-અરૅજહે.

યો જનત્ સ્નાવિધ્રકૅમ યિમ્ સ્રુવો-જનૅમ અસૅંગા-ગાઉમ.

જેણે (કેરશાસ્પ પેહલવાને) સોનેરી એડીવાળા ગન્દરેવ (નામના નાશકારક દૈત્ય) ને મારી નાખ્યો; જે અશોઇના સ્થૂળ મુલકોને નાશ કરવાને ઉઘાડાં મોઢાં સાથ (સર્વ દીશાએ) ધસારો કરતો હતો. (વળી) જેણે (કેરશાસ્પે) પથન (નામના બળવાન ધાડપાડુ)ની નવ પેઢીને, નિવિકના વંશને (તથા) દાશ્તયનના વંશને મારી નાંખ્યો. જેણે (કેરશાસ્પ પહેલવાને) સોનેરી તાજવાળા હીતાસ્પને, દાનયનાં ખાનદાનનાં વરેષવને (તથા) પુષ્કળ પરીવાળા પિતઓનને મારી નાખ્યા.

જેણે (કેરશાસ્પ પેહલવાને) પુરૂષની હિમ્મતવાળા, બળવાન, બુરાઓને) પસંદ પડેલા, તંદરોસ્ત, ચાલાક, ઠગાઇ કરનારા, જાગૃત, પાછો ન હઠનારા, પોંચી રાખનાર, ઉંધી સમજના, વિશ્વાસ રાખીને લડાઇમાં જનારા (એ સર્વ ગુણો ધરાવનારો) એરેજે-ષમન (નામના રાક્ષસ) ને મારી નાંખ્યો.

જેણે (કેરસાસ્પ પહેલવાને) નખથી મારી નાખનાર, પત્થરના જેવા સખત હાથવાળા, સ્નાવિધક (નામના રાક્ષસ) ને મારી નાખ્યો.

(જમ્યાદ યશ્ત, ક૦ ૪૧-૪૨-૪૩.)

તૅમ્ હચાત્ વૅરૅથ્રૅમ્ વીસ્પો–અયાર્ૅમ્, અમ્એનિર્નૅમ્ તરો–યાર્ૅમ્. આઅત્ અન વૅરૅથ્ર હચિમ્નો, વનાત્ હએનયાઓ પ્રવિષ્યેઇતિશ; આઅત અન વૅરૅથ્ર હચિમ્નો, વનાત્ વીસ્પે દ્બિષ્યન્તો.

તે (માનવી) (અખુટ ખોરેહ મેળવવાની કોશેશ કરનાર) ને દર-રોજની વિજય તથા આખાં વર્ષ સુધી હિમ્મતથી મારવાનું જોર (દુષ્ટતાને તોડવાનું જોર) પ્રાપ્ત થાય. વળી તે (ઉપર જણાવેલી) જયની પુઠે ચાલીને, (તે માનવી) (શત્રુનાં) ઘાતકી લશ્કરનો પરાજય કરશે; વળી તે જયની પુઠે ચાલીને, (તે માણસ) સર્વ દુષ્ટ (માણસો) ને તોડશે.

(જમ્યાદ યશ્ત ક૦ ૫૪)

અમહેચ પઇતિ હુતાશતહે, વૅરૅથ્રઘ્નહેચ પઇતિ અહુરધાતહે, વનઇન્-ત્યાઓસ્ચ પઇતિ ઉપરતાતો, સંઘ્રઉહસ્ચ પઇતિ હુસસ્તયાઓ, સંઘ્રઉ-હસ્ચ પઇતિ અમુયમ્નયાઓ, સંઘ્રઉહસ્ચ પઇતિ અવનેમ્નયાઓ, હથ્રવ-તહેચ પઇતિ હમૅરૅથનાંમ્.

સારી બનાવેલી હીંમત, અહુરમજદની સરજેલી જય, ફત્તેહમંદ સરસાઇ, પવીત્ર શીક્ષણ આપનારી શિખ, દ્રઢ શિખામણ (તથા) વેરીઓને ઝટ તોડી પાડવાનું જોર (આપવા) સારૂં (તે ઇશ્વરી ખોરેહ કએખોસરૂ પાદશાહ સાથે જોડાયું હતું.) (જમ્યાદ યશ્ત, ક૦ ૭૪.)

યત્ ઉપંઘ્રહચત્ કવઍમ્ વીશ્તાસ્પૅમ્.....દુશ્મઇન્યૂમ્ સિઝ્દ્યો દએવાંન્ અપ અષવાંન્.

જે (ઇશ્વરી ખોરેહ) કએ ગુસ્તાસ્પ (પાદશાહ) સાથે જોડાયું હતું (જેની સહાયતાથી).........તેણે દુશ્મનો (અને નાપાક દૈત્યો)નો નાશ કીધો. (જમ્યાદ યશ્ત, ક૦ ૮૪.)

અએષુ પરો ફ્રાનામાઇતે અએષ્મો ખ્રૂવી–દ્રુક્ષ્ દુશ્ખર્ૅનાઓ. વનાત્ અષ અકાંમ્ દ્રુજિમ્ યાંમ્ દુશચિથ્રૅમ્ તૅમંઘ્રહએનીમ્.

તેમની આગળ (એટલે સોશ્યસોના તે મીત્રોની સમક્ષમાં) ભયં-કર હથ્યારવાળો તથા બુરાં ખોરેહવાળો એશમ (દૈત્ય) નમે છે. (વળી)

(રસ્તાએજને વખતે) અષોઇ દુષ્ટ બીજનાના (તથા) અંધારાને લગતા (દોજખમાં રહેનારા) બુરા દરૂજને મારશે. (જમ્યાદ યશ્ત, ફ૦ ૯૫.)

વનઇતિ અકૅમચ મનો, વૉહુ મનો તત્ વનઇતિ.

અકોમનો (નામનો દરૂજ) મારશે, (પણ) (છેવટે) વોહુમનો તેને (અકમનોને) મારશે. (જમ્યાદ યશ્ત, ફ૦ ૯૬.)

વનઇતિ મિથઑખ્તો વાક્ષ્, ઍરેજાખ્ધો વાક્ષ્ તૅમ વનઇતિ; વનાત્ હઉર્વાઑસ્ચ અમૅરેતાઑસ્ચ વ ષુધેંમચ તરષ્નૅમચ, વનાત્ હઉર્વાઑસ્ચ અમૅરેતાઑસ્ચ અઘેંમ ષુધેંમચ તરષ્નૅમચ ક્રાનામાઇતિ દુઝ્વરેશતાવશે અંઘ્રો મઇન્યુશ અક્ષયમ્નો.

જુઠો શબ્દ મારશે (અનષોઇ જગતમાં ખરાબી કરશે), (પણ) સાચો શબ્દ (છેવટે) તેને હરાવશે. ખોરદાદ તથા અમરદાદ ભૂખ તથા તૃષા બન્નેને મારશે. ખોરદાદ તથા અમરદાદ ખરાબી કરનાર ભૂખ તથા તૃષાને (ભૂખમરાને તથા પાણીની ટાપણીને), મારશે, દુષ્કર અહરેમન, બળહીન થઇને નમશે (એટલે તાબે થશે.)

(જમ્યાદ યશ્ત, ફ૦ ૯૬.)

હઑમનાંમ્ ઉઝ્દાતનાંમ્ જઑથ્રનાંમ્ ઉઝ્દાતનાંમ્. ઉઝ્દાતનાંમ્ ઉઝ્દાહ્યમ્નનાંમ્ વારેથ્રઘ્નિનાંમ્ પઇતિ બિષિનાંમ્.

ઉભાંન થએલા હોમની, ઉભાંન થયેલા જોરની, હવે પછી ઉભાંન થયલા, હવે પછી ઉભાંન થવાના, વેરીને મારનારૂં બળ આપનાર, વેરીને મારનાર, (એવા સ્વભાવવાળા હોમના તથા ક્રીયાની જોરની વખાણ હોજો)! (વીસ. કઃ ૯, ફ૦ ૧.)

યા દઇબિષ્વતો દબએષાઑ તઉર્વયામા.

જેથી દુષ્ટ માણસની ખરાબીને અમે તોડીએ.

(યજશ્ને હા. ૨૮, ફ૦ ૭.)

કેમ હોઇ ઉશ્તા—અહુરેંમ યે દ્રેગ્વોદ્દબીશ અએષૅમૅમ વાદાયોઇત્.

કોણને તેનો (જગતનો) વૃદ્ધી કરનાર માલીક (ગણીએ)? કે જે બુરાં માણસોથી (ઉત્પન્ન થતા) ગુસ્સાને પાછો હટાડી શકે?

(યજશ્ને હા. ૨૯, ફ૦ ૨.)

અત્ચા યદા અએષાંમ્ કએના જમઇતી અએનંઘ્હાંમ્, અત્ મઝ્દા તઇબ્યો ક્ષથ્રૅમ વૉહૂ મનંઘ્હા વોઇવીદાઇતી.

અને જ્યારે આ પાપી માણસોની ઉપર શીક્ષા આવી પોહોંચશે ત્યારે, હે હોરમજદ! તારે લગતાઓને ભલાં મનથી રાજા તરીકે જાણશે (અથવા ગણશે.) (યજશ્ને હા. ૩૦, ફ૦ ૮.)

અદા-જી અઓ કએનો અવો બવઇતી સ્ઁકેન્દો સ્પયથ્રહ્યા,
અત્ અસિશ્તા યૐાજન્તે આ-હુષિતોઇશ્ વંઘ્હેઉશ્ મનંઘ્હો
મજ્દાઍ અષખ્યાચા.

જ્યારે અહુરમજદના, બહેમનના તથા અષના સારાં રહેઠાણમાં ભેગા થાય છે ત્યારે, તાબડતોબ નાશ કરનાર દરૂજનો ટેકો જરૂર તુટેલો થાય છે. (યજશ્ને હા. ૩૦, ફ૦ ૧૦.)

યેહ્યા વૅરૅદા વનએમા દ્રુજૅમ.

જેની (સદ વિચારની) કુમકથી દરૂજ (અનપોઇ, દુષ્ટતા) ને અમે તોડી શકયે. (યજશ્ને હા. ૩૧, ફ૦ ૪.)

નોઇત્, મજ્દા, અવાસ્તરયો દવાંસ્ચિના હુમૅરૅતોઇશ્ બક્તા.

ઓ અહુરમજદ! ઠગાઇ કરનાર આલસુ માણસ, દીનના સારા નીયમોનો લાભ મેળવનાર (હોતો) નથી. (યજશ્ને હા. ૩૧, ફ૦ ૧૦.)

તા થ્વા પૅરૅસા અહુરા.....

યાઍાસ્ચા મજ્દા દ્રૅગ્વોદૅબ્યો.

પાપી (માણસો) ને માટે જે (બદલો) (છે), તે વીષે અએ અહુરમજદ! તને હું પુછું છું. (યજશ્ને હા. ૩૧, ફ૦ ૧૪.)

અથા ઈશ્ સાજ્દુમ્ સ્નઇથિષા.

એટલા માટે તેઓને (દુષ્ટ માણસોના માંથ્ર અને શીખામણોને) હથીઆરથી તોડી પાડો. (યજશ્ને હા. ૩૧, ફ૦ ૧૮.)

તૅમ વાઍા અહૂમ્ દ્રૅગ્વન્તો બ્યઍાથનાઇશ્ ખાઈશ્ દએના નએષત્.

ઓ પાપી માણસો! (તમારો દુષ્ટ) નીયમ (અંતઃકરણ) તમારાં પોતાનાં કાર્યને લીધે તે (અંધકારવાળી) જગતમાં તમને લઇ જશે. (યજશ્ને હા. ૩૧, ફ૦ ૨૦.)

અએઇબ્યો મજ્દાઍ અહુરો સાર્ૅમ્નો વૉહૂ મનંઘ્હા.
ક્ષથ્રાત્ હચા પઇતી-શ્રૅઑત્ અષા હુશ્-હખા ખ્વેન્વાતા.
સ્પૅન્તાંમ્ વે આર્મઇ તીમ્ વંઘ્ઉહીમ્ વરૅમઇદી, હા-ને અંઘ્હત્ .

(અશો જરથોશ્તનાં પેગમબરીનાં કાર્યને ઉંધુ વાળવાને બુરા ખેનધ્વ તથા તેવા મળત્યાઓએ અહુરમજદને વિનંતી કરી ત્યારે), (જરથોશ્તનો) એક શુભેચ્છક મીત્ર અહુરમજદ, (જે) પોતાની ક્ષથ્ર (રાજ્યસત્તા) થી (સર્વ સૃષ્ટિ ઉપર) માલેકી ભોગવનારો (છે તેણે), (પોતાના) વોહુ તથા કીર્તિ ભરેલા અષ મારફતે, તેમને પાછો જવાબ આપ્યો કે, "ભલી તથા આબાદી કરનાર નમ્રતાને[1] અમે સ્વિકારી હતી તે અમારી થાય". (યજશ્ને હા. ૩૨, ફ૦ ૨.)

પૉઉરૂ-અએનાઑ એનાક્તા યાઇશ્ સ્રાવયેઇતે યેજી તાઇશ્ અથા.

જે હત્યારો વિષે જણાયલું છે તે વડે થોડા સમયમાં પાપીઓ શિક્ષા પામશે. (યજશ્ને હા. ૩૨, ફ૦ ૬.)

અનાઇશ્ આ વી-નેનાસા યા કરપૉતાઑસ્ચા કૅવીતાઑસ્ચા અવાઇશ્ અઇબી યેંગ્ દઇન્તી નોઇત્ જ્યાતેઉશ્ ક્ષયગ્નૅંગ્ વસો.

(દાદાર અહુરમજદ કહે છે :-કરપોને (જરથોશ્તી દીન કબૂલ ન કરનારાઓને) તથા કવીઓને (દીનના નીયમોની ઉપર ધ્યાંન ન આપનારાઓને), તેમજ વળી પોતાની મરજી મુજબ જીંદગીની શક્તિ ધરાવનારા (ને શક્તિવાળા) જેઓ (મદદ) નથી આપતા, તેમને હું (ઉંચ હસ્તીમાંથી) નાબુદ કરીશ. (યજશ્ને હા. ૩૨, ફ૦ ૧૫.)

અયાઑ નોઇત્ ઍરૅશ્ વીષ્યાતા દએવાચિના હ્યત્ ઇશ્ આ-દબ્ઓમા.

પૅરૅસ્મનૅંગ્ ઉપા-જસત્.

દૈત્યની તરફેણવાળાઓ આ બે (મીનો) નો સારી પેઠે તફાવત સમજી ન શકયા, જો કે જ્યારે તેઓ (ધર્મના વીષયના) જવાબ સવાલ કરવાને આવ્યા, ત્યારે તેમનો આપણે પરાજય કર્યો હતો. (યજશ્ને હા. ૩૦, ફ૦ ૬.)

અત્ યે અકૅમ્ દૅંગ્વાઇતે વચંઘ્રહા વા અત્ વા મનંઘ્રહા. જસ્તોઇબ્યા વા વૅર્ષઇતી ... ...

---

૧. 'Humility is the first of Christian virtues, the second of Christian virtues and the third of Christian virtues!' Faith and many resplendent virtues illude the man without humility, who thinks high of himself and thus leaves his own worst enemy, "Egoism" unconquerred.

તોઇ વાસઇ શઁહ્‌ન્તી અહુરહ્યા જમ્યૉષે મજ્દાઑ.

જે કોઇ પોતાની વાણીથી, વિચારથી અથવા બે હાથોથી (મહેનતથી) દુષ્ટ (માણસ) ને બુરૂં કરે છે,......તે અહુરમજ્દની ભક્તિમાં પોતાની ધર્મ સંબંધી શ્રદ્ધાને માટે ભેટ આપે છે.

(યજશ્ને હા. ૩૩, ફ૦ ૨)

યે થ્વત્ મજ્દા અસ્રુશ્તીમ્ અકૅમ્ચા મનો યજાઇ અપા.
ખ્એતેઉશ્ચા તરેમઇતીમ્, વરૅજેનખ્યાચા નજ્દિશ્તાંમ્ દ્રુજૅમ્ .
અઇર્યમનસ્ચા નહૅન્તો, ગેઉશ્ચા વાસ્ત્રાત્ અચિશ્તૅમ્ મન્તૂમ્.

આજ્ઞાનો ભંગ તથા દુષ્ટ વિચારને તારી આગળથી, અએ અહુરમજ્દ! ભક્તિથી હું દુર કરૂં. (વળી) મારાં સગાંઓ સાથનો અવિનય, સાથે કાર્ય કરનારા મારા (મળત્યાઓ સાથની) (મારી) ઠગાઇ, તથા હાથ હેઠળનાઓ પ્રત્યે તિરસ્કાર તથા ગાય ઢોરના ઘાસચારા વીષેની સર્વથી વધુ બેપરવા, એ બધી જાતની મારી દુષ્ટાચારને, હે અહુરમજ્દ! ભક્તિથી હું મારાંમાંથી વેગળાં કરૂં. (યજશ્ને હા. ૩૩, ફ૦ ૪.)

અત્ મજ્દા દઇબિશ્યન્તે જસ્તાઇશ્તાઇશ્ દૅરેશ્તા અએનંઘહૅમ્.

ઓ અહુરમજ્દ! આતશ પોતાનાં પુરતાં જોરથી તેની તરફ દ્વેષ રાખનાર તથા કીનો રાખનાર માણસને દ્રઢતાથી પકડનારો (શિક્ષા કરનાર) છે. (યજશ્ને હા. ૩૪, ફ૦ ૪.)

તાઇશ શ્યૌથનાઇશ્ બયેન્તે.
યએષૂ અસ્ પઇરી પૉઉરૂબ્યો ઇથ્યેજો.
હ્યત્ અસ્–અઑજ્યાઑ નાઇધ્યાઁઘહૅમ્ .
થ્વહ્યા મજ્દા આંરતા ઉર્વાતહ્યા.

કારણકે આશ્મોગો પોતાનાં તે કાર્યોથી આપણને બીહીવડાવે છે, જે કાર્યોમાં ઘણાઓને માટે નાશ સમાએલો છે. હે અહુરમજ્દ! તારી દીનના નીયમોનો અસ્વિકાર કરનાર માનવી, વધારે નબળા અથવા કંગાલ ઉપર ફાવી શકે છે. (યજશ્ને હા. ૩૪, ફ૦ ૮.)

દુશ્–શ્યૉથના અવજજત્ વંઘહેઉશ એવિસ્તી મનંઘહો.
અએઇબ્યો મશ્ અષા સ્યજ્દત્ યવત્ અહ્મત્ અઉરૂના ખ્રફ્સ્ત્રા.

નેક મનશ્નીથી બેપરવા રહીને, દુષ્ટ કાર્ય કરનારા તરીકે જીવન ગાળે છે, તેવા માનવીઓ આગળથી અષોઇ સમૂળગી નહાસી જાય

છે; જેમ જંગલી ઇજા કરનાર પ્રાણીઓ આપણી આગળથી ભાગી જાય છે તેમ. (યજશ્ને હા. ૩૪, ફ૦ ૯)

તાચા વીસ્પા અહુરા થ્વહ્મો મઝ્દા ક્ષથ્રોઈ આ વૅાયથ્રા.

એ સર્વે (નીતિના ગુણો) તારાં રાજ્યમાં, હે અહુરમજદ! (આપણી વૃદ્ધિ કરે છે,) કારણ કે એ ગુણો[1] ધાસ્તીથી આપણુને વેગળા લઇ જાય છે. (યજશ્ને હા. ૩૪, ફ૦ ૧૦.)

હ્વો જી અષા સ્પેંન્તો ઇરિખ્તૅમ્ વીસ્પોઇબ્યો.
હાશે મઈન્યૂ અહૂબીશ્ ઉર્વથો મઝ્દા.

હે મીનો અહુરમજદ! અવશ્ય કરીને તુ પોતે અષોઇથી સંપત્તિ અર્પનાર તથા અમે સઘળાઓથી દુષ્ટતા વેગળી કરનાર તથા બન્ને જગતોમાં[2] મીત્ર છે. (યજશ્ને હા. ૪૪, ફ૦ ૨.)

વીસ્પૅંગ્ અન્યૅંગ્ મન્યેઉશ સ્પસ્યા દ્વએષંધ્રહા.

બાકીના બીજા સઘળાઓને મારા ભીત્તરના અથવા જાનના ધીક્કારથી હું જોઉં છું. (યજશ્ને હા, ૪૪, ફ૦ ૧૧.)

તત્ થ્વા પૅરૅસા અૅરૅશ્–મોઇ વઓચા અહુરા.
કથા દ્રુજૅમ્ નીશ્ અહ્મત્ આ નીશ્–નાષામા.
તૅંગ્–આ અવા યોઇ અસ્રુશ્તોઇશ્ પૅરૅનાઓંઘ્રહો.
નોઇત્ અષહ્યા આદીવ્યેઇન્તી હચૅંગ્મા,
નોઇત્ ફ્રસયા વંઘ્રહેઉશ્ ચાખ્નરે મનંઘ્રહો.

અએ હોરમજદ, તને હું પુછું છું, તે (તુ) મને ખરૂં કેહજે. જુઠાઇ (અથવા ઠગાઇ)ને (તથા) જેઓ ધર્મનાં નીયમો ઉપર જરાએ ધ્યાન ન આપનારા (છે) તેમને, (તથા) જેઓ અષોઇની પુઠે ચાલનારા (થવાને) રાજી નથી, (તથા) જેઓ નીતિની વૃદ્ધિમાં ખુશી થતા નથી તેમને, કેવી રીતે અમારી આગળથી અમે હઠાવી શકયે[3]? (યજશ્ને હા. ૪૪, ફ૦ ૧૩.)

---

૧. સરખાવો ઈસુ ક્રિસ્ટની વાણી Perfect love casteth out fear. ૨. દ્રષ્ય અને અદ્રષ્ય. ૩. હાલના કલીયુગના જમાનામાં આવા દુષ્ટાચારીઓને દુર રાખવું, બહુજ કઠીણુ છે. તેઓ વેશધારી સુધરેલાઓમાં ખપીને અથવા સફેદ ચામડી ધરીને, માનવીઓના ધાર્મિક વિશ્વાસનું નખોદ વાળે છે, જોકે તેમનામા ઉપલા દુર્ગુણો હોય છે. નાસ્તિક-પણાના તેઓ વખાણનારા હોય છે અને આસ્તિકયનો તીરસ્કાર કરે છે.

કે વૅરૅથ્રૅમ્-જા થ્વા પોઇ સઁગ્હા યોઇ હૅન્તી.

તારા અવસ્તાના શ્લોકો કે જે ભણ્યાથી વિપત્તિના કાળે રક્ષા દેનાર છે, (તે) વાણી (ની સહાયતા)થી કયો માનવી શત્રુને મારનાર[1] (છે)?

(યજશ્ને હા. ૪૪, ફ૦ ૧૬.)

કા-તૅમ્ અહ્યા મઇનિશ્ અંઘ્રહત્ પૉઉરૂયે;
વીદ્વાઑ અવાંમ્ યા-ઇમ્ અંઘ્રહત્ અપેમા.

તેની શીક્ષા પ્રથમ (આ દુન્યામાં) શું થશે? (કારણ) જે (શિક્ષા) ખચીત છેવટે[2] થશે તે વિષે (તુ) જાણીતો થયલો છે.

(યજશ્ને હા. ૪૪, ફ૦ ૧૯.)

યયાઑ સ્પન્યાઑ ઊઇતી મ્રવત્ યેમ્ અંગ્રૅમ્,
નોઇત્ ના મનાઑ, નોઇત્ સઁગ્હા, નોઇત્ ખ્રતવો,
નએદા વરના, નોઇત્ ઉખ્ધા, નએદા શ્યઑથના,
નોઇત્ દએના, નોઇત્ ઉર્વાનો હચઇન્તે.

જેમાંના વધુ વૃદ્ધિ કરનાર (મીનો) એ નાશ કરનાર (મીનો) ને આ પ્રમાણે કહ્યું—નથી આપણા વિચારો, નથી આપણી શિખો, નથી આપણી અક્કલ (અથવા) સમજ, નથી આપણી રીતભાત (અથવા માર્ગો), નથી આપણી વાણી, નથી આપણાં કાર્યો, નથી આપણાં અંતઃકરણો, નથી આપણાં રવાંન એક બીજાને મળતાં (અથવા અનુસરતાં) આવતાં. (યજશ્ને હા. ૪૫, ફ૦ ૨.)

યસ્તા દએવૅંગ્ અપરો મશ્યાંસ્યા
તરે-માંસ્તા યોઇ ઇમ્ તરે મઇન્યન્તા,
અન્યૅંગ્ અહ્માત્ યે હોઇ અરૅમ્ મન્યાતા
સઑશ્યન્તો દૅંગ્ પતોઇશ્ સ્પૅન્તા દએના,
ઉર્વથો બરાતા પતા વા મઝ્દા અહુરા.

દૈત્યો તથા નીચ માણસો જેઓ પ્રાણીઓ અને માનવીઓને ધિક્કારે છે (અથવા હલકા ગણે છે) તેઓને જે કોઇ ધિક્કારે, તથા જે કોઇ તેને (પવિત્ર માણસને) (તથા) પારાંગત થયેલા સોશ્યન્તોને, (તે) માલીકની પવિત્ર (અથવા જગતનું કલ્યાણ કરનારી) દીનની મારફતે

---

૧. માથ્રવાણીનો આટલો પ્રભાવ છે. સરખાવો બેહરામ યશ્ત કરદો ૧૬, ફકરો ૪૬ મો. ૨. મરણ પછી.

માનની નજરે જુવે, તે (માનવી)નો મીત્ર, મદદગાર અથવા પિતા અહુરમજદ (છે). તેવા (માણસ)થી (દૈત્યો તથા નીચ માણસો) તદન જુદાજ, તદન ઉલટા માર્ગના હોય છે. (યજશ્ને હા. ૪૫, ફ૦ ૧૧.)

કાંમ્ નેમોઇ જાંમ્, કુથ્રા નેમોઇ અયેની,
પઇરી ખ્એતેઉશ્ અઇર્યમનસ્ચા દદઇતી;
નોઇત્ મા ક્ષ્નાઉશ્ યા વેરેઝેના હેચા,
નએદા દખ્યેઉશ્ યોઇ સાસ્તારો દ્રેગ્વન્તો.

(પેગમબર જરથોશ્ત કહે છે કે) મારાં સગાંઓના તથા નોકરોના (ધર્મ) ત્યજી દેવાથી, (હવે) કઇ જગ્યાએ હું વલણ લઉં? કઇ દીશાએ વલણ લઇને હું જાઉં? ન ધંધાદારીઓ કે ન દેશના પાપી (અથવા ઘાતકી) જુલમ કરનારાઓ,–કોઇએ મને રાજી રાખતા નથી.

(યજશ્ને હા. ૪૬, ફ૦ ૧.)

યસ્તેમ્ ક્ષથ્રાત્ મઝ્દા મોઇથત્ જ્યાતેઉશ્ વા,
હ્વો તેંગ્ ફ્રોતાઓ પથ્મેંગ્ હુચિસ્તોઇશ્ ચરાત્.

અએ અહુરમજદ! જે કોઇ (દુષ્ટ માણસ)ને (તેની) સત્તાથી અથવા જીંદગીથી ગગડાવી નાખે છે, તે માનવી તેઓને (એટલે) ગાય-ઢોરને તથા સારાં ડહાપણના માર્ગોને મોકળા કરે છે.

(યજશ્ને હા. ૪૬, ફ૦ ૪.)

યેજી અદાઇશ્ અષા દ્રુજેમ વેંઘહઇતી,
હ્યત્ આંસષુતા યા દઇબિતાના ફ્રઓખ્તા
અમેરેતાઇતી દએવાઇશ્ચા મષ્યાઇશ્ચા
અત્ તોઇ સવાઇશ્ વહ્મેમ વક્ષત્ અહુરા.

જયારે (અશો-સદગુણી માણસ) (પોતાનાં) પરોપકારી કાર્યોથી (તથા) અષોઇથી દરૂજ (ઠગાઇ–જુઠાઇ)ને મારશે, (તથા) જે ચીજો દૈત્યોથી તથા (બુરા) માણસોથી ઠગાઇ તરીકે જાહેર થયેલી (હતી), તે જયારે તેનાં ખરાં રૂપમાં આહાર આવશે ત્યારે, હે અહુરમજદ! તારી ભક્તિ (તેથી ઉપજતા) લાભો સાથે (ચોમેર) ફેલાવો પામશે.

(યજશ્ને હા. ૪૮. ફ૦ ૧.)

વંઘ્હુઉહી આદા ગઇદી મોઇ આ–મોઇ અરપા.

(હે અહુરમજદ!) (આ) મારાં સંકટમાં મને (મદદ કરવાને માટે), (તારી) ભલી બક્ષીસ સાથે તું આવ. (યજશ્ને હા. ૪૯, ફ૦ ૧.)

અન્તરૅ વીસ્પઁગ્ દ્રૅગ્વતો હુખ્મેંગ્ અન્તરૅ-મ્રુયે.

બુરા માણુસના સર્વ સોબતીઓને હું ધિક્કારી રદ કરૂં છું.
(યજશ્ને હા. ૪૯. ફ૦ ૩,)

નોઇત્ ઍરૅશ્-વચાઓ સરૅમ્ દદાંસ્ દ્રૅગ્વાતા.

સત્ય બોલનારે દુષ્ટ માણુસની મારફતે (અથવા દુષ્ટ માણુસની સાથે) સરદારી ન લેવી. (યજશ્ને હા. ૪૯. ફ૦ ૯.)

માંજા ક્ષથ્રા વજ્દંઘ્હા અવેમીશ.

પણ દુષ્ટતામાં ફસેલી સત્તાનો નાશ થશે.
(યજશ્ને હા. ૪૯ ફ૦ ૧૦.)

અત્ દુશ્-ક્ષથ્રઁગ્ દુશૅ-શ્યઑથનઁગ દુજ્વચંઘ્હો,
દુજ્દએનઁગ દુશ્-મનંઘ્હો દ્રૅગ્વતો,
અકાઇશ ખ્વરૅથાઇશ પઇતી ઉર્વાનો પઇત્યેઇન્તી;
દ્રુજો દૅમાને હઇથ્યા અંઘ્હેન્ અસ્તયૉ.

ખરાબ સત્તાવાળાં, અનીતિનાં કાર્ય કરનારાં, અનીતિના શબ્દ ઉચરનારાં, બુરી દયાનતવાળાં તથા દુશ્મતવાળાં પાપી રવાનોને (હૈત્યો) ખરાબ ખોરાક સાથે જેહરી તથા ગંધ મારતો ખોરાક (લઇને) સામેથી લેવા જાય છે; (અને તે રવાંનોની) હયાતી[1] દરૂજનાં મુકામમાં (દોજખમાં) ખરેખર હોય છે. (યજશ્ને હા. ૪૯. ફ૦ ૧૧)

તા દ્રૅગવતો મરૅદઇતી ઍરૅજાઉશ હઇથીમ્.

અષો (માણુસ)નો દીનનો માર્ગ, (છેવટે) દુષ્ટ (માણુસ)ના (માર્ગને) ખરેખર (અથવા બેશક) કચડી નાખે છે.
(યજશ્ને હા. ૫૧. ફ૦ ૧૩.)

યે-ઇશ સઁગ્હો અપેમૅમ દ્રુજો દૅમાને આદાત્.

તેઓની (કરપોની) એવી (બુરી) રીતિને લીધે, છેવટે તેઓ દરૂજનાં ધામમાં જશે. (યજશ્ને હા. ૫૧. ફ૦ ૧૫.)

ઇથા-ઇ હઇથ્યા નરો અથા જેનયો.
દ્રુજો હચા રાથૅમો યેમે સ્પષુથા ફ્રાઇદીમ્.
દ્રુજો આયેસે હોઇશ પિથા તન્વો પરા.
વયૂ-બૅરૅદુબ્યો દુશ-ખ્વરૅથૅમ નાંસત્ ખ્વાથ્રૅમ્.

---
૧. અસ્તિત્વ.

પણ, અએ નરો તથા નારીઓ ! દરૂજ (જુઠાઇ)ના માર્ગને (તથા તેની) વૃદ્ધિને જાહેર રીતે તમે બંધ કરજો. દરૂજની આરાધનાથી તમારા તનનો સંબંધ છોડવજો. દુષ્ટ ઓરેહવાળું સુખ (નામોશી સાથની મ્હોટાઇ) માણુસોને માટે નાશકારક (છે). (યજશ્ને હા. ૫૩. ફ૦ ૬).

અનાઇશ આ દુજ્જવરૅષ્નંઘ્રહો દફ્ષુન્યા હૅન્તૂ.
જખ્યાચા વીરપાઑઘ્રહો ખ્રઑસૅન્તાંમ ઉપા.
હુક્ષથાઇશ જેનરાંમ ખ્રૂનેરાંમ્ચા રામાંમ્ચા.
આઇશ દદાતૂ બ્યેઇતિબ્યો વીજ્જિબ્યો, ઇરતૂ ઇશ દ્ફ્ષો હ્વો દૅરૅજા.
મૅરૅથ્યાઉશ મજિશ્તો મૉષુચા અસ્તૂ.

બુરાં કાર્ય કરનારાંઓનો પરાભવ થજો ! તે સઘળા ધીક્કાર સાંથે હસી કાઢેલા (તથા) વિલાપ કરતા થજો ! સારી સત્તા ધરાવનારાઓથી તેઓ દુ:ખ અને જખમ પામજો ! (માણુસોનાં) રેહેઠાણુમાંથી તથા ગાંમડાંઓ (અથવા કુટુંબો)માંથી તેઓ ન્યાત બાહાર થયેલા હોજો ! (બુરૂં કામ કરનાર માનવી) પોતે બે ફાંસાવાળો (એટલે હાથે અને પગે બેડી પહેરેલો) થઇને તે બેડીઓને હલાવજો ! સર્વથી મ્હોટી મરકી તેની ઉપર જલદીથી આવી પુગજો[1] ! (યજશ્ને હા. ૫૩. ફ૦ ૮.)

ગશ્તા યે મન્તા અષૅમ અહૂમબિશ વિદ્વાઑ અહુરા.
ઍરૅજ્જૂખ્ધાઇ વચંઘ્રહાંમ ક્ષયમ્નો હિજ્વો-વસો.

જે વિદ્વાન થઇને, અએ હોરમજદ ! બે દુન્યો (ના લાભ)ને માટે અષોઇ (એટલે માંથ્રવાણી) સાંભળે (તથા તે ઉપર) વિચાર કરે, (તે નર) સાચી વાણી ઉપર સાહેબી ભોગવનાર (તથા) પોતાની જીભને તાબે રાખનાર (હોય છે). (યજશ્ને હા. ૩૧. ફ૦ ૧૯.)

હ્યત થ્વા ક્ષયાંસ અએષૅમ દૃયાત એમવન્તૅમ.

તારે લીધે (અએ હોરમજદ !) કોઇબી રાજ્યકર્ત્તા (પોતાની) ઉંચ ઇચ્છાને (અર્થાત પોતાનું ધારેલું મહાભારત કાર્ય) ટેકાવી રાખી શકે છે. (યજશ્ને હા. ૪૩. ફ૦ ૧૦.)

---

૧. આ બહુ કરડા શ્રાપો છે. મહાપ્રતાપી મહાત્માઓ જ્યારે દરોડો માનવીઓને આડે માર્ગ લઈ જનારાઓની તરફ નજર કરીને, તેઓ કેટલા નિર્દય અને નાશકારક છે, તે જુવે છે, ત્યારે જગતના પ્રાણીઓ પ્રત્યેના દયાના આવેશમાં, આ શબ્દો ઉચરે છે. તેઓ દયાના સાગર છે અને ધિક્કાર તેમનાં હૈયાંમાં વાસો કરી શકતો નથી, જો કે તેઓ શીક્ષા કરવામાં પોતાની ફરજ, પોતાનું કરતવ્ય, ડગમગયા વિના બજાવે છે.

અપાખ્તરત્ હચ નએમાત્ અપાખ્તરએઇબ્યો હચ નએમએઇબ્યો ફ્રદ્વરત્ અંગ્રો મઇન્યેઉશ પૉઉરૂ-મહ્રકો દએવનાંમ્ દએવો. ઉઇતિ દવત હો યો દુજ્દાઑ અંગ્રો મઇન્યુશ પૉઉરૂ-મહ્રકો દ્રુખ્શ ઉપ-દ્વાર મૅરેન્ચંઘ્રઉહ અષાઉમ્ જરથુશ્ત્ર. દ્રુખ્શ હે પઇરિ-દ્વરત્ બૂઇતિ દએવો ઇથ્યેજો મરષઑનૅમ્ દવજ્ઑ.

ઉત્તર તરફના ભાગમાંથી, ઉત્તર તરફના ભાગોમાંથી દેત્યોનો દેત્ય (જે) પુર મરકીવાળો અંગ્રેમઇન્યુશ (તે) દોડી આવ્યો. ખરાબ જાણનારો (તથા) પુર મરકીવાળો જે અંગ્રેમેન્યુશ તે નીચે પ્રમાણે બોલ્યો. "હે દરૂજ ! અશો જરથોસ્ત આગળ દોડ (અને તેને) માર."

તે નાશકારક, મોતભરેલો (અને) ઠગનાર બૂઇતિ (નામનો) દેત્ય દરૂજ તે (અશો જરથોસ્ત)ની આસપાસ દોડયો. (૫૨. ૧૯. ફ૦ ૧.)

જરથુશ્ત્રો અહુનૅમ્ વઇરીમ્ ફ્રસ્રાવયત્. યથા અહૂ વઇર્યો...... વાસ્તારૅમ્. આપો વંઘ્રઉહીશ ફ્રાયજએત વંઘ્રહુયાઑ દાઇત્યયાઑ દએનાંમ્ માઝ્દયસ્નીમ ફ્રઑરૅનએત. દ્રુખ્શ હે સ્તૅરૅતો અપ-દ્વરત્ બૂઇતિ દએવો ઇથ્યેજો મરષઑનૅમ્ દવજ્ઑ.

(પેગામબર) જરથોસ્ત આખો અહુનવર ગાઇને ભણ્યો:-

યથા અહુ વઇરીયો......વાસ્તારેમ. (અશો જરથોસ્તે) વેહદાઇતી (નદી)ના ભલાં પાણીઓને ઇજ્યાં, માજ્દયસ્ની દીન ઉપર શ્રદ્ધા રાખી, (તે) નાશકારક મોત ભરેલો (અને) ઠગ બૂઇતિ (નામનો) દરૂજ તેની આગળથી બીહીને દૂર નહાસી ગયો. (૫૨. ૧૯. ફ૦ ૨.)

દ્રુખ્શ હે પઇતિ-દ્વત. સ્ફુતર અંઘ્ર મઇન્યો નોઇત્ હે અઑષો પઇરિ-વએનામિ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ પૉઉરૂ-ખરૅનંઘ્રહો અષવ જરથુશ્ત્રો. જરથુશ્ત્રો મનંઘ્રહો પઇરિ-વએનાત્. દએવ મે દ્રુવન્તો દુજ્દાઑંઘ્રહો અઑષૅમ્ હાંમ્-પૅરૅસૅન્તે.

તે (દરૂજે) (અંગ્રેમઇન્યુશ)ને ચીડથી પાછું કહ્યું કે, "અએ સમજમાં વધારે આંધળા અંગ્રેમઇન્યુશ ! સર્વથી પવિત્ર જરથોસ્તને માટે તેનું મોત હું આસપાસ જોતો નથી, (કારણકે તે) અશો જરથોસ્ત પુર પ્રકાશીત (છે)". જરથોસ્તે પોતાના મનમાં વિચાર્યું કે દેત્યો, દરવંદો, (અને) ખરાબ જાણનારા મારા મોત વિષે સાથે મનસુબો કરે છે.

(૫૨. ૧૯. ફ૦ ૩.)

ઉસ્અહિસ્તત્ જરથુશ્ત્રો ફ્રશુસત્ જરથુશ્ત્રો અસરેતો અક મનંઘ્રહ ખ્રઑજદય ત્બએષો-પરૂશ્તનાંમ્. અસાનો જસત ક્રજીગ્નો કતો-મસંઘ્રહો હેન્તિ અપવ જરથુશ્ત્રો વિનદેમનો દથુષો અહુરાઇ મજ્દાઇ. કવ હે દ્રજહે અઇંઘ્રહાઑ જેમોયત પથનયાઑ સકેરનયાઑ દૂરએ-પારયાઑ દ્રેજ્ય પઇતિ જબરહિ ન્માનહે પૅાઉરૂશસ્પહે.

અકોમનના ધિક્કાર ભરેલા સવાલોમાંના (સવાલથી) ડર્યો વિના, કત (માપ)ના જેટલા મ્હોટા ગોફણના પત્થરો હતા, તે હાથમાં પકડીને જરથોશ્ત ગુસ્સાથી (પોતાની જગ્યા ઉપરથી) ઉઠયો (અને) આગળ ચાલ્યો. અશો જરથોશ્તને (તે ગોફણના પત્થરો) પેદા કરનાર અહુર-મજ્દથી મળેલા (હતા).

તે હથ્યારો કયાંથી પકડયાં છે (એટલે તને મલ્યાં છે)?

(જવાબઃ—)આ જમીન જે પહોળી, ગોળ (તથા) ઓળંગવાને દૂર પડે તેવી (છે તેમાં), જબાર પહાડની પડોશમાં (આવેલી) દરેજ (નામની નદી)ની નજદીક, પૌરૂશસ્પના ઘરમાં (તે હથ્યારો મલ્યાં હતાં). (પર. ૧૯, ફ૦ ૪.)

ઉજ્વએધયત જરથુશ્ત્રો અંઘ્રેમ્ મઇન્યુમ્ દુજ્દ અંઘર મઇન્યો જનાનિ દાંમ દએવોદાતેમ્ જનાનિ નસુશ દએવો-દાતેમ્ જનાનિ પઇરિકાંમ યાંમ ખ્નાંથઇતિ યહ્માઇ ઉસ્-જયાઇતે સઑષ્યાંસ વેરેથ્રજ હચ અપત્ કાંસઑયાત્ ઉષસ્તરત્ હચ નએમાત્ ઉષસ્તર-એઇબ્યો હચ નએમએઇબ્યો.

જરથોશ્તે અંગ્રેમઇન્યુશને મ્હોટે અવાજે જણાવ્યું કે, અએ ખરાબ ચાલનારા અંગ્રેમઇન્યુશ! દૈત્યના માર્ગે ચાલનારી પેદાયશનો હું નાશ કરી નાખીશ, દૈત્યના માર્ગના નસાનો હું નાશ કરી નાખીશ; (તથા) જ્યાં સુધી કાંસવ (નામની નદીના) પાણીમાંથી પૂર્વ તરફના ભાગમાંથી પૂર્વ તરફના ભાગોમાંથી વીજયી સોશ્યોસ શ્રેષ્ટતાથી જન્મ પામે (ત્યાં સુધી), ખ્નાઇતિ (નામની) પરીનો હું (પોતે) નાશ કરીશ. (પર. ૧૯, ફ૦ ૫.)

યસ્કેમ્ થ્વાંમ્ પઇતિ-સંઘ્રહામિ મહ્રકેમ્ થ્વાંમ્ પઇતિ સંઘ્રહામિ દાજુ થ્વાંમ્ પઇતિ-સંઘ્રહામિ તફ્નો થ્વાંમ્ પઇતિ સંઘ્રહામિ. સારનહે થ્વાંમ્ પઇતિ-સંઘ્રહામિ સારસ્તયેહે થ્વાંમ્ પઇતિ-સંઘ્રહામિ અજ્નહે થ્વાંમ્ પઇતિ-સંઘ્રહામિ અજહ્વહે થ્વાંમ્ પઇતિ-સંઘ્રહામિ કુરૂઘહે

થ્વાંમ્ પઇતિ-સંઘ્નહામિ અજિવાકહે થ્વાંમ્ પઇતિ-સંઘ્નહામિ દુરુકહે થ્વાંમ્ પઇતિ-સંઘ્નહામિ અસ્તઇરયેહે થ્વાંમ્ પઇતિ-સંઘ્નહામિ. અઘષે થ્વાંમ્ પઇતિ-સંઘ્નહામિ.

હે દર્દ ! હું તને શ્રાપ દઉં છું; અએ કવખતના મોત હું તને શ્રાપ દઉં છું; અએ દાઝુ (અથવા ડાહામ) ! હું તને શ્રાપ દઉં છું; અએ તાપ ! હું તને શ્રાપ દઉં છું; હે સારન (નામના દર્દ !) હું તને શ્રાપ દઉં છું; ઓ સાર સ્તય (નામના દર્દ) ! હું તને શ્રાપ દઉં છું; હે અજૂન (નામના દર્દ) ! હું તને શ્રાપ દઉં છું; ઓ અજૂહ્વ (નામના દર્દ) ! હું તને શ્રાપ દઉં છું; હે અજિવાક (અથવા સાંપના ડંખ) ! હું તને શ્રાપ દઉં છું; અએ દરૂક (નામના દર્દ) ! હું તને શ્રાપ દઉં છું; અએ અસ્તઇરય (નામના દર્દ) હું તને શ્રાપ દઉં છું; અએ અઘષી (નામના દર્દ !) હું તને શ્રાપ દઉં છું. (૫૨. ૨૦. ફ૦ ૭)

અન્ય ધર્મોની સરખામણીઓ.

अंतवंत इमे देहा नित्यस्योक्तः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्धचस्व भारत ॥

(ગીતા ૨-૧૮)

તે નીત્ય, નાશરહિત અને અમાપ (ઇશ્વર)નાં આ શરીરોનો અન્ત આવે છે. માટે હે ભારત! તું યુદ્ધ કર.

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥

(ગીતા ૨-૩૧)

વધુ તારા પોતાના ધર્મ (કર્તવ્ય) ઉપર લક્ષ રાખતાં, તારે કાંપવું ન જોઇએ; કારણ કે એક ક્ષત્રિને માટે ધાર્મિક યુદ્ધ કરતાં વધારે આવકારદાયક અને શ્રેષ્ઠ કાંઇજ નથી.

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥

(ગીતા ૨-૩૩)

પણ જો આ ધાર્મિક લડત તું ન કરીશ તો તારો ધર્મ છોડી અને સ્વમાન ત્યજીને પાપી થશે.

हतो वा प्राप्स्यासि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥

(ગીતા ૨-૩૭)

માર્યો જઇશ તો સ્વર્ગ પ્રાપ્તિ થશે, જીતશે તો જગત ભોગવશે; માટે હે કુન્તિપુત્ર ઉભો થઇને લઢ.

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥

(ગીતા ૨-૩૮)

સુખ, દુઃખ, લાભ અને હાણી, જય અને હાર સમાન સમજીને યુદ્ધમા પ્રવૃત થા; અને તને પાપનો દોષ જરાએ અડશે નહિં.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥

(ગીતા ૮-૭)

માટે સર્વે કાળમાં માત્ર મારૂં સ્મરણ કરીને યુદ્ધ મચાવ. તારૂં મન અને બુદ્ધિ મને સોંપવે તું મને અસંશય પ્રાપ્ત કરશે.

द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथाऽन्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा युद्ध्यस्व जेतासि रणे सपत्नान् ॥

(ગીતા ૧૧-૩૪)

દ્રોણ અને ભીષ્મ અને જયદરથ, કર્ણ અને અન્ય અત્રેના યોધ્ધાઓ મારેથી માર્યા ગએલાજ છે. માટે બે ફીકર તેમનો નાશ કર. લઢ! તું તારા શત્રુઓ ઉપર જય મેળવશે.

यद्यहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥

(ગીતા ૧૮-૫૯)

જો અહંકારને અંગે તું વિચારશે કે "હું લઢીશ નહિ" તોએ તારો નિશ્ચય વ્યર્થ છે. તારા સ્વભાવથી તું બંધાઇ રેહશે (અને લઢશેજ).

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥
अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥

(ગીતા ૨. ૩૨-૩૩)

હે પાર્થ! દૈવ ઇચ્છાથી આવી મળેલું, સ્વર્ગના ઉઘાડાં બારણાં જેવું, આવું યુદ્ધ જે ક્ષત્રીયોને મળે તેઓ ભાગ્યશાળી છે. વળી જો તું આ ધર્મયુદ્ધ ન કરીશ, તો સ્વધર્મ તથા કીર્તિ ખોઇ, પાપને તું પામીશ.

कबीर ! या घर प्रेमका, खालाका घर नांहि,
सीस उतारे हाथसुं, सौ पेठे घर मांहि.

હે કબીર, આ જગત પ્રેમનું ઘર છે, માસીનું ઘર નથી કે ત્યાં તું લાડ રમે. એ પ્રેમના ઘરમાં ત્યારે પેસી શકશે, કે જ્યારે હાથેજ તારૂં શીર કાપીને તું નિચે ઉતારે.

पहेले दाता में भया, हरीको सोंप शीस,
पीछे दाता हरी भया, काह करुं बक्षीस !

પહેલે મેં મારૂં શીર યજદાનને હવાલે કર્યું, તે પછી દાદગર આપનાર (દાતા) બન્યો. ત્યારે હવે હું શું આપું? (મેં સર્વસ્વ અર્પણ કર્યું, બાકી રહ્યું શું કે આપું?)

काया मोड कमांन कर, पांच तत कर तान,
मारो तो मन मरघला, नहि तो मीथ्या जान.

(પ્રેમ ક્યારે મળે કે જ્યારે) તારી કાયાને કમાન સમાન વાળે, પાંચે ઇન્દ્રિયોને તાંત માફક તેની ઉપર ચઢાવે, ભટકતા મરઘા જેવાં મનને મારી શાન્ત કરે; બાકી સર્વ મીટ્યા જાણવું.

कबीर, कबीर ! क्या करो, खोजो आप शरीर,
जो ये पांचे वश करो, तो आपहि दास कबीर.

કબીર મોટા છે એવી સ્તુતી શા માટે કરો છો? તમારાં પોતાના શરીરમાં ખોળ કરો અને પાંચ ઇન્દ્રિને વશ કરો, તો તમે કબીર જેવા ખુદાના પ્યારા અને મહાન ભક્ત બની જશો.

गला गुस्सेका काट, मियां कहेरकुं मार,
पांचो बकरी जुंबा करो, तब पावे दीदार.

ગુસ્સાને ગરદન માર, કહેર મિયાંને તોડ, પાંચ ઇન્દ્રિઓ જે બકરીઓ સમાન છે તેને કતલ કર, અને ત્યારેજ યજદાનના દર્શન થશે![1]

सात समुद्रकी एक लहेर, ओर मनकी लहेर अनेक.
कोइ एक हरी जन उबरा, डुबी नांव अनेक.

મનના અનેક મોજાઓ આગળ સાત દર્યાના મોજાઓ તો બીસાદમાં નથી. એ મન સમુદ્ર ઉપર તરવા જતાં, સઘળા સંસારી માનવીઓની નાવો ડુબી ગઇ, જ્યારે એકાદ ભક્ત તે સાથે તરી ગયો.

मनका मस्तक मुंड ले, काम क्रोधका केश,
जो ये पांचो परमोधले, तो चेला सबहि देश.

મનનું માથું બોડાવી નાખ, કામ અને ક્રોધને ખરાબ કેશની માફક ઉતારી દે, (દાબી નાખ). જો પાંચ ઇન્દ્રિને તાબે કરશે તો આખા દેશના લોક તારા ચેલા બનશે.

---

૧. આ સાથ સરખાવો બકરાંઓ અને ઘોડાઓ અર્પણ કરવાના ઈશારાઓ. તેમનો અર્થ પણ આવોજ કરી શકાય છે. નાનાં મોટાં ગાય ઢોરની કતલ નહિં, પણ નાના, મોટા જાનવરી દુર્ગુણોનો ત્યાગ, આ શબ્દો સૂચવે છે.

माथां मुंछ मुंडाय के, काया घाटम घोट,
मनको काहे न मुंडियो, जामे सबही खोट.

માથું, મુંછ ઇત્યાદી બોડાવીને શરીર શા માટે કદરૂપું બનાવે છે? તારાં મનને મુંડી (જીતી) લે, કારણ કે સર્વે નુકસાન અને ખોટ મનમાંથીજ ઉત્પન્ન થાય છે.

कबीर माया सांपनी, जनताहिको खाय.
ऐसा मिला न गारुडी, पकड पिंढारे बांय.

જેમ સરપની માતા પોતાનાં બચ્ચાંનેજ ખાઇ જાય છે, તેવીજ માયા છે. એવો કોઇ ગારૂડી નથી મલતો કે જે એ માયા સાંપણને પકડીને પટકી નાખે.

कबीर! माया डाकणी, खाया सब संसार,
खाइ न शके कबीरको, जाके राम आधार.

વળી :

मुली उपर घर करे, बिष करे अहार.
तीनको काल क्या करे, आंठ पहोर हुश्यार.

સુલી ઉપર રહેતો હોય તેમ જે વર્તે અને ઝેહેરજ ખાય, તેવા રાતદીવસના હુશ્યારીથી વર્તનારને, કાલ કેમ પકડી શકે?

RIGHTEOUS WAR

Yea, the righteous shall keep the way of the
righteous
And to God turn the steps of all that abideth
And to God return ye too, with Him only
Rest the issues of things and all that they gather.

(*C. J. Lyall.*)

Fight the good fight. (*Bible.*)

Self-conquest is the greatest of victories. (*Plato.*)

Brave conquerors! for so you are
That war against your own affections.
And the huge army of the world's desires.
(*Shakespeare.*)

Theirs not to make reply
Theirs not to reason why
Theirs but to do and die. (*Tennyson.*)

Awake, arise or be for ever fallen? (*Milton.*)

To live is to do battle. (*Senec a.*)

We are the voices of the wandering wind
Which moan for rest and rest can never find—
Lo, as the wind is, so is mortal life
A moan, a sigh, a sob, a storm, a strife.
(*Light of Asia.*)

The enemies which rise within the body
Hard to be overcome—thy evil passions
Should manfully be fought; who conquers these
Is equal to the conqueror of mortals.
(*Bharavi.*)

He who reigns within himself and rules passions desires and fears is more than a king. (*Milton.*)

What shall it profit a man, if he shall gain the whole world and lose his own soul. (*Bible.*)

If one man conquer in battle a thousand times thousand men and if another conquers himself, he is the greatest of conquerors. (*Dhammapada.*)

He who overcomes others is strong, he who overcomes himself is mighty. (*Teaching of Taoisin.*)

They can conquer, who believe they can. (*Dryden.*)

Fight in the way of God against those who fight against you, but transgress not and surely God loves not those who transgress. (*Koran II, 186.*)

Enjoined upon you is war, but it is hateful to you. (*Koran II, 212.*)

Those who believe fight in the way of God, and those who disbelieve fight in the way of Taghut: fight then against the friends of the devil, surely the craft of the devil is weak. (*Koran IV, 78.*)

Verily God loves those who fight in His way drawn up in battle array, as though they were a solid wall. (*Koran LXI– 4.*)

પ્યાર–દયા.

ક્ષથ્રહે વઇરયેહે અયોક્ષુસ્તહે મરેજ઼્દિકાઇ થ્રાઓ–દ્રિગ્ઍવે... ક્ષ્નઍાથ્ર યસ્નાઇચ વહ્‌માઇચ ક્ષ્નઍાથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇરયો જ઼ઍાતા ફ્રા મે મ્રૂતે.

ચોખ્ખી ધાતુ (ઉપર સરદારી ભોગવનાર) શહરેવર (અમેશાસ્પંદ), (જે) દયાળુ (તથા) ગરીબનું પોષણ કરનાર, તેની આરાધના કરવાને, ખુબીઓ ગાવાને, ખુશનુદ કરવાને તથા વખાણ કરવાને જોતી મારી આગળ યથા અહૂ વઇરયો (ના કલામોની ખુબીઓ) જાહેર કરે.

(મ્હોટી હ્પ્તન યશ્ત ક૦ ૨.)

આક્ષ્તીમ્ હાંમ્ વઇન્તીમ્ યજ઼મઇદે.

ફ્રેહમંદ દોસ્તી (અથવા મોહબતભરી સુલેહને) અમે વખાણીએ છીએ. (મહેટી હ્પ્તન યશ્ત ક૦ ૬.)

અંષહ્યા આઅત્ સઇરી, અંષહ્યા વૅરેંજ઼ેને, કહ્‌માઇચીત્ હાતાંમ જ઼ીજ઼ીષાંમ્ વહિશ્તાંમ્ આદા ઉઓઇબ્યા અહુબ્યા.

અષોઇની સરદારીમાં (તથા) અષોઇના અમલમાં (રહીને) હયાતી ભોગવનારાઓમાંનો કોઇ માનવી, બન્ને દુનિયામાં સૌથી ઉત્તમ જીંદગી ગુજારવા ચાહતો (હોય), (તો તેને) સખી (થવું.)

(મ્હોટી હપ્તન યશ્ત કો ૧. ફો ૮.)

ઇથા આત્ યજમઇદે ગેઉશ્ ઉર્વાનેંમ્ચા તષાનેંમ્ચા અહ્માકેંન્ગ્ આઅત્ ઉર્વનો પસુકનાંમ્ચ, યોઇ નાઓ જીજિષેંન્તી, યએઇબ્યસ્ચા તોઇ આ યએચા અએઇબ્યો આ અંઘ્રહેંન્.

એ પ્રમાણે આ જગાએ દુનિયાનાં જોહરને અને (તેના) બનાવનારને, (તથા) હમારાં તેમજ પશુઓનાં રવાંનોને અમે યાદ કરીએ છીએ; જે (પશુઓ) આપણને માટે જીવવાને ઇચ્છે છે; જેઓને માટે તેઓ, તથા તેઓને માટે જેઓ છે. (મ્હોટી હપ્તન યશ્ત કો ૫. ફો ૧.)

અર્ષોચા થ્વા એમવન્તસ્ચા બુયમા.

(અએ હોરમજદ) તારી ઉપર પ્રીતિ રાખનારા તથા (તારી ઉપર) હિમ્મત બાંધનારા અમે થઇએ. (મ્હોટી હપ્તન યશ્ત કો ૭. ફો ૪.)

તિશ્ત્રીમ્ સ્તારેંમ્ રએવન્તેંમ્ ખરેંનંઘ્રઉહન્તેંમ્ યજમઇદે....... વજેદ્દ્રિશ્ ઉક્ષ્યેઇતિ વિસ્પાઓસે-તાઓ દામાંન્ બએષજયતિચ સેંવિશ્તો, યેજી અએમ્ બવઇતિ યશ્તો, ક્ષ્નૂતો ફ્રિથો પઇતિ-જ્નન્તો.

ચળકાટવાળા (તથા) ખોરેહવાળા તેશ્તર સેતારાને અમે યાદ કરીએ છીએ......જ્યારે તે (તેશ્તર) આરાધના થએલો, ખુશનુદ થએલો, ચહવાએલો (તથા) માન પામેલો હોય છે, (ત્યારે) (તે) બળવાન (તથા) ઘણોજ ફાયદો કરનાર (તેશ્તર) આ તમામ પેદાયશને આબાદ કરે છે તથા સજીવન કરે છે. (તીર યશ્ત ફો ૪૩.)

તિશ્ત્રીમ્ સ્તારેંમ્ રએવન્તેંમ્ ખરેંનંઘ્રઉહન્તેંમ્ યજમઇદે......યો દધાઇતિ કુક્ષ્ન્વાંનાઇ, પોઉરૂશ્ અયપ્તાઓ, જઇધ્યન્તાઇ, અજઇધ્યમ્નાઇ મબ્યાઇ.

ચળકાટવાળા તથા ખોરેહવાળા તેશ્તર સેતારાને અમે યાદ કરીએ છીએ, જે તેને ખુશી કરનાર શખ્સને તે માગે કે ન માગે (તોપણ), પુષ્કળ બક્ષેસ આપે છે. (તીર યશ્ત ફો ૪૯.)

હખ્ય સઓષહે અષ્યેહે. હખ્ય રશ્નઓશ્ રજિશ્તહે, હખ્ય મિથ્રહે વૉઉરૂ-ગઓયઓઇતોઇશ્, હખ્ય વાતહે અષઓનો, હખ્ય દએનયાઓ વંઘુહુયાઓ માઝદયસ્નોઇશ્, હખ્ય અસ્ત્તાતો ફ્રાદત-

ગઍથયાઑ વરેદત્ ગઍથયાઑ સવો ગઍથયાઑ, હુખય અષોઇશ વંઘ્રહુયાઑ, હુખય ચિશ્તોઇશ વંઘ્રહુયાઑ, હુખય રજિશ્તયાઑ ચિસ્તયાઑ, હુખય વીસ્પએષાંમ્ યજતનાંમ્, હુખય માંથ્રહે સ્પૅન્તહે, હુખય દાતહે વીદએવહે, હુખય દરેઘયાઑ ઉપયનયાઑ, હુખય અમેષનાંમ્ સ્પૅન્તનાંમ્, હુખય અહ્માકૅમ્ સઑષ્યન્તાંમ્ યત્ બિપઇતિશ્તનાંમ્ અષઑનાંમ્, હુખય વીસ્પયાઑ અષઑનો સ્તોઇશ.

અશો સરોષ (યજદ)ના દોસ્તદારોને, સૌથી વધુ સત્યવાદી રશને (યજદ)ના દોસ્તદારોને, બોહળાં ખેતરવાળા મેહર (યજદ)ના મીત્રોને, અશો ગોવાદ (યજદ)ના દોસ્તદારોને, ભલી માજદયસ્ની દીનના દોસ્તદારોને, દુનિયાની વૃદ્ધિ કરનાર, દુનિયાની આબાદી કરનાર (તથા) દુનિયાને ફાયદો કરનાર આશ્તાદ (યજદ)ના દોસ્તદારોને, અશીશવંઘના દોસ્તદારોને, સારાં જ્ઞાનના (અથવા ડહાપણના) મીત્રોને, સૌથી શ્રેષ્ઠ સત્ જ્ઞાનના (એટલે ધર્મ કેળવણીના) દોસ્તદારોને (એ બધાઓને અમે વખાણીએ છીએ). તમામ યજદોના દોસ્તદારોને, માંથ્ર સ્પૅન્તના દોસ્તદારોને, દેવથી જુદા કાયદાના દોસ્તદારોને, લાંબા વખતના જુના રેવાજના દોસ્તદારોને, અમશાસ્પંદોના દોસ્તદારોને, અશો માણસોમાં ફાયદો કરનારાઓમાંના અમારા મીત્રોને (તથા) અશો (અહુરમજદ)ની તમામ પેદાયશના દોસ્તદારોને (અમે વખાણીએ છીએ અથવા યાદ કરીએ છીએ.) (સરોશ યશ્ત હાદોખ્ત ક૦ ૧૬-૧૭.)

ગવે અઍમ, ગવે નૅમ, ગવે ઉખ્ધૅમ, ગવે વૅરેથ્રૅમ, ગવે ખરૅથૅમ, ગવે વસ્ત્રૅમ, ગવે વૅરેજયાતાંમ્, તાંમ્ ને ખરૅથાઇ ફ્ષુયો.

ગાય ગોસ્પંદ (સૃષ્ટિના સઘળા જીવો)ને માટે હિમ્મત (હોજો)! ગાય ગોસ્પંદને માટે વખાણ (હોજો)! ગાય ગોસ્પંદને માટે (સારા) સખુન (હોજો)! ગાય ગોસ્પંદને માટે ફત્તેહ (હોજો)! ગાય ગોસ્પંદને માટે ખોરાક (હોજો)! ગાય ગોસ્પંદને વસ્ત્ર (હોજો)! ગાય ગોસ્પંદને માટે (માણસે) મહેનત કરવી જોઇએ (કારણકે) તે આપણા ખોરાક[1]ને

---

૧. અથવા "ખુરેહ." પંચગવ્ય આપણા 'પાપો' કાપી શકે છે, એ બીના હિંદુ-શાસ્ત્રમાં નિર્વિવાદ ઠરી છે. લોહીમાં પાપથી ઉપસ્થિત થતા મેલને પીધેલો નીરંગ (ગૌમૂત્ર) ધોઈ શકે છે; શરીરને લાગેલો બહારનો મેલ, નીરંગના સ્પર્શથી સાફ થાય છે પી (ઓસોદો) વિના ભોજન જમવાને યોગ્ય નથી થતું, અને તેનેથી ભોજન વિશુદ્ધ બને છે, ઈત્યાદી વિષયોનો અભ્યાસ થાય, ત્યારે અવસ્તાની આ સુંદર વાણી પુખ્ત રીતે સમજી શકાય. ખુરેહ સ્વચ્છ થયા વિના, મનની શુદ્ધિ લગભગ અશક્ય થાય છે; અને શુદ્ધ મન વિના ગુરુ સાક્ષાત્કાર અને અહુરમજદ સાક્ષાત્કાર અશકય છે.

માટે વધારો કરનારાં (છે) ! (બહેરાંમ યશ્ત ફ૦ ૬૧.)

યો યથ પુથ્રૅમ્ તઉરૂનૅમ્ હઓમૅમ્ વન્દએત મશ્યો, ફ્રા–આભ્યો તનુભ્યો હઓમો વીસદ્તે બએષજાઇ.

જે માણસ હોમને જવાન દીકરાની માફક વખાણે છે (પ્રેમ દેખાડે છે), (તેને) તંદોરસ્તી આપવા સારૂં (તે) હોમ તેનાં તનમાં દાખલ થાય છે. (મ્હોટી હોમ યશ્ત ક૦ ૨. ફ૦ ૮.)

ફ્રા તે વીસાઇ ઉર્વથો સ્તઓત, ઉર્વથૅમ્ સ્તઓતારૅમ્ વંધ્રહુંઘ્રૅમ્ દધો અઓખ્ત અહુરો મજ્દાઓ, યથ અષૅમ્ યત્ વહિશ્તૅમ્.

(અએ હોમ) ! તારો સ્નેહી (અથવા તને અર્પણ થયલો) સ્તુતી ગાનાર હું થઇશ, (કારણકે) અહુરમજદે સ્તુતી કરનારને અષ વહિશ્તના કરતાં વધારે ભલી પેદાયશ કહેલી છે. (મોટી હોમ યશ્ત ક૦ ૨. ફ૦ ૯.)

ઉર્વથો બવાહિ યજતનાંમ્ યથ જરેનૅમ્ મશ્યાનાંમ્.

માણસોના વડાની માફક યજદોનો પ્યારો તું થજે.

(આફ્રીને પયગમ્બર જરથોશ્ત ફ૦ ૪.)

ક્ષથ્રૅમચા અહુરાઇ આ યિમ્

દ્રેગુભ્યો દદત્ વાસ્તારૅમ્.

જે મનુષ્ય ગરીબ લાચારોને માટે પાસબાની કરનાર (અથવા પોષણ કરનાર) થાય છે, (તે) હોરમજદને માટે (તમામ ખલકતની) પાદશાહી (કબુલ રાખે છે). (યથા અહૂ વઈર્યો.)

આસ્તુયે દએનાંમ્ વંઘ્રુઉહીમ્ માજદયસ્નીમ્ ફ્રસ્પાયઓખેધ્રાંમ્, નિધાસ્નઇથિષૅમ્.

ભલી માજદયસ્ની દીન (જે) ઝઘડો મટાડનારી, હથીઆર છોડવનારી છે, (તેને) હું વખાણું છું. (જસ મે અવંઘહે મજ્દ)

બ નામે યજ્દ, બક્ષાયન્દેહ બક્ષાયેશગરે મેહરબાન્ અહુરમજ્દ ખોદાએ.

ખોદાતાલાના નામ (ની મદદ)થી (હું આ ભણવાનું શરૂ કરૂં છું) (જે) સાહેબ આશીષોનો બક્ષનાર, પાપોને માફ કરનાર, પ્યાર રાખનાર હોરમજદ (છે). (બાજ જમવાની, નામ સેતાયશની વીગેરે.)

અશાહી રવાન્ દુશારમરા હમ કૅરફેહ હુમા વેહાને હફ્ત કેશ્વર્ જમીન્, જમીન્-પેહના, રૂદ-દરાના, ખોરશીદ-બાલા, બુન્દેહાદ બૅરસાદ.

રવાનના પ્યારને માટે, હફ્ત કેશ્વર જમીન ઉપર (વસનારા) સઘળા પુણ્યવંતાઓને (તથા) તમામ ભલાઓને, જમીનની પોહલાઇ જેટલી, નદીની લંબાઇ જેટલી (તથા) ખોરશેદની ઉંચાઇ જેટલી અશોઇ પુરતી રીતે પહોંચો. (કેરફેહ મોજદ).

સતાઑમ જબાઑમ દાદાર હોરમજદ......મેહરબાન.

દાદાર હોરમજદ (જે) પ્યાર રાખનાર (તેને) હું વખાણું છું (તથા) યાદ કરૂં છું. (ખોરશેદ નિયાયશ).

યજાઇ હુખેદ્રૅમચ યત્ અસ્તિ હુખેદ્રનાંમ્ વહિશ્તૅમ્ અન્તરે માઑંઘ્રહૅમચ હ્વરેચ.

દોસ્તીઓમાંની સૌથી શ્રેષ્ઠ મીત્રતા કે જે ચંદ્ર અને સૂર્યની મધ્યે (છે તેને) હું વખાણું છું. (ખોરશેદ નિયાયશ ક૦ ૧૫).

તૅમ્ પઇરિ-જસાઇ વન્તચ નૅમંઘ્રહચ.

પ્યાર તથા નમાજથી તેની (મેહર યજદની) આસપાસ હું જાઉં. (મેહર નિયાયશ ક૦ ૧૫).

નમાજ઼ ઓએ વીસ્પ આગાહ્ અશ ખાવર્, કેશ ફરેસ્તીદ પ જરથોશત સપેતમાન અશો ફરોહર્ અશતશ ઓએ દામાંન્ દીન દાનશને વરોએશ્ને, આસ્ને-ખેરદી ગોશો-સરૂતેહ ખેરદી.

તે સર્વજ્ઞ (તથા) તે પોષણ કરનાર સાહેબને (હું) શીર નમાવી નમન (કરૂં છું), જેણે પવિત્ર ફરોહરવાળા સ્પીતમાન જરથોસ્તની મારફતે દુનિયાનાં લોકોને (પોતાની તરફ) દોસ્તી કરવા સારૂં, ઇમાન

૧. આ વાક્ય સૃષ્ટિનો એક ગુપ્ત અને ઉંડો ભેદ ખોલે છે. સૂર્ય અને ચંદ્ર બે શક્તિઓ છે, જેને પુરૂષ, સ્ત્રી, positive, negative, active, passive, અગ્નિસોમ, ગણી છે. તેના પ્રતિનીધી રૂપ ઈડા અને પીંગળા નાડી, કરોડ (Spinal chord)માં છે, એમ હિંદુ શાસ્ત્ર જણાવે છે. લોર્ડ બેકને બહુ ઉત્તમ રીતે "મીત્રતા"ના નીબંધમાં જણાવ્યું છે, દેનાર અને લેનાર (benefactor and the beneficiary) ની મધ્યેજ સર્વથી શ્રેષ્ટ મીત્રતા હોઈ શકે છે. માટે સંસારમાં પુરૂષ, સ્ત્રીનું જોડું બહુજ ગાઢી મીત્રાચારી ધરાવી શકે છે; અને પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રી "છુટાપણા"નો અખતરો કેટલો ભારી પડી ગયો છે, તે હમણાથીજ શ્યાણાઓ જોઈ ચુક્યા છે.

લાવવા લાએક ધર્મનું જ્ઞાન, (કે જે) જાતી અક્કલ (તથા) કાને સાંભળેલી (એટલે શીખેલી) અક્કલથી (મેલવી શકાય છે), (તે) મોકલ્યું.
(દુઆ નામ સેતાયશને.)

આપો દશ્તીમ્ વો જઇધ્યામિ પૉઉરૂ-સરૅધાંમ્ અમવઇતીમ્, ફ્રજન્તીમચ ખાપરાંમ્, યેંઘ્રહાઓ પઓઉરૂશ્ચ બૅરૅજયાંન્. નઍચિશ્ચ અંઘ્રહાઓ યાસાઇતિ જ્યાનાઇ, નોઇત્ સ્નથાઇ, નોઇત્ મહ્રકાઇ, નોઇત અએનંઘ્રહે, નોઇત્ અપયતેએ.

હે પાણીઓ! તમારી પાસેથી પુષ્કળ જાતની (અને) મોટી સંપતી તથા પોતાની મેળે બરદાસ્ત કરનારી ઓલાદ હું માંગું છું, જેમાંનાં પુષ્કળ (છોકરાં) આશીર્વાદ પાંથરે. તે (વંશ)માંનો કોઇએ (બીજાઓને) નુકસાન કરવાને, (તેઓની સામે) હથિયાર ઉંચકવાને, (તેઓને) પીડા કરવાને, કીનો લેવાને (અથવા) નાશ કરવાને ઇચ્છા રાખે નહીં.
(આવાં અરદવીસુર નિયાયશ ક૦ ૧૧.)

યસ્નેમચ વહ્મૅમચ, હુબૅરૅતીમચ ઉશ્તબૅરૅતીમચ, વન્તબૅરૅતીમચ આફ્રીનામિ, તવ આતર્શ પુથ્ર અહુરહે મજ્દાઓ.

હોરમજદની તરફના (સઘળી ચીજોને) હે પવીત્ર કરનાર (અથવા અહુરમઝદના પુત્ર) આતશ! તારી ઇજશ્નેને, આરાધનાને, સારી ભેટને, તંદોરસ્તી આપનારી ભેટને, તથા મીત્રાચારીવાળી ભેટને હું વખાણું છું.
(આતશ નિયાયશ.)

વીસ્પનાંમ્ પર-ચરૅન્તાંમ્ આતર્શ જસ્ત આદિધ્ય. ચીમ્ હખ હષે બરઇતી ફ્રચરૅથવાઓ અર્મએષાઇધે.

તમામ આવનારાઓના હાથ તરફ આતશ નજર કરે છે (અને પુછે છે કે) ચાલતો દોસ્ત બેઠેલા દોસ્તને માટે શું (ભેટ) લાવે છે?
(આતશ નિયાયશ.)

અઇર્યમનૅમ્ ઇષીમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે, અમવન્તૅમ્ વૅરૅથ્રાજનૅમ્, વિત્બએષંઘ્રૅમ્.

અઇરયમન (નામની બંદગી)ને અમે વખાણીએ છીએ, (જે બંદગી) હિમ્મત આપનારી, ફત્તેહ આપનારી, દ્વેષને દુર કરનારી (છે).
(હાવન ગેહ ક૦ ૬)

નિપાયોઇશ મષીમ્ ઉર્વથૅમ યવએતાઇતે જરથુશ્ત્ર, અઉર્વથાત્ પરો દુશ્મઇન્યઓત્. મા તૅમ્ ઉર્વથૅમ ફ્રાયવયોઇશ સ્નથાઇ મા દ્રુઘ-બૅરૅતએ જ્યાનાંમ્ અપયતેએ.

(દાદાર હોરમજદ પેગામ્બર જરથોસ્ત કહે છે):—હે જરથુશ્ત્ર! (તારી સાથે) સખાપણું ધરાવનાર માણસને ખરાબ વિચારવાળા દુશ્મનથી (તારે) સદા બચાવવો જોઇએ; તે મીત્રને (દુશ્મનના) ફટકાને માટે (અથવા ફટકામાં) વધારેવાર રહેવા દેતો ના; નુકસાનની ખરાબી લઇ જવા માટે (તું તેને સોંપીશ) નહિં. (હોરમજદ યશ્ત ક૦ ૨૪.)

પઇતિ-હિશ્ યશતાઓ વીસંઘ્નઉહ, હાંમ હીશ્ ચિન્માને બરંઘ્ન-ઉહ, ની-હીશ્ દસ્વ ગરો—માને.

આ (અમારી) ઇજેલી ચીજોને તું કબુલ રાખ; તે (ઇજેલી ચીજો)ને પ્યારથી એકઠી કર (તથા) તેમને ગરોથમાન (સ્વર્ગ)માં તું મુક. (મહેર યશ્ત ક૦ ૩૨.)

યો રશ્નુશ દઇધે મએથનૅમ, યહ્માઇ રશ્નુશ દરૅઘાઇ હુખૅધ્રાઇ ફ્રબવર મનવઇન્તીમ.

તૂમ મએથનહે પાત, નિપાત અહિ અદ્રુજાંમ; તૂમ વરૅજાનહે પઇતિ, નિશાહરૅત્ અહિ અદ્રુજાંમ. થ્વા પઇતિ જી હુખૅધ્રૅમ દઇધે વહિ-શ્તૅમ વૅરૅથ્રધ્નેમચ અહુરધાતૅમ; યહ્મિ સોઇરે મિથ્રો-દ્રુજો અઇપિ વીથિશિ જત, પઉર્વ મશ્યાકાઆંઘ્નહો.

જેણે (મેહર યજદે) રશ્નેયજદને એક મુકામ આપ્યું, જે (મેહર યજદ) તરફ રશ્ને યઝદ, લાંબા વખતની દોસ્તીને સારૂં, પ્રેમ રાખતો હતો. હે મહેર યજદ! જુઠું ન બોલનારાના મુકામનો તું રક્ષણ કર્તા તથા પાસબાની કરનારો, જુઠું ન બોલનારાઓના કારખાના-ઓનો (એ મેહર યજદ) તું સંભાળ રાખનાર છે. કારણકે તારી સાથે (તથા) અહુરમજદના સરજેલા બહેરાંમ યજદ સાથે (રશ્ને યજદે) સર્વથી શ્રેષ્ઠ મીત્રતા રાખેલી છે. જે (મેહર યજદની) સમક્ષમાં છુપી રીતે કોલ તોડનારા ઘણા માણસો હારીને પડેલા છે. (મેહર યશ્ત ૭૯—૮૦.)

વીસઃતિવાઓ અસ્તિ મિથ્રો અન્તરૅ હપ્ત સુપ્તિ-દરૅંગ, થ્રિસ-થ્વાઓ અન્તરે વરૅજાન, ચથ્વરૅસથ્વાઓ અન્તરૅ હધો-મએથ, પંચ-સથ્વાઓ અન્તરૅ હુયાખ્ન, ક્ષ્વશતિવાઓ અન્તરૅ હાવિશ્ત, હપ્તઇથિવાઓ અન્તરે અએથ્રય અએથ્ર-પઇતિ, અશ્તઇથિવાઓ અન્તરૅ જામાત્ર ખ્નસુર, નવતિવાઓ અન્તરૅ બ્રાથ્ર.

સતાયુશ્ અન્તરૅ પિતરૅમ્ પુથ્રૅમ્ચ હજંઘ્રાદશ અન્તરૅ દખ્યુ, બએવરોઇશ અસ્તિ મિથ્રો, યો દએનયાઓ માઝ્દયસ્નોઇશ્, અવ હુચદ્તે અમહે અયાંન્ અથ અંઘ્રહાઇતિ વૅરૅથ્રઘ્રહે.

મદદ કરનારા દોસ્તોની વચમાં વીશઘણી મિત્રાચારી હોય છે; સાથે કામ કરનારા (એટલે એકજ ધંધાવાલા એક ટોળકીવાલા) ની વચમાં ત્રીશ ઘણી મિત્રાચારી હોય છે; ભાગમાં વજીફો રાખનારા (અથવા સાથે મીલકત રાખનારા)ની વચમાં ચાલીશ ઘણી; (યજ્દ અમેશાસ્પંદોની) પુરતી (અથવા સારી) આરાધના કરનારાઓની વચમાં, પચાસ ઘણી; સાથે શિખનારા (શીષ્યો) ની વચમાં, સાઠ ઘણી, ચેલા તથા શીક્ષકની વચમાં, સીતેર ઘણી, જમાઇ તથા સસરાની વચમાં, એંશી ઘણી, બે ભાઇઓની વચમાં, નેવું ઘણી મીત્રાચારી હોય છે. બાપ અને દીકરાની વચમાં સો ઘણી મિત્રાચારી હોય છે. બે દેશોની વચમાં હજાર ઘણી મીત્રાચારી હોય છે. સદગુણી (માણસની) માજ્દયસ્ની દીન સાથની દોસ્તી દશ હજાર ઘણી હોય છે, કારણ કે તે (એટલે માજદયસ્ની દીન) હિમ્મત (તથા) ફત્તેહનું (બળ) પોતાની સાથે લાવે છે. (મેહર યશ્ત ૧૧૬–૧૧૭.)

યજાઇ મિથ્રમ્, સ્પિતમ...... હ્વામરૂઝ્દિકૅમ્.

(દાદાર અહુરમજદ કહે છે કે) અએ સ્પીતમાન! (જરથોસ્ત)! પોતે જાતે માફ કરનાર મહેર યજદને તું ઇજ. (મેહર યશ્ત ફ૦ ૧૪૦.)

આઅત્ ઍાત્ અહુરો મઝ્દાઓ, થ્રિષ્મ્ બરૅસ્મ ફ્રસ્તૅરૅનુયાઓ, પઇતિષ હ્ અઘ્વનૅમ્. ઝ્બયમહિ ફ્રોનામહિ માંમ્ યિમ્ અહુરૅમ્ મઝ્દાંમ; ઉર્વથાંમ્ચિત્ ઝ્બયેમિ, અવિ ઇમત્ વરો ઉઝ્દાતૅમ, અવિ આતરૅમ્ચ બરૅસ્માચ, અવિ પૅરૅનાંમ્ વીઘ્નઝ્રયેઇન્તીમ, અવિ રઑઘ્નંયાંમ્ વરંઘ્રહૅમ, આઝ્રૂઇતીમ્ચ ઉર્વરનાંમ્.

અએતત્ તે જસાનિ અવંઘ્રહે અર્જીમ્ યો અહુરો મઝ્દાઓ, અવિ અવત્ વરો ઉઝ્દાતૅમ, અવિ આતરૅમ્ચ બરૅસ્માચ, અવિ પૅરૅનાંમ્ વીઘ્નઝ્રયેઇન્તીમ, અવિ રઑઘ્નંયાંમ્ વરંઘ્રહૅમ, આઝ્રૂઇતીમ્ચ ઉર્વરનાંમ્, હથ્ર વાત વૅરૅથ્રાજનો, હથ્ર દામોઇશ્ ઉપમનો, હથ્ર કવએમ્ ખરૅનો, હથ્ર સઑકે મઝ્દધાતે.

અહુરમજદે કહ્યું કે સૂર્યના માર્ગ તરફ (એટલે દક્ષિણ દીશાએ) (મોઢું કરીને) અહુરમજદને અમે યાદ કર્યે છીએ, (તથા) વખાણ્યે

છીએ. (કલામ બોલતાં), એક ત્રંત્યાંઉશ બરસમ તારે પાંથરવી. આ તૈયાર કીધેલી ભેટ તરફ, આતશ તથા બરસમ તરફ, પુષ્કળ દુધની[1] (ભેટ) તરફ, રોગન સાથની ભેટ તરફ (તથા) ઝાડોના રસની તરફ (અહુરમજદની) દોસ્તીને હું યાદ કરૂં છું. (એ પ્રમાણે તું બોલેતો) હું અહુરમજદ તે તૈયાર કીધેલી ભેટ તરફ, આતશ તથા બરસમ તરફ, પુષ્કળ દુધની (ભેટ) તરફ, રોગન સાથની ભેટ તરફ તથા ઝાડોના રસ તરફ વિજયી પવન સાથે, દામી ઉપમન (નામના ફરેશ્તા) સાથે, કયાંની ખોરેહની સાથે તથા અહુરમજદના પેદા કરેલા સઓક (નામના ફરેશ્તા) સાથે (આવીને), તારી મદદે હું પહોંચીશ. (રશ્ને યશ્ત ફ૦ ૩-૪)

અષાઉનાંમ્ વંઘ્રઉહીશ્ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો યજમઇદે. હુશહુખ્મનો હ્વરેજાનાઓ, દરેઘઐઇબ્યો હુખ્રઐઇબ્યો ઉપ-ષિતેએ વહિશ્તાઓ અનાજરેતાઓ અઐઇબ્યો નેરેબ્યો; વંઘ્રઉહીશ્ યોઇ વો વંઘ્રહુહીશ્.

અષો (લોકો)નાં ભલાં શૂરાં (તથા દુન્યાની) આબાદી કરનારાં ફરોહરોને અમે માન સાથ યાદ કર્યે છીએ. (જે ફરોહરો) સારી દોસ્તીને લીધે ભલું કરનારાં (છે); (તથા જેઓ) લાંબા વખતની પોતાની દોસ્તીને લીધે ભલું કરનારાં (છે); એઓ માણસોથી દુ:ખી ન થએલાં (હોય તો) સાથે રહેવાને માટે ઘણાં શ્રેષ્ઠ (છે). તમારાંમાના જેઓ ભલા, (તેમને માટે તેઓ) ભલાં (નીવડે છે.) (ફરવરદીન યશ્ત ફ૦ ૩૦)

ગાંમ્ચ અર્ષેમચ ઉખ્ઝેમચ, ઉખ્ઝખ્યાચ સ્રઓષેમ્ ક્ષથ્રેમચ, વીસ્પચ વાહ્ મજ્દદાત અષચિથ.

(વળી) (જે) અશોઇને લીધે, ધર્મના કલામને, દીનના કલામની તાબેદારીને, (ગુશ્તાસ્પ પાદશાહની) રાજ્યસત્તાને (તથા) અહુરમજદની પેદા કીધેલી અશોઇના બીજની સકળ આશીષોને સઉથી પેહલ્લાં પસંદ કરનારો (તથા) સર્વથી પ્રથમ (તેની ઉપર) પ્રેમ રાખનારો (હતો).

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૮૮.)

ઇધ અપાંમ્ મિથો યો વાઉરૂ-ગઓયઓઇતિશ્ ફ્રધાત્ વીસ્પાઓ ફ્રતેમતાતો દખ્યુનાંમ્ યઓજઇન્તીશચ રામયેઇતિ. ઇત્ર અપાંમ્ નપાઓ સૂરો ફ્રધાત્ વીસ્પાઓ ફ્રતેમતાતો દખ્યુનાંમ્ યઓજઇન્તીશચ ન્યાસાઇતે.

---

૧. અત્રે પંચગવ્યમાની એક વીષે ઈશારો છે.

હવેથી અત્રે બહોળાં ખેતરવાળો મહેર યજદ (આપણા) દેશોની સઘળી શ્રેષ્ઠતા (અથવા ખુબીઓ)ને વધારશે, તથા બખેડાઓને દુર કરશે. (હવેથી) અત્રે બળવાન નપાત્‌ (આપણા) દેશોની તમામ શ્રેષ્ઠતાને વધારશે તથા બખેડાઓને દબાવી દેશે.

(ફ્રવર્દીન યશ્ત ક૦ ૯૫.)

યો હીમ્‌ સ્તાતાંમ્‌ હિતાંમ્‌ હઇતીમ્‌, ઉજવજલ્‌ હચ હુનૂઇબ્યો. ની હીમ્‌ દસ્ત મઇધ્યોઇપાર્થેમ્‌ બૅરૅજિ-રાજૅમ અક્રકધવઇતીમ્‌ અષ-ઑનીમ થ્રાંફધાંમ્‌ ગેઉશ્ચ વાસ્ત્રેહેચ, ફ્રિથાંમ્‌ ગેઉશ્ચ વાસ્ત્રહેચ.

જેણે (એટલે ગુશ્તાસ્પ પાદશાહે) (તે) અચલ, મચલિત પવિત્ર દીનને, બુરા માણસોથી છુટી પાડી અને તેને ઉચ, રાજ કરતી, ચોમેર ફેલાતી, નીતિના ફરમાનવાળી, વચમાં બીરાજતી (એટલે લોકોની મંડળીમાં માન પામેલી), ગાય ઢોર તથા ઘાસ ચારાને ભરપુર કરનારી તથા ગાય ઢોર તથા ઘાસ ચારાને પ્યારી થએલી, મુકરર કીધી.

(ફ્રવર્દીન યશ્ત ક૦ ૧૦૦.)

ઉપ–તૂ–નો ઇધ યાઑ અષઑનાંમ્‌ મોષુ ઇસૅન્તુ ફ્રવષયો.

અશો (લોકો)નાં જે ફરોહરો (તેઓ) અત્રે (એટલે આ જગતમાં) અમારી ઉપર જરૂર પ્રેમ કરે! (ફ્રવર્દીન યશ્ત ક૦ ૧૪૫.)

પઑઇર્યાંન્‌ તકએષે યજમઇદે, ન્માનનાંમ્ચ વીસાંમ્ચ જન્તુનાંમ્ચ દખ્યુનાંમ્ચ ન્માનંઘ્નહાનો વીષાનો જન્તુષાનો દઇંઘ્નહુષાનો અષોઅંઘ્ન-હાનો માંથ્રો–અંઘ્નહાનો ઉર્વો–અંઘ્નહાનો વીસ્પાઇશ્‌ વંઘ્નહ્વશ્‌ વંઘ્નહુષાનો.

(આ) ઘરોના, મોહલ્લાઓના, કસબાઓના, દેશોના પોરીઓદકેશો, (જેઓ) ઘરને લાયકના, મોહલ્લાને લાયકના, કસ્બાને લાયકના, દેશને લાયકના, રાસ્તીને લાયકના (અથવા રાસ્તી તરફ મોહબત રાખનારા), માંથ્રવાણી (એટલે દીનના કલામ) તરફ મોહબત રાખનારા, પોતાનાં રવાનની ઉપર પ્રીત રાખનારા, તથા સર્વ ખુબીને બધી રીતે લાયક ગણાયલા–(એ સહુ લક્ષણોવાળા) પોરીઓદકેશોની અમે માન પૂર્વક યાદ કર્યે છીએ. (ફ્રવર્દીન યશ્ત ક૦ ૧૫૧.)

વનન્તાંમ્‌ વંઘ્નહુન્તાંમ્‌ વઑનુષાંમ્‌ દએનો–સાચાંમ્‌, ઇધ અષઑ-નાંમ્‌ અષઑનિનાંમ્ચ અહૂમ્ચ દએનાંમ્ચ બઑધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે, યોઇ અષાઇ વઑનરે.

(દીનના નીયમોને) માન આપનારા, હવે પછી માન આપનારા (તથા) જેઓ માન આપી ચુકા તેમના (તેમજ) દીન (ની વિદ્યા) શિખનારા અશો (નરો) તથા અશો (નારીઓ), (એ સઘળાં) જેઓ અષોઇને માટે ફત્તેહથી લડયાં (તેમના) જાનને, અંતઃકરણને, બુદ્ધીને, રવાનને તથા ફરોહરને આ જગ્યાએ અમે માન સાથે યાદ કર્યે છીએ.

(ફ્રવર્દીન યશ્ત ફ૦ ૧૫૫.)

યજાઇ અપॅમચ ભઘॅમચ, યજાઇ આક્તીમ્ હાંમ-વર્ઈન્તીમચ સુયાંમચ કતર્ॅમચિત્.

ફત્તેહમંદ મીત્રતા તથા સુખાકારી એ બન્નેને હું વખાણું છું.

(રાંમ યશ્ત ફ૦ ૧)

અઍામ્ જઇધ્યત્ અવત્ આયપ્તॅમ્ દજદિ-મે, વયુરા યો ઉપરો-કઇર્યો, યત બવાની ક્રૂય ક્રિથ પઇતિ-જન્ત, ન્માને કવોઇશ વીશતાસ્પહે.

(ત્યારે) તેની પાસેથી (એટલે વાએ યજદથી) માંગ્યું કે, હે! બળ્યા વાએ યજદ! આ (નીચે જણાવેલી) મુરાદ મને તુ બક્ષ, તે એ કે (હું) કએ ગુશ્તાસ્પનાં ઘરમાં પ્યારી, પ્રિય થઇ પડેલી (તથા) સત્કાર પામેલી થાવું.

(રાંમ યશ્ત ફ૦ ૩૬.)

તરો-ત્બએષો નાંમ અહ્નિ ત્બએષો-તરો નાંમ અહ્નિ; આય-ઑજો નાંમ અહ્નિ, પાયઑજો નાંમ અહ્નિ.

દ્વેષ (અથવા ખરાબી)નો નાશ કરનાર નામવાળો હું છું. 'દ્વેષથી વેગળો' નામવાળો હું છું. જોડી નાખનાર (અથવા મજબુત કરનાર) નામવાળો હું છું. સાથે જોડી નાખનાર (અથવા સાંધનાર) નામવાળો હું છું.

(રાંમ યશ્ત ફ૦ ૪૭.)

યાંમ્ યજત્ જરથુશ્ત્રો, ઉસે-હિશ્ત હચ ગાત્વો, ફ્રશુસ હચ દેમા-નાત્, રજિશ્તે ચિસ્તે મજ્દધાતે અષઓનિ, યેજિ અહિ પઉર્વ-નએમાત્, આઅત્ માંમ્ અવિ અપય.

અથના આક્ત બુયાંન્ યથના બુયાત્ હવાયઓનાઓંઘહો.

જેણીને (એટલે દીન યજદના હમકાર ચિસ્તને) (પેગમબર) જરથોશ્તે આરાધી (અને કહ્યું), હે! અહુરમજદની પેદા કીધેલી સઉથી સત્યવાદી અશો ચિસ્ત! (તારી) જગ્યા ઉપરથી તું ઉઠ તથા (તારાં) સ્થળથી તુ આગળ ચાલ. જો (તુ) (મારી) નજદીક હોય તો, મારી

આગળ તુ થોભ, અને જો (મારી) પછવાડે (હોય તો), મને પકડી પાડ. તેથી જેમ થવું જોઇએ (તેમ બધું) સલાહ સંપજભરેલું (તથા) પુરતાં કોવતવાળું બની જાય! (દીન યશ્ત ફ૦ ૨-૩.)

યાંમ્ યઝત આશ્રવ દૂરએ-ફ્રકાતો મઝ્દઓંમ્ દએનાઇ, અઓંમ્ દઇસ્મો તનુયે.

જેણીને (એટલે દીન યજદના હમકાર ચિસ્તને) દૂર (નાં દેશો) સુધી પ્રિય થઇ પડેલા ધર્મગુરૂએ (જરથોશ્તી) દીન (ફેલાવા)ને માટે (જોઇતી) સારી સ્મરણ શક્તિ માંગતાં, (તથા) પોતાનાં બદનને માટે હિમ્મત માંગતાં, આરાધી. (દીન યશ્ત ફ૦ ૧૭.)

હુખ્ઓંઇધિશ્ બ્ઓંધઇતે ન્માનંમ્, યેંઘ્રે ન્માને અષિશ્ વંઘુહિ સૂર પાધ નિદથઇતે આગ્રેમઇતિશ્ દરેઘાઇ હખ્ધ્રાઇ.

જે (નર) નાં ઘરમાં સલાહ સંપજ ભરેલા વિચાર રાખનાર અશીશવંઘ લાંબી મીત્રાચારીને માટે (પોતાના) જોરાવર પગ મુકે છે, તે ઘરને સુગંધીથી પમરાટ ભર્યું કરે છે. (અશીશવંઘ યશ્ત, ફ૦ ૬.)

અએષાંમ્ વન્તાઓંઘ્હો બાલ્ મઇન્યાઓંઘ્હો ગાતુશ્ પઇતિ આઓંઘ્હેન્તિ, યોઇ સ્રીર બરેજિશ હવન્તો મેરેજયુસ્નાઓ અંકુ-પએ-સ્નાઓ ફ્રા-ગઓષાવર સિરિપસ્ર, યશુ-કરન મિનુચ જરન્યો-પએસ, કધ નો અવિ આ જસાત્ ન્માનો-પઇતિશ્, કધ ષાઇતિ પઇતિ-ચામ્ ક્રયા પઇતિ તન્વિ, યોઇ હુચહિ અષિશ્ વંઘુહિ. ઉશ્ત બા યિમ્ હુચહિ, ઉત માંમ્ ઉપંઘ્હુચહિ, વાઉરૂ-સરેધ અમવઇતિ.

જેમની સાથે, હે! અશીશવંઘ! તું ચાલે છે, તેમની પ્યારી બાઇડીઓ સુંદર (તથા) તકીઆ સાથના બીછાના ઉપર (પોતાના ધણીઓની) રાહ જોતી બેશે છે—નાહી ધોઇને સુશોભીત થયેલી, હાથની પહોંચીથી શૃણગારેલી, ચાર ખુણાવાળી, ઝુળતી કાનની બાલી સાથની, સોનેરી બનાવટની કંઠમાળા પહેરેલી.

કયારે અમારો વર આવશે! કયારે (અમારા) પ્યારા પ્રાણનાથ પોતાની ખુશાલી મુજબ (એટલે ઇચ્છા પ્રમાણે) શરીરમાં સુખ ભોગવશે (એટલે અમારી સાથે સંબંધ કરશે.) (અશીશવંઘ યશ્ત, ફ૦ ૧૦.)

અપ માંમ્ અપ-દઇધ્ય, ફ્રા-માંમ્ અઇવિ ઉર્વએસયંઘ્ઉહ મરૢજદિકેંમ્, અષિશ્ બેરેજઇતિ.

મારેથી તારી નજર ફેરવીશ મા. હે! બુલંદ દરજાની અશીશ-વંઘ! મારી તરફ દયા બતાવજે. (અશીશવંઘ યશ્ત, ક૦ ૧૫.)

યત્ ઉપંઘ્નહુચત્ સઑશ્યન્તાંમ્ વૅરૅથ્રાજનૅમ્, ઉત અન્યાઑસ્ચિત હુખયો.

જે (ઇશ્વરી ખોરેહ) ફ્રત્તહમંદ સોશ્યોસ (નામના હવે પછી પેદા થનાર પેગમ્બર) તથા બીજા મીત્રો સાથે જોડાશે.

(જમ્યાદ યશ્ત, ક૦ ૮૯)

યત્ અસ્તવત-ઍરૅતો ફ્રક્તાઇતે હચ અપત્ કાંસઑયાત, અસ્તો મઝ્દાઓ અહુરહે, વીસ્પ-તઉર્વયાઓ પુથ્રો, વએધૅમ વએજો યિમ વારૅથ્રઘ્નૅમ.

જે (ઇશ્વરી ખોરેહની મદદ) થી અસ્તવતએરેત (અર્થાત સોશ્યોસ). (જે) અહુરમજદનો દોસ્ત, વીસ્પ-તઉરવીનો દીકરો, (તથા) ફત્તહમંદ બીજનું ફળ, (તે) કાંસવ (નામની) નદીમાંથી નીકળશે.

(જમ્યાદ યશ્ત. ક૦ ૯૨.

અંઘ્નહે હખયો ફ્રાયેન્તે અસ્તવત-ઍરૅતહે વૅરૅથ્રઘ્નો, હુમનંઘ્નહે હુવચંઘ્નહો હુશ્યૉથ્નાઑઘ્નહો હુદએન. નએધચિત્ મિથો-અઑજાઑ ઘ્નહો અએષાંમ્ ખ્એપઇથ્ય હિજ્વો. અએષુ પરો ફ્રાનામાઇતે અએષ્મે ખ્રવી-દ્રુક્ષ દુશ્ખરૅનાઓ. વનાત્ અપ અકાંમ્ દ્રુજિમ્, યાંમ્ દુશ્ચિથ્રૅમ્ તૅમંઘ્નહુએનીમ્.

તેના (એટલે) વિજયી સોશ્યોસના દોસ્તો (રસ્તાખેજના વખતમાં તે મહાભારત કામમાં તેને જોઇતી મદદ કરવા સારૂં) બહાર આવશે.

તે મીત્રો નેક વિચાર રાખનારા, નેક વાણી બોલનારા, નેક કર્મ કરનારા (તથા) ભલી દીનવાળા (છે). તેઓમાંના કોઇની પણ જબાને કદીપણ જુઠો શબ્દ ઉચર્યો નથી. તેમની આગળ (એટલે સોશ્યોસના તે દોસ્તોની સમક્ષ) ભયંકર હથિયારવાળો તથા ખરાબ ખોરેહવાળો એશમ (દેત્ય) નમન કરે છે. (વળી) (રસ્તાખેજને વખતે ખરાબ બીજના (તથા) અંધારાને લગતા (એટલે દોજખમાં રહેનારા બુરા દરૂજને[1] અપોઇ મારશે. (જમ્યાદ યશ્ત, ક૦ ૯૫

1. દેત્યને.

આઅત્ હે પઇતિ–અઓખ્ત યા હુવ દએન; અજૅમ બા તે અહ્મિ યુમ હુમનો હુવચો હુષ્યઓથ્ન હુદએન, યા હુવ દએન ખ્રએ-પઇથે તન્વો; યિશચ ધ્વાંમ્ ચકન અવ્ર મસનચ વંઘ્રહુનચ સ્રયનચ. હુબઓઇધિતચ વૅરૅથ્રજંસ્તચ પઇતિ દ્વએષયન્તચ, યથ યત્ મે સધયેહિ.

ત્યારે (તે રાસ્ત માણસની) પોતાની કેરદારે (તે રવાનને) જવાબ આપ્યો કે, હે! નેક મનશનીવાળા, નેક ગવશનીવાળા, નેક કુનશ્ની-વાળા (તથા) નેક નૈયતવાળા જવાન! હું ખરેખર તારી પોતાની કેરદાર છું. જેમ (તું) મને દેખાય છે (તેમ), (તારી) તે મ્હોટાઇને લીધે, શોભા (એટલે ખુબીવંતા ગુણો) ને લીધે (નેક કાર્યોનાં) પમ-રાટને લીધે, (બહી ઉપર મેળવેલી) ફત્તેહને લીધે તથા દ્વેષથી વેગળા-પણાને લીધે પ્રત્યેક જને તને પ્યારો ગણ્યો. (હાદોખ્ત નુસ્ક પર. ૨, ફ૦ ૧૧.)

યથા તૂ ઇ અહુર મજ઼્દા મેંઘ્રહાચા વઓચસ્ચા દાઓસ્ચા વરૅશ્ચા યા વૅહૂ અથા તોઇ દદ્દૅમહી, અથા ચીષમહી અથા થ્વા આઇશ્ યજમઇદે, અથા નૅમખ્યામહી અથા ઇષૂઇદયામહી ધ્વા મજ઼દા અહુરા.

વંઘ્રહેઉશ્ ખ્રએતેઉશ ખ્રએતાતા વંઘ્રહેઉશ્ અષહ્યા થ્વા પઇરિ-જસામઇદે. વંઘ્રહુયાઓ ફ્રૅસૅસ્ત્વો વંઘ્રહુયાઓ આર્મતોઇશ.

હે! અહુરમજદ! જે કાંઇ સારૂં (છે), તેને જે પ્રમાણે તેં વિચાર્યું, તું બોલ્યો, તેં પેદા કર્યું તથા તેં કર્મ કીધું, તેજ પ્રમાણે (અમે) તને ગણીએ છીએ, તેમજ તારી ખુબી પીછાણ્યે છીએ, તેમજ તને યાદ કરીએ છીએ. હે અહુરમજદ! એ પ્રમાણે (અમે) (તને) નમીયે છીએ, એ પ્રમાણે (અમે) (તારા) દેવાદાર છીએ.

અહો હોરમજદ! ભલી બેશી, ભલી અશોઇ, ભલી ફ્રસેર-તુથી (તથા) ભલી સપંદારમદના સંબંધીપણાથી તારી આસપાસ અમે પહોંચ્યે! (યજ, હા. ૧૩, ફ૦ ૫, ૬.)

વીસાઇ વે અમેષા સ્પૅન્તા સ્તઓતા જ઼ઓતા જ઼બાતા યશ્તા ફ્રમરૅતા અઇબિજરૅતા યૂષ્માકૅમ્ યસ્નાઇચ વહ્માઇચ યત્ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્. અહ્માકૅમ્ હુવંઘ્રહાઇચ અષવસ્તાઇચ યત્ સઓષ્યન્તાંમ્ અષઓનાંમ્.

---

૧. નમ્રતા

પઇરિ-વે અમેષા સ્પૅન્તા હુક્ષથ્રા હુધાઑંઘ્હો દધાંમિ તનવસ્ચીત્ ખ્ખ્યાઑ ઉશ્તનૅમ્. પઇરિ વીસ્પાઑ હુજીતયો.

